॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

શ્રી મહાપ્રભુજીની વધાઈ

માધવ કૃષ્ણ વાર રવિ ગ્યારસિ, ત્રિભુવન આજ બધાઇ હો;
પરિપુરણતમ પ્રકટ દયાનિધિ, અખિલ વિશ્વ સુખદાઇ હો. ૧

ધૂમકેતુ મેં કોટિ કામ છબિ, દેખિ માતુ સુખદાઇ હો;
શ્રવત પયદ રસ વાત્સલ્ય સુખ, લીને અંક લગાઇ હો. ૨

સિવ અજ શેષ સુરેશ શ્રુતિકલ, જૈ જૈ જૈ ધુનિ છાઇ હો;
દેવ તિરોહિત ઇત લક્ષ્મણ જૂ, દાન ઘટા બરસાઇ હો. ૩

જાત કર્મ કરિ જાચક તોસે, દેત અસીસ સુહાઇ હો;
ચિરજીવો શ્રી લક્ષ્મણનંદન, 'વલ્લભ' યશ અધિકાઇ હો. ૪

–શ્રી વલ્લભદાસ બાજીલાલ શર્મા, દેવરી (ગ્વાલીયર)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૧ : અંક-૧ **એપ્રિલ, ૧૯૯૨**
શ્રીવલ્લભાબ્દ ૫૧૪

વાર્ષિક લવાજમ રૂ. ૨૫ * **આજીવન રૂ. ૩૦૧**

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

શ્રી વલ્લભવિજ્ઞાન રાજકોટ તા. ૩૧-૩-૮૮ના
રોજ પૂરા થતા વર્ષનો આવક ખર્ચનો હિસાબ

પી. આર. ધોળકીયા એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
બસ સ્ટેશન સામે, રાજકોટ.

આવક	રૂા.	ખર્ચ	રૂા.
વાર્ષિક લવાજમ	૮૬૦૦-૦૦	શ્રી પોસ્ટેજ	૨૪૬૫-૦૦
શ્રી વ્યાજ આવક	૩૧૧૮-૯૫	શ્રી સ્ટેશનરી કન્ટીજન્સી	૧૭૪-૦૦
શ્રી પ્રકાશન દાન	૬,૮૭૩-૦૦	શ્રી મુસાફરી	૨૦૨-૦૦
શ્રી પુસ્તક પ્રકાશન આવક	૯૬૬-૦૦	શ્રી પ્રકાશન ખર્ચ	૧૬૫૯૫-૦૦
શ્રી સામયિક વેચાણ	૩૭૫-૫૦	વધારાની રકમ સરવૈયામાં લઇ ગયા	૧૨૯૭-૪૫
	૨૦૭૩૩-૪૫		૨૦૭૩૩-૪૫

તા. ૩૧-૩-૮૯ના રોજનું સરવૈયુ

ફંડ તથા જવાબદારી		મિલ્કત તથા લહેણા	
આજીવન ગ્રાહક લવાજમ		શ્રી અરવિંદભાઈ ચદુલાલ મહેતા	૧૮૧-૦૦
ગ. વ. ૩૪૨૨૭-૦૦		શ્રી રમણિકભાઈ મેઘજીભાઈ	૧૧૦-૦૦
વધારો ૧૨૩૮૨-૦૦		શ્રી વી. એમ. શાહ	૧૮૧-૦૦
	૪૬૬૦૯-૦૦	શ્રી નટવરલાલ એમ. શેઠ	૧૩-૦૦
શ્રી એડવાન્સ લવાજમ		શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા	૨૭૦-૦૦
૮૮-૮૯ ૩૫૧૦-૦૦		શ્રી રોકડ અને બેંકબેલ	
૮૯-૯૦ ૧૦૦-૦૦		શ્રી રાજકોટ ના. બેંક એફ.ડી.	૩૫૦૦૦-૦૦
૯૦-૯૧ ૧૦-૦૦		શ્રી સીકયોરીટી ડીપો. રા. બચત પત્ર	૩૯૦-૦૦
	૩૬૨૦-૦૦	શ્રી રા. ના. બેંક સેવીંગ	૨૭૬૬-૧૨
આં.રા.પુ. માર્ગીય વૈષ્ણવ પરિષદ		શ્રી સીટીજન્સ કો. ઓ. બેંક સેવીંગ	૨૯૪૭-૯૫
કેન્દ્રીય કાર્યાલય	૧૦-૦૦	શ્રી પુરાંત સિલક	૫૬૦૫-૧૦
શ્રી ડાયાભાઈ કસ્તુરચંદ એન્ડ કું.	૧૨૦૦-૦૦	શ્રી આવક અને ખર્ચ	
		૫૨૭૨-૨૮	
		૧૨૯૭-૪૫	
			૩૯૭૪-૮૩
	૫૧૪૩૯-૦૦		૫૧૪૩૯-૦૦

રાજકોટ તા, ૧૭-૨-૯૨
તપાસ્યુ અને બરાબર માલુમ પડેલ છે.
સહી-પી આર. ધોળકીયા
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોનાં અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ ૧૧ : અંક ૧ * એપ્રિલ, ૧૯૯૨

॥ શ્રી હરિ ॥

માનવ દેહ – એક ક્ષેત્ર

પ્રવક્તા : **નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા**

સંપાદક : **ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા**

અનુવાદક : **ડૉ. ચુનીલાલ રવજી બાલધા**
આંખના સર્જન, રાજકોટ

પ્રિય જિજ્ઞાસુ શ્રોતાજનો,

પરમ દિવસે અહીંના પ્રસંગમાં એમ કહેવાયું હતું કે જગત્માં ભગવાને આજે માનવ દેહ આપેલ છે તે શું છે ?

બુદ્ધિશાળી વ્યક્તિઓએ તેને નામ આપેલ છે જમીનનું માનવ દેહ એક રીતે જમીન છે. તે જમીન આપણી નથી. કોઈની આપેલ છે. આ આપણને આપવામાં આવી છે. શા માટે આપવામાં આવી છે ? એટલા માટે કે આપણે સારો પાક ઉત્પન્ન કરીએ. સુંદર જન્મ સુત્રો (GENES) ઉગાડીએ. આને માટે આ જમીન આપણને મળી છે અને ભગવાને આપી છે. ભગવાન તેના સ્વામી છે. આપણે તેના સ્વામી નથી. તેનો સાચો અને સારો ઉપયોગ એ છે કે તેમાં સારા બીજ વાવીએ અને સારો પાક મેળવીએ.

હવે આમાં કયાં બીજ વવાશે ? બતાવવામાં આવ્યું કે પદાર્થના બીજ, વસ્તુઓના બીજ, ધાનના બીજ તેમાં કામ નહીં આપે. જેવી જમીન હોય તેને અનુરૂપ જ જો બીજ વાવવામાં આવે ત્યારે તેનાથી પાક પાકશે તો આ જમીન કેવા પ્રકારની છે. જ્યાં જે પાક સારો પાકે તે જમીનને તે પેદા થનાર પદાર્થને અનુરૂપ નામ આપવામાં આવે છે. જેમકે આ ઘઉંની જમીન છે. આ જમીનમાં ધાન્ય સારું પાકે છે. મતલબ કે જે વસ્તુ જ્યાં સારી રીતે ઉત્પન્ન થાય તે પ્રમાણેનું નામ તે જમીનને આપવામાં આવે છે.

માનવ દેહને જ્યારે જમીન ગણવામાં આવ્યો તે હવે પ્રશ્ન એ ઉઠે છે કે આ કઈ કયા પ્રકારની જમીન છે ? તેને માટે કહેવાયું છે કે આ કર્મભૂમિ છે. જે રીતે ઘઉંની જમીન, ધાનની જમીન કહેવાઈ તે રીતે આ જમીન જે આપણને મળી છે તેને નામ આપ્યું છે.-કર્મભુમિનું અથાત્ આપણે તેમાં કર્મરૂપી બીજ વાવીએ છીએ અને તેને અનુરૂપ જ આપણને ફળ પ્રાપ્ત થાય છે. જગતમાં આપણને જે માનવ દેહ મળેલ છે તેની સાર્થકર્તા એમાં છે કે તેને અનુરૂપ આપણે તેમાં બીજ વાવીએ અને તેનાથી સારું ફળ પ્રાપ્ત કરીએ. શાસ્ત્રકારોનું કથન છે કે માનવ જે પ્રકારના કર્મ કરે છે તેને અનુરૂપ તેને ફળ પ્રાપ્ત થાય છે.

તે દિવસે એ વાત પણ કહેવાય હતી કે આપણે એક રીતે ભ્રમિત થઇ ગયા છીએ. વસ્તુ સ્થિતિને સમજતા નથી. જે કરવું જોઇએ તે નથી કરતાં અનેજ ન કરવું જોઇએ તે કરીએ છીએ. જે જોઈએ તે વસ્તુને મેળવવા પ્રયત્ન કરતા નથી અને જે વસ્તુ ન જોઇએ તેના પ્રયત્ન કરીએ છીએ.

તે દિવસે કહ્યું હતું કે દરેક માનવ પુણ્યનું ફળ ઇચ્છે છે જે કોઈને પણ પુછો કે ભાઈ તમારે ફળ તો જોઇએ છીએ કેવું ? કયા કાર્યનું ફળ ઇચ્છો છો ? તો તે એમ કહેશે કે અમારે પુણ્યનું ફળ જોઇએ. પાપનું ફળ મળે તે પ્રકારની અભિલાષા પણ કોઇ વ્યકિતમાં નહીં જોવામાં આવે. પરંતુ ફળ એક પ્રકારનું જોઈએ. અને કર્મ બીજા પ્રકારનું કરે છે. તો પછી ફળ કેવી રીતે પ્રાપ્ત થાય ?

આપણે જોઇએ છે કેરી આપણને કેરી મળવી જોઇએ. પરંતુ કેરી મળે કયારે ? જ્યાં કેરીનું બીજ વાવવામાં આવે ત્યારે. કેરીનું બીજ વાવીશું ત્યારે તો કેરી મળશે. જો લીમડાનું બીજ વાવવામાં આવે અને આશા એ રાખવામાં આવે કે કેરીનું ફળ મળી જાય, એ કેવી રીતે શકય છે ? કયારેય શકય નથી. જે પ્રકારનું બીજ વાવીશું તેને અનુરૂપ ફળ મળશે.

શાસ્ત્રકાર આપણને સાવચેત કરે છે, જાગ્રત કરે છે કે ઉત્તમ ફળ પ્રાપ્ત કરવા માટે ઉત્તમ કાર્ય કરવું જોઇએ. ઉત્તમ કાર્ય કયું છે ? ઉત્તમ કાર્ય આપણે કોને કહી શકીએ ? આમ તો જગત્માં એકથી એક ઉત્તમ કાર્ય હાજર છે. પરંતુ આપણા શાસ્ત્રાકારોનું કથન છે કે આ જીવનમા ઉત્તમ કાર્ય સંપાદન કરવું હોય તો તેને માટે આપણી જે ભાવના છે તેને ઉત્તમ બનાવવી પડશે ભાવનાને ઉત્તમ બનાવ્યા વગર આપણે ઇચ્છવા છતાં પણ ઉત્તમ કાર્ય નહીં કરી શકીએ. ભાવના પવિત્ર હોય તો સર્વ પ્રથમ વસ્તુ છે. જ્યાં

સુધી આપણી ભાવના પવિત્ર ન થાય, ત્યાં સુધી આપણે સારા કાર્યોમાં પ્રવૃત્તિ નહીં કરી શકીએ. ભાવના જાગૃત થવી જોઇએ. તે ઉત્તમ થવી જોઇએ. ત્યારે. આપણા દેહ દ્વારા ઉત્તમ કાર્ય સંપાદન થઈ શકશે. આજે દેશને એ વાતની જરૂરત છે કે ઉત્તમ ભાવનાનું નિર્માણ કરવામાં આવે. ઉત્તમ ભાવના વગર આપણે આપણા જીવનને ઉત્તમ દિશા તરફ નહિ લઇ જઇ શકીએ.

આપણે ઘણી પ્રગતિ કરી છે, અનેક પ્રકારના યંત્રો બનાવ્યા, મોટી મોટી નહેરો બનાવી. ભારતમાં એવા પણ પ્રયત્ન કર્યા કે બને ત્યાં સુધી બહારથી માલ ઓછો આવે. અહીં બધી વસ્તુનું નિર્માણ થાય, આપણે પરાવલણી ન બનીએ, તેને માટે ઘણો પ્રત્યન કરવામાં આવ્યો, અને યથાશકિત તેમાં સફળતા પણ મળી. પરંતુ આ બધું થવા છતાં આપણી જે દશા છે તે સારી નથી, તે આપણે બધા જાણીએ છીએ. બધા વિચારકો વિચાર કરે છે છે કે આનું કારણ શું છે ?

આટલું ઉત્પાદન થાય છે, આટલી વસ્તુઓ તૈયાર થાય છે. છતાં પણ અછત કેમ ? અછત ઓછી કેમ નથી થતી ? મુખ્ય વાત એ છે કે આપણી જે ભાવના છે તે યોગ્ય રીતે હજુ સુધી સારી નથી થઇ. આટલી પ્રગતિ થવા છતાં પણ આજ આપણે દુઃખી છીએ તેનું આ જ કારણ છે. આપણી સ્થિતિ ચિંતાજનક અને વિચારણીય છે. ચરિત્ર નિર્માણની આવશ્યકતા છે. ચરિત્રનું નિર્માણ થાય તો આપણે જીવનમાં વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરી શકીએ. ચરિત્રહીન વ્યકિતને ગમે તેટલી વિશાળ સંપત્તિ મળી જાય તે તેને સુખ શાંતિ પ્રદાન નહીં કરી શકે છે નિશ્ચિત છે.

શક્તિથી ઘણો ફાયદો થાય છે. વિશ્વમાં તે એક ભગવાનની ભેટ છે, પરંતુ તે શક્તિ પણ કોને સુખ શાંતિ આપી શકે છે ? ફકત ચરિત્રવાન વ્યકિતને શરીરમાં આપણે ગમે તેટલું બળ પ્રાપ્મ કરી લઇએ, પરંતુ જો આપણી ભાવના સારી ન હોય તો બળનો ઉપયોગ અંશો આપણે આપણા હિત માટે કરી શકશું કે જનતાના હિત માટે. જીવનમાં એ વાતની આવશ્યકતા છે કે આપણું જીવન સ્વાભાવિક રીતે સારું રહે. પ્રથમથી જ, મુળથી આપણે જાગ્રત થઇએ. ચરિત્ર નિર્માણ માટે દેશમાં આજ અનેક સંસ્થાઓ કામ કરી રહી છે. દરરોજ નવી વિનંતી કરવામાં આવે છે. નેતાઓ રાત દિવસ કહે છે કે આપણા જીવનને એવું બનાવીએ કે તેનાથી આપણું હિત થાય પરંતુ આ બધું સમજમાં નથી આવતું તેનું મુળ કારણ એ છે કે આપણો પ્રયત્ન ઉપર છલ્લો છે. આપણે આપણા બાળકોને પહેલેથી જ એવા અંદરના સંસ્કાર આપીએ કે જેનાથી તેઓ પોતાના જીવનને આદર્શ બનાવવાનો પ્રયત્ન કરી શકે.

વાતાવરણનું નિર્માણ કરવું અત્યંત આવશ્યક છે. બાળકોને જ્યાં સુધી સદાચારનું તત્ત્વ, નીતિનું તત્ત્વ, ધર્મનું તત્ત્વ ન શીખવવામાં આવે ત્યાં સુધી તેમની પાસેથી આપણે એક સારા નાગરિક બનવાની આશા કેવી રીતે કરી શકીએ ? જો દેશનું નિર્માણ કરવું હોય તો ભાવિ પેઢીને આપણી સુધારવી પડશે. ભવિષ્યની પેઢી સારી બને તે માટે પ્રયત્ન કરવો પડશે.

આપણી વર્તમાન અવસ્થા અને ભાવનાઓને સુધારવા માટે જરૂરી છે કે આપણે આંતરિક સ્વરૂપ તરફ ધ્યાન આપતા શીખીએ. જ્યાં સુધી બાહ્ય સ્વરૂપ તરફ ધ્યાન આપતાં રહીશું ત્યાં સુધી આપણે ફક્ત સ્વાર્થી બની રહીશું. પરમાર્થ કરવો જરૂરી છે.

પરંતુ પરમાર્થ કરે કોણ? પરમાર્થ કરવાના અધિકારી કોણ છે? જે પોતાના વાસ્તવિક સુખને જાણે છે તે પરમાર્થ કરી શકે છે. દેહને આપણે પોતાનું સ્વરૂપ માનતા રહીશું તો ફક્ત દેહના સુખ ભોગો માટે આપણે જીવનમાં પ્રયત્ન કરતા રહીશું તેનાથી આત્મ કલ્યાણ અને પરકલ્યાણનું કાર્ય થવાનો સંભવ નથી. સારો ધન સંગ્રહ કરવો, સારા મકાન બનાવવા, સુખોનો ઉપભોગ કરવો એ જ્યાં સુધી આપણું લક્ષ્ય રહેશે ત્યાં સુધી આપણે બીજાની તરફ ધ્યાન આપવાની તક કયાંથી પ્રાપ્ત કરીશું ?

–ક્રમશઃ

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

ચતુઃશ્લોકીનો ગ્રંથ પરિચય

લેખક : **પૂ. પા. ગોસ્વામીશ્રી શ્યામમનોહરજી**

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કા. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

વ્રતચર્યાના પ્રકરણમાં ઋષિરૂપા કુમારિકાઓને ભગવાને વરદાન આપ્યું હતું. તેઓ ભગવાનને પોતાના પતિ–ભોક્તા બનાવવા ઇચ્છતી હતી. ભગવાને તેમના ચીર હરી લીધા. આ ચીરહરણ ભગવાનમાં પ્રકટ થયેલા ગૂઢ સ્ત્રીભાવનું જ વિવરણ (સ્પષ્ટીકરણ) હતું અને ફરીથી જે ચીરકુમારીકાઓને પાછાં આપવામાં આવ્યા એ તો ગૂઢ પુંભાવનું વિતરણ (વહેંચણી) હતું. કુમારિકાઓ શ્રીકૃષ્ણને માટે આત્માર્પણનું વ્રત કરી રહી હતી. કારણ કે શ્રીકૃષ્ણે આત્માર્પણના હેતુથી તેમને વ્રત (એટલે પસંદ) કરી લીધી હતી. ચીરહરણ તો કેવલ પ્રકટ પુંભાવ તથા સ્ત્રીભાવોનો વિનિમય (અદલાબદલી) માત્ર હતો. એની પછી જે કુમારીકાઓમાં ભોક્તૃભાવ પ્રકટ થયો એ એમના કાત્યાયની વ્રતનો પ્રભાવ નહોતો અને છ વરસની કુમારિકાઓના શરીર કે જેમાં તારુણ્ય અથવા કોઇ એવા લાવણ્યની સંભાવના પણ હોઈ શકે નહિ, તેથી એવા શરીરના પ્રભાવને કોઇ સ્વીકારી શકે નહિ. ઋષિમુનિઓના તપ તથા વ્રતનો ભંગ તો કામદેવ કરી શકે છે. પરંતુ આ છ વર્ષની કુમારિકાઓમાં શ્રીકૃષ્ણ પ્રત્યે જે મધુરભાવ જાગ્યા તે ભાવને જગાડવાનું સામર્થ્ય કામદેવનું નહિ, પરંતુ સ્વયં સર્વ સમર્થ શ્રીકૃષ્ણના કામથી પણ વધુ કમનીય (સુંદર તથા આકર્ષક) રૂપનું હતું. પ્રમેય પ્રકરણમાં શ્રુતિરૂપા ગોપીઓના શ્રીકૃષ્ણના તરફ નિરૂપાધિક સ્નેહને શૃંગારોપાધિક ગૂઢ પુંભાવના રૂપમાં આ જ શૃંગાર રસની મૂર્તિરૂપ શ્રીકૃષ્ણે જ રૂપાન્તરિત કરી દીધો હતો.

નિરૂપાધિક નિરાકાર સ્નેહને શૃંગાર રસના સ્થાયિભાવના આકારમાં વેણુકુંજનના રસથી (આકર્ષણથી) ભરી દીધો હતો ! આથી જ શ્રીમહાપ્રભુજી કહે છે- "કેવલ શૃંગારાર્થમેવ એટલે કે માત્ર શૃંગારને માટે જ" (સુબોધિની-વેણુગીત).

શ્રીકૃષ્ણની બાબતમાં કોઈપણ પ્રકારનો સ્નેહ-દાસ્ય-ભાવ, વાત્સલ્ય, સખ્ય યા માધુર્ય ભાવાત્મક-સ્વયં શ્રીકૃષ્ણના સર્વ તરેહના આલંબન વિભાવોના રૂપોને ધારણ કરવાના સર્વ સામર્થ્યથી જ સંભવ હોય છે.

પહેલાં શ્રીકૃષ્ણ સ્વામીનું રૂપ ધારણ કરે છે ત્યારે જીવમાં દાસ્યભાવ જાગે છે. શ્રીકૃષ્ણ જ્યારે બાલરૂપ ધારણ કરે છે ત્યારે આપણા હૃદયમાં વાત્સલ્યભાવ ઉભરાય છે. શ્રીકૃષ્ણ વિકરાળ કાલરૂપ ધારણ કરે છે ત્યારે બિચારો કંસ ભયભીત થઇ જાય છે. શ્રીકૃષ્ણની સાથે ક્રીડાની ઇચ્છાથી કોઇ સખાને આપણે શોધતા હોઇએ ત્યારે આપણી અંદર સખ્યભાવ થનગને છે. શ્રીકૃષ્ણની પ્રિયતમ બનવાની ઇચ્છા જ આપણા હૃદયમાં શ્રીકૃષ્ણના તરફ મધુર પ્રેમને અંકુરિત કરે છે. એ જ્યારે ભોગ્ય બનવા ઇચ્છે છે ત્યારે આપણી અંદર ભોકતૃભાવ અડપલાં કરવા લાગે છે. એ આત્મારામના ભકતકામ બનીએ ત્યારે ભકતોમાં અલૌકિક ભકતકામ પ્રકટ થાય છે એ અખિલ બ્રહ્માંડનો આધાર હોવા છતાં મા યશોદાની ગોદમાં ચુપ ચુપ આવીને બેસી રહે છે- એટલો સમર્થ (શકિતશાળી) છે. હા, એ સર્વ સમર્થ છે તેથી જ પુષ્ટિભકતની સેવા વગર રહી ન શકે એટલો અસમર્થ પણ બની જાય છે. એ કાલ કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરૂષ કોઇને પણ આધિન નથી, સર્વ સ્વતંત્ર છે. આપણે પરતંત્ર છીએ પરંતુ એ તો સ્વતંત્ર-પરતંત્ર છે. અને એટલા માટે જ (એ) કહે છે-

"અહં ભકતપરાધિનહ્યસ્વતંત્રઇવ" (એટલે) અર્થાત્ આપણે "અસ્વતંત્ર એવ" (માત્ર અસ્વતંત્ર જ) છીએ છતાં અજ્ઞાનને વશ થઇને આપણે પોતાની જાતને કેમ જાણે સ્વતંત્ર જેવા હોઇએ એમ માની લઇએ છીએ. એ (ભગવાન) તો સ્વતંત્ર જ છે અને તેથી જ કૃપાવશ થઇને 'કેમ જાણે અસ્વતંત્ર હોય એવો' બની જાય છે !

એ સર્વ સમર્થ, સર્વ ભોકતા છે તો પણ ભક્ત ભોગ્ય બનાવામાં સમર્થ છે-સમર્થ સમ્યક, અર્થ (એટલે સારો છે અર્થ જેનો તેવો) છે. અર્થ પરંતુ ભાવાત્મક હોવાથી આપણા હૃદયની તિજોરીમાં ગુપ્તપણે રાખી મુકવામાં આવે તો સુરક્ષિત રહેશે. અને નહીં તો ભાવાત્મક અર્થના ઓઠાં નીચે પ્રદર્શન (બહાર બીજાઓને દેખાડવાની વૃત્તિ રાખીએ તો એ ભાવાભાસ બની જાય છે-ભુકકો બની જાય છે. તેથી તેને 'અર્થ' કહેવાને બદલે શ્રીમહાપ્રભુજીએ 'સર્વસમર્થ' કહીને પોતાના અર્થને છુપાવી રાખ્યો છે ! પુષ્ટિ ભાવથી ભાવિત પ્રભુ છુપાએલો રહે તો નિશ્ચિંત રહેવું જોઇએ. નહિ તો બુદ્ધિ યા હૃદયનાં દ્વાર બહારની તરફ ખુલ્લા થાય તો અંદરનો એ અર્થ ચોરાઇ (લુપ્ત થઇ) જાય છે.

ચતુઃ શ્લોકીના બીજા શ્લોકમાં (દર્શાવાયેલ) આ અર્થ પ્રમેય આલંબન વિભાવના રૂપમાં પોતાના રસ-ભોકતાના પદને છોડીને આપણા હૃદયના સ્થાયી ભાવ બનાવા માટે

અર્થાત્ ભોગ્ય રસ બનાવાને ઉદ્યત (પ્રયત્નશીલ) છે તેથી લોકાર્થિના ભાવોની હૃદયમાંથી આ સિદ્ધાંત સ્મરણની સાવરણી (ઝાડુ) થી સાફ (સ્વચ્છ) કરવા પડશે. નહીં તો હૃદયની બહાર આ બીજા શ્લોકના અર્થની પ્રતીક્ષા કરવી પડશે. હૃદયના સ્વચ્છ-સાફ-હોવાની ! આ પ્રતીક્ષાની ઘડીઓમાં બહાર ઉભેલા પુષ્ટિ પ્રભુની બાબતમાં આપણા મનોરથ જો ગામમાં જાહેર (પ્રકટ) થઇ ગયા તો તો બધું ય રસાભાસ થઇ જશે ! કારણ કે પુષ્ટિ માર્ગીય મનોરથની તો એક જ દિશા છે-"પ્રભુઃ સર્વ સમર્થોહિત તો નિશ્ચિંતતાં વ્રજેત્" (એટલે કે પ્રભુ તો સર્વ કરવા સમર્થ છે જ તેથી ચિંતા ન કરતાં નિશ્ચિંતતાનું સેવન કરવું) વૃત્ર તો અસુર હતો તો પણ આ પુષ્ટિ માર્થીય અર્થનો અન્ય કોઇ ઐહિક યા તો પાર લૌકિક અર્થની સાથે અદલા બદલી (વિનિમય) કરવાનો મનોરથ નથી કરતો.

નતો મારે લૌકિક સાત્ત્વિક અર્થ-સ્વર્ગનું ઇન્દ્રાસન જોઇએ, ન તો વૈદિક રાજસ અર્થ બ્રહ્માની પદવી, ન તો મારે લૌકિક રાજસ અર્થ આખી પૃથ્વીના ધનના સ્વામી પણ બનવું અને ન તો લૌકિક તામસ અર્થ પાતાલ વગેરે લોકોના આધિપતિ પણ બનવું. નથી મારે વૈદિક તામસ અર્થ જુદી જુદી યોગ સિદ્ધિઓની કોઇ કામના યા તો નથી મારે વૈદિક સાત્ત્વિક અર્થ જ્ઞાનલભ્ય અપુનર્ભવ-મોક્ષની પણ કામના. મારા સર્વાર્થ રૂપ કેવલ હરિ જ છે-તેમના સિવાય બીજું મને કંઈ પણ નથી જોઇતુ ! (પ્રભુઃ સર્વ સમર્થોહિત તો નિશ્ચિંતતાં વ્રજેત્")

પુષ્ટિ ભકતનો કામ (ત્રીજો પુરૂષાર્થ)

શ્રીકૃષ્ણના દર્શનની કામના જ પુષ્ટિ ભકતનો કામ (રૂપ) પુરૂષાર્થ છે. નેત્રોથી શ્રીકૃષ્ણના કેવલ માત્ર કરવાના સીમિત (બંધન મર્યાદા-યુકત) અર્થમાં દર્શનાભિલાષાને નહીં લેવી (સમજવી) જોઇએ. શ્રી પ્રભુચરણ કહે છે કે પુષ્ટિ ભક્તની કામનાનેત્રોથી કેવલ ભગવાનના દર્શન કરી લેવાથી પુરી નથી થઇ જતી-એ તો બધી ઇન્દ્રિયોથી ભગવાનની અનુભુતિ ઇચ્છે છે. તેથી નેત્રોથી (પ્રભુનો) સાક્ષાત્કાર થાય એ જ (માત્ર) ફલ નથી.

(દૃષ્ટેપિ ભગવતિ યાવત્સર્વેન્દ્રિયૈઃ
સાક્ષાન્નાનુભુયતે ન તાવત્ સ્વાસ્થાં ઇતિન
સાક્ષાત્કાર માત્રં ફલમ્. ટિપ્પણી ૧૦/૨૦/૨૯)

એટલે કે ભગવાન દૃષ્ટિ ગોચર થાય (દેખાય-દર્શન થાય) તો પણ જ્યાં સુધી બધી ઇન્દ્રિઓ દ્વારા સાક્ષાત ન અનુભવાય ત્યાં સુધી સ્વસ્થતા ન અનુભવાય એટલે કે સાક્ષાત્કાર (દર્શન) માત્ર કંઇ ફલ નથી) આ જ કારણથી આગળ ઉપર નિરોધ લક્ષણ ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, તે સંસારાવેશથી દૂષિત ઇન્દ્રિયોનું હિત એમાં સમાયેલું છે કે પ્રભુમા, પરમાનંદરૂપ શ્રીકૃષ્ણની સાથે તેમને જોડી દેવામાં આવે. દર્શન-સ્પર્શન-શ્રવણ-કીર્તન-ધ્યાન વગેરે ક્રિયાઓ દ્વારા આન્તર-બાહ્ય બધી ઇન્દ્રિયોને ભગવાન તરફ વળેલી (અભિમુખ) બનાવવી જોઇએ. જે ઇન્દ્રિયનો ભગવત્ કાર્યમાં વિનિયોગ (વપરાશ-ઉપયોગ) શકય ન હોય તેના ઉપર કાબુ મેળવવાનો (તેને નાથવાનો) પ્રયત્ન કરવો જોઇએ.

—ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય, **શ્રી ઈચ્છારામ ભટ્ટજીના**

આંતર ઉદ્ગારો

દત્તાત્રેયે પૃથ્વીને પ્રથમ ગુરુ કરી. પૃથ્વી કેવું દુઃખ વેઠે છે, તે જુઓ, કોઇ ખાડો ખોદે, કોઇ હરિ મંદિર કરે છે. આમ છતાં કોઇ પર પૃથ્વી રીસ કરતી નથી. ભગવદીયમાં પણ એવા ગુણ જોઇએ.

વળી ઝાડને પણ ગુરુ કર્યાં. ઝાડ ટાઢ વેઠે છે. વળી વરસાદ પણ સહન કરે છે. કોઇ તેના પર ગુસ્સો કરે તોય ના બોલે. કોઇ ઢેકું મારે તો ઉલટું ફળ આપે ભગવદીયમાં પણ આવા ગુણ જોઇએ.

વળી અજગરને ગુરુ કર્યો, તેમાંથી શો ગુણ લીધો ? પોતાના પેટને માટે કંઈ પણ પ્રયત્ન કરવો નહિ. જે ભગવદ્ ઇચ્છાએ આવી મળે, તેમાં સંતોષ માનવો. ખાવાને કાંઇ ચેષ્ટા થાય નહિ. એવું ચિત્ત ભગવાનમાં રાખવું.

વળી સમુદ્રને ગુરુ કર્યો. તેનો શો ગુણ લીધો ? એક તો સમુદ્ર સદાકાળ પ્રસન્ન રહે છે. પ્રસન્નતાના તરંગ (મોજા) સદાકાળ તેમાં ઉઠયા કરે છે. તેમ ભકતે પ્રસન્ન રહેવું એટલે સદાકાળ આનંદના તરંગ ઉછળ્યા જ કરે. વળી ઉનાળામાં સમુદ્રમાં કાંઇ ઘટે નહિ, ને ચોમાસામાં કંઇ વધે પણ નહિ. તેમ ભગવદીયે લાભ મળે તો પ્રસન્ન ન થવું, ને ના મળે તો દુઃખી ન થવું આવા નિર્લોભી થવું. જે ભગવાન કરશે તે જ ખરૂં છે, એમ માનીને કશો વિચાર કરવો નહિ. માત્ર હરિના ધ્યાનનો જ વિચાર કરવો. આમ નિરોધનો ગુણ સમુદ્રમાંથી લીધો.

વળી ભમરામાંથી ગુણ લીધો. ભ્રમર સર્વ ફૂલ પર બેસે, પણ કયાંયે લપટાય નહિ તેમાંથી એવો ગુણ લેવો કે, બધામાંથી સાર ગ્રહણ કરવો ભ્રમર સર્વ ફૂલમાંથી મધુ લે છે, તેથી સારને વળગે તો પાર પડે આ ભ્રમર સૌમાંથી મધરૂપી ગુણ લે છે પણ કોઇ ફૂલમાં લપટાતો નથી. તેમ ભગવદીયે સૌમાંથી ગુણ લેવા, પણ કશામાં લપટાવું નહીં, કદાપિ સંગ કરે તો ભ્રમર કમળનો સંગ કરે છે, ને કમળ મીચાઇ જાય, ત્યારે ભ્રમર પણ કમળમાં રહે છે. તેમ જો ભગવદીય સંગ કરે તો સપડાઇ જાય ને લોભ થાય, અને વળી જો તેને લોભ થાય તો તેનો નાશ થાય. માટે કોઇનો સંગ કરવો નહિ

વળી મધ માખીનું દૃષ્ટાંત જુઓ. મધમાખી બધા ઝાડનો રસ લાવી મૂકે છે. ત્યારે પારધિ ધુણી કરી મધપુડામાંથી મધ લઇ જાય છે. તેમજ જે સર્વ લોભ કરીને એકઠું કરીએ તો આપણે નાશ થાય ત્યારે કોઇના હાથમાં આવે ? માટે લોભ કદી કરવો નહીં ને કરે તો નાશ છે.

વળી હાથીનું દૃષ્ટાંત આવે છે હાથણીને આગળ ઉભી રાખે છે, ને તેની પાછળ ખાડો ખોદે છે, તે ઉપર પુળા નાખે. હવે પેલો હાથી હાથણી તરફ દોડે ત્યારે હાથી ખાડામાં પડે. પછી તેને પગ બાંધીને કાઢે. માટે પુરુષે કાષ્ટની પુતળીનો પણ સંગ કરવો નહીં. વળી સ્ત્રીએ પુરુષનો સંગ ન કરવો. એમાં

કોઇ કરે તો નાશ થાય, બંધનમાં પડે જેમ પેલા હાથીનું દૃષ્ટાંત કહ્યું તેમ થાય

હવે પીંગળાનું દૃષ્ટાંત આપે છે. પીંગળાએ પોતે શણગાર કરી અન્ય પુરુષની વાટ જોઇ અને આખી રાત સૂતી નહીં. કોઈ આવે તો તેની સાથે ભોગ કરે, પણ આખી રાત એ સંબંધી કોઈ આવ્યું નહિ ત્યારે નિરાશ થઇને સૂતી ત્યાર પછી એને જ્ઞાન થયું, કે આ શું આશ્ચર્ય ! ! કે મને આ નરકના જીવ માટે આવો અજંપો થાય છે, આ તો સર્વ ખોટું છે. સાચા એક હરિ છે, હું તેનો આશ્રય કરૂં તો મારૂં કામ થઇ જાય. આ વિચાર કરતી નિવૃત્તિ પુર્વક પ્રભુમાં ચિત્ત રાખીને સૂતી આથી આખરે તે પ્રભુને પામી પીંગળાની પેઠે સર્વ પ્રાણીઓમાંથી ચિત્ત કાઢવું, ને હરિનો આશ્રય કરવો. હરિનો આશ્રય કરે ને સુખે સુએ તેજ પ્રભુને પામે, કશાની અપેક્ષા રાખવી નહી. એમ જાણવું કે હરિ વિના સર્વે જ ખોટું છે, એવી વૃતિ મનમાં લાવવી. આવી વૃત્તિ થાય તો હરિની પ્રાપ્તિ થાય

વળી માછલીનું દૃષ્ટાંત આપે છે, જેમ માછલાં કણક ખાવાને લોભે આવે છે, અને તેથી તેનો જીવ જાય છે. તેમ જો લોભ કરીએ તો જીવથી જઇએ લોભ તો કરવો જ નહીં. લોભ બહુજ ભૂંડો છે. કામ, ક્રોધ ને લોભ એ સર્વે તજીએ તો પ્રભુ પામીએ.

સઘરો રાખવો નહીં કંગાળપણાનો વિચાર કશો કરવો નહી, કારણ કે આપણો વિચાર કશા કામમાં આવતો નથી, ધાર્યું હરિનું થાય છે. તો પછી આપણે શો વિચાર કરવો ?

વળી કહ્યું કે ભગવદીયમાંથી પણ સારજ માત્ર લઇએ, અસાર આપણી નજરમાં આવે, તો કાઢી નાખીએ. તેનું દૃષ્ટાંત હવે આપે છે. જેમ કોઠામાંથી ગર્ભ લઇ છોડીઆં ફેંકી દે છે, કેરીમાંથી રસ લઇ છોડાં ને ગોટલો ફેંકી દે છે. તેમ ભગવદીયે સૌમાંથી સાર માત્ર લેવો. આમ કરવાથી કામ થાય. જો અસાર લે તો નરકમાં પડે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગનઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

લેસ્ટર (લંડન પાસે) માં આવી ત્યાંનું કામ પૂરૂં કરીને દિનેશ સુરેશને ઘેરે પહોંચ્યો ઘણા દિવસે દિનેશને જોઇને ઘરના બધાં ખુશી થયા. દિનેશે તેની બા પાસેથી સુરેશની બધી હકીક્ત જાણી લીધી. હાલનું સુરેશનું જીવન જોઇને દિનેશનું હૈયું ભરાય આવ્યું. પણ સાથ સાથ ખુશી પણ થઈ કે હવે નિર્વ્યસનીય બની ગયો છે. આટલો બધો મક્કમ રહેશે તેવી ખાત્રી ન હતી.

સુલેખા (સુરેશની ધર્મ પત્નિ) સર્વીસ કરીને ઘર ખર્ચ ચલાવે છે. ત્રણ મહીના થયા સુરેશ ઘેર જ બેઠો છે. શરીર કમજોર થઇ ગયું છે. માનસિક વૃત્તિ પણ સાથો સાથ કમજોર થઇ ગઇ છે. આજે હિંમત કરી બહાર ગયો છે.

બહારથી આવતાં જ દિનેશને પોતાને ઘેર જોઇ ભેટી પડયો અને પોતાને ભાગ્યશાળી માની દિનેશના સ્વાગતમાં લાગી ગયો. જેના સંગથી પોતે સુધરી શકયો છે. ભલે નોકરી ગઇ, દુઃખી થયો, પરંતુ આવતી કાલ ઉજજવલ જ જશે.

દિનેશની સામે પ્રેમાળ દૃષ્ટિ કરી સુરેશની બાએ વાત શરૂ કરી.

બેટા ! હું અને તારી બા પાસે જ રહેતા. એક જ સ્કુલમાં ભણેલા છીએ. સમય અનુસાર સૌ જુદે જુદે સ્થળે રહેવા લાગ્યા. હું તો આજે મારા જીવનને ધન્ય માનું છું કે તું મારે ઘેર આવ્યો. બાકી દુનિયા ચઢતી કળામાં સૌ મિત્ર બને, પડતાંને કોઇ ન પૂછે. તારા જેવા સુપાત્ર દીકરા દરેક ઘરમાં હોતા નથી. તારી બા તો મહાન ભાગ્ય શાળી છે. હું તો તારોજ ઉપકાર માનીશ કે સુરેશને તેજ સુધાર્યો તારા સંગથી જ સદ્‌બુદ્ધિ આવી.

વળતાં દિનેશે કહ્યું-માશીબા ! હું ખાસ સુરેશને મળવા માટે જ આવ્યો છું. અત્યારનું તેનું જીવન તેની વિચાર ધારા જોઇ શ્રીમહાપ્રભુજીનો ઉપકાર માનું છું. પ્રભુ ચાહે તે કરી શકે. સાજો તાજો જલદી થઇ કામકાજ સંભાળે એટલે તમોને નિરાંત.

સુરેશ ગદ ગદ કંઠે વચ્ચે બોલી ઉઠયો. ભાઈ! હું તો મહાન દુષ્ટ છું. મારા જેવા અપરાધી જીવોને પ્રભુ કેમ ક્ષમા કરશે. એટલું સારું થયું કે મારી નોકરી છૂટયા પહેલાં જ સુલેખાએ સમય વિચારી નોકરી પકડી લીધી. નહીં તો શું હાલત થાત? તેમાં વળી ૪ મહીનાં થયા દાદાજીને કાંઇ મોકલી શકયો નથી. ત્યાં શું હાલત હશે? વાત કરતાં આંસુની ધારા વહેવા લાગી. ધિક્કાર છે મને મારા જેવા કુપાત્રને જીવવાનો અધિકાર નથી.

દિનેશે શાંત કરી કહ્યું કે ભાઈ! હવે તું આમ કયાં સુધી દુષ્ટ, દુષ્ટ કહીશ. હવે બધું ભૂલી જા. જયારથી તને સમજણ આવી ત્યારથી તું ઇષ્ટ જ છો. હવે તારે વધારે પશ્ચાતાપ કરવાની જરૂર જ નથી. હું પરમ દિવસે જ ભારત જવાનો છું. તારા દાદાને સમાચાર આપીશ, સાથે જોઇતી રકમ આપીશ ચિંત્તા મૂકી દે.

સુરેશ-ભાઇ! તું મારાથી નાનો છો. મેં તને કાંઇ દીધું નથી. હું કાંઇ લેવા માગતો નથી. ડૂબતી નાવ ભગવાન પાર લગાડશે.

તેટલામાં જ સુલેખાએ (સુરેશની પત્નિ) એક હીરાની વીંટી લઇને દિનેશને આપી દિનેશભાઇ આ વેંચી જે આવે તે રકમ દાદાજીને આપી દેજો મને લગ્ન વખતે મારા સાસુએ દીધી હતી.

સુરેશનું હૃદય ભરાઇ આવ્યું. બાકી બધું વેંચીને મેં માફ કરી નાખ્યું. છેલ્લી લગ્નની નિશાની તે પણ આ જ વિદાય લે છે.

દિનેશ-ભાભી ! આ વીંટી તમારી પાસે રાખો. હું સુરેશ પાસેથી વસુલ કરી લઇશ. તમારે વચ્ચે આવવાની જરૂર જ નથી.

મનમાં દિનેશ રાજી થયો. શાબાશ ધર્મ પત્નિ દુઃખના સમયમાં પતિની તકલીફ સમજીને નોકરી કરી ઘર ચલાવે છે. સાથો સાથ કૌટુંબિક લાગણી કેટલી સરસ છે.

પોતાને ધિક્કારતો સુરેશ ગળગળો થઇ ગયો. એક તો કમજોરી, બીજી ઘરની આર્થિક સ્થિતિ, ત્રીજી વાત દાદાજીની ચિંતા ચોતરફથી ઘેરાયેલો-હાય ! હાય! ધિક્કાર છે મને કહી રડી પડયો.

હવે દિનેશે તેનો વિષય બદલતા કહ્યું ભાઇ! દુષ્ટ કોઇ એક જાતનાં નથી તું તો આધિભૌતિક દુષ્ટ હતો. હવે તો ઇષ્ટ છો, માટે બધું ભૂલી જા. આધ્યાત્મિક, આધિદૈવિક એવા ત્રણ પ્રકાર છે.

સુરેશ-મને કાંઇક સમજાય તો શાંતિ આવે.

ભેટ પુસ્તક સંબંધે ખુલાશો

“શ્રીવલ્લભ સુધા”ના જે ગ્રાહકોનું લવાજમ સને ૧૯૯૨-૯૩ના વર્ષનું માર્ચ ૯૨ની આખર તારીખ સુધીમાં કાર્યાલયમાં જમા થયેલ હશે તેમને જ મોકલાશે.

ભેટ પુસ્તકના છાપકામનું કાર્ય હવે હાથ ધરાશે ને તે સપ્ટેમ્બર ૯૨ માં તૈયાર થવાની ધારણા છે તો તે સમય દરમ્યાન ભેટ પુસ્તક સંબંધમાં ધીરજ રાખી કાંઇ પત્ર વ્યવહાર નહિ કરવા વિનંતી

વ્યવસ્થાપક
શ્રીવલ્લભ સુધા

'પિયા તોહિ નેનન હી મેં રાખો'

—પ્રા. એમ. આર. પાલેજા, (રાજપીપળા)

પિયા તોહિ નેનન હી મેં રાખોં ॥
તેરે એક રોમકી છબી પર, જગત વાર સબ નાખોં ॥૧॥
ભેટોં સકલ અંગ સાંવલકેં, અધર સુધારસ ચાખોં ॥
'રસિક પ્રિતમ' સંગમ કી બાતેં, કાહુસોં નહિ ભાખોં ॥૨॥

(૧) ગુજરાતી પધાનુવાદ :

પિયા તને નેન હી માં જ હું રાખું ॥
એક તારા રોમની છબી પર, આખું જગત વારી નાખું ॥૧॥
ભેટું અંગ સકળ શ્યામલનો, અધર સુધારસ ચાખું ॥
'રસિક પ્રિતમ' સંગમની વાતો, ના કોઇને રે ભાખું ॥૨॥

(૨) શબ્દાર્થ :

૧. તોહિ = તને : નેનન = નયન–નેન–આંખો : રાખોં = રાખું
૨. વાર = વારી : નાખોં = નાખું
૩. ભેટોં = ભેટું : સાંવલકેં = સાંવરાને–શ્યામને : ચાખોં = ચાખું–પીઉં
૪. સંગમ = મિલાપ–મેળાપ : કાહુસોં = કોઇને પણ : ભાખોં = ભાખું–કહું

(૩) ભાવાર્થ :

હે મારા પ્રાણ વલ્લભ આપશ્રીને હું નિત મારા નયનમાં રાખીશ આપના શ્રીઅંગના માત્ર એક રોમ ઉપર હું મારા સમગ્ર જગતને વારી જઈ, ઓળ ઘોળ કરી ન્યોચ્છાવર કરી દઇશ હે પ્રિય શ્યામ સુંદર હું આપના અપાર શોભાયુકત શ્રી અંગને આલિંગન દઇને મારા સર્વાંગને પૂર્ણતયા પરિતૃપ્ત કરીશ. હે રાસરસિકેશ્વર 'રસિક' વલ્લભ આપણા મિલાપની મધુર વાતો હું છાની રાખી સમગ્ર આનંદ લૂંટીશ, અન્ય કોઇને પણ કહીશ નહીં.

(૪) વિવેચન-વિસ્તાર :

પિયા તોહિ નેનન હી મેં રાખોં

'રસિક છાપધારી શ્રી હરિરાય મહાપ્રભુજી વિરચિત આ એક રસિક પદ છે. 'ઉત્કંઠિતા' ગોપિકાજી પોતાના પ્રાણવલ્લભ શ્યામસુંદર શ્રીકૃષ્ણને કહે છે કે હે પ્રીતમ આપશ્રીને સમગ્રતયા હું મારા નયન–મહેલમાં સમાવી લઇશ, સંભાળથી રાખીશ.

ગોપિકાજીના નિગૂઢ સ્નેહને વશ શ્રીઠાકોરજી પોતાનું સ્વરૂપ ભૂલી તેની સાથે પ્રેમમાં તદાકાર થયેલ છે એવા ગોપિકાજીના હૃદયના પ્રાણેશ શ્રીકૃષ્ણપ્રભુને આપણા શ્રી વલ્લભ મહાપ્રભુજીએ યથાર્થ રીતે 'શ્રી ગોપીજનવલ્લભ' કહ્યા છે.

તેરે એક રોમકી છબી પર, જગત વાર સબ નાખોં

શ્રીકૃષ્ણના પ્રેમમાં રસબસ, પૂર્ણ રીતે પ્રભુના પ્રેમના રસના આવેશવાળા ગોપિકાજી અત્યંત ઉત્કંઠિત હૃદયથી કહે છે કે હે પ્રીતમ આપશ્રીના શ્રીઅંગના માત્ર એક જ રોમ ઉપર હું મારા સમસ્ત જગતને ન્યોચ્છાવર કરી દેવા, ઓળઘોળ કરી દેવા તત્પર છું. આપશ્રીના સુંદર, સર્વશ્રેષ્ઠ સ્વરૂપ–સાગરમાં નિતાંત નિમજ્જન કરવામાં, રસેશના રસસાગરમાં રસપાન કરવામાં હવે કોઈ કરતાં કોઇ સાંસારિક વિષયો, મોહ, માયા કે કોઇ લૌકિક પ્રતિબંધો મને આડે આવી શકે તેમ નથી, મેં એ સર્વ પ્રતિબંધોને તોડી–વછોડી ફેંકી દીધાં છે, સર્વ વિષયોને છોડીને 'સંત્યાજ્ય સર્વ વિષયાન' સર્વ વિષયોથી પર બની હું આપશ્રીની પ્રેમભાજન બની છું. આપશ્રીની પ્રીતિ સંપાદન કર્યા પછી જગતની બીજી કોઈ વસ્તુનો મને કોઈ મોહ રહ્યો નથી. હું પૂર્ણ રીતે શ્રીકૃષ્ણમય બની રસેશના રસ સાગરમાં વ્યાપ્ત બની ગઈ છું !

ભેટોં સકલ અંગ સાંવલકોં, અધરંસુધારસ ચાખોં

હે મારા પ્રિય તનસુખ ! હે મનમોહન ! મારા સમસ્ત તન–મન–હૃદય અને આત્માથી હું એક જ વસ્તુની ઝંખના કરતી હતી શ્રીકૃષ્ણના ચરણારવિંદની પ્રાપ્તિ, શ્રીકૃષ્ણના પ્રેમની પ્રાપ્તિ તે મેળવીને આજે હું ધન્ય બની છું. આપશ્રીના લાંબા સમયના વિરહના કારણે મારાં તન–મન ઉત્તપ્ત રહ્યા કર્યાં છે. આજે આપશ્રીના શ્રીઅંગને સુદીર્ઘ, દૃઢ આલિંગન દઇ હું મારા તન–મનના તાપને મિટાવી દઇશ. મારી ઉત્કંઠાને, મારા પ્રેમાતુર સર્વાંગને આજે આજે હું પરિતૃપ્ત કરીશ અને જીવનમાં કદી ન અનુભવી હોય એવી મીઠી મધુર શીતલતાનો અનુભવ કરીશ, પ્રેમની સુમધુર બૌછારમાં ભીંજાઇને મારા તન–મનના તાપને હું દુર કરી દઇશ. પણ રે પ્રિયતમ ! એમ છતાં મને તૃપ્તિ થશે ખરી ? શું મારી ઉત્કંઠા એટલાથી સમી જશે ? હરગિજ નહીં. હે રસેશ ! મને તો લાગે છે કે મારી ઉત્કઠા કદી પણ તૃપ્ત થશે નહીં. આપશ્રીને પ્રાપ્ત કરીને હું સદાની સોહાગણ બની છું એટલે તો હું હવે ઉત્કઠિત હૃદયથી આપશ્રીના અધરામૃતનો રસ અખંડ પીવાનું અલૌકિક સુખ મેળવ્યા કરીશ !

પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીનું 'અધરામૃત' એ પ્રાપ્તવ્ય પરમ ફલ છે. જેમને 'પ્રેમ કી ધ્વજા' કહેવામાં આવે છે એવાં ગોપીજનોનો શ્રી ઠાકોરજી પ્રત્યેનો પ્રેમ તો નિર્વ્યાજ પ્રેમ છે. એટલે આપશ્રીના અધર સુધાના તેઓ અધિકારી છે. 'રાસપંચાધ્યાયી' માં ગોપીજનોએ આર્જવતાથી ગાયું છે.

જો ન દેહો અધરામૃત તો સુનહો સુંદર હરિ,
કરિહેં યહ તન ભસ્મ, વિરહ પાવકમેં કુદ પરિ ।।

અધરામૃતની અભિપ્સા પ્રેમીહૃદયમાં પરસ્પર રહે જ છે. શ્રીવલ્લભાચાર્ય ચરણ રચિત મધુરાષ્ટક 'અધરં મધુરં' થી શરૂ થાય છે એ દર્શાવે છે કે મધુરાધિપતિનું તો બધું યે

મધુરું છે પણ આપશ્રીના શ્રીઅંગમાં 'અધર' તેમાં રહેલા શ્રીરાધાધરામૃત રસ–તત્ત્વને લઇને સવિશેષ મધુર છે. શ્રીમધુરાધિપતિના મધુર અધરના મદભર્યા મધુર રસનું પાન કરવાનું અને રસેશના અધરસુધારસમાં છકી રહેવાનું ગોપીજનો પ્રેયસ્કર અને શ્રેયસ્કર માને છે, શ્રીવલ્લભાખ્યાનમાં શ્રીપ્રભુચરણભકત શ્રી ગોપાલદાસજીએ અધરામૃતનો મહિમા ગાતાં કહ્યું છે.

'રાધા અધરસુધા વિના પીયુને બીજુ તે કંઇ નવ ભાવેજી'

ઉભય પ્રેમીઓને અધરામૃતપાન કરવાની પારસ્પરિક પિયાસા રહેતી હોય છે, મોહની લાગી રહે છે, અધરામૃતનો એક ઉત્કંઠાભર્યો લોભ રહેતો હોય છે એટલે તો કવિએ ગાયું છે.

'અધરામૃત કે લોભ ભઈ હમ દાસી તીહારી'
'રસીક પ્રિતમ' સંગમ કી બાતેં, કાહુસોં નહિ ભાખોં

પ્રિયતમા ગોપિકાજી ઇચ્છે છે કે રસરસિક રસેશ્વર શ્રી ઠાકોરજી સાથેની તેની પ્રીતડીની વાતડી કોઈ અન્ય સખીજનના કાને ન પડી જાય. એ તો પ્રિયતમ અને પ્રિયતમાની ખાનગી વાત છે. તે તો અપ્રકટ રહે તો જ રસની નિષ્પત્તિ થાય. જો પ્રીતની આ છાની વાત પ્રકટ થઈ જાય તો એમાંથી રસ તત્વ જતું રહે, આ તો 'પ્રકટ કિયે રસ જાય' તેવી ગોપનીય વાત છે. એથી આ ગોપિકાજી શ્રીઠાકોરજીને કહે છે કે હે મારા પ્રાણવલ્લભ ! હે 'રસિક પ્રીતમ'! આપણા મધુર મિલાપની વાત હું અન્ય કોઇ સખીજન આગળ પ્રકટ નહીં કરું, છાની રાખીશ.

આમ શ્યામની પ્રીતિના રંગે રંગાયલા આ ગોપિકાજી પોતાનો ગોપનીય મનોભાવ મનોરથ પોતાના હૃદયેશ આગળ ઉત્કંઠાના ભાવથી પ્રેમપૂર્વક એકાન્તમાં પ્રકટ કરી રહ્યા છે, પ્રેમની ઉત્કંઠા અને પ્રીતિના મધુર, સ્નિગ્ધ, ગોપનીય ભાવથી અને ગુપ્ત રસથી ભરેલું કેટલું સુંદર છે આ પદ

'પ્રિયા તોહિ નેનન હી મેં રાખોં'

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. કલ્યાણજી નારણજી સોની
હ. દુલેરાય કલ્યાણજી રાજકોટના જય શ્રીકૃષ્ણ

॥ શ્રી ગુરુગોપીજનવલ્લભાય નમ: ॥

શ્રી વલ્લભ અષ્ટોત્તરશત નામ

લેખક : **ભકતકવિ શ્રી દયારામભાઇ**

સંપાદક : **ગો. વા. પ્રો. જીવણલાલ છ. જોષી, રાજકોટ**

છંદ-દુવૈયા

જય શ્રી વલ્લભ હરિ હરિવલ્લભ શ્રી મહાપ્રભુ વાગીશ,
શ્રીકૃષ્ણાનન વિશ્વાનર પરમાનંદ મ્હાલક્ષ્મીશ. ૧

શ્રીમદાચાર્ય દયાધીશ ગુરુ કરુણાનિધિ આનંદ,
ગોપીનાથજનક શ્રી વિઠ્ઠલપિતુ પરમાનંદકંદ. ૨

શ્રી લક્ષ્મનંદન શ્રી ઇલંબાપુત્ર પરમ ઉદ્ધાર, (૨૦)
અદેયદાનદક્ષ દીનબંધુ દૈવીકૃત-ઉદ્ધાર. ૩

ભક્તાચાર્ય ભક્તવત્સલ ભક્તાધીન વલ્લભભક્ત,
ભક્તિપથ પંકજ-તરણિ શ્રીકૃષ્ણ સ્વરૂપાસકત. ૪

સ્વદાસાર્થકૃત - સાધન અશેષે નિસ્સાધનજનપાળ,
માયાવાદનિરાકૃત રતિપથકેતુ કૃતાંતકાળ. ૫

સ્મૃતિમાત્રાર્તિનાશન વિભુ સાકારબ્રહ્મ - પ્રતિપાદ્ય,
અપાર અદ્ભુત અકળ (૪૦) સનાતન આનંદઘન અજ આદ્ય. ૬

વિબુધેશ્વર પ્રભુ વર્દરાજ સર્વેશ્વર શ્રેયસુખસામ,
પૂર્ણબ્રહ્મ આચાર્યરત્ન પુરુષોત્તમ પૂરણકામ. ૭

ત્રિગુણાતીત રહોરત - સત્યસંકલ્પ અંતરયામી,
પતિતપાવન અધમોદ્ધારણ હરિ પુષ્ટિપથસ્વામી. (૬૦) ૮

વિરચિત ભકતમનોરથપૂરક અતકર્ય મ્હાત્મ અનંત,
કરતુમ્કરતુ - અન્યથાકર્તુ સમર્થ શ્રીભગવંત. ૯

ભકિતમાર્ગ પ્રવર્તક સ્વતંત્રભકિતરૂપ રસરૂપ,
વિદ્વનમંડન અતિકૃપાળ તૈલંગતિલક દ્વિજભૂપ. ૧૦

વિષયાસકિતવિદૂષક વિજિતકંદ્રપ રતિરસમસ,
પતિતસંગ્રાહક પરમેશ્વર શિરમણી સર્વ રસજ્ઞ. ૧૧

સર્વશકિતધૃક્ (૮૦) શ્રી ભાગવતગૂઢારથપંકજભાનુ,
સ્વજનજીવન ધન-પ્રાણપતિ પ્રતિપક્ષપતંગ-કૃશાનુ. ૧૨

વિવિધાપરાધક્ષમાકૃત અશરણશરણ અખિલ સુખદાય,
શ્રી ગિરિરાજધરણ હૃતઆર્તિ ભૃત્યદુખ-અઘાંતકાય. ૧૩

રાજીવાક્ષ મદનાભિરામ અભયપ્રદ આનંદકારી,
શાંતસ્વરૂપ સ્વયંભૂ ઇશ્વર સ્વકીય-સકળ-જ્વરહારી. ૧૪

કૃતદિગ્વિજય સ્વદાસસુરદ્રુમ સાનુકંપલોચન્ન,
પ્રમેય બળવંત-કૃતલીલામય પ્રણતકષ્ટમોચન (૧૦૦) ૧૫

ભાવવિઘૂર્ણિતલોચન પદપંકજપાંસુફળરૂપ,
સર્વોત્તમ નિજલાભ પૂર્ણજય આત્મારામ અનુપ. (૧૦૮) ૧૬

એ અષ્ટોત્તરશત શ્રી આચારજી મહાપ્રભુનાં નામ,
સર્વ પાપસંતાપહરણ મનવાંછિત-પૂરણકામ. ૧૭

શ્રદ્ધા સહિત સદા જે જન કરશે એ આખ્યોચ્ચાર,
શ્રી ગોપીજનવલ્લભ તેહને વશ થાશે નિરધાર. ૧૮

અકથિત ફળ છે, અનુભવી જોજ્યો, આનંદ થાશે અત્ય,
મ્હારું તો સર્વસ્વ ધન્ન એ, '**દયો**' કેહે સત્ય. ૧૯

[દયારામ રસધારા-૨ માંથી સાભાર]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

ચૈત્ર સુદ ૯ તા. ૧૬-૪-૯૨ શનિબાર રામ નવમી વ્રત ગો. શ્રી મહેન્દ્રકુમારજી મહારાજ શ્રી (પાર્લા) તથા ગો. ચિ. શ્રી યદુનાથ બાવાશ્રી (મથુરા) અને ગો ચિ શ્રી અનિરુદ્ધ લાલજી બાવાશ્રી (કોટા) નો જન્મદિન

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૨-૪-૯૨ રવિવાર ગો. શ્રી ગોપાલ લાલજી મહારાજશ્રી (કોટા) નો જન્મદિન

ચૈત્ર સુદ ૧૧ તા. ૧૩-૪-૯૨ સોમવાર કામદા એકાદશી વ્રત ગો. ચિ. શ્રી મથુરેશ્વરજી બાવાશ્રી (સુરત) નો જન્મદિન શ્રી મહા પ્રભુજીની વધાઇનો પ્રારંભ

ચૈત્ર સુદ ૧૨ તા. ૧૪-૪-૯૨ મંગળવાર ગો. ચિ. શ્રી શરદબાવાશ્રી (ચાંપાસેની) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૧૬-૪-૯૨ ગુરુવાર ગો. ચિ. શ્રી પુરૂષોત્તમલાલ (પંકજ) બાવાશ્રી (મુંબઈ-રાજકોટ) નો જન્મદિન

ચૈત્ર સુદ ૧૫ તા. ૧૭-૪-૯૨ શુક્રવાર પુર્ણિમા વૈશાખ સ્નાનારંભ ગો. શ્રી રઘુનાથજી લાલજી મહારાજ (કામવન) નો જન્મદિન.

ચૈત્ર વદ ૪ તા. ૨૧-૪-૯૨ મંગળવાર ગો. શ્રી યદુરાયજી-યોગેશ કુમારજી મહારાજ શ્રી (મુંબઇ) નો તથા ગો. શ્રી યશોદા નંદનજી મહારાજશ્રી (મુંબઇ) નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૨૪-૪-૯૨ શુક્રવાર શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા) નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૦ તા. ૨૭-૪-૯૨ સોમવાર શ્રી ગોવર્ધનલાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૨૮-૪-૯૨ મંગળવાર વરુથિની એકાદશી વ્રત શ્રી મદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય ઉત્સવ તથા શ્રી નાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય (સં. ૧૫૩૫) અને ભક્ત કવિશ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫) તથા ગો. શ્રી વ્રજ પ્રિયજી મહારાજશ્રી (બોરીવલી) નો જન્મદિન.

ચૈત્ર વદ ૧૨ તા. ૨૯-૪-૯૨ બુધવાર ગો. શ્રી વલ્લભ કુમારજી મહારાજ શ્રી (કોટા) નો જન્મદિન.

વૈશાખ સુદ ૨ તા. ૪-૫-૯૨ સોમવાર શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ વસંત ઋતુ પુરી થઈ.

વૈશાખ સુદ ૩ તા. ૫–૫–૯૨ મંગળવાર અક્ષય તૃતીયા ચંદન યાત્રા જલ કુંભદાન ત્રેતા યુગાદિ મન્વાદિ તિથિ શ્રી પરશુરામ જયંતિ ભક્ત કવિશ્રી કૃષ્ણદાસજીનો જન્મદિન (સં. ૧૫૫૩) ગો. ચિ. શ્રી અક્ષય કુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર) નો જન્મદિન ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઇ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૬–૫–૯૨ બુધવાર ગો. શ્રી પીતાંબરજી મહારાજશ્રી (કાંકરોલી) નો તથા ગો. શ્રી અજય કુમાર મહારાજ શ્રી (પુના) નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૭–૫–૯૨ ગુરુવાર શ્રી નટવરલાલજી (અમદાવાદ) નો પાટોત્સવ (સં. ૧૮૫૧) ભક્ત કવિશ્રી સૂરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫)

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. : **શ્રી રવજીભાઈ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

પદ–૯૦

શ્રી યમુના સોહત મન મોહની ।
સુરઅસુર મિલ પુજા કીની તૈસી લાગત સોહની ।।૧।।
યાતેં યહ દૃષ્ટાંતજુ દીનો–
ભાવ અનેક દીખો હન્ત ।।
હરિદાસશોભાચિત્ત અરૂઝયો–
લાગી ચરનન ગોહની ।।૨।।

ભાવાર્થ : જગત્ મોહનના પણ મનને મોહ કરનારા એવાં શ્રી યમુનાજી પણ પ્રિયતમના મનમોહન રૂપે શોભી રહ્યાં છે. સુર અને અસુરોથી પણ આપ સુંદર રીતે સેવાયેલા એવાં આપ અધિક રીતે શોભી રહ્યાં છે. યમુનાષ્ટકમાં પણ છે કે, 'સુરાસુર સુ પુજીત' એ શા માટે દૃષ્ટાંત આપવું પડયું કે આપ આવા અનેકાનેક ભાવોથી સેવાયેલાં છે જે એ ભાવ શ્રી યમુનાજી સર્વ ઉપર કૃપા કરી અને મહોદ્ધાર સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કરાવી રહ્યા છે. આપની આવી શોભાનાં દર્શન કરી અને હરિદાસનું ચિત્ત આપના સ્વરૂપમાં અરૂઝાઇ ગયું, અને સદા આપના ચરણમાં નિવાસ કરવાના મનોરથો છે.

વિવેચન : શ્રી સુબોધિનીજીમાં પણ શ્રી મહાપ્રભુજીએ સુર એટલે સર્વ વ્રજવાસીઓ ગોપબાલકો અને શ્રીકૃષ્ણ અને બ્રજસુંદરીઓ અને અસુર એટલે માનભાવવાળાં પ્રિયાજીઓ– માનભાવ તામસ ભાવ છે. એક સમય શ્રીપ્રભુ અને પ્રિયાજીમાં માનમનાવવાની વાતમાં હોડ પડી. શ્રી પ્રિયતમે પ્યારીજી બની અને માન કર્યું. પ્યારી માનમનાવી ન શકયા અને શ્રી યમુનાજીનો આશ્રય કર્યો. શ્રી યમુનાજી પ્રભુના જેવા મુકુટ કાછનીના શ્રૃંગારો ધરી અને પ્યારીજી રૂપે માનમાં બિરાજતા પ્રભુ પાસે પધાર્યા અને પ્રભુ તુરત માન છોડી પ્યારીજીને મળ્યા.

કાવ્ય-કુંજ

શ્રીમહાપ્રભુજીની વધાઈ રાગ-સારંગ

ગોવલ્લભ ગોવર્ધન વલ્લભ, શ્રીવલ્લભ ગુન ગીને નજાઇ;
કલિકે જીવ ઉદ્ધારન પ્રકટે, પુષ્ટિ સૃષ્ટિ મન અતિ હુલસાઇ. ૧
લલિત લાલ નંદ નંદનકી, બાલ ભાવ સેવા પ્રકટાઇ;
દામોદર દીન બંધુ દયાલુ, ભકત વત્સલ કરૂણા નિધિ પાઇ. ૨
સરસ રાગ શૃંગાર સામગ્રી, ગોપીજનકી પ્રિત અપનાઇ;
પતિત ઉદ્ધારન પ્રતિબિંબ તાતકે, પ્રગટે વિઠ્ઠલનાથ ગુસાઇ. ૩
રસિકનકો લીલા રસ પ્યાયો, ચિરકાલ કે તાપ મિટાઇ;
મનહરની મોહની મુરત, પાન કરત કબહુ ન અઘાઇ. ૪
ભકતજનો કે ભાગ્ય ઉઘરે, અનુદિન લીલા નિત્ય પ્રતિ ગાઇ;
ગયે તાપ સંતાપ સભી, અબ વલ્લભ કૃપાસે નવ નિધિ પાઇ. ૫
વહે જાત સંસાર સાગરમેં, બાંહ પકરકે લીયે બચાઇ;
દીનદાસ **'માધુરી'** પ્રભુકે ચરન શરણ સદા ગુનગાઇ. ૬

— મુખીયાજી મથુરાદાસ જીવરાજ હિંગન ઘાટવાળા

શ્રી મહા પ્રભુજીનું ધોળ

[ઢાળ-પુષ્ટિ માર્ગ સિદ્ધાંતના સાંભળને કહું એક વાત]

શ્રીવલ્લભ પ્રભુજી પ્રકટીયા, તે મંગલ રૂપ નિધાન;
કોટી અમૃત સમ હસતી વાણી, દાસના થાય કલ્યાન. ૧
પરમ ઉદાર ચતુર ચિંતા મણિ, આપે અભય પદ દાન;
વિષ્ણુદાસ બલિહારી જાયે, રૂચે નહિં બીજું ગાન. ૨
કલિયુગ જીવ ઉદ્ધાર ન કારન, લક્ષ્મણ ભટ્ટ ઘર ધામ;
'શુક' દાસની એક વિનતિ, વ્રજવાસો ગોકુલ ગામ. ૩

— શ્રી પોપટલાલ રામજીભાઇ બામણગામવાળા

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **(કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગાણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

(૯૧. રાગ-અડાનો ચૌ. ૭૭)

વંદૌ બ્રાહ્મન સુંદરદાસ;
સખી ‘શીબા’ રાધા સહચરીકી, પીપરી કરત નિવાસ. ૧

કરત સેવા સાધુ સંતકી, સુંદરદાસ પાય અવકાશ;
શ્રીવલ્લભ પધારે જબહી, તબ ગયે તા પાસ. ૨

સેવા કરત રોકે જબ મેઘન, તબ વે ભયે ઉદાસ;
શરણ ગહયો જબ શ્રીવલ્લભકો, પાછે મિલિ સુખરાસ

સ્વરૂપ પુષ્ટ કર શિર પધરાયે, દો દિન રહે તાકે આવાસ;
‘લાલદાસ’ જગન્નાથપુરીકો, આપુ ચલે દરસનકી આસ. ૪

૯૨. રાગ-અડાનો (ચૌ. ૭૭-૧૬)

વંદૌ સારસ્વત માધૌદાસ;
સખી ‘લીબા’ રાધા સહચરીકી, પીપરી કરત નિવાસ ૧

ભયે સેવક કૃષ્ણ ચૈતન્યકે, પરિ પીરમેં વિશ્વાસ;
લોગનકો દિખાયવે કોં, ઠાકુર ઘર રાખ્યો હે પાસ. ૨

સુંદરદાસ મેં પ્રીતિ બહોત હૈ, દોઉ મિત્ર હૈં ખાસ;
ઇન કે ઘર શ્રી વલ્લભ પધારે, તહાં આયો માધો દાસ. ૩

ભોગ સરાવત દેખ્યો થારમેં, જ્યો કો ત્યો પરસાદ:
માધો કહી તબ સુંદર દાસ કોં, ઠાકુર તેરો કયોં નહીં ખાત. ૪

મેરે ઠાકુર કછુ ન છાંડત, સબહી અરોગી જાત;
કહી વલ્લભ હમ દેખે જબહી, તબ માનો યહ બાત ૫

કૃપા કરન કે હેત આપુ, પધારે ઇન કે ઘર;
અન્યાશ્રય છુડાય પીરકો, લે શરન શ્રીવલ્લભવર ૬

માહાત્મ્ય દિખાયો મહા પ્રસાદકો, થોરોસો હુતો થારમાહી;
‘લાલદાસ’ લીયે સબ વૈષ્ણવ, નિઘટયો રંચ હુ નાહીં. ૭

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી ‘વ્રજ’ ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૮૩. અતિ મોહન રૂપ

જગ મોહન મધુરા કૃતિ સુંદર,
અચર પશુ દેવગણ મોહિત, ભૂતલ અનુસંધાન નિરખકર. ૧

વ્રજ જન ખગમૃગ રહત વિમોહી, પટતર નાહિન કોઉ ભૂપર;
રાસ રસિક પ્રથમેશ સૂમોહન, ચક્ત રહત ‘વ્રજ’ પતિકે મુખપર. ૨

૮૪. સર્વાસક્તો રૂપ

અનાસક્ત ઐહિક મેં શ્રી હરિ,
કર્તુ અકતુ અન્યથાકર્તુ, સર્વ શકિત સામર્થ્ય ભરી. ૧

અખિલ જાકે એક રોમમેં, સો ક્યોં રહે લોકમેં ઢરી;
નચવત રંચક ભૂ ભંગમેં, ‘વ્રજ’ પતિ અધરન બંસી ધરી. ૨

૮૫. ભક્તમાત્રાસક્ત રૂપ

નિજ અનન્ય અંતરંગાસક્ત,
જીનને સમર્પ્યો દારાગારાદિ વિત્ત, નિશદિન શ્રી વલ્લભ અનુરક્ત. ૧

યહ લોક પરલોક આસ ત્યજી સબ, રહત હે દાસ જ્યોં જલકમલવત્;
તુલસાં રજો રુકિમની અમ્મા, દમલા શ્યામદાસ પુરન ભૃત્ય. ૨

ભક્ત શિરોમનિ અન્ય દાસ હું, કૃષ્ણદાસ પ્રભુદાસ દેખો રત;
‘વ્રજ’ વલ્લભ પ્રથમેશ કરુનાકર, રાખત નિજકી પ્રણ ઓર રત. ૩

૮૬. પતિતપાવન રૂપ

પાવન કીને પતિત જગત કે, શ્રી પ્રથમેશ અગનિત અનેક;
પુષ્ટિ વિરોધી સ્માર્ત ધુરંધર, લીયે શરણ અપને હી વિવેક. ૧

પ્રેત બ્રહ્મરાક્ષસકોં ઉદ્ધારે, જાકો નહીં નિસ્તાર પ્રલયતક;
સદા કૃપાલ ‘વ્રજ’ પતિ કરૂણાનિધિ, વેદપુરાન શાસ્ત્રકો લેખ ૨

—ક્રમશઃ

શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ

કાર્યક્રમ – ચંપારણ્ય બેઠકજી

પુષ્ટિ જીવાત્માઓને પોતાના જ તીર્થધામની યાત્રાએ જવા માટે પોતાના મનનું પ્રેરણાત્મક નિમંત્રણ મળે અને સાથોસાથ મનની વ્યાપક જિજ્ઞાસા બની આવે તો ચાલો આપણા પ્રાણ પ્યારા શ્રી વલ્લભના પ્રાકટ્ય ઉત્સવ સમયે મહામહોત્સવના આનંદ સાગરમાં તરીએ અને પુષ્ટિ ભક્તિનો ધ્વજ ફરકાવીને વૈષ્ણવતાને દીપાવીએ–

કાર્યક્રમ

(૧) શ્રીમદ ભાગવત સપ્તાહ તા. ૨૩–૪–૯૨ ગુરૂવારથી તા. ૨૯ બુધવાર સુધી

(૨) કુનવારાનો મનોરથ ચૈત્રવદ ૯ તા. ૨૬–૪–૧૯૯૨ રવિવાર

(3) ચૈત્રવદ ૧૧ તા. ૨૮–૪–૧૯૯૨ મંગળવાર (વરુથિની એકાદશી)

શ્રીમદ્ ભાગવત કથામૃત આસ્વાદ સાથે શ્રી મહાપ્રભુજી પ્રણિન ગ્રંથોના આધારે શુદ્ધ સાંપ્રદાયિક શૈલીમાં શ્રી સુબોધિનીજી, ષોડશગ્રંથ વગેરેનું રસાત્મક પ્રવચન થશે.

એ સિવાય નંદમહોત્સવ, તિલક, કેસર સ્નાન, બગીચા રાસલીલા, ઢાઢીલીલા, કિર્તન, હીંચહમચી, રાસગરબા, પરિક્રમા વગેરે મનોરથોનું પણ સુંદર આયોજન નિર્ધારીત થયેલું છે.

લિ ટ્રસ્ટીમંડળના સાદર સસ્નેહ ભગવત્સ્મરણ.

શિવરાજગઢ–વૈષ્ણવ સમાજના ઉપક્રમે પૂ. પા. ગો શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (ગોંડલ) ના શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રવચન શિબીરોનું આયોજન તા. ૨૦–૨–૯૨ થં તા. ૨૨–૨–૯૨ સુધી થયેલ હતું જેમાં શ્રી મહાપ્રભુજીના અલૌકિક અને દિવ્ય નામોનું સવિસ્તાર સ્વમાર્ગીય સિદ્ધાંતોની સમજ સાથે મૌલિક અને સારગર્ભિત વાણીમાં સ્થાનિક અને બહારગામના વૈષ્ણવોને સર્વોત્તમ રસપાન કરાવ્યું હતું. જેમાં આપશ્રીએ સેવા, દેવદ્રવ્ય, ગુરુના લક્ષણો અને સ્વમાર્ગીય નિષ્ઠા આદિ વિષયોની વિશેષ સમજ આપી વૈષ્ણવોમાં નવ-જાગૃતિ જગાવી છે

જામનગર – નિ. લી. પ. પૂ. ગો. શ્રી વ્રંજભૂષણલાલજી મહારાજશ્રીનો ૭૩મો પ્રાકટ્ય ઉત્સવ "શ્રી ભાગવત સુધારસ સપ્તાહ"ના આયોજનપી વૈષ્ણવ સમાજ દ્વારા મનાવવામાં આવેલા વકતા શાસ્ત્રીજી શ્રી બટુકભાઈએ રસપાન કરાવેલ.

તા. ૨૭–૧–૯૨ થી તા. ૨–૨–૯૨ સુધીના સપ્તાહ દરમ્યાન સ્વમાર્ગીય વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાપાં આવેલા વિષયો હતા (૧) પ. પૂ. નિ. લી. દાદાજીના સંસ્મરણો અથવા (૨) વાર્તા સાહિત્યનુ ૮૪/૨૫૨ વૈષ્ણવોનું માર્ગમાં મહત્વ.

શ્રીમદ્ ભાગવતમાંના વિષયોમાંથી કોઈપણ એક ઉપર સૌરાષ્ટ્રના માર્ગીય કથાકારને નિમંત્રણ આપીને સ્પર્ધા માટે આમંત્રીત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં 'કુંતીસ્તુતિ' ઉપર જેતપુરના કથાકાર શાસ્ત્રીજી દ્વારકાદાસ ધનેશ્વર ભટ્ટને શ્રેષ્ઠ વકતા તરીકે રનીંગ શીલ્ડ એનાયત કરવામાં આવેલ.

છેલ્લે શ્રી પ્રેમલાલભાઇ મેરચા લિખિત નાટીકા "ભકત નારાયણદાસ" નગરઠઠાના દિવાન ભજવવામાં આવેલ

પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી તથા પૂ. પા ગો શ્રી હરિરાયજી મહારાજશ્રીના પ્રસંગોચિત વચનામૃતનો લાભ મળેલ.

ધોરાજી – (૧) વર્ષો પહેલાં સ્થાપિત થયેલ પુષ્ટિમાર્ગીય પાઠશાળાનું સંચાલન જે બંધ પડેલ હતું તે પુન: પુ. પા. ગો. શ્રી હૃષિકેશજી મહોદય શ્રી તથા પુ. પા. ગો. શ્રી પ્રબોધકુમાર બાવાશ્રીએ દીપ પ્રકટાવી સંચાલન શરૂ કરાવ્યું હતું. પાઠશાળામાં શાસ્ત્રીજી સુરેશચંદ્ર પ્રીતમલાલ કનૈયા સેવા આપી રહયા છે. તેના સહયોગી કિર્તનીયા ગોવિંદભાઈ રવજીભાઈ મકવાણા તથા ચંદ્રકાંત માંડલીયા અને શ્રીમતી ગીતાબેન ગોવિંદભાઈ મકવાણા સેવા આપી રહયા છે પાઠશાળામાં આશરે બસોની આસપાસ બાલક–બાલિકાઓની હાજરી રહે છે. પાઠશાળા શ્રી સાતસ્વરૂપ હવેલીમાં ચાલે છે.

(૨) જામનગરવાળા નિ. લી. પુ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીમા અ. સૌ. પુ. પા. ગો. શ્રી ચંપકલતા બેટીજીએ શ્રી ગોવર્ધનનાથજીના મંદિરમાં સ્થાયી નિવાસ સં. ૨૦૪૮ના કારતક વદ ૧૩ તા. ૩–૧૨–૯૨થી કરેલ છે. શ્રી……ને કુનવારો, અન્નકુટ આરોગવવાના મનોરથ થયેલ સ્થાનિક તેમજ આસપાસના ગામોના વૈષ્ણવોએ દર્શનનો અલૌકિક લાભ લીધેલ.

વડોદરા – (૧) આં. રા. પુ. વૈ. પરિષદ રેસકોર્સ શાખાના ઉપક્રમે મહા સુદ ૪ના રોજ પ. ભ. શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મ મહોત્સવ ઉજવ્યો હતો. તેમાં દમલાજીના કિર્તનો, ધોળ તથા તેમના જીવનના ગુણગાન ગાયા હતા, આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા વૈષ્ણવો ઉપસ્થિત હતા,

(૨) ચાલુ વર્ષે છેલ્લો એક સારો વરસાદ ન આવવાથી સૌરાષ્ટ્ર, કચ્છ, સાબરકાંઠા, પંચમહાલ, ખેડા વડોદરા અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં દુષ્કાળની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આવી દુષ્કાળની પરિસ્થિતિમાં આપ પ્રસ્તુત સેવા કાર્યમાં સહભાગી બનો.

ગૌ માતા માટે ઘાસ રૂા ૧૦૧/–

માનવ સેવા કાર્ય–અનાજ, સુખડી માટે રૂા. ૫૧/–

શ્રીમદ વલ્લભાચાર્યજીના પાઠને અભ્યાસક્રમમાં આમેજ કરવાનું શરકારે સ્વીકાર્યા પછી શ્રીમદ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય દિનની તા. ૨૮–૪–૯૨ની સરકારે જાહેર કરેલી મરજીયાત રજાને ધ્યાનમાં લઈને પરિષદ અને સમગ્ર વૈષ્ણવ સમાજ આ વર્ષના શ્રી વલ્લભ પ્રાકટ્ય દિનને "શ્રી વલ્લભાચાર્ય સેવા સંકલ્પ દિન" તરીકે ઉજવવાનો અનુરોધ કરે છે. આવા મહાન પાવનદિન પર પ્રભુના સ્મરણ સાથે પ્રત્યેક વૈષ્ણવ ઘર ઓછામાં ઓછી એક કીલો સુખડી બનાવીને પ્લાસ્ટીકની થેલીમાં પેક કરીને મંદિરમાં એકત્રિત કરે તેવી અમે પરિષદના અગ્રણીઓ સમાજને વિનંતી કરીએ છીએ.

આં. રા. પુ. વૈ પરિષદના નામે ચેક/ડ્રાફટ નીચેના સરનામે મોકલી આપી આપ સહુ અમને સેવા કાર્ય કરવામાં સહાયભુત બનશો એવી શ્રદ્ધા છે.

શ્રી ચીમનભાઈ એમ. શેઠ, આં. પુ. વૈ. પરિષદ, બી–૧૬૨, શ્રેણીક પાર્ક, અકોટા સ્ટેડીયમ સામે,
વડોદરા-૩૯૦ ૦૨૦

પુસ્તક પરિચય

(૧) તુલસી ક્યારો ભાગ-૨

લેખક : ગો. વા. શ્રી વ્રજરત્નદાસ ચીમનલાલ અને પ્રા. રમેશભાઈ વિ. પરીખ.
પ્રકાશક : (૧) શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા તથા
(૨) શ્રી અનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ, વડોદરા
સાઈઝ : ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૨૦૮ બોક્ષ બોર્ડનું બાઈન્ડીંગ, લેમીનેશન ટાઈટલ પર યુગલ સ્વરૂપનું ચતુઃરંગી ચિત્ર અને અંદર શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગોકુલનાથજીના બહુરંગી ચિત્રો.
ન્યો. રૂા. ૨૦/- પોસ્ટેજ સાથે

પ્રસ્તુત પ્રકાશનમાં ચોરાસી વૈષ્ણવોની વાર્તા પૈકી ૨૬ થી ૬૦ સુધીની ૩૫ વાર્તાઓ આધુનિક વાર્તા શૈલીમાં લખાયેલી છે. પ્રારંભમાં પૂ. ગો. શ્રી ઈન્દીરાબેટીજીએ લખેલી 'પ્રેમપંથનો પ્રવાસ' શીર્ષકવાળી ભૂમિકાથી પ્રેમ-ભક્તિ ઉપર પ્રકાશ પાડયો છે. જે જિજ્ઞાસુને જાણવા-માણવા જેવી છે. આ પુસ્તક વૈષ્ણવ પરિવારના ગ્રાહકોને ભેટ અપાયું છે તે અભિનંદનીય છે.

(૨) પુષ્ટિપથ પ્રદર્શક-

લેખક – ગો. વા. મગનલાલ લાલજીભાઈ ગાંધી
સંકલન અને સંપાદન–પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક–શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, 'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં ૨
બી. કે. સીનેમા પાસે, મહેસાણા-૩૮૪૦૦૨
સાઈઝ-ક્રાઉન ૧૬ પેઈજી, પૃષ્ઠ ૧૦૨, પીન બાઈન્ડીંગ કાચું પુંઠું
ન્યો -રૂા. ૧૦/-

પ્રસ્તુત પુસ્તકમાં પ્રશ્નોત્તરરૂપે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની રજુઆત છે. જેમાં સંપ્રદાયના અબાલ-વૃદ્ધોને સાંપ્રત સમયમાં મુંજવતા સવાલોનો સરળ-માર્ગદર્શક ઉકેલ મળી રહે છે ટૂંકમા પુસ્તક વસાવી મનન કરવા યોગ્ય છે.

શુભ સમાચાર

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પરમ અનુગ્રહથી વિરમગામ-કામવનવાળા ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીના જ્યેષ્ઠ લાલજી ચિ. શ્રી મથુરેશજીના લાલજી ચિ. શ્રી રઘુનાથજીબાવાનો શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ મિતિ વૈશાખ સુદ પંચમ તા. ૭-૫-૯૨ ના રોજ બાલિસાણા મુકામે નિશ્ચિત થયો છે. તે પ્રસંગે ઉપસ્થિત રહેવાનું આપશ્રી તરફથી સર્વ વૈષ્ણવોને આમંત્રણ છે.

પ્રસ્તાવ સ્થળ	**પત્રવ્યવહાર-સંપર્ક સ્થળ**
શ્રી ગોવર્ધનનાથજી મંદિર	પ્રસ્તાવ સમિતિ,
મુ. બાલીસણા-૩૮૪૧૧૦	નાગરવાડો, બાલિસાણા-૩૮૪૧૧૦

નોંધ-બાલિસાણા આવવા માટે અમદાવાદ, મહેસાણા તથા ઊંઝાથી એસ. ટી બસોની સારી વ્યવસ્થા છે.

શ્રીવલ્લભોજયતી

કાંદીવલી (મુંબઇ)માં અલૌકિક મનોરથ

નિકુંજ નાયક શ્રી દ્રારકાધિશ પ્રભુના અસીમ અનુગ્રહથી અને નિલી ગોશ્રી ૧૦૮ શ્રી પુરુષોત્તમલાલજી મહારાજશ્રી (દાદાશ્રી)ના શુભાશિર્વાદથી પૂ. પા. ગો. શ્રી વ્રજજીવનલાલજી મહારાજ (અમરેલી-કાંદીવલી-અંપારણ્ય)ના પ્રમુખસ્થો ચિ, ગો. શ્રીદ્રારકેશજી બાવાની અધ્યક્ષતમાં સ્થાપિ શ્રી દ્વારકેશ શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય સંસ્કાર કેન્દ્ર દ્વારા તા. ૨૪-૨-૯૨ થી ૪-૩-૯૨ સુધી 'શ્રીઅષ્ટ સખાની ત્રણ જન્મની ભાવભાવના સહિત સ્મરણીય ઝાંખી સાથે વાર્તા સપ્તાહનો અપૂર્વ મનોરથ કાંદીવલીમાં શ્રીદ્વારકેશ નિકેતનમાં સિદ્ધ થયો

ઝાંખીનું ઉદ્‌ઘાટન તૃતિય પીઠાધિશ્વર પૂ, પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી-વડોદરા) નાવરદ હસ્તે થયેલ અને સપ્તમ પીઠાધિશ્વર પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન) એ દીપ પ્રકટાવી, શુભારંભ કરેલ

અષ્ટ સખાના વાર્તાનુ રસપાન શાસ્ત્રીજી શ્રી સતિષકુમારજી ગ્વાલીઅર વાળાએ મધુરવ્રજભાષામાં અષ્ટ સખા ઓએ પ્રકટ કરેલ પદોના સંગીતસહ કીર્તન સાથે અર્થ સહિત કરેલ.

આ પ્રસંગે સંપ્રદાયના અગ્રણી શાસ્ત્રીજીઓનુ સન્માન રજતપદક પ્રમાણપત્ર સાથે સાલ ઓઢાડી કરવામાં આવેલ તથા ઉત્તમ કિર્તનકાર શ્રી હરિવલ્લભ કનેયાલાલ મુન્સીજીનું પુષ્ટિ સંગીત ભૂષણ)થી બહુમાન કરાએલ 'સત્સગ'ના તંત્રી અને સંપ્રદાયના સાહિત્ય પ્રકાશનમાં અમુલ્ય સેવા પ્રદાન કરનાર પ. ભ. શ્રી બાબુભાઈ વલ્લભદાસ સવાણી (અમરેલી) અને પ. ભ, શ્રી ગિરધરભાઈ જગજીવનદાસ શાહ (કાંદીવલી) ને 'વૈષ્ણવ' ભૂષણ'ની પદવીથી વિભૂષિત કરાએવ.

આ અદ્રિતિય મનોરથ પ્રસંગે બડભામી વૈષ્ણવ સમાજને પૂ પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરેલી-વડોદરા) પૂ. પા. ગો- શ્રી ધનશ્યામલાલજી મહારાજ (કામવન) પુ. પા. ગો. 'શ્રી વ્રજજીવનજીવ મહારાજ (અમરેલી-કાંદીવલી-ચંપારણ્ય) પુ, પા. ગો. શ્રીદ્રારકેશલાલજી મહારાજશ્રી (વડોદરા-અમદાવાદ) પુ. પા, ગો. શ્રી વાગીશકુમારજી મહોદય (કાંકરોલી-વડોદરા) પુ. પા. ગો. શ્રી દ્રારકેશજી મહોદય તથા પુ. પાં. બો. શ્રી પુરુષોત્તમજી મહોદય (અમરેલી-કાંદીવલી-અંપારણ્ય) પુ. પા. ગો. શ્રી વ્રજપ્રીયજી મહારાજશ્રી (બોરીવલી) પુ. પા. ગો. શ્રી કૃષ્ણકુમારજી મહારાજશ્રી (કાંદીવલી) પુ. પા. ગો. શ્રી યોગેસકુમારજી મહારાજશ્રી (મુંબઇ-મોટા મંદિર) તેમજ પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ (સુરત-કામવન. પુ, પા. ગો. શ્રી નવનિતલાલજી મહારાજશ્રી (ભાવનગર) પુ. પા. ગો. શ્રી વલ્લભંલાલજી મહોદય (કામવન) પુા. પા શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન-રાજકોટ) પુ. પા. ગો. શ્રી શ્યામસુદરજી મહારાજશ્રી (બોરીવલી) પુ. પા. ગો. યોગેશકુમારજી મહોદય (પાર્લા) પુ. પા. ગો. શ્રી પ્રશાંતકુમારજી મહોદય તથા પુ. પા. ગો. શ્રી મંદારકુમારજી મહોદય (મુંબઈ મોટા મંદિર) આદી ગોસ્વામી બાલકોના દર્શન-વચનામૃતનો લાભ મલેલ આ સર્વે ગો બાલકોએ અષ્ટસખાની ત્રણ જનનમની ભાવ ભાવન.ની ઝાંખી કરેલ.

કાર્યક્રમ દરમ્યાન પુ. પા. ગો. શ્રી દ્રારકેશજીલાલજી મહોદય સંપાદિત 'અષ્ટ સખાનું આચમન' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ તેમજ 'અષ્ટ છાપનુ આચમન' શિર્ષકથી ઓડીયો કેસેટનું પણ વિમોચન થયેલ.

પુ. પા. ગો. શ્રી વાગીશકુમારજી મહોદય નાવરદ હસ્તે શ્રી દ્રારકેશ શુદ્ધાદ્રૈત પુષ્ટિમાર્ગીય સંસ્કાર કેન્દ્ર'ના કાર્યકર્તાઓ દ્વારા પુ. પાં. ગો. શ્રી વ્રજજીવનજી મહારાજશ્રી ને રજતપત્ર સન્માન સુમન અર્પણ કરવામાં આવેલ જેમાં આપશ્રી દ્વારા સંપ્રદાયના પ્રચાર માટે થયેલ અનેક કાર્યોને બિરદાવવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમ ઉપર ઉમટેલ વિશાળ વૈષ્ણવ સમાજ માટે શ્રી દ્વારકેશ નિકેતનનું વિશાળ પ્રાગણ પણ નાનું પડતા મજીઠીયાનગર તથા વિનીત એપાર્ટમેટના પ્રાંગણમાં કલોઝસરકીટ ટી. વી થી કથામૃત અને ઝાંખીની વ્યવસ્થા કરાએલ તેમજ સેંકડો વૈષ્ણવોએ કેબલ ટી. વી. દ્વારા ઘર બેઠા દર્શન લાભ લીધેલ તા. ૫-૩-૯૨ના રાત્રે મુંબઈ દુરદર્શન દ્વારા પણ કાર્યક્રમનેનો એહવાલ પ્રસારીત કરાએલ.

॥ શ્રી હરિ ॥

શ્રીવલ્લભાચાર્ય પુષ્ટિ સિદ્ધાન્ત અવધારણ પ્રકાર શુદ્ધાદ્વેત શ્રીવલ્લભ ગૃહ પીઠ કડી–'અહેલ' અમદાવાદવાળા પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ઘનશ્યામલાલજી મહારાજ શ્રી (ગો. શ્રી રાજેશકુમારજી) દ્વારા ઉપરોકત શિર્ષકથી એક પત્રિકા પ્રકટ થયેલ છે જેમાં સાંપ્રત સમયમાં પુષ્ટિ સિદ્ધાન્ત અને જીવન વ્યવહારનો યોગ્ય સુમેળ રાખીને વૈષ્ણવ પુષ્ટિમાર્ગીય પ્રકારોને પુનઃ સિદ્ધાન્ત રૂપમાં સુદૃઢ કરી શકે તે માટે એક વિશિષ્ટ સિદ્ધાન્ત પ્રશ્નાવલી આપવામાં આવી છે.

આ પ્રશ્નાવલીના પુષ્ટિ સિદ્ધાન્ત વિધાનો આપવામાં આવેલ છે તેને વાંચી વિચારીને અથવા તે અંગે યોગ્ય માર્ગદર્શન મેળવીને તેમાં જણાવેલ પ્રશ્ન સામે આપેલ કૌંસમાં હા–અથવા ના, કે યોગ્ય અથવા અયોગ્ય એ રીતે લખીને પોતાની સિદ્ધાન્તની સમજ વ્યકત કરવાની છે.

આ અંગે પ્રશ્નોના ઉત્તરો ન સમજાય તેઓ. પુ. પા. શ્રી રાજેશકુમારજી મહારાજ પાસેથી માર્ગદર્શન પણ મેળવી શકે છે.

સિદ્ધાન્ત વિધાનોનો ક્રમ ૧ થી ૧૧ છે જેના ઉત્તર દેનારાઓને પ્રોત્સાહન અને પ્રેરણા સ્થાપિત કરવા માટે જે વૈષ્ણવોના સાચાં ઉત્તરો હશે તેમને 'શુદ્ધાદ્વૈત શ્રીવલ્લભ ગૃહ પીઠ'ના આચાર્યશ્રી તરફથી 'કૃપા નિષ્ઠાવાન' અને 'વૈષ્ણવ વલ્લભીય સિદ્ધાન્ત શીરોમણી'નું પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. આનો હેતુ વૈષ્ણવોમાં શ્રી મહાપ્રભુજીના સિદ્ધાન્તોની સમજ આવે, તેમનો ઉત્સાહ વધે અને ભવિષ્યની સ્વમાર્ગીય પરપરા દિશાવિહીત ન બની જાય તે જોવાનો છે.

પત્રિકા મેળવવાનું તથા પુ. પા. મહારાજ શ્રી થી માર્ગદર્શન મેળવવાનું સરનામું.

પુ. પા. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજ
'અડેલ' એ/૨૩ જયકૃષ્ણ સોસાયટી
રામવાડી બસ સ્ટેન્ડ ઇસનપુરા
અમદાવાદ પીન કોડ ૩૮૨૪૪૩ ફોન નં. ૬૯૦૭૧૯

રાધાકૃષ્ણ-દર્શન

આજ મારે આનંદ અંગે ના ગાય રે,
આ શું રૂડું, ઘેર પધાર્યા વ્રજરાય રે. ૧
એક તો અંઘોળ કરાવે હુલાશે રે,
એક ઊભી પિતાંબર લઈ પાસે રે. ૨
સ્નાન કરાવી અંતઃપુર લાવ્યાં રે,
અતિ રૂડાં ભોજન ભાવે કરાવ્યાં રે. ૩
આ તો, મારા સમ, આ વસ્તુ છે સાર રે,
હાસ્ય વિનોદ કરે મનોહાર રે. ૪
એમ હરિએ હળીમળી ભોજન કીધાં રે,
કરીને શુદ્ધાચમન તંબોળ લીધાં રે. ૫
વળતાં વાલોજી વિરાજ્યા સુખાસન રે,
પ્રેમદાએ કીધું પ્રેમે પુજન રે. ૬
કેસરી અર્ચા કીધી, અંગે ઊગટી[1] રે,
વસ્ત્રાભૂષણ ધરાવ્યાં જેમ જુગતિ રે. ૭
પુષ્પના ગજરા તોરા ને કંઠે માળા રે,
મોતીડે વધાવ્યા, હરખી સહુ બાળા રે. ૮
નિરાંજન કરી, ન્યોછાવર કર્યા પ્રાણ રે,
એક તો મસ્તકે ઉતાર્યું રાઇલોણ રે. ૯
ગોપિકાએ તન-મન અર્પણ કીધું રે,
વાલાજીએ મન-વાંચ્છિત સુખ દીધું રે. ૧૦
પ્રભુજીને પ્રસન્ન કરીને લાગી પાય રે,
એ લીલા જોઇ દાસ 'દયો' બલ જાય રે. ૧૧

ભકત કવિ શ્રી દયારામભાઇ

---

[1] ઊગટી-પીઠી ચોળવી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

પનઘટ લીલા

કૈસે જાઉં પાની, તકત બિરાની નારી;
નંદરાય કૌ ડર નહીં માનૈ, જોર જનાવે જવાની ૧

ચીર મેરૌ ફાડૈં, હાર મેરો તોડૈં, ઔર હુ કરત ગુમાની;
'ચંદ્રસખી' ભજ બાલકૃષ્ણ છબિ, હરિ કે ચરન દિવાની. ૨

–ભકત કવિ ચંદ્ર જૂ ગોપીકાંત વ્યાસ ઓડછા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૧ + અંક-૨ ❖ મે, ૧૯૯૨
શ્રીવલ્લભાબ્દ ૫૧૪

વાર્ષિક લવાજમ રૂ. ૨૫ * આજીવન રૂ. ૩૦૧

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

સમાચાર

આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા, રાજકોટ નજીક નિર્માણ થનાર "ઋષિકુલ" માટે ફંડ એકત્રીત કરવા કેન્દ્રિય કાર્યાલય દ્વારા રૂા. ૧૦ દશની કુપન બહાર પાડવામાં આવેલ છે જેનું પ્રથમ વિમોચન સાબરકાંઠાના ધનસુરા મુકામે ગો. શ્રી વાગીશકુમાર બાવાશ્રીના હસ્તકમલથી થયેલ. તેમજ મોરબી મુકામે જામનગરવાળા ગો. શ્રી નવનીતપ્રીય મહારાજશ્રીની સાન્નિધ્યમાં કુપન વિતરણનો કાર્યક્રમ થયેલ. તથા રાજકોટમાં શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન–રાજકોટ) તથા ગો. શ્રી ગોવિંદરાયજી મહોદય (રાજકોટ)ની સાન્નિધ્યમાં કુપન વિતરણનો કાર્યક્રમ યોજાયેલ.

આચાર્યશ્રીઓએ સંપ્રદાયના ગૌરવ સમાન 'ઋષિકુલ' વહેલી તકે નિર્માણ થઈ કાર્યાન્વિત થાય તેવી શુભેચ્છા વ્યકત કરેલ

ગામેગામ સેવાભાવી કાર્યકરો નિયુકત કરવાના હોય વિશેષ માહિતી માટે સંપર્ક નીચેના સ્થળે સાધવા વિનંતિ છે.

(૧) આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, કેન્દ્ર કચેરી, જી. ર. સીતારામ બીલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે, **બોમ્બે–૪૦૦૦૦૧**

(૨) **સૌરાષ્ટ્ર ઝોન–**
શ્રી હસમુખભાઈ ખખ્ખર C/o સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ શેરી, ભુપેન્દ્ર રોડ,
રાજકોટ–૩૬૦૦૦૧

(૩) **ગુજરાત ઝોન**
પ્રા. શ્રી ચિમનભાઈ શેઠ, "શ્રીજી કૃપા" બી–૧૬૨ શ્રેણીક પાર્ક, અકોટા સ્ટેડીયમ સામે,
વડોદરા–૩૯૦૦૨૦

વ્રજયાત્રા–પંચમ પીઠાધીશ્વર નિ. લી. પૂ. પા. ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીના ચતુર્થ લાલજી પુ. પા. ગો. શ્રી મુરલીધરજી મહારાજ (મિલન બાવા) ઘાટકોપર–કામવનની વ્રજયાત્રા સંવત ૨૦૪૮ વ્રજ સંવત ૨૦૪૯ ભાદરવા સુદ ૫ તા. ૧–૯–૯૨ ના દિને શ્રી વિશ્રામ ઘાટે નિયમ લેશે.

આ. અલૌકિક લીલી પરિક્રમામાં લાભ લેવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને હાર્દિક નિમંત્રણ છે.

વિશેષ જાણકારી માટે સંપર્ક–
શ્રી વ્રજયાત્રા સમિતિ (ઘાટકોપર) ૧૮, નંદાદીપ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (પુર્વ) મુંબઈ–૪૦૦૦૭૭

વડોદરા–પરિષદની હરણી રોડ શાખાનું ઉદ્દઘાટન તા. ૧૩–૧૦–૯૧ ના રોજ પુ. પા. ગો. શ્રી દ્વારકેશબાવાના વરદ્ હસ્તે યોજાયું હતું તે પ્રસંગે સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ ઉપરાંત વડોદરાની વિવિધ શાખાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

સિદ્ધાન્ત શિબિરનો કાર્યક્રમ

ભાણવડ : અહીં મથુરા–પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી દ્વારા 'સિદ્ધાન્ત શિબિર'ના આયોજનથી વૈષ્ણવોને સ્વ. સિદ્ધાન્તનું જ્ઞાન–ભાન થાય અને અપ–સિદ્ધાન્તોની કાંટાળી–જાળમાંથી મુકિત મળે એ ઉદેશથી શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજી, તથા પરવર્તિ આચાર્યોના ગ્રંથોના સથકત પ્રમાણોથી ત્રણ દિવસ પર્યંત જે યાદગાર પ્રવચનો કર્યા છે તે ભાણવડના તેમજ અન્ય ગામોથી ઉપસ્થિત થયેલી વૈષ્ણવ જનતા ભૂલી શકે તેમ નથી. તેમજ પ્રશ્નોત્તરીનો પણ કાર્યક્રમ યોજાયો હતો.

ઉપરાંત પુષ્ટિમાર્ગમાં નિષ્ઠાની તેમજ સેવા–સ્મરણની બાંહેધરી જેમણે આપી હતી એવા વ્યકિતઓનેજ બ્રહ્મસંબંધ દીક્ષા આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમની ઓડીયો કેશેટ પણ કરવામાં આવી છે. દરરોજ રાત્રે ભગવદ ગુણાનુવાદનો કાર્યક્રમ રાસ–ગરબા દ્વારા કરવામાં આવ્યો હતો કાર્યક્રમમાં ભાગ લેનાર વૈષ્ણવોએ ખુબજ પ્રસન્નતા અનુભવી હતી. તેમજ થોડા સમય બાદ ફરી શિબિર યોજવા આપશ્રીને વિનંતિ કરી હતી.

પ્રેષક : ભાણવડ વૈષ્ણવ સમાજ વતી દા. દા. જીવાભાઈ પટેલ

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિંય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ ૧૧ : અંક ૨ * મે, ૧૯૯૨

॥ શ્રી હરિઃ ॥

માનવ દેહ – એક ક્ષેત્ર

પ્રવકતા : **નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા**
સંપાદક : **ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા**
અનુવાદક : **ડૉ. ચુનીલાલ રવજી બાલધા**
આંખના સર્જન, રાજકોટ –ગતાંકથી ચાલુ

એટલા માટે આપણા શાસ્ત્રકારોએ બતાવ્યું છે કે માનવ દેહ ફક્ત દેહ નથી, પરંતુ દેહની અંદર રહેનાર ભગવાનનો વિશુદ્ધ અંશ જીવાત્મા છે. તે તેનું વાસ્તવિક સ્વરૂપ છે. જે વ્યક્તિઓએ આ જાણ્યું છે, સમજ્યું છે, જીવનમાં યાદ રાખ્યું છે તેઓ જ આદર્શ ચરિત્ર પ્રાપ્ત કરી શકયા છે અને આજ પણ તેની આવશ્યકતા છે. આધ્યાત્મિક શિક્ષણનો પ્રચાર જ્યાં સુધી નહીં થાય ત્યાં સુધી આપણે ફક્ત ભૌતિક શિક્ષા દ્વારા આપણો ઉત્કર્ષ નહીં કરી શકીએ. આધ્યાત્મિક શિક્ષણની આજ ખૂબ જ આવશ્યકતા છે. પદાર્થોમાં ઉત્કર્ષ કરી શકીએ, પરંતુ આપણો ઉત્કર્ષ ન કરી શકીએ, એ વાત નિશ્ચિત છે. વસ્તુઓ ગમે તેટલી સંખ્યામાં હાજર હોય, પરંતુ આપણું હૃદય કુંઠિત હોય તો ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પણ આપણું હિત સાધી ન શકે.

આધ્યાત્મિક શિક્ષણની આજ ઘણી આવશ્યકતા છે. આપણા બાળકો માટે આધ્યાત્મિક શિક્ષણનો પ્રબંધ કરવાનું આપણું અને સરકાર બંનેનું કર્તવ્ય છે. આપણા જીવનમાં વાસ્તવિક વસ્તુ પ્રાપ્ત કરવા માટે આપણે પોતે પણ પ્રયત્ન કરવો પડશે અને તેનો ઉપાય છે સત્સંગ. સત્સંગ દ્વારા જ મનુષ્ય આત્મનિરીક્ષણ કરવાનો અવસર પ્રાપ્ત કરે છે, નહિતર તે આપણે પોતાના બાહ્ય વસ્તુ શરીર અને શરીર સંબંધી જે વ્યક્તિ છે તેની તરફ લક્ષ્ય રાખીશું.

જ્યાં સુધી આપણે બાહ્ય સંબાધોને જ મુખ્ય માનતા રહીશું ત્યાં સુધી આપણે પરમાર્થ નહી કરી શકીએ. જીવન જે પ્રાપ્ત થયેલ છે તે પરમાર્થ માટે છે. સ્વાર્થ તો બધા સિદ્ધ કરે છે. પશુ, પક્ષી પણ કરે છે. પોતાના ખાવાની વસ્તુનો સંગ્રહ કરવો અને તેનાથી પોતાનો નિર્વાહ કરવો એ તો તેઓ પણ કરે છે. તો પછી ફક્ત આહારમાં જ રોટી કપડાના પ્રશ્નમાં જ આપણે અટવાયેલ રહીએ અને આધ્યાત્મિક વસ્તુને ભૂલી જઇએ એવી અવસ્થામાં આપણું કલ્યાણ ન થઇ શકે. આપણે આપણા ચરિત્રના નિર્માણ કરવા તરફ ધ્યાન આપવું પડશે. તેને માટે એ વાતની આવશ્યકતા છે કે આપણે દૈનિક જીવનમાં એ વિચાર કરવાનો દૃઢ નિશ્ચય કરીએ કે કાલ આપણે જે કાર્ય કરેલા તે કયા પ્રકારના હતા. આવો વિચાર કરવાથી આપણને જાણવા મળશે કે આપણું જીવન કયાં જઈ રહ્યું છે ? કઇ દિશામાં આગળ વધી રહ્યું છે ? આ જ તો આત્મનિરીક્ષણ કરવાનો અવસર જ આપણને કયાં મળે છે ? જીવન એટલું વ્યસ્ત છે, લૌકિક કાર્યોમાં એટલું સંલગ્ન છે કે તેમાંથી સમય મેળવી આત્મનિરીક્ષણ કરવાનું ઘણું જ મુશ્કેલ છે.

ભગવાને દિવસભરમાં ૨૪ કલાકનો સમય આપે છે, તેમાંથી જો કલાક બે કલાકલનો સમય પણ આત્મનિરીક્ષણ માટે મેળવીએ તો આપણા જીવનમાં સુધારો થવાનો સંભવ છે. તેને માટે દરેક વ્યક્તિએ પહેલા તો હૃદયમાં એ ભાવના રાખવી પડશે કે મારે પોતાની ઉન્નતિ કરવી છે આત્મશક્તિ પ્રાપ્ત કરવી છે ત્યારે આવું થઇ શકશે. જો આપણે અત્યારની ગતિ છે તેનાથી જ આપણે સંતુષ્ટ રહીશું તો આગળ વધવાનું સંભવ જ નથી.

આપણી વર્તમાન પરિસ્થિતિ સારી નથી. આપણે આગળ વધવું છે આ પ્રકારની ભાવના જ્યારે થશે ત્યારે આપણે આગળ વધવા માટે પ્રયત્નશીલ રહીશું. આજે તો આપણે માનીએ છીએ કે જે કાંઇ આપણે કરીએ છીએ તે બધું સારૂં છે. આ પ્રકારની ભાવના જો રહેશે તો આપણે આગળ પ્રગતિ કેવી રીતે કરી શકીશું ?

પ્રગતિ તે કરી શકે છે જેને અભિલાષા હોય છે. આગળ વધવાની જ ઇચ્છા ઉત્પન્ન ન થાય તો પ્રગતિનો પ્રશ્ન જ કયાંથી આવશે ? તેથી જ આત્મનિરીક્ષણ કરવાની ટેવ આપણે બધાએ પાડવી જોઇએ.

આપણે આત્મનિરીક્ષણ ફકત આધ્યાત્મિક અથવા ફકત ધાર્મિક વિષય માટે જ કરીએ તે પૂરતું નથી. પરંતુ આપણું દૈનિક વ્યવહારનું જે જીવન છે તેની તરફ પણ આપણે ધ્યાન આપવું પડશે. એમાં આપણી ગતિ પ્રગતિ

કેટલી થઇ રહી છે, આગળ વધી રહ્યા છીએ કે પાછળ જઇ રહ્યા છીઇ તે તરફ પણ આપણે જરૂર ધ્યાન આપવું પડશે. ત્યારે આપણે આગળ વધવાનો પ્રયત્ન કરી શકીશું.

જો આપણે સમજવાનો પ્રયત્ન કરીશું તો આપણને જ્ઞાન થશે કે આપણી જે પ્રગતિ અને જીવનનો અધિક સમય છે તે એક રીતે વાસ્તવિક કાર્યમાં નથી જઇ રહ્યો, જે કરવું જોઇએ તે આપણે કરતા નથી અને ન કરવાના કાર્ય આપણે વિશેષ સંખ્યામાં કરીએ છીએ. જેનું ફળ સારૂં નહીં મળે તેવા કાર્ય આપણા જીવનમાં વિશેષ બને છે અને જેનું ફળ સારૂં મળવું જોઇએ તેવા કાર્યોની સંખ્યા જીવનમાં ઘણી ઓછી છે.

જેમ વેપારી નિત્ય પોતાના હિસાબ તપાસે છે કે આજ આપણને વેપારમાં કેટલો લાભ અને કેટલું નુકશાન થયું ? આ તેનો હંમેશનો નિયમ હોય છે જે વેપારી આ નિયમનું બરોબર પાલન કરે છે, તે નફો કમાઇ શકે છે. જે તેની અવગણના કરે છે, હાનિ-લાભનો વિચાર નથી કરતા, પ્રમાદ કે આળસને કારણે જે કંઇ થયું તે થવા દો, આગળ હિસાબ જોઇશું. આ રીતનો પ્રમાદ સેવે છે તે વ્યક્તિ કયારેય પણ ફાયદામંદ ન થઇ શકે. વેપારી જુએ છે કે આજ દિવસભરમાં મેં જે માલ વેંચ્યો તેનાથી કેટલો લાભ થયો ! એમ નથી બનતું કે હમેશાં લાભ જ લાભ થતો રહે કે હમેશાં નુકશાન જ થતું રહે. કયારેક લાભ પણ થાય છે અને કયારેક નુકશાન પણ. જે વ્યક્તિ રોજ જુએ છે કે આજના વેપારનું પરિણામ શું ? તો લાભ થવાથી તે એમ વિચારશે કે આજ આટલો લાભ પ્રાપ્ત થયો. હવે એવો પ્રયત્ન કરૂં કે જેનાથી વિશેષ લાભ પ્રાપ્ત થાય. જો સંજોગવસાત્ નુકશાન થાય તો તે વિચાર કરશે કે કયા કારણથી નુકશાન થયું ? નુકશાન થવાનું કારણ શું છે ? તે કારણની શોધ કરશે. પોતાની જે ભૂલ હશે તેને બીજા દિવસ માટે સુધારશે આ કાર્ય કાલ હું ન કરું એવી ભાવના તેના હૃદયમાં જાગૃત થશે. આ કાર્યથી નુકશાન થયું છે એ કાર્ય કાલ ન થાય જેનાથી હું હમેશાં ખોટમાં રહું, તે માટે તે પ્રયત્નશીલ રહેશે. પરંતુ આવું થાય કયારે ? જો તે હંમેશનો હિસાબ-કિતાબ તપાસ તો રહેશે તો.

આ જીવન માટે આત્મનિરીક્ષણનો પ્રશ્ન છે. જેમ વેપારમાં આ આવશ્યક છે કે આપણે હંમેશા આપણા હાનિ-લાભનો વિચાર કરીએ ત્યારે આપણે આગળ વધી શકીશું. એ રીતે જીવનમાં પણ જે કાંઇ કાર્ય આપણે કરીએ છીએ તે કાર્યોનો પણ હિસાબ કિતાબ આપણે કાઢવો જોઇએ. આજે દિવસમાં જેટલા કાર્ય આપણે કર્યા તેમાંથી આપણાથી કેટલા સારા કાર્ય થયા. જો તેની સંખ્યા ઓછી હોય તો કાલ તેનાથી વધારે થાય એવો પ્રયત્ન આપણે કરીશું. જો કોઇ એવા કાર્ય થઇ જાય જે આપણે ન કરવા જોઇએ તે તો થઇ તો ગયા ત્યારે જ એ કામમાં આપણે નજર પણ કરી લીધી કે આપણાથી આજ આ કામ સારું નથી થયું. જો આ વાત આપણા ધ્યાનમાં આવી ગઇ તો કાલથી આપણે એ પ્રયત્ન કરીશું કે કાલથી આવું કામ ન થાય. આજે થવાનું હતું તે થઈ ગયું, તે પાછું તો

આવશે નહીં પણ કાલથી એવું કામ ન થાય તે પ્રકારની સાવચેતી રાખવાનો અભ્યાસ આપણે જરૂર કરવો પડશે. એ વાતની આવશ્યકતા છે કે આપણે હંમેશા જેવી રીતે વેપારનો હિસાબ-કિતાબ કાઢીએ છીએ, લાભ હાનિનો વિચાર કરીએ છીએ. તેવી રીતે પોતાના જીવન વ્યવહાર, કાર્ય જે આપણે દિવસભરમાં કરીએ છીએ તેનો પણ હિસાબ કિતાબ કાઢીએ, તેના પર વિચાર કરીએ તો આપણને આગળ વધવાની ઇચ્છા થશે. જેનાથી નુકશાન થાય તે કાર્ય કાલ ન બને એવો આપણે પ્રયત્ન કરીશું જો આપણે આપણા જીવનમાં સુધારો કરવો હોય અને આગળ વધવું હોય તો આ પ્રકારની ટેવ આપણે બધાએ પાડવી જોઇએ તેના વડે જ આપણે આગળ વધી શકીશું.

બસ આટલું કહી આજનું વકતવ્ય પૂર્ણ કરીએ છીએ.

શ્રીમહાપ્રભુજી

પ્રવકતા : પૂ. પા. ગો. શ્રી ગોકુલનાથજી મહારાજ

આજે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સૃષ્ટિના ફળનો દિવસ છે. હજારો વર્ષથી ભટકતા જીવોને આશ્રય માટે કયાંયે સ્થાન નહોતું તેઓ અનેક જગાએ ઠોકરો ખાઇ રહ્યા હતા, તેમને થયેલા તાપનું આચાર્યશ્રીના પ્રાકટયરૂપે જે ફળ પ્રાપ્ત થયું તે ફળ પ્રાપ્તિનો આ દિવસ છે. ફકત ઉંચા યોગ્યતાવાળા જીવો જ આ વાત સમજી શકે છે. ખેદની આ વાત એ છે કે જેમણે થોડું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેઓ વસ્તુના ખરા પરિચય વિના મન માનતી વાતો કરે છે. આચાર્યશ્રી માટે અમને તો કોઇ પણ જાતની શંકા નથી. જે શંકાઓ હોય તે તેઓશ્રીના ગ્રંથોના શ્રવણથી નિવારણ થાય તેમ છે. એ ગ્રંથોના શ્રવણથી દુઃખની નિવૃત્તિ થઇ પરમ સુખની પ્રાપ્તિ થાય છે.

ભગવાન શ્રીમુખે જ કહે છે કે જેમ જેમ મારી ગાથા શ્રવણ કરવામાં આવે છે તેમ તેમ આત્માની શુધ્ધિ થાય છે. જેમ ઉત્તમ અંજનથી નેત્રનો રોગ દુર થાય છે તેમજ ભગવાનના ગુણોના શ્રવણ અને કીર્તનથી તથા નામ સ્મરણથી જીવ દિવ્ય ચક્ષુ પ્રાપ્ત કરી પ્રભુનાં દર્શન કરે છે. તે પુણ્ય દિવસ ત્યારે જ પ્રાપ્ત થએલો માનવો કે જયારે ભગવાનના ગુણ ગાતાં તથા તેમનું નામ સ્મરણ કરતાં આંખે દ્વારા આંસુઓ વહે, સ્વર ગદ ગદ થઈ જાય અને રોમાંચ ખડાં થઇ જાય. શ્રી ભાગવતમાં કહ્યું છે કે જેને પ્રભુ નામ પ્રિય ન હોય તેનું હૃદય પત્થર સમાન માનવું, કારણ કે તે ઉપર જોઇએ તેટલી ભગવત્કૃપા થઇ નથી, આ કૃપા ગ્રંથોના શ્રવણથી થાય છે જેઓ ભાગ્યવાન છે તેઓ તેવા ગ્રંથો વાંચે છે.

આપણા સંપ્રદાયના ૮૪ અને ૨૫૨ ના ગ્રંથો ઉપરથી લોકો એમ સમજે છે કે આપણે ત્યાં તેટલા જ વૈષ્ણવો હતા. પણ તે તેવા જ વૈષ્ણવોનાં નામ છે કે જેમને ભગવાનનો સાક્ષાત્કાર થયો હતો. તેમ જ જેમને મુખ્ય ફળ પ્રાપ્ત થયું હતું.

અહીં આ વાત કહેવી જરૂરની છે કે તે ગ્રંથોનું સંશોધન કરીને વિશુધ્ધ કરવા એ આપણું કર્તવ્ય છે. આજથી પચાસ વર્ષ પહેલાં કચ્છ, કાઠીયાવાડ, મેવાડ, મારવાડ વગેરે સ્થળોએ જેટલી વૈષ્ણવ સૃષ્ટિ હતી, તેટલી આજે પણ છે. પણ જે આજ્ઞા કરવામાં આવી છે તેનું પાલન નેતાઓ કે તે સૃષ્ટિથી નથી થયું તેથી અન્ય ભાવ ઉત્પન્ન થયો છે, તે આજ્ઞા પાલન આગ્રહ હોત તો તેમ ન થાત. ગ્રંથો લિખીત મળતા ત્યારે મુશ્કેલી હતી, પણ હવે તો તે મુદ્રિત થયા છે. જેમને સંસ્કૃતનો અભ્યાસ હોય તેમને હું કહીશ કે સંપ્રદાયના સંસ્કૃત ગ્રંથો વાંચી કૃતકૃત્ય થાઓ ને સંસ્કૃત ન જાણતા હો તો શ્રવણ કરો.

આજે મારે બીજુ એ કહેવું છે કે કોઈને દુઃખ થાય એવું ન બોલાય તો સારું. આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે એક રીતે સર્વ વૈષ્ણવ છે. તો વૈષ્ણવ વૈષ્ણવ પ્રતિ રાગદ્વેષ રાખવો ન જોઇએ. આપણે એક જગાએ રાગ અને બીજી જગાએ દ્વેષ ન જોવો જોઇએ. આપણે તો બધા પર સ્નેહ રાખવો જોઇએ, બુધ્ધિ પ્રેરક શ્રીકૃષ્ણ છે. જીવ નિંદા કે સ્તુતિ પણ પ્રભુની આજ્ઞાથી કરે છે આપણે લીલાને સિધ્ધ તે માની લેવું જોઇએ કે બને તે ભગવદ્ ઈચ્છા માની સહન કરવું. કટુ વચન સહન કરવાની પણ ભગવાન શકિત આપે એવી ભગવદ્ અવતારને મારી પ્રાર્થના છે. સહન કરે તેમાંથી ફલ પ્રાપ્ત કરી શકે છે, એમ શાસ્ત્રો કહે છે, પણ તે સહનશીલતા આજે આપણે ધરાવી રહ્યા છીએ તેવી ન જોઇએ.

આજે આચાર્યશ્રી અને સંપ્રદાય સામે ગમે તેવા હુમલા થાય છે તે આપણે સહન કરી રહ્યા છીએ એ આપણી નિર્માલ્યતા છે. નિર્માલ્યતા જેવું ન શીખો, નિર્બળને ક્ષમા શોભતી નથી. સમર્થ થઈ ક્ષમા કરો. આચાર્ય સ્વરૂપ પ્રાણરૂપ છે તે જાણ્યા પછી સહન કરતાં શીખો. છેવટે આજના ભયંકર વાતાવરણમાં આટલી મોટી જનતાને હાજર જોઇ અમોને સંતોષ થાય છે.

[વૈષ્ણવ ધર્મ પતાકાના સં. ૧૯૮૧ વૈશાખ–જ્યેષ્ઠ અંક ૬–૭માંથી સાભાર.]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગૌ. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃશ્લોકીનો ગ્રંથ પરિચય

લેખક : **પૂ. પા. ગોસ્વામીશ્રી શ્યામમનોહરજી**

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કા. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

શ્રુતિમાં જીવને– "કામમય એવાયં પુરૂષઃ" કહ્યો છે. (એટલે કે આ પુરૂષ કામમય જ છે) આ કામ કયો છે ? બધા જીવો પછી તે આસ્તિક હોય કે નાસ્તિક, પુષ્ટિમાર્ગીય હોય કે મર્યાદામાર્ગીય હોય અથવા તો પ્રવાહમાર્ગીય હોય, બધાને બધી ઇન્દ્રિયો દ્વારા પરમાનંદની કામના છે. 'ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ" નેત્રોથી, જિહવાથી, નાસિકાથી, ત્વચાથી યા કર્ણોથી આપણે શોધી રહ્યા છીએ. પરમાનંદરૂપ શ્રીકૃષ્ણને જ– રૂપ, રસ, ગંધ, સ્પર્શ યા શબ્દોને નહીં.

આ પરમાનંદની શોધયાત્રામાં જેમ બને તેમ જલ્દી તેને પ્રાપ્ત કરવાને માટે જીવાત્મા શરીરના રથ ઉપર સવાર થઇ જાય છે. આપણી બુદ્ધિને આપણો સારથિ બનાવી લ્યે છે અને મનની લગામથી બંધાયેલા ઇન્દ્રિયોના ઘોડાઓને પૂર ઝડપથી દોડાવે છે. એ ઇન્દ્રિયોના ઘોડા પરંતુ બહુ જ ઉદ્ધત (તોફાની, કાબુમાં ન રહે એવા) દોડતાં દોડતાં તેઓ મન તથા બુદ્ધિના નિયંત્રણ (કાબુ)ની બહાર નીકળી જાય છે, અને બિચારા જીવને લૌકિક વિષયોની વાસનાના ખાડામાં પાડી નાખે છે ! શરીરનો આ રથ પણ કાલ જર્જરિત થવાથી પડી કે તૂટી જાય છે– નાશ પામે છે.

પ્રવાહમાર્ગ પર તો આ દુર્ઘટના હંમેશનો ખેલ છે. મર્યાદામાર્ગ યા પુષ્ટિમાર્ગના વળાંક પર જે જીવ પોતાના રથની દિશા બદલી નથી શકતા તેમનું તો વિષય વાસનાના ખાડામાં ઊંડે સુધી પડવાનું નિશ્ચિત (ચોક્કસ નકકી) જ હોય છે. એવા જીવોને 'પ્રવાહીજીવ' કહેવામાં આવે છે. મર્યાદામાર્ગની તરફ આ પરમાનંદની શોધમાં રથોને વાળવામાં મર્યાદિક જીવો પર આ દુર્ઘટનાઓનો મોટો વિષમ પ્રભાવ (અસર) પડી જાય છે. તેઓ મનોનિગ્રહ કરીને– મનની લગામ ખેંચીને રથને કંઈક પ્રયત્નપુર્વક રોકી દેવા ઇચ્છે છે. કયારેક રથ પરથી નીચે ઉતરીને પગે ચાલીને જ યાત્રા કરવાની ઇચ્છા કરવા લાગી જાય છે. કયારેક સ્વર્ગાદિક લોક યા આત્મસુખના પડાવો પર જ પોતાની યાત્રા સમાપ્ત કરી દે છે. કયારેક અસીમ (સીમા વગરના) તથા દિશા વગરના અવ્યકતોપાસનાની ઘણા જન્મજન્માંતો સુધી પુરી ન થનારી યાત્રા પર નીકળી પડે છે. કુલ મળીને આ બેકાબુ ઘોડાઓના વેગની સાથે તેઓ પોતાના મન તથા બુદ્ધિ વચ્ચેની સમતુલાને જાળવી શકતા નથી. હિંમત હારીને પગે ચાલવાનું વધુ પસંદ કરે છે.

(બ્રહ્માન દે પ્રતિષ્ઠાનાં આત્મનૈવ સુખ પ્રભા,
સંઘાતસ્ય વિનીનત્વાત્ ભકતાનાં તુ શિશેષતઃ

સર્વેન્દ્રિયૈસ્તથાચાન્તઃ કરણૈરાત્મનાપિ હિ બ્રહ્મભાવાત્ ....વિશિષ્યતે)

અર્થ : ‘બ્રહ્માનંદમાં પ્રવેશ પામેલા અને આત્માથી જ સુખની પ્રભા (તેજ) મેળવનારા લોકોના સંઘાતના વિલીન થવાથી ખાસ કરીને ભક્તોના સર્વ ઇન્દ્રિઓ વડે તથા અંતઃકરણો વડે આત્મા વડે જ બ્રહ્મના અભાવમાં વિશેષરૂપ ધરે છે.’

આ જ કારણથી શ્રી મહાપ્રભુજી કહે છે ‘વૈરાગ્યં ચ ભગવતો જ્ઞાન વા સર્વતાપનિવર્તકમ્, યત્સંસ્કાર યોગ્યં તજ્જ્ઞાનેન નશ્યતિ યદ્‌યોગ્યં તત્પરિત્યાગેન અત એવ સ્માર્તૈઃ સંસ્કારાશક્તૈઃ પરિત્યાગ એવ બોધ્યતે’ (સુબો)

અર્થ : જ્ઞાન તથા વૈરાગ્યથી બધા તાપો (કલેશો-દુઃખો) દુર થઇ જાય છે. જો આપણે પરમાનંદરૂપ શ્રીકૃષ્ણને સારી રીતે ઓળખી શકીએ તો બધા લૌકિક વિષયોને (બ્રહ્મસંબંધ) સંસ્કારથી શુદ્ધ કરી શકશું. અન્યથા જે વિષયોને ભગવત્ સમર્પણના સંસ્કારથી શુદ્ધ કરી શકતા ન હોય તે (વિષયોનો) તો પરિત્યાગ જ કરવો જોઇએ. આ જ કારણથી સ્માર્ત લોકો સંસ્કાર દ્વારા શુદ્ધ કરવામાં અસમર્થ હોવાને કારણે બધી વસ્તુઓના પરિત્યાગનો જ ઉપદેશ આપતા રહે છે. વ્યર્થ ત્યાગ કરવા કરતાં એ વસ્તુને ભગવાનને સમર્પિત કરી દેવાનું ઉત્તમ વિકલ્પ (બીજો માર્ગ) છે.

કોઈ વસ્તુ યા વ્યક્તિને સુધારવાની હોય તો તેને બહુ સારી રીતે જાણવી આવશ્યક હોય છે. પરંતુ આપણે પોતે જ જ્યારે કોઇને સમજી શક્તા ન હોઇએ ત્યારે સુધારવાનો પ્રશ્ન નહિ ઊભો થાય, એવી સ્થિતિમાં પરિત્યાગ એ એક જ ઉપાય બાકી રહે છે.

એક પરમાત્માની આત્મક્રીડાની જ અનેક નામ રૂપોમાં અભિવ્યકિત (રજુઆત–પ્રકટીકરણ) એ સમગ્ર જગત છે. આપણે પણ બ્રહ્મના ચૈતન્યની આંશિક અભિવ્યકિતઓ છીએ. મૂળ અંશી (જેનો આપણે અંશ છીએ તે) ના વ્યાપક પ્રયોજન (હેતુ)થી વિરુદ્ધ (ઉલટું હોય તેવું જ્યારે આપણે આપણી અજ્ઞાન જન્ય અહંતા મમતાને વશીભુત થઈને કોઇ ક્ષુદ્ર પ્રયોજન ઘડી લઇએ છીએ, ત્યારથી જ બધી મુશીબતો (મુશ્કેલીઓ) ઊભી થવા લાગે છે. ઇન્દ્રિયોના વેગથી દોડવાવાળા ઘોડાઓના રથમાં વેગપૂર્વક દોડતા એવા આપણે દિશા ભુલી જઇએ છીએ. તેથી શરણાગતિ આપણી અહંતાના શુધ્ધિ સંસ્કાર છે અને બ્રહ્મસંબંધ આપણી મમતાના શુદ્ધિ સંસ્કાર બને છે. અહંતા મમતાના શુદ્ધ થવાની સાથે આપણને દિશાની સુઝ પડવા માંડે છે, આડેધડ (એટલે કોઇ નિશ્ચિત દિશાના ભાન વગર) વિષય વાસનાના પ્રદેશમાં રથને દોડાવવાને બદલે આપણે પુષ્ટિના ઋજુ (કોમળ–સરળ) માર્ગ પર ફરીથી ચડી જઇએ છીએ વિષયોના સેવનમાં પરમાનંદ નથી મળી શકતો. પરંતુ પરમાનંદના સેવનમાં તો બધું ય (સર્વ શુદ્ધ) મળી જાય છે. શ્રી મહાપ્રભુજી કહે છે કે ચિત્તમાં ભગવત પ્રેમ ઉભરાતું ચિત્ત સર્વત્ર વિદ્યમાન પરમાત્માને સ્વયમ્ (પોતાની મેળે જ) શોધી લેશે આજ કારણથી ઉપનિષદમાં પરમાત્માને “સર્વ કર્મા, સર્વકામઃ, સર્વગંધઃ સર્વ રસઃ, સર્વ મિદમ્” કહેવામાં આવ્યો છે. (અર્થ–ઇશ્વર સર્વ કર્મોનો કરનાર છે, સર્વ કામોનો ભરેલો અથવા તો આપનાર છે. સર્વ ગંધોનું સ્થાન (સ્વામી) છે. સર્વ રસોથી ભરેલો

અથવા આપનાર છે. આ બધું પરમાત્માં છે.) શ્રી ગોકુલના પતિને (સ્વામીને) સર્વાત્મથી (પૂર્ણ મનથી) હૃદયમાં ધારણ કરવા-બધી ઇન્દ્રિયોથી તેમને ચાહવા એ પહેલી શરત છે. જો એક વાર હૃદયમાં ધારણ કરી શકીએ તો તેમને આંખોમાં પણ જોઈ શકાય છે, કાનોથી સાંભળી શકાય છે, હાથોથી પકડી શકાય છે અને ચરણોથી દોડીને પરમાત્માની નજીક પહોંચી પણ શકાય છે. જરૂરત (આવશ્યકતા) છે સર્વ પ્રથમ પરમાત્માને હૃદયમાં ધારણ કરવાની તેથી જ શ્રી મહાપ્રભુજી કહે છેઃ-

ભગવતા સહસંલાપો,
દર્શન મિલિતસ્ય ચ;
આશ્લેષ સેવનંચાપિ,
સ્પર્શશ્ચાપિ તથા વિધઃ
અધરામૃતપાનં ચ ભોગો,
રોમોદ્ગમસ્તથા,
તત્કુજિતનાં શ્રવણં,
આઘ્રાણ ચાપિ સર્વતઃ
તદન્તિક ગતિર્નિત્યમેવં,
તદ્ ભાવનં સદા,
ઇદિમેવેન્દ્રિયવતાં,
ફલં મોક્ષોપિ નાન્યથા.
યથાન્ધકારે નિયતા,
સ્થિતિર્નાક્ષ્ણો ફલં ભવેત્
એવ મોક્ષપીન્દ્રિયાધિ,
યુકતાનાં સર્વથા નહિ
(વેણુગીત-સુબો)

અર્થ-ભગવાનની સામે સંલાપ વાતચીત અને મળે ત્યારે દર્શન, તેમનો આશ્લેષ (ભેટવું તે) તથા સેવન અને એ પ્રકારનો સ્પર્શ, અધરામૃતનું પાન, ભોગ તથા રોમાંચ થવો, તેના કુજિતનું શ્રવણ અને બધી બાજુથી સુગંધ લેવી તે, નિત્ય તેમની પાસે જવાની ગતિ, સદા તેમની ભાવનાનું સેવન, ઇન્દ્રિય ધરાવનાર જીવનું આ જ ફલ છે. એ ન હોય તો મોક્ષ પણ નકામો હોવાથી અસ્વીકાર્ય જેમ અંધકારમાં રહેલાને આંખનું ફળ (એટલે વસ્તુનું દર્શન) નથી મળતું, તેમ મોક્ષમાં પણ (ઇન્દ્રિયો ધારણ કરનારને) કંઇ ફળ માળતું નથી (એટલે તેમને માટે મોક્ષ નકામો છે-ફલ રહિત હોવાને કારણે.

-ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. કલ્યાણજી નારણજી સોની
હ. દુલેરાય કલ્યાણજી રાજકોટના જય શ્રીકૃષ્ણ

સચ્ચિદાનંદ બ્રહ્મનું રમણ સ્વરૂપ

લેખક : ચિ. ગો. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)

જે રીતે અગ્નિમાંથી અગ્નિકણ નીકળે છે તે જ રીતે બ્રહ્મનાં ચિત અંશથી જીવ પ્રગટયા છે તે જ રીતે સત અંશથી જડ ઉદ્દભવ્યા છે. બ્રહ્મનાં આનંદાંશથી અંતર્યામી પ્રગટયા છે.

જેમ તેજ બે પ્રકારનું છે (એક ધર્મીરૂપ તેજ જેમકે દીવો. અને એક ધર્મરૂપ તેજ જેમકે દીવાનો પ્રકાશ અર્થાત્ ઉજાસ) તે જ રીતે સત ચિત્ત અને આનંદ પણ બે પ્રકારનાં છે. એક ધર્મીરૂપ સત, ચિત આનંદ અને એક ધર્મરૂપ સત ચિત આનંદ. જડમાં ધર્મીરૂપ ચિત તથા આનંદ છુપાયેલા રહે છે અને જીવમાં ધર્મરૂપ આનંદ છુપાયેલો રહે છે. અંતર્યામીમાં ત્રણે ય ધર્મ પ્રગટ છે. ખરેખર તો ત્રણે ય ભગવદુપ છે. તેમાં જડ જીવ અને અન્તર્યામી આદિ શબ્દપ્રયોપ તો વ્યવહારરૂપ છે. હવે જીવને અંસાર કઇ રીતે થાય છે એ સમજીએ.

વિદ્યા અને અવિદ્યા આ બન્ને ભગવાનની શકિત છે. માયા દ્વારા પ્રગટ થઇ હોવાથી આ શકિતને ભગવાને માયાને આધિન જ કરી રાખી છે વિદ્યા અને અવિદ્યા આ બન્ને જીવનાં ધર્મ નથી, દેહની પ્રાપ્તિ તથા જન્મમરણ અવિદ્યાથી થાય છે વિદ્યા દ્વારા જીવને સ્વરૂપ લાભ થાય છે. વિદ્યા અવિદ્યા આ બન્ને જીવને જ બંધમોક્ષ કરનાર છે. જડ તથા અંતર્યામી પર તેની અસર થતી નથી. માટે જીવને જ અવિદ્યાથી દુઃખ થાય છે. તથા નિરંકુશતા અર્થાત દુરાચારીપણું આવે છે. વિપરીત જ્ઞાન એટલે જ અવિદ્યા, અવિદ્યા બે પ્રકારની છે. સમષ્ટિરૂપ અને બીજી વ્યષ્ટિરૂપ ઘણાબધાને એક સમજવું તે સમષ્ટિ કહેવાય જેમ કે ઘણા વૃક્ષો એટલે વન એમ જાણવું છે. અને વન એટલે ઘણા વૃક્ષો એમ જાણવું સમાર વ્યષ્ટિ આ જ રીતે સૃષ્ટિ પહેલાં માયાથી ઉત્પન્ન થયેલી સમૂહરૂપ અવિદ્યાં છે તે સમષ્ટિરૂપ અવિદ્યા છે. જે ભગવાનની શકિત છે. અને જુદા જુદા જે પાંચ પર્વ છે તે વ્યષ્ટિરૂપ અવિદ્યા છે.

જીવને પહેલાં મહતત્વ અંહકારરૂપ અંતઃકરણનો સંબંધ થયો ત્યારે અવિદ્યાથી જીવ અંતઃકરણને પોતાનું સ્વરૂપ માનવા લાગ્યો. આનું જ નામ અંતઃકરણધ્યાસ છે. આ અવિદ્યાનું પહેલું પર્વ છે. આ દ્વારા જીવને ‘હું કર્તા છુ” ભોગ કરી રહ્યો છુ” ‘હું જાણું છુ’ ઇત્યાદિ અભિમાન આવે છે. ત્યાર બાદ અહંતત્વનું બીજું રૂપ જે પ્રાણ છે, તેની સાથે જીવને સંબંધ થયો ત્યારે અવિદ્યાને આધિન તે પ્રાણને પોતાનું સ્સરૂપ માનવા લાગ્યો. આ પ્રાણાધ્યાસ છે, જે અવિદ્યાનું બીજું પર્વ છે. જેથી ‘હું ભુખ્યો છુ’ ‘તૃપ્ત છુ” ઇત્યાદિ પ્રાણધર્મને પોતાના માનવા લાગે છે. ત્યાર બાદ જીવને ઇન્દ્રિય સાથે સંબંધ થયો અને ઇન્દ્રિય ને પણ તે પોતાનું સ્વરૂપ માનવા લાગ્યો. આનું નામ ઇન્દ્રિયાધ્યાસ છે, આ અવિદ્યાનું ત્રીજું પર્વ છે. આના દ્વારા જીવ ‘હું સુંદર છુ” ‘હું કાણો છુ” ‘હું બેરો છુ’ વગેરે ઇન્દ્રિયોના ધર્મને પણ પોતાના માને છે. ત્યાર પછી જીવ દેહનાં સંસંર્ગમાં આવ્યો. ત્યારે દેહને પોતાનું સ્વરૂપ માનવા લાગ્યો. આને દેહાધ્યાસ કહે છે. આના થકી જીવ ‘હું દુબળો છુ” ‘હું મોટો છુ” ‘હું ઠીગણો છુ’

આદિ દેહધર્મને પોતાના સમજવા લાગે છે આ દેહાધ્યાસ અવિદ્યાનું ચોથું પર્વ છે આ ચારે ય પર્વમાં જીવ સંપૂર્ણપણે જકડાય છે ત્યારે પોતાનો ભગવાન દ્વારા પ્રાપ્ત થયેલો ચેતનરૂપ અંશ કે જે જીવનું સ્વરૂપ છે તે ભુલી જાય છે. આને જ સ્વરૂપવિસ્મૃતિ કહે છે. આ અવિદ્યાનું પાંચમું પર્વ છે. અવિદ્યાનાં પાંચ પર્વ જ્યારે જીવમાં આવી જાય છે ત્યારે જીવ અંતઃકરણ પ્રાણ ઇન્દ્રિય દેહનાં ગુણ દ્વારા બંધાયેલા જન્મમરણને પ્રાપ્ત કરે છે. જે દેહને જીવ 'દેહ એ હું જ છું" આવું માને છે. એ જ જીવનો 'જન્મ' છે. આ જીવ પોતાનું ચૈતન્યરૂપ ભુલીને દેહને જ પોતાનું સ્વરૂપ માને છે કોઈ કારણસર એ દેહાદિને પણ ભુલી જાય છે. એને જ 'મૃત્યુ' કહે છે.

વિદ્યા અર્થાત્ જ્ઞાન દ્વારા જ અવિદ્યાનો નાશ થાય છે. એટલે કે સાચા જ્ઞાન દ્વારા ઉલ્ટું જ્ઞાન જે છે એ દબાઇ જાય છે. અવિદ્યાનો સર્વથા નાશ નથી થતો. આ જ જ્ઞાનીઓનો મોક્ષ છે. જ્યારે વિદ્યાથી અવિદ્યા ઢંકાઇ જાય છે ત્યારે દેહન્દ્રિય પ્રાણ અંતઃકરણમાં જે અહંકાર છે તે છુટી જાય છે પણ દેહાદિનો નાશ નથી થતો. કારણ કે 'દેહાદિની ગણના તો ભગવત્કાર્ય જગતમાં છે. જેમ મનુષ્ય જાગે છે ત્યારે ઊંઘ ઊડી જાય છે તેમ સતોગુણ રજોગુણ તમોગુણ રૂપ માયાનાં સતોગુણથી પ્રગટ થયેલી અવિદ્યાને દુર કરી દે છે. ત્યારે સુક્ષ્મરૂપથી અવિદ્યા અંતઃકરણમાં રહી જાય છે. જેમ જાગતા જ ઊંઘ બુદ્ધિમાં છુપાઇ જાય છે અને ખુબ જ સુક્ષ્મરૂપે બુદ્ધિમાં રહે છે. અને ફરી પોતાના સમયે ઊંઘ આવી જાય છે. એ જ રીતે જીવન્મુકત જ્ઞાનીને દેહાદિમાંથી અંહકાર દુર થઇ ગયેલો હોય છે. માટે દેહાદિ જાણતા નથી પરંતુ બીજી વ્યકિતને જીવન્મુકતનાં દેહાદિ દેખાય છે આમ સુક્ષ્મરીતથી છુપાયેલો અંહકાર કદાચિત ફરી આવી જાય તો ફરી સંસારમાં બંધાઇને જન્મમરણને પ્રાપ્ત થઇ જાય માટે હવે દેહાદિનાં લક્ષ વિષે સમજીએ.

જ્યારે જીવમાં તિરોહિત આનંદ પ્રગટ થઈ જાય ત્યારે જીવ બ્રહ્મરૂપ થઇ જાય છે. અને વ્યાપક થઇ જાય છે. જેમ અગ્નિનાં સંસર્ત્રથી લોખંડનો ગોળો અગ્નિરૂપ થઇ જાય છે. તેમ વ્યાપક બ્રહ્મરૂપ આત્માનાં સંબંધથી દેહમાં છુપાયેલા ચૈતન્ય આનંદ પ્રગટ થઇ જાય છે ત્યારે જડ દેહ પણ બ્રહ્મરૂપ થઇ જાય છે. આ અવસ્થામાં દેહ તથા જીવ બન્ને બ્રહ્મરૂપ બને છે. આ રીતનો બ્રહ્મભાવ બહુ દુર્લભ છે. **જે જીવને સ્વરૂપાનન્દ દેવા માટે જ્ઞાનીભકત જ્ઞાનીરૂપથી જ સર્વદા સ્થિત રાખવા ઇચ્છે એ જ જીવને આવો બ્રહ્મભાવ મળે છે.** આ રીતનો બ્રહ્મભાવ દેવાની પ્રભુની ઇચ્છા ન હોય તો સાયુજ્ય મુકિત દે છે. અર્થાત્ અલક કૌસ્તુભમણિ વનમાલા આદિરૂપ તે ભકતોને પ્રદાન કરી પોતાના સ્વરૂપમાં સ્થિત કરી લે છે. આ ઇચ્છા પણ ન હોય તો કોઇ ભકતને સાકારબ્રહ્મનું સાયુજ્ય અર્પે છે. અને જે જીવને આમાંનું કંઇ પણ ફળ દેવાની પ્રભુની ઇચ્છા ન હોય તો તે જીવને હૃદયમાં 'હું મુકત છું" એવું અભિમાન થઇ જાય છે. ત્યારે તે જીવ ભગવત્સેવા છોડી દે છે. અને તે વિષે ઉદાસીન બની જાય છે. અને કઠોર પરિશ્રમે ચઢેલો ફરી પડી જાય છે સંસારચક્રમાં.

માટે જ જીવ માટે શ્રેષ્ઠ અને સહજ માર્ગ છે ભક્તિ જીવની પ્રભુ પ્રાપ્તિ ભક્તિ દ્વારા જ થાય છે: ભગવાનનું માહાત્સ્ય જાણી સર્વતોધિક દૃઢસ્નેહ કરવો એ જ ભક્તિ કહેવાય છે. આનું જ નામ ભાવ છે. માત્ર આ પ્રકારનાં ભાવ દ્વારા જ ગોપી, ગાય, પક્ષી, મૃગ આદિને પ્રભુપ્રાપ્તિ થઇ છે.

બગીચા ઉત્સવ અને છાકલીલા

લાભુબેન પી. વંડ્રા લીલીયા મોટા

કુંભનદાસજી એક દિવસ સ્નાન કરીને પોતાના બગીચામાં બેઠા હતા, ત્યાં શ્રીનાથજી પધાર્યા, અને ગોદમા આવી બીરાજ્યા, અને મધુર વચનોથી કેવા લાગ્યા, કે આજ મેં, તોકો એક બાત કહને આયોહું એટલામાં તો રાજા માનસંગ ત્યાં આવ્યા, એટલે કુંભનદાસજીએ રાજા માનસંગનું સમાધાન કર્યું, અને તે ગયા પછી પાછા કુંભનદાસજીની ગોદમાં આવી બીરાજ્યા, અને હસ્ત કંઠમા લપેટીને વાત કહેવા લાગ્યા, કે (બાબાજી આજ મેરે સખાનમે હોડ પડી હે, સબ સખા ન્યારે ન્યારે સ્વાદિષ્ટ ભોજન તૈયાર કર રહે હે તો તુમભી કછુ મનોરથ કરો યહ બાત તુમકો કહેવે આયો હું) ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે, આપને કયા ભોજનમાં રૂચી છે, આપ કહો તે સામગ્રી બનાવું ત્યારે પ્રભુ તો ભક્તવત્સલ છે, અંતરયામી છે, કે કુંભનદાસ બીજી તો શું સામગ્રી કરી શકે, કેમ કે સાવ નિષ્કિંચન છે, માટે તેના ઘરમા હોય તે માગવું, એટલે આપે કહ્યું કે એક તો જુવાર કો દરીયો (ઘેંસ) ઓર બેજરકી રોટી, ઓર દુધ દહીં ઓર ટેટી કો શાગ, ઓર સંધાનો, આપકે ઘરકી યહ સામગ્રી મોકો બહોત પ્રીય હે આ સાંભળીને કુંભનદાસજીને ઘણો જ આનંદ થયો,

હવે અહીં આપણુને પણ કુંભનદાસજી દ્વારા શીક્ષા દીધી છે, કે કોઇ પણ લૌકિકમાં કે અલૌકિકમાં જઇએ તો, કાંઈ પણ માગવું હોય તો, સામાની પરિસ્થિતિનો ખ્યાલ રાખીને માગવું, તેના ઘરમાંથી જ મળી રહે, તેવી વસ્તુ માગવી, આપણે માગણી કરીયે ને, સામી વ્યક્તિ મુશ્કેલીમાં મુકાય જાય, અને પછી આપણુને સાચું ખોટું કહેવું પડે, અથવા તો કહે કે, અહીં નથી મળતી હું તમોને મંગાવી આપીશ.

હવે આમાં આપણી કેવી અનહદ, લોભ વૃતી છે તે દેખાઈ આવે છે, માટે પ્રભુએ પણ વિચારીને જ માગ્યું, કે કુંભનદાસજીના ઘરમાંથી જ મળી રહે, તેને કયાંઈ ઉછી ઉધાર કરવા ન જવું પડે, અને તોજ આનંદ થાય, નહીંતર તો ચિંન્તા વધી જાય કે હવે શું કરશું ને કયાંથી લાવસું. આમા પરસ્પરનો સ્નેહ પણ ઓછો થતો જાય છે, માટે માગવામાં ખ્યાલ રાખવો જરૂરી છે, હવે ગોવર્ધનધરે કીધી તે સામગ્રૌ તુરત જ તૈયાર કરીને થાળ સાજી ઢાંકીને રાખે છે, ત્યાં તો શ્રીઠાકુરજી પધાર્યા અને સખાઓ પણ ઘેર ઘેરથી નાના પ્રકારની પાક સામગ્રી સિદ્ધ કરી લાવ્યા, આ બાજુ બરસાનાથી શ્રીસ્વામીનીજી પણ પોતાના

સહચરીઓ સાથે સામગ્રીનો એક ટોપલો ભરીને પધાર્યા થોડા વખતમાં તો એ કુંભનદાસજીના નાના એવા બગીચામા અલૌકીક સોભાના દર્શન થવા લાગ્યા, આવી સોભા આગળ અનંત બ્રહ્માંડોની સોભા પણ ફીકી પડી જાય એવા દર્શન કુંભનદાસજીને થયા, હવે નંદનંદન તથા શ્રીસ્વામિનીજી અને સખા મંડળ ગોપી જનો સૌ પોત પોતાની સામગ્રીના ભાતા છોડીને પ્રેમ પુર્વક વ્રજભકતો સહીત, રમણીય બગીચામાં સૌ આરોગવા લાગ્યા અને એકા બીજાને સ્વાદ લેવા અને લેવરાવવા લાગ્યા, અને શ્રીઠાકુરજી કુંભન દાસજીની સામગ્રીનું નામ દઇ દઇને સરાહના કરવા લાગ્યા, ત્યારે આકાશમા દેવતાઓ આ અહીર બાળકોની આધિ દૈવીક, છાકલીલાના દર્શન કરી અને કહેવા લાગ્યા, કે જો અમોએ પણ વ્રજમા અહીરોના ઘેર અવતાર લીધો હોત તો આ સુખ અને આ આનંદ આપણુને પણ મળત તેમ કહીને પસ્તાવા લાગ્યા, કુંભન દાસજી પણ પોતાની સામગ્રીની બહુજ, સરાહના બધા, વ્રજભકતો તથા પ્રભુ કરે છે, તે સાંભળીને નીચેનું પદ ગાવા લાગ્યા, હવે ટેટી એટલે (કેરડા)

રાગ-સારંગ

વ્રજ મે બડો મેવા હે ટેટી,
યાકો હોત હે સાગ સંધાનો,
ઓર બેજરકી રોટી,
બ્રજ મેં બડો મેવા હે ટેટી – ૧
લે લે ડલીયા બીનન નીકસી,
બડે ગોપકી બેટી,
'કુંભનદાસ' લાલ ગીરીધરસો,
હો ગઇ ભેટા ભેટી – ૨

હવે આ પદ ખુબ પ્રેમાવેશમા છકીને ગાતા હતા, ત્યાં શ્રી રાધાજીએ ભાત લાવેલા તે ડલો હાથમા લઇને, (હાસ્યમા) કુંભનદાસજીને કહેવા લાગ્યા, કે અમને પણ તે ટેટીના જાડ બતાવો તો અમે પણ ટેટી ને વીણી, અને ડલો ભરીને, બરસાના લઇ જઇએ, ત્યારે સૌ વ્રજ ભકતો ખુબ હસે છે, ત્યારે કુંભનદાસજી પણ હાંસીમા કહે છે, કે તમે તો બહું મોટા ગોપના બેટી છો, અને આપ ટોપલો લઇને ટેટી વીણવા નીકળ્યા છો કેમકે અષ્ટ સખીઓમા વીશાખાજી છે, એટલે કહી શકે હવે અહી, અરસ પરસ એકા બીજાને, હાંસી મશ્કરીમા અનંદનો સાગર ઉછળ્યો છે, ભકત વત્સલ પ્રભુએ, આલીલા કુંભનદાસજીના બગીચામાં કરી છે, અને પોતાના અંતરંગ ભકતોના મનોરથો પુર્ણ કર્યા છે, અને હજી પણ આ કલીકાલમા પૂર્ણ કરે છે, આપણે જીવ જાણી શકતા નથી ત્યારે કુંભનદાસજીએ મનમા કહ્યું કે શ્રી ગોવર્ધન ઘરે આજ ભલી વાત સુનાવી, કે જેથી આ રસમય લીલાના દર્શન અને ટેટીના પ્રતાપથી શ્રીસ્વામિનીજીની પણ નિકુંજ નાયક સાથે મારા બગીચામાં ભેટા ભેટી થઇ અને યુગલ સ્વરૂપના મીલનથી વ્રજ ભકતોને ખુબ આનંદ થયો.

ગોપાલદાસજીએ ગાયું છે

“નિત્યલીલા નિત્ય નૌતમ શ્રુતિ ન પામે પાર” તે વ્રજમાં હજુ પણ આ લીલાઓ થયા જ કરે છે, જેના ઉપર શ્રીમહાપ્રભુજીની પૂર્ણ કૃપા હોય તે ને આ સમયમાં પણ દર્શન થાય છે.

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. : **શ્રી રવજીભાઈ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

પદ-૧

કર પ્રણામ યમુના જલ લહીએ ।
શ્રીવલ્લભ પદ રજ પ્રતાપતેં શ્રીયમુના સુખ કહીએ ॥૧॥
પુરણ પુરૂપોત્તમ બ્રીજ પ્રગટે– ઇન હું પ્રગટયો ચહીએ ।
જોજન લક્ષ ધરાતે ઉંચો રવી મંડલ તેં વહીએ ॥૨॥
નંદ સુવન અરૂ કલિંદનંદની– દરશન રિપુતન દહીએ ।
હરિદાસ પ્રભુ યહ સુખ શોભા– નૈનન હી મેં રહીયે ॥૩॥

ભાવાર્થ : શ્રી યમુનાજીને પ્રથમ પ્રણામ કરી અને પછી પયપાન કરીએ. શ્રી વલ્લભના ચરનકમલના પ્રતાપ બલથી જ શ્રીયમુનાજીનું સ્મરણ થાય છે. પુર્ણ પુરૂષોત્તમનું પ્રાગટય બ્રજમાં થયું સાથે આપને પણ ભૂતલ ઉપર પધારી પ્રભુ સાથે સદા રમણ અને નિજાશ્રિત જીવોને નિત્ય દર્શન આપવા, રમણ રાસવિલાસો ને માટે સ્થળો સિદ્ધ કરવા નુતન કુંજો સિદ્ધ કરવી જેથી આપ પણ ધરા મંડલથી એક લાખ યોજન રવિમંડલ છે ત્યાંથી કલિંદગીરી ઉપર પરિશ્રમ લઇ અને ભૂતલ ઉપર પધાર્યા નંદનંદન શ્રી રાસેશ્વર પ્રભુ અને કલિંદનંદિની શ્રી યમુનાજીનાં દર્શનમાત્રથી રિપુ એટલે કામ, ક્રોધ, મદ, મત્સર, લોભ અને થતાં પાપો એ સર્વ બળી અને ભસ્મ થઇ જાય છે. દેહાધ્યાસ અંતઃકર્ણાધ્યાસ નૂતન દેહથી ટળી જાય છે. હરિદાસના પ્રભુની આ શોભા અને તેનાં સુખ આ નયનોમાં સમાઇને રહ્યા છે. જાણે અષ્ટપ્રહર અને યુગયુગ દર્શન કર્યા જ કરીએ તો પણ નયનો તૃપ્ત થાય નહીં એ સુખ અને શોભા અવંર્ણનીય છે એક મુખથી કેમ કહી શકાય.

"જયોં ગુંગો ગુડ ખાય રહે સુખસ્વાદન કાહુ જનાવે"– (શ્રી સુરદાસ)

વિવેચન : પોતાના પ્રાણેશ્વર શ્રી રસિકરાયના સુખ માટે અને પોતાના આશ્રિત જીવોનો અલૌકિક પોષણ માટે માતૃવાત્સલ શ્રી યમુનાજી– રવિમંડલમાંથી શ્રમ લઇ અને ભૂતલ ઉપર પધાર્યા જયારે શ્રી યમુનાજી મહારાણીજીએ જીવો માટે શ્રમ લીધો તો જીવોનો પણ ખાસ ધર્મ છે કે પરમ દયાળ કૃપાસાગર શ્રી યમુનાજીના સેવા-સ્મરણ–દર્શન માનસીમાં અને પ્રત્યક્ષ માનસીમાં સ્નાન–પયપાન–સ્મરણ રેતીમાં લોટવું. શ્રી યમુનાજીના તટ ઉપરના વન ઉપવનમાં ફરી અને શોભા નીરખવી વિગેરે થઇ શકે છે. તટ ઉપરના વનોની વૃક્ષોમાંથી અને લત્તાઓમાં શ્રી યમુનાજીમાં ખરી રહેલાં પુષ્પોથી જાણે શ્રી યમુનાજીએ શૃંગાર ધર્યા હોય તેવી ભાવનાઓ કરી અને માનસીમાં પણ સુખ લઇએ નિત્ય ધોળ-કિર્તનોથી શ્રી યમુનાનું સ્તવન કરીએ અને જન્મ સફળ કરીએ.

॥ श्री कृष्णाय नमः ॥

॥ श्रीमदाचार्य चरणकमलरेणुभ्यो नमः ॥

નામ વિક્રય

આ વિશ્વમાં ઉત્તમોત્તમ વસ્તુ પ્રભુનું નામ છે સર્વ સાધનોમાં પણ શિરોમણિ નામજ છે. કોટિ યજ્ઞયાગાદિક કરતાં જે વસ્તુ ન પ્રાપ્ત થાય તે ભગવાનના નામ ભક્તિભાવથી લેતાં સહજ મળે છે પ્રભુનાં નામનો મહિમા કોણ કહી શકે? છતાં એ નામનું માહાત્મ્ય ન સમજતાં તેનો ગમે ત્યાં વિનિયોગ થાય છે. તેથી એ નામ ફલતાં નથી; ગજેન્દ્રની વ્હારે પ્રભુ ધાયાં તે દીનતાપૂર્વક ભક્તિથી ગજેન્દ્રે ઉચ્ચારેલ ભગવાનનાં નામનું પ્રતાપ બલજ સર્વ દુઃખોના હરનાર પ્રભુનાં નામનો વિક્રય થાય પછી તે ફલે કેમ ?

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ છે. એ પુરૂષાર્થ અનેક સાધનો કર્યે સિદ્ધ થાય છે. પંણ ભગવાનનાં ચરિત્ર તો સ્વતંત્ર પુરૂષાર્થ છે તેનો ધર્મ, અર્થ કામ અને મોક્ષમાં સમાવેશ થતો નથી. ચરિત્ર તો સ્વતઃ પુરૂષાર્થરૂપ છે તેનું શ્રવણ અને કીર્તન તો મોક્ષ કરતાં અધિક ભક્તિ સિદ્ધ કરી શકે આવું ઉત્તમ સ્વરૂપ નામ ચરિત્રનું છે તેને પોતાની આજીવિકાનું સાધન બનાવીએ તો પછી આપણે ઉચ્ચારેલ ભગવાનનાં નામો કેમ ફલ આપે ?

જેમ નામ ઉચ્ચારનાર માહાત્મ્યજ્ઞાન સહિત ઉચ્ચારે તેમ અધિક લાભ છે. પણ ભગવન્નામને ઉદર પોષણ સાધન બનાવવા ઇચ્છનારને નામ પોતાનું સ્વરૂપ અભિવ્યક્ત નથી કરતું. ત્યાં તો પોતાનું સ્વરૂપ તિરોહિતજ રાખે છે. જેમ ભગવાનમાં છ ગુણ છે તેમ ભગવાનની કથામાં પણ છ ગુણ છે. तव कथामृत એ શ્લોકમાં ઐશ્વર્યાદિ છ ગુણ શ્રી વ્રજસુંદરીઓએ નિરૂપણ કરેલ છે, ત્યારે ભગવાનનું નામ આજીવિકાનું સાધન થયું તો ભગવાનજ સાધન થયા ગણાય. ભગવાન પોતાનાં નામથી ન્યારા નથી જેમ ભગવાન આનંદમય છે તેમ કથા—નામ—પણ આનંદમય છે બ્રહ્મવર્ત પુરાણમાં કહેલ છે કે :—

कल्याण सुक्तसामानि हरेर्नामैकमंगलम् ।
कुर्वंति बिक्रयं ये वै तेषां भारेण पीडिता ॥

પૃથ્વી બ્રહ્માજી પ્રત્યે કહે છે કે હરિના નામનો વિક્રય કરે છે તેઓના ભારથી હું પીડાઉં છું. વળી શ્રી નન્દરાયજી પ્રતિ ભગવાન પણ તેમજ કહે છે કે :—

मन्नामविक्रयीं बिप्रो नहि मुकतो भवेद्ध्रुवम्
मृत्त्युकाले च मन्नामस्मृतिमात्रं न विद्यते ॥

ભગવાનના નામનો વિક્રય કરનાર વિપ્રને મુક્તિ નથી મળતી અને મરણ સમયે આખા જન્મારામાં પેટ અર્થે લીધેલ નામનું સ્મરણ રહેતું નથી. વળી એક સ્થળે અર્જુનને ભગવાને કહેલું છે કે:

भिक्षाशया ये गुढान्ति ममनामानि चार्जुन ।
अमुख्या ते जना पार्थ दूरत- परिवर्जयेतू ॥

અર્થ:— ભિક્ષાની આશાથી જે મારાં નામ લે છે તે અમુખ્ય જન છે તેને હે પૃથુના પુત્ર ! દુરથી જ ત્યાગ કરવો. આવાં સહસ્ત્ર વાકયો વાંચવામાં આવે છે, તે સર્વનું તાત્પર્ય એટલું કે નામ વિક્રય પોતાની કેવળ આજીવિકા અર્થ કરનારને કાંઇ ફલ તો આપતું નથી એટલું જ તો નહિ પણ તેથી દોષ

ઉત્પન્ન કરે છે. એવા અવિચારી કેવલ સ્વાર્થી નામ કરનાર પાસેથી કથા સાંભળનારને પણ કાંઇ ફળ પ્રાપ્ત થતું નથી, આજ કારણથી અનેકવાર કથા સાંભયળ્યા છતાં એવાંને એવાંજ રહીએ છીએ. નિઃસ્પૃહ વકતા પાસેથી શ્રવણ કરનારને જ યથોકત ફળ સંભવે.

કથા કહેનાર જો પરંપરા પાપ્ત અર્થ ન શિખેલ હોય અને કેવળ પોતાની બુદ્ધિથી અર્થ કરતો હોય તો પણ એ શ્રવણનું ફળ નથી. જલભેદમાં શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે કે:

क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः

ભાવાર્થ એવો છે કે, સત્‌સંગ વિના ભકિતની વૃદ્ધિ નથી થતી. તેથી એ પ્રશ્ન થાય છે. કે સંગ કોનો કરવો ? શું ગમે તેનો કરવો ? તે ભગવદીય છે કે નહિ, તેની પરીક્ષા કરવી કે નહિ ? અનવતાર દશામાં પ્રભુ કીર્તિ દ્વારા પ્રગટ થયા છે, તેથી નામ કીર્તન દ્વારા જ જીવોનો ઉદ્ધાર થવાનો છે. તો કીર્તન કરનારના ભાવથી પરીક્ષા કર્યા વિના મુખથી શ્રવણ કરવું ? જયારે અજામીલનો પુત્રના ઉચ્ચારથી લીધેલ પ્રભુના નામથી ઉદ્ધાર થયો ત્યારે ઉપલક દૃષ્ટિથી એવું અનુમાન થઈ શકે છે કે સંગ ગમે તેનો કરવો. બીજી તરફ આપણે ભિક્ષાની આશાથી પ્રભુના નામનો ઉચ્ચાર કરનારાઓની શાસ્ત્રમાં નિંદા શ્રવણ કરીએ છીએ. આવા સંદેહોની પરંપરા છેદવા માટે શ્રીમદાચાર્યજીએ એક જલભેદ નામનો ગ્રંથ પ્રગટ કર્યો છે. તેમાં શ્રુતિના આધારે વીશ પ્રકારના ભાવ વાળા કીર્તન કરનાર વર્ણવ્યા છે. તેમાંથી જીવે તેના ભાવની પરીક્ષા કરીને ઉત્તમને શોધી કાઢવાનો છે. શ્રી મહાપ્રભુજી કુપના જલ સરખા ભાવવાળા કીર્તન કરનારના ભાવનું વર્ણન કરી આજ્ઞા કરે છે કે :-

कुल्पा पौराणिका प्रोक्ताः पारंपर्ययुताभुवि ।
क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः ॥

અર્થ-ભૂતલ ઉપર પરંપરાયુકત પૌરાણિક કુલ્યા કહેવાય છે. તે ક્ષેત્રમાં પ્રવિષ્ટ થાય તો તે સંસારના ઉત્પત્તિના હેતુ રૂપ થાય છે.

જેમ નદીનું જળ ખેતરોમાં લાવવાને માટે નહેર ખોદવામાં આવે છે. તેમ પૌરાણિકો પણ નહેર રૂપ છે તેથી પરંપરા પ્રાપ્ત અર્થના અભ્યાસથી પુરાણની કથા ભુતલ ઉપર ફેલાવે છે, એટલે તેમનો ભાવ નહેરના જલ જેવો છે. પદ્મપુરાણમાં માઘમાહાત્મ્યમાં કહેલ છે કે, “વેદાભ્યાસમાં રતિવાળો જે શાસ્ત્રનો વિચાર કરે છે, પુરાણસંહિતા શ્રવણ કરાવે છે અને પઠન કરે છે તે અભ્યાસ માહાત્મ્યથી, નિષ્પાપ જયાં મોહ નથી તેવા બ્રહ્મલોકમાં જાય છે.” ઇત્ય દિ વાકય સમુહમાં પૌરાણિકોની સ્તુતી કરેલી છે. તેમ જો તે પૌરાણિક સ્તુતિ કરેલી છે. તેમ જો તે પૌરાણિક સ્વદેહમાં અથવા સ્વપત્નીમાં અભિનિવિષ્ટ થાય તો તે અહંતા મમાત્મક સંસારની ઉત્પત્તિના કારણ બને છે.

જેમ નહેર દ્વારા લીધેલું જલ કયારામાં જાય છે અને ત્યાં વાવેલ બીજને અંકુરિત કરી અન્નને ઉત્પન્ન કરે છે. તેમ આ પૌરાણિક પણ અહંતા મમતા વશ થાય તો પણ સંસારનો જ ઉત્પન્ન કરે છે શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે કે સાધનરૂપ શ્રવણ દિ તો આવા પૌરાણિક દ્વારા જ થઇ શકે. તેમાં પણ ધન દેવાવાળાને સત્ફલ અને પ્રતિગૃહ કરનારને તો

સંસારોત્પતિ છે. જો તે પૌરાણિક કેવલ ઉદર પોષણ માટે જ પુરાણથી વૃત્તિ ચલાવતા ન હોય પણ તત્ત્વ વિચારમાં મગ્ન હોય અને તત્ત્વ વિચારમાં બહુ સમય જાય તેથી અન્યથા વૃત્તિ ન બની શકે તેથી ઉદર પોષણ જેટલું ધન ગ્રહણ કરે તો તો બાધક નથી પણ તત્ત્વ વિચારનો ઉદ્દેશ પણ ન હોય અને ઉદર જ પ્રધાન હોય તો સંસાર વિના બીજું ફલ નહિ તત્વ વિચાર પ્રધાન પૌરાણવૃત્તિ પણ તો જ અનિષિદ્ધ ગણાય કે જો કે તે પૌરાણિક પરંપરાવાળા હોય. મુલના સંબંધ હોય એટલે કે પરંપરાથી અર્થ ઉતરી આવતો હોય અને તેનો અભ્યાસ હોય તોજ પૌરાણિકનું કીર્તન પોતાને અને શ્રોતાને ફલપ્રદ છે. કારણ કે જો અર્થ પરંપરા પ્રાપ્ત ન હોય એટલે કેવલ પોતાની બુધ્ધિ પરિકલ્પિત અર્થ થતો હોય તો વકતા અને શ્રોતા ઉભયને સંસારા જ ફલ છે. એવાના મુખથી શ્રવણ કરવાનું યોગ્ય નથી સ્વબુધ્ધિથી અન્યથા વ્યાખ્યાન જ થાંય તેથી પરંપરા વિનાના પૌરાણિકો કેવલ ઉદર ભરણના નમિત્તે કીર્તન કરી, કથા કરીને પોતાની વૃત્તિ ચલાવવામાં તત્પર હોય છે તેને ભગવાનનું નામ ફલતું નથી, એટલુંજ નહિ, પણ તેમની પાસેથી શ્રવણ કરનારાઓને પણ શ્રમ અને સંસાર વિના બીજું ફલ મલતું નથી. તે યાજ્ઞવલ્કયે સર્વ અંગીકાર કર્યું એ ન્યાયથી ગુરૂ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરે પછી શિષ્ય જે ભેટ કરે તેમાં નામ વિક્રયદોષ પ્રાપ્ત થતો નથી.

આ પ્રમાણે નામવિક્રય દોષ છે એ નામ કર્મ માર્ગ, જ્ઞાનમાર્ગ અને ભકિતમાર્ગની રીતીએ ફલે છે. કર્મમાર્ગની રીતિએ નામ લેવાય તો તેને કર્મ માર્ગનું ફલ થાય છે. જ્ઞાનમાર્ગીય રીતિએ જ્ઞાનમાર્ગનું ફળ એટલે કે એકજ નામ માર્ગના ભેદથી જુદે જુદે પ્રકારે ફલે છે, તેથી સર્વ કોઇને સરખું ફળ પ્રાપ્ત થતું નથી. ધર્મ, અર્થ અથવા કામની સિદ્ધિ માટે શ્રવણ થાય તો તે શ્રવણ કર્મમાર્ગીય થાય છે તેમાં પણ જે રીતિ શાસ્ત્રમાં કહેલી છે તે વિહિત પ્રકારે કરે અને અર્થની અભિલાષા રાખે તોજ તે શ્રવણ કીર્તન કર્મમાર્ગીય છે. નહિંતર અવિહિત રીતિએ કેવલ વૃત્તિનેજ માટે કરેલ શ્રવણાદિ તો લૌકિકજ થાય છે; તેમાં કોઈ માર્ગપણું નથી. જેમ ખેડ કરે છે તે ધાન્ય ઉત્પન્ન કરવા માટે, તેમાં કાંઇ માર્ગપણું નથી. તેમ આજીવિકા માટેજ કરેલ શ્રવણકીર્તન કેવલ લૌકીકજ છે; અને તે સંસારજ ઉત્પન્ન કરે છે જેમ શૌચ માટે ગંગાજલનો ઉપયોગ કરે તો ગંગાજી માત્ર મલની નિવૃત્તિજ કરે છે પણ શ્રીગંગાસ્પર્શ કે સ્નાનનું પુણ્ય તેને પ્રાપ્ત થતું નથી, તેમ વૃત્તિ માટે શ્રવણ કીર્તન ઉદર પોષણમાંજ પર્યવસાન પામે છે.

આ સર્વ તો પુરાણ વિષયક કહેવાયું સર્વ શાસ્ત્રના સારરૂપ શ્રીમદ્ભાગવતની તો વાતજ શી ? વ્યાસજીની સમાધિભાષામાં તો ક્રિયા જ્ઞાન વિશિષ્ટ પુરૂષોત્તમનું પ્રતિપાદન છે તેનું શ્રવણ કીર્તન તો ભગવાનને હૃદયમાં પધરાવે છે. બીજા શાસ્ત્રોમાં તો વિભૂતિઓનું પ્રતિપાદન છે. અહીં તો સાક્ષાત ઈશ્વરજ પદે પદે વિરાજે છે. શોક એને મોહનો નાશ કરવાવાળી ભકિતને પ્રકટ કરનાર શ્રીશુકદેવજીના ભકિતપૂર્ણ હૃદયમાં આલોકિત થયેલી અને મુખમાંથી ગલિત થયેલ શ્રીમદ્ભાગવતની કથા શ્રવણ કરીને સૂતજીને પણ ઉત્તમ ફળ ન થયું

તેમાં બાધક મુખ્યત્વે કરીને આ નામ વિક્રય દોષ છે. શ્રીમદાચાર્યજી એ પ્રસંગમાં લખે છે કે :-

सुर्तत्वाद्वृत्तिरेषाहिं तस्यान्न फलितं तथा ।
यद्यप्येषा न विक्रीता नाम विक्रयणात् तथा ॥

ભાવાર્થ એવો છે કે-સૂતજી સર્વજ્ઞ હતા, સંપ્રદાયથી શુકદેવજીના મુખથી શ્રીમદ્‌ભાગવત શ્રવણ કર્યું હતું અને ભક્ત હતા તો પણ વૈરાગ્ય નહિં હોવાથી શ્રીમદ્‌ભાગવત જેવું પરીક્ષિતને ફલ્યું તેવું સૂતને ન ફલ્યું તેનું મુખ્ય કારણ એ કે વૈરાગ્ય થવામાં પ્રતિબંધ નામ વિક્રય દોષ થયો. જો કે સૂતજીએ શ્રી ભાગવતની વૃત્તિ લીધી ન હતી તો પણ પુરાણ વાંચવાનો ધંધો હતો તેથી તે વાંચીને પોતાનો નિર્વાહ ચલાવતા. શ્રીદ્‌ભાગવત નામાત્મક ભગવાનનું રૂપ છે. અનઅવતાર દશામાં ભગવાને શ્રીમદ્‌ભાગવતનું સ્વરૂપ અંગીકાર કર્યું છે તેથી પોતાને વેચનારને વિક્રયથી પ્રાપ્ત થતાં ધન ઉપરાંત બીજું ફળ નથી આપતું. આ પ્રમાણે સૂતે જો કે શ્રીમદ્‌ભાગવતની વૃત્તિ કરી નહોતી, તો પણ પુરાણની વૃત્તિ લીધી, તે પુરાણમાં પણ ભગવાનનું નામ જ હતું, તેથી નામ વિક્રય દોષ લાગ્યો, તેને લઇને શ્રીમદ્‌ભાગવતનું ઉત્તમ ફલ ન થયું તો પછી શ્રીમદ્‌ભાગવતની જ વૃત્તિ સ્વીકારી હોત તો શું દશા થાત તે કહી શકાય નહિં. એટલા જ માટે નિબંધમાં શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે કે-

अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात् ।
पठनीयं प्रयत्नेन सर्व हेतु विवर्जितम् ॥
वृत्त्यर्थं नैव युज्जीत प्राणैः कंठगतैरपि ।
तद्भावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत् ॥

ભાવાર્થ : અથવા સર્વદા શ્રીભાગવત શાસ્ત્રનો આદરથી, કોઇ પણ લાલચ નહિ રાખીને પ્રયત્નથી પાઠ કરવો. પ્રાણકંઠ સુધી આવ્યા હોય તો આજીવિકા માટે તેનો ઉપયોગ ન કરવો. તેના અભાવમાં જેમ ચાલે તેમ નિર્વાહ કરવો.

આ પ્રકારે શ્રી આચાર્યજી તો આજ્ઞા કરે છે કે- અન્ન બીલકુલ મળતું ન હોય એટલે પેટ ભરવાનો કોઇ ઉપાય સુજતો ન હોય અને ભૂખથી પ્રાણ જવાની તૈયારી હોય તો પણ શ્રીમદ્‌ ભાગવતની વૃત્તિ તો સર્વથા ન લેવી. એ વિના ગમે તેવી રીતે પોતાનો નિર્વાહ કરી લેવો. ચોરાસી વૈષ્ણવોની વાર્તામાં આપણે વાંચીએ છીએ કે શ્રી પદ્મનાભદાસજીએ આ શ્લોકનું શ્રી મહાપ્રભુજીના મુખારવિંદથી શ્રવણ કરીને સંકલ્પ કર્યો કે શ્રીમદ્‌ભાગવતની વૃત્તિ ન જ કરવી. આ વૃત્તિથી પ્રાપ્ત થયેલું ધન પણ પ્રભુ કેમ અંગીકાર કરે !

તા. ૧૨-૧૨-૨૨, **મોરબી.** **દાસ**
સુંદરદાસ માણેકચંદ
મોરબી

["પુષ્ટિ સુધા" સં. ૧૯૭૮ શ્રાવણ પુસ્તક-૨ અંક ૭માંથી સાભાર]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. બેચરદાસ કાલીદાસ પારેખ
હ. તેમના પરિવાર રાજકોટના જય શ્રીકૃષ્ણ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય
શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્ગારો

નારદજી પ્રચેતાને કહે છે કે આ દેહ જે કરે છે, તે બીજે જન્મે ભોગવે છે. આ ઉપરથી કહ્યું કે આજીવ મરે છે ત્યારે આ દેહ તો અહીં રહે છે, ને વળી બીજે દેહે દેહ ધરે છે, બીજે જનમે પણ ભોગવે છે.

ત્યારે શ્રોતા કહે છે કે આ જીવ મરે છે, ત્યારે દેહ તો અહીં જ રહે છે, ને વળી દેહ બીજી જ ધારણ કરે છે, તો પછી બીજે જન્મે કોણ ભોગવે ?

ત્યારે જવાબ આપ્યો કે આ દેહ નથી ભોગવતો વાસના ભોગવે છે. એનું વાસનારૂપી શરીર અખંડ છે, જ્યાં જાય છે ત્યાં વાસના પાસે છે. જેની વાસના મરી ગઇ તેને કાંઈ ભોગવવું પડતું નથી. હવે વાસના તે શું ?

ત્યારે કહે છે કે આ મેં પ્રતિગ્રહ કર્યો વળી કહે છે કે મેં આપ્યું. મેં લીધું. વળી કહે છે કે હું બ્રાહ્મણ, હું વાણીયો, હું પાટીદાર, હું કાછીઓ, ધારાળો, આ જે બોલે છે, તે પોના મનથી માની લે છે તે તથા મેં આ કર્મ કર્યું એ વાસના મનમાં સારાપણું કે મમતા પેઠી એજ વાસના છે. તથા મન જ્યાં જાય ત્યાં સાથે છે, તે પણ વાસના.

ગમે ત્યાં જાય પણ મન પ્રભુમાં રહે તો તો વાસના તૂટે. પ્રભુ સાથે યોગ એટલે જ્યારે હું કર્તા નહિ એવું જાણે. હું લેનારો નહિ, હું આપનારો છું એવું નહિ જાણે. વળી હું કર્તાએ નહિ ને હું અકર્તાએ નહિ, આ વૃત્તિ થાય તો તેને બંધન નહિ. સાક્ષી મન છે, મનનો નિશ્ચય થશે ત્યારે તેનું કામ થશે. ત્યારે તેની વાસના છૂટશે. જ્યાં સુધી કર્મ કરશો. ને સારૂ નરસું માનશો, ત્યાં સુધી કર્મના ભોગ ભોગવવા પડશે. માટે જે કરો તે વાસના રહિત કરજો.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

એક વૈષ્ણવ, રાજકોટનાજય શ્રીકૃષ્ણ

વ્રજરજ અંગ લગાઉં

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

એક વખત વેરાવળવાળા પૂજ્ય ગો. શ્રી ગોવર્ધનલાલજી મહારાજ શ્રી સુન્હેરાની કદમ ખંડીથી બરસાના પધારી રહ્યા હતા. બપોરનો સમય હતો ધોમ ધખતો હતો. વ્રજની ભુમિ તપી ઉઠી હતી ધરતી ઉપર પગ ન મુકી શકાય એટલી અસહ્ય વ્રજરજ ધિકતી હતી વાતાવરણ ઉકળાટ ભર્યું હતું.

સાથેના વૈષ્ણવને લાગ્યું કે મહારાજશ્રીને કષ્ટ થઇ રહ્યું છે. તેમની પાસે કોરા વસ્ત્રનું થાન હતું. આ કોરું વસ્ત્ર ખોલીને તેઓ આપશ્રીના ચાલવાના માર્ગમાં પદ પટ બિછાવવા લાગ્યા

આ જોઇ મંદ હાસ્ય કરતાં આપશ્રીએ આજ્ઞા કરી: વૈષ્ણવ, તમને વ્રજરજવાળું શ્રી યમુનાજીનું આ પદ તો યાદ હશે ને?

શ્રી યમુનાજી તિહારો દરશ હોં પાઉં
શ્રી ગોવર્ધન, શ્રી વૃંદાવન, વ્રજરજ
અંગ લગાઉં.

"આ પદમાં વ્રજરજને અંગે લગાડવાની કામના કરેલી છે. વ્રજરજનો અંગને સ્પર્શ કરવાની ઝંખના વ્યકત કરેલી છે તેને બદલે તમે મને વ્રજરજનો સંબંધ છોડાવવાનો ઉપાય કરી રહ્યા છો? વિચારો, કેટલી કમનીય છે આ કામના!"

આમ આજ્ઞા કરી મહારાજશ્રી ખુલ્લા ચરણાવિંદથી ચાલતા બરસાના પધાર્યા.

આ પ્રસંગ દર્શાવે છે કે વ્રજરજનું માહાત્મ્ય કેટલું અગાધ છે!

વડીલોનો વારસો

લેખક : **સુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગનઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

દિનેશ– આધિદૈવિક દુષ્ટ કોઇ દિવસ સુધરી જ ન શકે. જેમકે દુર્યોધન, રાવણ, પ્રલંબાસુર. મરે ત્યા સુધી પોતાની દુષ્ટતા ન છોડી

આધિભૌતિક દુષ્ઠ વૃત્રાસુર મરતી વખતે ઈન્દ્રનાં વજ્રમાં ભગવદ્ તેજ જોઇને બે હાથ જોડી સ્તુતિ કરી. "અહં હરે તવ પાદૈક મૂલદાસાનુ દાસો ભવિતાસ્મિ ભૂય:" આમ તેને પૂર્વનું જ્ઞાન થયું અને ભગવાનની, સ્તુતિ કરી દિવ્ય ધામ ગયો હતો.

આધીભૌતિક તારા જેવા જે સંગથી રસ્તો ભૂલી ગયા હોઈ તેને કોઈ સારો સંગ લાગે તો તે સુધરી જાય છે.

અધ્યાત્મિક દુષ્ટ તેને કહેવાય કે જેનું જ્ઞાન દુષ્ટ હોઈ ભણેલ વિદ્વાન બુદ્ધિવાન હોઈ છતાં પોતાની બુદ્ધિનો ઉપયોગ પોતાનાં જ સ્વાર્થમાં કરે જાણકાર હોવા છતાં ઉલટે રસ્તે ચાલે. બીજાને બોધ આપે પણ પોતે શું કરે

છે તેની ચિંતા નથી કરતો, કારણ કે સ્વાર્થ અને અહંકાર તેને યોગ્ય કરવા દેતે નથી.

આવા આધ્યાત્મિક દુષ્ટને તો કોઈ એવો મહાન ભગવદ્ ભક્ત મળે અને લાંબો સમય તેનો સંગ કરે તો કદાચ સુધરી શકે નહીં તો સુધરવું કઠણ છે.

પ્રભુની કૃપા માની લે કે આવી સુંદર બુદ્ધિ તને આવી. વળી ધર્મપત્નિ પણ ભાગ્યશાળી ને મળે તેવી મળી છે. પાપનું પ્રાયઃશ્ચિત પશ્ચાતાપ, તે હવે ઘણો થયો. હવે બધા વિચારો જતા કરીને ભગવાનનું નામ લે. તે જોયુ નહીં! કે તારી હાલત જોઈ તારી બા નવરત્નનાં પાઠ કરવા બેસી ગયા. પત્નિએ ઘર સંભાળી લીધું. આ બધું પ્રભુકૃપા વગર થાય જ નહીં.

તારાથી બને તે સ્તોત્ર પાઠ રોજ કરવા ચાલુ રાખ. હજુ થોડા દિવસ આરામ લઈને સમયનો સદ્ઉપયોગ કરી લે. તું પણ નવ દિવસ સુધી નવરત્ન અનુષ્ટાનના રૂપમાં કરી લે. મારી તો તને આ સલાહ છે.જો કે પુષ્ટિમાં પોતાના સુખ માટે પ્રભુ પાસે માગણી કરવાની નથી. છતાં તે ઘરની વાત કહેવાય. ઘરથી બહાર નિકળવું તે અન્યાશ્રય કહેવાય.

સુરેશ– આવસ્તુ મને થોડી સમજાવ તો સારૂં.

દિનેશ– મારે હવે જવાની ઉતાવળ છે. હવાઈ મથકે પહોંચવું છે. અમેરીકાથી મારી માસી વગેરે આવવાનાં છે.

–પણ હજુ ટાઈમ છે, મારા માટે આટલી કૃપા કર,

પુષ્ટિમાં નિષ્કામ ભક્તિ કરવાનું કીધું છે. સકામમાં પ્રભુને શ્રમદેવા જેવું થાય. અને વેપાર ગણાય. પ્રભુ અંતર્યામી છે. સૌના મનની વાત જાણે છે. અને માગવાથી દેતા નથી પોતાની ઈચ્છાથી જ દરેક કાર્ય કરે છે, કેમકે જીવને માગતા પણ આવડતું નથી. પ્રભુ ચાહે તો શું ન આપે! પ્રભુ જે કાંઈ કરે છે તે ભક્ત નાં ભલા માટે જ કરતાં હોઈ છે. નાનો બાળક રમતો કાંટામાં દોડયો જાય તો તેનાં માતા પિતા રોકી રાખે, બાળક રોવા લાગે, છતાં તેને જવા ન દે કારણ કે તેમાંજ તેની ભલાઈ રહેલી છે કાંટા વાગ્યા પછી બાળક રોવા લાગે તેનાં પહેલાં જ રોકી રાખે તે ઉત્તમ. તેમ જીવ ઘણીવાર એવા સુખની ઈચ્છા કરતો હોવં કે જે સુખ તેને દુઃખ રૂપ થવાનું હોય તો પ્રભુ સર્વ વસ્તુ જાણે છે. માટે જ પોતે પોતાના ભક્તને તેનું ભલું કેમ થાય તે જ વિચારીને આપે છે.

એટલું છે કે જ્યારે બહુ જ મુંઝવણ થાય, રહી ન શકાય, કદાચ આશ્રય છુટી જાય આવો સમય આવે ત્યારે જીવ સ્વભાવથી સકામ ભક્તિ કરે તો પ્રભુ જાણે છે, તેને યોગ્ય ફળ આપશે જ.

નવરત્ન ચિંતા નિવૃતિ માટે શ્રી મહાપ્રભુજીએ બનાવ્યો છે રોજ પાઠ કરવો તે નિત્ય નિયમ. પરંતુ નવ દિવસનાં અનુષ્ટાનનું રૂપ જુદુ છે. તે વધારે ઉત્તમ છે. તારી બાએ પણ સંકટ વખતે તેમજ કર્યુ હતું. તું પણ નવ દિવસ અનુષ્ટાનનાં રૂપમાં કરી લે. જેથી મનને પૂર્ણ શાંતિ મળશે. રાત્રે સુતી વખતે ભગવાનનું સ્મરણ કરતા સૂઈ જવું.

હવે હું જલદી હવાઇ મથકે પહોંચું ભારત ૧૫ દિવસ રોકાઇ લંડન આવીશ ને બીજે દિવસે અત્રે તને મળવા આવીશ. જય શ્રી કૃષ્ણ.

(ક્રમશઃ)

વૈષ્ણવનો વિવેક

પ્રેષક : શ્રીમતી કમલાબેન વિવેક

હરિ ગુરુ વૈષ્ણવને બરાબર જાણવા એ વાત આપણે કહીએ છીએ પણ આચરણમાં ઓછા લોકો જ ઉતારે છે પણ આ વાતને સત્ય કરનારા પણ ઘણી વ્યક્તિઓ કે ભગવદીયો મળી જાય છે.

અમો મુંબઇ કામસર ગયેલા કલ્યાણની હવેલીમાં દર્શન કરવા ગયા ત્યાં અમોને ચંપારણના બેઠકજીમાં સેવા કરનારા ભાઇ તેમજ એમના ધર્મપત્નિ મળ્યા. જય શ્રીકૃષ્ણ કરી અમો એક બીજાને મળ્યા ક્યારેક ક્યારેક ચંપારણ્ય જઇએ એટલે ઓળખાણ આ લોકોના ઘર કલ્યાણમાં પણ હાલ તો સાવ બંધ જેવા. પોતે વરસે બે વરસે આવે ને મુસાફર જેમ રહીને ચાલ્યા જાય હંમેશાં ચંપાણ્યમાં જ રહેવાનું.

આ વખત કલ્યાણ આવ્યા હતા ને ઘેર ખોલ્યું હતું. જરૂરી ચીજ વસ્તુ વાપરે બાકી બધી બંધ જ પડી હોય.

અમને જોઇ ખૂબ જ રાજી યયા તમો અહી ક્યાંથી ! અમો રાયપુરને એ લોકો ચંપાણ્ય અને અચાનક મુંબઈમાં મળી ગયા પ્રસાદ લેવા આગ્રહ કર્યો એક દિવસ તો ટાળ્યું. પણ બીજે દિવસે ફરી એક જ વાત. આજે બારસ છે. અમારે ત્યાં વૈષ્ણવ પ્રસાદ લે તો કેવું સારું !

અમો એમનો પ્રેમ અને આગ્રહ ટાળી ન શકયા અને ગયા પ્રસાદ લેવા બેઠાને અચાનક લાઇટ જતી રહી, એટલે ગરમી ખૂબ થવા લાગી. આમ તો મુંબઇમાં સમુદ્રી હવાને લીધે પરસેવો તો થયા જ કરે છે. એ બન્ને પતિ-પત્નિ ઉભા થયા ને પંખાને બદલે પેપર લઇને અમને હવા કરવા લાગ્યા અને વાર વાર બોલતા જાય કે પ્રભુ ! મારા વૈષ્ણવો પ્રસાદ લે છે ત્યાં સુધીમાં લાઇટ આવી જાય. વૈષ્ણવોને ગરમી લાગે છે, એ લોકોને પરિશ્રમ પડે છે.

અમે ઘણી ના પાડી પણ તેઓ માને જ શાના ! મનમાં ને મનમાં પાછા હરખાય–હાશ આજ અમારે ત્યાં વૈષ્ણવોએ પ્રસાદ લીધો. અમારા અહોભાગ્ય.

જો કે અમો તો વૈષ્ણવોની રજ બરોબર પણ ન હતા, છતાં આવો ભાવ-પ્રેમ, સાચા હૃદયથી–શુદ્ધ સ્નેહે એમણે અમારો આદર સત્કાર કર્યો અને એ પણ આવી રીતે જ્યાં પોતે તો ચાર વસ્તુઓમ જ કામ ચલાવતા હતા

ખરેખર ! મને એમ થયું કે હજી પણ વૈષ્ણવો પ્રત્યે પ્રેમ રાખનારા આવા પરમ ભગવદીયો ભૂતલમાં બિરાજે છે. સેવા ભાવી પરમ ભગવદીય. આટલી નમ્રતા–દીનતા અને નિખાલસતાને ધન્ય છે. આવા ભગવદીયોની ચરણની રજ મસ્તક ઉપર ચડાવીએ તો પાવન થઈ જઇએ.

॥ શ્રીવલ્લભઃ ॥

મધુપ મન ચલો વહીં ઉડ જાય

ભાવ પ્રકાશ : **મધુરેસદાસ ગોવિંદ દયાળજીભાઇ કોટેચા ઉપલેટા**

પદ

મધુપમન ચલો વહીં ઉડ જાયં;
શ્રીવલ્લભકે દાસ કમલગણ, ભજનાનંદ
રસ પાયં. ૧

જહાં અલૌક્કિ સુર્ય પ્રકાશત, ફુલ રહે
હડ ડહાયં તહાં;
અવિદ્યા નિશા નહિ વ્યાપ્ત,
સુખસો સગ લપટાયં. ૨
લીલા પ્રેમ સમુદ્ર તહાં ઉમગત,
મર્યાદા બહાયં;
'રસિકદાસ' જન કેસે પૈયત,
કૃપા પંખહી ઉપાયં.

ભાવપ્રકાશ-શ્રીગુસાંઇજીના બીજા લાલ શ્રી ગોવિંદરાયજી અને તેમના લાલ શ્રી કલ્યાણરાયજી અને તેમના લાલ શ્રી હરિરાયજી રચિતઆ પદ છે. તેમને બાળપણુથી જ સત્સંગ મંડળીઓમાં તેમ જ કીર્તન મંડળીઓમાં જવાનો શોખ. રાતભર મંડળીઓમાં બેસી રહે

એક વખત એમના પિતાશ્રી કલ્યાણરાયજી તેમને ઠપકો આપ્યો અને પોતાની આજ્ઞા વગર જવાની ના પાડી. તેથી આપશ્રીને સત્સંગ માટે ખુબ જ વિયોગ થયો. વિપ્રયોગ અવસ્થામાં આપશ્રી પોતાના મનને ઉદ્દેશીને કહે છે-

હે મન ! તું ભ્રમરરૂપ બનીને ભકતજનોના ભજનાનંદરૂપ કમલ મકરંદનું પાન કરવા ઉડી જા. શ્રી વલ્લભનાદાસરૂપ કમલગણ ભજનાનંદનું પાન કરાવી રહ્યા છે. ત્યાં તું જલદી ઉઠીને જા. તે. ભકતોરૂપ કમલ ગણો અલૌકિક સૂર્યના પ્રકાશમાં રસમય બની ગયા છે.

કદાચ મનરૂપ ભ્રમર શંકા કરે કે ભૌતિક કમલ તો રાતના બીડાય જાય છે અને તેમાંથી ભ્રમર તે વખતે રસપાન કરી શકતો નથી.

તો આપશ્રી કહે છે કે આ ભકત કમલો જ્યાં વિકસી રહ્યાં છે. ત્યાં અવિદ્યારૂપી રાત્રિ આવી શકતી જ નથી. માટે તું તેમના સંગમાં રહી સુખપૂર્વક રસપાન-ભજનાનંદનું પાનકર.

ત્યાં કોઇ શંકા કરે કે-કમલ હોય ત્યાં જલ પણ હોય તો તેના શંકા નિવારણમાં આપશ્રી કહે છે કે "રસો વૈસઃ "શ્રીકૃષ્ણનો સમુદ્ર ત્યાં રહ્યો છે. અને આ ભકત કમલો તે પ્રેમ જલમાં જ ખીલી રહ્યા છે.

હવે આપશ્રીના મનરૂપી ભ્રમરને ત્યાં જવા ખૂબ જ ઉત્સુકતા થાય છે કે ત્યાં જવા માટે પ્રભુ કૃપારૂપી પાંખો મળે તો જ જવાય. આ માર્ગમાં તો રસેશ શ્રીકૃષ્ણ વરણ વિચારે છે-કૃપા કરવા ધારે છે, તે જ તેને પ્રાપ્ત કરી શકે છે. આપણા પ્રભુની કૃપા પણ કોઇ સાધનને આધિન નથી. શરણ મંત્રથી લઇ બધું પ્રભુ કૃપાને આધિન છે.

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૬ તા. ૮-૫-૯૨ શુક્રવાર, ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી જૂનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૯-૫-૯૨ શનિવાર, રામરાજ્ય. શ્રી જાનકીજીનો જન્મદિન, ગંગા સપ્તમી. શ્રી સ્વામીનીજીનો વિવાહોત્સવ ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૧૧-૫-૯૨ સોમવાર, ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજશ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૧૨-૫-૯૨ મંગળવાર, મોહિની એકાદશી વ્રત. શ્રી હરિવંશજીનો જન્મદિન. (સં. ૧૫૫૯)

વૈશાખ સુદ ૧૩ તા. ૧૪-૫-૯૨ ગુરૂવાર, ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૧૫-૫-૯૨ શુક્રવાર. શ્રી નૃસિંહ જયંતી વ્રત, ગો. શ્રી રસિકરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૧૬-૫-૯૨ શનિવાર, પુર્ણિમા. વૈશાખસ્નાન સમાપ્તિ, કૂર્મજયંતિ, બુદ્ધાયજયંતિ શ્રી રાધારમણનું પ્રાકટ્ય. ભકત કવિશ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૧ તા. ૧૭-૫-૯૨ રવિવાર, શ્રી નારદ જયંતિ.

વૈશાખ વદ ૨ તા. ૧૮-૫-૯૨ સોમવાર, શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ, શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ. (સં. ૧૯૬૭)

વૈશાખ વદ ૧૦ તા. ૨૭-૫-૯૨ બુધવાર. ગો. ચિ. ચંદ્રગોપાલજી બાવાશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૨૮-૫-૯૨ ગુરુવાર અપરા એકાદશી વ્રત

વૈશાખ વદ ૧૨ તા. ૨૯-૫-૯૨ શુક્રવાર ગો. શ્રીવ્રજ રમણલાલજી મહારાજ શ્રી (મથુરા) નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૩૦-૫-૯૨ શનિવાર ગો. ચિ. વ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી) નો જન્મદિન

વૈશાખ વદ ૧૪ તા. ૩૧-૫-૯૨ રવિવાર ગો. ચિ. વ્રજાધિશજી મહારાજશ્રી (મુંબઇ) નો તથા ગો. ચિ. શ્રી ગોવિંદરાય બાવશ્રી (મુંબઇ) નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૨-૬-૯૨ મંગળવાર ચંદ્રદર્શન, ગંગા દશહરા પ્રારંભ પનઘટ-જલક્રિડા આજથી શ્રીયમુનાજીના પદ પૂનમ સુધી બોલાય. ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદિવલી) નો જન્મદિન (બીજનો ક્ષય હોવાથી આજે)

જેઠ સુદ ૪ તા. ૪-૬-૯૧ ગુરુવાર ગો. ચિ. કુંજરાયજી (શ્રીયોગેન્દ્રકુમારજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ) નો જન્મદિન

જેઠ સુદ ૫ તા. ૫-૬-૯૨ શુક્રવાર રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટયદિન. (સં. ૧૮૩૬) ગો. ચિ. શ્રી પુરૂષોત્તામ બાવાશ્રી (કાંકરોલી) તથા ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર) નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૮-૬-૯૨ સોમવાર ગો. ચિ. શ્રી મુકુંદરાયજી બાવાશ્રી (માંડવીનો જન્મદિન)

॥ શ્રીવલ્લભ તવાસ્મિ ॥

લે. પ્રો. જીવનલાલ છ. જોશી, રાજકોટ

નંદાલયના નવનીતલાલ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
બુંદી કોટાના મથુરાનાથ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫૧
શ્રી નાથદ્વારાના વિઠ્ઠલનાથ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
કાંકરોલીના દ્વારકાધીશ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫૨
ગોકુલના ગોકુલનાથ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
કામવનના ગોકુલ ચંદ્રમા બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫૩
સુરતના બાલકૃષ્ણ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
કામવનના મદનમોહન બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫૪
વડોદરાના કલ્યાણરાય બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
અમદાવાદના નટવરલાલ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫૫
બનારસના મુકુંદરાય બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
વેરાવળના લલિતત્રિભંગ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫૬
પોરબંદરના મદનમોહન બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
જુનાગઢના દામોદર બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ. ૫૭
મુંબઇના બાલકૃષ્ણ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
નાથદ્વારના મદનમોહન બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫૮
પ્રત્યેક સ્વરૂપના શ્રી સ્વામીનીજી બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
પરિવાર બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૫૯
પરિકર બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ;
ઉપસ્કરાદિ બોલે, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૦

-ક્રમશઃ

કાવ્ય-કુંજ

[ઢાળ – વહુએ વગોવ્યા મોટા ખોરડા રે લોલ]

(૧) મહામંત્ર

મહામંત્રની મીઠી છાંયડી રે લોલ,
લેવું અષ્ટાક્ષર નામજો— મહામંત્રની ૦ ૧

વલ્લભ પ્રભુએ મને આપીયો રે લોલ,
આપ્યા અભય વરદાન જો— મહામંત્રની ૦ ૨

કંઠી બાંધી છે મને પ્રેમથી રે લોલ,
આપ્યા છે બ્રહ્મસબંધ જો— મહામંત્રની ૦ ૩

વિઠ્ઠલ પ્રભુએ માર્ગ ચિંધિયો રે લોલ,
મને બતાવ્યા ગોવર્ધન નાથજો— મહામંત્રની ૦ ૪

સેવા શિખવી છે રૂડી રીતની રે લોલ.
માંહી પૂર્યા છે ભકિત કેરા ભાવજો— મહામંત્રની ૦ ૫

શ્રીથી સૌભાગ્ય મળે સામટું રે લોલ,
કૃષ્ણ કહેવાથી કૃપા થાય જો— મહામંત્રની ૦ ૬

'લક્ષ્મી' એ મંત્ર સદા જાપતી રે લોલ,
જીવન ધન્ય ધન્ય બની જાય જો – મહામંત્રની ૦ ૭

– શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ અમદાવાદ.

૨. શ્રી વૃજનંદનનાં દિવ્ય દર્શન :

(શ્રીમદ્ ભાગવત ૧૦–૨૧–૫ નો ભાવાનુવાદ)

(છંદ-શાર્દુલ વિક્રીડિત)

શોભે છે શિર તો મયુર મુકુટે કર્ણો પીળાં પુષ્પથી,
વસ્ત્રો હેમસમાં ધર્યાં નટવરે, કંઠે વિજે-માલિકા,
પુરે છે અધરામૃતે કિશનજી, વેણુ તણાં છિદ્ર આ,
ગીતો ગોપ બધા હરિયશ તણાં, ગાતા ઘણા પ્રેમથી,
આવાં દિવ્ય સ્વરૂપથી વન મહીં, જ્યાં તે પ્રવેશે પ્રભુ,
થાતું ધન્ય અહો મૃદુ ચરણથી, વૃન્દાવને આ ઘણું.

– જયંત જી. ગાધી – 'કુસુમાયુધ', જૂનાગઢ

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

(વર્ષ ૧૦ અંક ૭ના અનુસંધાને)

૪૪૧ શ્રી બાબુભાઈ સાંમાણી, રાજકોટ.
૪૪૨ શ્રી પ્રવીણચંદ્ર પોપટલાલ ઘોડેશર, મોરબી
૪૪૩ શ્રીમતી માલતીબેન મધુભાઈ પારેખ, રાજકોટ.
૪૪૪ શ્રી પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ
૪૪૫ શ્રીમતી રાધાબાઇ ડાગા, મુંબઈ
૪૪૬ શ્રી ત્રિભુવન પરસોતમ, રાજકોટ
૪૪૭ શ્રીમતી કમલાબેન બી. આશર, રાયપુર.
૪૪૮ શ્રીમતી ગીતાબેન પ્રકાશભાઇ શાહ, વિલે પારલા.
૪૪૯ પટેલ મેઘજી રત્નાભાઈ સોજીત્રા, કેરાળી
૪૫૦ વીનોદ એસ. રાણપુરા, રાજકોટ.

શિક્ષાનું પદ: રાગ–સોરઠ

જીવ! તું તો સદાએ સજાઇ રાખરે, અચાનક જાવું થશે;
નિત્યે 'કૃષ્ણ, કૃષ્ણ' મુખે ભાખરે, તે તારી સંગે આવશે. ટેક.
તડિતના તેજમાં મુકતા પ્રોવું, તેની શીઘ્રતામાં શી બાકી!
મોતીને મોઢે ગુણ લસ કરીને,
એક દષ્ટે અચળ રેહેવું તાકી રે અચાનક જાવું થશે. ૧

જેને મસ્તક દુશ્મન હોય, તે તો સદા શસ્ત્ર કર ધારે,
ગફલતમાં રહે તો જાય ગાંજયો,
અરિ મનમાં આવે ત્યારે મારે રે અચાનક જાવું થશે. ૨

બન્યું તે ખરું, બનવું હરિ-હાથે, તેને ભરોસે ના રહેવું;
મીચ્યું લોચન, ઊઘાડયાંની ના આશા,
(તો) કાલે કરી શે મિથ્યા કેહેવું રે? અચાંનક જાવું થશે. ૩

એ જ તૈયારી, હરિ, હીરો રાખ કંઠે, (તારી) રસના માંદળીયે મઢાવી
એક પલક અળગો રખે મેલે,
તું ને એ સાવધાની બતાવી રે. અચાનક જાવું થશે. ૪

શ્રી કૃષ્ણરૂપ ચિંતામણિ નિશાદિન, (તારી) રુદયા પેટીમાં રાખો
લોભીનાં દામની પેઠે જાળવજે.
ચિત્ત ચક્ષુ વડે ઝાંખરે અચાનક જાવું થશે. ૫

હરિ વિના કયહું રખે મન ચોટયું રાખે, તું ને અંત સમે દુઃખ થશે;
'દયો' એ રીતે નહીં ચાલે તે,
પાંછળથી પસ્તાશે રે અચાનક જાવુ થશે. ૬

ભક્ત કવિ શ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

જલક્રીડાનું પદ (રાગ–ટોડી)

કરત ગોપાલ યમુના જલક્રીલા,
સુરનર અસુર થકિત ભયે દેખત, બિસર ગઇ તન મન જીય પીડા. ૧

મૃગ મદ તિલક કુંકુમા ચંદન, અગર કપુર વાસ બહુ બુરકન;
કુચ યુગ મગ્ન રસિક નંદનંદન, કમલપણિ પરસ્પર છીરકન. ૨

નિર્મલ શરદ કલાકૃત શોભા, વરખત સ્વાંતિ બુંદ જલ મોતી;
'પરમાનંદ' કંચન મણી ગોપી, મરકત મણી ગોવિંદ મુખ જોતી. ૩

—અષ્ટછાપ પૈકી ભક્ત કવિ શ્રી **પરમાનંદદાસજી**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૧૧ : અંક-૩ ✠ **જુન, ૧૯૯૨**
શ્રીવલ્લભાબ્દ ૫૧૪

વાર્ષિક લવાજમ રૂ. ૨૫ * **આજીવન રૂ. ૩૦૧**

શ્રી વલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

શ્રી વલ્લભ વિજ્ઞાન રાજકોટ તા. ૩૧-૧-૮૯ના રોજ પુરા થતા વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

પી.આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
બસ સ્ટેશન સામે, રાજકોટ

આવક	રૂ.	ખર્ચ	રૂ.
શ્રી વાર્ષિક લવાજમ	૮૯૭૦-૦૦	શ્રી પ્રકાશન	૧૯૨૩૯-૦૦
શ્રી વ્યાજ	૫૨૭૦-૧૦	પોસ્ટેજ	૨૮૩૧-૮૭
શ્રી પ્રકાશન સહાય	૨૧૧૪-૨૫	સ્ટેશનરી કન્ટીજન્સી	૨૭૦-૭૦
શ્રી સામયિક વેચાણ	૯૪-૦૦		
શ્રી ઘટાડાની રકમ સરવૈયામાં લઈ ગયા	૫૮૯૩-૨૨		
	૨૨૩૪૧-૫૭		૨૨૩૪૧-૫૭

તા. ૩૧-૩-૮૯ ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી			મિલ્કત તથા લેણા		
શ્રી આજીવન ગ્રાહક લવાજમ			શ્રી રમણિકલાલ મેઘજી		૧૧૦-૦૦
ગ વ	૪૬૬૦૯-૦૦		શ્રી વિઠલભાઈ શાહ		૨૬૦-૦૦
વધારો	૮૨૪૬-૦૦		શ્રી ભગવાનજીભાઈ વેલજીભાઈ		૪૩૫-૦૦
		૫૪૮૫૫-૦૦	શ્રી અમુભાઈ હીંડોચા		૬૦-૦૦
શ્રી એડવાન્સ લવાજમ			શ્રી ભોગીભાઈ રમણલાલ		૧૫-૦૦
૮૯-૯૦	૯૨૯૦-૦૦		શ્રી હીરજીભાઈ રણછોડભાઈ		૧૦૫-૦૦
૯૦-૯૧	૭૫-૦૦		શ્રી પોપટલાલ રામજીભાઈ		૪૨૬-૦૦
૯૧-૯૨	૧૫-૦૦		શ્રી પુસ્તક પ્રકાશન		૧૫૭૬-૨૮
		૯૩૮૦-૦૦	શ્રી રોકડ અને બેંક બેલ.		
શ્રી વી. એમ. શાહ		૨૦-૦૦	રાજકોટ ના. બેંક ફી. ડી.		૪૫૦૦૦-૦૦
શ્રી મીસ્ત્રી નાગજી ખીમજી		૧૫-૦૦	શ્રી રાજકોટ ના. સેવીંગ		૪૩૦૯-૧૨
શ્રી ડાયાલાલ કસ્તુરચંદ એન્ડ કું.		૧૨૦૦-૦૦	શ્રી સીટીઝન્સ બેંક સેવીંગ		૩૮૮-૩૦
			શ્રી પોસ્ટ ઓફીસ સીકયો. ડીપો.		૩૯૦-૦૦
			શ્રી પુરાંત સિલક		૧૫૨૭-૨૫
			શ્રી આવક ખર્ચ ખાતે		
			ગ. વ. પ્ર.	૩૯૭૪-૮૩	
			વધારો		૯૮૬૮-૦૫
		૬૪૪૭૦-૦૦			૬૪૪૭૦-૦૦

રાજકોટ તા. ૧૭-૨-૯૨

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે
સહી. પી. આર. ધોળકીયા

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ ૧૧ : અંક ૩ * જુન, ૧૯૯૨

॥ શ્રી હરિઃ ॥

બંધન–મુક્ત

પ્રવકતા : નિ.લી. ગો. **શ્રીપુરુષોત્તમલાલજી મહારાજ** (કોટા)

સંપાદક : ગો. **શ્રી ગોપાલલાલજીમહારાજ** (કોટા)

અનુવાદક : **ડો. ચુનીલાલ રવજી બાલધા**
આંખના સર્જન, રાજકોટ.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત્ ક્રીડતિ યોયતઃ ॥

હમણા અમારા જયપુરના શ્રી ગોપીલાલજીએ જે શબ્દો કહ્યા તે ઘણા જ ભાવ ગંભીર છે. સમજવામાં આવે તો તેમા ઘણો સાર છે. પરંતુ અત્યારના સમયમાં આપણા લોકોની શ્રવણેન્દ્રિય કંઈક એવી થઇ ગઇ છે કે આપણે સાંભળવા ખાતર સારી વાત સાંભળી લઇએ છીએ, પરંતુ તેનો આપણા જીવન સાથે શું સંબંધ છે તેનો વિચાર ઘણી વખત નથી કરતા. સારી વાત સાંભળી, સારૂ કર્યું, તેની પ્રસંશા પણ ઘણી કરી, ઘણી સારી વાત છે. તેનાથી કામ નહીં ચાલે. સત્પુરુષોની વાત ભલે થોડી જ સાંભળીએ, પરંતુ તેનો ભાવ હૃદયંગમ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. હમણા શ્રી ગોપાલલાલજીએ કહ્યું કે મારો અંતિમ સમય છે, તો અંતિમ સમય કોનો નથી તેનો વિચાર કરો.

આતો તેમણે પોતાને માટે કહ્યું, પરંતુ કોનો અંતિમ સમય નથી? કોઇ કહી શકશે? કે મારો અંતિમ સમય આ નથી, કોઇ પણ કહી શકશે? વર્ષ એ વર્ષની વાત તો બહુ દુરની વાત છે. કાલ સુધીની પણ કોઇ ગેરંટી નહીં આપી શકે કે કાલ સુધી મારો અંતિમ સમય નથી, આ વાતની કોઇ ગેરંટી છે? અંતિમ સમય તો બધાનો છે અને આ દૈહિક દૃષ્ટિએ જોવામાં આવે તો અંતિમ સમય બધાનો છે. કયારે છે? કઈ તારીખે છે? કેટલા વાગે છે? એ કોઈ નથી કહી શકતું.

પરંતુ એક વાતનો વિચાર એ કરવાનો છે કે અંતિમ સમય આપણે દેહ દૃષ્ટિથી કહીએ તો તો સાર્થક છે, પરંતુ ભગવદીય દૃષ્ટિથી વિચારવામાં આવે તો આપણો અંતિમ સમય કયારેય નથી, કયારેય પણ નથી, કારણ કે આ લોકમાં જ્યાં સુધી ભગવાને આપણને રાખ્યા છે ત્યાં સુધી રહેવાનું છે અને ભગવદ્ કાર્ય કરવાનું છે. કયુ ભગવદ્ કાર્ય? તો કહેશે પૂજા કરો, દર્શન કરો, સત્સંગ કરો, ત્યારે તો ભગવત્ કાર્ય છે. દુનિયાનો વ્યવહાર કરવો તેમાં ભગવત્ કાર્યને સંબંધ કેવી રીતે આવ્યો? વિચારવામાં આવે તો દુનિયામાં આપણા જે કંઇ વ્યવહાર છે તે બધા લૌકિક દૃષ્ટિએ લોક સંબંધી દેખાય છે, પરંતુ જેની દૃષ્ટિ ભગવદીય બની ચુકી છે તેમની દૃષ્ટિમાં તો જે કંઇ લોક સંબંધી કાર્ય છે તે બધા ભગવદ્ કાર્ય છે.

ગૃહસ્થાશ્રમ ચલાવવો, વ્યવહાર કરવો, રોજગાર કરવો, નોકરી કરવી, વેપાર કરવો, જેનું જે કામ હોય તે બધા કાર્ય એક રીતે જોઇએ તો ભગવદ્કાર્ય છે, કારણ કે ભગવાને ભગવદ્ ગીતામાં કહ્યું છે કે–

મતકર્મ કૃન્મતપર મોમદ્ ભક્તઃ સંગ વર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વ ભૂષેષુઃ સ મમેતિ પાંડવઃ ॥

ભગવાન શું આજ્ઞા કરે છે? 'મત કર્મ કૃત' મારા માટે કર્મ કરનાર જે વ્યક્તિ છે, મારામાં જે પરાયણ વ્યક્તિ છે અને 'મદ્ ભક્તઃ' મારો જે ભકત છે અને 'સંગવર્જિતઃ' જેને લોકમાં કોઇ પદાર્થમાં કે કોઇ વ્યકિતમાં આસક્તિ નથી, 'નિર્વૈરઃ સર્વ ભૂતેષુઃ' અને પ્રાણીમાત્ર પ્રતિ કોઇને માટે પણ જેના હૃદયમાં વેરભાવના નથી કે આ પરાયો છે, મારો દુશ્મન છે, એવી ભાવના નથી. ભગવાન આજ્ઞા કરે છે કે અર્જુન એવી વ્યકિત મને પ્રાપ્ત થાય છે, બીજે કયાંય પણ નથી જતા. તો 'મામેતિ' ભગવાને કહી દીધુ મને પ્રાપ્ત થાય તો આ દૃષ્ટિએ જોવામાં આવે તો ભગવાન પાસે જવું, તેમને પ્રાપ્ત કરી લેવા, આ અંતિમ સમય કયાં રહ્યો? આ તો ઘણો લાંબો સમય થઇ ગયો. ભગવાનની પાસે પહોંચી ગયા, તેની સેવામાં લાગી ગયા, તેમની સેવા–ચાકરી કરવાના સૌભાગ્યની બીજી કઇ વાત હોઇ શકે? 'મામેતિ'!

દુનિયાને પ્રાપ્ત કરવાની ઇચ્છા તો દુનિયામાં દરેક વ્યકિત કરે છે. પરંતુ ભગવાનને પ્રાપ્ત કરવાની ઇચ્છિાવાળા આજ કેટલા છે? કહેવા માટે તો ઘણા છે, તેમની સંખ્યા મોટી છે, પરંતુ સાચા હૃદયથી ભગવાન મને પ્રાપ્ત થાય એવી ભાવના રાખવાવાળી કેટલી વ્યકિત મળશે? એ બીજી વાત છે કે વૈરાગ્યનો પ્રસંગ આવી જાય, જ્ઞાનનો પ્રસંગ આવી જાય,

સત્સંગનો પ્રસંગ આવી જાય અને આપણા હૃદયમાં ભાવના જાગૃત થઇ જાય કે ભગવાન પ્રાપ્ત થઈ જાય તો કેટલું સારું ?

આ બીજી વાત છે, પરંતુ આવી ક્ષણો જીવનમાં કેટલો સમય રહે છે ? થોડા સમય માટે. જેવા બીજા વિષય આવ્યા, અન્ય પ્રવૃત્તિઓમાં આપણે લાગ્યા અને આપણું જે ધ્યેય છે તે બદલાઇ જાય છે.

ભગવાનને પ્રાપ્ત કરવાની કામનાની જગ્યાએ ધનપ્રાપ્ત કરવા માટે, કુટુંબ પ્રાપ્ત કરવા માટે, યશ પ્રાપ્ત કરવા માટે, પદાધિકાર પ્રાપ્ત કરવા માટે અનેક કામનાઓ હૃદયમાં જાગૃત થઇ જાય છે, ત્યારે આચાર્ય ચરણોનો આદેશ શું છે ? તે આપણે ટુંકમાં સમજી લેવો જોઇએ.

આજે એક પ્રસંગ, હમણાં જ શિક્ષાપત્રનો આવ્યો હતો. ઘણો જ સુંદર હતો કે ભગવાન જે વ્યકિતને એમ માને છે કે આ વ્યકિત મારી છે, તે વ્યકિતનું લૌકિક અને પારલૌકિક બધા કાર્ય ભગવાન સ્વયં સિદ્ધ કરે છે. તેને ભાગ્ય ઉપર, કર્મ ઉપર છોડી દેતા નથી. જેવું તેનું ભાગ્ય હશે, તેવું ફળ તેને મળશે, એવી વાત નથી. ભગવાન સ્વયં પોતાની દેખરેખ નીચે તેનો લોક-પરલોક ચલાવે છે. લૌકિક કાર્ય પણ હોય તેને ભગવાન સિદ્ધ કરે છે, અને પારલૌકિક કાર્ય હોય તેને પણ ભગવાન સ્વયં સિદ્ધ કરે છે.

આપણે દુનિયામાં પણ જોઇએ છીએ કે કોઇ વ્યકિત કોઇનો થઇને રહે, હું તો સાચા હૃદયથી તેનો જ છું. તો પછી તે વ્યકિત ભલી અને સહૃદયી હોય તો તેની અર્થાત્ પોતાનો બનનારની બધી ચિંતાઓ તે જાતે પોતાના પર લઇ લે છે. તેની ચિંતા તેને કરવી પડતી નથી. તેની ચિંતા જેને શરણે તે ગયો છે, જેના આશ્રયમાં તે છે, તે જાતે તેના બધા કાર્ય સંભાળે છે. તો જો આપણે શુદ્ધ હૃદયથી ભગવાનના શરણમાં જઇએ, આત્મનિવેદન કર્યું હોય પ્રભુને કે 'પ્રભુ મારા છે' હું તેમનો છું. આ પ્રકારનો સંબંધ ભગવાન સાથે જોડયો હોય, એવી વ્યકિત માટે, ન તો આ લોકમાં ચિંતા કરવાનું કોઇ કારણ છે કે ન પરલોક માટે. બન્ને અવસ્થામાં ભગવાન જાતે તેના બધા કાર્ય સિદ્ધ કરે છે. 'કરોતિ કુરૂતે કર્તા'.

અત્યાર સુધી જેટલા કાર્ય તમારા થયા ભગવાનને મળ્યા પછી, તે પહેલાની વાત નથી. ભગવાનના જ્યારે બની ગયા ત્યારે ભગવાને કહી દીધું કે તે મારો છે અને આપણે માની લીધું કે આપણે ભગવાનના છીએ. ત્યારથી જે કંઇ કામ આપણે કર્યા તે કાર્ય તો આપણે કર્યા છે, એવો વિચાર આપણે ન કરવો જોઇએ. પરંતુ ભગવાને જ આ કાર્ય કર્યા છે, આપણને નિમિત્ત બનાવેલ છે. હું તો નિમિત્તમાત્ર છું. કરવાવાળા તો ભગવાન છે. આ ધ્યાનમાં રાખીને, પહેલાના સમયમાં તમારાથી જે સારા કાર્ય થયા હોય તેનું ગૌરવ અને અભિમાન તમારા હૃદયમાં એ રીતનું ન હોવું જોઇએ કે મેં કેવું સારું કામ કર્યું. પરંતુ ત્યાં પણ એ ભાવનઃ હોય કે ભગવાને આ કાર્ય મારા દ્વારા કરાવ્યું. આ પ્રકારની ભાવના હોવી જોઇએ, અને હાલ પણ આપણાથી જે કાંઇ બની શકે છે, આપણે જે કંઇ કરી રહ્યા છીએ, તે શું આપણે આપણી

શક્તિથી કરીએ છીએ ? એક નાનું કામ પણ. નાનામાં નાનું કામ પણ આપણે ફક્ત આપણી શક્તિથી નથી કરી શકતા. પરંતુ ભગવાનની ઇચ્છા, ભગવાનની શક્તિ જ આપણી પાસે બધું કરાવી રહી છે. આપણે તો નિમિત્તમાત્ર છીએ. આપણી શક્તિ શું છે ? આપણે તો અજ્ઞાની છીએ. અલ્પાયુ છીએ, અલ્પજ્ઞાનવાળા છીએ, આપણાથી શું બની શકે ? છતાં પણ અલ્પમાં અલ્પ પણ જે કંઈ બની શકે છે તે પણ ભગવાન જ આપણા દ્વારા કરાવી રહ્યા છે.

પહેલા પણ ભગવાને જ કરાવ્યું, હાલમાં પણ ભભગવાન કરાવે છે અને ભવિષ્યમાં પણ જે કંઇ કરાવશે તે પણ જે કંઇ કરાવશે તે પણ ભગવાન જાતે જ પોતાની ઇચ્છાથી કરાવશે. આપણે આપણી ઇચ્છાથી કંઇ કાર્ય કરીશું, ભવિષ્યમાં પણ સારા કાર્ય કરીશું, એવો વિચાર જેના હૃદયમાં આવશે તેને તેનું ફળ મળશે જ.

‘કર્તાહમિતિ મન્યતે’ જેનો આ સિદ્ધાંત છે, હું કર્તા છું, આ પ્રકારની ભાંવના જે વ્યક્તિ રાખે છે, તે તેને કતૃત્વના બંધનમાં બાંધે છે અને જેના હૃદયમાં આ ભાવના નથી કે મેં કર્યું કે હું જ કરીશ તે ક્યારેય પણ તેના ફળના બંધન પામતો નથી, તે સારા હોય કે ખરાબ હોય, હંમેશા ભગવાન તેના દ્વારા સારા જ કાર્ય કરાવતા રહે છે. —ક્રમશઃ

શ્રી કૃષ્ણની સેવાનો માર્ગ કયો ?

પ્રવક્તા : **ગો. શ્રી ગોકુલનાથજી, મોટા મંદિર, મુંબઇ**

શ્રીકૃષ્ણ એ સેવ્ય છે, પણ તેમની સેવાનો માર્ગ કયો ? આચાર્ય ચરણની સ્પષ્ટ આજ્ઞા છે કે, જે માર્ગોમાં સ્નેહ વિનાની સેવા હોય તો તે સેવા નથી પણ અર્ચા છે, અથવા પૂજા છે, પછી ભલે ભક્તિમાર્ગના સિદ્ધાંતથી કરવામાં આવતી હોય, પરંતુ સ્નેહ વિના કાંઈ નહીં.

મુખીઆ ભીતરીયાજીઓ, અમે તથા વૈષ્ણવો પણ સાથે પ્રેમ વિના આદતથી ભગવાનનું સેવન કરીએ તો તે પૂજા છે, તે સેવા નહિ. સેવા એટલે સ્નેહથી પ્રાણની પણ દરકાર કર્યા વગર ભગવાનનું સેવન કરવું. સેવા કરનારના સ્વપ્નમાં પણ ક્લેશ હોવો ન જોઇએ. એક ક્ષણભર પણ હૃદયમાં અન્ય ભાવ ન રાખવો જોઇએ. સેવા વખતે પણ આ તો ગરમ જળ છે, આતો ઠંડુ જળ છે. આ કપડું પાતળું છે, આ જાડું છે, આ સામગ્રી આવી છે તો આ આવી છે, વગેરે મનમાં આણી કલેશ ન થવો જોઇએ એ સઘળું ક્યારે આવી શકે ?

જો મારી પાસે સાધન ન હોય અને હું ન કરતો હોઉં ત્યારે પણ જો મારી પાસે સુકી રોટલી હોય અને જો તે સ્નેહથી ભગવાનને અર્પણ કરવામાં આવે તો તેથી ભગવાન પ્રસન્ન થશે. પરંતુ આપણે માટે તરેહ તરેહની વાનીઓ અને ભગવાનને માટે ફક્ત સૂકી રોટલી એથી ભગવાન કેમ પ્રસન્ન થાય ? ભગવાનને જે અર્પણ કરીએ તેજ આપણે માટે હોઈ શકે.

કોઈપણ વ્યક્તિ જો ભગવાનને ગમે તે ચીજ શ્રદ્ધાપૂર્વક અર્પણ કરે તો ભગવાન તેનાથી પ્રસન્ન થાય છે, અને નહિ કે આણે છપ્પન ભોગ કર્યો તો લાવ હું પણ કરું, એ ઠીક નહિ. મારામાં સામર્થ્ય હોય તો હું છપ્પન ભોગ કરું. અણુમાત્ર ભક્તિમાં ફેર પડે અને અશ્રદ્ધાથી ભગવાનને છપ્પન ભોગ પણ ધરાવવામાં આવે, તો તેથી ભગવાન પ્રસન્ન થતાં જ નથી. લોકમાં પ્રસિદ્ધિ મેળવવા તથા અભિમાન કરનાર નીચ છે, નાલાયક છે. સેવા તો કેવળ પ્રેમથીજ થવી જોઈએ. છપ્પન ભોગને બદલે છપ્પન ભોગ ગણી જેટલો પણ ભોગ શ્રદ્ધા અને પ્રેમથી ભગવાનને અર્પણ કરવામાં આવે, તો ભગવાન અવશ્ય તેને ગ્રહણ કરશે. ભગવાન પ્રેમ અને ભક્તિ માત્રની જ ઇચ્છા રાખે છે અને તેનાથી ભગવાન પ્રસન્ન થાય છે. તેવી ભક્તિ કરનાર જ ભગવાનનો સેવક બનશે, પરંતુ તેમ કરવામાં સેવા કરનારે જરાએ અહંતા મમતા ધારણ કરવાની નથી. જીવને જે દેહ મળ્યો છે, તેનાથી જ તે સમજે કે, હું ભગવાનને જ અર્પણ કરવાનું છે, એવો ભાવ રાખવાની જરૂર છે.

સેવાના પ્રકાર ઘણા છે, તેના પર તો ઘણુંય બોલાય એમ છે. ભગવાન શ્રીકૃષ્ણ સેવ્ય અને સેવા કરવાનો પ્રકાર બતાવવામાં આવ્યા છે. હવે સેવા કરનાર કેવો જોઇએ તે હું જણાવીશ. આજકાલ સેવા કરવાવાળાઓની શી દશા છે! ભગવદ્ ભક્ત પ્રહલાદ જેવાની આજના જમાનાની સેવા કરનારાઓ મશ્કરી કરે છે. શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિઓ છે, પાંચ કર્મેન્દ્રિઓ છે અને અગિયારમું મન આ એકઠા મળીને દેહધારીની શી વ્યવસ્થા કરે છે તે જાણવાનું છે. જેમ એક વ્યક્તિને ઘણી સ્ત્રીઓ હોય અને તેને લીધે તે સઘળી સ્ત્રીઓ તો પોતાના પતિ રોજ રોજ પોતાની પાસે આવે અને પ્રેમવાર્તા કહે એ ઇચ્છે. પરંતુ તે પતિ સઘળી સ્ત્રીઓને એક સાથે રાજી રાખી શકતો જ નથી. પરિણામે કટુ વાક્ય, હસ્ત પ્રહાર વગેરે તેને સહન કરવા પડે છે. તે જ પ્રકારે દેહધારીના જીવનની દશા ઇન્દ્રિઓથી થાય છે. મુડદાઓને જેમ ગીધો ચાંચ મારે છે તે જ પ્રમાણે ઇન્દ્રિઓનું છે. જીભ સારા સારા પદાર્થો ખાવા માગે છે. આંખ રૂપ, નાક સુગંધ વગેરે માગે છે. પરંતુ ઇન્દ્રિઓ તરફ લક્ષ ન આપો. ઇન્દ્રિઓને તેના ધર્મ પ્રમાણે વર્તવા દો અને સ્વધર્મ પ્રમાણે ચાલો.

બહિર્મુખતા કયાં આવે છે અને બહિર્મુખતા એટલે શું એ કહેવાની જરૂર છે. એક પતિવ્રતા સ્ત્રીનો ધર્મ પતિ વ્રત ધર્મનું પાલન કરવામાં આવે છે અને તે જો સ્વપ્નમાં પણ અન્ય પુરૂષનું ધ્યાન કરે તો તેના પોતાના ધર્મથી વિમુખ થાય છે, તેજ પ્રકારે અમારા આરાધ્ય શ્રી કૃષ્ણ સિવાય અન્ય કોઇ નહિ અને જો શ્રીકૃષ્ણ સિવાય અન્યની આરાધના

કરવામાં આવે તો તે બહિર્મુખતા ગણાય. સ્વપ્નામાં પણ બીજાને આરાધવાની અમને શક્તિ નથી. અમારા હૃદયમાં શ્રીકૃષ્ણ સિવાય અન્યને સ્થાન જ નથી.

આપણો માર્ગ શુદ્ધાદ્વૈત છે. આપણે બુદ્ધિ અમારી છે, શરીર અમારૂં છે એમ માનીએ છીએ તથા હર્ષ શોકને ગણીએ છીએ તેમ કશું નથી. આપણા વૈષ્ણવોના પ્રાણ સરખા સર્વોત્તમ ગ્રંથ શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણ અને ગોપિકાઓનો પ્રસંગ વાંચવાથી જણાશે કે, ગોપીઓ કેવી રીતે શ્રીકૃષ્ણમાં મુગ્ધ હતી. એ શ્રીમદ્ ભાગવત ગ્રંથ જેની પ્રશંસા કરવાનું પણ મારામાં સામર્થ્ય નથી. તે શ્રીમદ્ ભાગવતની કથા જેનું ભાગ્ય હોય તેને જ સાંભળવાની મળે કથા સાંભળતી વખતે આજે શું થાય છે?

શેઠીઆઓ ગાદી તકીએ બેઠા જ હોય છે, અનેક તરંગો તેમના તથા વ્યાસજીના મનમાં દોડતા હોય છે, શું આ ભાગવત કથા છે? બિલકુલ નહીં. એક જ શ્રીપુરૂષોત્તમ ભટજી થઇ ગયા હતા કે, જેઓને કથા વાંચતી વખતે શ્રી કૃષ્ણ સિવાય અન્ય કાંઇ ભાનજ નહોતું. એઓ આપણા સંપ્રદાયના આચાર્ય ચરણના પરમભક્ત હતા. તાત્પર્ય એ જ કે શ્રીકૃષ્ણની કૃપા વગર કાંઇ પણ પ્રાપ્ત થતું નથી.

જનતા આજે લૌકિક વ્યવહારો પર બહુ જ ધ્યાન આપે છે. આજે નવા સમાચાર શુ છે? નેતાનું ભાષણ કેવું હતું? વગેરે બાબતો માટે ભારે ઉત્સાહ રાખે છે. પરંતુ જો તેટલીજ તીવ્રતાથી શ્રી ભગવાનની કથામાં સમયનો વ્યય કરવામાં આવે તો તે અહો ભાગ્ય જ છે, શ્રીમદ્ ભાગવત શું પ્રતિપાદન કરે છે? આચાર્યચરણ કહે છે કે, ભગવત્પ્રાપ્તિનું કોઇ પણ સાધન જો કલિયુગમાં હોય તો તે શ્રીમદ્ ભાગવત છે.

પોતે તે બાદ શ્રીકૃષ્ણ ભગવાન અને ગોપીઓ વચ્ચેના અનન્ય ભાવનું વર્ણન કરતાં જણાવ્યું કે ભગવાન વેદ વ્યાસ જણાવે છે કે, લૌકિક વ્યવહારો પર ધ્યાન ન આપતાં જે શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે ક્રીડા કરી છે, તે શ્રી કૃષ્ણનું તેવા ભાવે ધ્યાન કરવું જોઇએ. એ દિવ્ય મંગળ પ્રસંગ માયિક નહોતો શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓમાં છે, તેમના પતિમાં છે અને આખી સૃષ્ટિના દેહધારીઓના હૃદયમાં બિરાજમાન છે, તે શ્રીકૃષ્ણ ભગવાનમાં જો ગોપીઓ મુગ્ધ થઇ જાય તો તેમાં દોષ શાનો? એવા શ્રીકૃષ્ણને દૂષિત કે વ્યભિચારી કેમ કહેવાય?

ગોપીઓનો પ્રેમ એવો હતો કે, તેઓને પોતાના દેહનું પણ ભાન નહોતું. આ દેહ તો ગંદો છે, તે મળથી ભરેલો છે. તે મળથી ભરેલા દેહને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવાનો નહોતો. ગોપીઓ એ જાણતી હતી, અને તેઓએ તો પોતાના આત્માને જ ભગવાનને અર્પણ કરવાને ઉત્તમ ગણ્યો આત્મા શ્રીકૃષ્ણના અંશ સ્વરૂપ છે. એ અંશ દોષ વિનાનો છે, દોષ તો જ્યારે જીવ દેહ ધારણ કરે છે અને તે પછી અહંકાર મમતા ધારણ કરતો થાય છે, ત્યારે આવે છે. ગોપીઓ જ્યારે પોતાનો આત્મા શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવા જતી ત્યારે તેમને બીજું કાંઈએ ભાન નહોતું શ્રી કૃષ્ણનાં ગુણ ગાન, તેમનાં દર્શનની લાલસા

એ સિવાય ગોપીજનોને અન્ય કાંઇ આવશ્યક ન્હોતું. એવા ગોપીજનોને આપણે શું કહીશું ? ગોપીજનો અને શ્રીકૃષ્ણમાં જરાયે ભેદ ન હતો તેમનું મન, આંખો, જીભ સર્વમાં શ્રીકૃષ્ણ સિવાય અન્ય કાંઇ હતું જ નહીં.

અર્જુનને શ્રીકૃષ્ણે લડવાની આજ્ઞા કરી. ભગવદ્ આજ્ઞા એજ ધર્મ છે. તેમાં અન્યાશ્રયકે બહિર્મુખતા હોતી નથી, પણ જો આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં આવે તો તે બહિર્મુખતા છે. ભગવાન લૌકિક બાબતોથી તેને ખુસ કરી શકાશે નહીં.

પરમપ્રિય સિદ્ધાંતનું મે આજે યત્કિંચિત દિગ્દર્શન કરાવ્યું છે કે, જે સિદ્ધાંત દોષ વિનાનો છે, નિંદ્ય પદાર્થ જો કાંઇ હોય તો તે આડંબર છે. જે લોકો શાસ્ત્રો વાંચે છે, જેઓને ધર્મની પરવા છે, એવા લોકો અમારા અણુભાષ્ય, ષોડશ ગ્રંથ, સુબોધિની જેવા ઉત્તમોત્તમ ગ્રંથો આવીને જુએ અને જો તેમને એમાંથી દોષ જેવી વસ્તુ લાગે, તો હું ચેલેંજ કરૂં છું કે હું તેમનો દાસ બની જઇશ.

ત્રણ ચીજ દોષ વિનાની છે. (૧) અમારા આચાર્ય ચરણ, (૨) તેમના સ્થાપેલા સિદ્ધાંતો અને (૩) શ્રીકૃષ્ણ સેવા.

આ ત્રણ સિવાય હું કહેવાને તૈયાર છું કે સઘળા દોષવાળા છે. અમે પોતે પણ દોષવાળા છીએ, પરંતુ આત્રણે ચીજમાં તો દોષ કદી હોઇ શકે જ નહીં. જીવ સ્વરૂપથી દુષ્ટ નથી પણ સ્વભાવથી દુષ્ટ છે બાકી આજકાલ અંગ્રેજી ભણેલાઓ અહીંતહીંની નોવેલો વાંચનારાઓ જેઓને અમારા શાસ્ત્રોનું જરા પણ ભાન ન હોય તેઓ જો દોષો જોવાથી જ સંતુષ્ટ થતાં હોય તો ભલે તેમને સંતુષ્ટ થવા દો. અમને પરવા નથી. જેમ એક ભકતનાં દુશ્મનો તેમના માંસની ઇચ્છા કરતા હતા અને જેમ તે ભકતે પોતાના શરીરના માંસથી તેમને ખુશી કર્યા, તેમ ભલે તેઓ દોષો જોવાથી જ પ્રસન્ન થતા હોય તો તેમને દોષો જોવા દો. બાકી મેં ઉપર કહ્યું, તેમ ત્રણે ચીજો દોષ વિનાની છે. તેઓને તેમ કરવાની આદત છે.

[“વૈષ્ણવધર્મપતાકા” સં. ૧૯૮૧ શ્રાવણ અંક ૯ માંથી સાભર]

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

રૂ.૫૧– ગો. વા. પ. ભ. શ્રી ડુંગરશીભાઇ હીરાભાઇ વૈષ્ણવ, ધોરાજી હ. ડો. જગજીવનભાઇ ડુંગરશીભાઈ વૈષ્ણવના જય શ્રીકૃષ્ણ.

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

ચતુઃ શ્લોકીનો ગ્રંથ પરિચય

લેખક : **પૂ. પા. ગોસ્વામીશ્રી શ્યામમનોહરજી**

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કા. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

“ગિરધર દેખે હી સુખ હોય! નયન વન્તકો યહી પરમ ફલ, યહ વિધિ મોય ત્રિલોય”

અર્થ ગિરધરને જોવાથી જ સુખ થાય! જેમને પ્રભુએ ચક્ષુ આપ્યાં છે તેમનું આ જ (હરિદર્શન) પરમ ફળ છે. આ રીતે ત્રણેય લોક મોહ પામે છે.

આજ કારણને લીધે શ્રીમહાપ્રભુજી શ્રી ગોકુલાધીશના વિયોગના તીવ્રતાપમાં હૃદયમાં મનમાં પ્રકટ થતી ભગવાનની સ્વરૂપાનુંભૂતિ તથા લીલાનુંભૂતિને ‘પરમફલ’ કહે છે. કારણ કે એક વાર હૃદયમાં ભગવાન બિરાજમાન થાય છે, તો વહેલી મોડી બધી ઇન્દ્રિયો દ્વારા ભગવાનની રસાત્મિકા અનુભુતિની કામના (તીવ્ર ઇચ્છા) પણ જાગી જ ઉઠે છે. આ કામના જાગી ઉઠતાં જ લૌકિક વૈદિક વિષયોની કામનાઓનું આકર્ષણ જરાપણ બાકી નહિ રહે ભગવાન પોતે જ કહે છે “ન મય્યાવેશિતધિયાં કામઃ કામાય કલ્પતે, ભર્જિતાઃ કવથિતા ધાના ભૂયો બીજાય ને શતે” (શ્રીમદ્‌ભાગવત) અર્થ: “જેમની બુદ્ધિ ભગવાનમાં લાગી ગઈ હોય તેમનો કામ કામ (ઇચ્છા) ને માટે નથી રહી જતો, જેમ શેકેલાં અથવા ઉકળેલાં ધાન્ય બીજ નથી બની શકતા”

બધી ઇન્દ્રિઓથી થનારી આ ભગવદ્ અનુભુતિને વેણુગીત તથા ભ્રમરગીતની સુબોધિનીજીમાં સર્વાત્મ ભાવ, યમુનાષ્ટકમાં ‘તનુનવત્વ’ તથા સેવાફલમાં ‘‘અલૌકિક સામર્થ્ય” કહેવામાં આવ્યા છે. આ જ નિરોધની ફલાવસ્થા છે, જેને અહીં ચતુઃશ્લોકીમા “મોક્ષ” કહેવામાં આવશે પરંતુ આ સર્વેન્દ્રિયો દ્વારા ભગવાનની અનુભુતિથી જીવ સંપન્ન (એ ધરાવનાર) થાય એ પહેલાં બધી ઇન્દ્રિયોથી ભગવદ્ અનુભુતિની કામના, પુષ્ટિમાર્ગીય કામનાનું જાગવું (પ્રકટવું) આવશ્યક છે. આ કામના જાગી ઉઠી કે પુષ્ટિમાર્ગીય કામ પુરૂષાર્થ સિદ્ધ થઇ ગયો એમ સમજી લેવું જોઇએ. આજ કારણથી વૃત્ર કહે છે ‘હે કમલ જેવા નેત્રોવાળા (ભગવાન)! મારૂં હૃદય તમારૂં દર્શન ઇચ્છે છે જેમ પક્ષીના પાંખ વિનાનાં બચ્ચા પોતાની માતાની પ્રતીક્ષા ચણ (ચણવાની વસ્તુ દાણા વગેરે) માટે કરે છે જેમ ગાયના વાછરડાં ગાયના સ્તનથી (આંચળમાંથી) દુધની કામના કરે છે કદાચ ચણ અથવા દુધ બીજે કયાંકથી મળી જાય તેઓ સંતુષ્ટ થઇ શકે છે, પરંતુ મારૂ મન તો પરદેશ ગયેલાં પ્રિયતમની વિરહિણી પ્રેમિકાની માફક નિરંતર તમારા જ ધ્યાનમાં મનોરથોમાં લાગેલું હોવાથી

કેવળ તમને જ જોવાની ઇચ્છા રાખે છે!

પુષ્ટિ ભકતનો મોક્ષ : (ચોથો પુરૂષાર્થ)

સર્વાત્મથી શ્રીકૃષ્ણના બની જવું એ પુષ્ટિ ભકતનો મોક્ષ છે. સર્વાત્મથી શ્રીકૃષ્ણના બની જવાનો અર્થ છે પ્રપંચની વિસ્મૃતિ અને શ્રીકૃષ્ણમાં દઢ આસકિત એટલે કે ભક્તને કૃષ્ણાનુભુતિનું વ્યસન થઇ જાય (એવી સ્થિતિ) નિરંતર કૃષ્ણનુભુતિની કામના એટલી તીવ્ર થઈ જાય કે યા તો સંયોગમાં બાહ્યલંબનથી સર્વ ઇન્દ્રિયો દ્વારા કૃષ્ણનો અનુભવ થાય, અન્યથા વિયોગમાં આસક્તિ ભ્રમર ન્યાયથી પૂર્વાનુભુત (પહેલા અનુભવેલા) શ્રીકૃષ્ણના સ્વરૂપ તથા લીલામાં લીનતા (એક થઈ જવાની તીવ્ર ઇચ્છા) એટલી તીવ્રતર બનીજાય કે અંદર રહેલીરતિ જ બધા રૂપ (આલંબન ઉદ્દીપન તથા સંચારી ભાવના રૂપ) ધારણ કરવા મંડે.

સંયોગમાં ભજન ધર્મ તથા વિયોગમાં સ્મરણ રૂપ સ્મર-કામ નિરંતર ચાલુ રહે તો ભક્ત મુક્તિને પામ્યો છે એમ કહી શકાય આ અનુભુતિ જો આ ભુતલ ઉપર (પૃથ્વી ઉપર) થવાં માંડે તો તેને જીવન મુકિત સમજવી જોઇએ આને જ 'નનુનવત્વ' (નવીન દેહની પ્રાપ્તિ) યા 'અલૌકિક સામર્થ્ય પણ કહેવામાં આવે છે. નિત્ય લીલા વ્યાપિ વૈકુંઠમાં જો આ અનુભુતિ થનાર હોય તો તેને વિદેહ મુક્તિ સમજવી જોઇએ. આને જ 'નવતનુત્વ' યા 'સેવો પયોગી દેહી વૈકુંઠાદિષુ' (એટલે વૈકુંઠ વગેરેમાં સેવા માટે ઉપયોગી શરીર ધરાવનાર) એમ કહેવામાં આવ્યું છે ટુંકમાં પ્રથમ તથા તૃતીય (ધર્મ તથા કામ) પુરૂષાર્થના નિરંતર (સતત) ચાલતા ચક્રના રૂપમાં ચાલુ રહેવું તેને પુષ્ટિ ભક્ત માટે પુષ્ટિમાર્ગમાં મોક્ષ માનવામાં આવે છે, કારણ કે પુષ્ટિ ભક્તિનો અર્થ:

–વ્રજાધિપ શ્રીકૃષ્ણ સ્વયં નટવર વપુ હોવાથી પ્રેમ તથા પ્રિયતમ ઉભયરૂપ છે. સ્થાયી ભાવ તથા આલંબન વિભાવરૂપ એ જ (શ્રીકૃષ્ણ જ) છે તેથી વિયોગ તથા સંયોગ બન્નેમાં એનો અનુભવ થઇ શકે છે. આ જ શ્રી ગોકુલાધીશનું સ્મરણ તથા ભજન છે.

શ્રી મહાપ્રભુજી કહે છે "જ્ઞાન તું ગુણગાનં હિ પરોક્ષે તત્પ્રતિષ્ઠિમ્, પ્રત્યક્ષે ભજનં શ્રેષ્ઠ મેવં ચેદ્ રોધનં સ્થિરં, પુરૂષાણાં તથા સ્ત્રીણાં રાત્રૌ ચ દિવસે તથા જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્ પરિવર્તતે" (ભાગવત નિબંધ) અર્થ: ભગવાનના વિયોગમાં ભગવાનના ગુણોનું ગાન જ્ઞાનરૂપ છે, તથા સંયોગમાં પ્રત્યક્ષમાં ભજન શ્રેષ્ઠ છે. આ થવાથી જીવ ભગવાનમાં નિરુદ્ધ (નિરોધવાળો) બની જાય છે. વ્રજની સ્ત્રીઓ તથા પુરુષોને રાતમાં તથા દિવસમાં આ જ જ્ઞાન તથા ભક્તિનો નિરંતર અનુભવ ચક્રની જેમ ચાલુ જ રહેતો હતો. તેમને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણનો પુર્ણ અનુભવ મળી ગયો હતો!

પુષ્ટિ ભક્તિ તેની પોતાની અંદર માર્ગ પણ છે અને ગંતવ્ય (જયાં જવું છે તે સ્થાન) પણ. સાધન પણ છે. અને ફલ પણ. એટલા જ થાટે સંયોગ-વિયોગમાં ભજન-સ્મરણના ચઢાણ ઉતરાણોમાં નિરંતર ચાલતા રહેવું (એ) અહીં મુકિત છે. પુષ્ટિ ભકિતના માર્ગ પર ચાલીને અન્યત્ર કયાંય પહોંચવાનું નથી હોતું કેવળ નિરંતર આ જ સોહામણા માર્ગ પર

ચાલતા ફરતા રહેવાનું છે ચરૈવેતિ ! ચરૈવેતિ ! (એટલે ચાલતો જ રહે! ચાલતો જ રહે!)

આથી જ પુષ્ટિ પથિક (ચાલનાર) વૃત્રાસુર પણ આ માર્ગની યાત્રામાં પોતાના સહયાત્રીઓનો સાથ માગે છે જેથી કયારેક તેઓ એકલા ચાલતા ચાલતાં બીજા માર્ગો પર અટવાઈ ન જાય.

હે નાથ ! મને સર્વદા તમારા ભકતોનો જ સંગ સથવારો તમારા ભકિતમાર્ગ પર ચાલતી વખતે મળતો રહે. કયારેય સંસારમાં આસકત વ્યકિતઓનું સખ્ય (મિત્રતા) મારામાં ન પ્રવેશવા પામે! જો આ દેહ, પુત્ર, સ્ત્રી, ગૃહાદિ વિષે મારી આસકિત પણ હોય તો તારી સેવામાં તેમની ઉપયોગીતાને કારણે જ હજો, બીજા કોઇ હેતુથી નહિ ! હું સમગ્રતાથી તારો થઇ (બની) જાઉં અને તું સમગ્રતાથી મારો....

વિ, સં. ૧૯૭૯માં શ્રી મહાપ્રભુ વિરચિત ચતુઃશ્લોકીનું પ્રકાશન થયું હતું વૃત્રાસુર ચતુઃશ્લોકીનું પ્રકાશન વિ. સ. ૧૯૭૮ માં થયું હતું પ્રસ્તુત સંસ્કરણ તેનું જ ઓફસેટ પ્રોસેસથી પુનર્મુદ્રિત રૂપ છે. આ બન્ને ગ્રંથો ગોસ્વામી શ્રી રણછોડલાલજી મહારાજ 'શ્રીજીવનેશાચાર્ય પુષ્ટિસિદ્ધાંત કાર્યાલય' દ્વારા પ્રકાશિત થયા હતા. એ ગ્રંથોના સંયુકત સંપાદક હતા શ્રી ચીમન હ. શાસ્ત્રી તથા શ્રીહરિકૃષ્ણ વીરજી શાસ્ત્રીએ બધા મહાનુભાવોનું અમે આ પુનઃપ્રકાશનના અવસરે (પ્રસંગે) હાર્દિક કૃતજ્ઞતા સહિત સ્મરણ કરીએ છીએ.

[અહીં ચતુઃશ્લોકી ગ્રંથનો પરિચય પૂ. ગોસ્વામી શ્યામ મનોહરજી દ્વારા હિંદીમાં લખાયેલ લેખનું ગુજરાતીમાં ભાષાંતર પ્રોફેસર પ્રતાપરાય કાં. શાહે કરેલું તે પણ અહીં સમાપ્ત થાય છે.]

* * *

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના આંતર ઉદ્ગારો

સંસાર ભોગવવામાં મીઠો છે પણ પરમ ડાકણ રૂપ છે. છતાં સંસાર તો ભગવદ્રૂપ છે. પણ ભાસે પ્રપંચ જે ભગવદ્રૂપ સંસારને જાણે, તે પ્રપંચમાંથી નીકળશે. કોની પેઠે નીકળશે તો કહે છે કે જેમ મોટા નીકળ્યા તેમ નીકળશે, પણ "હુ" ને "મારૂ" મૂકી દેવું પડશે. અહંતા મમતા રાહેત થવું, ને ભગવાન સર્વમાં જોવા. વળી આ જગત બધું ભગવાનના હાથમાં છે. જેમ બળદનો ધણી બળદને નાથે, તેમ આ જગત માત્ર હરિનું નાથેલું છે, તેથી જેમ ચલાવે તેમ ચાલે છે. જયારે સારો ભાગ કે નરસો ભાગ જેને ભોગવવાનો દહાડો આવશે તે ભોગવશે.

રાજાને ભિખારી કરે. ભિખારીને રાજા કરે. તૃણનો મેરૂ કરે, ને મેરૂનું તૃણ કરે. જે દહાડે જે ભોગવશે, માટે ચિંતા કરવી ફોગટ છે. પ્રભુની સેવાને પ્રભુનું સ્મરણ કરવું, ને જગત ઉપર પ્રભુની બુદ્ધિ રાખવી. આવી રીતે જે જીવ ચાલે, તેના ઉપર ત્યારે પ્રભુ પ્રસન્ન થાય.

કોઇની સાથે વઢવું નહિ, ને કોઇની નિંદા કરવી નહિ, જગતને હરિ વિના જોવું નહિ. સર્વત્ર ભગવદ્ બુદ્ધિ રાખવી, સર્વ પ્રાણીમાત્ર પ્રભુ વિના કોઈ નહિ.

વડીલોનો વારસો

લેખક : **સુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ, હીંગનઘાટવાળા**

(ગતાંકથી ચાલુ)

હપ્તો સોળમો

સાંજનો સમય હતો. સુર્ય નરાયણ પૃથ્વી ઉપર સોનેરી કિરણો વરસાવી રહ્યા હતા. આકાશ માર્ગે ઇન્ડીયન એયર બોઇંગ વિમાન લંડન પહોંચવાની તૈયારીમાં હતું. યાનમાં પિનકી તેની મમ્મી વગેરે આતુરતાથી સમય પસાર કરતા હતા. નીચે અથાક સમુદ્રમાં નાના મોટા મોજા ઉછળતા હતા. તેના ઉપર સોનેરી કિરણોનો અનોખો આનંદ દશ્યમાન થતો હતો. સામે જ હીથરો હવાઇ મથક નજરે ચડયું. પિનકી ઉન્સુકતાથી જોઇ રહી હતી. દિનેશભાઇ જરૂર સામે આવ્યા હશે.

હવાઇ જહાજમાંથી ઉતરતા જ દિનેશભાઇને જોઇ પિનકી તથા માશી હર્ષોલ્હાસમાં આવી ગયા. દિનેશે પોતાની ગાડીમાં સામાન ગોઠવી દીધો. થોડીવારે સૌ ઘેર આવી પહોંચ્યા. બંને બહેનો સ્મિતાને દમયંતી પરસ્પર એક બીજાના કુશળ સમાચાર પૂછી ડાઇનીંગ ટેબલને ન્યાય આપવા લાગ્યા.

રાત્રે ભગવદ્ વાર્તા રોજ થતી હતી. આજે શિક્ષાપત્ર ૪થું શરૂ કર્યું તેમાં ભાગવત અને શ્રુતિના વાકયો પુષ્ટિમાં પ્રમાણરૂપ માન્યા છે અને આને જે ન માને તેને આસુરી જાણવા. આવું શ્રી હરિરાયજીનું વાકય છે.

પિનકી-બાપુજી ! શ્રુતિ એટલે શું ?

બાપુજી-જો બેટા, આ વિષયો બહુ ઘેરા અને સમજદારી માગી લે છે. આમાં ભાગવત્ જાણ્યું હોય, શ્રુતિઓ વાંચી હોય તેને માટે સુલભ છે. શ્રીમદ્ ભાગવત શુકદેવજીના મુખથી નિકળેલું તેના ઉપર શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીની રચના કરી છે. વેદને પ્રભુનાં ઉછવાસરૂપે કહેલ છે. વેદ શ્રી કૃષ્ણના વાકય કહેલ છે.

પુષ્ટિમાર્ગ શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કર્યો. અનેક ગ્રંથો કર્યા. બધી બાબતમાં પ્રમાણરૂપ ભાગવતને શ્રુતિને લીધા છે. વેદની વાણી અતિ ગૂઢ છે. તે શ્રુતિઓ દ્વારા સરળ સમજાય તેવી છે.

પિનકી-બાપુજી ! વ્રજની લીલામાં ચંદ્રાવલીજી શ્રુતિરૂપા કહેવાય છે. તે ગોપભાર્યા કહેવાય છે. આમાં કાંઇ સમજાતું નથી.

બાપુજી-વેદોએ નિર્ગુણ બ્રહ્મની સ્તુતિ કરી હતી. પ્રભુએ પ્રસન્ન થઇ તેને વરદાન માગવાનું કીધું. ત્યારે શ્રુતિઓએ માગ્યું પ્રભુ ! અમોને ઇન્દ્રિયવાન બનાવો. અમે આપના સાકારરૂપનું યથાર્થ વર્ણન કરી શકીયે અને સાકાર રૂપનો અનુભવ લઇ શકીયે. અત્યારે અમે વાણીરૂપ જ છીએ. પ્રભુએ તેને વરદાન આપ્યું કે તમો વ્રજમાં જન્મ લઇ ગોપભાર્યા બનો. ગોલોકથી લીલા સામગ્રી સહીત ભૂતલ ઉપર હું પણ નંદ નંદન રૂપે અવતાર ધારણ કરીશ .તે વખતે સારસ્વત કલ્પ હતો. ત્યારે જ પૂર્ણાવતાર થયો. નંદ યશોદોત્સંગ લાલિત શ્રીકૃષ્ણરૂપે વ્રજમાં અનેક લીલાઓ કરી છે. તેમાં શ્રુતિરૂપા, અગ્નિ કુમારિકા અને મુખ્ય શ્રી સ્વામિનીજી તે વૃષભાન નંદનિ કહીએ છીએ તે સહુ વ્રજમાં પ્રભુએ તેમની સાથે

બાળલીલા તથા અનેક લીલાઓ કરી સૌને આનંદ દીધો છે.

આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો શ્રી મહાપ્રભુજીની કૃપાથી તે પૂર્ણાવતારનું જ સેવા અને સ્મરણ કરીએ છીએ. યુગ યુગમાં અવતાર લે તે નહીં. સારસ્વત કલ્પની લીલા તે જ પુષ્ટિ લીલા.

પિનકી-બાપુજી! આઠ સખા કૃષ્ણાવતારમાં હતા તેજ પાછા શ્રી મહાપ્રભુજીના વખતમાં ભુતલ જન્મ લઇ આઠો સમયમાં શ્રી નાથજીના કીર્તન કરતા. કેમ બાપુજી સાચું ને? તેમાં પણ સુરદાસજીની તો વાત જ શી કરવી. જેને ભૌતિક નેત્રો જ ન્હોતા. હૃદયરૂપી ચક્ષુ હતા. તે સર્વ લીલાનાં જાણકાર હતા. શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીજી કરી તેનું સંગીતનાં રૂપમાં સુરદાસજીએ પદ બનાવી સરળ કર્યું છે, કેમકે સુબોધિનીજી સમજવામાં કઠીન વિષય છે. જે સખા કૃષ્ણાવતારમાં હતા, જેણે તે વખતે પ્રભુની સાથે બધી ખેલ કુદ કરી તે જાણકાર હોવાથી શ્રી મહાપ્રભુજીનાં સમયમાં લીલા વર્ણન કરવું તેને માટે સરળ હતું. કેમ બાપુજી સાચું ને?

બાપુજી-વાહ! પિનકી તું તો કૃપા પાત્ર છો. મને ખબર ન હતી કે આટલે દરજ્જે તે અધ્યયન કર્યું છે.

-ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમઃ ॥

"કૃપા-બાણ"

પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઇ ચરણદાસ (બીરપુર)

[રાગ-બિહાગ]

કૃપા નયન બાણ મારો, પ્રભુજી મારા........ટેક
હીરા માણેક તમે રત્નોની ખાણ છો,
હું તો છું કોલસો રે કાળો...(૧) પ્રભુજી મારા૦
રાધાની બંસી તમે, ગોપીની આણ છો,
હું તો છું, માયાનો પડછાયો....(૨) પ્રભુજી મારા૦
વ્રજ લીલાના તમે નટખટ પ્રાણ છો,
હું તો છું, ભોળો રે ગોવાળો....(૩) પ્રભુજી મારા૦
'ચરણદાસ' ભવોભવની શાન છો,
ઉગારો સ્વામી રે છોગાળો....(૪) પ્રભુજી મારા૦

ચરણદાસ કહે છે કે પ્રભુ ! તમે તો બહુ કૃપાળુ છો. તમે કરૂણા કરી લક્ષચોરાસીના ઘટચક્રમાં મનુષ્ય દેહ આપ્યો છે. અને વિશિષ્ટ કૃપા કરી દૈવી જીવને પુષ્ટિ પથમાં આણી, મારી લાયકાત વધારી છે પણ આ સંસારિક માયામાં અણમોલ મનુષ્ય અવતાર મળ્યા છતાં મને જણાય છે કે હજુ હું કોલસાની માફક રત્નોની ખાણમાં સબળી રહ્યો છું. માયાનાં બંધનથી કાળાશ મારી ચોમેર વ્યાપી ગઈ છે. તો હે નાથ ! આ દાસીને બંધનમાંથી છોડાવવા આપના પરમ કૃપાળુ નયનથી નિહાળી નયનથી જ કૃપાનાં બાણ વરસાવજો, કૃપાના બાણ વરસાવજો, કૃપાનાં બાણ મારજો. આપના નયન-બાણથી એક વખત ઘવાયા પછી તેની વિરહ-વેદના એટલી બધી તીવ્ર બની જશે કે જેને બુઝાવવા માટે માટે મારૂં મન સતત આપ જેવા સર્વ સમર્થ નિષ્ણાત વૈદ્યની શોધમાં અવિરત ગતિ કરતું રહેશે અને સંસારનાં પ્રલોભનો તેમજ અન્ય ધર્મરૂપી વિધવિધ ઔષધીઓની પાછળ દોડશે નહીં. અલૌકિક બાણથી વાગેલો અલૌકિક ઘા, અલૌકિક પ્રેમરૂપી દવાથી જ સાજો થશે. અને ફક્ત આપના કૃપાનયન બાણથી જ આ જીવનો સાક્ષાત્કાર થશે.

તમારો વેણુનાદ સાંભળી જેમ શ્રી રાધાજી અને ગોપીઓ ઘરનું બધુ કામ પડતું મૂકી, તમારા મધુર દર્શનને માટે વિહવળ બની દોડતી અને નયન માધુરીથી પ્રેમલક્ષણા ભક્તિમાં રસરૂપ બની જતી. વ્રજવૃંદાવનમાં તમારી બંસીનો નાદ તો નિત્ય ગુંજ્યા કરે છે. આપે તો શ્રી સ્વામીનીજીના માટે જ જાણે બંસી ધારણ કરી છે, અને શ્રી ગોપીજન વલ્લભ બની ગોપીઓના માટે જ વેણુનાદ કરો છો, પરંતુ મારા જેવા પામર જીવ અનેક દોષોથી ભરેલા હોવાથી તેના કાને એ મધુર નાદ સંભળાતો નથી. હું આપની મોહમયી સંસારની માયામાં ફસાયેલો છું. આ જીવના પોતાના પ્રયત્નોથી માયાનો મોહ છુટી શકતો નથી. અરે દિનપ્રતિદિન ઓતપ્રોત થતાં તેમાં એટલા બધા ઉંડા ઉતરી જવાય છે જાણે કે જીવ માયાનો જ પડછાયો બની ગયો હોય. તેમાંથી હે નાથ ! તમે જ સ્વામી બની, ફક્ત કૃપાનયન બાણ મારી જ છોડવી શકો છો માટે કરૂણા કરી પ્રભુ શરણે આવેલા આ જીવની શરણાગતિ સ્વીકારો.

તમે વ્રજમાં અનેક અલૌકિક લીલાઓ કરી છે. ભક્તો પર કૃપા કરી શરણમાં લઇ, અધર સુધા રસનું દાન કરી, રાસરમણના અધિકારી બનાવ્યા છે. આપે અનેક ગોપબાળકોને સખા પણ બનાવ્યા છે. તેમની સાથે અને ગોપીઓ સાથે વિધવિધ પ્રકારની નટખટ રૂપે નૌતમ લીલાઓ કરી તેમનાં મન આપે હરી લીધાં છે. તે સર્વની આપે પૂર્ણ શરણાગતિ સ્વીકારી તેમના અલૌકિક મનોરથો સિદ્ધ કર્યા છે. હું પણ આપની સૃષ્ટિની માયાના સંસારનો ગોપ બાળગોવાળીયો જ છું. હું માયાના ભોગ્ય પદાર્થોને લૌકિક પદાર્થોના સાથે સાથે ગૂઢ દશામાં રોજ ચારૂં છું. અંધકારમાં ડુબેલો, અભિમાનરૂપી લાકડીનો ડંગોરો હાથમાં રાખી મિથ્યા ભાષણના હાકોટા પાડતો, ડચકારા મારતો વિષયોમાં વીંટળાયેલો વિષયોને ચારૂં છું અને વિષમયી ગુફામાંથી બહાર નીકળવાનો રસ્તો શોધું છું. તો હે નાથ ! કૃપા કરી આપ

બાણુ મારી, વિષયોની સાંકળોનું છેદન કરી, મને તેમાંથી મુકત કરો.

શ્રી મહાપ્રભુજીના વચનામૃતોથી મને દૃઢ વિશ્વાસ અને ખાતરી થઇ છે કે આપના આપના અમીતુલ્ય નયન બાણુના વરસાદથી હું આપની અલૌકિક લીલાનું રસપાન સ્મરણુ કરી લીલા સાગરમાં ભળી જઇશ જેમ આપે ગોપ-બાલકોને ઉગાર્યા છે અને આપના ચરણે માં અવલંબિત કર્યા છે, તેમ અમોએ શ્રી મહાપ્રભુજીના ચરણોનું અવલંબન કર્યું છે અને તેમના થકી બ્રહ્મસંબંધ પામ્યા છીએ. તો હે પ્રભુ ! આપ એવી અસીમ કૃપા કરી મને આપના દાસના દાસ બનાવી, સખા મંડલી મધ્યે સામેલ કરજો ગોપીઓના પ્રિયતમ બની જેમ આપે રાસનું દાન કરી, પૂર્ણાનંદરૂપે રાસ રમાડયા તેમ હે પ્રભુ ! તમે મારા સ્વામી છેલછબીલા છોગાળા બની, મને મહારાસના અધિકારી બનાવજો

આ જીવને ભવોભવના બંધનમાંથી મુકત કરી પ્રથમ બક્ષેલી શાન આપના નિજભકતોંની સાથે સોહાવવા હે નાથ ! તમે જીવનમાં એક વાર તો જરૂર, આપનું કૃપા-નયન બાણુ મારજો.

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. : **શ્રી રવજીભાઈ મીસ્રી 'વ્રજ' ધોરાજી**

પદ ૯૨

કલિંદ ગિરિ પર જલ જુ. પરે ॥
તાતેં ઉઠત પ્રવાહ ફેન મેં ઉજવલા જુ ભારે ।૧।
સહજ સ્વરૂપ પ્રાણુ પ્યારીકો ઉજવલ કયોં જુ કહે ॥
હરિદાસ શોભા પિયકારન સહજ શૃંગાર ધરે ।૨।

ભાવાર્થ : રવિમંડલમાંથી આપ જલ પ્રવાહ સ્વરૂપેં કલિંદગિરિ ઉપર પધાર્યાં તેથી જલ પ્રવાહમાં ફેનમાં ઉજવલતાનાં દર્શન થાય છે આપનું સહજ સ્વરૂપ તો શ્યામ છે કારણુ કે કૃષ્ણુતન વર્ણું છો જેથી અંતરમાંથી શ્રી પ્રાણેશ અને નિજઅનન્ય ભકતોના હૃદયમાં શ્યામ રસને પુરો છો અને બાહ્ય ઉજવલતા પુરો છો હરિદાસ કહે છે કે આપ પ્રીયતંમ માટે જ શોભા શૃંગાર ધરે છે.

વિવેચન : રસ મંજરીજી (નંદદાસજી) પ્રમાણે આપ પ્રીયતમ માટે અભિસારિકા સ્વરૂપેં ભુતલ ઉપર પધારી શ્રીવૃજમાં સર્વશૃંગાર સહિત પધાર્યા.

અભિસારિકા કીર્તન

આજ કોમલ અંગ તે બ્રજ સુંદરી રસિક ગોપાલલાલેભાઇ ॥

સકલ શૃંગાર સાજ મૃગ નયની અવસર જાન આપ ચલી આઇ ॥૧॥

લહેંગાલાલ ઝુમકકી સારી પિત વરણી પિય અતિ હીં રંગાઇ ॥

કુંભનદાસ પ્રભુ ગોરર્ધન ધર અપની જાન કંઠ લગાઈ.

આમ શ્રીયમુનાજી શૃંગારોધરી અને ભુતલ ઉપર પધારી નિજ પ્રાણેશની સન્મુખ પધાર્યા અને શ્રી પ્રાણેશે કંઠે લગાવ્યા.

॥ શ્રીવલ્લભચરણ વિજ્ઞપ્તઃ ॥

અનુવાદક : **ગો. વા. શ્રીકાશીરામ કરસનજી શાસ્ત્રી**

[અનુષ્ટુપ છંદ]

નિજાચાર્ય પદામ્ભોજદ્વયં, સર્વસુખાવહમ્;
વહામિ શિરસા તેન, ફલં મે સફલં ધ્રુવમ્. ૧

પોતાના આચાર્ય શ્રીમહાપ્રભુજીનાં બંને ચરણ કમલ સર્વ સુખ આપનારાં છે તેનું મારા મસ્તક ઉંપર હું વહન કરૂં છું, જેથી મારૂં બધું નક્કી સફળ જ છે. ૧

દુનો મિ દીન દીનોઽહં, ભયાદ્યવન સંભવાત્
તતો નિવર્તયાસ્માંસ્ત્વ, માર્તાના માર્તિનાશન ૨

યવનોથી ઉત્પન્ન થયેલ ભયથી દીનમાં દીન એવો હું દુઃખી થાઉં છું- હે પીડીતોની પીડાનો નાશ કરનાર પ્રભુ! એ દુઃખથી અમોને મુકત કરો. ૨

ખેદ કૃત્ય હૃદુદ્ભેદે, શુખસંભેદ વર્જિતે;
વિગત સ્વીય સંભેદે, ભવાનેવ ગતિઃ પ્રભો ૨

ખેદથી હૃદયને જેણે ભેદી નાખ્યું છે, જેમાં સુખનો ભેદ રહ્યોજનથી, પોતાનાઓનો પણ ભેદ જેણે રહેવાં દીધો નથી તેવા સમયમાં હે પ્રભો! આપ જ આપ જ અમારી ગતિરૂપ છો. ૩

ન સ્થાતું શકયતે નૈવ, ગન્તું વા ગોકુલેશ્વર;
મીન સ્યેવ ગતિ ર્જાતા, હ્યસ્માકં કરુણાવિભો. ૪

હે કરૂણા નાથ! હે ગોકુલેશ્વર! અમારી ગતિ માછલાના સમાન થઇ છે કે સ્થિરતા પણ કરી શકાતી નથી કે જઇ પણ શકાતું

ન સોઢું શકય તે નાથ, દૌર્યાદિ રહિતેઃ સ્વકૈઃ
દુઃખં ભયસમુદ્ભુતં, પ્રભો ત્વં સંનિવર્તય. ૫

હે નાથ! દૌર્યાદિ રહિત એવા આપના-ભયથી ઉત્પન્ન થયેલું દુઃખ સહી શકાતું નથી. હે પ્રભો! આપ એ દુઃખને દુર કરો.

નાથ ત્વત્સ્મરણોપાયઃ, સર્વ પાપ નિવર્તકઃ
નેદાનીં સંભવત્યેતદ્, ભયાત્કાત્ર ગતિર્મમ. ૬

હે નાથ! આપનું સ્મરણ એ રૂપી ઉપાય સર્વ પાપને દુર કરનાર છે, પરંતુ એઓના ભયથી આ સ્મરણ પણ થઇ શકતું નથી, માટે મારી અહીં શી ગતિ? ૬

ઇતિ શ્રી હરિદાસોકતા શ્રી વલ્લભચરણ વિજ્ઞપ્તિઃ સમાપ્તા.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

સામયિક પ્રકાશન પરિચય

બાલ-પુષ્ટિ ગુજરાતી અને અંગ્રેજીમાં આ બાલ માસિકના પ્રકાશનનો પ્રારંભ એપ્રિલ-૯૨ થી થયેલ છે. વાર્ષિક લવાજમ રૂા. ૨૫-૦૦ વિદેશ માટે રૂા. ૨૫૦-૦૦

તંત્રી-શ્રી રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક-શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
૩૧, શિવ સોસાયટી નં. ૨, બી.કે સીનેમા પાસે,
મહેસાણા.-૩૮૪૦૦૨

આ કરાલ કલિકાલમાં આપણી સ્વધર્મ પ્રત્યેની શ્રદ્ધા દિન પ્રતિદિન ઘટતી જતી જોવામાં આવે છે. તે બાબત પોતાના પુર્વજો સ્વધર્મમાં કેટલે દરજ્જે પરાયણ હતા, તે પ્રમાણમાં સ્વધર્મ પરાયણતા આપણામાં કેટલી છે તેનો મુકાબલો કરતાં ખુલ્લું જણાય આવશે કે જે ધર્મની શ્રધ્ધા આપણા પ્રપિતાને હતી, તેનાથી કાંઇક ઉતરતી પિતાના વખતમાં જોવામાં આવી અને પિતામાં હતી તેટલી આપણામાં નથી અને આપણામાં નથી અને આપણાં કરતાં પણ ઓછી આપણા બાળકોમાં છે.

આવી રીતે દિન-પ્રતિ-દિન સ્વધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઘટતી જતી જોવામાં આવે છે તેવા સમયમાં આ બાલ માસિક પ્રકાશનનો પ્રારંભ થય છે તે ધો. ૫ થી ૧૨ સુધીમાં ભણતા ૧૦ થી ૧૮ વર્ષ સુધીના દેશ વિદેશના બાળકોને માટે બહુ જ જરૂરી ઉપયોગનું છે. તેમાં સંપ્રદાયને લગતા વિષયોને વાર્તાની શૈલીમાં, સરળ ભાષામાં, સુવાચ્ય અક્ષરોમાં પ્રસ્તુત થયેલ છે. તે ઉપરાંત પ્રસંગોચિત ચિત્ર રેખા ચિત્ર પણ મૂકેલા છે.

આપણે ગૃહસ્થીના વ્યવહારિક કાર્યો ભલે બધું કરીએ પણ સાથોસાથ સ્વધર્મ પરાયણતા પણ અવશ્ય જાળવવી જોઇએ. તેમજ આપણા બાળકોમાં પણ ધર્મના સંસ્કાર-બીજ રોપાય તે માટે આ માસિક (ગુજરાતી અગર અંગ્રેજી)ના ગ્રાહક બનો અને બાળકો નિયમીત વાંચે તેવો નિયમ રાખવા માટે વડીલો પ્રેરણા આપશે તો પ્રભુ કૃપાથી તેનું સુંદર પરિણામ આવશે.

સદરહુ ટ્રસ્ટ તરફથી છેલ્લા નવ વર્ષથી "વૈષ્ણવ પરિવાર" માસિકનું પ્રકાશન થઇ રહ્યું છે. તેમાં આ બાલ માસિક પ્રકાશન કરવા હેવામાં દેશ વિદેસમાં વસતા વૈષ્ણવ બાળકોમાં સ્વધર્મ સંસ્કારના બીજ રોપણ માટે ઉત્સાહ પુર્વક સાહસ કરેલ છે એટલું જ નહીં પરંતુ લવાજમ ભર્યા પછી અંક પસંદ ન પડે તો વિના સંકોચે માંગણી થયે લવાજમની રકમ પરત કંરવાની પણ તત્પરતા દાખવી છે તે બદલ તંત્રીશ્રી અને ટ્રસ્ટ ખરેખર અભિનંદનને પાત્ર છે.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી ‘વ્રજ’ ધોરાજી

(ગતાંકથી ચાલુ)

૮૭. સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાં ભોજ વિષ્ટર રૂપ

નિજ યશ ગાન કરત જો કોઇ;
હૃદય કલમ પ્રકુલ્લિત હોત હે, રોમ રોમ મકરંદિત હોઇ. ૧

તાકે ઉરમે વસે મધુપતિ, વ્રજ લીલા અવગાહે સોઇ;
વાકી મહિમા કોન કહી સકે, ‘વ્રજ’ વલ્લભ રસ રહત સમોઇ ૨

૮૮. યશઃ પિયૂષ લહરી પ્લાવિતાન્ય રક્ષ રૂપ

નિજ યશ સુધા જીવન હે સબકો;
નૂતન રૂપ નવ રસકો સમર્થન, કીયો પ્રાન પ્યારેકોં જબકો. ૧
યશપિયૂષ મહાસાગર લહરી, ભીજવત હે સબ અંતરંગ જગકો;
રસપ્લાવિત રસિકકોં ‘વ્રજ’ પતિ, કરત પરમ ફલદાન આસવકો.

૮૯. પરઃ રૂપ

પરમ તત્ત્વ પ્રથમેશ બિહારી;
અખિલ અંડ સમ્રાટ જગદ્ગુરુ, અકર કરન સમર્થ મહા રી. ૧
કુંજ નિકુંજ સબ રસ સુખ દાતા, પટતર કાહી દીજે કહારી;
રંચક ભુ ભ્રંગતે લય સરજન, કોટી બ્રહ્માંડ ‘વ્રજ’ પતિ જહાંરી. ૨

૯૦ લીલામૃત રસાર્દ્રાદ્રિં કૃતાખિલ શરીર ભૂત રૂપ

ભીજવત લીલારસ મધુરેશ્વ, નિજ ભકત કે અંગ ઉપંગ;
સિંચત સૂધા બચન સુખ સંવલિત, આર્દ્ર હોય ઉર પૂરત અનંગ. ૧

સાનિધ્ય તજત નહીં એકોપલ છીન, બઢત રહત હે રંગ;
પાન કરત ચાતક વત્ નિશ દિન, રહત હે ‘વ્રજ’ પતિ સંગ હી સંગ. ૨

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ કુલ ભૂષણ પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રીની સર્વાધ્યક્ષતામાં આં. રા. પુ. વૈ. પરિષદ (મધ્ય પ્રદેશ સમિતિ) દ્વારા ગઠીત શ્રી વલ્લભાચાર્ય નગર સિંહસ્થ સમિતિ દ્વારા.

ઉજ્જૈન પવિત્ર ક્ષિપ્રાતટે સિંહસ્થ કુંભ પર્વ પ્રસંગે શ્રી વલ્લભાચાર્ય નગર અને વિરાટ વાજપેય સોમયજ્ઞ તથા બૃહસ્પતિસવ સોમ યજ્ઞનું ભવ્ય આયોજન.

ઉજ્જૈનમાં તા. ૧૯-૪-૯૨ થી તા. ૧૭-૪-૯૨ સુધી એક માસ સુધી સિંહસ્થ કુંભ મેળા પ્રસંગે ક્ષિપ્રા સ્નાન અને વિવિધ સુંદર ધાર્મિક આયોજનનો લાભ લેવા કલ્પવાસ કરવા શ્રી વલ્લભાચાર્યજી નગરનું ભવ્ય આયોજન કરવામાં આવેલ સાંદીપની આશ્રમ કે જ્યાં ભગવાન શ્રી કૃષ્ણબલદેવજી એ વિદ્યાધ્યન કરેલ અને શ્રી મહાપ્રભુજીના બેઠકજી છે. તે વિસ્તાર જે અંકપાત ક્ષેત્ર તરીકે ઓળખાયા છે તેમાં વિશાળ કેમ્પનું આયોજન થયેલ જેમાં પુ. પા. ગો. આચાર્યોને બિરાજવાના તથા વૈષ્ણવોને નાના મોટા સેંકડો તંબુઓ લગાવેલ તેમજ બહારગામથી આવનાર યાત્રિઓ માટે ભોજનાલય જેમાં દરરોજ બે હજારથી લઈને મુખ્ય સ્નાનના દિવસોએ ૭ હજાર જેટલાં ભાવીકોને સુંદર સુવ્યવસ્થિત ભોજન અપાતું તે જ પ્રમાણે મર્યાદી વૈષ્ણવો માટે મંડાણની સુંદર સગવડ કરેલ જેમાં ૨૦૦ થી ૩૦૦ વૈષ્ણવોને પ્રતિદિન ચાહ, શરબત તથા બંને વખત મહાપ્રસાદ લેવડાવવાની ઉત્તમ વ્યવસ્થા ગોઠવાયેલ જેમાં સૌરાષ્ટ્રના પટેલ મરજાદી વૈષ્ણવોએ જલંધરાની તથા પીરસવાની વ્યવસ્થા સંભાળેલ.

આ અલૌકિક પ્રસંગે જ. પી. પુ પા. ગો શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રી દીક્ષિત સોમયાજીએ બે સોમયજ્ઞ **વાજપેય** અને બૃ**હસ્પતીસવ** સોમયજ્ઞ કરેલ તા. ૨૭ ના રોજ વાજપેય સોમયજ્ઞ અંતર્ગત સ્વર્ગારોહણનો વિધીમાં ઊંચા મંચ પરથી બિરાજી પુ. પા. શ્રી ગોકુલોત્સવ મહારાજશ્રી અને અ. સૌ. શ્રી વહુજી એ આર્શિવાદ આપેલ. અને વાજતે ગાજતે યજ્ઞનું અવભૃથ સ્નાન કરવા સ્વારી નિકળેલ શ્રીમહાપ્રભુજીના ઉત્સવને દિવસે મંગળ શાહી સ્નાનની ભવ્ય શોભાયાત્રા નિકળેલ જેપાં હજારો વૈષ્ણવો સામીલ થયેલ અને પ્રવિત્ર ક્ષિપ્રા નદીએ સ્નાનકરેલ.

શ્રીમહાપ્રભુજીના ઉત્સવ પ્રસંગે શ્રીવલ્લભાચાર્યજી નગરના વિશાળ સુશોભીત **શ્રી પ્રથમેશજી સભા મંડપ** માં પ્રચાર સંમેલન થયેલ જેમાં પુ. પા. આચાર્યશ્રીઓના વચનામૃતો અને પરિષદના અગ્રણીઓના પ્રવચનો થયેલ.

તા ૨૯-૪-૯૨ થી ૨-૫-૯૨ સુધી બૃહસ્પતીસવયજ્ઞ પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીએ કરેલ જેનું અવભૃથ સ્નાન તા. ૩-૫-૯૨ ના સુંદર શોભાયાત્રાથી ક્ષિપ્રા તટે ગંગા ઘાટ પર થયેલ.

આ શુભ પ્રસંગે પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ઈન્દોર) દ્વિ. પીઠાધિશ્વ પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ તથા શ્રીદેવકીનંદનજી મહારાજ (નાથદ્વારા-ઈન્દોર) તૃતિય પીઠાધીશ્વર પુ પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી) તથા તેમના લાલજી. પુ. પા. ગો. શ્રી ગોપાલલાલજી બાવાશ્રી (સપ્તમ પીઠ કામવન) પુ. પા. ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ તથા તેમના લાલજી (અમરેલી-કાંદીવલી-ચંપારણ્ય) પુ. પા. ગો. શ્રી ઈન્દીરા બેટીજી અને બીજા અનેક પુ આચાર્યશ્રીઓ પધારેલ.

પુ પા. શ્રી ઇન્દીરા બેટીજીના શ્રીમદ્‌ભગવદ્ ગીતાજી પર સુંદર સાર ગર્ભિત વચનામૃતોનું સત્ર યોજાએલ તેમજ ભાગવતાચાર્ય શ્રી કૃષ્ણકૃષ્ણશંકર શાસ્ત્રીજીના શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પરના પ્રતિદિન પ્રવચનો થતાં અમરેલી-કાંદીવલીવાળા પુ. પા. ગો. શ્રીવ્રજજીવનજી મહારાજ શ્રી તથા તેમના લાલજી પુ. પા. શ્રી દ્વારકેશ બાવાશ્રીએ અત્યંત પરિશ્રમ લઇ તૈયાર કરેલ શ્રી ચોરાશી બેઠક દર્શન તથા અષ્ટછાપની અલૌકિક ઝાંકી અને શ્રીના વસ્ત્રાભરોણો માલ-સાંજીના ચિત્રજીની પ્રદર્શની અનેરા આકર્ષણનું કેન્દ્ર બનેલ શ્રીવલ્લભાચાર્યજી નગરમાં કલ્પવાસ કરી રહેલ વૈષ્ણવો દ્વારા નિત્ય પ્રાતઃ ગ્રંથ પઠન અને યોગાભ્યાસનો કાર્યક્રમ રહેતો.

નિત્ય રાત્રીના રાસધારીજી મંડલી દ્વારા વિવિધ રાસ લીલાના દર્શનોનો અલૌકિક લાભ પ્રાપ્ત થતો.

શ્રીવલ્લભાચાર્યજી નગરમાં પુ. પા. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રીના સેવ્ય શ્રી ગોવર્ધન નાથજી અને પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ શ્રી ના સેવ્ય શ્રીમહાપ્રભુજીના સ્વરૂપોને પધરાવેલ અને આખો મહીનો સમય સમયના દર્શનોનો લાભ સહુને મલતો તેમજ વિવિધ પ્રકારની ફુલ મંડલી, ફુલના પલના વગેરે મનોરથોના દર્શનો કરી વૈષ્ણવો ભાવ વિભોર બનતા (આ અહેવાલ કુંભપર્વની પુર્ણાહુતી પહેલાંનો છે જેથી ઘણા કાર્યક્રમો તથા અનેક પુ. આચાર્યશ્રીઓની પધરામણીનો ઉલ્લેખ થયો નથી.)

આ માસના ઉત્સવ

જેઠ સુદ ૧૦ તા. ૧૦-૬-૯૨ બુધવાર ગંગા દશહરા શ્રી યમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૧૧-૬-૯૨ ગુરૂવાર નિર્જલા એકાદશી વ્રત, ગો. ચિ. પ્રબોધકુમાર બાવાશ્રી (મથુરા-ધોરાજી) નો જન્મદિન ભીમ અગીયારસ.

જેઠ સુદ ૧૪ તા. ૧૪-૬-૯૨ રવિવાર વટ સાવિત્રી વ્રત. સ્નાનનું જળ ભરવું તેનું અધિવાશન કરવું. શિક્ષાપત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૬૪૯) તથા ગો. ચિ. વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી)નો) જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૧૫-૬-૯૨ સોમવાર જયેષ્ઠાભિષક. સ્નાન યાત્રા. મન્વાદિ તિથિ ગો. ચિ. ગોપિકાલંકારજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટનો) જન્મદિન.

જેઠ વદ ૪ તા. ૧૯-૬-૯૨ શુક્રવાર ગો. ચિ. શ્રી ગિરધરલાલ બાવાશ્રી (કામવન)નો જન્મદિન

જેઠ વદ ૬ તા. ૨૧-૬-૯૨ રવિવાર ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ (મુંબઇ) નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૨૫-૬-૯૨ ગુરૂવાર ગો. ચિ. શ્રી દર્શનકુમાર બાવા (કોટા-કડી-ગોંડલ) નો જન્મદિન,

જેઠ વદ ૧૧ તા. ૨૬-૬-૯૨ શુક્રવાર યોગિની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૨૯-૬-૯૨ સોમવાર ગો. ચિ. દ્વારકેશલાલ બાવા (કામવન)નો જન્મદિન.

અષાઢ સુદ ૨ તા. ૨-૭-૯૨ ગુરૂવાર રથયાત્રા.

અષાઢ સુદ ૩ તા. ૩-૭-૯૨ શુક્રવાર ગો. ચિ. શ્રી અભિષકકુમાર બાવા (મથુરા-ધોરાજી)નો તથા ગો. ચિ શ્રી કૃષ્ણકાંત બાવા (મુંબઇ) નો જન્મદિન.

અષાઢ સુદ ૫ તા. ૪-૭-૯૨ શનિવાર ગ્રીષ્મ ઋતુ પૂરી થઇ. શ્રી દ્વારકાધીશજી (કાંકરોલી)નો પાટોત્સવ. ગો. ચિ શ્રી દામોદરરાય બાવા (મુંબઇ) નો જન્મદિન.

અષાઢ સુદ ૬ તા. ૫-૭-૯૨ રવિવાર કસુંબા છઠ્ઠ શ્રી લક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ દક્ષિણના શ્રી પાંડુરંગ વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ. વર્ષાઋતુનો પ્રારંભ થયો. તે ભાદરવા સુદ ૧૦ સુધી

અષાઢ સુદ ૭ તા. ૬-૭-૯૨ સોમવાર ગો. ચિ. મિલનકુમાર બાવા (મથુરા-પોરબંદર) નો જન્મદિન.

અષાઢ સુદ ૮ તા. ૭-૭-૯૨ મંગળવાર ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ (ચાંપાસેની-જામનગર)નો તથા ગો. ચિ. શ્રી પ્રમેયકુમાર બાવા (કોટા)નો તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (માંડવી-ગોકુલ)નો જન્મદિન.

।। શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ।।

શ્રીપુષ્ટિ ભકત પદાવલી

રચયિતા : **કિરતનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ.**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૯૩. રાગ-અડાનો (વૈ.-૭૮)

વંદો શ્રી પટેલ માવજી વિરજો;
સખી 'હરખા – રૂપા' દોઉ, ચંદ્રાવલી મન રજો. ૧
પદ્મા રાવલ સંગ શરણુ ગયે હૈ, શ્રી વલ્લભ કહી બાની;
પૂર્ણ મનોરથ હોયંગે જબ, શ્રી વિઠ્ઠલ પ્રગટે જાની. ૨
બિત ચૂકે દિન બહોત પાછેં, ગયે શ્રી વિઠ્ઠલ પાસ;
આજ્ઞા કરી શ્રી વિઠ્ઠલ પ્રભુને, હોઉ વૈષ્ણવ કે દાસ. ૩
સખડી ધરૂં હોં સબ વૈષ્ણવકોં, ઐસી મનમેં સ્ફુરી;
શ્રી વિઠ્ઠલ અરુ વૈષ્ણવકોં, સંગ લે, ગયે જગન્નાથપુરી. ૪
કીયો ખર્ચ લક્ષ મહોરકો, ભયો મનોરથ ભારી;
સખડી પરોસ વિહવલ હવે વિરજો, તનકી દસા વિસારી. ૫
ધન્ય ધન્ય ધન્ય શ્રી વિરજો, ધન્ય શ્રી વૈષ્ણવરાજ;
'લાલદાસ' ધન્ય ધન્ય શ્રી વિઠ્ઠલ, રાખી વેદ ધર્મકી લાજ. ૬

૯૪. રાગ-અડાનો (વૈ.-૭૯)

વંદો ક્ષત્રી ગોપાલદાસ;
ખવાસ નંદ 'જસવંત' નામ યહ, નરોડા કરત નિવાસ. ૧
પઢે વિદ્યા સ્વભાવ રાજસ, દ્રવ્ય બહોત હે પાસ;
વાદ કરત પંડિત સોં ફીરે, મદ ભરે ખાસ. ૨
વાદ કરત વલ્લભતે હારે, તબ ગહ્યો શરન;
આજ્ઞા દઇ નામ દેવેકી, દીયો અધિકાર તતક્ષન. ૩
વિરહ કે પદ 'ચોખરા' ગાવત, અષ્ટ પ્રહર વિરહાતુર મન;
જવર આયો તબ ઝારી લે કે, જલ પ્યાયો શ્રી ગિરિધરન. ૪
મદ આયો અધિકાર પાયકે, ભયે ગંગો જ પાયે જો નામ;
'લાલદાસ' વિઠ્ઠલ મુખ ભાખી, બિગર્યો મદતે કામ. ૫

—ક્રમશઃ

॥ શ્રીવલ્લભ તવાસ્મિ ॥

લે. પ્રો. **જીવનલાલ છ. જોશી, રાજકોટ**

(–ગતાંકથી ચાલુ)

શ્રી ગોપીનાથજી બોલે, શ્રી પુરૂષોત્તમ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૧
શ્રી વિઠ્ઠલનાથજી બોલે, શ્રી ગિરિધરજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૨
શ્રી ગોવિંદરાયજી બોલે, શ્રી બાલકૃષ્ણજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૩
શ્રી ગોકુલનાથજી બોલે, શ્રીરઘુનાથજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૪
શ્રી યદુનાથજી બોલે, શ્રી ઘનશ્યામજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૫
શ્રી રુકિમણીજી બોલે, શ્રી પદ્માવતીજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૬
શ્રી ભામિની વહુજી બોલે, શ્રી રાણી વહુજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૭
શ્રી કમલા વહુજી બોલે, શ્રી પારવતી વહુજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૮
શ્રી જાનકી વહુજી બોલે, શ્રી મહારાણીજી વહુજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૯
શ્રી કૃષ્ણાવતી વહુજી બોલે, લક્ષ્મી સત્યભામા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૦
શ્રી શોભા, યમુના, કમલા, દેવકાએ ચારે બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૧

–ક્રમશઃ

સમાચાર

રાજકોટ : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય દ્વારા ઉત્સવ આયોજન કમીટીના ઉપક્રમે જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીનાં ૫૧૫માં પ્રાકટ્ય મહોત્સવનાં પ્રસંગે નીકળેલ વિશાળ વરણાગી (શોભાયાત્રા)

- શોભાયાત્રામાં પુષ્ટિ ધ્વજધારી ઘોડેસ્વાર.
- ધજાપતાકા સાથે બાળકો.
- બેન્ડ વાજા.
- પાઠશાળાના બાલક બાલીકાઓ આચાર્યશ્રીના જયઘોષ બોલાવતા તેમેજ કેસરીયા કિર્તનમંડળીનાં કિર્તનકારોના કિર્તનની રમઝટ.

- યુવક યુવતીઓ રાસ કિર્તન તેમજ આચાર્યશ્રીના જયઘોષ સાથે રમઝટ બોલાવી.
- રાજકોટ વૈષ્ણવ કિર્તન મંડળીના કિર્તન સાથે વિશાળ વૈષ્ણવ સમુહ કિર્તનની રમઝટ બોલાવી રહયાના સાથમાં સપ્તમ પીઠાધીશ્વર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ ચાલીને શોભાયાત્રામાં સાથે જોડાયેલ...
- ઉત્સવ નાયક આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી જ ચિત્રજી સુખપાલમાં બીરાજી રહયું હતું.
- બગીમા ગોસ્વામી બાલકો ગો. શ્રી હરિરાયજી તથા ગો. શ્રી અનુરાગ બાવા બિરાજી શોભામાં અભિવૃદ્ધિ કરી રહયા હતાં.
- રાજકોટની દરેક મહિલાં મંડળો રાસ–કિર્તન સાથે આનંદમાં તરબોળ બની શોભાયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરી રહયા હતા.
- ઉત્સવ નાયક આચાર્યચરણ જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી જયાં પ્રાકટય થયેલ તે ચંપારણ્યે સ્થળો વનમાં અગ્નિકુંડમાં આપશ્રીનાં પ્રાકટય દર્શન કરાવતો ફ્લોર સર્વજ દયાન કેન્દ્રીત ફરી ભાવ વિભોર બતાવી રહયો હતો, ફ્લોર પ. ભ. શ્રી ટી. પી.ના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ ખરેખર અદભુત દર્શન ઝાંખી કરાવી રહો.
- સરગમ કલબ દ્વારા મીઠાજલની વ્યવસ્થા
- ઠેર ઠેર પુષ્પ્ર અને અક્ષતવૃષ્ટિ સાથે જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીનાં ચિત્રજીને તેમજ પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીને તથા ગોસ્વામી બાલકોના પુષ્પ માલા અર્પીત કરી શોભાયાત્રાનુ ભવ્ય સ્વાગત થઈ રહયા છે.
- ધારાસભ્થ; મેયર શ્રી વજુભાઈ વાળા, ડેપ્યુટી મેયર શ્રી ગોવીંદભાઇ પટેલ તેમજ રા.ના.સ.બેં લી. તરફથી પણ પુષ્પમાલા અર્પીત થયેલ અને મેયરશ્રી શોભાયાત્રામાં જોડાયેલ અને કિર્તન કરવામાં સાથે જોડાયેલ.

ડાયાભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ શોભાયાત્રાની વ્યવસ્થા જે. પી. પારેખ–રાજુભાઈ આડેસરા અમુભાઈ સોની, કાંતીભાઇ સંઘન ડેલાવાળા બંધુઓ હસ્દિાસભાઇ દેસાઈ વિગેરે દ્વારા સુંદર આયોજન અને વ્યવસ્થા કરવામાં આવેલ. શોભાયાત્રા સાતસ્વરૂપ હવેલીએ પાહોંચી ધર્મસભાના સ્વરુપમાં ફેરવાઇ ગયેલ.

જયાં પ્રથમ આચાર્યશ્રીનાં અષ્ટ સખા દ્વારા રચાયેલા પદો દ્વારા પ્રભુ તેમજ આચાર્યશ્રીનાં ગુણાનુવાદ રજુ કરતા કિર્તન પદો કિર્તન મંડળી વ્દારા ભાવવાહી રીતે કિર્તન કરવામાં આવેલ.

ત્યારબાદ સમાજમાં અગ્રણી ડાયાભાઈ ડેલાવાળા તથા વજુભાઇ રાણપરાએ વકતવ્ય આપેલ. તેમજ પાઠશાળાના નાના બાલક (પારુલ–મનિષા–ધર્મેશ બાલીકાઓના વકતવ્ય દ્વારા ઉત્સવ નાયકના ગુણાનુવાદ અને વૈષ્ણવોનાં કર્તવ્ય વિશે–માર્ગદર્શન આપેલ પાઠશાળાના નાના ભુલકાઓ દ્વારા વકતવ્યથી સમગ્ર સમાજ આનંદ વિભોર બની ગયેલ.

આ પ્રસંગે સપ્તમ પીઠાધીશ્વર પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીએ બોલતાં જણાવેલ કે દ્વાપર–સતયુગ અને ત્રેતાયુગમાં જે દેવી જીવો અસુરોના સંગદોષને કારણે જેનો ઉદ્ધાર થવો બાકી રહયો હતો તેવા દેવી જીવોના ઉદ્ધારાર્થે આચાર્ય ચરણ જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજી જ પ્રાકટય થયેલ છે. વિશેષમાં આપશ્રીએ જણાવેલ કે પ્રભુ પ્રાપ્તિનાં પ્રયત્નોમાં અનેક પ્રકારના જ્ઞાન–વૈરાગ્ય તપ અને ભકિત દ્વારા અનેક પ્રકારનું કષ્ટ ભોગવવા છતાં પ્રભુ પ્રાપ્તિ દુર્લભ બનતી હતી તે આ કલિયુગમાં પ્રભુ પ્રાપ્તીનો માર્ગ સરળ બનેલ છે.

કલીયુગનો જીવ અનેક અપરાધોથી ભરેલો છે. મર્મસ્પર્શીવાણીમાં આપશ્રીએ દાખલા આપી સરળ ભાષામાં સમજાવેલ કે લાખો મણ રુનો ઢગલો અજ્ઞાનરુંપી અંધકારમાં પડેલા હોય તે ઢગલાને નાની એવી

ચીનગારી રૂના ઢગલાને નષ્ટ કરી નાખે છે. તેમ જીવમાં રહેલા અપરાધોને શ્રીમદ ભાગવતમાં તેમજ ગીતામાં પ્રભુએ આપેલ વચન મુજબ જે જીવ એક નિષ્ઠાથી બધુ ત્યજી મારા શરણે આવશે તેના સર્વે દોષો દુર થશે જેથી તે મુજબ આચાર્ય શ્રી જગદગુરૂ શ્રીમદવલ્લભાચાર્યજીએ પ્રભુ પાસેથી વચન પ્રાપ્ત કરી જીવોને શરણે લઈ અહંતા મમતા ત્યજી નિષ્ઠાપુર્વક પ્રભુ સ્મરણ કરીએ તો આપણો ઉદ્ધાર અવશ્ય થાય.

આ ઉપરાંત તા. ૨૫–૨૬-૨૭ના રોજ કાલાવડ રોડ ઉપર પાઠશાળાના બાળકોનો તેમજ ગોસ્વામી બાળકોના વચનામૃતનો કાર્યક્રમ યોજવામાં આસલ, જેમાં પૂ. પા ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય તેમજ ગો. શ્રી ગોવીંદરાયજી મહારાજે–વૈષ્ણવોને પોતાના કર્તવ્યનુ જ્ઞાન કરાવેલ.

ચરખડી-મોરબી પુ પા ગો. શ્રી દામોદર લાલજી મહારાજ (કડી–ગોંડલ)ના શ્રી સર્વોતમ સ્તોત્ર પ્રવચન 'શિબિર' ચરખડી વૈષ્ણવ સમાજ દ્વારા તા. ૨૨–૩–૯૨ થી તા. ૨૪–૩–૯૨ સુધી અને મોરબીમાં તા. ૧૫–૪–૯૨ થી તા. ૧૭–૪–૯૨ સુધી સોની શામજીભાઈ લાલજીભાઈ પરિવાર દ્વારા રાખવામાં આવેલ. તેમાં સ્થાનિક તેમજ બહાર ગામના બહોળી સંખ્યામાં વૈષ્ણવોએ ઉપસ્થિત રહીને આ લાભ લીધો હતો.

દેવળા – તા. ૪–૪-૯૨ થી તા. ૧૧–૪–૯૨ સુધી" શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રવચન સપ્તાહ"નું આયોજન ૫ ભ ડાયાભાઈ ખોડાભાઈ શીંગાળા દ્વારા રાખવામાં આવેલ હતું પ્રવકતા પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી હતા. તેઓશ્રી મૌલિક અને સાર ગર્ભિત વાણીમાં સર્વોત્તમ રસપાન કરાવ્યું હતું તેમજ સ્વમાર્ગીય સિદ્ધાંતોની વિશેષ સમજ આપી હતી.

આપશ્રીના સૌ. શ્રી કુમુદિની વહુજીએ શ્રી સર્વોતમ પ્રવચન સપ્તાહ વિષેના ઉદેશ્ય વિષે સુંદર રાગમાં 'સ્વરચિત' પદગાન કર્યું હતું. ત્યારબાદ આપશ્રીના બાળકો ચિ. ગો. દર્શન બાવા તથા ચિ. ગો. પ્રીતિરાજાએ સુંદર વચનામૃતનો લાભ વૈષ્ણવોને આપેલ હતો.

શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રવચન 'શિબિર' તથા 'સપ્તાહ' આયોજિત કરવાનો ઉદેશ્ય :–

(૧) શ્રી 'સર્વોત્તમ સ્તોત્ર'માં વર્ણિત શ્રી મહાપ્રભુજીના અલૌકિક તથા દિવ્ય નામો દ્વારા મહાત્મ્યજ્ઞાન કરાવવું. (૨) બ્રમ્હસંબંધનું તથા સ્વમાર્ગીય સૈદ્ધાંતિક કર્તવ્યનું નિરૂપણ કરી પ્રતિપાદન કરવુ (૩) શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજી દ્વારા પ્રકટ કરેલ સેવા પ્રણાલિકાનું જ્ઞાન કરાવવું (૪) શ્રી મહાપ્રભુજીના દિવ્ય–નિત્ય–મૂળ સિદ્ધાંતો દ્વારા આદર્શ વૈષ્ણવી જીવન બનવાની પ્રેરણા આપવી. (૫) વૈષ્ણવોમાં પરસ્પર સદ્‌ભાવ, એકતા, સ્વમાર્ગીય નિષ્ઠા તથા પુષ્ટિ સિદ્ધાંતોમાં દઢતા કાયમ રહે.

જે વૈષ્ણવો પોતાના ગામમાં આ કાર્યક્રમ આયોજીત કરવા ઈચ્છતા હોય તેમણે નીચેના સ્થળે સંપર્ક સાધવો.

ગો શ્રી દામોદરલાવજી મહારાજશ્રી
“ભગવદાશ્રય” બી–૨૩, ગુણાતીતનગર, ગોંડલ–૩૬૦૩૧૧

વડોદરા – આં. પુ વૈષ્ણવ પરિષદ તરફથી કસાણા મુકામે લગભગ ૨૦ ગામોના લગભગ એક હજાર આદીવાસી બંધુઓને પાંચ પાંચ કીલો મકાઈ અને એક એક કીલો સુખડીનું વિતરણ પરિષદના સંગઠન મંત્રી ચીમનલાલ શેઠ અને સેવાવ્રતી શ્રી વલ્લભભાઈ દોશીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

રાણા ખીરસરા – શ્રી મહાપ્રભુજીના પાકટયોત્સવ પોરબંદરવાળા પૂ. પા ગો. શ્રી હરિરાયજી બાવાશ્રીના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો હતો. આપશ્રીના વચનામૃત શ્રી ગોવિંદ સ્વામીના ૧ પદના આધારે દોઢ કલાક થયા હતાં. વરણાગી ગામમાં ફરી હતી, રાત્રે ભાડેર વાળાની ટાઢી લીલા થઈ હતી બીજે દિવસે સવારમાં લગભગ ૧૨૫ બ્રમ્હસંબંધ થયાં હતાં.

ઐતિહાસિક વિરાટ સન્ત સમ્મેલન, ઉજ્જેન સિંહસ્થપર્વ

શ્રીમદ્ જગદ્ગુરૂ શ્રી વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત સમ્પ્રદાય ષષ્ઠ પીઠોદ્ભવ અગ્નિચિત ગોસ્વામી શ્રી વલ્લભરાયજી મહારાજશ્રી એ ઉજ્જૈન સિંહસ્થપર્વ પર ઔદાર્ય આત્મીયતા પૂર્વક શ્રીમહાપ્રભુજીના બેઠકજી અંકપાત ક્ષેત્રમાં ગોમતી કુંડની નજીક વિરાટ સન્ત સમ્મેલનનું આયોજન કરેલ આ સન્ત સમાગમ શ્રી વલ્લભરાયજી મહારાજશ્રીના મૌલિક ચિન્તનનું પરિચાયક તો હતું જ સાથો સાથ બધાં સન્તો અને વૈષ્ણવો માટે પણ અદ્વિતીય ચિર સ્મરણીય સમ્મેલન હતું.

વૈષ્ણવતાથી માનવ માત્રની એકતા સંભવે છે.—પૂ. ગો. શ્રી વલ્લભરાયજી

વૈષ્ણવ શબ્દ સંકીર્ણ નથી. જે તત્વ સચરાચરમાં વ્યાપ્ત છે તે વિષ્ણુ છે. એજ વિષ્ણુથી સંબંધિત છે વૈષ્ણવતા, વૈષ્ણવતા, ચર-અચરને પણ એક સૂત્રમાં બાંધી શકે છે. વૈષ્ણવ ધર્મ માનવ માત્રને જોડી શકે છે ચાહે કોઇ પણ જાતી યા વર્ણનો હોય કોઈ પણ મત-ધર્મનો હોય બધાં વૈષ્ણવતાના આધાર પર એક થઇ શકે છે. એટલે જ જગદ્ગુરૂ શ્રી વલ્લભાચાર્ય એ શુદ્રો અને મુસલમાનને પણ વૈષ્ણવ બનાવ્યા છે.

ગોસ્વામી શ્રી વલ્લભરાયજીએ જગદ્ગુરૂ શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુના ૫૧૫ માં પ્રાગટ્ય ઉત્સવ પર શ્રી મહાપ્રભુજીના બેઠક નજીક ગોમતી કુંડ (સાંદીપની આશ્રમ ઉજ્જૈન) પર આયોજીત વૈષ્ણવ સન્ત સમ્મેલનની અધ્યક્ષતા કરતાં વૈષ્ણવ સમ્પ્રદાયની ઉદારતાનો ચિતાર આપેલ. આપશ્રી એ કહેલ કે શ્રી મહાપ્રભુજીનો માર્ગ પ્રેમનો માર્ગ છે. તેમની ઘોષણા છે કે ભગવાનની કૃપા માટે પ્રેમ સિવાય કોઇ સાધન નથી. વિરોધીઓથી પ્રેમ કરો.

આ સંમેલનમાં અનેક સન્તો મહન્તો અને ધર્મપ્રાણજનતાએ મોટી સંખ્યામાં ભાગ લીધેલ. વૈષ્ણવ સન્તોને ગો. શ્રી વલ્લભરાયજીએ ગ્રંથ, વસ્ત્ર અને દક્ષિણા દઇને સમ્માનિત કરેલ સંન્તોએ જગદ્ગુરૂ શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પાદુકાજીનું પૂજન કરેલ.

આ વૈષ્ણવ સન્ત સમ્મેલનમાં શ્રીરામ જન્મભૂમિ મુકિત આન્દોલનના અધ્યક્ષ દિગમ્બર અખાડા અયોધ્યાના મહન્ત રામચંદ્રદાસજી પરમહંસે શ્રી વલ્લભાચાર્યજીના જીવન પર પ્રકાશ નાખેલ અને શ્રીરામ જન્મભૂમિ, શ્રીકૃષ્ણ જન્મભૂમિ તથા કાશી વિશ્વનાથની મુકિતનો સંકલ્પ ઓજસ્વી શબ્દોમાં દોહરાવેલ ચતુઃ સંમ્પ્રદાયના મહન્ત રામચંદ્રદાસજી પુરાના કાઠીયા વૃન્દાવનના મહન્ત વાસુદેવદાસજી અને ભકિત ભગીરથના સંપાદક શ્રી રાજીવજીએ શ્રી વલ્લભાચાર્યજીના જીવન પર પ્રભાવશાળી પ્રવચન કરેલ.

આ સમ્મેલનમાં રાજમાતા વિજયારાજે સિંધીયા પણ આવેલા અને પૂરા સમય સુધી પ્રવચનોનો લાભ લેતા રહેલ. શ્રીમતિ સિંધીયાએ કહેલ કે "હું સન્ત સમ્મેલનમાં પ્રવચન કરવા નથી આવી. હું તો સન્તોને પ્રણામ કરવા અને તેમનાં આશિર્વાદ લેવા આવી છું. આ બધા સન્તો મને આશિર્વાદ આપો કે મારૂં જેટલું જીવન બાકી છે, તેમાં મને મારા કાર્યોમાં સફળતાં મળે અયોધ્યામાં શ્રીરામ મંદિર બને તે મારા જીવનનું સહુથી મહત્વ પુર્ણ કાર્ય છે."

કાર્યક્રમનું સંચાલન ડો. ગજાનન શર્મા-ધારવાળાએ કરેલ. કાર્યક્રમના આરંભમા ગો. શ્રી અનુરાગબાવા અને શ્રી રાજેશ્વરે વેદ પાઠ કરેલ, તથા શ્રી દિવ્યાંગના બેટીજી અને શ્રી જીગીશાબેટીજીએ મંગલાચરણ કરેલ.

આ વિરાટ સન્ત સમ્મેલનમાં બધાં સન્તોએ પરસ્પર સહજ આત્મિયતાથી પોતાના વિચારો દેશની સંસ્કૃતી અને તેના ગૌરવ પર ચિન્તન કરેલ. વિવિધ સન્તોના વિચારોથી સમસ્ત વૈષ્ણવ સમુદાયે નવી પ્રેરણા પ્રાપ્ત કરેલ.

શિક્ષાનું પદ

જો વિચારી જીવ ! તારી શી વલે થશે !
જન અમૂલ્ય જન્મ વ્યર્થ ગયો કાંઇ હશે !
ચેત ! ના, હજુન કાળ અચિંત આવશે,
ના ભજ્યા શ્રીકૃષ્ણ, કોણ ત્યાં છોડાવશે ? જો૦ ટેક–૧

છળ કરી અધર્મ દ્રવ્ય મેળવ્યું દુઃખે,
પોખ્યું નિજ કુટુંબ, કણ પડ્યો ન પર મુખે;
નિત્ય હાય, દૈવ ! પાલક ના ડર્યો સુખે,
રાધિકા–રમણ રટ્યા ન, રહ્યો આ રુખે–જો૦ ૨

સ્કંધ પંચમે પોકારી નર્ક દુઃખ કહ્યું,
ત્રાસ ઊપજે સુણ્યેથી, કેમ જશે સહ્યું ?
માટે હજુ ચેત, કૃષ્ણ સેવ, કર કહ્યું,
ત્યાં તો પછી વાહડ્યું તેને જોઇશે વહ્યું-જો૦ ૩

જાણે તું જંજાળી છું, તે કેમ ભજન કરું,
પણ વિચારી વેડ સરવ મનથી કર પરું;
રામ નામ રટણ ચિત્ત રાખ, આ ધરું,
બળતે ઝુંપડે જે ખેંચી કાઢ્યું તે ખરું;-જો૦ ૪

ભજન વિના સરવ વાત જાણજે વૃથા,
મૂકી કુથલો ને સાંભળ કેશવની કથા;
આતમઘાતી તું જ તારો ન થા, ન થા;
'દયા' પ્રભુ વિના ગતિ નથી સર્વથા.–જો૦ ૫

* * * * *

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી ૫. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૬ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

હિંડોરા કે પદ (રાગ-મલ્હાર)

માઇ ઝૂલત યુગલ કિશોર,
યમુના પુલિન કદંબ લતાવર, કુસુમિત વન ચહું ઓર. ૧
શ્યામ ઘટા ચપલાછબિ દરસતિ, ગરજત ઘન રસ જોર;
કંચન ખંભ ઝિલમિલી ઝલકનિ, સોહે પચરંગ ડોરિ. ૨
મરકત મણિ મુકતનિ કી ઝાલરિ, હીરનિ કી કલ કોર;
શીતલ મંદ સુગંધ પવન સુચિ, કોકિલ રવ કરિ મેંર. ૩
ચન્દ્રમુખી ગાવેં સુખ ઉપજે, મિલિ પિય માખન ચોર;
'વલ્લભ' સબ ઝુલવતિ ગિરિધરકોં, વચ શશીરસ મેં બોર. ૪

શ્રી વલ્લભદાસ બાજીલાલ શર્મા, દેવરી (ગ્વાલીયર)

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૧ : અંક-૪ જુલાઈ, ૧૯૯૨
શ્રી વલ્લભાબ્દ ૫૧૪

વાર્ષિક લવાજમ રૂ. ૨૫/- ✻ **આજીવન રૂ. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

સમાચાર

આણંદ—દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં આં. રા, પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશ તરફથી ખેડા જિલ્લાના બોરીયાવી ગામેથી ઘાસની છ ટ્રકોને વિદાય આપવામાં આવી વિદાય આપતાં પુ. ગો. શ્રી વાગીશ બાવાશ્રી (વડોદરા–કાંકરોલી) અને પુ. ગો. શ્રી. દ્વારકેશલાલજી મહોદયે મેસર્સ મણીભાઈ ઝવેરભાઈ કોલ્ડ સ્ટોરેજમાં યોજાયેલા સમારંભમાં ગૌ સેવા અને માનવ સેવાના કાર્યો કરવાં એ વર્તમાન પરિસ્થિતિમાં તાતી જરૂરીઆત છે અને વૈષ્ણવ પરિષદના આવાં કાર્યોને તેઓએ બિરદાવ્યા હતા અને આવા પાવન સેવા કાર્યોમાં સમગ્ર વૈષ્ણવ સમાજે તન, મન, ધન, પુર્વક પરિષદને સહયોગ આપવો જોઈએ. એવી તેઓએ અપીલ કરી હતી, સાંપ્રદાયિક ક્ષેત્રે આવાં માનવતાના કાર્યોનું તેઓએ મહત્ત્વ સમજાવ્યું હતું.

આં. રા. પુ. વૈ. પરિષદની દુષ્કાળની પ્રવૃત્તિની જાણકારી આપીને વૈષ્ણવ ધર્મને ચરિતાર્થ કરવાનું કાર્ય પરિષદ કરી રહી છે અને માનવ સેવા એ પ્રભુની પ્રાપ્તિ માટેની પહેલી સીડી છે એ પ્રકારે સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠે અને પ્રિ. શ્રી સી. પી. તલાટીએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું.

જુનાગઢ—શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ ૮ દિવસના કાર્યક્રમથી પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજીની અધ્યક્ષતામાં ઉજવાયેલ શોભાયાત્રા, દરરોજ બે વખત વચનામૃત, બારમાસી ઉત્સવના જરુરી કિર્તનોનું પુસ્તક “કીર્તન મુકતાવલી”નું વિમોચન તથા પાઠશાળામાં ભકિત સંગીત વિદ્યાલયનું ઉદઘાટન થયેલ.

જામનગર–શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાગટ્ય મહોત્સવ સાત દિવસના કાર્યક્રમ યોજી ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. શોભાયાત્રા, ધર્મસભા વગેરેનું આયોજન થયેલ તેમા પૂ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીએ પ્રાસંગિક વચનામૃત આપેલ સ્વાગત પ્રવચન પરિષદના જામનગર જીલ્લાના પ્રમુખશ્રી જયંતિભાઈ સોનીએ કરેલ તેમજ શાસ્ત્રી શ્રી બટુકભાઈ ભાગવતાચાર્ય શ્રી મનહરલાલજી મહારાજ, પ્રોફે. શ્રી લાભુભાઈ પુરોહિત વગેરે વકતાઓએ પ્રાસંગીક પ્રવચનો કરેલા. આ કાર્યક્રમ દરમ્યાન “કીર્તન સ્પર્ધા” નું આયોજન થયેલ, તેના નિર્ણાયક તરીકે પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રી રહ્યા હતા. આમાં લગભગ ૩૨ વૈષ્ણવોએ ભાગ લીધો હતો.

રતનપુર–શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષિકુળના નિર્માણ માટે ફંડ એકઠું કરવા પરિષદની કેન્દ્ર કચેરી તરફથી રૂા. ૧૦/– દશની ટીકીટોના વિતરણ વિમોચન નીચેના ગામોએ કાર્યક્રમો યોજી કરવામાં આવેલ હતું.

ધનસુરા, મોરબી, રાજકોટ, ગોંડલ, ઉપલેટા, જામનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ, દેરડી, કુંકાવાવ વગેરે સ્થળોએ યોજાગેલ કાર્યક્રમોમાં ઋષિકુલ વિષે માહિતી પરિષદના કેન્દ્રીય કારોબારી સભ્ય અને ઋષિકુલ નિર્માણ સંયોજક શ્રી હસમુખભાઈ ખખ્ખરે આપી સંચાલન કર્યું હતું તેમજ ઋષિકુલ આયોજન સમિતિના સભ્ય શ્રી કનુભાઈ દેવાણીએ ઉપસ્થિત રહી ટીકીટ વિતરણની વ્યવસ્થા સંભાળી હતી. આ પ્રાથમિક તબક્કામાં આશરે ૧૭૦૦૦ ટીકીટોનું વિતરણ થયાનું જણાવવામાં આવેલ છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક .

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ : ૧૧ અંક : ૪ * જુલાઈ, ૧૯૯૨

॥ શ્રી હરિઃ ॥

બંધન—મુક્ત

પ્રવક્તા : નિ.લી.ગો. શ્રીપુરુષોત્તમલાલજી મહારાજ, કોટા.
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા.
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન,
રાજકોટ.

—ગતાંકથી ચાલુ

મનુષ્ય પોતાની શકિત સામર્થ્ય વડે કયારેક કયારેક સારા કાર્ય કરી શકે છે. એ વાત નથી કે ન કરી શકે, પરંતુ છતાં પણ તે અલ્પજ્ઞ છે. ઘણા વધારે સારા કામ તમે કરી શકો છો, પરંતુ તમારાથી ખરાબ કામ પણ થયા છે તમે પોતાની (કર્તૃત્વની) ભાવના રાખશો તો કયાંક વધારે સારા કાર્ય થઇ ગયા ત્યાં થોડા ખરાબ પણ થઇ ગયા તેમનું પણ ફળ તો ભોગવવું જ પડશે. સારા કામનું પણ અને ખરાબ કામનું પણ, બંધન તો બંને છે. લોઢાની હોય કે સોનાની હોય. કોઇ કહે કે લોઢાની બેડીથી ન બાંધતા સોનાની બેડીથી તમને બાંધવામાં આવે તો શું તે સોનાનું બંધન નહીં રહે ? તે પણ બેડી તો છે જ. તે આપણી શકિતને, આપણી ગતિને, આપણી કર્તૃત્વ શકિતને રોકશે. સ્વતંત્રતાથી આપણે કંઇ નહીં કરી શકીએ. જેવા બંધાયા કે પરાધીન થયા. સારા કામ એ સોનાની બેડી છે અને ખરાબ કામ લોઢાની બેડી છે. બંને બેડી

અને બંને કાર્ય એક જ કાર્ય કરે છે. બંનેના કાર્ય અલગ અલગ નથી. સોનાની બેડી બીજું કામ કરતી હોય, લોઢાની બેડી બીજું કામ કરતી હોય એવી વાત કયાં છે ? બંને બંધનનું કાર્ય કરે છે. બંને બાંધે છે. કહેવાનો આશય એ છે કે આપણે જે કાર્ય કરવું છે તેમાં કર્તૃત્વશકિત ભગવાનની છે. આ પ્રકારની ભાવના રાખશો તો તેના ફળથી તમે કયારેય બંધાશો નહીં.

એક નાનું દૃષ્ટાંત છે કે તલવાર કોઇને પણ મારી નાખે છે. એકનો શું અનેકનો વધ કરે છે. તલવાર તો વધ કરવા માટે જ બનાવી છે. તલવારનો જન્મ જ વધ કરવા માટે છે અને તે કયુ સારૂં કામ કરી શકશે ? તે તો મારકાપ જ કરશે. પરંતુ તે તલવારને, તે લોઢાને હિંસાનું પાપ ભોગવવું નથી પડતું. તલવારને કોઇએ હત્યાની સજા કરી હોય, હિંસાનું નામ આપ્યું હોય એવું કોઇએ સાંભળ્યું છે ? પરંતુ જે તેનો ઉપયોગ કરે છે તેણે ફળ ભોગવવું પડે છે, તલવારે નહીં.

આ રીતે તમારે સમજી લેવું જોઇએ કે આપણે ભગવાનના એક સાધનમાત્ર છીએ. ભગવાન જે કંઇ કરવા ઇચ્છે છે તે આપણા દ્વારા કરાવી રહ્યા છે, એવું માનીને ચાલો. હું સ્વતંત્ર પોતાની ઇચ્છાથી કોઇ કામ કરી રહ્યો છું એવી જાતની ભાવના આવવાથી તો ફળ અવશ્ય ભોગવવું જ પડશે અને જ્યાં ભગવાન મારાથી કાર્ય કરાવે છે એ જાતની ભાવના આવી ગઇ ત્યાંથી તમે કર્મબંધનથી મુકત થઇ ગયા, અને સમજો કે ભગવાન પાસે પહોંચી ગયા. ભગવાન પાસે ન પહોંચવા દેનાર કર્મ બંધન જ છે. તે આપણી વૃત્તિઓને વિચલિત કરી દે છે. ભગવાન તરફ નથી જવા દેતા. ઇચ્છતા છતાં પણ આપણે ભગવાન તરફ આપણી ભાવના નથી લઇ જઇ શકતા, કારણ કે કર્મનું બંધન છે. કર્મબંધનથી મુકત થવાનો સંદેશ જ તો ભગવાને ગીતામાં આપ્યો છે. અને ગીતાનો સાર શું છે ? ગીતાનો ઉદ્દેશ શું છે ? કર્મબંધનથી જ અર્જુન મુકત થઇ જાય એતો ગીતાનું ધ્યેય છે. તો ભગવાને થોડા શબ્દોમાં જ બતાવી દીધું કે જે પોતાના માટે કાર્ય કરશે તેને ફળ મળશે અને જે મારે માટે કરશે તેનું ફળ તેને નહીં ભોગવવું પડે.

તો 'મત કર્મ કૃત' ભગવાનનો સંદેશ એ છે કે અર્જુન તું મારે માટે કર્મ કરનાર બની જા. હું પોતાને માટે કામ કરૂં છું. તે વાત સર્વથા હૃદયમાંથી ભૂલાલી દે અને જે કંઇ કરૂં છું, હું ભગવાન માટે કરી રહ્યો છું એ પ્રકારની ભાવનાને અપનાવી લે. જ્યાં આવું થયું કે ત્યાંથી જ કર્મબંધનથી સર્વથા મુકત થઇ ગયા.

પોતાને માટે કરશો તો અવશ્ય તેનું બંધન પ્રાપ્ત થશે જ, છૂટવાનો કોઇ રસ્તો જ નથી. જ્યાં હું ભગવાન માટે કાર્ય કરૂં છું એ પ્રકારની ભાવના આવી ત્યાંથી કર્મ બંધન પોતાનું કાંર્ય સમાપ્ત કરી દે છે પછી આગળ તેની શકિત વિશેષ ગતિ નથી કરતી. આપણે એવી શકિત બનાવવી છે કે આપણે ભગવાન માટે કાર્ય કરવાવાળા થઇ જઇએ.

દુનિયા માટે કામ કરનારની તો દુનિયા બનેલી છે,ફળ પણ દુનિયાનું જ પ્રાપ્ત થાય છે. સીધી જ વાત છે કે દુનિયા માટે કામ કરશે, તેને દુનિયા મળશે. અને જે ભગવાન માટે કામ કરશે તેને ભગવાન મળશે. તેમાં

બધો જ સાર આવી ગયો. તેથી વિશેષ સમજવાની બીજી કોઈ વાત નથી.

"પુનરપિ જનનં, પુનરપિ મરણં,
પુનરપિ જનની જઠરે શયનમ્"

આ જે સંસારનો ક્રમ છે તે નિરંતર ચાલતો રહેશે. દુનિયા માટે જે કામ કરશેતેને જન્મ મરણના ચક્રમાંથી મુક્તિ પ્રાપ્ત ન થઇ અને જે ભગવાન માટે કામ કરશે તે તો મુક્ત જ બનેલો છે તેણે મુકત થવા માટે બીજો કોઇ પ્રયત્ન કરવાની આવશ્યકતા રહેતી નથી, તે તો પહેલેથી મુકત છે કારણ કે તે પોતાને માટે કંઇ નથી કરતો, પોતાના સ્વામીની પ્રસન્નતા માટે તેની ઇચ્છાની પૂર્તિ માટે તો અહીં ચિંતા કરવા માટે કોઈ કારણ નથી. એ ધ્યાનમાં રાખો કે આપણો અંતિમ સમય હંમેશા છે. પહેલા વાત કહેવાય કે અંતકાળ આપણો હંમેશા છે. કાલ સુધીની ગેરેન્ટી ? અને જે ભગવદીય છે તેનો અંતકાળ ક્યારેય નથી. અંતકાળ તો શરીરનો જ હોય ને ? આત્મા તો અજર અમર છે. તેને પાણી ઓગાળી શકતું નથી અને અગ્નિ બાળી શકતો નથી. વાયુ પણ સુકવી શકતો નથી, તે તો નિત્ય અજર અમર છે. શરીરની આવી ગતિ ક્યારેય ન થઈ શકે કે તે અજર અમર થઈ જાય એ ક્યારેય ન બની શકે, કારણ કે બંનેના સ્વભાવ અલગ અલગ છે. આત્માનો સ્વભાવ બીજો છે અને દેહનો સ્વભાવ બીજો છે. બંનેના ધર્મ અલગ અલગ છે. પોત પોતાના ધર્મ અનુસાર એ ચાલવાના જ. આ સમજી લો કે દેહનો આત્મામાં [illegible] આત્માનો ધર્મ દેહમાં આવી ન શકે.

એટલા માટે જે ભગવદીય છે તેમને માટે ભગવાન સંબંધ નિત્ય નવીન છે. હંમેશાં નવા સ્વરૂપમાં થાય છે. ભગવદીયયોનું ભગવાન સાથેનું મિલન નિત્ય વવા રૂપમાં થાય છે. ભગવાન કોને મળશે, તે શું કોઈ કહી શકે છે ? કોઇ નથી કહી શકતું. ભગવાન અનેક રૂપમાં, અનેક પ્રકારે આપણને મળતા રહે છે, પરંતુ આપણે તેમને જાણી નથી શકતા.

ભગવાન મળે છે અને આપણને ખબર નથી કે ભગવાન આપણને મળ્યા છે, આવું થાય છે ? આપણે સત્સંગમાં બેસીએ છીએ ત્યાં આપણી ચિત્તવૃત્તિ એકાગ્ર થાય છે. શું તે સમયે ભગવાન નથી મળતા ? સત્સંગમાં બેઠા અને ચિત્તએકાગ્ર થયું, ભગવાન પ્રતિ લાગ્યું. તે સમયે કોણ કહી શકે કે ભગવાન નથી મળ્યા. પરંતુ આપણને ખબર નથી કે ભગવાન મળ્યા. એટલી ખબર પડી કે ચિત્તવૃત્તિ ભગવાનમાં લાગી ગઇ. ભગવાન મળ્યા એવું આપણે સમજી ન શકયા. ભગવાન મળી ગયા અને આપણે તેમને ઓળખી ન શકયા એવી સ્થિતિ થઇ જાય છે કે ભગવદીયે તો નિત્ય નવીન ઉત્સાહથી કાર્ય કરવાનું છે.

ભગવાન આપણી નજીક છે. આપણે તેમના માટે કાર્યકરી રહ્યા છીએ. જ્યાં સુધી તેમની ઇચ્છા હશે ત્યાં સુધી આપણે કાર્ય કરતા રહીશું. ન તો આપણે આપણી ઇચ્છાથી કાર્ય કરીએ છીએ અને કરી પણ ન શકીએ. ભગવાન જ પોતાની ઇચ્છાથી જ્યાં સુધી આપણી પાસેથી કામ લેવાનું ઇચ્છશે ત્યાં સુધી લેશે. આ પ્રકારની ભાવનાનું આપણે નિર્માણ કરવાનું છે,

આ ભાવના સત્સંગ દ્વારા જ પ્રાસ થઇ શકે છે, અને ગોપીલાલજી જેવા ભગવદીયોનો

સત્સંગ આપને પ્રાપ્ય છે તે ખૂબ જ સૌભાગ્ય અને હર્ષની બાબત છે. આ સામાન્ય સૌભાગ્યની બાબત ન માનશો. હા ! આ યુગમાં ભગવદીયનો સંગ પ્રાપ્ત થવો ઘણો જ દુર્લભ છે. અને બધા પ્રકારની વ્યક્તિતો મળી જશે, પરંતુ ભગવદીય મળવા આ યુગમાં ખૂબજ કઠિન છે.

હરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે બધું છે પરંતુ ભગવદીયનો મને સંગ નથી. હું ખૂબ જ દુર્ભાગી છું, આ કેટલી દિવ્ય દૃષ્ટિ અને ભાવના છે. જે ભગવાનમાં નિત્ય રમણ કરે છે તે કહે છે કે નિત્ય નૂતન પ્રકારે ભગવદીય સાથે ભગવાનની પ્રાપ્તિ થાય છે. એક પ્રકારથી ભગવાન મળી ગયા તો બીજા પ્રકારે કેવી રીતે મળશે તે ભગવદીય બતાવશે. એક પ્રકારે મળ્યા, તેનું સૌભાગ્ય તો આપણને મળી ગયું, પરંતુ નિત્ય નૂતન પ્રકારે ભગવાન કેવી રીતે મળે ? ભગવાનને નિત્ય નૂતનપ્રકારે મળવાની કેવા પ્રકારની ભાવના હૃદયમાં રાખવી, તે પ્રકાર બતાવનાર ભગવદીય હોય છે. આવું સૌભાગ્ય આપ લોકોને પ્રાપ્ય છે, એ ખૂબ જ ખુશીની વાત છે અને યોગ્ય સમયે આવીને આનો લાભ દરેકે હંમેશા લેવો જોઇએ, કારણ કે બીજા બધા દુનિયાના લાભ તો મળતા રહેશે, પરંતુ આ લાભ મળવો ઘણો કઠિન છે. ઘણો દુર્લભ છે.

જે રીતે આપ લોકો ઉત્સાહથી સત્સંગનો લાભ લ્યો છો તે રીતે હમેશા લેતા રહો. શ્રી ગોપીલાલજીનો અને આપ લોકોનો સત્સંગ હમેશા ચાલતો રહે એવી શુભ કામનાઓ સાથે આજનું પ્રવચન પૂર્ણ કરવામાં આવે છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ,
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

વિવરણ શ્રીમદ્ વ્રજરાજ ચરણ

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

શ્રીમદ્ રાસરસામૃતાબ્ધિ વિલસદ્ગોપીશપાદામ્બુજ-
દ્વન્દ્વ સ્નેહવિલાસદાનકરણે શ્રી પારિજાતોપમઃ ॥
સ્ફૂર્જદ્ગોપકદમ્બિની વિલસિતપ્રેમાખ્યવર્ત્માકરો-
ભૂયાન્મે હૃદિ સન્તતં દુરિતહૃચ્છ્રી વિઠ્ઠલોવાલ્લભિઃ
॥૧॥

અર્થ : (શ્રીમદ્ એટલે) શોભાયમાન એવા રાસલીલાના અમૃતથી ભરેલા સાગરમાં વિલાસ (ક્રીડા) કરતા ગોપીપતિના બે ચરણકમલમાં સ્નેહ તથા વિલાસનું દાન કરવામાં કલ્પવૃક્ષ જેવા (શ્રી ગુસાંઇજી છે) અને પ્રકટ થતાં (સ્ફૂર્જત) ગોપકદંબિની સાથે વિલાસ તથા પ્રેમના નામથી ઓળખાતા (આખ્ય) માર્ગ (વર્ત્મ)ના સાગર (આકર) સમાન શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઇજી) જેઓ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પુત્ર તે (વલ્લભના પુત્ર તે વાલ્લભિ) તેઓ હમેશાં મારા હૃદયમાં વાસ કરીને મારા પાપોને હરનારા બનો. ॥૧॥

ભગવદીયોનું ધર્માદિ ચતુષ્ટય (ધર્મ, અર્થ, કામ, મોક્ષ) ભગવાન જ સિદ્ધ કરી આપે છે અને પોતાના જનો ઉપર કૃપાના કારણે શ્રીમદાચાર્ય ચરણ ચાર શ્લોકો દ્વારા એ જ બાબત જણાવવા માટે વિવરણ કરે છે– સર્વદાભાવેન વગેરે....વગેરે.

સર્વદા સર્વભાવેન, ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવધર્મોહિ, નાન્યઃ ક્વાપિ કદાચન ।૧।

શ્લોકાર્થ : હમેશાં સર્વાત્મભાવથી એટલે પ્રભુને પ્રાણથી પણ પ્રિય ગણીને વ્રજના અધિપતિ–શ્રીકૃષ્ણની જ સેવા કરવી જોઇએ. આપણો પોતાનો ખરો ધર્મ આ જ છે. કોઇ સ્થળે કે કોઇ સમયે બીજો કોઇ આપણો ધર્મ નથી.

ટીકા : સર્વભાવથી એટલે પોતાના પૂરેપૂરા ભાવથી હમેશાં વ્રજાધિપ શ્રીકૃષ્ણની સેવા (ભકિત) કરવી જોઇએ. એમ તાત્પર્ય છે. બધાએ કરવી જોઇએ એમ અધ્યાહાર છે. (બાકીનો અર્થ સમજવો). આપણો પોતાનો આ જ ધર્મ છે. બીજો કોઇપણ (ધર્મ) નથી. કોઇપણ સ્થળે (જગ્યાએ) અને કદાચન એટલે કોઇપણ કાળે એમ અર્થ છે. 'હિ' એમ કહીને આજ્ઞા કરે છે કે આ જ અર્થ યોગ્ય છે. સહજ (કુદરતી) દાસપણાને કારણે જીવને માટે શ્રુતિ દ્વારા આ જ અર્થનું પ્રતિપાદન થયેલું છે એ જ કારણ છે. આ જ કારણને લીધે આપણા આચાર્યશ્રીએ નિર્ણય કરેલો છે કે, 'આપણા સહજ પ્રભુ શ્રી ગોકુલનાથજીના ચરણકમલનું દાસ્ય એ જ પોતાનો (આપણો) ધર્મ છે. સર્વદા એ પદ વાપરીને એમ આજ્ઞા કરી છે કે અહીં કાળ વગેરેનો નિયમ નથી (કે અમુક સમયે જ સેવા કરવી અને અમુક સમયે નહી) ધર્મશાસ્ત્રો વગેરેમાં ધર્મના આચરણ બાબતમાં

કાળ વગેરેનો નિયમ જણાવેલો હોય છે. તેથી ત્યાં ધર્માચરણથી પ્રાપ્ત થનાર ફળનું પણ કાળને (સમયને) અધીનત્વ હોવાને કારણે નાશ પામવાપણું જ હોય છે. અહીં આપણી બાબતમાં તેનો (એટલે ફળની પ્રાપ્તિ કે વિનાશની બાબતનો અભાવ દર્શાવવા માટે કહેવામાં આવ્યું છે કે સર્વદા (સેવા કરવી જોઇએ) એટલું જ નહિ પરંતુ ‘સર્વદા’ એ શબ્દના ઉપયોગથી એમ જણાવવામાં આવ્યું છે કે ક્ષણમાત્ર પણ આ સિવાયના બીજા કોઇ ધર્મનું આચરણ કરવાથી અનન્યત્વ (આશરો એક શ્રી વલ્લભાધીશનો’ એ ભાવના)નો ભંગ થયો ગણાય, કારણ કે એ પ્રકારનું નિરૂપણ કરવામાં આવેલું છે કે શ્રી ભગવાન તો જીવોના પતિ છે. જેવી રીતે પતિવ્રતા સ્ત્રીઓ એક ક્ષણ માટે પણ જો પોતાનું મન બીજે સ્થળે ચલિત થવા દે તો પોતાના પાતિવ્રત્યનો ભંગ કરવાનું પાપ (અધર્મ) મેળવે- એવી જ રીતે અહીં પણ થાય એમ જણાવવા માટે ‘સર્વદા’ એમ કહ્યું છે એ ભાવાર્થ છે.

સર્વ ભાવેન એટલે ભગવાનમાં જે બધો ભાવ છે તે બધા ભાવ સહિત. પતિ પુત્રાદિ તરફના બધા ભાવ સહિત એમ અર્થ પણ લેવાનો છે, કારણ કે એ જ આજ્ઞા કરેલી છે. આચાર્યોએ પણ ‘તાદશી ભાવના કુર્યાત્’ વગેરે દ્વારા (એટલે કે ‘એ પ્રકારની ભાવના કરવી જોઇએ’)

અથવા તો ‘સર્વભાવ’ દ્વારા સ્ત્રીભાવનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. સર્વ શબ્દની એક જ ધર્મ દર્શાવવાની શકિતને કારણે અને આ જ કારણને લીધે વ્રજવનિતાઓએ કહ્યું હતું- ‘બધા વિષયો- બધી બાબતોનો પૂરેપૂરો ત્યાગ કરીને જ અમે આપના ચરણાવિંદના આશ્રયે આવેલ છીએ-વગેરે....વગેરે’ ત્યાં એક જ પદમાં બધા પદોની શકિત રહેલી છે એ ભાવ સમાયેલો છે.

અથવા તો બધો ભાવ જે ભગવાનમાં હતો તે બધા સ્ત્રીભાવ સહિત એમ અર્થ છે. ભગવાનમાં એ જ ભાવ યોજવો જોઇએ. જે સ્ત્રી ભાવ છે. ભગવાનમાં એ જ ભાવ રાખવો જોઇએ. જે પોતાના શુંગાર વગેરે કરતી વખતે શ્રીસ્વામીનીજીએ ભગવાનમાં રાખ્યો હતો. આ જ કારણથી આપણા શ્રી પ્રભુચરણે (આચાર્યશ્રીએ) કહ્યું છે કે, ‘ભલે યુવતી વેષ હોય’ આ વાકયથી શરૂ કરીને ‘પુરૂષો માટે પણ સ્ત્રી ભાવ ધારણ કરવામાં આવે’ એમ બે કાવ્ય પંકિતઓ દ્વારા કહ્યું છે.

આ જ કારણને લીધે આપણા પ્રભુચરણ શ્રીમદાચાર્યજીએ કહેલું કહે છે કે, ‘આના દર્શનમાં તો અવશ્ય હોઇ શકે સ્ત્રી ભાવ જ. વળી કહ્યું છે કે “સ્ત્રીભાવો ગૂઢ ઇત્યાદિ ચ” એટલે “અને ગૂઢ સ્ત્રીભાવ” વગેરે. જો એમ દલીલ કરવામાં આવે કે બધાને તો તે ભાવ (સ્ત્રીભાવ) ના અયોગ્ય પણાને લીધે એ ઉપદેશ આપવો અયોગ્ય ગણાય એવો આભાસ થાય તો શું કરવું ? એ ભાવ માટે (સ્ત્રીભાવ માટે) બધાની યોગ્યતા છે એમ બૃહદ્ વામન ગ્રંથમાં બ્રહ્માવડે કહેવામાં આવેલું છે – “સ્ત્રીયો વા પુરૂષા વાપિ ભર્તૃ ભાવેન કેશવમ્” એ વાકયમાં એટલે કે “સ્ત્રીઓ હોય કે પુરૂષો હોય પણ તેઓ શ્રી કૃષ્ણને (કેશવને) પતિના ભાવથી ભજી શકે છે” અથવા તો સર્વ શબ્દથી અહીં

પ્રભુનો જ ઉલ્લેખ કરવામાં આવેલ છે, કારણ કે 'સર્વ' શબ્દની ત્યાં જ શકિત છે.

તદાત્મારૂપા સ્વામિનીજી છે, ત્યાં ભાવથી દાસી ભાવથી પ્રભુમાં તે સંદેશ વગેરેના કથન સહિત સર્વ સામગ્રી પ્રાપ્ત કરીને એવા ભાવનું રહસ્ય છે 'વ્રજાધિ' એ શબ્દથી પૂર્ણ પુરૂષોતમપણું દર્શાવ્યું છે. જેવી રીતે કૃપા કરીને તેમના માં પોતાપણું પ્રકટ કરીને અને પોતાનામાં તેમના સ્વામી હોવાપણું પ્રકટ કરીને લીલા કરે છે. તેવી જ રીતે સર્વાત્મભાવ સહિતના ભજનથી (સેવાથી બધા ભકતોમાં પણ એમજ) કરશે એમ સૂચવ્યું છે. તેમનામાં પોતાના અધિપતિ પણાને તો શ્રી ગોકુલના લોકોને રસદાનની ઇચ્છા થી પ્રકટેલા ડાબા હાથની (ટચલી આંગળી) થી ગિરિ શ્રેષ્ઠ ગોવર્ધનને ધારણ કરવાથી પ્રગટેલા ઉત્સાહથી આનંદિત થયેલા હૃદયવાળા શ્રી ગોકુલનાથે (શ્રી કૃષ્ણે) જાહેર કરતા કહ્યું છે કે શ્રી ગોકુલનાં જનો તો મારે લીધે જ સનાથ છે (એટલે કે શ્રી કૃષ્ણ જ તેમના સ્વામી અધિપતિ છે) અને "મારી કૃપાને પામેલા છે" વગેરે... વગેરે... આ પ્રમાણે ભગવાન પોતાના સ્વામી છે એ ભાવ હૃદયમાં દઢ કરીને શ્રી કૃષ્ણની સેવા કરવી એમ તાત્પર્ય છે. —ક્રમશઃ

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ હીંગનઘાટવાળા**

હપ્તો સતરમો

જાન્યુઆરી ૯ તારીખનાં પ્રાતઃકાલ લંડનના હીથરો હવાઇ મથકે ઇન્ડિયન એરલાયન્સનું બોઇંગ વિમાન પેસેન્જરોની પ્રતિક્ષા કરતું શાંત ઊભુ હતું. હવામાનમાં ઠંડક વધારે હતી. સૂર્યનારાયણ ઉદય થયા હતા. પરંતુ વાદળાના ધુમ્મસ વચ્ચે તેણે છુપાઇને રહેવાનું પસંદ કરેલ હોય તેમ દેખાતું હતું.

તે સમયે દિનેશ, તેની મમ્મી, પિન્કી, માસીબા બધા પ્લેનમા સૌ સૌની સીટ માથે સ્થિર બેસી રહ્યા હતા. ત્યાં જ સામેથી પ્લેન તરફ આવતાં ફ્રાંસથી આવેલા રસિકલાલનાં પુત્ર પ્રવિણ તેની બહેન ઉષ્મા અને તેની બા, ત્રણેને જોઈ દિનેશની ખુશીનો પાર ન રહ્યો.

દિનેશે પિન્કીને સામેથી આવવાવાળા તરફ આંગળી ચીંધીને કહ્યું—ફ્રાંસથી આવેલા આપણી સાથે ભારત આવતા લાગે છે. ઉષ્મા દુરથી દિનેશને જોઇને જ ઓળખી ગઇ. પરંતુ દિનેશે પ્રવિણને જોયેલ ન હોવાથી પૂછીને જાણી લીધું. કેમકે, તે ફ્રાંસ ગયો ત્યારે પ્રવીણ હાજર ન હતો. બધા સૌ સૌની સીટ ઉપર બેસતા પહેલાં એક બીજાની ઓળખાણ કરાવી પરિચિત થયા. પ્રવાસ સુખમય જશે તેવી પરસ્પર સૌ વાતો કરતા આનંદમાં આવી ગયા. વિમાન ઉપડવાની વાટ જોઇ રહ્યા હતા. પ્રવીણ બધાને માટે અજાણ્યો હોવાથી સંકોચાતો વાત કરી રહ્યો હતો. પોતે દેખાવમાં સુંદર, શાંત સ્વભાવી અને હસમુખો હતો.

થોડીવારમાં હવામાન સાફ બની ગયું. સૂર્યનારાયણે બધાને પોતાનાં કિરણોથી આનંદિત

કર્યા. પૃથ્વીને પ્રકાશિત કરી દીધી. વિમાન લંડનથી ઉપડી ભારત તરફ રવાના થયું.

પ્રવિણને દિનેશનાં જેવી જ આદત હતી. યાન ઉપડયું કે પોતાના ખિસ્સામાંથી નિત્યપાઠનું પુસ્તક કાઢીને વાંચવાનું શરૂ કરી દીધું. પોતે બધાથી અપરિચિત હોવાથી શિષ્ટાચારથી જ સૌને જય શ્રીકૃષ્ણ કરી નિત્ય નિયમ કરવા લાગ્યો.

પિન્કીને પોતાના બરોબરીની ઉષ્મા સાથે બેસી એકબીજાનો પરિચય કરતા ખુશી ખુશી થઈ હતી. આમ બન્ને બહેનપણી બની ગઈ. બન્નેનું પોતાનું યોગ પ્લેનમાં મળવું, વળી બન્નેના મુખ્ય કારણો તો ભાવિ પતિ માટે જ હતા. અનાયાસ મેળ પ્રાપ્ત કરાવે છે. કોણ ક્યાં જશે તે કોઈ જાણતું નથી.

પિનકી ઉષ્મા સાથે વાર્તાલાપમાં લાગી ગઇ. આ દેહ પ્રભુપ્રાપ્તિ માટે જ મળ્યો છે. આ જ દેહથી જીવ પ્રભુપરાયણ બની ભગવદ્પ્રાપ્તિ કરી શકે છે. જીવનનું મૂળ ધ્યેય સિદ્ધ કરવા જીવનસાથી પણ એવો જ મળે તો જ એકરૂપ બની સેવા સ્મરણમાં જીવન વ્યતીત થઈ શકે.

ઉષ્મા : તારી વાતને હું માનું છું. મારી પણ એવી જ મહત્વકાંક્ષા છે. ઘણીવાર એવું બને છે કે મા–બાપ કેવળ પૈસો જોઇને દીકરી આપી દે છે. ન જુએ ઉંમર કે ન જુવે સંસ્કાર. મોટા મોટા બંગલા ભાળીને સારૂં માની લે છે, અને જ્યારે સામાવાળાનાં સંસ્કાર અને ગુણોની ખબર પડે ત્યારે પસ્તાવો કરે. કોઈ બંને વિરુદ્ધ વિચારના હોઇ, જેમકે કોઇ ભકિતપ્રરાયણ હોઇ .તો બીજો આધુનિક સુખ વૈભવમાં માનતો હોઈ એવા ગઠબંધનો જીવનમાં સુખ પ્રાપ્ત નથી કરી શકતા. આજ સુધી તો અમારા ઘરના આવો વિચાર કરીને જ પછી સંબંધ બાંધે છે. સૌથી પહેલાં બન્નેના એક જ વિચારોની જ મહત્તા છે. એક સમય એવો હતો કે જ્યારે માબાપ પોતાની ઇચ્છાનુસાર સંબંધ બાંધી દેતા. બાળકી કાંઇ તેમાં ઉતરવા ન્હોતી માગતી. જે કરે છે તે મારા ભલા માટે જ કરતા હશે, આવો વિશ્વાસ હતો. આજે તો યુગ પરિવર્તન છે. જે કાંઇ પગલું ભરવું તે જોઇ વિચારીને જ ભરવું, જેથી ભવિષ્યમાં સુખે જીવન જીવી શકાય.

પિનકી સાંભળી રહી અને ઉષ્માને કીધું, તારા વિચારો મારા જેવા જ છે. હું પણ ચાહું છું કે પુષ્ટિમાર્ગીય સંસ્કાર જેનામાં દેખાશે, જેના ઘરમાં પ્રભુની સેવા હશે, જેની સાથે સંબંધ બાંધવો છે તેના વિચારો આપણને યોગ્ય દેખાય ત્યાર પછી જ આગળ વાત ચલાવવી.

દરેક જનમમાં નવા નવા સાથી મળ્યા હોય છે. મેં દઢ નિશ્ચર્ય કર્યો છે, ઉત્તમ ભગવદ્પ્રેમી મળે તેની સાથે જ સંબંધ જોડવો છે. ભલેને વહેલા મોડું થાય. મહાપ્રભુજીની સૃષ્ટિ વિશાળ છે. મેં તો આની વિરુદ્ધ કાંઇપણ અપનાવવું નહીં એવો જ વિચાર કર્યો છે.

પિનકીએ આગળ કહ્યું કે આપણા બંનેના એક જ વિચારો છે. મારા દાદાજી ભારતમાં રહે છે. તેમણે ત્રણ–ચાર ઠેકાણા ખ્યાલમાં રાખ્યા છે. જોવું છું કયાં અન્નજળ છે તે પ્રભુ જાણે ! જીવનસાથી મનલાયક ન મળે તો ભલેને ઉંમર એમ જ પૂરી થાય તો પણ ફિકર નહીં, પણ

જનમ સુધારવો છે તે વાત ખરી ! અત્યારે તો મારૂં મન શ્રી મદનમોહનજીનાં સ્વરૂપમાં છે. જાતાવેંત જ અન્નકોટની સેવામાં લાગી જવું છે. તમે પણ આવો તો બહુજ આનંદ આવશે.

ઉષ્મા : તેં તો મારા મનની વાત કરી. અમો જ્યારે ફ્રાંસથી નીકળ્યા ત્યારે મારા પિતાશ્રીએ ખાસ ભલામણ કરી છે કે મુંબઇ ઉતરી પહેલાં દાદાજીને પગે લાગી પછી હૈદ્રાબાદ જવું. દિનેશનાં દાદાજીને મારા પપ્પા પિતાતુલ્ય માને છે. જો કે કોઇ સગામાં થતા નથી, પણ તેઓ માને છે કે મારા આ લોકનાં સુધારવાવાળા છે, તેનો હું ઋણી છું, એટલું જ નહીં ઉપરાંત ભગવદ્‌ભાવ સત્સંગનો લાભ બધો તેમના તરફથી મને મળ્યો છે.

આવી રીતે સૌ સૌની રીતે એકબીજા સાથે વાર્તાલાપ કરતા મુંબઇ શાંતાકુઝ નજીક આવ્યું. રાતના ૮-૩૦ વાગ્યા હતા. સૌના મન હર્ષોલ્લાસથી ખીલી રહ્યા હતાં.

કાવ્ય-કુંજ

મારૂં ચિત્ત જાય મલકી....!

રચયિતા : પૂ. પા. ગો. ગોકુલેશ બાવાશ્રી
'વિહવળ' જુનાગઢ

શ્યામ નામ સુણતાં જ,
મારૂં ચિત્ત જાય મલકી....!
આશ્ચર્યયુક્ત એના હાવ-ભાવોથી,
મારૂં ચિત્ત જાય હલકી....!
એની નટખટ મનોહર ચાલ દશી,
મારૂં ચિત્ત જાય બહેકી....!
એના અંગની અલૌકિક સુવાસે,
મારૂં ચિત્ત જાય મહેકી....!
ભોળી ભોળી કાલી કાલી એની વાતોથી,
મારૂં ચિત્ત જાય ટહેકી....!
એ ચિત્તચોરની ચતુરાઇથી,
મારૂં ચિત્ત જાય ઝબકી....!
એ કામણગારાના કેશ દશી,
મારૂં ચિત્ત જાય ચબકી....!
એના પાયલના મધુર ઝણકારે,
મારૂં ચિત્ત જાય ઝમકી....!
એના ખંજનભર્યા કોમળ ગાલો દશી,
મારૂં ચિત્ત જાય ઠનકી....!
એની કજરાળી કપટી આંખો જોઇ,
મારૂં ચિત્ત જાય છલકી....!
ભાવ એકજ ઉભરાય આ ચિત્તમાં,
પ્રેમરસ છલકાય આ ચિત્તમાં....!
વારંવાર બસ દશ્યા જ કરૂં,
એની આ અદ્‌ભુત ઝલકી....!

॥ શ્રી વલ્લભ તવાસ્મિ ॥

લેખક : પ્રો. **જીવનલાલ છગનલાલ જોષી, રાજકોટ**

–(ગતાંકથી ચાલુ)

શ્રી ગોપીનાથજી બોલે, શ્રી પુરૂષોત્તમ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૧

શ્રી વિઠ્ઠલનાથજી બોલે, શ્રી ગિરિધરજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૨

શ્રી ગોવિંદરાયજી બોલે, શ્રી બાલકૃષ્ણજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૩

શ્રી ગોકુલનાથજી બોલે, શ્રી રઘુનાથજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૪

શ્રી યદુનાથજી બોલે, શ્રી ઘનશ્યામજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૫

શ્રી રુકિમણીજી બોલે, શ્રી પદ્માવતીજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૬

શ્રી ભામિની વહુજી બોલે, શ્રી રાણી વહુજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૭

શ્રી કમલા વહુજી બોલે, શ્રી પારવતી વહુજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૮

શ્રી જાનકી વહુજી બોલે, શ્રી મહારાણીજી વહુજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૬૯

શ્રી કૃષ્ણાવતી વહુજી બોલે, શ્રી મહારાણીજી વહુજી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૦

શ્રી શોભા, યમુના, કમલા, દેવકા એ ચારે બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૧

—ક્રમશઃ

વૈરાગ્યનું પદ

સારાર્થ : **શ્રી જગજીવનદાસ મણીલાલભાઇ**

[રાગ : બિહાગ]

મન રે તું ભૂલ્યો જન્મ ગુમાવે,
ખબર ન પરી તાંકોં, શિર પર કાળ સદા મંડરાવે. ૧

ખાનપાન અટક્યો, નિશવાસર જીભ્યા લાડ લડાવે;
ગૃહ સુખ દેખ ફિરત ફૂલ્યો, સો સુપને મન ભટકાવે. ૨

કે તું છાંડ જાયગો ઇનકું કે તો હી યહી છુડાવે;
જ્યોં તોતા સેવર પર બેઠ્યો, હાથ કછુ નહીં આવે. ૩

મેરી મેરી કરત બાધરે, આયુષ્ય વૃથા ગમાવે;
હરિ હિતુ વિસાર વિષય સુખં, વિષ્ટા મન ભાવે. ૪

શ્રી ગિરિધરલાલ સકલ સુખ દાતા, સુન પુરાન સબ ગાવે;
'સૂરદાસ' શ્રીવલ્લભ ઉર અપને, ચરણકમલ ચિત્ત લાવે. ૫

સારાર્થ : આ પદ અષ્ટસખા પૈકી સુરદાસજીનું કરેલું છે. તેઓ પોતાના મનને સંબોધી શરણસ્થ જીવો પ્રતિ સુચવે છે કે– મન એકાદશ ઇન્દ્રિયોમાં રાજા છે. લૌકિક પારલૌકિક તમામ વ્યવહાર સર્વ મનથી જ થાય છે. મન વિના કશુંયે થાતું નથી. શાસ્ત્રમાં કહેલ છે કે, 'મન એવ મનુષ્યાણાં બંધ મોક્ષ કારણ' એટલે મનુષ્યોને બંધનમાં નાખવાના કે બંધનથી મુકત કરવાના કારણરૂપ મન જ છે. તેથી દરેક કાર્યમાં પ્રથમ મન દોરાય તો તેની પાછળ સર્વ ઇન્દ્રિયો દોરાય, તેથી પ્રથમ પોતાના મનને સંબોધી કહે છે કે મન નિરંતર પ્રભુજીમાં રહ્યું આવે તેમાંજ એની સાફલ્યતા છે. છતાં પ્રભુજીને ભૂલીને સમય વ્યતીત કરે છે તે કાળ વૃથા નિર્ગમન કરે છે. વળી ભગવાન સન્મુખ રહે છે તે નિર્ભય રહે છે, પણ પ્રભુને ભૂલીને રહેવાવાળાને કાલાદિકનો ભય પ્રતિબંધ કરે છે.

આ મનુષ્ય દેહ ભવસાગર તરવાની એક નૌકારૂપ છે, છતાં ક્ષણભંગુર છે. કાળ માથે ફરી રહ્યો છે, તરાપ મારી ઉપાડી જશે. માટે હયાતીમાં બને તે ભગવદ્ ભજન કરી લઉં એવી ખબર હે મન ! તને કેમ પડતી નથી ?

હવે રસના (જીભ) ઇન્દ્રિય સંબંધમાં કહે છે કે, તેની સાફલ્યતા તો ભગવદ્ પ્રસાદથી તેનું પોષણ કરી ભગવદ્ નામમાં નિરંતર પ્રવૃત્ત રહેવી એ છે, પણ તે ઇન્દ્રિયને આપણા કાબુમાં રાખીએ તો જ તે કાર્ય સધાય પણ આપણે તે ઇન્દ્રિયના વશમાં રહીયેં તો એને તો પોતાનો વિષય જે સારૂં સારૂં ખાવાની ઇચ્છાઓ થાય તે સર્વે હાજર કરી જીભને નાના પ્રકારના તું લાડ લડાવે છે તે વૃથા છે, માટે એ ઇન્દ્રિયને પણ પ્રભુજીમાં જોડ.

અહીં ભકતકવિ શ્રી દયારામભાઇનું પદ મનન કરીએ—

(રાગ : ખંભાયચી રેખતો)

હરદમ કૃષ્ણ કહેં, કૃષ્ણ કહેં, તું જુબાં મેરી;
યેહી મતલબકે ખાતર કરતા ખુશામદ મેં તેરી. (ટેક)

દહીં કર્યો દુધ સક્કર, દેતા હું હર વકત તુઝે;
તોભી હરરોજ હરિનામ સુનાતી ન મુઝે....હરદમ૦ ૧

કરે ગુનગાન ગોવિંદકા, તો મુખ પરી વે ભલા;
નહીં તો મેં એંચ નિકાલુંગા, કયા મુખ ચામબલા....હરદમ૦ ૨

ખોઈ જિંદગાની સારી સોબી, ગુના માફ તેરા;
'દયા' પ્રીમ ભૂલે મત, આખર વકત મેરા....હરદમ૦ ૩

વળી પ્રભુજીમાં મન જોડનારને ગૃહાસકિત પ્રતિબંધરૂપ છે, છતાં ગૃહાદિકના સુખ જોઇ તું પ્રફુલ્લિત થઇને ફરે છે. મન પણ ગૃહાદિકમાં લાગેલું છે તેથી રાતના સુતી વખત સ્વપ્નાઓ પણ ગૃહસંબંધના જ આવે છે.

ગૃહાદિક સુખ ખોટાં છે, નાશવંત છે તેથી કાયમ રહેવાનાં નથી, કાં તો એ સુખ તને મુકીને ચાલ્યા જશે અને કદાચ મરણ થશે. તારે બધું પડતું મૂકીને જવું પડશે, માટે એ કાંઇ તારૂં નથી. જો હોય તો જાય નહિ.

સેવર નામનું વૃક્ષ થાય છે. તેમાં ફળ કાંઇ થતાં નથી, કારણ કે તેમાં ફળ છે નહીં તે કયાંથી પ્રાપ્ત થાય ? તો પ્રભુને મૂકી અન્યમાં મમતા કરવાવાળાના હાથમાં પણ કશું આવતું નથી. અલૌકિક ફળ પ્રભુજીમાં જ છે– બીજે નથી.

અનંત કોટિ બ્રહ્માંડના રચનાર પ્રભુજી છે, તેથી વસ્તુમાત્ર તેમની ઉત્પન્ન કરેલી હોવાથી સર્વે પ્રભુજીની છે. છતાં દરેક વસ્તુમાં મારી તારી એવી જે મમતા કરીએ છીએ તે ખોટી છે. આવી મમતા જે ગાંડા હોય તે કરે, માટે આવી મમતાને તજી દે. એવી મમતામાં કાળ વ્યતિત થાય છે, તે આયુષ્ય વૃથા જાય છે. આયુષ્ય તો ભગવદ્ ભજનમાં વીતાવવાની છે.

શ્રી હરિરાય મહાપ્રભુ આજ્ઞા કરે છે–

આયુઃ પ્રયાતિ, નહિ યાતિ સુતાદિરાત્મા;
રાયોડખિલા અપિ વિહાય મૃતં વ્રજન્તિ.
ઇત્થં વિચિન્ત્ય વિષયેષુ વિસૃજ્ય શક્તિં,
ભક્તિં હરેઃ કુરુ પરાં કરુણાર્ણવસ્ય.

આયુષ્ય ચાલ્યું જાય છે અને દેહ તેમ પુત્ર વગેરે પણ શું નથી જતાં ? સમગ્ર સંપત્તિઓ પણ મૃતદેહનો ત્યાગ કરીને ચાલી જાય છે. આ પ્રમાણે વિચાર કરીને વિષયોમાંથી આસક્તિ છોડીને કરુણાસાગર શ્રીહરિની ભક્તિ કર.

આ સંસારમાં સર્વ સ્વાર્થના સગા છે, નિસ્વાર્થના હિતુ તો માત્ર હરિ છે. તેને તો તું વિસારી બેઠો છો અને વિષ્ટાતુલ્ય જે વિષયસુખ છે તે મનમાં અને ચિત્તમાં ભાવે છે, ગમે છે.

સુખમાત્ર પ્રભુમાં જ સમાયેલું છે, બીજે નથી. બીજે તો અજ્ઞાનતાએ કરીને માની લઇએ છીએ. પણ બીજે છે નહીં તે કયાંથી મળે ? પ્રભુ પાસે છે તે તેમની પાસેથી જ મળે.

તેથી સર્વ પ્રકારના અલૌકિક સુખના દેવાવાળા શ્રી ગિરિધરલાલને કહ્યા છે તેની સાંખ સર્વે પુરાણો આપી રહ્યા છે.

સમાપ્તિ કરતાં સુરદાસજી કહે છે, શ્રી વલ્લભ પ્રભુજીને આપણા હૃદયને વિષે જો પધરાવીએ તો એઓ અનુગ્રહ દ્વારા મારૂં ચિત્ત એમના એટલે ભગવદ્ ચરણાવિંદમાં પરોવાય.

આ માસના ઉત્સવ

અષાડ સુદ ૧૦ તા. ૯–૭–૯૨ ગુરૂવાર બેંગણ દશમ.

અષાડ સુદ ૧૧ તા. ૧૦–૭–૯૨ શુક્રવાર દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસના વ્રતના નિયમોનો પ્રારંભ. ધારણા પારણા વ્રત. ગો. ચિ. વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન–રાજકોટ) નો તથા ગો. ચિ. શ્રી લલિત ત્રિભંગી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૧૩–૭–૯૨ સોમવાર ગો. શ્રી દેવકીનંદનજી મહારાજ (શ્રી નાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી શરદકુમાર બાવાશ્રી (મથુરા) નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૧૪–૭–૯૨ મંગળવાર વ્યાસ પૂર્ણિમા, ગુરુ પૂર્ણિમા. મન્વાદિતિથિ. કચોરી પૂનમ. ગો. ચિ. શ્રી મુકુટલાલ બાવાશ્રી (ચાંપાસેની–જામનગર) નો જન્મદિન. ચાતુર્માસના નિયમનો આરંભ જો એકાદશીએ ન થયો હોત તો આજે કરવો.

અષાડ વદ ૨ તા. ૧૬–૭–૯૨ ગુરુવાર હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૧૯–૭–૯૨ રવિવાર શ્રી ગોકુલનાથજી (ગોકુલ) અને શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન) નો પાટોત્સવ. ગો. ચિ. શરદકુમાર બાવાશ્રી (કોટા) તથા ગો. ચિ. શ્રી ગોપેશ્વરજી (સુરત) તથા ગો. ચિ. શ્રી મુરલીધર બાવાશ્રી (વેરાવળ) નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૨૦–૭–૯૨ સોમવાર ગો. ચિ. શ્રી દેવકીનંદનજી બાવાશ્રી (બોરીવલી–રાજકોટ) તથા ગો. ચિ. શ્રી દામોદરલાલજીમહારાજ શ્રી (માંડવી–રાજકોટ) નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૨૧-૭-૯૨ મંગળવાર ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૨૩-૭-૯૨ ગુરુવાર જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૨૪-૭-૯૨ શુક્રવાર ગો. ચિ. કન્હૈયાલાલજી બાવાશ્રી તથા ગો. ચિ. શ્રી અનિરૂધલાલજી બાવાશ્રી (કામવન) નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૨૫-૭-૯૨ શનિવાર શ્રી નાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૨૬-૭-૯૨ રવિવાર કામદા એકાદશી વ્રત. ગો. શ્રી વિઠ્ઠલરાયજી મહારાજ (ઇંદોર) તથા ગો. ચિ. શ્રી બાલકૃષ્ણલાલજી બાવાશ્રી (સુરત) તથા ગો. ચિ. વિજેન્દ્રકુમારજી બાવાશ્રી (જુનાગઢ) નો જન્મદિન. કુંજમાં હિંડોળા.

અષાડ વદ ૧૩/૧૪ તા. ૨૮-૭-૯૨ મંગળવાર ગો. શ્રીકલ્યાણરાયજીમહારાજ (નાથદ્વારા) નો જન્મદિન અને ગો. શ્રી શરદકુમારજીમહારાજ (વેરાવળ-પોરબંદર) નો જન્મદિન.

અષાડ વદ અમાસ તા. ૨૯-૭-૯૨ બુધવાર હરિયાળી અમાસ દિવસો. ગો. ચિ. હિરણ્યગર્ભજી બાવાશ્રી (મુંબઇ) નો તથા ગો. ચિ. શ્રી રાજીવલોચનજીબાવાશ્રી (મુંબઇ-ધોરાજી) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧ તા. ૩૦-૭-૯૨ ગુરુવાર ગો. ચિ. મનમોહનજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૩૧-૭-૯૨ શુક્રવાર ગો. ચિ. શ્રી રસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની-જામનગર) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૧-૮-૯૨ શનિવાર ઠકુરાણી-મધુશ્રવા ત્રીજ ગો. ચિ. શ્રી લાડિલેજી બાવાશ્રી (વેરાવળ-પોરબંદર) તથા ગો. શ્રી દાનીરાયજીમહારાજશ્રી (જુનાગઢ) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૩-૮-૯૨ સોમવાર નાગપંચમી, શ્રી નાથજીની ડાબી ભુજાનું પ્રાકટ્ય (સં. ૧૪૬૫) ગો. શ્રી વિઠ્ઠલેશરાયજીમહારાજ (મુંબઈ-કાંદીવલી) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૭ તા. ૫-૮-૯૨ બુધવાર ગો. શ્રી ત્રિલોકીભૂષણજીમહારાજશ્રી (કોટા) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૬-૮-૯૨ ગુરુવાર બગીચા નોમ ગો. ચિ. શ્રી પ્રભુજી બાવાશ્રી (કોટા) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૧ તા. ૯-૮-૯૨ રવિવાર પવિત્રા (પુત્રદા) એકાદશી વ્રત પવિત્રા શુંગારમાં ધરાવવા સંયોગાત્મક મહારાત્રી ગો. ચિ. શ્રી ગિરિધરલાલજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૧૦-૮-૯૨ સોમવાર પવિત્રા બારસ ગુરુને પવિત્રા ધરાવવા ગો. શ્રી મધુરેશજીમહારાજ (મથુરા-પોરબંદર) તથા ગો. ચિ શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ) નો જન્મદિન.

॥ શ્રી વલ્લભઃ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. ગો. **શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી**

રચયિતા : ગો. વા. પ. ભ. **શ્રી રવજીભાઈ મીસ્ત્રી, ‘વ્રજ’ ધોરાજી**

૯૧. શ્રી ગોવર્ધનસ્થિત્યુત્સાહ રૂપ

ગિરિ ગોવર્ધન બસવોઇ ભાવે, શ્રી પ્રથમેશ અતિ સુખ પાવે;
જહાં બિરાજત ગોવર્ધનધર, સબ લીલા હી રહેમેં લાવે. ૧

વિવિધ ભાંત રહસકી બાતે, પ્રિતમ રસ બરસાવે;
દેત શયન સુખ કુંજ નિકુંજન, **‘વ્રજ’** પતિ અપને કંઠ લગાવે. ૨

૯૨. તલ્લીલા પ્રેમપૂરિત રૂપ

તલ્લીલા પૂરિત નિજ અંગ,
માનકુંજ ઓર દાનકુંજકી, ગોચારન લીલામેં રંગ; ૧

ગહ્વર કુંજકી લીલા ન્યારી, બ્યાહ વિલાસ પ્રિતમકે સંગ.
રસ ગોષ્ઠિ **‘વ્રજ’** કે વલ્લભકી, છીન છીન ચઢત હે લહર અનંગ. ૨

૯૩. યજ્ઞભોકતા રૂપ

પ્રગટે શ્રી વલ્લભ મુખ રૂપ;
જહાં કોઉ કરત મનોરથ યજ્ઞ, ઘર વન ઉપવન રંક ઓર ભૂપ. ૧

પ્રેમ સહિત અરોગત હિત સોં, કહુ પ્રગટ કહુ અપ્રગટ રૂપ;
આલિંગન અધરામૃત સબ વિધ, **‘વ્રજ’** જનકે રસવસ લોલૂપ. ૨

૯૪. યજ્ઞકર્તા રૂપ

યજ્ઞ કરત નિજ જનકે હેત, શ્રી પ્રથમેશ પ્રભુ રસ રીત;
યજ્ઞ કરાવત ઓર હીં ગતિસોં, જ્યોં ગોવર્ધન લીલા પ્રીત. ૧

‘વ્રજ’ ઘર ભકતન ઘર વલ્લભ ઘર, આપ અરોગત પ્રીતસોં નિત;
આપ ભકત ઓર આપ દેવ હે, **‘વ્રજ’** કે વલ્લભ સબકે મિત. ૨

—ક્રમશઃ

શ્રીયમુનાના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વૃજ" ધોરાજી**

શ્રી યમુના પિયકે પાસ ચલી ॥
યહ વિલાસ ગિરિ ચઢી પુન ઉતરત
યહ ગતિ અતી જુ ભલી ॥૧॥
ઉછલત હેં પ્રવાહ વેગતેં ઉંચે યહ જુ અલી ॥
'હરિદાસ' શોભા નિત નિરખત આતુર રહી ॥૨॥

ભાવાર્થ–શ્રી યમુનાજી રવિ મંડલમાંથી કલિંદ ગિરિ ઉપર અને રસ મંજરી (શ્રીનંદદાસજી) માના મધ્યાઅભિસારિકા પ્રિયાજીની જેમ પ્રિયતમની પાસે વ્રજ મંડલમાં પધાર્યા. વચ્ચે વચ્ચે ગિરિ ઉપર ચડવું અને ઉતરવું એ આપનો હર્ષોન્મત્ત વિલાસ છે. કારણ કે પ્રિતમ પાસે પધારતાં સ્નેહાતુર પ્રિયાજીને જે હર્ષ થાય તેવો હર્ષ છે તેથી આપની એ ગતિ અતિશય શોભામય છે. વિલાસ ગમનોલ્લસત પ્રગટ ગંડશૈલોન્નતા" આમ શ્રીયમુનાજી આતુરતાપૂર્વક–રહી એટલે ઉમંગથી પધારે છે એવાં શ્રી યમુનાજી શોભા હરિદાસ નિત્ય હર્ષોલ્લાસ પુર્વક નીરખે છે.

વિવેચન–રવિ મંડલમાંથી કલિંદગિરિ ઉપર થઇ અને વ્રજમાં પ્રિયતમ પાસે પધારવું એ શ્રી યમુનાજી માટે પ્રથમ સમાગમ છે. પ્રિયતમના પ્રથમ સમાગમનો પ્રિયાજીઓને કેટલો હર્ષ હોય એ તો એમનાં હૃદય જાણતાં હોય છે પરંતુ અનુભવીઓને તેની ઝલકતો મળી રહેતી હોય છે તેનું કીર્તન શ્યામ સંગ શ્યામ વ્હે હરિ શ્રી યમુને ॥ સુરત શ્રમબિંદુ તેં સિંધુસી વહી ચલી માનો આતુર અલી રહી ન ભવને ॥૧॥ કોટી કામહીં વારોં રૂપ નૈનન નિહારોં લાલ ગિરિધરન સંગ કરત રમણે ગોવિંદ પ્રભુ નિરખ ઇનકી ઓર માનો નવ દુલહનિ આઇ ગવને ॥૨॥ અને પ્રભુ સાથે પ્રથમ સમાગમનો વિલાસ વિલસ્યાં.

॥ શ્રી ગુરૂદેવચરણકલેભ્યો નમઃ ॥

શ્રીપુષ્ટિભક્ત પદાવલી

રચાયિતા : **ક્રિતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ **[૮૪ વૈષ્ણવ]**

૯૫. રાગ–અડાનો (વૈ. ૮૦)

વંદૌ બાદરાયન પુષ્કરના;
'શ્રુતિરૂપા–ગંગા' સખી દોઉ, રૂપરસકે ઝરના. ૧

ભ્રમરગીત સુન્યો વલ્લભમુખ, મૂર્છિત ભયે તિહીવાર;
બિનતી કરી બ્રહ્મ સંબંધકી, નાહીં કહી નિરધાર. ૨

સ્ત્રીને જબ કહયો વિવેક તે, આપ હો અધમ ઉધારન;
હમ આયે હે શરણુ તિહારે, ત્યજીવેકો કહા કારન. ૩

કૃપા કરકે શરન લીયે હે, વસ્લ સેવા પધરાઇ;
શ્રી વલ્લભ સંગ ગયે દ્વારિકા, ટહલ કરી મનભાઇ. ૪

એક બરસ લો રહે દ્વારિકા, પાછે નિજ ગૃહ આયે;
‘લાલદાસ’ શ્રીવલ્લભ કૃપાતે, મનવાંછિત ફલ પાયે. ૫

૯૬. રાગ કાન્હરો (વૈ. ૮૧)

વંદૌં સૂર જો હૈ સાગર;
અષ્ટ છાપ કે કવિ કહાવત, પુષ્ટિ માર્ગ દિવાકર. ૧

‘કૃષ્ણસખા’ અંતરંગ શ્યામકે, ‘ચંપકલતા’ ગુન આગર;
ગાંવ સીંહીમેં નેત્ર વિહિન સૂર, પ્રકટે વિપ્રન ઘર. ૨

છહ બરસકે ભયે જબહી, ચલ દીયે ઘર ત્યાગ કર;
જ્યોતિષ ઔર સંગીત કે જ્ઞાતા, ગાવત ગુન ગિરિવર ધર. ૩

કરત શિષ્ય ઔર સ્વામી કહાવત, ફેલ્યો હે યશ ઘર ઘર;
યમુનાતટ ગઉઘાટ બસેં હૈ, તહાં પાયે શ્રીવલ્લભવર. ૪

ગહે શરન શ્રીવલ્લભરાયકે, નામ–નિવેદન પાયે;
‘અનુક્રમણિકા’ દશમ સ્કંધ કી, જબહી આપ સુનાયે. ૫

લીલા સ્ફુરિત ભઇ તબ હરિ કી, જન્મ વધાઇ ગાઇ;
‘શ્રીપુરૂષોત્તમ સહસ્રનામતે’ ભાગવત ભાવ દૃઢાઇ. ૬

દેખત હે સબ હૃદય ચક્ષુતે, હરિલીલા સુખદાઇ;
‘દેખેરી હરિ નંગમ નંગા’ યહ પદ ગાઇ જનાઇ. ૭

લેત પ્રસાદ કોર જબ અટકયો, સૂર ગોપાલ પુકારી;
મંદિર તે ગોપાલ દોડે, જલ પ્યાયો હે ઝારી. ૮

પદ રચના સવા લક્ષ કરની, ઐસો કીયો નિરધાર;
છાપ ધર ‘સૂરશ્યામ’ શ્યામને, રચના પચ્ચીશ હજાર. ૯

પ્રભુ કહી આવો લીલા મેં, યહ આજ્ઞા શિરધાર;
‘લાલદાસ’ લીલા મેં પ્રાપ્ત ભયે, પરાસોલી નિજદ્વાર. ૧૦

—ક્રમશઃ

ભક્તિસૂત્ર (હાઇકુ પ્રકાર)

રચયિતા : **ચિ. ગો. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)**

૦ મીઠો ભય ૦

વ્રજ ભકતોને,
આપતાં સુખો; કયાંક,
મને આપે તો ?

*

૦ મીઠી અદેખાઈ ૦

"હરિ રીસાયા
એ ગોપીથી" વાંચી,
મલકી ગયો.

*

બાવરી હતી;
એ ગોપી; બંસી સાથે,
લડતાં જોઇ.

*

સ્નેહસૂર્યથી;
હૈયું તપ્યું, ને વર્ષે,
મેહ નૈનોમાં.

*

ભકિત પથિકઃ
વિરહની જવાળાથી,
શીતળ છે એ.

*

ભકિતની બૂંદે;
તર્કના એ પર્વતો,
ડૂબતાં દીઠાં.

*

પ્રેમ ઉન્માદ;
તો બુદ્ધિ અને તર્ક,
ઝૂંટવી ગયા.

*

પ્રભુ મિલન;
કેટલું દુર મનથી ?
હૈયાને પૂછો.

*

કૃપાસાગર;
છે પ્રભુનો, હું એક;
બુંદ જ યાચું.

*

(પ્રભુનું અચાનક સ્મરણ થતી વેળા)

અજાણતાં જ,
અંતઃકરણ ઝૂમે;
ઊર્મિઓ નાચે.

*

પુસ્તક પરિચય

ષોડશ ગ્રંથ :

અનુવાદક : **ગો. વા. પ. ભ. મુળચંદભાઈ તેલીવાળા**
પ્રકાશક : **શ્રીનંદકુમાર જે. ગાંધી**
ટેકનો ટ્રેડર્સ બાલા હનુમાન, **અમદાવાદ** ૩૮૦ ૦૦૧
૮ પેઇજી ડેમીસાઇઝ પૃષ્ઠ ૧૭૦ પીન બાઇડીંગ

દરેક સંપ્રદાયમાં પોતાના અનુયાયીઓ માટે પોતાના સંપ્રદાયનો સિદ્ધાંત સમજાવવા માટે ધર્માચાર્યોઓએ સાહિત્યની રચના કરેલી હોય છે અને પોતાના સંપ્રદાયના સિદ્ધાંતોનું મર્મજ્ઞ જ્ઞાન સંપ્રદાયનો દરેક અનુયાયી ધરાવતો હોવો જોઇએ અને તેવું જ્ઞાન સંપાદન કરવા માટે આપણા પુષ્ટિ સંપ્રદાયમાં બહોળા પ્રમાણમાં સાહિત્ય છે.

પરંતુ કહેવાતી પ્રગતિના પંથમાં રાચનાર ને એ બધું સાહિત્ય જોવા, વાંચવા, વિચારવા કે મનન કરવાનો સમય મળતોનથી, તેવો બચાવ કરે છે.

પરંતુ અત્યારે જીવ અનેક પ્રવૃત્તિઓમાં સંકળાયેલ હોવા છતાંય સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધા ભાવ રાખતો હોય તેવા જીવો માટે સમયનો વિશેષ ભોગ આપ્યા સિવાય બહુજ સહેલાઇથી પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું મર્મજ્ઞ જ્ઞાન “પેગડે પગને બ્રહ્મજ્ઞાન” મેળવી શકાય તેવા ચમત્કારિક અજોડ ગ્રંથની રચના શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ કરી છે. જેને આપણે ષોડશ ગ્રંથથી ઓળખીએ છીએ અને “શ્રીવલ્લભ ગીતા” કહિએ છીએ.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની સ્થાપના શ્રીમહાપ્રભુજીએ વેદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને શ્રીમદ્ ભાગવત—આ ચાર ગ્રંથોના આધારે કરી છે. સામાન્ય જન સમાજ આવા શાસ્ત્રીય ગ્રંથો સમજવા શક્તિમાન હોતા નથી. તે કારણે સ્વમાર્ગના સિદ્ધાંતથી સામાન્ય જનતા પરિચિત નહિ રહે તેમજ જીવની ઉપર દર્શાવેલ પરિસ્થિતો ખ્યાલ રાખી દીર્ઘદષ્ટિથી શ્રીમહાપ્રભુજીએ ઉપર કહેલા ચારેય પ્રમાણ ગ્રંથોની એક વાકયતા કરીને અર્થાત બધા શાસ્ત્રો વેદ વેદાંત, ઉપનિષદ વગેરેનો નીચોડ કરીને મંથન કરીને બસો એકવીસ (૨૨૧ાા) શ્લોકનું આ ષોડશ ગ્રંથ રૂપી નવનીત સિદ્ધ કર્યુ છે.

એમાં ખૂબીતો એ છે કે નાના બાળકથી લઇને વૃદ્ધ પુરૂષ, સ્ત્રી, વૈશ્ય, શુદ્ર વગેરે તમામ જાતિ અને વર્ણને પોતાના જીવનમાં ઉપયોગી બને છે. સામાજિક જીવનમાં, રાજકીય જીવનમાં, ધાર્મીક આદિ જગતના તમામ પ્રકારના વ્યવહારિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવાનું અમોઘ સાધન છે.

આ ષોડશ ગ્રંથ સૂત્રાત્મક સંકૃત ભાષામાં શ્રીમહાપ્રભુજીએ રચના કરી છે. તેનો લાભ સંસ્કૃત નહિ જાણનાર સૌ કોઇને ઉપયોગી નીવડે તે રીતે ગો. વા. પ. ભ. શ્રી મુળચંદભાઇ તેલીવાળાએ ગુજરાતી અનુવાદ જે ઇ. સ. ૧૯૨૫ માં એટલે કે લગભગ ૬૭ વર્ષ પૂર્વે તૈયાર કરી છપાયેલ તેમાં તેઓએ ગ્રંથના પ્રારંભમાં ગ્રંથ કયા વૈષ્ણવ નિમિતે રચાયેલ

તેમજ ગ્રંથના વિષયનો સંક્ષિપ્ત પરિચય આપેલ છે. તે પછી મૂળ શ્લોક સાથે સૌ કોઈ સમજી શકે તેવી સરળ શૈલીમાં ગુજરાતી ભાષાંતર આપેલ છે તેવા અમૂલ્ય ગ્રંથ સાહિત્યનું પ. પૂ. ગો. શ્રી વ્રજરત્ન લાલજી મહારાજ શ્રી સુરતવાળાની આજ્ઞાથી પુન; પ્રકાશન કરાવવામાં આવ્યું છે.

તેમજ તેઓશ્રીની આજ્ઞા મુજબ આ પુસ્તક સર્વે ગોસ્વામી બાળકોને, માર્ગીય શાસ્ત્રીજીઓ કે જેઓ પુષ્ટિ માર્ગના પ્રચાર માટે ષોડશ ગ્રંથની અભ્યાસ કરી રહ્યા છે તેવા શાસ્ત્રીજીઓને, પાઠશાળા ચાલતિ હોય તેના અધિકૃત વ્યક્તિને તથા ષોડશ ગ્રંથ જે વૈષ્ણવોને કંઠસ્થ હોય અને નિયમીત પાઠ કરતા હોય તેઓશ્રીને વિના મુલ્યે તેઓના પત્ર તા. ૩૦–૬–૯૨ સુધીમાં પ્રકાશકને મળશે તેમને આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

તેમજ વાચક વૈષ્ણવોને નમ્ર અરજ કરવામાં આવી હતી છે કે આ પુસ્તક બને તેટલા વધારે વૈષ્ણવો એક વાર પણ વાંચે તે હેતુ ખ્યાલમાં રાખી અન્ય ભગવદીયોને વાંચવા માટે સરક્યુલેટ કરે અને શ્રી મહાપ્રભુજીના સિધ્ધાંતોની પ્રચાર સેવાનો લાભ લે.

સમગ્ર દૈવી પુષ્ટિ–સૃષ્ઠિ માટે ત્રણ કે ચાર હજાર પ્રત પુરતી નથી. હજુ પણ તેની સંખ્યાને બીજા બે મીંડા લાગે તેવી શ્રીમહાપ્રભુજીની કૃપા થાય માટે કોઇ પણ ભગવદીય વૈષ્ણવોએ પોતાના દૈવી દ્રવ્યનો વિનિયોગ પોતાના સ્નેહી માતૃપિતૃની સ્મૃતિમાં કરવા ઇચ્છે તો તેઓ પ્રકાશનો સંપર્ક સાધે તેવો અનુરોધ કરેલ છે.

હાલમાં પ્રાપ્ય કાગળોની કીંમત પ્રમાણે ચાર હજાર પુસ્તકોનું અંદાજ ખર્ચ રૂા. ૫૨૦૦૦/– થયું છે. ૧૦૦’ ૨૦૦ કે ૫૦૦ કે હજારની સંખ્યામાં પણ પુસ્તકો પ્રતો મગાવી પ્રચાર સેવા થઈ શકે.

આવા અમુલ્ય સાહિત્ય ગ્રંથનું પ્રકાશન કરી અધિકારીને વિના મુલ્યે વિતરણ કરવાની સદ્‌ભાવના પ્રકાશકશ્રીએ દાખવી છે તે સરાહનીય અને અનુકરણીય છે.

ભારતીય સાંસ્કૃતિક પરંપરાની એક સમૃદ્ધ ઝાંખી

"સિંહસ્થ કુંભ મહાપર્વ"

ગો. દ્વારકેશજી મહોદય, (કાંદીવલી ચંપારણ્ય અમરેલી)

ભારતીય ધર્મ સંસ્કૃતિ અને સમાજના સાંસ્કૃતિક આધ્યાત્મિક ક્ષિતિજ ઉપર કુંભ મહાપર્વનું વિશિષ્ટ મહત્વ છે.

પ્રાચીન ભારતીય સાહિત્યમાં કુંભમહાપર્વનાં પ્રારંભનાં સંદર્ભમાં અનેક કથાઓ પ્રાપ્ત થાય છે. તેમાં એક કથાનુસાર જ્યારે દેવો અને દાનવોએ એક થઇ–ભેગા મળીને અમૃત પ્રાપ્ત કરવા માટે સમુદ્રમંથન કરવાનું નક્કી કર્યું ત્યારે ભગવાને 'કૂર્મ' અવતાર ધારણ કર્યો. મંદરાચલ પર્વતની વલોણી બનાવી અને વાસુકી નાગનો નેતરા (દોરી)ની જેમ ઉપયોગ કર્યો ત્યારે ભગવાને મંદરાચલ પર્વતને પોતાની પીઠ ઉપર ધારણ કરીને સમુદ્રમંથનને સફળ બનાવ્યું. આ ક્ષીરસાગર સમુદ્રમાંથી મંથનનાં ફળ સ્વરૂપે ચૌદ પ્રકારનાં રત્નોની પ્રાપ્તિ થઈ એક સંસ્કૃત મંગલાષ્ટક પ્રમાણે–

लक्ष्मी कौस्तुभ पारिजातक, सुरा धन्वन्तरिश्चंद्रमा,
गाव: कामदुघा सुरेश्वर गजो, रंभादि देवांगना ।
अश्व: सप्तमुख: सुधा हरिधनु: शखो बिषं चांबुजे,
रत्नानीति चतुर्दश: प्रतिदिनं कुर्वन्तु नो मंगलम् ॥

પ્રાપ્ત થાય છે. જ્યારે શ્રી ભાગવતજીમાં તેનો ક્રમશઃ ઉલ્લેખ છે. વિષ, કામધેનું ગાય, ઉચ્ચૈશ્રવા નામનો સાત મુખવાળો સફેદ અશ્વ, ચાર દંતશૂળવાળો સફેદ હાથી ઐરાવત, કૌસ્તુભમણી, પારિજાત વૃક્ષ, અપ્સરાઓ, ચંદ્રમા, લક્ષ્મીજી, વારુણિ નામની સુરા (મદિરા), સારંગ ધનુષ્ય (બધાં જ શસ્ત્રોનું આધિદૈવિક સ્વરૂપ), પંચજન્ય શંખ (બધાં જ વાદ્યોનું આધિદૈવિક સ્વરૂપ), અને છેલ્લે ગૌરવર્ણવાળા ધનવન્તરી હાથમાં અમૃત કળશ લઇને ઉત્પન્ન થયાં. આ પ્રકારે ચૌદ રત્નોની પ્રાપ્તિ થઈ. તેમાં અમૃત કળશને પ્રાપ્ત કરવા માટે દેવો અને દાનવોમાં ભીષણ યુદ્ધ થયું. તેમાં દેવતાઓએ અમૃત કળશની રક્ષાનો ભાર બૃહસ્પતિ (ગુરુ), ચંદ્ર, સૂર્ય અને શનિને સોંપ્યો. દેવોની આ રણનીતિ દૈત્યોનાં ધ્યાનમાં આવી ગઇ. દેવતાઓ પાસેથી અમૃત કળશ મેળવવા દૈત્યો તેમની પાછળ ભાગ્યા અને આ દોડાદોડ ૧૨ દિવસ અને ૧૨ રાત્રિ અવિરત ચાલી. આ દોડમાં દેવોએ આખી પૃથ્વીની પરિક્રમા કરી નાખી. આ દરમ્યાન અમૃત કળશ હરિદ્વાર, પ્રયાગ, નાસિક અને ઉજ્જૈનમાં રાખવામાં આવ્યું. આ ચારેય તીર્થોમાં રાખવામાં આવેલાં અમૃત કળશની સ્મૃતિ માટે ધર્માચાર્યોએ ચારેય તીર્થોમાં દર બાર વર્ષે કુંભ મહાપર્વનું વિધાન કર્યું.

જ્યારે 'સ્કંદપુરાણ'માં વર્ણિત એક અન્ય કથાનુસાર અમૃતની પ્રાપ્તિ માટે જ્યારે દેવો અને દાનવોમાં ભીષણ દેવાસુર સંગ્રામ થયો ત્યારે ભગવાન પૂર્ણપુરુષોત્તમ દેવતાઓનાં પક્ષમાં હતાં, એટલે અમૃતકુંભની પ્રતિસ્પર્ધામાં ભગવાને મોહિની સ્વરૂપ ધારણ કરી અને અમૃત કળશની રક્ષા કરી. પછી ઇન્દ્રના પુત્ર જયન્તને ભગવાને અમૃતકુંભ કળશ સોંપી દીધો. એ તરત જ આકાશમાર્ગથી અમૃતકુંભ લઇને ભાગી ગયા અને ચંદ્ર, સૂર્ય અને બૃહસ્પતિ (ગુરુ)નાં નિરીક્ષણમાં તથા ભગવાનનાં સંરક્ષણમાં અમૃત કુંભને ચાર સ્થાનોમાં સુરક્ષિત રાખવામાં આવ્યો. (ક્રમશઃ)

ચિત્રાવલી પરિચય

ગોસ્વામી શ્રી વૃજાધીશજી મહારાજ રીલિજીયસ ટ્રસ્ટ સંચાલિત દહીંસર, મુંબઇ સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં શ્રી મહા પ્રભુજીના જન્મોત્સવ તથા સેવ્ય સ્વરૂપના પાટોત્સવના ઉત્સવ પ્રસંગે શ્રી શ્રી નાથજીથી શ્રીજી બાવાના શ્રી ધજાજીની તા. ૨૬–૪–૯૨ થી ૩૦–૪–૯૨ સુધી પાંચ દિવસ માટે પધરામણી કરેલ હતી.

શ્રી ધજાજીને પધારવા માટે હવેલીમાં આવેલ કમળ ચોકમાં સુંદર સ્ટેજનું બાંધકામ કરેલ હતું સ્ટેજના ઉપર સુંદર મંદિરના રૂપમાં કલાત્મક મહાલય ખડું કરવામાં આવેલ.

આ પ્રસંગ ઉપર ગરમીના દિવસો હોવાથી વૈષ્ણવોને વ્યવસ્થિત લાઇનમાં ઊભા રહેવા માટે મંડપ, લાઇટ, પંખાનું આયોજન કરેલ હતું. તદઉપરાંત દૂરથી વૈષ્ણવોને દર્શનથી ઝાંખી કરાવવા માટે મંડપમાં ફરતા વીસ કલર ટેલિવિઝન સેટ ગોઠવવામાં આવેલ હતા. જેથી કરીને દૂરથી મંદિરમાં તેમજ શ્રી ધજાજી પાસે થતા સુંદર મનોરથોના દર્શન અતિ શાંતિથી કરી શકે. મંડપમાં પ્રવેશ કરતાં જ સંસ્થા તરફથી ઠંડી છાસ, ઠંડા શરબત, તથા ઠંડા જલની વિના મૂલ્યે વ્યવસ્થા કરવામાં રાખેલ હતી. મંદિરની બહાર વૈષ્ણવોના બૂટ–ચંપલની સાચવણી માટે કાર્યકરો દ્વારા નંબર પદ્ધતિથી વ્યવસ્થા કરવામાં આવેલ.

સંસ્થા તરફથી શ્રી ધજાજીના મહાત્મ્યનું ચાર પાનાનું સુંદર રંગીન ઓફસેટ પ્રિન્ટીંગમાં ફોલ્ડર પ્રસિદ્ધ કરી વિના મૂલ્યે વિતરણ કરેલ.

તદ્ઉપરાંત પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રચાર માટે શ્રી ઠાકોરજી તથા તેની નિકુંજ લીલાઓનું ગ્લેઝડ કાર્ડ પેપર ઉપર ઓફસેટના છ કલરમાં સુંદર ચિત્રજીનું પ્રિન્ટીંગ કરી પ્રકાશન કરવામાં આવેલું છે. આ ચિત્રસંપુટમાં પ્રથમ મિલન, અષ્ટસખાઓ તથા શ્રી મહારાણીજી તેમજ ઠાકોરજીની વિવિધ લીલાઓનું મનમોહક, ચિત્રાંકન ભાવજનક શૈલીમાં કરવામાં આવ્યું છે. આ વીસ ચિત્રોના સંપુટને મયુરપંખના આકર્ષક જેકેટમાં ગીફટ પેકેટના રૂપમાં આપવા માટે સંસ્થા તરફથી મળી શકશે જેની ન્યોછાવર રૂ. ૨૦૦/– સેટ દીઠ રાખવામાં આવેલ છે.

જે કોઈ સેવાભાવી વૈષ્ણવ કાર્યકરો અગર કોઈપણ ભાઇઓ સેવા આપવા ઈચ્છા રાખતા હશે તો તેઓને સંસ્થા ક્રેડિટ ઉપર તેમની માગણી મુજબ તે વિસ્તાર પુરતા સેટો મોકલશે જેના માટે તે વિસ્તારના અગ્રગણ્ય વૈષ્ણવ ભાઈનો રેફરન્સ આપવાનો રહેશે. પત્રવ્યવહાર તથા સંપર્ક માટે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીના નીચેના સરનામે જણાવવું.

શ્રી હિરાભાઈ સી. મહેતા
એ/૪૦૧–૪૦૨, પંચવટી એપાર્ટમેન્ટ,
એસ. વી. રોડ, પેટ્રોલ પમ્પની સામે,
દહીંસર–ઈસ્ટ, મુંબઇ–૪૦૦૦૬૮ ફોન નં. ૬૫૫૨૦૧, ૬૫૮૨૦૫

શ્રી વ. સુ. ના સેવાભાવિ કાર્યકરોને વિનંતિ.

ચાલુ વર્ષના શ્રી વલ્લભ સુધાના ગ્રાહકો પુરતી સંખ્યામાં નોંધાઇ ગયા હોઈ તેમજ પાછલા અંકોની પુરાંત ન હોઈ હવેથી ચાલુ વર્ષ માટે શ્રી વલ્લભ સુધાના ગ્રાહક નોંધી શકાશે નહી તે નોંધ લેવા વિનંતિ.

સામયિક પ્રકાશન પરિચય

શ્રી વલ્લભાચાર્ય—અંગ્રેજી ભાષામાં આ માસિકનો પ્રારંભ જાન્યુઆરી ૯૨થી થયેલ છે. વાર્ષિક લવાજમ રૂા. ૨૫/– આજીવન રૂા. ૨૫૦/– વિદેશનું વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/–

તંત્રી—પૂજ્ય શ્રીમતિ બ્રીજલતા બહુજી, વડોદરા

પ્રકાશક—શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o. શ્રી જીતેન્દ્ર મગનલાલ વજીર
"ભાવના" સી ૯, ચોથે માળે, એસ. વી. રોડ, કાંદીવલી (વેસ્ટ) મુંબઈ–૪૦૦૦૬૭

ઉપરોક્ત ટ્રસ્ટ તરફથી "આચાર્ય શ્રીવલ્લભ" છેલ્લા પાંચ વર્ષ થયા ગુજરાતીમાં પ્રકાશન ચાલુ છે. ગુજરાતી ભાષામાં સાંપ્રદાયિક માસિકો ઘણા પ્રસિદ્ધ થાય છે. પરંતુ વર્ષોથી વિદેશમાં વસતા વૈષ્ણવ પરિવારના સભ્યો ગુજરાતી ભાષાથી અનભિજ્ઞ હોવાથી સંપ્રદાયના સાહિત્યનો ઈચ્છા હોવા છતાં લાભ લઈ શકતા નથી. તેઓને માટે પ્રસ્તુત અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થતું માસિક આશિર્વાદ રૂપ નિવડે તેવી શુભેચ્છા.

સાંપ્રત સમયમાં દેશ વિદેશમાં સાંપ્રદાયિક પ્રચાર–પ્રસાર માટેનું ઉપયોગી પ્રકાશન બદલ ગુજરાતી માસિકના સંપાદક મહોદય ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહારાજ અને પ્રસ્તુત અંગ્રેજી માસિકના તંત્રી પૂજ્ય શ્રીમતિ બ્રીજલતા બહુજી ચન્દ્ર ગોપાલજી ગોસ્વામી વડોદરા તથા ટ્રસ્ટ ખરેખર અભિનંદનને પાત્ર છે.

॥ શ્રી હરિ: ॥

રાજકોટમાં ધર્મસભા–પ્રવચનોને અપૂર્વલાભ

શ્રીવલ્લભ સત્સંગ મંડળના અધ્યક્ષ પૂ. પા ગો. શ્રી રવિન્દ્રકુમારજી મહોદય (માંડવી–રાજકોટ) ની પ્રેરણાથી તા. ૧૧ તથા ૧૨ માર્ચના બે દિવસો સુધી કીશનગઢ–મુંબઇ વાળા પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીના પ્રેરક વચનામૃતો અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજાએલ.

તા. ૧૧ તથા ૧૨ માર્ચના રાત્રે શ્રી જશુબાઇ મંડાણમાં યોજાએલ ધર્મસભાનું અધ્યક્ષસ્થાન જુનાગઢ વાળા પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ શ્રી એ શોભાવેલ આ સભામાં પૂ. પા. ગો. શ્રી દામોદર લાલજી મહારાજ (માંડવી–રાજકોટ) પૂ. પા. ગો. શ્રી વિજય કુમારજી (શ્રી દામોદરજી લાલજી) મહારાજ ગોંડલ–કડી તથા તેમના બન્ને ચિ. લાલબાવાશ્રી તથા પૂ. પા. ગો. શ્રી શરદ કુમારજી મહોદય હાલોલ માંડવી પૂ. પા. ગો. શ્રી પિયુષ કુમારજી મહોદય જુનાગઢ તથા પૂ. પા. ગો. શ્રી રવિન્દ્ર કુમારજી મહોદય તથા તેમના બન્ને ચિ. લાલ બાવાશ્રી પણ બિરાજેલ

તા. ૧૧મીએ પૂ. પા. ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજશ્રીએ શ્રીમહાપ્રભુજીના શ્રીસર્વોત્તમ સ્તોત્રમાંના નામ 'સાકાર બ્રહ્મવાદૈક સ્થાપક' નું સ્વારસ્ય સમજાવતાં અત્યંત સરળ શૈલીમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સિદ્ધાન્ત

સમજાવેલ આપશ્રીએ આજ્ઞા કરેલ કે શ્રીમહાપ્રભુજીએ માયાવાદનું નિરાકરણ કરી સાકારબ્રહ્મવાદનું સ્થાપન કર્યું. બ્રહ્મવાદ એટલે આપણે અહીં જે કંઈ પણ જડ–ચેતનનો અનુભવ કરી રહ્યા છીએ તે ખરેખર બ્રહ્મજ છે. જગત મિથ્યા ભ્રમ છે એવું કહેનારાઓ આ જગતને જીવના અજ્ઞાનથી કલ્પિત માને છે. જો આ વાત ખરી હોય તો જીવ સર્વજ્ઞ થઈ જવો જોઈએ કેમકે સમગ્ર જગત એની કલ્પનાથી નિર્મિત છે. આથી જગતની માયિકતા સિદ્ધ થતી નથી માયા એ ભગવાનની ઈચ્છા શકિત છે. ભગવાનના વશમાં છે. ભગવાન માયાના વશમાં નથી.

વર્તમાન પરિસ્થિતિમાં સંપ્રદાયમાં ચાલી નિકળેલ સિદ્ધાન્ત વિપરિત પરંપરા જેવીકે સેવાનું જાહેર પ્રદર્શન, ધંધાદારી હવેલીઓ, છપ્પન ભોગો તથા મનોરથોના ભવાડાઓ જાહેર જનતાના પૈસે ચાલતાં ઠાકોરજીના સેવા પ્રકારો પર કટાક્ષ કરતાં આપશ્રીએ જણાવ્યું કે આ કૌભાંડો શ્રીમહાપ્રભુજીના સાકાર બ્રહ્મવાદના પાયાના સિદ્ધાન્તની અણસમજને કારણે થયાં છે કોઈક હવેલીમાં બિરાજતું સ્વરૂપ સાકાર પૂર્ણ પુરૂષોત્તમ હોય તેથી કોઈ અકિંચન વૈષ્ણવને ઘેર બિરાજતું સાકાર પૂર્ણ પુરૂષોત્તમ નથી હોઈ શકતું એ સાકાર પુરૂષોત્તમની બ્રહ્મતા (વ્યાપકતા) નો અસ્વિકાર છે, તેમ કરતાં સાકાર પૂર્ણ પુરૂષોત્તમ ગોલોકમાં બિરાજતા હોવાથી ગો. બાળકોની હવેલીમાં બિરાજે છે કે નહીં તેવો સંશય પૈદા થાય છે. અને જો વ્યાપક હોવાથી હવેલીમાં બિરાજતા હોય તો પૂર્ણ પુરૂષોત્તમની વ્યાપકતાથી વૈષ્ણવોનેજ ફકત વંચિત રાખવામાં આવે છે કારણ વિચારતાં એકજ લાગે છે કે ધંધાકીય એકાધિકાર સ્થાપિત કરવાની મનોવૃતિ વ્યાપક બની ગઈ છે. ધનરૂપ માયા પાછળ આંધળી દોટનું આ પરિણામ છે. પોતાના છોકરાનું ધંધાદારી જાહેર પ્રદર્શન કે પારકા દ્રવ્યથી તેનો નિર્વાહ તેના મા બાપ કરી શકે? જો ન કરી શકે તો પોતાના સેવ્ય શ્રી ઠાકોરનું જાહેર પ્રદર્શન કે પારકા પૈસે એનો નિર્વાહ સાચો પુષ્ટિમાર્ગીય ન જ કરી શકે.

સભાના અધ્યક્ષ પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ જુનાગઢ વાળાએ આજ્ઞા કરેલ કે જે ભાગવત કે ભગવાનના નામે પૈસા ભેગા કરે છે તેને તો કંઠી પહેરવાનો પણ અધિકાર નથી. અંતમાં જણાવલ કે માર્ગના સાચાં સિદ્ધાન્તો જાણવા માટે આચાંર્યશ્રીઓના મૂળ ગ્રંથો સિવાય બીજો કોઈ ઉપાય નથી.

તા. ૧૨ને શુક્રવારે પ્રમુખવકતા પુ. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ (કિશનગઢ પારલા) એ વૈષ્ણવોને સંબોધતા અત્યંત દાર્શનિક ઢબે જીવની અહંતા—મમતાનું વિવેચન કર્યું દરેક ધર્મ પોત પોતાના દષ્ટિકોણથી અહંતા મમતાને નાથવાનો પ્રયાસ કરતા હોય છે. કોઈ ધર્મ અહંતાને તો કોઈ મમતાને પ્રમુખતા આપે છે. પરંતુ ભકિત માર્ગમાં અહંતા મમતાને સાથે રાખતા એને ભગવાનને સમર્પિત કરવામાં આવે છે. આજ પુષ્ટિભકિત માર્ગની વિલક્ષણતા છે. આજે તે સિદ્ધાન્તને સચ્ચાઈથી શ્રી વલ્લભ સંપ્રદાયમાં અનુસરાતું નથી. અહંતા–મમતાને પ્રભુને સમર્પિત કરી ભકિત કરવાના ઠેકાણે પોતાની અહંતા મમતા ભરી વિષય–વાસના પોષવા માટે ભકિતના ધંધાકીય જાહેર ભવાડાઓ કરવામાં આવી રહ્યા છે.

આ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યે ઉપદેશે ભકિતમાર્ગ પર અવળી દિશામાં અમો એમના વંશજો દોડાદોડ કરતાં થઈ ગયા છીએ. આ દેવ દ્રવ્યના ઉપભોગ અને દેવલકતાનું દુષ્પરિણામ છે. નહીં તો ગુરૂ શિષ્યના સંબંધોમાં વિષય વાસનાને સ્થાન હોવું જ ન જેઈએ અને જો હોય તો તે વ્યકિતગત બિમારી છે પરંતુ તેને સંપ્રદાયના સિદ્ધાન્તોને ઓપ ન આપવો જોઈએ.

બાદમાં અનેક વૈષ્ણવો દ્વારા આવેલ પ્રશ્નોનું આપે સુંદર–સચોટ માર્ગદર્શન દ્વારા સમાધાન કરેલા.

બન્ને દિવસે હજારોની સંખ્યામાં મોડી રાત સુધી શાંતિપુર્વક વૈષ્ણવોએ હાજર રહી. સિદ્ધાન્ત શ્રાવણનો લાભ લીધેલ જે તે પૂજ્ય શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીએ શ્રી મહાપ્રભુજીની કૃપા દર્શાવેલ.

પુસ્તક પરિચય

શુદ્ધાદ્વૈત ચિંતન

લેખક—પ. પૂ. શ્રી વાગીશકુમારજી, (વડોદરા—કાંકરોલી)
પ્રકાશક—આં. રા પુ. વૈ. પરિષદ પુષ્ટિ પ્રસાર, અમદાવાદ.
સંપર્ક—શ્રી વજુભાઇ એમ. શાહ
'અનુગ્રહ' એલ. જી. કોમર્સ બસ સ્ટોપ સામે,
બાલકુંજવાળો ખાંચો, પુનિત માત્રી, મણીનગર અમદાવાદ.

સાઈઝ સોળ પેઈજી ક્રાઉન પૃષ્ઠ ૧૧૫, પીન બાઈન્ડીંગ લેમીનેશન પુંઠા ઉપર ચાર ચિત્રજી કીંમતનો ઉલ્લેખ નથી. પ્રસ્તુત પુસ્તકમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો વિષ્ણુ સ્વામી ચરિતામૃત, સંપ્રદાય પ્રદીપ, શ્રીમદ્ ભાગવત ષોડશગ્રંથ, ઉપનિષદ, શુદ્ધાદ્વૈત માર્તંડ, શ્રુતિઓ, તત્ત્વાર્થ દીપ નિબંધ, અણુભાષ્ય, વિદ્વન્મંડન, સુબોધિનીજી વગેરે પ્રમાણ ગ્રંથોમાંથી નવનીત રૂપે સૌ કોઈ સમજી શકે તેવી સરળ શૈલીમાં રજુઆત કરેલ છે. ઉપરાંત શ્રી દ્વારકાધીશ પ્રભુના ભાવાત્મક સ્વરૂપનું નિર્દેશન છે. જે મનનીય છે.

લેખક મહોદયે પરિશ્રમ લઇ પુષ્ટિ સંપ્રદાયના સાહિત્યમાં એક અમૂલ્ય સાહિત્ય ગ્રંથનો ઉમેરો કરેલ છે જે સરાહનીય છે. જિજ્ઞાસુ વૈષ્ણવ સમાજને સિદ્ધાંતોની સમજ માટે માર્ગદર્શક અતિ ઉપયોગી છે.

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

(વર્ષ ૧૧ અંક ૨ ના અનુસંધાને)

૪૫૧ શ્રી મોહનભાઈ રૂડાભાઈ અજુડીયા, સુરત
૪૫૨ શ્રી જયંતિલાલ હીરાલાલ મોરઝરીયા, અંધેરી
૪૫૩ શ્રી પ્રો. ભોગીલાલ ડી. મહેતા સુરદાસજી, શામળાજી
૪૫૪ શ્રી પટેલ જીવરાજભાઈ નાથાભાઈ, રાજકોટ
૪૫૫ શ્રી પ્રેમજી લાલજી સાપરીયા એન્ડ સન્સ, મોટીબાંણુગર
૪૫૬ શ્રી દલસુખલાલ ધીરજલાલ પડીયા, રાજકોટ
૪૫૭ શ્રીમતી જયશ્રી દિનેશચંદ્ર પરીખ વિલેપાર્લે
૪૫૮ શ્રી બચુભાઈ કરશનદાસ દાવડા, વિલે પાર્લે
૪૫૯ શ્રી ગોકળ જાદવ પોલરા, પાંચપીપળ
૪૬૦ શ્રી કુરજી રણછોડ મોણપરા, પાંચપીપળા
૪૬૧ શ્રી ધીરજલાલ ઠાકરશી વેકરીયા, પાંચપીપળા
૪૬૨ શ્રી વલ્લભદાસ વિઠ્ઠલદાસ છાટબાર, રાજકોટ
૪૬૩ શ્રીમતી મનિષાબેન ભૂપેન્દ્રભાઈ સોપારીયા, મહુવા બંદર
૪૬૪ શ્રીમતી સવિતાબેન પ્રાગજી માણેક, રાજકોટ
૪૬૫ શ્રી મનસુખલાલ જાદવજી પાટડીયા, રાજકોટ

વિનવણીનું પદ (રાગ-પ્રભાત)

કૃષ્ણ ! કરુણા કરી, રૂપ-નટવર ધરી; કોટી કંદર્પથી અત્ય સારું;
આપો દરશંન તો થાઉં પરસંન હું, ટમટમે નિરખવા મંન મારું.... ટેક

ભજન સંમરણ તણું વીર્ય મારે નથી, જેથી હું તારી કાંતિ દેખું;
ઇન્દ્રાદિક દેવને સ્વપને આવો નહીં, તે આગળ મારું કોણ લેખું ?-કૃષ્ણ૦ ૧

ભક્તિથી હીન હું, દીન દામોદરા ! અન્ય એકો નથી મારે દાવ;
મન તણું કોડ એ મન વિશે રહી જશે, નહિ સુણો, નાથજી ! મારી રાવ-કૃષ્ણ૦ ૨

કરમ જોશો મારાં તો કશું નહિ બને, દીન લેશો ત્યારે કાંઇક [1]હળશે;
ભેટોની ભૂધરા ! રંક જાણી મારું, કાર્ય થશે તારું બિરદ પળશે-કૃષ્ણ૦ ૩

કોટિક ભક્ત ભક્તિથી આવી મળ્યા, શરણ શ્રીકૃષ્ણગુણ ગાતે;
તેમાં એક અધિક મુને પતિત લહી પાળજો, એમ જાણો 'દયો' ધર્મ ખાતે-કૃષ્ણ૦ ૪

[1] હળશે-ગમશે

—ભક્તકવિશ્રી દયારામભાઈ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

શ્રીકૃષ્ણ જન્મ વધાઇ

આજુ બધાઇ બાજત માઇ,
જનમ લિયૌ જસુમતી રાની ઘર, મોહન શ્યામ-સુંદર સુખદાઇ. ॥૧॥

ફૂલે નંદ-ઉપનંદ-ગોપ સબ, મિલત પરસ્પર દેત બધાઇ; ।
ધન્ય ભૈયા યહ દિવસ આજુ કૌ, ઇચ્છા સુફલ ભઇ મનભાઇ. ॥૨॥

પહિરાવત બ્રજરાજ સબનકોં, ભૂષન-બસન અમોલ મંગાઇ; ।
બાજત તાલ-મૃદંગ-ઝાંઝ-ડફ, ઢોલક-ઢોલ-ભેરિ શહનાઇ. ॥૩॥

નાંચત-ગાવત સબ નર-નારી, અતિ આનંદ ઉરમેં ન સમાઇ; ।
'ચંદસખી' હિત બાલકૃષ્ણ પ્રભુ, નિરખી તહાં બલિ બલિ જાઇ. ॥૪॥

-ભક્તકવિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

❋ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❋

વર્ષ ૧૧ : અંક-૫ **ઓગષ્ટ, ૧૯૯૨**

શ્રી વલ્લભાબ્દ ૫૧૪

વાર્ષિક લવાજમ રૂા. ૨૫/- ❋ **આજીવન રૂા. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

શ્રીવલ્લભ વિજ્ઞાન-રાજકોટ
તા. ૩૧-૩-૯૦ ના રોજ પુરા થતા
વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

પી. આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
બસ સ્ટેશન સામે, રાજકોટ.

આવક	રૂ.	ખર્ચ	રૂ.
શ્રી વાર્ષિક લવાજમ	૧૨,૨૮૬-૦૦	શ્રી પ્રકાશન ખર્ચ	૧૮,૫૬૫-૫૦
,, વ્યાજ ખાતે	૫,૭૫૩-૮૫	,, પોસ્ટેજ	૨,૮૫૯-૫૫
,, પ્રકાશન દાન	૧,૮૯૧-૨૦	,, સ્ટેશનરી કન્ટીજન્સી	૧૧૩-૦૦
,, સામાયિક વેચાણ	૮૧-૦૦	,, વધારાની રકમ	
,, પુસ્તક પ્રકાશન ડોનેશન	૫,૦૦૧-૦૦	સરવૈયામાં લઈ ગયા તે	૩,૪૭૫-૦૦
	૨૫,૦૧૩-૦૫		૨૫,૦૧૩-૦૫

તા. ૩૧-૩-૯૦ ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી			મિલ્કત તથા લેણા		
શ્રી આજીવન ગ્રાહક લવાજમ		૫૯,૬૭૬-૦૦	શ્રી પ્રકાશન		૮૧૧-૫૩
,, એડવાન્સ લવાજમ			,, ભગવાનદાસ વેલજી		૪૬૫-૦૦
૧૯૯૦-૯૧	૪,૮૧૫-૦૦		,, અમૃતલાલ સુંદરજી		૧૨૦-૦૦
૯૧-૯૨	૯૦-૦૦		,, કાનનબેન દેસાઈ		૧૫-૦૦
		૪,૯૦૫-૦૦	,, હીરજીભાઈ રણછોડભાઈ નસીત		૨૧૦-૦૦
,, વી. એમ. શાહ		૨૦-૦૦	,, કંસારા સુભાષચંદ્ર ભીખાલાલ		૯૦-૦૦
,, મીસ્ત્રી નાગજી ખીમજી		૧૫-૦૦	,, રોકડ અને બેંક બેલ.		
,, ગાંડાલાલ હીરાભાઈ		૩૫-૦૦	,, સીકયોરીટી ડીપોઝીટ પોસ્ટ ઓફીસ		૩૯૦-૦૦
,, ડાયાભાઈ કસ્તુરચંદ એન્ડ કું.		૧૨,૦૦૦-૦૦	શ્રી રાજકોટ ના. બેંક એફ. ડી.		૫૦,૦૦૦-૦૦
			,, રાજકોટ ના. સેવીંગ.		૧,૫૦૬-૨૨
			,, સીટીઝન બેંક સેવીંગ		૧,૪૦૯-૦૫
			,, પુરાંત સિલક		૪૪૧-૧૫
			,, આવક ખર્ચ ખાતે		
			ગ. વ. પ્ર.	૯,૮૬૯-૦૫	
			વધારો	૩,૪૭૫-૦૦	
					૬,૩૯૩-૦૫
		૬૫,૮૫૧-૦૦			૬૫,૮૫૧-૦૦

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* **લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
* **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ : ૧૧ અંક : ૫ * ઓગષ્ટ, ૧૯૯૨

॥ શ્રી હરિઃ ॥

ભગવદ્ સમ્બન્ધ ઔર જીવન સાફલ્ય

પ્રવકતા : નિ.લી.ગો. શ્રીપુરુષોત્તમલાલજી મહારાજ, કોટા.
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા.
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

નમો ભગવતે તસ્મૈ, કૃષ્ણાયાદ્ભુત કર્મણે;
રૂપ નામ વિભેદેન, જગત્ ક્રીડતિ યો યતઃ

આ માનવ જીવનને વિદ્વાનોએ અનેક રીતે જોયું છે. અનેક પ્રકારે સમજાવ્યું છે અને અનેક પ્રકારે તેની વ્યાખ્યા પણ કરી છે.

પરંતુ એક બાબત આપણે કયારેય પણ ભૂલવી ન જોઇએ કે માનવજીવન પરિવર્તનશીલ છે. પરિવર્તન અનેક પ્રકારે થાય છે. કેટલાક પરિવર્તન એવા હોય છે કે જેનો અનુભવ થાય છે અને કેટલાક પરિવર્તન એવા હોય છે કે જેનો અનુભવ આપણે નથી કરી શકતા. પરિવર્તન થઈ જાય છે અને આપણે સમજી નથી શકતા કે પરિવર્તન થઈ ગયું.

નદીનો પ્રવાહ વહી રહ્યો છે અને આપણે કહીએ છીએ કે આ એ નદીનો પ્રવાહ છે, એ જ પ્રવાહ છે. પરંતુ હવે જે સ્થળે હાથ પાણીમાં નાખીને એક ખોબો

પાણી પીધું. એ સ્થળના પાણીને ફરીને આપણે સ્પર્શ કરવા ઇચ્છીએ, પીવા ઇચ્છીએ તો પણ આપણે તેનો સ્પર્શ નહી કરી શકીએ કે નહી પી શકીએ. તે પાણી તો ઘણું આગળ નીકળી ગયું, જે સ્થળેથી આપણે હાથ નાખીને પાણી લીધું હતુ તે પાણી ત્યાં શું રોકાયેલું છે ? હવે છે ? તે તો ઘણું આગળ ચાલ્યું ગયું.

એ રીતે દીવાની જ્યોત જલે છે. કોઇ બીજો માણસ આવીને પૂછે છે કે કયો દીવો જલે છે ? પહેલા આવીને દીવાને જોઇ જાય ત્યાદ બાદ પાછો આવે અને પૂછે કે કયો દીવો છે ? આપણે કહીશું કે તે જ દીવો છે. દીવો આપણે પહેલા જોઇ ગયા હતા તે જ છે અને આકાર પ્રકારમાં જોવામાં તે જ દીવો હશે. તેમાં વધારો કે પરિવર્તન નહીં હોય, પરંતુ જે જ્યોતને તેણે તે સમયે જોઇ હતી તે જ્યોત હવે ત્યાં છે ? જે જ્યોતને તેણે જોઇ હતી, જે આકાશ તરફ જઇ રહી હતી, તે તો ક્યાંયની ક્યાંય ચાલી ગઈ. હવે તે જ્યોતને કોઇ જોઇ ન શકે. લાખ પ્રયત્ન કરવા છતાં પણ ફરીથી તે જ્યોતને કોઇ જોઇ ન શકે. લાખ પ્રયત્ન કરવા છતાં પણ ફરીથી તે જ્યોત નહીં આવે તે તો નીકળી ગઇ. આ પ્રકારનો માનવજીવનનો પણ સંબંધ છે.

મનુષ્ય સમજે છે કે હું એ જ છું. પરંતુ શાસ્ત્રકારો અને જ્ઞાનીપુરૂષોએ બતાવ્યું છે કે માનવશરીરનું પણ પરિવર્તન થાય છે. વર્ષે પરિવર્તન થાય છે એવી વાત નથી. હરેક ક્ષણે પરિવર્તન થાય છે. એક ક્ષણ પહેલાં આપણે જે હતા તે અત્યારે પણ છીએ એમ કોઇ નહી કહી શકે. એક ક્ષણમાં પરિવર્તન થઇ જાય છે.

આ રીતે જોવામાં આવે તો માનવશરીર એક જીવન છે એ વાત બરોબર છે. જ્યારથી જન્મ લીધો, જ્યાં સુધી પૃથ્વી પર શ્વાસ લઇ રહ્યા છીએ. ત્યાં સુધીનું જીવન એક જ માનવીનું જીવન માનવામાં આવશે. સામાન્ય નજરે તેમાં કોઇ પરિવર્તન ધ્યાનમાં નહીં આવે. પરંતુ ઘણું બધું પરિવર્તન થઇ જાય છે.

બાળપણમાં આપણે જે આચાર વ્યવહાર હતો તે આજે છે ? અને જે આજે છે તે ભવિષ્યમાં રહેશે એમ કોણ કહી શકે ? માટે જ આપણા આચાર્યોએ કહ્યું છે કે માનવજીવનનો જેટલો સદુપયોગ કરવો જોઇએ અને સદુપયોગ એક દિવસ કરીને સંતોષ માનવાનો નથી. એક દિવસ સદુપયોગ કર્યો અને આપણું કામ પુરૂં થઈ ગયું ? કાલે આપણે સત્સંગ કર્યો હતો. કાલે આપણે ભગવાનની સેવા કરી હતી, કાલે ભગવાનના દર્શન કર્યા હતા, પુરૂં થઇ ગયું ? હવે ફરીને આજે કરવાની શું જરૂર છે ? એ સત્સંગ આજે કરીએ, એ સેવા ફરીને બીજી વખત કરીએ. એ દર્શન બીજી વખત કરીએ તેથી શું જરૂર છે ? તો આ સમજવાની આવશ્યતા નથી ?

માનવ જીવનનો દરેક દિવસ આપણે માટે ખુબ જ અમુલ્ય છે અને એટલો અમૂલ્ય છે છે કે તેના બદલામાં બીજો કોઇ પણ કિંમતીમાં કિંમતી પદાર્થ ટકી ન શકે. માનવજીવનના એક દિવસના એક ક્ષણના બદલામાં મનુષ્ય લાખો, કરોડો રૂપિયા ખર્ચ કરવા ઇચ્છે અને ઇચ્છે કે તે સમય, તે દિવસ, તે ક્ષણ ફરી મળી જાય તે શું સંભવે છે ? અશકય વાત છે. માટે જ કહ્યું છે કે ભગવાનની નિત્ય સેવા

કરવી જોઇએ. નિત્ય સત્સંગ કરવો જોઇએ પરંતુ તેનાથી શું લાભ ? આપણને શું લાભ ? આપણને શું મળશે ? એ સમજવાની વાત છે.

મનુષ્ય સમજે છે, મારૂં એક વર્ષ પુરૂં થશે ત્યારે નવા વર્ષમાં પ્રવેશ થશે. ગણત્રીના વર્ષો હોય છે. ગણત્રીનું એક વર્ષ સમાપ્ત થયું. નવું વર્ષ આવ્યું, પરંતુ ખરી રીતે જોવામાં આવે તો આ જે નવું વર્ષ પ્રાપ્ત થયું છે તે એક મહાન સંકેતનું ચિહ્ન છે.

ભગવાને બતાવ્યું કે તમારે પોતાનો સમય, પોતાનું જીવન એ રીતે પસાર કરવું જોઇએ કે જેના પરિણામ સ્વરૂપે તમને ફરી પશ્ચાતાપ ન થાય, પસ્તાવવું ન પડે. એ વિચાર ન કરવો પડે કે કાલનો દિવસ ચાલ્યો ગયો. ઘણો સરસ મોકો હતો. તે દિવસે હું કેવો હતો અને આજ મારી સ્થિતિ શું થઈ ગઇ ? આ પ્રકારનો વિચાર ફરી ન કરવો પડે. આ પ્રકારની સાવચેતીપૂર્વક આપણે આપણું જીવન પસાર કરવાનું છે, તો સારા–ખરાબ પ્રસંગ માનવ-જીવનમાં આવવાનું અનિવાર્ય છે. સારા પ્રસંગ પણ અને ખરાબ પ્રસંગ પણ આવશે. જેમાં પ્રસન્નતા થાય એવા પ્રસંગ પણ જીવનમાં અને જેમાં પ્રસન્નતા ન થાય એવા પ્રસંગ પણ આવવાના છે.

—ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

વિવરણ શ્રીમદ્ વ્રજરાજ ચરણ

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

આપણે પોતે ભગવાનના અંશ છીએ એ કારણને લીધે આ જ ધર્મ છે. બીજો કોઇ (ધર્મ) નથી. એમ ભાવાર્થ છે. આજ કારણથી એ વાતનું સ્મરણ તાજું થાય છે કે 'જે જેનો અંશ હોય તે તેને (અંશીને) ભજે (સેવા કરે) 'વગેરે વાતનું આના સ્વધર્મપણાના કથન દ્વારા એમ જણાવવામાં આવ્યું છે કે અન્ય ધર્મનો આશ્રય કરવાથી (સ્વધર્મમાં) બાધકપણું આવે. આજ કારણથી શ્રી દેવકીજીના ભાગ્યોદયના અચલ આભૂષણ (શોભા આપનાર) એવા શ્રીકૃષ્ણે પણ ગીતાજીમાં કહ્યું છે કે “સ્વધર્મે નિધનં શ્રેયઃ, પરધર્મો ભયાવહઃ” એટલે કે જે પોતાનો ધર્મ હોય તેનું પાલન કરતાં જો મૃત્યુ થાય તો એ પણ શ્રેયસ્કર (કલ્યાણકારક) છે (અને) પરધર્મ ભયકારક (પરિણામો લાવનાર) છે.” વગેરે વગેરે.

આ સ્વધર્મના કથન દ્વારા અન્યત્ર (બીજા સ્થળે) તેનો (એટલે સ્વધર્મનો અભાવ હોય એ વાત સ્વતઃ સિદ્ધ જ ગણાય, તો પણ “નાન્યઃ” બીજો કોઇ ધર્મ નથી. એમ જે

કહ્યું તેનું તાત્પર્ય એ છે કે ધર્મશાસ્ત્રો વગેરેમાં અન્યત્ર સ્વધર્મ–એ શબ્દના કથન દ્વારા એમ સૂચવ્યું કે અધર્મના દર્શનથી પણ આપણા ચિત્તમાં અન્યથા વિચાર ન લાવવો. કારણ કે જે બહિર્મુખ (સત્યથી વિમુખ દૃષ્ટિથી જોનાર લોકો છે તેઓ તો દેહ ધર્મને જ સ્વધર્મ કહે છે. અને નહિ કે ભગવદ્–ધર્મને ધર્મ શાસ્ત્રનું તો (આ ઉદ્દેશ (હેતુ) ને કારણે પ્રવૃત્તિનું) નિરૂપણ ન કરવાનું યોગ્ય જ છે. આજ કારણથી જ્યારે યુધિષ્ઠિરે ભીષ્મ પિતામહને પૂછયું કે "બધા ધર્મોમાં આપ કયા ધર્મને શ્રેષ્ઠ માનો છો ?

ત્યારે ભીષ્મ પિતામહે કહ્યું કે પ્રભુનાં નામનું સ્તવન (પાઠ) અને ભક્તિપૂર્વક કરેલી પ્રભુની સેવા જ શ્રેષ્ઠ ધર્મ છે. જો એમ દલીલ કરવામાં આવે કે આ જો કર્તવ્ય જ હોય તો પછી 'સર્વથા' એટલે સર્વ પ્રકારે એમ કહીને શા માટે નિષેધ કરવામાં આવે છે ?

તો જવાબમાં કહે છે કે એ વાત સાચી કે આના દેહ સાથેના સંબંધને લીધે કરવાપણું આવે છે, પરંતુ ભગવદ્ ભક્તોનો દેહ તો ભગવાનના ચરણ કમલની રજને પ્રાપ્ત કરનાર હોવાથી ભજન કરવું (શ્રીકૃષ્ણની સેવા કરવી) એજ સ્વધર્મ બને છે. અને બીજો કોઇ નહિ એમ સમજાવ્યું આજ કારણથી શ્રી વરાહ ભગવાને કહ્યું હતું "અન્યૈવ કાચિત્સા સૃષ્ટિ વિદ્યાતુર્વ્યત્તિરેકિણી" એટલે "વિધાતાએ રચેલી અન્ય કોઇ સૃષ્ટિ જ વ્યતિરેક (ઉલ્લંઘન) કરનારી છે...." વગેરે....વગેરે. આ સૃષ્ટિ ભગવાને પોતાની સેવાને અર્થે જ પ્રકટ (પેદા) કરેલી તેથી ભગવાનની સેવા એ જ ધર્મ છે એ તાત્પર્ય છે. ત્યાં દેશાદિ સાધન કહેવામાં આવેલું હોવાથી માત્ર ધર્માભાસ છે નહિ કે ધર્મ પણ પોતાના દુર્બલપણાને કારણે બીજા (ધર્મ) ની અપેક્ષા પણ એ જ કારણથી ઉદ્ભવી.

અહીં તેના અભાવને દર્શાવવા કહ્યું છે કે "કવાપિ" એટલે "કોઇ પણ સ્થળે કે જગ્યાએ" (આપણે માટે બીજો કોઇ ધર્મ નથી.) આ ધર્મ પ્રભુ (ધર્મિ) ના માર્ગ સંબંધી હોવાથી કોઈ પણ સ્થળે પ્રબલત્ત્વ હોવાથી આચરવામાં આવે–તેમાં દેશાદિ નિયમ નથી (એટલે કે અમુક દેશ કે સ્થળમાં નહિ એ પ્રકારનો કોઇ નિયમ નથી) કારણ કે દેશ કે સ્થળ વગેરે આધિદૈવિક બાબતોનું સંપાદન (કે પ્રાપ્તિ તો ભગવાન દ્વારા જ થાય છે. તેથી જ શ્રી ભાગવતજીમાં કહ્યું છે કે "તીર્થીકુર્વન્તિ તીર્થાનિ સ્વાસ્તસ્થેન ગદામૃતે" વગેરે એટલે કે "જ્યારે ગદાધારી શ્રી વિષ્ણુ અર્થાત્ શ્રી કૃષ્ણ તેમની (તીર્થોની) અંદર સ્થિતિ કરે ત્યારે તીર્થો તિર્થકારી (પાવનકારી) બને છે." તેથી કહ્યું છે કે, 'કોઇ પણ સ્થળે બીજો કોઇ (ધર્મ) નથી ? (સેવારૂપી) આ (ધર્મ) તો ભગવત્ સ્વરૂપનો અને અતિ પ્રબલ હોવાથી અને તિરોહિત (અદૃશ્ય થયેલો) ન હોવાથી (એટલે કે હાજરા–હજુર અને દૃષ્ટિગોચર હોવાથી) કોઇપણ સ્થળે કરી શકો એ તાત્પર્ય છે. ધર્મી (એટલે ભગવાન) અને ધર્મના અભેદ (એટલે એકત્વ)ને કારણે સાચો ધર્મ કહેવાયેલ છે એમ અર્થ છે.

'કદાચન' એમ કહીને સુચવે છે કે કોઇ પણ કાળે કે સમયે બીજો કોઇ ધર્મ આપણો નથી. ભકતોને માટે તો ધર્મરૂપ પણ ભગવાન જ છે. આ કારણને લીધે ધર્માદિ બાબતોમાં મન જાય તો તેમાંથી પાછું ખેંચીને ભગવાન જ

ધર્મરૂપ છે. એમ જાણીને સર્વાત્મભાવથી ભગવાન જ ભજવાયોગ્ય (સેવા કરવા યોગ્ય)છે એમ અર્થ છે. બીજું એ કે ધર્મ દ્વારા જ ઇષ્ટની (ઇચ્છિત વસ્તુની) પ્રાપ્તિ થાય છે, કારણ કે વેદમાં એવું જ પ્રતિપાદન કરવામાં આવેલું છે. ઉદાહરણ તરીકે 'ધર્મેણ પાપમપનુદતિ' વગેરે. એટલે કે 'ધર્મ દ્વારા જ પાપને દુર કરે છે'....વગેરે. ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિમાં પાપ જ પ્રતિબંધ (અવરોધ) કરનાર છે. એમ શ્રુતિ છે તેથી ત્યાં સંપૂર્ણ વિધિપૂર્વક આચરવામાં આવેલા ધર્મથી પાપમાંથી છુટકારો મળે છે તેથી ફરીથી ધર્મના આચરણથી ફળની પ્રાપ્તિ થાય છે. એ ફળ પ્રાપ્તિ તો ઘણી ઘણી દુર છે, કારણ કે સંપૂર્ણ વિધિપૂર્વક ધર્માચરણ સંભવે નહિ. તેથી જ સ્મૃતિમાં કહેવામાં આવ્યું છે. 'યસ્ય સ્મૃત્યા'થી શરૂ કરીને 'નૂનં સંપૂર્ણતાં યાતિ' એમ અંતમાં કહીને (એટલે કે 'જેની સ્મૃતિ કે સ્મરણથી' શરૂ કરીને 'ચોક્કસ સંપૂર્ણતાને પામે છે' એવા અંતિમ વાકય દ્વારા જણાવ્યું છે. તેમ ભગવાનના સ્મરણથી જ ત્યાં પૂર્ણતા પ્રાપ્ત થાય છે. અન્યથા વિધિનું બાકી રહેવાપણું સંભવે જ. અહીં તો વિધિના જ અભાવને કારણે માત્ર ભજન (સેવા)ની જ ભાવાત્મકતાને લીધે ધર્મ એ જ ફળ છે એમ કહીને જણાવ્યું છે કે સેવાનો આનંદ એ જ ફળ પ્રાપ્તિ છે. આ જ કારણથી યદુકુળના અમૃતવર્ષા વરસાવનાર શ્રીકૃષ્ણે કહ્યું છે કે, 'યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવભજામ્યહ" એટલે કે, 'જે ભકતો જેવી રીતે મારૂં શરણ સ્વીકારે છે તેવી જ રીતે તેમની પણ સેવા (ભજન) હું કરૂં છુ" (વગેરે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે) વિધિ વગરના ધર્મ વગેરેના આચરણથી (ફલ પ્રાપ્તિની) અસાધકતા (એટલે નિષ્ફળતા)નું યોગી શ્રી યાજ્ઞવલ્કયજીએ પોતે રચેલી 'યાજ્ઞવલ્કય સ્મૃતિ'માં વર્ણન કરેલું છે. 'વિધિહીનં ભાવ દુષ્ટં કૃતમશ્રદ્ધયા ચ યત્ તદ્ધરન્ત્યસુરાસ્તસ્ય સુમૂઢસ્યાકૃતાત્મનઃ' વગેરે દ્વારા.

અર્થ : 'વિધિ વગરનું તથા ભાવની અશુદ્ધિવાળું અને શ્રદ્ધા વગર જે કંઇ ધર્મકાર્ય કરવામાં આવે છે તેને અસુરો (રાક્ષસો) હરી જાય છે કારણ કે, તેવો કાર્યકર્તા ઘણો મૂઢ તથા દૃઢ નિશ્ચય વગરનો હોય છે' એટલું જ નહિ પણ સાચા ભકતોને તો ભગવાન જ ઇષ્ટ વસ્તુ હોય છે અને પ્રભુની પ્રાપ્તિ તો બીજા કોઈ ધર્મોથી થતી નથી–ભગવાનની સેવાથી જ થાય છે. તેથી પ્રભુના વિયોગ કે વિરહનો તાપ થાય ત્યારે પ્રભુની પ્રાપ્તિ માટે તેના ધર્મરૂપ ભગવત્સેવા જ કરવી એવો ભાવ છે.

–ક્રમશઃ

વડીલોનો વારસો

લેખક : મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા

હપ્તો સતરમો

પ્લેનમાંથી ઉતરી બધાં દિનેશનાં દાદાજી પાસે પહોંચી ગયા. ફ્રાંસથી રસિકલાલનો ફોન દાદાજીને મળી ગયો હતો. દાદાજી બધાને જોઈને પ્રસન્ન થયા. એક પછી એક બધા દાદાજીને પગે લાગ્યા. આશીર્વાદ લેતા રહ્યાં.

પિનકી–મોટી થઈ ગઈ છે. ઉષ્માને તો બચપણમાં જોયેલ હતી. બન્ને એક સરખી ઉંમરને દેખાવડીને સંસ્કારી જોઈ દાદાજી ખુશી થયા અને પ્રવિણને ઉદ્દેશીને કહ્યું કે અન્નકોટ ઉપર સૌ આવજો આનંદ આવશે.

પ્રવિણ–દાદાજી ! એકવાર તો અત્યારે જ જે યાન મળશે તેનાથી હૈદ્રાબાદ જઈએ. બે દિવસ પછી ચોક્કસ આવશું મારા દાદાજી પણ આવતા પ્લેનની વાટ જોઈ રહ્યા હશે. પિનકી અને ઉષ્માને તો જોઈતું હતું તેવું મળ્યું તેના જેવી વાત થઈ બે દિવસ પછી સાથે મળશું. થોડા સમયનાં સહવાસમાં બન્ને એક બીજીને ખૂબ જ ચાહનાં રાખવા લાગી હતી.

બીજે દિવસે શ્રી મદન મોહનલાલજીની સેવામાં પિનકી, તેની બા, દિનેશ સૌ લાગી ગયા. પિનકીએ કાજુના મેસુબની સામગ્રી સિદ્ધ કરી અને દિનેશે બદામ, પીસ્તા, ટોપરાનો મેસુબ સિદ્ધ કર્યો. જેને જેવી ભાવના હતી તેવી સૌએ અદકીમાં સામગ્રી સિદ્ધ કરી. ખુબ હર્ષોલ્લાસથી શ્રીને અન્નકોટ આરોગાવ્યો. બહાર ગામથી ઘણાં વૈષ્ણવો આવ્યા હતા. હૈદ્રાબાદથી ઉષ્મા વગેરે આવી પહોંચ્યા હતા. ઉષ્માએ તુરત- સેવામાં નાહીને એકાદ સામગ્રી બનાવી. કીર્તનિયા સુંદર રાગથી કીરતન કરતા વૈષ્ણવોનો સમૂહ સૌ આનંદથી મહાપ્રસાદ લઈને પોત પોતાના ઘરે ગયા. ફક્ત બહારગામનાં જ રોકાણા હતા.

રાત્રે નિત્ય નિયમ મુજબ દાદાજી ભગવદ્ વાર્તા કરવા બેઠા. દાદાજીએ ગોવર્ધન પૂજા અને અન્નકોટની ભાવના બતાવી. પછી ઈન્દ્રો કરેલ સ્તુતિ સવિસ્તારથી બધાને સમજાવી.

પિનકી–દાદાજી ! આવડો મોટો અપરાધ ઈન્દ્રે કર્યો છતાં તેને જરા પણ શિક્ષા પ્રભુએ ન કરી ? તેનું કારણ શું ?

દાદાજી–બેટા, આમાં બહુ સમજવા જેવું છે. ગાય પ્રભુને પ્રિય છે જેથી ઈન્દ્ર કામધેનુને આગળ કરી પોતે પાછળ દંડોત કરતો ક્ષમા માગતો, પશ્ચાતાપ કરતો આવતો હતો. પ્રભુનું શરણ માગ્યું. દીનાનાથ કૃપા સાગર દયાળુ છે. શરણે આવેલાને અભયદાન દેવાવાળા છે.

ઉષ્મા–દાદાજી ! એટલા માટે શરણનું મહત્ત્વ આપણામાં હોવું જોઈએ. શ્રી મહાપ્રભુજીએ જીવને શરણે લઈ નિવેદન કરાવ્યું. આમ જુઓ તો જીવ અનેક જન્મથી કર્મ દોષોથી ભરેલો છે. શરણ આવેલાને પ્રભુ દંડ નહીં દેતા હોય. ક્ષમા કરતા હશે.

દાદાજી–અરે ! વાહ ! દિકરી ઉષ્મા આતો ચીથરે વીંટયું રતન નિકળ્યું અત્યાર સુધી ચૂપ બેઠેલી હતી. દિકરી ! પ્રભુની ઈચ્છાને કોઈ જાણી શકતું નથી પ્રભુનું નામ જુઓ તો

દીનદયાલ દીનાનાથ; અશરણ શરણ, આવાં અનેક છે. તે બધા કામ ઉપરથી નામ પડયા છે. પ્રભુ સર્વ સમર્થ છે. પુતના તો બાળકોનો સંહાર કરતી આવી હતી. દુષ્ટ ભાવનાથી પ્રભુને ગોદમાં લીધા હતા છતાં તેને મોક્ષ દીધો. આમ પ્રભુની ઇચ્છાને અને તેની દયાને કોઇ જાણી કે વર્ણવી શકે તેમ નથી.

પિનકી–દાદાજી ! બ્રહ્મ સંબંધથી જ અને પહેલાં શરણ મંત્રથી જ કામ થઈ જતું હોય તો આપણે બેફીકર બની જઇએ. મેં સાંભળ્યું છે કે પહેલો શરણ મંત્ર લઇ પ્રભુની શરણાગતિ સ્વીકારી લીધા પછી સદાને માટે શરણમાં જ રહે, અન્ય આશ્રય ન કરે, અસમર્પિત ન લે, ક્રોધ ન કરે, દીનતા રાખે, અભિમાન ન કરે, પ્રાણી માત્રનું ભલું ઇચ્છે આવા ઘણાં ઘણાં ગુણો ગ્રહણ કરવા જોઇએ કેમ ? દાદાજી, સાચું ને ?

દાદાજી–દીકરી ! તું જ સવાલ કરે છે ને તું જ જવાબ દેતી જાય છે. મને તમે બન્ને દીકરીયોને જોઇને બહુ જ આનંદ આવે છે.

અત્યાર સુધી શાંત બેસેલો પ્રવિણ દાદાજી ઉદ્દેશીને બોલ્યો–મારૂં અધ્યયન બહુ વધારે નથી. છતાં સાર એટલો સમજાય છે કે બ્રહ્મ સંબંધથી પંચપર્વા અવિદ્યા દુર થાય છે. સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં વાંચ્યું છે કે દેશ કાલ, સહજ સંયોગ, સ્પર્શ આવું વૈદિકમાં નિરૂપણ છે, તેનું પ્રાયશ્ચિત કરાવવું પડે છે. તે નિવેદનથી દોષો દુર થાય છે. શરણે આવ્યા પછી પણ બીજા નવા દોષો ઉત્પન્ન ન થાય તેની તકેદારી રાંખવી જોઇએ. ઘણા એ ભાવથી સેવા કરવાવાળા જોવામાં આવે છે, પણ અભિમાનને મદ તે મુકી શકતા નથી. શરણે આવ્યાં પછી શ્રી મહા પ્રભુજીની આજ્ઞાનુસાર જીવન વ્યતીત કરે તેને બીજો જન્મ લેવો ન પડે. દાદાજી ! બરોબર છે ને ?

બીજે દિવસે સત્સંગમાં દિનેશ પિનકી સામું જોઇને, દાદાજી ! પિનકીને સ્વપ્ન બહુ સારૂં આવ્યું હતું. પ્લેનમાં અમે હતાં ત્યારે મેં સાંભળ્યું કે બહુ જ સુંદર સ્વપ્ન પિનકી ! બોલતો, દાદાજી સાંભળશે તો તને સમજાવશે,

પિનકી–ઘણીવાર રાત્રે સુતા સારા વિચારો કરીએ સ્વપ્ન કાંઇક જુદું જ આવે. મને શ્રી ગિરિરાજજીની ભાવના ખુબ જ છે. હજુ સુધી દર્શન કર્યા જ નથી. તે વિષયનું સ્વપ્ન છે. નાના મોઢે મોટી વાત જેવી છે.

દાદાજી–કાંઇ વાંધો નહીં, દિકરી ! મને કહી સંભળાવ.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ,
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ.

કાવ્ય-કુંજ

૧. છેડલો છોડોને...

[ઢાળ : રાસ રમો, રાસ રમો, રાસ રમો રે....]

છેડલો છોડો, છેડલો છોડો, છેડલો છોડોને;
શ્યામ છબીલા લાલ મારો છેડલો છોડોને,
માથે મહીડાની મટુકીનો ભાર,
શાને તોડો છો મોહન મોતીના હાર.... છેડલો૦ ૧
તાણો છો છેડાને મહિડા ઢોળાય,
ઘરમાં જાઉં તો મારી સાસુ ખિજાય.... છેડલો૦ ૨
આવું ન કરીએ શ્યામ મનમાં લજાવ,
હૃદયની પ્રિત શું જગમાં પ્રગટાવ.... છેડલો૦ ૩
'વ્રજલત્તા' મોહન ગમતા મનમાંય,
મુખ પ્રભા જોવા મારૂં મન લલચાય.... છેડલો૦ ૪

૨. માધવ લેજો રે...

[ઢાળ : અમે મૈયારણ રે ગોકુળ ગામની....]

મોહન લેજો રે માધવ લેજો,
મધુરા મોહનજીને લેજો રે....લેજો રે.... માધવ લેજો૦ ૧

ઘેલુડી ગોપી આ ઘેલું બોલે,
મુખડાથી ઘુંઘટ કેમ ન ખોલે,
મટુકીમાં કેમ સમાણા રે....લેજો રે.... માધવ લેજો૦ ૨

ગોપી હસીને બોલી દઇ તાળી,
મીઠું બોલીને એણે મટુકી ઉતારી,
જોયા તો કૃષ્ણ મોરારી રે.... લેજો રે.... માધવ લેજો૦ ૩

ધન્ય ગોપી તારા સ્નેહે બંધાણા,
શ્યામ પ્રભુ તારી મટુકીમાં સમાણા,

'વ્રજલત્તા' જાય વારિ વારિ રે.... લેજો રે.... માધવ લેજો૦ ૪

નિ. લી. પૂ. ગો. શ્રી વ્રજલત્તાવહુજી મહારાજ, જામનગર

ભારતીય સાંસ્કૃતિક પરંપરાની એક સમૃદ્ધ ઝાંખી

"સિંહસ્થ કુંભ મહાપર્વ"

ગો. દ્વારકેશજી મહોદય, (કાંદીવલી ચંપારણ્ય અમરેલી)

(ગતાંકથી ચાલુ)

કુંભને ચાર સ્થાનોમાં સુરક્ષિત રાખવામાં આવ્યો

આ કુંભમાંથી અમૃતના બાર બિંદુઓ છલકાયા અને તેમાંથી આઠ બિંદુઓ દેવલોક સ્વર્ગમાં છલકાયા અને ચાર બિંદુઓ જ્યાં અમૃત કુંભને સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. તે ચાર સ્થાનોમાં છલકાયાં. એટલા માટે હરિદ્વાર, પ્રયાગ, નાસિક અને ઉજ્જૈનમાં કુંભપર્વ, કલ્પવાસ અને તીર્થસ્નાનની શાસ્ત્રીય પરંપરા પરાપૂર્વથી ચાલતી આવી છે. હરિદ્વારમાં ગંગાજીના તટપર, પ્રયાગમાં ગંગાજી, યમુનાજી અને સરસ્વતીજીના પવિત્ર ત્રિવેણી સંગમ પર, નાસિકમાં ગોદાવરીના તટ પર તથા ઉજ્જૈન (અવન્તિકા)માં ક્ષિપ્રાનાં પવિત્ર તટ પર અમૃત પૂરિત સ્થળો પર અમૃત જળથી સ્નાન કરીને સર્વ દોષોમાંથી મુક્તિ મેળવવા માટે અને પુણ્ય અર્જિત કરવા માટે કલ્પવાસ અને શાહીસ્નાનોનું શાસ્ત્રોક્ત વિધાન છે.

કુંભનાં પાવન પર્વ પર તીર્થોનાં પુણ્યમયી પાવન સ્થાનોમાં તીર્થસ્થાનોમાં તીર્થસ્નાનનું મહાન ફળ શાસ્ત્રોમાં અને વેદોમાં વર્ણવામાં આવ્યું છે.

કુંભપર્વનું આધ્યાત્મ સાથે જ્યોતિષશાસ્ત્રીય મહત્વ પણ છે. ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ અનુસાર જ કુંભપર્વનો યોગ નિર્ધારિત થાય છે.

(૧) કુંભ રાશિમાં ગુરુ સ્થિત હોય અને મેષ રાશિમાં સૂર્ય હોય ત્યારે કુંભપર્વ હરિદ્વારમાં થાય છે.

(૨) વૃષભ રાશિમાં ગુરુ હોય અને મકર રાશિમાં સૂર્ય હોય ત્યારે કુંભપર્વ પ્રયાગમાં થાય છે.

(૩) સિંહ રાશિમાં સૂર્ય હોય ત્યારે કુંભપર્વ નાસિકમાં થાય છે અને,

(૪) સિંહ રાશિમાં સ્થિત ગુરુ બૃહસ્પતિ હોય અને મેષ રાશિમાં સૂર્ય હોય ત્યારે કુંભ પર્વ ઉજ્જૈનમાં થાય છે. માટે ઉજ્જૈનનો કુંભપર્વ સિંહસ્થ કુંભપર્વ કહેવાય છે.

मेष राशि स्थिते सूर्ये सिंह राशौ बृहस्पति ।
कुम्भ योगः स विशेषः मुक्ति-मुक्ति प्रदायक ॥

મેષ રાશિમાં સ્થિત સૂર્ય હોવાથી સિંહ રાશિમાં બૃહસ્પતિ (ગુરુ) હોય ત્યારે આ સિંહસ્થ કુંભપર્વ ભોગ અને મોક્ષ પ્રદાન કરે છે.

આમ તો હરિદ્વારમાં ગંગાતીરે અને નાસિકમાં ગોદાવરી તટે અર્ધકુંભ પણ થાય છે. પરંતુ વિશેષ કરીને ઉજ્જૈનનો સિંહસ્થ કુંભ મહાપર્વ પૂર્ણ કુંભ કહેવાય છે. પણ આ પર્વ ૧૦ મહાયોગોનાં ભેગા થવાથી થાય છે એ છે વૈશાખ માસ, શુકલ પક્ષ, પૂર્ણિમા, મેષરાશિમાં સુર્ય, સિંહ રાશીમાં બૃહસ્પતિ (ગુરુ), તુલારાશિમાં ચંદ્ર, સ્વાતિ નક્ષત્ર, વ્યતીપાત યોગ, સોમવાર અને ઉજ્જૈન નગરી. આ પ્રકારે ૧૦ મહાયોગોનાં ભેગા થવાથી જ સિંહસ્થ કુંભ મહાપર્વનું ઉજ્જૈનમાં આયોજન થાય છે અને આ યોગ દર બાર વર્ષે આવે છે.

આપણા શાસ્ત્રોમાં કુંભસ્નાનનું ફળ અત્યંત ઉત્તમ ગણવામાં આવ્યું છે–

'अश्वमेघ सहस्त्राणि, वाजपेय शतानि च
कुम्भस्नानेन तत्फलम्...।

આદ્ય વૈષ્ણવાચાર્ય અને વૈશ્વેશ્વર સંહિતા તથા અવન્તિખંડ ૪૮/૫૨, પદ્મપુરાણ ૧૧૮/૪૭ ઇત્યાદિ પ્રમાણ વાકયોથી સિદ્ધ થાય છે કે એક હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ એક રાજસૂય યજ્ઞથી પ્રાપ્ત થાય છે. એક હજાર રાજસૂય યજ્ઞનું ફળ એક સોમયજ્ઞ કરવાથી પ્રાપ્ત થાય છે અને સોમયજ્ઞમાં પણ સો વાજપેય સોમયજ્ઞ અને બૃહસ્પતિસવ સોમયજ્ઞનાં કરોડ અવભૃત સ્નાનનું ફળ પોતાનાં ગુરુ આચાર્યની સાથે કુંભસ્નાન કરવાથી પ્રાપ્ત થાય છે.

આ પવિત્ર કુંભસ્નાન કરવા માટે પરંપરાથી દરેક સંપ્રદાયનાં આચાર્યો, મહાધિપતિઓ પોતપોતાના વિશાળ શિષ્યસમુદાય સહિત પધારે છે. તેમજ દેશ–વિદેશથી લાખો સાધુઓ, સંન્યાસીઓ યાત્રાળુઓ, વિરકતો તેમજ ગૃહસ્થો પણ પવિત્ર કુંભસ્નાન કરી પાવન થવા માટે આવે છે અને અનેક શ્રદ્ધાળુઓ–ભાવિકો અનેક પ્રકારના કષ્ટોને સહન કરીને પણ આ કુંભસ્નાનનો લાભ લે છે. આ ઉપરાંત અન્ય સાધુઓમાં દશનામી ઉદાસીન, નિર્મલસંત, નાગાસાધુ, કબીરપંથી, અદ્વેતવાદી, દાદૂમતાવલંબીઓ, વૈષ્ણવવાદી આદિ અનેક સાધુ-સમૂહ પોતાનાં અખાડાઓ સાથે રહે છે. અને સામાન્યરીતે ભજન–કીર્તનોનો ભકિતરસ, તપસ્યાનું ગાંભીર્ય અને વિશાળ જનસમૂદાયનો ઉમંગભર્યો ઉત્સાહ સિંહસ્થનાં અવસર પર ભારતીય પરંપરા અને એકતાપૂર્ણ સંસ્કૃતિને નવીન પ્રેરણા પ્રદાન કરવામાં સહાયક થાય છે.

કુંભ મહાપર્વમાં બે પ્રકારનાં સ્નાન હોય છે. એક પર્વસ્નાન અને બીજું શાહીસ્નાન. શાહીસ્નાનની ભવ્યતા અને રોનક દર્શનીય હોય છે. દરેક સંપ્રદાયનાં આચાર્યો પોતાના સંપ્રદાયનું વૈશિષ્ઠય બતાડવા માટે છત્ર, ચમર, છડી, મેઘાડંબર, ડંકા, નિશાનો આદિ લઇ વિશાળ શિષ્ય સમુદાય સહિત વાજતે–ગાજતે શાહી સવારી સાથે કુંભપર્વનું સ્નાન કરવા આવે છે. પ્રથમ પોતાનાં સંપ્રદાયનાં નિશાનને સ્નાન કરાવીને પછી આચાર્ય સ્નાન કરાવીને પછી આચાર્ય સ્નાન કરે છે. અને ત્યાર પછી શિષ્ય સમુદાય સ્નાન કરીને કૃતકૃત્ય થાય છે.

જે પ્રકારે પુષ્ટિભક્તિમાર્ગના આચાર્ય શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી છે એ જ પ્રકારે પ્રમુખ ચાર વૈષ્ણવ સંપ્રદાયોની આદિ પરંપરાનુસાર વિષ્ણુસ્વામી સંપ્રદાયના આચાર્ય પણ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી છે. આચાર્યત્વેન બધા જ સંપ્રદાયનાં આચાર્યોએ 'સ્વર્ણધર્માનુવાક્' થી શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીને તિલક કરીને પટ્ટાભિષેક કર્યો છે તેમ વિષ્ણુસ્વામી સંપ્રદાયે પણ પોતાના આચાર્યનાં સ્વરૂપમાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો તિલક કરીને પટ્ટાભિષેક કરીને સ્વીકાર કર્યો છે.

વિષ્ણુસ્વામી સંપ્રદાયની શુદ્ધદ્વૈત બ્રહ્મવાદની પરંપરામાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી ૧૩મા આચાર્ય છે જે ક્રમશઃ–

(૧) આદિનારાયણ (૨) શ્રી શિવ (૩) શ્રી નારદ (૪) શ્રીકૃષ્ણદ્વૈપાયન (વેદવ્યાસ) (૫) શ્રી શુકાચાર્ય (૬) શ્રી ગૌડપાદાચાર્ય (૭) શ્રી ગોવિંદ ભગવદ્‌પાદાચાર્ય (૮) શ્રી ક્ષીરસ્વામી (૯) શ્રી વિઠ્ઠલાચાર્ય (૧૦) શ્રી ધરા-

ચાર્ય (૧૧) શ્રી દ્રાવિડવિષ્ણુસ્વામી (૧૨) યોગી બિલ્વમંગલાચાર્ય (૧૩) શ્રી વલ્લભાચાર્ય (૧૪) શ્રી ગુંસાઇંજી દીક્ષિત.

એ પ્રકારે પ્રાપ્ત થાય છે–

વિષ્ણુસ્વામી સંપ્રદાયનાં સિંહાસન પટ્ટાભિષેકનાંશુભ અવસર પર અખંડ ભૂમંડલાચાર્ય જગદ્ગુરુ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીને આચાર્યોકિત છત્ર, ચમર, છડી, દંડ, શંખ, ચક્ર, ગદા, પદ્મ, સૂર્ય, ચંદ્ર, મેઘાડંબર, ડંકાનિશાન વગેરે સમર્પિત કરવામાં આવ્યાં અને સમસ્ત આચાર્યો દ્વારા પણ શ્રી વલ્લભ વિષ્ણુ સંપ્રદાયનાં આચાર્ય સ્વરૂપે જગદ્ગુરૂ શ્રી વલ્લભાચાર્ય મહા પ્રભુજીનું આચાર્યોકિત સન્માન કરીને શાહી સ્નાન પ્રદાન કરવામાં આવ્યું છે.

સં. ૧૫૭૬ માં જ્યારે આચાર્ય ચરણ પૃથ્વી પરિક્રમા કરતાં હરિદ્વાર પધાર્યા ત્યારે કુંભનાં બૃહસ્પતિ હતાં. લાખો મનુષ્યો ગંગા સ્નાન કરવા માટે આવ્યાં હતાં અને પુણ્યકાળ થોડો સમય હતો. બધાં જ મનુષ્યો પુણ્યકાળમાં સ્નાન કરી શકે તેમ ન હતાં માટે શ્રી આચાર્ય ચરણે યોગમાયાને આજ્ઞા કરી કે તમે બધા મનુષ્યોને નિંદ્રાવશ કરી દો. અને કાળને આજ્ઞા કરી કે બ્રહ્મ મૂહુર્તમાં સ્નાનનો પર્વકાળ છે માટે જ્યાં સુધી અમે સ્નાન કરીને કનખલ તીર્થમાં બિરાજીએ અને સર્વ મનુષ્યો સ્નાન કરી લે ત્યાં સુધી પુણ્યકાળ સ્થિર રહે. આવી રીતે સર્વ મનુષ્યોને શ્રી વલ્લભાચાર્ય મહા પ્રભુજીએ પુણ્યકાળમાં ગંગા સ્નાનનો લાભ અપાવ્યો. આખા હરિદ્વારમાં શ્રી મહાપ્રભુજીનો જય જયકાર થયો.

આજે પણ શાહી સ્નાનનાં સમયે વિષ્ણુ સ્વામી સંપ્રદાયનાં સાધુ સંતો, અખાડાઓ વગેરે શ્રી વલ્લભાચાર્ય સંપ્રદાયનાં અંતર્ગત આગળ ચાલીને સમસ્ત આચાર્યો દ્વારા સ્વીકૃત શ્રી વલ્લભાચાર્ય સંપ્રદાયના પ્રથમ શાહી સ્નાનની પરંપરાનું પાલન કરતાં આવ્યાં છે, અને આ પ્રાચીન પરંપરાનું સંરક્ષણ આજે પણ ભગવદ્ કૃપાથી એજ રીતે થતું આવ્યું છે.

પોતાના આચાર્ય ગુરૂ સાથે કુંભ સ્નાનનું વિશેષ મહત્ત્વ છે પોતાનાં ગુરૂ સાથે કુંભ સ્નાન કરવાથી એક હજાર અશ્વમેઘ યજ્ઞ અને સો વાજપેય યજ્ઞનાં અવભૃત સ્નાનનું પુણ્ય સ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

જેવી રીતે શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં સેવકો એ આચાર્ય ચરણ સાથે કલ્પવાસ કરીને તીર્થો પર કુંભ સ્નાન કર્યું હતું. તેવી રીતે આ મૌલિક પરંપરાનું અનુશરણ કરતાં શ્રી વલ્લભ સંપ્રદાયનાં ઉત્તરાધિકારી શ્રી ગોપીનાથજી પ્રભુ ચરણ તથા શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ચરણે વિષ્ણુ સ્વામી સંપ્રદાયની તથા પુષ્ટિ ભકિત માર્ગની આચાર્ય પરંપરાનુસાર પોતાનાં સેવકો સાથે કલ્પવાસ કરીને કુંભ મહા પર્વનું શાહી સ્નાન કર્યું હતું. જે આપણા ઇતિહાસમાં પ્રમાણિત છે. પરંતુ છેલ્લાં અમુક વર્ષોથી આ પરંપરામાં શિથિલતા આવી ગઇ હતી. તે ફરી પાછી શાહી સ્નાનની પરંપરા પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ શરૂ કરી અને વૈષ્ણવ સંપ્રદાયનાં આચાર્યો માટે શાહી સ્નાનનો માર્ગ ખુલ્લો કર્યો.

આજે પણ દરેક કુંભ મહા પર્વો પર સ્નાન કરવા માટે વલ્લભ સંપ્રદાયના આચાર્યો પધારે છે. સુંદર વલ્લભાચાર્ય નગરનું નિર્માણ

થાય છે. અને કલ્પવાસ કરીને સંપ્રદાયોચિત અનેક યજ્ઞો તથા ભક્તિમય કાર્યક્રમોનું આયોજન થાય છે. જેનો લાખો શ્રદ્ધાળુઓ ભાવિકો ને લાભ મળે છે.

માટે ભગવદ્ કૃપાથી હવે જ્યારે જ્યારે કુંભ મહા પર્વનો અવસર આવે ત્યારે પોતાનાં ગુરૂ આચાર્ય સહિત કુંભ સ્નાન કરીને અમુલ્ય શાસ્ત્રોકત ફળ પ્રાપ્ત કરવા જો અવસર મળે તો પોતાને ધન્ય માનીને એ અવસરનો લાભ અવશ્ય લેવો.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય
શ્રી ઇચ્છારામ ભટ્ટજીના
આંતર ઉદ્‌ગારો

પ્રભુ કહે છે કે પ્રાણી માત્ર સ્થાવર જંગમ સર્વ મારૂં મંદિર છે, તે મંદિરમાં હું બેસું છું, માટે મારા મંદિરને તમે લાગણી દુભાવી બાળશો નહિ.

બાળવું તે શું ?

કોઇને કડવું વચન કહેવું તે કોઇનો દ્વેષ થયો હોય તે કોઇનો દ્વેષ રાખવો નહિ, ભગવદીયે તો મનમાં દ્વેષ થયો હોય તો કાઢી નાખવો ને અમૃત જેવી દૃષ્ટિથી જોવું. આવી દૃષ્ટિ થાય, ત્યાર પછી મારી સેવા કરવાને પાત્ર થાય. પાત્ર થયા વિના મારી સેવા કરે છે, તે ફળરૂપ થતી નથી. તેના ઉપર હું પ્રસન્ન થતો નથી, માટે સેવાને પાત્ર થાય તો મને સારૂં લાગે.

સેવા તે શું ?

મારા પર સ્નેહભાવ આવે, હું ઘણો વ્હાલો લાગું, મારા ઉપર સ્નેહ રાખીને જે કાંઇ એને પ્રાપ્ત થાય તે મને સ્નેહભેર સમર્પીને ઉપયોગ કરે.

વળી મંદિરમાંથી નિકળવાનું મન થાય નહિ. મને જ્યારે જુએ ત્યારે નવો ને નવો જ દેખે. વળી મારૂં મનન કરે, મારૂં ધ્યાન ધરે. બધી એકાદશ ઇન્દ્રિયો સેવામાં લાવે તો હું તેના પર પ્રસન્ન થાઉં.

વળી લોભ, મુકે, મદ મુકે, મત્સર મુકે, સૌથી નિચો થાય, ને કર્તા હતા પ્રભુને માને, પોતાતે કર્તા માનતો હોય તો ભૂલી જાય, ને પ્રભુને કર્તા જુએ, પોતે કર્તા મટી જાય, ત્યારે મને પ્રભુને કર્તા માને.

॥ શ્રી વલ્લભ તવાસ્મિ ॥

લે. પ્રો. જીવનલાલ છ. જોશી, રાજકોટ

–(ગતાંકથી ચાલુ)

પુષ્ટિ સૃષ્ટિ અગ્રેશ બોલે, શ્રી દામોદરદાસ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૨

સુરદાસ બોલે, પરમાનંદદાસ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૩

કુંભનદાસ બોલે, કૃષ્ણદાસ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૪

છીત સ્વામી બોલે, ગોવિંદસ્વામી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૫

નંદદાસ બોલે, ચતુર્ભુજદાસ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૬

આઠ સખા બોલે, ચોરાસી બસો બાવન બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૭

ચંપકલત્તા બોલે, ચંદ્રભાગા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૮

વિશાખા બોલે, લલિતા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૭૯

ભામા બોલે, પદ્મા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૦

વિમલા બોલે, ઇન્દુલેખા બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૧

ભારતેંદુ બોલે, દયારામ બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૨

—ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. ગો. **શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી**

રચયિતા : ગો. વા. પ. ભ. **શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી**

૯૫. ચતુર્વર્ગ વિશારદ રૂપ

સર્વ વિશારદ શ્રી પ્રથમેશ,
ચાર પદારથ પુષ્ટિભાવ કરી, દેત હે વૃંદાવન રાકેશ. ૧

ચતુર્વર્ગ શિરોમણી પ્રભુજી, બચન રચન માધુરી સવિશેષ;
ગાવે કહા દાસ **'વ્રજ,** એક મુખ, મહિમા અમિત અતુલ અશેષ. ૨

૯૬. સત્ય પ્રતિજ્ઞ રૂપ

દૈવી જીવ ઉદ્ધારન કાજ,
સત્ય પ્રતિજ્ઞ ભૂતલ પાંઉ ધારે, નિજ જન હિત શ્રી વલ્લભરાજ. ૧

લીયે શરન કેઉ પતિત ઉધ્ધારે, બાંધે પ્રેમ પુષ્ટિકી પાજ;
આર્ત પુકાર સુનત ઉઠ દોરત, શ્રી પ્રથમેશ **'વ્રજ'** પતિ મહારાજ. ૨

૯૭. ત્રિગુણાતીત રૂપ

પૂરન બ્રહ્મ ત્રિગુનાતિત,
નિર્ગુણ સગુણ રૂપ સુખદાયક, નિર્ગુણ ભક્ત સમાજ સહિત. ૧

ગુણાતીત વ્રજકી સબ લીલા, ગોપી ગોપ સખાહુ અતિત;
'વ્રજ' કે શ્રી વલ્લભ પ્રથમેશજુ, સબનકે શિષ સબનસોં પ્રીત. ૨

૯૮. નયવિશારદ રૂપ

કૃપા પંથકી રાહ બતાઇ, શ્રી પ્રથમેશ પ્રભુ સુખદાઇ;
સર્વાધિશ ચતુર ચિંતામણી; ગિરિ ગોવર્ધન રાઇ. ૧

બાંહ પકર પુષ્ટિ મહાસાગર, લીલા રસમેં લીયે સમોઇ;
જન્મોજન્મકી જલ્પન ભટકન, **'વ્રજ'** વલ્લભને દઇ મિટાઇ. ૨

—ક્રમશઃ

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વૃજ'' ધોરાજી**

ચલત ન્યારી નવલ યમુને ॥
ગાય બ્રજ ભકત કે ભાવકોં દેખીકે
ભાવ સહિત તહાં કરત ગવને ॥૧॥
આય બ્રજ ભૂપ પ્રિય ભાવ ઉપજાવહીં
જલ સ્થલ સિદ્ધ દોઉ કરત રવને ॥
નિરખ શોભા હરિદાસ નિશદિન યહ
મન વચન કર્મ કરી શિષ નવનો ॥૨॥

ભાવાર્થ–અનેક નુતન નુતન પ્રકારોથી આપ શ્રી યમુનાજી ગમન કરી રહ્યાં છે–ગાયો બ્રજ ભકતોનો ભાવ સ્નેહ જોઇ અને ભાવ સહિત ત્યાં ગમન કરે છે બ્રજમાં પધારી પ્રિયતમને મોહ ઉપજાવવા માટે જલ વિહાર સ્થળ વિહારોનાં સ્થળો સિદ્ધ કરી અને શ્રી યુગલ સ્વરૂપ રમણ કરે છે હરિદાસ આવી શોભા નિશદિન જોઇ અને મન–વચન–કર્મથી શિષ નમાવે છે. શ્રી યમુનાજીના પ્રાણ પતિ સાથે વિલાસનું કીર્તન છે.

પ્રાણપતિ વિહરત શ્રી યમુના કૂલેં ॥
લુબ્ધ મકરદકે ભ્રમરજ્યોં બસ ભયે દેખી
રવિ ઉદય માનો કમલ ફુલેં ॥ કરત ગુંજાર
મુરલીજુલે સાંવરો સુનત વ્રજ વધુતન સુધી
જુ ભુલે ॥ ચતુર્ભુજદાસ શ્રી યમુને પ્રેમ સિંધુ
મેં લાલ ગિરિધરન અબ હરખ ઝુલે ॥૨॥

જેમ મકરંદ લુબ્ધ ભ્રમર મકરંદનાં ભોગમાં પરવશ થઇ જાય તેમ પ્રિયતમ શ્રી યમુનાજીના સંગમથી પરવશ થઇ ગયા છે અને શ્રી યમુનાજી પણ જેમ રવિ ઉદયથી કમલ ફુલે તેમ સર્વાંગથી ફુલી રહ્યાં છે ભ્રમર જેમ મકરંદમાં મત્ત બની અને હર્ષનો ગુંજારવ કરે છે તેમ પ્રિયતમ મુરલીથી ગુંજારવ કરે છે જેનું શ્રવણ કરી અને વ્રજ વધુઓ ભાન ભુલી જાય છે. આમ પ્રભુ શ્રી યમુનાજીના સ્નેહ સાગરમાં પરમ હર્ષથી ઝુલી રહ્યાં છે રસમત્ત રસ વિવશ થઇ રહ્યાં છે.

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૩–૮–૯૨ ગુરૂવાર. નાળીયેરી પૂનમ. રક્ષાબંધન શૃંગારમાં હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૧ તા. ૧૪–૮–૯૨ શુક્રવાર. હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૧૬–૮–૯૨ રવિવાર. કજ્જલી ત્રીજ. ગો. શ્રી ગોપાલ લાલજી બાવા શ્રી (કામવન) નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૨૦–૮–૯૨ ગુરૂવાર. શયનમાં છઠ્ઠી પૂજન. વિષ્ણુ સ્વામીનો પ્રાગટય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૨૧–૮–૯૨ શુક્રવાર. જન્માષ્ટમી વ્રત. મન્વાદિતિથિ. ભાવાત્મક મહારાત્રી.

શ્રાવણ વદ ૯ તા. ૨૨-૮-૯૨ શનિવાર. નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૨૩-૮-૯૨ રવિવાર. આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૨૪-૮-૯૨ સોમવાર. અજા એકાદશી વ્રત. ગો. ચિ. કન્હૈયાલાલજી બાવાશ્રી (વીરમગામ) નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૨૫-૮-૯૨ મંગળવાર. ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (કોટા ગોંડલ) નો જન્મ દિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૨૬-૮-૯૨ બુધવાર. ગો. રાજેશકુમાર બાવાશ્રી (બોરીવલી) નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૨૭-૮-૯૨ ગુરૂવાર શ્રી કાકા વલ્લભજીનો (સં. ૧૭૦૩) તથા તથા લાલા લહેરી શ્રી ગોપાલજીનો (સં. ૧૯૧૦) નો પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ અમાસ તા. ૨૮-૮-૯૨ શુક્રવાર. ગો. ચિ. શ્રીનવનીત લાલજી બાવાશ્રી (કામવન) નો જન્મદિન. (એકમનો ક્ષય હોવાથી આજે.)

ભાદરવા સુદ ૨ તા. ૨૯-૮-૯૨ શનિવાર. ચંદ્ર દર્શન. શ્રી રાધાષ્ટમીની વધાઇનો પ્રારંભ.

ભાદરવા સુદ ૩ તા. ૩૦-૮-૯૨ રવિવાર. હરિતાલિકા (કેવડા) ત્રીજ.

ભાદરવા સુદ ૪ તા. ૩૧-૮-૯૨ સોમવાર. ગણેશ ચતુર્થી ગો. ચિ. શ્રી રસિક વલ્લભજી બાવા (મથુરા) નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૧-૯-૯૨ મંગળવાર. ઋષિ પંચમી દ્વિતીય સ્વરૂપ શ્રીચંદ્રાવલીજી નો પ્રાકટ્ય દિન.

ભાદરવા સુદ ૫ તા. ૨-૯-૯૨ બુધવાર. શ્રી લલિતાજીનો પ્રાકટ્ય દિન. ગો. ચિ. શ્રી યોગેશકુમારજી બાવાશ્રી (સુરત) નો જન્મદિન.

ભાદરવા સુદ ૭ તા. ૩-૯-૯૨ ગુરૂવાર. ગો. શ્રી વ્રજરત્ન લાલજી મહારાજશ્રી (સુરત) નો જન્મદિન.

ભાદરવા સુદ ૮ તા. ૪-૯-૯૨ શુક્રવાર. શ્રી રાધાષ્ટમી ગો. શ્રી વ્રજજીવનજી મહારાજશ્રી (કાંદીવલી) નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૦ તા. ૬-૯-૯૨ રવિવાર. નવનાગરીના પદ બોલાય. વર્ષા ઋતુ પૂરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા. ૭-૯-૯૨ સોમવાર. પરિવર્તીની (દાન) એકાદશી વ્રત. લેખવાળા શ્રી પુરૂષોત્તમજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૭૨૪) દાનના પદ આજથી થઇ ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રી કૃષ્ણચંદ્રજીનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ. શરદ ઋતુની શરૂઆત થઇ કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૮-૯-૯૨ મંગળવાર. શ્રીવામન જયંતી વ્રત. શ્રી દયારામભાઇ જયંતી (સં. ૧૮૩૩)

ભાદરવા સુદ ૧૪ તા. ૧૦-૯-૯૨ ગુરૂવાર. અનંત ચતુર્દશી.

।। શ્રી ગુરૂદેવચરણકમલેભ્યો નમઃ ।।

શ્રીપુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિરતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૯૭. રાગ-કાન્હરો (વૈ. ૮૧-૧૭)

બનિયાકો વંદૌં વારી વારી;
સખી "વિરજો" શ્રી લલિતાજી કી, પરમ ચતુર સુખકારી. ૧

લોભી બડો અરુ ઠગે વૈષ્ણવ કોં, બાત બનાવત ભારી;
દરસન કોં ન જાત કબહું, બિત ગઇ ઉંમર સારી. ૨

ઐસેન કોં હરિ સન્મુખ કીયો, સૂર કરુણાધારી;
બિનતી કરી જબ સૂરને તબ ચિત્ત ચોર્યો ગિરિધારી. ૩

બ્રહ્મ સંબંધ કરવાઇ વિઠ્ઠલતે, દીયો જીવન ઉજારી;
સૂર સાઠી સૂનાઇ સૂરને, સબે અવિદ્યા ટારી. ૪

સાઠ હજાર રૂપિયા કી સેવા, કીની લોભ વિડારી;
"લાલદાસ" શ્રી સૂર સમ કોઉ, નાહિંન પરઉપકારી. ૫

૯૮. રાગ-કાન્હરો. વૈ. (૮૨)

વંદૌ શ્રીદાસ પરમાનંદ;
"તોકસખા" અંતરંગ કહાવત, "ચંદ્રભાગા" રસવંત. ૧

ગાંવ કનોજ વિપ્રઘર પ્રકટે, પરમ ચતુર રસકંદ;
પદ રચના કર નિત્ય નઇ નઇ, ગાવત ગુન ગોવિંદ. ૨

ગાન કલામેં પરમ પ્રવિણ હૈ, કંઠ સરસ બુલંદ;
પ્રસિદ્ધ ભયે પરમાનંદ સ્વામી, ફૈલ્યો યશ મકરંદ. ૩

મકર સ્નાન કોં ગયે પ્રયાગમેં સંગ શિષ્ય ન કે વૃંદ;
સબ મિલિ કીર્તન કરત પ્રેમસોં, હોત પરમ આનંદ. ૪

ક્ષત્રી કપુર સુનિવકોં આયે સંગ આયે બ્રજચંદ;
ગોદ બૈઠકે કીર્તન સુને, કૃપા કરન નંદ નંદ. ૫

કીર્તન કર સોયે પરમાનંદ આંખ ભઇ જબ બંદ;
આજ હી તેરે કીર્તન સુન્યો, હરિ કહ્યો હંસ મંદ. ૬

તાલાવેલી લાગી તન મેં, ચલે અડેલ ઉતાલ;
નાવ ચલી તાહી મેં બૈઠે, પાર ગયે તત્કાલ. ૭

યમુના સ્નાન કરન કોં આયે, શ્રી વલ્લભ પરમ કૃપાલ;
દીયો દર્શન કૃષ્ણરૂપ સોં, ચકિત ભયે તીંહીં કાલ. ૮

આજ્ઞા કરી ગાવો હરિ લીલા પદજુ વિરહ કે ગાયે;
ફેર કહી જબ બાલ લીલાકી, તબહી શિર ધુનાયે. ૯

સ્નાન કર આવો મંદિર મેં, હમ દેંગે સમુજાય;
અપરસ કર પરમાનંદ આયે, બ્રહ્મ સંબંધ કરવાય. ૧૦

“અનુક્રમણિકા” દસમ સ્કંધ કી, શ્રી વલ્લભ સુનાય;
નવનીત પ્રિય ઔર બાલ લીલા કી અદ્‌ભુત ઝાંખી કરાય. ૧૧

સ્ફુરિત ભઇ ભાગવત કી લીલા, પલના કો પદ ગાયે;
કથા સુનત તાહી અનુસારી પદરચ ગાઇ સુનાયે. ૧૨

‘લીલા કી સુધ આવે હરિ તેરી, યહ પદ ગાયો જબહી;
યહ સુન મગ્ન ભયે લીલામેં, તીન દિન વલ્લભ તબહી. ૧૩

ગ્રંથ રચ્યો “પરમાનંદ સાગર” ભાગવત કે અનુસાર;
નિરોધ ભયો હે બાલ લીલામેં, પ્રિય નવનીત ઉર ધાર. ૧૪

નંદ મહોત્સવ–દધીકાંદો કર, તન કી દશા વિસાર;
‘લાલદાસ’ લીલામેં પ્રાપ્ત ભયે, સુરભી કુંડ નિજદ્વાર. ૧૧

–ક્રમશઃ

પુસ્તક પરિચય

સ્મણાંજલિકા–પુનર્મુદ્રિત (સુધારા સાથે)

પ્રકાશક––શ્રા પરીખ પરિવાર, વિલેપાર્લે

સાઈઝ આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૪૦ પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂ. ૨–૦૦ પોસ્ટથી રૂ. ૨–૫૦ (નીચેના સરનામે ૨–૫૦ પૈસાની ટપાલ ટીકીટ મોકલવાથી બુક પોસ્ટથી રવાનાકરવામાં આવશે,)

પરીખ પરિવાર તેમના પૂજ્ય માતુશ્રી તથા પિતાશ્રીના સ્મરણાર્થે **“સ્મણાંજલિકા”** એ પ્રમાણિતતા અને ઉત્કૃષ્ટતાના ધ્યેયવાળી પ્રવૃત્તિ છેલ્લા થોડા વર્ષોથી ચલાવી રહ્યા છે તેનાથી ધાર્મિક જગત અજાણ નથી.

પ્રસ્તુત પુસ્તિકામાં પુષ્ટિમાર્ગીય સ્તોત્રો, ધોળ. કીર્તનો આરતીઓ, અષ્ટાક્ષર–શ્રીનાથજીની ધ્વનીઓ ઉપરાંત શિક્ષા, વિનતિ જ્ઞાનને લગતા ભજન–કીર્તનનો ઉમદા સંગ્રહ સંકલન સુંદર–સ્વચ્છ છાપકામ, સારા કાગળમાં પ્રકાશિત થયેલ છે,

સ્મરણાંજલિકામાં આવતા સ્તોત્રો, પદ. ભજન, આરતીઓ ધ્વનીઓ કેવી રીતે બોલવા–ગવાવાં જોઈએ એ બતાવતી બે કેસેટો (જેવી કે ઇ એફ–૯૦ સોની) માં રેકોર્ડ કરાવવામાં આવી છે. રસ ધરાવનાર વ્યકિતઓને યોગ્ય કીંમતે મોકલવામા આવશે. અન્ય પ્રાપ્ય કેસેટો–પુસ્તિકાઓની યાદી તેમજ વધુ માહિતી માટે વિસ્તૃત સૂચિ પત્ર રૂ. ૧–૦૦ એકની ટપાલ ટીકીટ મોકલી મગાવવાનું સ્થળ

શ્રી ન. કે. પરીખ
એફ ૭૮, ગુજરાતી સોસાયટી, નહેરુ રોડ,
વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૫૭

ધ્યેયં સદા વલ્લભમ્ ભાગ–૧

સંપાદન–અનુવાદ વિવરણ :– પ્રા, રમેશભાઈ વિ, પરીખ
પ્રકાશક–શ્રી હરસાનીજી પબ્લિકેસન ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨

સાઇઝ આઠ પેઈજી ડેમી પૃષ્ઠ ૧૯૦ સેકસન સીલાઇ પાકું બાઈન્ડીંગ ટાઈટલ ઉપર શ્રી મહાપ્રભુજીના રંગીન ચિત્રજી.

ન્યોચ્છાવર રૂ. ૨૫/– (પોસ્ટેજ અલગ)

પુસ્તુત પુસ્તકમાં શ્રી ગુસાંઈજી વિરચિત સૌન્દર્ય પદ્ય, સપ્તશ્લોકી, શ્રી વલ્લભાષ્ટ અને શ્રી હરિરાયજી રચિત મહાપ્રભુજી ઉપરના ૧૫ સ્તોત્રો મૂળ–શ્લોકાર્થ અને વિવરણ સહિતનું સુંદર સંકલન થયેલ સંગ્રહ છે આ બધું શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ, ગુણ દર્શાવતું અલૌકિક, રસાત્મક,, જ્ઞાનવર્ધક, તાપ વર્ધક અને ભાવ વર્ધક સાહિત્ય મનન કરવા યોગ્ય છે.

સંપાદક મહોદય, પ્રકાશક સંસ્થા અને પ્રકાશનના મનોરથી પ. ભ. શ્રી ચીમનલાલ મોહનલાલ પરિખ અને તેમનો પરિવાર ધન્યવાદને પાત્ર છે.

ધ્યેયં સદા વલ્લભમ્ ભાગ–૨

વ્યાખ્યાતા–ગોસ્વામી ઈન્દિરાબેટીજી
સંકલન–સંપાદન–પ્રા. રમેશભાઇ વિ. પરીખ
પ્રકાશક–શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
"વ્રજરજ" ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨

સાઇઝ આઠ પેઇજી ડેમી પૃષ્ઠ ૩૦૧, સેકસન સિલાઈ પાકું બાઈન્ડીંગ, ટાઈટલ ઉપર શ્રી ગુસાંઈજીનું રંગીન ચિત્રજી ન્યોછાવર–રૂ. ૨૫/– (પોસ્ટેજ અલગ)

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી ગુસાંઈજી વિરચિત શ્રી સર્વોત્તમ સ્તોત્ર શબ્દાર્થ તથા અર્થ, નામાવલી શ્રી અષ્ટાક્ષર મંત્ર સહિત, સ્તોત્રના નામનો વિચાર, પૂ. પા. ગો, શ્રી ઈન્દિરાબેટીજીએ અમદાવાદ મુકામે શ્રી સર્વોત્તમ સ્તોત્ર ઉપર એક સપ્તાહ સુધી સવાર સાંજ વચનામૃતોની વર્ષા કરેલ જે ઓડીયો કેસેટોમાં સંગ્રહાયેલ તેના આધારે “શ્રી સર્વોત્તમ–સુધારસ તૈયાર કરવામાં આવેલ વગેરેનો સમાવેસ થયેલ છે.

શ્રી સર્વોત્તમ સ્તોત્ર વૈષ્ણવોની ગાયત્રી છે. સ્તોત્રનો જપ પાઠ કરનારને સમગ્ર સ્તોત્રનો અર્થ, રહસ્ય સમજવા માટેનું અતિ ઉપયોગી આ પુસ્તક છે.

વ્યાખ્યાતા મહોદયા, સંપાદક મહોદય, પ્રકાશક સંસ્થા અને પ્રકાશનના મનોરથી સંખેડાવાળા ચીમન કાકા મોહનલાલ પરીખ (હાલ અમેરીકા) તથા તેમના પરિવાર અભિનંદનને પાત્ર છે.

ભરોસો દઢ ઇંન ચરનન કેરો

વ્યાખ્યાકાર–મહાપ્રભુ શ્રી હરિરાયચરણ
પ્રકાશક–આં. રા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા.
સંપાદક–રવજી પ. પટેલ
‘અમૃત” જલારામ–૧, માર્ગ–૩, રાજકાટ–૩૬૦૦૦૫

સાઈઝ સોળ પેઈજી ક્રાઉન પૃષ્ઠ ૧૦૪ પીન બાઈન્ડીંગ, કાચું પુઠું ન્યોછાવર રૂા. ૮/– આઠ બહાર ગામ માટે ૧૦, ૨૦, ૩૦, એમ ૧૦ ના ગુણાંકમાં ઉપરના સ્થળેથી મળશે.

પ્રસ્તુત પદ મહાનુભવી સૂરદાસજીએ પોતાના અંતિમ સમયે શ્રી ગુસાંઈજીની સાન્નિધ્યમાં ગાયેલ. આ પદ દરેક ભગવદ્ મંડલીના સમાપનમાં ગાવામાં આવે છે. આ પદની વ્યાખ્યા મહાપ્રભુશ્રી હરિરાયચરણે વૃજભાષામાં વેદ, ગીતા, ઉપનિષદ, ભાગવતના પ્રમાણના શ્લોકો સાથે કરેલ પરંતુ આ વ્યાખ્યાનો ગુજરાતી ભાષી વૈષ્ણવોને લાભ મળે તે શુભ હેતુથી અનુવાદ તેમજ વ્યાખ્યાને અનુરૂપ લેખ, પદ, ગરબાનાસંકલન સાથે તૈયાર કરીને પ્રકાશિત કરવામાં આવ્યું છે

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રી નાથજી, મહાપ્રભુજી શ્રી હરિરાયચરણ, સૂંરદાસજીના ચિત્રજીનો સમાવેશ છે.

સૂરદાસજીના આ પદનું રહસ્ય સમજવામાં સુલભ, અતિ ઉપયોગી, આ જાતનું પ્રકાશન પ્રથમ વાર થયેલ છે, જે પ્રકાશનને નિ. લી. પુ. પા. ગો, શ્રી પ્રથમેશજી મહારાજશ્રી પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર) તથા પુ. પા. ગો. શ્રી પ્રબોધકુમાર બાવાશ્રી (ધોરાજી) ના શુભાશિષ સહ પ્રોત્સાહન મળેલ છે.

મહાકારુણિક શ્રીવલ્લભ

લેખક–સંકલન–શ્રી હરિશ્ચંદ્ર ગી. પરીખ
પ્રકાશક–શ્રી મરજાદી મંદિર, કઠલાલ
ન્યોછાવર–શ્રી નામસ્મરણ

આ ૨૨ પૃષ્ઠની નાની પુસ્તિકામાં શ્રી આચાર્ય ચેરણના પ્રત્યક્ષ જીવનક્રમ ઐતિહાસિક રીતનું લખાણ તેમના સ્વરૂપ, ગ્રંથો, બેઠકજી વગેરેનું માહાત્મ્ય જ્ઞાન સાથે માર્ગની અન્ય જાણવા જેવી સંક્ષિપ્ત માહિતી સભર છે. તેનું વિમોચન પુ, પા. ગો. શ્રી રાજેશકુમાર મહારાશ્રી (અમધાવાદ) ના હસ્તક કમલે થયેવ,

લેખક–પ્રકાશકતા આ પ્રયત્નને અભિનંદન સહ આવકારીએ છીએ. ભવિષ્યમાં આવા પ્રકાશન થતા રહે તેવી શુભેચ્છા.

સમાચાર

સુરત–અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધા દ્વૈત મહા સભાની આગામી પરીક્ષાઓ ઓગસ્ટના છેલ્લા રવિવારે દરેક કેન્દ્રની લેવાશે છતાં સ્થાનિક કેન્દ્ર પુરતું તારીખમા પરિવર્તન કરી શકો છો. હવેથી પરીક્ષાર્થી ભેટ ફી વ્યકિત દીઠ પાંચ રૂપિયા છે. વિશારદની ફી દશ રૂપિયા છે. કેન્દ્ર ફી પાંચ રૂપિયા છે. વિશેષ માહિતી માટે પત્ર વ્યવહાર–

શ્રી મધુસુદન શાસ્ત્રીજી
બંગલા નં. ૩ દ્વારકાધીશ સોસાયટી
પાલનપુર પાટીયા, બસ સ્ટેન્ડ પાસે
'તિરુપતિ કૃપા' રાંદેર રોડ
સુરત–૩૯૫૦૦૯

મોરબી–શ્રી વલ્લભપીઠ યુવક મંડલના ઉપક્રમે પૂ. પા ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને એક ધર્મ સભાનું આયોજન કરવામાં આવેલ તેમાં પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીના વચનામૃત થયા હતા આ સભામાં ગો. શ્રી શરદકુમારજી તથા ગો. શ્રી પિયુષકુમારજી પણ ઉપસ્થીત રહેલ

થાન–નિ. લી. પૂં. પા. ગો. શ્રીપ્રથમેશજી મહારાજ શ્રી સ્થાપિત શ્રીવલ્લભ વેદ મંદિરનો પાટોત્સ વૈશાખ સુદ ૧૧ તા. ૧૨–૫–૯૨ ના રોજ પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીની સાનિધ્યમાં વિવિધ કાર્યક્રમોથી ધામધુમપુર્વક ઉજવાયેલ જેમાં પલના, નંદમહોત્મ વરણાગી, ડાંડીયા રાસ, પાઠશાળના બાળકોનો મનોરંજન કાર્યક્રમ રજુ થયેલ મોરબીથી કેસરીયા મંડલી આવી હતી. શ્રી યમુનાષ્ટક તથા શ્રી સર્વોત્તમ સ્તોતના પાઠ થયા હતા છેલ્લે પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના વચનામૃત થયેલા.

જામનગર–જામનગરની શ્રી મોટી હવેલીમાં એક સપ્તાહ માટે હવેલી કિર્તન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કિર્તન શિબીરમાં હવેલી સંગીતના નિષ્ણાંત અને ટી. વી. અને રેડિયો કલાકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાએ જે હવેલી કિર્તન શિબીર દ્વારા હવેલી કિંર્તનકારોને તૈયાર કરવામાં જે પરિશ્રમ લીધેલો તે એક અજોડ જ ગણી શકાય.

આ કિર્તન શિબીરની ઉદ્ઘાટન અને મંગળ પ્રારંભ પા. પુ. શ્રી વલ્લભબાવાના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. કિર્તન શિબીરમાં એક દિવસે પ. પુ, ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીએ પધારીને સ્વમુખે કિર્તન ગાયેલ તેમજ ખુબજ સુંદર રીતે પખાવજ વગાડીને વૈષ્ણવોને અલૌકિક અને અનન્ય આનંદનો લ્હાવો લેવરાવેલ તેમજ તેઓશ્રાના વરદ્ હસ્તે કિર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાને ઉપરણો ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ કિર્તન શિબીરમાં વૈષ્ણવોએ અષ્ટસખાના પદો ગાતાં શીખવા તેમજ ઝાંઝ તથા પખાવજ, મૃદંગના તાલ સાથે કિર્તન શીખવેલ. આ કિર્તન શિબીરમાં આશરે ૧૦૦ વૈષ્ણવોએ લાભ લીધેલ.

આ કિર્તન શિબીરનાં ફળશ્રુતિરૂપે શ્રી પ્રભુશ્રી મદનમોહનજી સન્મુખ શ્રી બાપોદરાની આગેવાની હેઠળ ૧૦૦ વૈષ્ણવોએ કુલ મંડળીના કિર્તનનું સમુહગાન કરેલ છે.

આ કિર્તન શિબીરની સમાપનના દિવસે પ.પુ. શ્રી નવનીતબાવાએ પધારીને આશીર્વચન આપેલ અને આ કિર્તના શિબીર દ્વારા શ્રી મદનમોહન પ્રભુ સન્મુખ કિર્તન ગાઈને, ઠાકોરજીના સુખનો વિચાર કરવા અનુરોધ કરેલ.

અંતમાં આભારદર્શન શ્રી પ્રતાપભાઇ બસવાળાએ કરેલ હતું. અને દીવાળીબાદ બીજી કિર્તન શિબીરનું આયોજન કરવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

મુંબઈ બાલાસીનોર વૈષ્ણવ સમાજ આયોજીત સીય 'ભકિત સત્સંગ શિબિર'નું શ્રી પ્રેમપુરી આધ્યામ ભવન, શ્રી બાબુલનાથ રોડ મુંબઇ ૮ માં સફળતાપુર્વક સત્ર સંપન્ન થયેલ છે.

પરમ પુજય ગો. શ્રી ૧૦૮ શ્રી હરિરાયજી મહારાજશ્રૌ જામનગરવાળા પ. પુ. ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી દ્વિતીય ગૃહાધિપતિ નાથદ્વારાવાળા, પ. પુ. શ્રીં વ્રજરમણલાલજી મહારાજશ્રી મથુરાવાળા, પ. પુ. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી કોટાવાળા પ. પુ. ગો. શ્રી ગોપાલલાલજી મહોદયજી કામવન વડોદરાવાળા, પ. પુ. ગો. શ્રી મુરલીધરજી (મિલન) બાવાશ્રી કામવન–ઘાટકોપરવાળા, પ. પુ. ગો. શ્રી પ્રાણવલ્લભજી મહોદય મથુરાવાળા પ. પુ. ગો. શ્રી ગોપીનાથબાવાશ્રી મોટા મંદિર મુંબઈવારા પ. પુ. ગો. શ્રી દ્વારિકેશબાવાશ્રી અમરેલી કાંદીવલીવાળા, પ. પુ. ગો. શ્રી શરદકુમારજી મહોદય શ્રી કોટાવારા પ. પુ. શ્રી પુરૂષોત્તમલાલજી (રાજુબાવાશ્રી) મહોદયજી કાંદીવલીવાળા, શ્રી અરવિંદકુમારજી લાલાજી શાયનવાળા, પુ. શ્રી કૃષ્ણશંકરજી શાસ્રીજી (ભાગવત વિદ્યાપીઠ અમદાવાદવારા) વગેરે પધાર્યા હતા. તથા વચનામૃત થયાં હતાં.

પુ. શ્રી નિરંજનજી શાસ્રીજી ઉમરેઠવાળાએ ઉદઘોષક પદ શોભાવતા શિબિરનું સફળ સંચાલન કર્યું હતું.

સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરિલાલ ડ્રોસવાળાએ કહ્યું હતું કે આપ લોકો જયારે ઈચ્છો ત્યારે આ સંસ્થામાં શિબિર યોજજો સહકાર આપીશું.

કન્વીનરો શ્રી પ્રવીણભાઈ જાટ વડોદરાથી આવ્યા હતા તથા શ્રી શશીકાંત પરીખે દરેકે આપેલ સહયોગ માટે આભાર વ્યકત કર્યો હતો.

વડોદરા–અમદાવાદમાં ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રાના સમયે એકાએક હિંસક તોફાનો ફાટી નીકળ્યા અને તેને લઈને નિર્દોષ લોકો તેના ભોગ બન્યા છે તે ખરેખર અત્યંત કમનશીબ–દુઃખદ અને ચિંતાકારક છે એ પ્રકારે આં, પુ. વૈષ્ણવ પરિષદના અગ્રણીઓમાં પ્રોફે. ચીમનભાઈ એમ. શેઠ, શ્રી પ્રદ્યુમ્ન શાસ્રીં શ્રી પ્રિ. વી. પી. પરીખ, શ્રી સી. પી. તલાઠી એક સંચુકત નિવેદનમાં જણાવે છે અને આવી હિંસક–જંગલી કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢી છે અને તે પુર્વયોજીત હોવાની અશંકા જન્માવે છે તેથી તેના માટે ઉચ્ચકક્ષાની ન્યાયાલીન તપાસ કરવા તેઓ સંચુકત નિવેદનમાં જણાવે છે. વળી ગુજરાત સરકાર આવા તોફાનોને કડક હાથે દાબી દે તેવો તેઓ અનુરોધ કરે છે.

હિંસક કોમી તોફાનોમાં ભોગ બનેલા લોકો માટે આં. પુ. વૈષ્ણવ પરિષદ સહાનુભુતિ વ્યકત કરે છે અને મરણને શરણ થનારા સૌને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

॥ શ્રીમદનમોહનો જયતિ ॥

ગો. શ્રી વ્રજરમણલાલજી શ્રીદામોદરલાલજી મહારાજ મથુરાવાળાની

આધિ દૈવિક વ્રજ ચોરાશી કોશની યાત્રા (લીલી પરિક્રમા)

શ્રી ગુસાંઈજીના સેવ્ય નિધિ સ્વરૂપ શ્રી મદનમોહનલાલજી, શ્રી દ્વારકાધીશજી શ્રી મથુરાધિશજી શ્રી નવનીતપ્રિયાજી, સર્વે સ્વરૂપો સંપૂર્ણ વ્રજયાત્રામાં બીજીવાર પધારી રહ્યાં છે.

શ્રી વ્રજયાત્રાનો પ્રારંભ, નિયમ ગ્રહણ સં. ૨૦૪૮ ના ભાદરવા સુદ ૧૧ સોમવાર તા. ૭-૯-૯૨ ના શુભ દિને થશે. શ્રી ગિરિરાજજીમાં છાકનો મનોરથ તા. ૨૦-૯-૯૨ તથા પ્રત્યેક મુકામે શ્રી........... ના વિવિધ મનોરથો થશે. યાત્રાની પૂર્ણાહૂતી આસો વદ ૬ શનિવાર તા. ૧૭-૧૦-૯૨ ના થશે.

વિશેષ માહિતિ – પત્ર વ્યવહાર સંપર્ક :-

શ્રી વ્રજયાત્રા સમિતિ
ગો. શ્રીવ્રજરમણલાલજી મહારાજ ઠે. શ્રી છોટા મદનમોહનજી હવેલી,
બંગાલી ઘાટ **મથુરા** (ઉત્તર પ્રદેશ) પીન ૨૮૧૦૦૧

॥ શ્રી ગોકુલેન્દુજયતિ ॥ ॥ વિજયતે શ્રી તવનીત પ્રભુ ॥

સહર્ષ વધાઈ સહ જણાવવાનું કે શ્રી ગોકુલ ચંદ્રમાજીની અસીમ કૃપાથી પંચમ પીઠાધિશ્વર નિ. લી. પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રીગોવિંદલાલજીના ચતુર્થલાલજી પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી મુરલીધરલાલજી મહારાજ (શ્રીમીલનબાવા) ઘાટકોપર–કામવનની **વ્રજયાત્રા લીલી પરિક્રમા** નિશ્ચીત ઉઠે છે.

નિયમ ગ્રહણ સં. ૨૦૪૮ ના ભાદરવા સુદ ૫ મંગળવાર તા. ૧-૯-૯૨ શ્રી ગિરિરાજજીમાં શ્રી........ નો બડો મનોરથ (છપ્પન ભોગ) તા. ૧૧-૯-૯૨ કુનવારા મનોરથ તા. ૧૪-૯-૯૨ નો છે.

વિશેષ માહિતિ સંપર્ક :-

શ્રી વ્રજયાત્રા સમિતિ (ઘાટકોપર) મુંબઈ.
૧૮, 'નંદાદીપ' વલ્લભ બાગ લેન ઘાટકોપર (ઈ.) મુંબઈ ૪૦૦૦૭૭
ફોન. ૫૧૩૩૫૪૬ ચંદ્રકાન્ત ગાંધી
૫૧૧૫૪૪૦ હસમુખભાઈ મહેતા
૬૧૪૩૫૨૪ ઘનશ્યામભાઈ કાપડીયા

બલિહારી ગુરુદેવકી

મારા એક સંબંધી પાસેથી સાંભળેલી સત્ય વાત છે. એમને સંકટ આવી જવાથી કોઇ બદલાખોરે જેલમાં બંદ કરાવી દીધા. એ ભાઇ મુંબઇમાં હતાને એમના ઘરના બધા દુર બીજા પ્રાંતમાં તેમના ઘરનાઓને ખબર પડીને તેમને મુકત કરાવવાનો પ્રયત્ન કરતા હતા ત્યાં વકીલને એક રાત્રિના એક તપસ્વી પુરૂષ દેખાયા ને જાણે એમ ભાસ થયો કે એ પેલા ભાઇના ગુરુદેવ છે ને કહે છે કે એને જલ્દી છોડા....છોડાવ....

વકીલ આ ભાઇના ઘરના લોકો પાસેથી પૈસા મોકલવામાં પણ આવ્યા હતા પણ પહોંચ્યા ન હતા તેથી વકીલ ટાળંટોળ કરતા હતા.

કહેવત છે ને કે વેશ્યા, વૈદ્યને વકીલ કેવલ પૈસાના જ સગા હોય છે.

જેવું રાત્રે સ્વપ્ન દીઠું તેવો જ વકીલ સતર્ક બની ગયો ને બધી કાર્યવાહી કરી પેલા ભાઇને છોડાવ્યા. આ ભાઇ નિર્દોષ હતા.

આપણે બસોબાવન ચોરાસી વૈષ્ણવની વાર્તામાં વાંચીએ છીએ પણ આ સત્યઘટના આ ઘોર કલીકાળની છે. ગુરુદેવ પણ ભૂતલ પર બિરાજે છે ને શિષ્ય પણ અહીં જ છે.

ખરેખર ! શ્રીવલ્લભકુળને આપણે જાણી શકતા નથી, કેટલો પ્રતાપ છે એમનો !

વારંવાર વંદન એવા મહાપુરૂષને....

કમલાબેન આશર

પુષ્ટિ ઘંટ બાજયો....!

રચયિતા : ચિ.ગો.શ્રી ગોકુલેશ બાવાશ્રી(જુનાગઢ)

[રાગ : કેદાર]

પુષ્ટિ ઘંટ બાજયો આજ,
પુષ્ટિ ઘંટ બાજયો....

કૃપાનિધાન શ્રી વલ્લભ પ્રગટે,
ભકિતકો મેઘ ગાજયો.... ૧

ભકિતમાર્ગકો રસ દેખી કે,
જ્ઞાનીજન જહાં લાજયો....

શ્રી વલ્લભકે જનમદિવસ પર,
'ગોકુલેશ' મન ભર નાચ્યો.... ૨

શ્રદ્ધાંજલિ

પુ. નિ. લી.શ્રી ગોકુલનાથજી મહારાજશ્રી મોટામંદિર મુંબઇવાળાના જ્યેષ્ઠ પુત્ર નિ. લી. ગો. શ્રી ગિરધરલાલજી મહારાજશ્રીના સમસ્ત પરિવાર પ્રતિ. મુ. મુંબઈ.

આપશ્રીના માતુશ્રી ભામીનીવહુજી (શ્રી ભાભીજી મહારાજ)ના નિત્યલીલા પ્રવેશ અંગે ભૌતિક દર્શન બંધ થતાં વિરહજન્ય દુઃખનો અનુભવ થાય તે સહજ છે. શ્રી બાલકૃષ્ણલાલ પ્રભુ આપશ્રીના સૌ પરિવારને સહનશકિત આપે.

ગો. શ્રી કિશોરચંદ્રજી
શ્રી પુરૂષોતમલાલજી
મોટી હવેલી, જુનાગઢ વૈષ્ણવ સમાજ

॥ શ્રીહરિઃ ॥ ફોન ૨૫૯૯૧૯
અન્તર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ (પંજીકૃત)
જી. ૨, સીતારામ બિલ્ડીંગ પલટન રોડ મુંબઈ ૪૦૦૦૦૧

દિનાંક ૧૪–૭–૧૯૯૨

સ્વસ્તિક શ્રીમદ ગોવર્ધનનાથ મુખ પદમ પરાગાનુરકતમાનસેષુ અસ્મન મનો વિહંગમ વિશ્રામ કલ્પવૃક્ષેષુ, શ્રીમદાચાર્ય ચરણા પ્રકટિત ભકિતમાર્ગાગી કૃત પરિપાલેષુ ગોસ્વામી શ્રી ૧૦૮...................... મહારાજ ચરણ કમલેષુ દાસાનુદાસ નટવરલાલ હરગોવિંદદાસ શાહ કે કોટાનકોટી સાષ્ટાંગ દંડવતપ્રણામ. અપરંચ વિનંતિ યહ જો—

વૈષ્ણવ પરિષદ કી દિનાંક ૧૧/૧૨ જુલાઈ ૧૯૯૨ કો બમ્બઈમેં કેન્દ્રીય કાર્યસમિતિકી બેંઠક હુઇ જિસમે હરપ્રાન્તસે આએ સદસ્યોને વર્તમાન સમાચાર પત્રો મેં આ રહે સાંમ્પ્રદાયિક વિજ્ઞાપનો પર ચર્ચા કી ઔર સંલગ્ન વિનંતિ પત્ર પૂ પા. ગો. બાલકોં કો ભેજનેકા પ્રસ્તાવ પારિત હુઆ.

પ્રસ્તાવ

વિગત કુછ વર્ષોસે ભગવદિચ્છા સે સંપ્રદાય મેં કુછ સૈદ્ધાન્તિક મંથન ચલ રહા હૈ, પ્રભુ કૃપા સે યથા સમય આપ પૂજ્ય પાદ અચાર્ગગણ કોઈ સર્વ સમ્મત નિર્ણય હમ વૈષ્ણવો કે લીએ પ્રદાન કરેંગે હી, હમ ઉસકી પ્રતિક્ષા મેં હૈ.

ઈસ બીચ પૂજ્ય પાદ ગોસ્વામીશ્રી શ્યામ મનોહરજી મહારાજ પૂ. પા. ગોસ્વામી શ્રી હરિરાયજી મહારાજ જામનગર એવ પૂજ્યપાદ ગો. તિલકાયત શ્રી કે સંબંધમેં તથા હમારે સંમ્પ્રદાયકે સર્વસ્વ પરમારાધ્ય શ્રીનાથજી એવં નાથદ્વારા ટેમ્પલ કો લેકર સમાચાર પત્રો મેં કુછ પ્રકાશિત હો રહા હૈ.

શ્રી ચરણો મેં વિનમ્ર પ્રાર્થના હૈ કી શીઘ્ર હી પૂજ્યપાદ ગોસ્વામી બાલકોં કી બૈઠક આમંત્રિત કરકે સિદ્ધાન્ત પક્ષ કે વિચારણીય પ્રશ્નોં પર સર્વ સમ્મત નિર્ણય લેકર હમ વૈષ્ણવોંકા તથા વૈષ્ણવ પરિષદકો માર્ગદર્શન કરેં, યહ નિર્ણય હોને તક સમ્પ્રદાય કે કિસીભી વિવાદાસ્પદ પ્રશ્નકો લેકર સમાચાર પત્રો મેં પ્રકાશન યા સાર્વજનિક વકતવ્યો ઔર પરિપત્રો કે પ્રકાશન કે દ્વારા ઉનકી સાર્વજનિક આરોપ પ્રત્યારોપ પરક ચર્ચા ન હો તથા હમારી ચર્ચા હમારે સમાજતક હી સીમિત રહેં તો ઉત્તમ હોગા યહી વિનમ્ર પ્રાર્થના હે.

આશા હૈ, ઈસ સદૈન્ય પ્રાર્થના પર કૃપા પૂર્વક વિચાર કર અનુગ્રહીત કરેંગે.

દાસાનુદાસ
— સહી **નટવરલાલ હરગોવનદાસ**
કેન્દ્રીય પ્રમુખ, અન્તર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ (પંજીકૃત)

SHREE VALLABH SUDHA Regd.No.G/RJ.212-L.P.W.P.43

શ્રી વલ્લભ ચિંતન

રચયિતા : **કવિવર જેઠાભાઈ**

[ઢાળ : 'યમુના તટ બંસી બાજ રહી']

મન ચિંતન વલ્લભનું કરજે (૨) ગોવિંદ દેવકીનંદનનું.... મન૦ ટેક
અષ્ટ પ્રહર તું સ્થિર રહીને, દૃઢતાને શ્રદ્ધા ધરજે.... મન૦ ૧
ભટકીશ ના તું ભ્રષ્ટ કુ ઠામે, શ્યામ સ્વરૂપ વિષે ઠરજે.... મન૦ ૨
તર્ક-વિતર્ક છગ ડગ છાંડી, પાપ પ્રપંચ થકી ડરજે.... મન૦ ૩
વિષય રસે કદિ લુબ્ધ થઈશ ના, દુષ્ટ વિકારો પરહર જે.... મન૦ ૪
ષડરિપુનો તું સંગ કરીશ ના, ધર્મ સુકર્મો આદરજે.... મન૦ ૫
રમત ગમતનું રટન કરીશ ના, હરિ ગુરુ દર્શને વિચરજે.... મન૦ ૬
વ્યસન વિષે ના ધન ખરચાવીશ, દીન-દુઃખ હરવા વાવરજે.... મન૦ ૭
નીતિ-નિયમમાં તત્પર રે'જે, ભક્તિ સુધાથી ઉછરજે.... મન૦ ૮
દ્વેષ કરીશ ના હરિજન સાથે, પ્રેમ સહુ સ્થળ પાથરજે.... મન૦ ૯
સત્યાસત્યને જાણી વિવેકે, ભવભયથી તું ઉગરજે.... મન૦ ૧૦
સદ્ગુરુ શિક્ષા સત્ય સચીને, નિર્ભય થઈ સુખમાં ફરજે.... મન૦ ૧૧
સુખદુઃખ કારણ તું મુજ ધારણ, શુભ શિખામણ ઉર ભરજે.... મન૦ ૧૨
ઇષ્ટ કૃપાને મેળવવાને, ભકિત સુમારગ ઉતરજે.... મન૦ ૧૩
'જ્યેષ્ઠભાઇ' હરિ શરણે રહીને, કૃષ્ણ કૃષ્ણ મુખ ઉચ્ચરજે.... મન૦ ૧૪

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

દાનકે પદ (રાગ : બિલાવલ)

ઠાડે મગ રોકેં દધિ દાની ।
લીને સખા મંડલી સંગહિ, બોલત અટપટી બાની. ॥૧॥
યહ મગ આવત જાતિ સદા તુમ, જોબન મદ ઇઠલાની; ।
રાજ અંશ માંગત નહિં બોલો, ઐસી ભઇ અયાની. ॥૨॥
મેં કંદર્પ રાજ યા બ્રજકો, તુમ સબ પ્રજા અમાની; ।
ત્રિભુવન કી ઉપમા સુખમા સબ, તુમ અપને તનુ આની. ॥૩॥
લેખો કરિ દેહો દિન દિન કો, તબ બસિ હો રજધાની; ।
‘વલ્લભ’ રાજનીતિ યહ મેરી, પોથી કોક કહાની. ॥૪॥

– **શ્રી વલ્લભદાસ બાજીલાલ શર્મા**, દેવરી (ગ્વાલીયર)

❋ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❋

વર્ષ ૧૧ : અંક-૬ સપ્ટેમ્બર, ૧૯૯૨
શ્રી વલ્લભાબ્દ ૫૧૪

વાર્ષિક લવાજમ રૂા. ૨૫/- * આજીવન રૂા. ૩૦૧

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

પુસ્તક પરિચય

યુગલ ગીત :-

લેખક – મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ ઢીંગનઘાટવાળા
સંકલન અને સંપાદન – રવજી ગ. પટેલ
પ્રકાશક – શ્રી સર્વોતમ સ્તોત્ર પ્રચારક મંડળ (ધોરાજી)
'અમૃત' જલારામ ૧ માર્ગ ૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫
સાઈઝ સોળ પેઈજી ક્રાઉન પૃષ્ઠ ૧૧૦+૬=૧૧૬
પીનબાઈન્ડીંગ, ગ્લેઝ પેપર પુઠું ન્યો. રૂા. ૮/– આઠ

યુગલ ગીત એટલે પુષ્ટિ ફલની પરાકાષ્ટા શ્રીમદ ભાગવત દશમ સ્કંધ અધ્યાય ૩૫માં આ ગીત શ્રી ગોપીજનોએ શ્રી કૃષ્ણ દિવસના સમયે ગાયો ચરાવવા વનમાં પધારતા અને સાંજના પાછા વૃજમાં પધારતા તેટલો સમય તે અનોસરમાં ગાયું છે.

આ યુગલગીત સ્વાગત છંદમાં છે તેના મૂળ શ્લોકો તથા ગુજરાતીમાં સમશ્લોકીની સ્વાગત છંદમાં રચના કરેલી છે તેમજ વિવેચન સૌ કોઈ સમજી શકે તેવી સરળ શૈલીમાં કરેલ છે. ઉપરાંત યુગલેગીતને અનુરૂપ શ્રી હરિરાયજીએ શિક્ષાપત્રમાં વેણુગીત, યુગલગીતનું સ્મરણ કરીને તાપ ક્લેશનો અનુભવ કરે છે તેવા શ્લોકોનું ભાવાર્થ સાથે તેમજ યુગલગીતની ભાવના દર્શાવતા અન્ય ભકત કવિઓ જેમકે કાશીવાળા ગોપાલદાસ, સૂરદાસ, ચત્રભુજદાસના પદો તેમજ લેખકે પોતે સ્વરચિત પદો વિવેચન સાથે સંકલન કરેલ છે. છેલ્લે યુગલગીત ગરબામાં ગાય શકાય તેવી પદ્યરચના ૬૪ તુકતી છે.

આવા રહસ્યાત્મક અલૌકિક સાહિત્યને સરળ શબ્દોમાં ગદ્ય–પદ્યમાં પ્રકાશિત કરવાના પ્રયાસને મથુરા–પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ અનુમોદન સહ આશીવાંદ આપેલ છે. અને પુષ્ટિમર્મ જિજ્ઞાસુઓ આ પુસ્તિકાથી લાભાન્વિત થશે તેવો વિશ્વાસ દર્શાવેલ છે.

પુષ્ટિ – પાઠ આં. રા પુ. વૈ, પરિપદ કાંદિવલી પાઠશાળા વિભાગ તરફથી પ્રકાશિત ત્રિમાસિક પત્રિકા "પુષ્ટિ–પાઠ" શ્રી મહાપ્રભુજીના તા. ૨૮–૪–૯૨મા પ્રાકયોત્સવે પ્રસિદ્ધ કરેલ છે. તેમાં શ્રી મહાપ્રભુજીનું સંક્ષિપ્ત જીવન ચારિત્ર, તેમજ તેમને લગતા પ્રશ્નોત્તરી. ઉપરાંત, સત્સંગ, ચિંતન વગેરે લઘુ લેખોનો તથા શાખાના સમાચારનો સમાવેશ કરેલ છે.

આવા સંપ્રદાયના પ્રચાર–પ્રસાર કાર્ય પ્રશંસનીય અને અનુકરણીય છે.

સમાચાર

ગોંડલ : આં.રા.પુ. વૈ. પરિપદના ઉપક્રમે ગોંડલ વૈષ્ણવ સમાજ આયોજીત તા. ૧૭–૭–૯૨ના રોજ શ્રી ભાટિયા મહાજનવાડીમાં ગોંડલ તાલુકાના વૈષ્ણવ પ્રતિનિધિઓનું સંમેલન યોજાયેલ હતું.

ગોંડલ પાઠશાળાઓની બાલિકાઓ દ્વારા મંગલાચરણ તેમજ દીપ પ્રકટાવી ઉદઘાટન ખાંડાધારના અગ્રણી વૈષ્ણવ શ્રી હરિબાપાએ કર્યું હતું. સ્વાગત પ્રવચન શ્રી ભાષ્કરભાઈ સોની. શ્રી ભગતબાપા, શ્રી જમનાદાસ બુદ્ધદેવ, ધોરાજીના સંયોજક શ્રી મોહનભાઈ ગજેરા તેમજ જેતપુરના સંયોજક શ્રી છોટુભાઈસોનીએ તથા ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે તથા ગુજરાત પ્રદેશના પ્રચારમંત્રી શ્રી હસુભાઈ ખખ્ખરે સાંપ્રદાયિક પ્રવૃતિઓનો વિકાસ સંગઠત અને ગુરૂકુલ નિર્માણ જેવી પાયાની બાબતોમાં ખુબજ રસદાયી ચર્ચાએ કરી એક બીજાના વિચારો રજુ કર્યા હતા.

ગુરૂકુળના નિર્માણ ફંડ માટેના રૂા. ૧૦/ દશ–દશના કુપનોની વિતરણ વ્યવસ્થા રાજકોટના શ્રી કનુભાઈ દેવાણી અને ગુજરાત પ્રદેશના કોષાધ્યક્ષ આણંદના શ્રી ગોપાલભાઈ શાહે સંભાળી હતી. સંમેલન દરમ્યાન ૫૧૦૦ કુપનમું વિતરણ થલેલ.

સંમેલનના પ્રમુખસ્થાને શ્રી પ્રાસંગિક ઉદબોધન કરતા સાસ્ત્રીજી શ્રી અનંતભાઈ ભટે ગુરૂકુળને સહયોગી થવા માટે તમામને હાર્દિક અપીલ કરી હતી.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ : ૧૧ અંક : ૬ * સપ્ટેમ્બર, ૧૯૯૨

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ. પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ **સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

ભગવદ્ સમ્બન્ધ ઔર જીવન સાફલ્ય

પ્રવકતા : નિ.લી.ગો. શ્રીપુરુષોત્તમલાલજી મહારાજ, કોટા.
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા.
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ પરંતુ એક સ્થિતિ એવી છે કે જે જરૂર આંવશે. એક પ્રકાર ભગવાને એવો બતાવ્યો છે કે તેનો આશ્રય જો મનુષ્ય લઈ લે તો તેને પછી પશ્ચાતાપ કરવાનો પ્રસંગ જીવનમાં પ્રાપ્ત નહીં થાય તેમાં એવી કઇ વાત છે ? કર્મ કરવાનું તો જીવનમાં અનિવાર્ય છે. કર્મ કર્યા વગર કોઇ પ્રાણી એક ક્ષણ પણ રહી ન શકે. આપણે ઇચ્છીએ તો પણ કર્મ કરવા પડશે, અસાવધાનીમાં પણ કરવા પડશે. પરંતુ અહીં ભગવાને ભગવદ્ગીતામાં સંક્ષેપમાં આપણને સમજાવી દીધું છે કે જીવન વીતાવવાનો સાચો પ્રકાર કયો છે ? ભગવાને કહ્યું છે કે કુશળતાપૂર્વક કર્મ કરો. કુશળતાપૂર્વક એટલે શું ? સમજદારીથી કર્મ કરો, સમજીને કર્મ કરો. સમજીને કરશો તો પશ્ચાતાપનો પ્રસંગ નહીં આવે. તો અહીં ભગવાને સમજદારીથી કામ કરવાની વાત કહી છે. આમ તો અનેક પ્રકારની બતાવી છે, અનેક દૃષ્ટિથી બતાવી છે,

પરંતુ ભગવાને ભગવદ્ગીતામાં એક વાત મોટા ગુણવાળી કહી છે, 'યોગઃ કર્માપિ કર્તાશ્મ્'

ભગવદ્ગીતા યોગશાસ્ત્ર છે. તેમાં બે મત ન હોઇ શકે. આ એક માટે સમજવાનો પ્રશ્ન છે કે ભગવદ્ગીતા કયું શાસ્ત્ર છે ? તેનું વિવેચન કરવાનો અત્યારે સમય નથી. પરંતુ સંક્ષેપમાં સમજી લો કે ભગવદ્ગીતા એક શાસ્ત્ર છે, એમાં જે સમજે તે સાચા છે. તેનું નિરાકરણ ઘણી સરળતાથી થઇ શકે છે. પરંતુ તે પ્રસંગ અહીં ઉપસ્થિત નથી. યોગ શું છે ? તે પણ એક ખાસ સમજવાની વાત છે.

યોગ કોને કહેવો જોઇએ ? સામાન્ય રીતે યોગશાસ્ત્રમાં જે પ્રક્રિયાઓ બતાવી છે તે સાધનોને યોગ માનવામાં આવે છે. આ સાધનોનું જે અનુસરણ કરે છે, અભ્યાસ કરે છે તે યોગી છે, એ પણ સર્વ સાધારણની માન્યતા છે. પરંતુ ભગવાને ભગવદ્ગીતામાં જે યોગનું વર્ણન કર્યું છે તે યોગના પ્રતિપાદન માટે સમગ્ર ગીતા કહેવાઇ નથી.

યોગશાસ્ત્રનું જ વિવેચન કરવા માટે નથી કહેવાઇ પરંતુ લડાઇમાં અર્જુનને પ્રવૃત્ત કરવા માટે કહેવાઈ છે. અર્જુન નિયત કર્મ કરતો રહે, એ ભગવાનની ઇચ્છા છે. આ નિયત કર્મ સમયાનુસાર અનેક પ્રકારે પ્રાપ્ત થાય છે. બાળપણનું નિયત કર્મ બીજું હોય છે. યુવાવસ્થાનું બીજું હોય છે અને અંતિમ ક્ષણનું બીજું હોય છે.

બધા નિયત કર્મ છે અને પોતપોતાને સ્થાને છે. આખું જીવન એક જ નિયત કર્મ કરતા રહીશું અને તેના પર ચાલતા રહીશું તો પણ કામ બનશે નહિ, તો અહીં યોગનો શું અર્થ છે તે સંક્ષેપમાં સમજાવે છે.

આપ લોકો અહીં ઘણા વખતથી બેઠા છો. ઘણો સમય થયો છે. કોઇને ઘેર જવાની ઉતાવળ છે, તો સંક્ષેપમાં સમજવાની વાત એટલી છે કે અહીં ભગવાન યોગથી શું બતાવી રહ્યાં છે.

યોગનો સાધારણ અર્થ છે બે વસ્તુઓનું મિલન. બે વસ્તુઓના મિલનનું નામ જ યોગ છે. જ્યાં એકલાપણું ત્યાં યોગ નથી. જ્યાં બે છે ત્યાં યોગ છે. તો અહીં સમજવાની વાત એ છે કે અહીં બે વસ્તુઓ જ થોડી છે ? અહીં તો દુનિયામાં તો અનેક વસ્તુઓ છે. દુનિયામાં તો અનેક વસ્તુઓ છે. દુનિયામાં તો અનંત પ્રકારની ભગવાનની વિચિત્ર રચના છે અને બધાનો યોગ બધા સાથે થઇ જાય એ અસંભવ વાત છે. એક વસ્તુનું હોય, બે નું હોય, ચારનું હોય, એતો થઇ શકે છે. પરંતુ બધાનો બધા સાથે યોગ થતો રહે, જ્યારે જ્યારે મળતા રહે, એ તો સંભવ નથી. તો અહિં યોગ એટલે બે વસ્તુઓનું મિલન આપણે લેવાનું છે. આવો છે જીવાત્મા અને ભગવાનનો મિલાપ. એ સમજી લો બંનેનો સંબંધ થઇ જાય તેનું નામ છે યોગ. જ્યારે બંનેનો સંબંધ તુટી જાય, અલગ અલગ પડી જાય તેનું નામ છે વિયોગ. ભગવાન સાથે સંબંધ જોડાઇ રહે તેને યોગ કહે છે. અને ભગવાન સાથેનો સંબંધ છુટી જાય, અલગ થઇ જાય તેને વિયોગ કહે છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્' કર્મમાં ભગવાન કુશળતાપૂર્વક યોગ બતાવી રહ્યા છે. તો અહીં યોગ દ્વારા ફક્ત એટલી વાત લેવાની છે કે તમે જગતમાં

દુર કરનાર નિર્મળ વસ્તુના સ્વીકારની જ અપેક્ષા રહે છે તેથી "ધર્મ" શબ્દની શકિત તો ભગવાનની સેવા (ભજન) માં જ છે એવી જ રીતે તે જ ધરાવનાર અન્ય વસ્તુઓમાં અન્યત્ર પણ દેખાય છે. જેનું આધિ દૈવિકપણું અદૃશ્ય નથી થયું તેવાં શ્રી ગંગાજીમાં સ્નાન કરવાથી પાપો દુર થાય છે; અગ્નિમાં બાળવાની દહન કરવાની શકિત વિષે પ્રશ્ન જ નથી એવી જ રીતે બીજા ધર્મો વગેરેમાં જો ધર્મત્વ હોય તો તે તે ધર્મોના ઇષ્ટરૂપ ભગવાનની પ્રાપ્તિ પણ થાય જ, અને તેમ કરવામાં બધા ધર્મોનો અધિકાર પણ હોય, પરંતુ તેનો અભાવ જણાય છે, તેથી ત્યાં 'ધર્મ' શબ્દનો પ્રયોગ ગૌણજ (ઓછા મહત્વનો) બની રહે છે એમ તાત્પર્ય છે.

"હિ" શબ્દ વાપરીને જણાવ્યું છે કે આજ અર્થ યોગ્ય છે સર્વાત્મક ભાવવાળાનો આત્મધર્મ તો ભગવાનની સેવા જ છે. અથવા તો "હિ" એટલે આ અર્થ યોગ્ય જ છે કે બીજા સંબંધોથી રહિત એવા ભગવદ્ભજનનું જ ધર્મત્વ હોય છે, કારણ કે શ્રીભગવાનને પણ કહ્યું છે કે "ભકત્યાત્વનન્યયા ગ્રાહ્ય" (એટલે અનન્ય ભકિતથી જ પ્રાપ્ત થઈ શકું છું.) "અનન્યાશ્ચિન્તયન્તોમાં" (એટલે બીજા કોઇનું ચિંતન ન કરતાં ફકત મારું જ ચિન્તન કરનારા) વગેરે વાકયો દ્વારા જણાવ્યું છે કે ભકતોને માટે તો ભગવાનની સેવા જ સ્વધર્મ છે તેથી પોતાનો ધર્મ માનીને ભગવાનની જ સેવા કરવી અને બીજા ધર્મોમાં મનને પ્રવેશ કરવા દેવું નહિ. ને તાંત્પર્ય છે. ૧

આ પ્રમાણે ધર્મનું સ્વરૂપ સમજાવીને સમજાવે છે– 'એવ' – વગેરે દ્વારા.

એવં સદાસ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।

પ્રભુઃ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિતતાં વ્રજેત્ ॥૨॥ આગળ નિરૂપણ કરવામાં આવશે તે મુજબ હંમેશાં આ પ્રમાણે કરવું જોઇએ. એજ કહે છે "પ્રભુઃ" વગેરે દ્વારા પ્રભુ તો ભકતોનો સ્વામી છે અને તે સર્વરૂપ (સર્વમાં રહેલો) છે. સારી રીતે અર્થરૂપ પણ છે, તેથી પ્રભુ પોતે જ કરશે એ કારણથી નિશ્ચિત રહેવું 'એવ' એટલે આ પ્રમાણે જ ભક્તોનું કર્તવ્ય છે. 'સ્મ' શબ્દથી જણાવ્યું કે આ વાત પ્રસિદ્ધ જ છે. અર્થ હંમેશાં ગુપ્ત રાખવાનો હોય છે. તેના રૂપને જ ગુપ્ત રાખે છે. પ્રભુ સર્વ શક્તિ માન છે. તેથી સ્વયં જાતે જ રક્ષણાદિ કર્તવ્ય પ્રભુ પોતે જ કરશે. આ પ્રમાણે હંમેશાં નિશ્ચિતતા રાખવી એમ તાત્પર્ય છે.

જેવી રીતે અર્થ (સંપત્તિ–ધન–દોલત વગેરે) ના રક્ષણને માટે પ્રયત્ન કરવામાં આવે છે તેના જડપણાને લીધે અહીં પ્રભુનું જ એમ કહીને જે ગુપ્ત રાખવા જેવો અંશ છે તેને પ્રભુ પોતે જ ભાવાદિરૂપ ગોપ્ય (ગુપ્ત રાખવા યોગ્ય) કરશે તેથી આપણે પોતે નિશ્ચિત રહેવું એમ અર્થ છે. આજ કારણથી 'નવરત્ન' ગ્રંથમાં શ્રી આચાર્ય ચરણે કહ્યું છે કે "ચિન્તાકાપિ" વગેરે (એટલે "કશીચિંતા ન કરવી) વગેરે. જેવી રીતે અર્થને સારી રીતે ગુપ્ત રાખવાથી જ નિશ્ચિતતા થાય. એવી રીતે અહીં એ અર્થરૂપ ભાવને બહિર્મુખ લોકોરૂપી ચોરોથી ભગવાન પોતેજ ગુપ્ત રાખશે એમ ખાત્રી આપનાર શ્રીમહાંપ્રભુજી કહે છે કે નિશ્ચિતતાનું સેવન કરવું. જેમ અર્થને ગુપ્ત રાખવાનું કાર્ય સર્વ લોકો કરે છે, તેમ આ

ભાવનું પણ અતિ ગુપ્ત પણું જાળવવાનું જ કહેતાં કહે છે કે નિશ્ચિતતાનું સેવન કરવું. જેથી ગુપ્તતાનો અર્થ આવી જાય છે. અથવા તો પ્રભુ સર્વ શક્તિમાન છે તેથી જાતે જ કર્તવ્યની સિદ્ધિ કરી આપશે. હંમેશાં આ વાત જાણીને નિશ્ચિતતાનું સેવન કરવું એમ અર્થ છે.

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ હીંગનઘાટવાળા**

હપ્તો ઓગણીસમો

પિનકી :– શ્રી ગિરિરાજજીમાં શ્રીનાથજી પ્રગટ થયા અને ચંપારણ્યમાં શ્રી મહાપ્રભુજીનું પ્રાગટ્ય એકજ સમયે હતુંને ?

દાદાજી :– હા ! બેટા ! આગળ બોલ.

પિનકી :– "રત્ન ધાતુ ગિરિરાજ રે વાજીંત્ર વિવિધ પેરે વાજે રે" આવું મેં શ્રી વલ્લભાખ્યાનમાં વાંચ્યું છે તેનો વિચાર વારંવાર આવતો હતો કે તે શ્રી ગિરિરાજજી કેવા હશો ભારત જઇને ત્યાં જે આવીને વાતો કરતા તેઓ કહે છે કે પાષાણરૂપણમાં બધાને દર્શન થયા છે. મેં તો શ્રી ગિરિરાજજીના દર્શન કર્યા જ નથી. એમ થાય છે કે શ્રી ગિરિરાજજી જઇ પછી ચંપારણ્ય જાઉં, શ્રીનાથજી પણ જાવું છે. દાદાજી, અમને મોકલશોને ?

દાદાજી : દીકરી તું મૂળ વાત કર. તમોને બધાને મોકલીશ.

પિનકી :– દાદાજી ! જે સ્વપ્ન મેં જોયું છે તે અત્યારે જ મારી આંખો સામે તરે છે. શ્રી ગિરિરાજજીની પરિક્રમા હું કરતી હતી તે વખતે બહારનું દૃશ્ય બહુ જ સુંદર હતું. પૂરી પરિક્રમામાં વૃક્ષોની ઘટાઓ હતી. ઉપરના ભાગમાં પણ નાના મોટા વૃક્ષો જોતાં જોતાં ચાલી જતી હતી. વૃક્ષો ઉપર મોરના ટહુકારનો અવાજ મધુર લાગતો હતો. ચાલતા ચાલતા મને એક ગુફા નજરે ચડી. મેં તેમાં જઇને આગળ ચાલવા માંડ્યું. મને એ ધ્યાન નથી રહ્યું કે હું કયાં જઇ રહી છું, પણ શ્રી ગિરિરાજજીનું સ્મરણ કરતી ભીતર ચાલતા આગળ પ્રકાશ જોવામાં આવ્યો. આગળ જતાં શ્રી ગિરિરાજજી જેવા ઉપર છે તેવા ભીતર દેખાણા. થોડીવાર ઉભી રહી બન્ને તરફ નજર કરી, લંબાઇ કેટલી બધી હતી તે સમજવી મુશ્કેલ પડી. અંદરના એક એક પાષાણ રંગે લાલ શ્યામ જેવા દર્શન થયા. દરેકમાં જુદા જુદા રત્નોની જ્યોતિ ઝળહળાટ કરતી હતી. પ્રકાશ તો જોઇએ તેથી વધારે હતો. પણ હતો બધો રત્નોનો. બહાર તો સૂર્ય પ્રકાશે છે, ત્યારે ભીતર રત્નોથી પ્રકાશિત છે. કોઈ તો સ્વેત, કોઈ લાલ, કોઇ લીલા, કોઈ રંગબેરંગી. મોઢેથી વર્ણન કરી શકતી નથી. બન્ને બાજુ નજર ફેરવી. આ છેડેથી ઓલે છેડે સુધી. બધે રત્નોની જ્યોતિથી જ દેદીપ્યમાન હતું. અનેક રંગોનો પ્રકાશ જોઇને હું તો દિગ્મૂઢ બની ગઇ. થોડીવાર થોભી, પછી ચાલવા માંડી. નજર શ્રી ગિરિરાજજી તરફને નજીકમાં તરહટીમાં

જેટલા પણ કર્મ કરો એ કર્મો કરતી વખતે તમારો સંબંધ ભગવાન સાથે જોડાયેલો રહેવો જોઇએ.

જેટલી ક્ષણ સુધી ભગવત્ સ્મૃતિ હૃદયમાં ધારણ કરી ઉત્તમ કર્મ કરશો તો કર્મની કુશળતા છે, ચતુરતા છે અને જેટલી ક્ષણ સુધી તમે ભગવાનને ભૂલીને કર્મ કરતા રહેશો એ અકુશળતા છે, ભ્રમ છે, ભૂલ છે, અપરાધ છે, તો આપણે આપણું જીવન એક નિશ્ચિત દિશા તરફ લઇ જવાનું છે. આતો થવું જ જોઇએ, પરંતુ આવું બનતું નથી જોવામાં આવતું. આપણા જીવનનું લક્ષ્ય એક હોય, આપણે એક દિશા તરફ પ્રયાણ કરતા રહીએ એમ થવું જોઇએ.

આપણા મત પણ બદલાય છે, દિશાઓ બદલાય છે, નિવેદન બદલાય છે, પરંતુ ભગવાને બતાવી દીધું છે કે દિશા બદલે, સમય બદલે, કાળ પણ બદલી જાય. પરંતુ ભગવાનનું સ્મરણ હૃદયમાં હશે તો તમારૂં અનિષ્ટ નહીં થાય. તમારાથી ખરાબ કાર્ય નહીં થાય. સારા કાર્ય તમારાથી થતાં રહેશે. તેથી જીવનમાં ભગવદ્ સંબંધ બનાવી રાખવા માટે સાવધ રહેવું જોઇએ. આપણા જીવનનો કોઇ પણ ભાગ ભગવાનને ભૂલીને ન હોવો જોઇએ. બસ, આટલું કહેવાયું.

ભગવાનનું સ્મરણ હૃદયમાં રહે અને આપણે કાર્ય કરતા રહીએ તો આપણા જીવન અને જીવન કર્મ કુશળતાપૂર્વક થઇ શકશે અને આપણે પશ્ચાતાપનો સમય પણ નહીં આવે. આપણે ભગવાનને ભૂલીને જેટલા પણ કાર્ય કરીશું તે બધા કાર્ય કુશળતાથી નહીં થાય. અધર્મનું પરિણામ પણ પશ્ચાતાપ જ હોય.

તેથી જ ભગવદ્ સંબંધ હૃદયમાં જાળવી રાખો અને જે પણ કાર્ય ભગવાન પ્રેરણા કરીને આપણાથી કરાવે તે આપણે કરતા રહીએ. જો આ પ્રકારની ભાવના રહે, ત્યારે આપણું જીવન સુખ–શાંતિમય થશે, અને અંતમાં જીવન પણ સફળ થઈ જશે. આપણાં જીવનમાં આ મંત્રને હમેશાં યાદ રાખવો જાઇએ કે ભગવદ્ સંબંધ ભૂલીને આપણે ક્યારેય કોઇ કાર્ય ન કરીએ, જે કાંઇ કાર્ય કરવાનો સમય મળે તે કાર્ય કરવું. સમય પ્રમાણે, શકિત અનુસાર, યથા યોગ્ય કાર્ય કરવું, પરંતુ ભગવદ્ગીતાનો સંબંધ હૃદયમાં જળવાઇ રહે. ભગવાનનો સંબંધ બાંધીને જે આપણે કાર્ય કરીશું તેમાં સફળતાં જ સફળતા છે. નિષ્ફળતાનો અનુભવ તેમાં થઈ જ ન શકે અને ભગવદ્ સંબંધ ભૂલીને જેટલા કાર્ય કરવામાં આવશે તેમાં ક્યારેક સફળતા પણ મળશે અને ક્યારેક નિષ્ફળતા પણ મળશે. બંને વાત હશે.

ઘણા લોકો એ વાત કરે છે કે જે ભગવાનનું સ્મરણ નથી કરતા તેને શું જીવનમાં સફળતા નથી મળતી ? અહીં સમજવાની વાત એટલી છે કે ભગવદ્ સંબંધ ભૂલીને તમે જેટલા પણ કાર્ય કરશો તેમાં સફળતા પણ મળશે અને ભગવદ્ સંબંધ જાળવી રાખીને જેટલા પણ કાર્ય કરશો તેમાં સફળતા તો મળતી જ જશે. પરંતુ નિષ્ફળતાના દર્શન તમે ક્યારેય નહીં કરી શકો. હમેશાં સફળતા તમારી સામે જળવાઈ રહેશે. બસ, આટલું કહીને આજનું વકતવ્ય પુરૂં કરવામાં આવે છે.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

વિવરણ શ્રીમદ્ વ્રજરાજ ચરણ

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

આ જ કારણને લીધે શ્રી શુકદેવજીની વાણીના અમૃત સાગર શ્રીમદ્ ભાગવતજીમાં સ્વધર્મનું લક્ષણ આપતાં હજારો વાકયો દ્વારા ઉલ્લેખ કરવામાં આવેલો છે કે બીજા કોઇ દેવની સેવા ન કરતાં શ્રી કૃષ્ણની સેવા કરવી એ જ આપણો પોતાનો સાચો ધર્મ છે. ઉદાહરણ તરીકે "ભકત્યા સંજાતયા ભકત્યા;" ભકત્યા તુતોષ ભગવાન ગજયૂથપાય; "પ્રીયતેડમલયા ભકત્યા હરિરન્ય દ્વિડમ્બનમ્;" ભકતત્યાહમેકયા ગ્રાહ્યઃ" "શ્રદ્ધયાત્મા પ્રિય સતામ્" "પ્રતિષ્ઠયા સાર્વ ભૌમમ્" વગેરેથી, ખાસ કરીને, "મામે વ નૈરપેક્ષ્યેણ ભકિતયોગેન વિન્દતિ" વગેરે ને અંતે હજારો વાકયોથી ભકિત સિવાયનાં બીજા સાધનોનું અસાધકપણું નિશ્ચય પૂર્વક–ખાત્રીપૂર્વક ભગવાને જણાવ્યું છે. આ બધા કથનોનો જુદો જુદો અર્થ નીચે પ્રમાણે છે.—

"ભકત્યા સંજાતયાં ભકત્યા" – એટલે ભકિત દ્વારા પ્રકટેલી ભકિત સહિત "ભકત્યા તું તોષ ભગવાન ગજયૂથ પાય" એટલે ભકિત વડે જ ભગવાન ગજેન્દ્ર ઉપર સંતુષ્ટ (પ્રસન્ન થયા).

"પ્રીયતેડમલમયા ભકત્યા હરિરન્યદ્વિડમ્બનમ્" એટલે શ્રી હરિ તો નિર્મળ ભકિતથી જ પ્રસન્ન થાય છે; નિર્મળ ભકિત વગરનું બીજુ બધું સાધન છેતરામણું, અવિશ્વસનીય નકામું છે "ભકિત્યાહમેકયા ગ્રાહ્યઃ" એટલે એકલી ભકિતથી જ હું સાધ્ય છું.

"શ્રાદ્ધયાત્મા પ્રિયઃ સતામ્" – સારા ભકતોની શ્રદ્ધાથી મારો આત્મા પ્રસન્ન થાય છે." "પ્રતિષ્ઠયા સાર્વભૌમમ્" એટલે કે પ્રતિષ્ઠાને લીધે સર્વભૂમિનું "મામેવ નરૈ પેક્ષ્યેણ ભકિતયોગેન વિન્દતિ" – એટલે બીજા કશાની અપેક્ષા વગર ભકિતયોગથી મને જ પામે છે.

એ જ જગ્યાએ ફરીથી ભગવાને સર્વ ધર્મોનું નિરૂપણ કરતી વેળાએ શ્રીમદ્ ઉદ્ધવજીને કહ્યું છે કે – "સર્વેષા મદુપાસનમ્" એટલે બધામાં મારી ઉપાસના (ભકિત) આ કથનથી શરૂ કરીને "ઇતિ માં યઃ સ્વધર્મેણ ભજન્નિત્યમનન્યભાક્" એ પ્રમાણે અંતમાં અનન્ય સેવા (ભજન) એટલે સ્વધર્મ એમ સિદ્ધ કર્યું છે. "ઇતિ માં" વગેરેનો અર્થ – આ પ્રમાણે જે ભકત સ્વધર્મનું પાલન કરીને અને બીજા કોઇની ભકિત કર્યા વગર હંમેશાં મારી સેવા કરે છે.... વગેરે તેથી ધર્મની આકાંક્ષા હોય ત્યારે ભગવદીયો માટે ધર્મરૂપ ભગવાન જ ભજન સેવા કરવા યોગ્ય છે એમ ભાવાર્થ છે અને વળી, પ્રભુ ચરણે કહ્યું છે કે બીજા ધર્મોની અસરથી દૂર રહીને બધાએ પોતાની સેવાનો અધિકાર જ સ્વીકારવો તેથી બધાં પાપોને

ચાલી જાઉં છું. ભીતર વૃક્ષાવલી પણ જોઇ. તરહ તરહના પક્ષીઓનો સુંદર નાદ કાને પડતો હતો. નજરે કોઇ દિવસ ન જોયા હોઇ તેવા પુષ્પો અને નાની–મોટી વૃક્ષલત્તા, પશુપંખી. આમ જોતી કેટલું ચાલી તેનું ભાન નથી. ઘણે છેટે બે ગાયો દેખાણી. હું તે તરફ જ જતી હતી. નજીકમાં જાઉં તો 'ગિરિકંદરા' એવી સુંદર જેની આસપાસ અનેક રત્નો ઝળહળતા હતા. તરેહ તરેહનાં પુષ્પો વેલીઓમાં ઝુમી રહ્યા હતા. તાજા પુષ્પોના સુગંધથી આસપાસનું વાતાવરણ ધમધમી રહ્યું હતું. તરેહ તરેહના પક્ષીઓ શુક, પિક વગેરે અનેક જાતનાં મીઠા મીઠા સ્વરથી વાજિંત્રોનું કામ કરતાં હતા. નજીક આવતા યુગલસ્વરૂપ કૌમાર્ય અવસ્થામાં કંદરામાં બિરાજેલા દર્શન થયાં. શ્રી સ્વામીનીજીનો શૃંગાર તેમાં પણ શ્રીમસ્તક પર શિશફુલનો ઝળહળાટ તેવું જ તેજપુંજ શ્રી ઠાકોરજીનો ચિબુકનો હીરો એટલો બધો પ્રકાશિત કે નજર માંડી નોતી શકતી. આંખો પૂરી ખુલતી નોતી. વિચાર મનમાં આવ્યો કે ખરેઅર, આ સ્વપ્ન છે કે સત્ય હશે. હું મારી જાતને સંભાળી શકી નહિ એટલી બધી ભાવ વિભોર બની ગઇ. થોડીવારમાં યુગલ સ્વરૂપ કંદરાની બહાર પધારતા ત્યાં દરવાજે બે સખીઓ, બન્નેના હાથમાં થાળ, તેમાં ઢાંકેલું કાંઇક હશે તે લઇને ઊભા હતા. અતિ પ્રકાશિત રત્નોથી મારી આંખો બંધ થઈ ગઇ. મેં બન્ને હાથ આંખ આડા રાખ્યા તો આંખ ઉંઘડી ગઇ.

જાગીને જોઉં તો મારી બાની પાસે પલંગમાં સુતી હતી. મેં મારી બાને બધી વાત કરી. ચોતરફ ઘરમાં નજર કરતી બોલી બા ! આતો સ્વપ્ન હતું. સાચું હોત તો કેવું સારૂં હતું. ત્યારે મારી બાએ કીધું છે બેટા ! તું રાતદિવસ જેનું સ્મરણ કરતી હતી તેણે જ તારા ઉપર કૃપા કરી છે. લૌકિક સ્વપ્નને આળપંપાળ સમજવું, પણ ભગવદ્ વિષય સ્વપ્નને કૃપા માનવી. એવા ઘણા દૃષ્ટાંતો છે કે સ્વપ્ન સત્ય બને છે. શ્રી મહાપ્રભુજીને શ્રીજીએ ત્રણવાર સ્વપ્નમાં આજ્ઞા કરી હતી. પછી જ ગોવિંદઘાટ ઉપર સાક્ષાત્ પ્રગટ થઇને બ્રહ્મસંબંધની આજ્ઞા આપી હતી. હવે જરૂર શ્રી ગિરિરાજજી તને દર્શન દેશે. આપણે હવે ભારત જવું જ છે ત્યાં જઇને જઇ આવશું.

આવી રીતની વાત કરીને પિનકી ચૂપ થઈ ગઈ. વળી બોલી, દાદાજી ! જે મેં જોયું છે, નિરખ્યું છે તે મોઢેથી વર્ણન કરી શકતી જ નથી. ટુંકામાં વાત કરી છે. આ જ વાત પ્લેનમાં મેં ઉષ્મા અને દિનેશભાઇને કરી હતી. પ્રભુ કૃપાથી સ્વપ્ન દ્વારા ઘણીવાર કૃપા થાય છે, પણ જાગું ત્યાં પાછું હતું ઇનું ઇ દેખાય.

દાદાજી હવે વધારે વિચાર કરતા થયા. આ દિકરી ઉપર પ્રભુની પૂર્ણ કૃપા છે. હજુ યે દીન ભાવમાં વધશે. આને યોગ્ય અને સ્વમાર્ગીય સિદ્ધાંત ઉપર ચાલે તેવો જ મુરતીયો જોવો પડશે. ઠીક ! પ્રભુ મારૂં શું સામર્થ્ય છે. પ્રભુએ ધારી રાખ્યું છે, હું તો કર્તવ્ય કરવાવાળો છું. —ક્રમશઃ

અદ્ભુત કૃપા

પ્રેષક : પ. ભ. શ્રી વામનભાઇ બી. પટેલ વડોદરા

શ્રી ગીરીરાજજીની દંડવતી પરિક્રમાં કરવી એ કઠીન છે. સાથે સાથે એ પાવન ભૂમિ 'વ્રજ' ની રજ જે અંગે અગમાં વ્યાપો છે. તે અનુભવનો સાક્ષાત્કાર એટલે દંડવતી પરીક્રમાં આ પરીક્રમાં કરવા માટે મથુરાથી ૪૦ કી. મી. દુર આવેલું એ વ્રજ ભુમીનું ગામ જતીપુરામાં જવું પડે, જેતીપુરામાં શ્રી ગીરીરાજજી સાક્ષાત બીરાજે છે એ સ્થળ એટલે શ્રી ગીરીરાજજીનું મુખારવિંદ જયા ગમે ત્યારે ગમે તે સમયે જાવ ત્યારે દર્શનનો લાભ અચુક મળે છે. સવારે મંગળા આરતી, ૭–૩૦ શરુ થાય છે. તે સમયના દર્શન કરવા એ એક અલભ્ય લાભ છે. તે સમયે રાતના ગીરીરાજબાવાશ્રીની ચોકી કરતા ૩૦ થી ૪૦ કુતરાઓ (સ્વાનો) એક સાથે મુખારવિંદ તરફ મો રાખી ભસવાના અવાજ સાથે આરતીમાં ભાગ લે છે. ત્યારબાદ સાંજના ૬–૦૦ વાગ્યા સુધી દરરોજ ગીરીરાજજીને દુધનો અભીષેક તથા ભોગ, ધોતી ઉપરણા, સુગધ પુષ્પ, માળા, 'વિગેરેથી ભકતજનો સેવામાં ગુંથાયલા રહે છે. સાંજે ૭–૦૦ વાગ્યા પછી શયનના સણગાર થાય છે. જે શયન (શ્રીનાથ દ્વારામાં નથી થતી) માં નિકુંજનાયક શ્રી શ્રીનાજીબાવા સાક્ષાત્ત પધારે છે. જેનો અનુભવ પ્રત્યક્ષ દર્શનથી ત્યાં થાય છે. આ દંડવતી પરીક્રમાં એ વ્રજ પરિક્રમાંનું એક ભાગ છે. જેમાં નવકોશી, સાતકોશી અને પાંચકોશી એમ ત્રણ પ્રકારની પરિક્રમાં કરી શકાય છે. સામાન્યતહ સાતકોશીની પરીક્રમાં એટલે કે ૨૧ કિલો મીટરની ભક્તજનો કરતા હોય છે. નવકોશની પરીક્રમાં પણ કરી શકાય છે, પરંતુ આ પરીક્રમામાં શ્રી ગીરીરાજજી લોપ થતા જાય છે. અને પાંચકોશની પરીક્રમાં પણ થાય છે. જો શશક્ત ન હોય તેઓ પાંચ કોષની પરીક્રમાં કરી ધન્યતા અનુભવે છે. જ્યારે અમારે દંડવતી પરીક્રમાં કરવાની હતી, આ આખા કાર્યક્રમ માટે લગભગ ૨૨ દિવસ જોઇએ, સરેરાશ રોજની ૮૦૦ દંડવતી કરો ત્યારે ૧૭ થી ૧૮ દિવસ લાગે છે. રહેવા, પ્રસાદ, તથા આવવા માટેના સાધન આબોહવા વી. નો દંડવતીઓને ખ્યાલ રાખવાનો હોય છે. આ બધા પાસાઓનું આયોજન કરી વડોદરાના શ્રી કલ્યાણરાયજી મંદિરના ટ્રસ્ટ પીઠાધીશ્વર ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી તરફથી દંડવતી પરીક્રમાં કરવા નક્કી થયું. આ પરીક્રમાંમાં કોઇ મુખ્ય ભુમીકા હોય તો તેઓશ્રીના જ્યેષ્ઠ ભ્રાતા પુ. પા. ગો. ૧૦૮ શ્રી વાગેશબાવાશ્રી (કાંકરોલી–વડોદરા) કહી શકાય, સાથે તેઓના પરીવારના બાળકો પુ. શ્રી રવિરાજા તથા પુજ્ય શ્રી નિમેષ રાજા પણ દંડવતીમાં સામેલ હતા. આ દંડવતી પરીક્રમાંમાં કુલ ૩૪ વૈષ્ણવોએ ભાગ લીધો હતો. જે પૈકી પાંચ બહેનો જેઓની ઉ. ૫૦ વર્ષની હતી. બાકી પુરુષોમાં ૫૦ વર્ષની ઉપરના સાત હતા, અને સૌની નાની ઉ. ૨૦ વર્ષથી નીચેના બે નવ જુવાનીયા હતા. બાકી સરેરાશ ૩૦ થી ૪૦ વર્ષના હતા. આ રીતે દંડવતી કાર્યક્રમ નકકી થયા મુજબ સૌ પોત પોતાની રીતે તા. ૨૮–૩–૯૨ સુધીમાં મથુરા પહોંચવાનું હતું. પ્રસિદ્ધ ધામ મથુરામાં આવેલા શ્રી દ્વારકાધીશ મંદિરમાં વલ્લભકુળ પરીવારનો ઉતારો હતો. જેમાં નકકી થયા

મુજબ તા. ૩૦–૩–૯૨ થી પરીક્રમાં શરુ કરવી, સૌ દંડવતીઓ ખુબજ પ્રસન્નતા અનુભવતાતા કે કયારે દંડવતી શરુ થાય, તા. ૨૯–૩–૯૨ ના રોજ જતીપુરામાં આવી શ્રી મદન મોહનજીની હવેલીમાં શ્રી વલ્લભકુળ પરીવારનો ઉતારો હતો. જ્યારેબાકીના વૈષ્ણવોએ વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ (મુંબઇ) ના મંડાણમાં કે જે કેસરીયામંડલીના નામે ઓળખાય છે તેમાં ઉતરવાનું નકકી થયું. આ મંડાણમાં જમવા, પ્રસાદ, નાવા ધોવા વિ. નું સગવડ છે જેનું સંચાલન શ્રી હરીભાઇ પટેલ કરે છે. ખુબજ સગવડ સાથેની આ મંડાણ જેવી કદાચ જતીપુરામાં બીજે કયાય નહી હોય, જે આ જગ્યા એનીશુલ્ક મળી શકે છે. તા. ૨૯–૩૦, ૩૧–૩–૯૨ ના દિવસોએ ખુબજ વરસાદ વાવાઝોડુ વિજળીના કડાકા ભડાકા થયા હતા, ગામમાં કાદવ કીચડ તથા રસ્તા લપષના થયા હતા પરંતુ આ બધીની વચ્ચે નીયત સમયે પુ. પા. ગો. તૃત્ય પીઠાધીશ્વર ૧૦૮ શ્રી વ્રજેશકુમારજીની આજ્ઞા અનુસાર અને આશીર્વાદ સાથે તા. ૩૦–૩–૯૨ ના રોજ સવારે ૫–૩૦ વાગે શ્રી ગીરીરાજબાવાશ્રીના મુખારવિંદ પાસે સૌ દંડવતીઓ ભેગા થયા, નિયમ પાલન, દરેકના હાથે નાડુ તથા એક પરે જે દંડવતી કરતી વખતે સાથે રાખવામાં આવતા ગીરીરાજજીનું પ્રતિક, પ્રથમ દિવસે ૧૫૦ થી ૧૭૫ દંડવતી કરી, પરત મુકાશે આવી ગયા. તે દિવસ પછીના ત્રણ દિવસ ખુબજ કઠીન હતા. હાથ પગ, બાવળા, કમર, પગનો દુંખાવો. પરંતુ ત્યારબાદ અલૌકીક ચમત્કાર થયો, રોજની ૮૦૦ ની સરેરાશે દંડવતી થતી હતી, એક સમયે ૧૨૦૦ થી ૧૪૦૦ દંડવતી કરી, જેમાં કોઇ દંડવતીને કાંઇપણ જાતના વિઘ્ન વગર સારીરીક કે માનસીક થાક વગર પવિત્ર ભાવે પુરી કરી, આ સમગ્ર દંડવતીમાં જાણે બે ગ્રુપ પડી ગયા હોય તેમ ભારે એક જવાનીયા ગ્રુપ જેની આગેવાની પા. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી સાથે પુ, શ્રી રવિરાજી, પુ. શ્રી નિમેશરાજા, તથા બે બહેનો પણ સામેલ હતી અને સાથે તેઓશ્રીના સગા અને સ્થાનીક ચોબાઓ પણ સાથે હતા. બીજા ગ્રુપમાં પુ. પા. ગો, વાગેશબાવાશ્રી સાથે વૈષ્ણવો (અશકત) પણ તંદુંરસ્તીવાળા કહેવાય તેવા હતા. શ્રી ખુબજ શાંતિથી, ધીરજથી અને ખંતથી આગળ વધતા હતા. સૌ વૈષ્ણવોને સાથે રાખતા હતા, છેલ્લામાં છેલ્લા વૈષ્ણવ ન આવે ત્યાં સુધી દંડવતી બંધ રાખી રાહ જોઇ તેમને સાથે લેતા, સાથે સાથે સૌ વૈષ્ણવો માટે જલપાન, મીશ્રી તથા પીપરમીટ આપવાની પણ કાળજી રાખતા. આ બધા દંડવતીઓમાં એક જ ભાવ હતો, જે દંડવત કરતી વખતે લૌકીક સુખ ભુલી સૌ પ્રભુનું નામ સ્મરણ કરવાનો સમય હતો, રાધાકૃષ્ણથી લે શરણ, શ્રી ગીરીવરધરથી લેશરણ, શ્રી રાધે રાધે, તથા શ્રીકૃષ્ણ શરણ મંમ, વિ. નો જપ કરતા કરતા સમય ક્યારે પુરો થાય તેની ખબર પણ પડતી નહોતી. રોજ ૪–૦૦ કલાકની દંડવતી કરીએ તોજ ૭૦૦ થી ૮૦૦ સરેરાશ આવે, આમ દંડવતી કરતા ૭ કોષ એટલે ૨૧ કી. મી. પુરા કર્યા જેમાં પવિત્ર વ્રજ ભુમીના ગીરીરાજ ગોવર્ધનથી માનસી ગગા, મહાપ્રભુજીની બેઠક, ઓધવકુંડ રાધાકુંડ મહાપ્રભુજીની બેઠક, કુસુમ સરોવર, ગ્વાલપોખરા, થઇ ફરી ગોવર્ધ્ધન દાન ઘાટી, અન્યોર શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રી

ગોવિંદકુંડ, મહાપ્રભુજીની બેઠકે, શ્રી તપેલી આરોગાવવાનો મનોરથ, પુછરીના લોઠા ત્યાંથી શ્રી ગીરીરાજની તળેટીમાં શ્રી રામદાસને ગુફા ગોંડીયા, શ્રીનાથજી મંદિર, થઇ અપ્સરા કુંડ, નવલકુંડ, સુરભીકુંડ, ગોવિંદસ્વામીનો કદમ ખંડી થઇ હરીમુખારવિંદ મહાપ્રભુજીની બેઠક દંડવતી શીલા વિ. પવિત્ર સ્થળો આવી જાય છે. આ આવી દંડવતી પરીક્રમાં જો કોઇ હોય તો શ્રી વલ્લભકુળ પરીવારના સભ્યોની હાજરી, તે સીવાય આ દંડવતી પરીક્રમાં કરવી અશક્ય લાગે છે. સાથે સાથે સ્થાનીક ચોબાજીઓ, કાર્યકરો વિ. નો સાથ પણ હતો, નિયમ મુજબ રાતે ૨-૦૦ ઉઠવું સ્નાન ઇત્યાદી પતાવી ૩-૩૦ થી ૪-૦૦ વચ્ચે શ્રી ગીરીરાજબાવાશ્રીના મુખારવિંદ પાસે ભેગા થવાનું ૪-૩૦ થી ૫-૦૦ ટ્રેકટરમાં બેસી જવાનું, દંડવતી શરૂ કરવાની પરત ટ્રેકટરમાં આવી, ૧૦ વાગે શ્રી ગીરીરાજજીના મુખારવિંદ પાસે સૌ દંડવતીઓ સાથે શ્રી વલ્લભકુળના પરિવારના સભ્યો ગીરીરાજજીનો દુંધ તથા ભોગ, ધરતા, બપોરે ૧૧ થી ૫ આરામ કરી સાંજે ૬ વાગે શ્રી મદનમોહનજીની હવેલીમાં ૭-૩૦ સુધી સત્સંગ, શ્રી ગીરીરાજજીની શયન આરતી, રોજ શ્રી વલ્લભકુળ પરીવારનાં સાથે, વારાફરતી કરતા, આમ ૧૭ દિવસે લગભગ ૧૨ થી ૧૩ હજાર દંડવતી પુરી કરી એક દિવસ આરામ કરી બીજે દિવસે ૨૧ કી. મી. નો પગે ચાલીને દુંધની ધારા સાથે રાતના ૧૨ વાગે પુ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજીના સો પરિવારના સભ્યો સાથે શરૂ કરી સવારે ૬ વાગે દંડવતી શીલાએ પુરી કરી ત્યારબાદ શ્રી ગીરીરાજબાવાનો કુંડવારો થયો, જે અતીસુંદર, દિવ્ય, અને ભવ્યતાના દર્શન થયા, આમ અમારી દંડવતી પરીક્રમાં પુરી કરી, પુ. પા. ગો. શ્રીના શબ્દોમાં કહીએ તો આ કઠીન યાત્રા ન કહેવાય, પરંતુ આ એક એવો સમય હોય છે કે જેમાં પ્રભુનું સ્મરણ સતત થયા જ કરે છે. આ સમયમાં ત્રણેય ઋતુઓના દર્શન થાય છે હજુ આજે પણ જયારે પુ. પા. દ્વારકેશલાલજી કહે છે કે મારા સ્મૃતીપટ ઉપરથી ગીરીરાજબાવાશ્રીની દંડવતી પરીક્રમાંના દર્શન થતા રહે છે. આ એક અદભુત કૃપા કહેવાય.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ,
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ.

।। શ્રી વલ્લભ તવાસ્મિ ।।

લે. ગો. વા. પ્રો. જીવનલાલ છ. જોશી, રાજકોટ

-(ગતાંકથી ચાલુ)

ગોપીનાથની ગોપી બોલે, ગોકુલનાથનાં ગોપીજન બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૩
વ્રજનાથનાં વ્રજજન બોલે, વૃંદાવનના વિહારી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૪
વૃંદાવનના વાસી બોલે, વ્રજના વિહારી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૫
ગોકુલની ગોવાલણ બોલે, ગોકુલનાથની ગોરસી બોલે;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૬
પ્રેમે પાંગરતા સ્વરૂપે બોલો, ભાવે નિતરતા સ્વરૂપે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૭
ભકિતભીના સ્વરૂપે બોલો, રસભીના સ્વરૂપે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૮
સોહાગભીના સ્વરૂપે બોલો, સંયોગભીના સ્વરૂપે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૮૯
વિયોગભીના સ્વરૂપે બોલો, તાપ કલેશના સ્વરૂપે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૦
અંતરના આનંદે બોલો, આત્માના પરમાનંદે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૧
ભગવદ્ ભકતજન બોલો, શ્રી વલ્લભી વૈષ્ણવજન બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૨
મહાનુભાવી તાદૃશીજન બોલો, નિતરતી વાણીમાં બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૩
અંતરને નાદે બોલો, હૈયાને સાદે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૪

-ક્રમશઃ

આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૧૫ તા. ૧૧–૯–૯૨ શુક્રવાર. સાંઝીનો પ્રારંભ, આજથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય.

ભાદરવા વદ ૧ તા. ૧૩–૯–૯૨ રવિવાર. આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખા ના પદ વિજ્યાદશમી સુધી બોલાય, મુંબઇ લાડુબેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુંદરાયજીનો પાટોત્સવ તથા શ્રીમુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ.

ભાદરવા વદ ૪ તા. ૧૬–૯–૯૨ બુધવાર. ગો. શ્રી ચંદ્રગોપાલ બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ભાદરવા વદ ૫ તા. ૧૭–૯–૯૨ ગુરુવાર. શ્રી હરિરાયજી (સં. ૧૬૪૭)નો પ્રાકટ્ય ઉત્સવ.

ભાદરવા વદ ૮ તા. ૨૦–૯–૯૨ રવિવાર. શ્રી મહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીના લાલજી શ્રી પુરુષોત્તમજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૮૭).

ભાદરવા વદ ૯ તા. ૨૧–૯–૯૨ સોમવાર. ગો. ચિ. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૨ તા. ૨૩–૯–૯૨ બુધવાર. ઇન્દિરા એકાદશી વ્રત. શ્રી મહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૬૭).

ભાદરવા વદ ૧૩ તા. ૨૪–૯–૯૨ ગુરુવાર. શ્રી ગુસાંઈજીના તૃતિય લાલજી શ્રી બાલકૃષ્ણલાલજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૬૦૬). ગો. શ્રી શિશિરકુમારજી (કામવન)નો જન્મદિન.

ભાદરવા વદ અમાસ તા. ૨૬–૯–૯૨ શનિવાર. સર્વપિત્રી અમાસ, કોટની આરતી. સાંઝીની સમાપ્તિ.

આસો સુદ ૧ તા. ૨૭–૯–૯૨ રવિવાર. નવરાત્ર આરંભ, જવારા વાવવા, રાસના પદ બધા સમયમાં, કરખ ના પદ ભોગમાં તથા નવ વિલાસ, રાસ પંચાધ્યાય, ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય, ગો. ચિ. પ્રણયકુમારજી (મથુરા)નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૨૯–૯–૯૨ મંગળવાર. ગો. શ્રી રસિકવલ્લભજી મહારાજ (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૨–૧૦–૯૨ શુક્રવાર. ગો. શ્રી હરિરાયજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલોત્સવજી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૫–૧૦–૯૨ સોમવાર. વિજ્યાદશમી, નવરાત્રિ સમાપ્ત, અંકુર-જવારા ધરાવવા, ગો. શ્રી વાગ્ધીશબાવા (શ્રીનાથદ્વારા)નો જન્મદિન.

આસો સુદ ૧૧ તા. ૭–૧૦–૯૨ બુધવાર. પાશાંકુશા એકાદશી વ્રત, ગો. શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન)નો તથા ગો. ચિ. શ્રી ગોપિકાલંકારજી (મુંબઇ)નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૯–૧૦–૯૨ શુક્રવાર. શ્રી બાલકૃષ્ણજી (સુરત)નો પાટોત્સવ, ગો. ચિ. શ્રી શિશિરકુમારજી (પાર્લા)નો જન્મદિન.

દાણ ચાતુરીનો ગરબો

રચયિતા : **ભકત કવિશ્રી દયારામભાઇ**

મારગ મૂકોની કા'ના, કહું કયારની જો;
રોકી રાખી છે મુને તેં કઇ વારની જો.... મા૦ ૧
મારે માથે મટુકી મહી તણી તપે જો;
વેળા વિત્યા પછે, ગોરસ મારૂં નહીં ખપે જો.... મા૦ ૨
મને એકલડી જાણીને, ઘેરી છે અહીં જો;
તમારા મનતણાં વિચાર હું જાણું સહુ જો.... મા૦ ૩
આડું અવડું હેરો છો, તે હું જાણું સહુ જો;
મેં તો તમસરખા ઠગારા દીઠા બહુ જો.... મા૦ ૪
ચાળા મનના મૂકી હુંથી રેજો પાંસરા જો;
મારે પાલવડે ના વળગો પ્રિતમ રહો પરાજો.... મા૦ ૫
આઘા રહો અડશોમાં ગિરધારી, ઘેલા મા થશો જો;
જે કાંઇ ભાળો છો તે અરથ નહીં સરે કશો જો.... મા૦ ૬
મેં તો સાંભળ્યુ'તું જે ડાહ્યા છો ઘણું જો;
તેવું દીઠું મેં તો ડા'પણ આજ તમતણું જો.... મા૦ ૭
માણસ હોએ તે તો માને વેણમાં જો;
નિરલજ હોએ તે ના ના કહેતાં આવે કને જો.... મા૦ ૮
નિરલજ ટેવ તે તો તમમાં દીસે છે શામળા જો;
ઘણી આવડે છે અબળા ધુત્યાની કળા જો.... મા૦ ૯
આળ પરનારીશું કરશો તે કેમ છાજશે જો;
મારો મા કાંકરી, મટુકી મારી ભાંગશે જો.... મા૦ ૧૦
ડરાવી ડરશે તે તમારી કો બીજી હશે જો;
ચાળા હુંથી કરે જોવા સરખું થશે જો.... મા૦ ૧૧
લાડકવાયા હશો તે તમારા નંદને જો;
અહીં કો સાંખશે નહીં તમારા ફંદને જો.... મા૦ ૧૨
દાણ તો મહીમંડળમાં હોએ નહીં જો;
એ તો રીત અમો આજ અલોકી લહી જો.... મા૦ ૧૩

પ્રિતડીની રીતે કહો તો પાણી મહીં જો;
દાણનો કરીને દોકડો આપું નહીં જો.... મા૦ ૧૩

હજુ પ્રિતડીની રીત નથી આવડી જો;
રહ્યા ગોવાળમાં ચારી જાણી ગાવડી જો.... મા૦ ૧૫

પ્રિત રીત તે તો નિગમ ચારમાં નથી જો;
વ્હાલા લાગો છો તે માટે કાંઇ એક કહું કથી જો.... મા૦ ૧૬

સ્નેહશાસ્ત્રમાં એક વ્રજની સ્ત્રી સુજાણ છે જો;
મોટા પંડિતને પણ એ વાતો અજાણ છે જો.... મા૦ ૧૭

આતુર થઇને મારી પાસે ઉભા રહો હરિ જો;
પોથી પ્રેમની તે પઢવી શીખવું ખરી જો.... મા૦ ૧૮

પ્રિત કરવી તારે રીશ તો ન રાખવી જો;
વેળાએ જોઇએ તે વિધિએ વાણી ભાખવી જો.... મા૦ ૧૯

વદી વાણીને તે નિભાવ કરી જે શકે જો;
વિકટ દુરઘટ પ્રેમપંથ વિષે ટકે જો.... મા૦ ૨૦

સદા સર્વદા સચેત રહેવું શામળા જો;
સુરત સંગ્રામ જીતવાની આરત એ કળા જો.... મા૦ ૨૧

પ્રગટ પ્રિતડી ન કરીએ આ સંસારમાં જો;
વાત કહીએ તે પણ આંખના અણસારમાં જો.... મા૦ ૨૨

નેહ નયનનાં કટાક્ષમાં જણાવીએ જો;
દુરીજન દેખતાં વ્હાલાને ન બોલાવીએ જો.... મા૦ ૨૩

ઓછા માણસ સાથે સંદેશો ના કહાવીએ જો;
વાકું બોલે તેથી વઢતાં ન ફાવીએ જો.... મા૦ ૨૪

સામું જોતાં સ્નેહ પરખી લઇએ નેનમાં જો;
વાત અંતરની તે સમજી લઇએ વેણમાં જો.... મા૦ ૨૫

પ્રથમ પહેલો તો સ્વભાવ તેનો પરખીએ જો;
તે પ્રમાણે વચનરૂપી જળ વરસાવીએ જો.... મા૦ ૨૬

જેસું કામ તેની વૃત્તિ માફક ચાલીએ જો;
એ રીતે તો પક્ષી ગગનતણાં ઝાલીએ જો.... મા૦ ૨૭

હાજી હાજી સરખી મોહની એકે નહીં જો;
અમૃત સરકરાનો રસના મધ્યે સહી જો.... મા૦ ૨૮

પ્રિતડીનું કામ રીઝવ્યા થકી થશે જો;
ખીજવેથી તો મૂળગું ભાગી જશે જો.... મા૦ ૨૯

પાકી પ્રિત બાઝયા વિના ન રસાવીએ જો;
દોષ દેખીએ પણ મુખે નહીં લાવીએ જો.... મા૦ ૩૦

જેમ તેમ કહ્યું કોનું હૃદે ન આણીએ જો;
દૃષ્ટે દેખીએ પણ વિચારે પ્રમાણીએ જો.... મા૦ ૩૧

જો કોઇ બોલે તેનું હારદ સમજી લીજીએ જો;
વિવેક વિચારે ઘટે તે ઉત્તર દીજીએ જો.... મા૦ ૩૨

ઓછું વચન તેથી કદાપિ ન બોલીએ જો;
છિદ્ર કો સામાનું સમોએ નવ ખોલીએ જો.... મા૦ ૩૩

વિના વિચારે જે સુહૃદ સંગ લડે જો;
નિશ્ચે તેને પાછળથી પસ્તાવું પડે જો.... મા૦ ૩૪

સ્નેહી સંગે ઝાઝું ખેંચી નવ ઝાલીએ જો;
જેવો સમો તેવી વિધિ માફક ચાલીએ જો.... મા૦ ૩૫

કુટિલ આગળ આપ આતુરતા ન દાખીયે જો;
સામી હોય તેવી રીતે રીત રાખીયે જો.... મા૦ ૩૬

મોઢ મીઠું બોલે તે થકી નવ રીઝીયે જો;
સાચા સ્નેહી વિના મનડું નવ દીજીયે જો.... મા૦ ૩૭

કપટી હોય તેથી સાચું નવ ભાખીયે જો;
લોભે લલચાઇયે નહિં નાઠા બારી રાખીયે જો.... મા૦ ૩૮

પાકા પ્રેમીને તો પ્રાણ માગ્યો આપીયે જો;
જુઠા સંગ કેરા વચન નવ અલાપીયે જો.... મા૦ ૩૯

સાચા જુઠાની પરીક્ષા પ્રથમ કીજીયે જો;
સાચું નિવડયા પછી દગો ના દીજીયે જો.... મા૦ ૪૦

સ્નેહી સંગે ઝાઝી મોટાઇ ન રાખીએ જો;
છોટું હોએ તો પણ સમોવડાઇ દાખીએ જો.... મા૦ ૪૧

સમા પરમાણે વિવેક ન ચૂકીએ જો;
ટેક પોતાની તે અંતરથી ન મૂકીએ જો.... મા૦ ૪૨
વિના વિચારે એક ડગલું નવ દીજીએ જો;
સમોં પડે કાચું હૃદે નવ કીજીએ જો.... મા૦ ૪૩
સાત ગળણે ગળ્યા પછી બોલ બોલીએ જો;
બોલ્યા પછી દુઃખ થાય નવ ડોલીજીએ જો.... મા૦ ૪૪
વખત વીતી પછી વેચાતી મળે નહીં જો;
પય ન થાએ કદાપિ જે થઇ ગયું મહીં જો.... મા૦ ૪૫
રસ પ્રેમનો તે શીશ સાટે માનવો જો;
ગરજ રાખે તેને દુઃખ દોષ ન આણવો જો.... મા૦ ૪૬
પ્રિત કદાપિ કોઇ થકી ન જોડીએ જો;
બની ભવીશથી તો પ્રાણ ગએ નવ તોડીએ જો.... મા૦ ૪૭
પ્રિત રીત એ લાગે તો લેખું નહીં જો;
તૂટી પળમાં પાછળ શુદ્ધિ કંઇ દીસે નહીં જો.... મા૦ ૪૮
કાળી કસ્તૂરી પણ ગુણ ઘણો ગ્રહીએ સદા જો;
રાતાં ઇન્દ્રવાણથી મોહીએ ના કદા જો.... મા૦ ૪૯
સત સ્નેહ સેવા પહેલ સંતોષ છે જો;
વશીકરણ વિદ્યાતણા એ કોશ છે જો.... મા૦ ૫૦
પારા સરખો પ્રેમ જૂગતે ઝાલજો જો;
વિખરતા લાગે ન વાર ચેતી ચાલજો જો.... મા૦ ૫૧
બોલતાં મૂલ મનુષતણું કીજીએ જો;
મુખે કહીએ નહીં પણ ચિત્તમાં ચેતી લીજીએ જો.... મા૦ ૫૨
બુદ્ધિ પ્રમાણે વચન સઉ પડે બકી જો;
દુઃખ માનીએ ન બીજું લાવે કયાં થકી જો.... મા૦ ૫૩
પ્રિતડી નાં પાકે અતિ ઉતાવળપણે જો;
ધીરજ રાખીએ તો કારણ સઉ આવી બને જો.... મા૦ ૫૪
વિવેક વાતમાં તો દુધ દ્રોણી બેહુ રહે જો;
ગોળ ખાઇએ પોતાનો ચોળી પરશું લેહે જો.... મા૦ ૫૫

સમો સમજે ચંચળ થઈ તે ચો’દીશ ફરે જો;
દુરીજન ન્હારા તે તેને શું કરે જો.... મા૦ ૫૬

ચતુર આગળ દુષ્ટ ચુગલનું ચાલે નહીં જો;
પવન સહુને ડોલાવે, ગિરિ હાલે નહિં જો.... મા૦ ૫૭

ડાહ્યા હોએ તેનું એટલું ડાહ્યાપણું જો;
લક્ષણવંત લેજો થોડામાં કહુું ઘણું જો.... મા૦ ૫૮

મારા સમ જો વચનથી રીસાવતા જો;
ક્ષણું એક ચાલે નહીં, છો ઘણું ભાવતા જો.... મા૦ ૫૯

દધીનાં દાણનાં વેચાણમાં છું તમતણી જો;
હું તો જાણું છું જુગજીવન માથાનાં મણી જો.... મા૦ ૬૦

અમો અબળા આતુર વચન મુખેથી ન કહાડીએ જો;
હૈડું દેખાડાતું હોએ તો દેખાડીએ જો.... મા૦ ૬૧

આસંગા વિના કો આવડું બોલે નહીં જો;
આસંગો તે પ્રિત વિના ના હોય કહીં જો.... મા૦ ૬૨

સાવધાન પ્રિત પાળજો કહૂં કથી જો;
મોતી મન ને કાચ તૂટ્યાં સંધાતા નથી જો.... મા૦ ૬૩

પ્રિત બાંધી અતિ સેજ લુબ્ધ થઇ રહી જો;
‘**દયા**’ના પ્રિતમજી શું દાણ ચાતુરી કહી જો.... મા૦ ૬૪

આ જીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસં પરીખ, મુંબઇના જયશ્રીકૃષ્ણ.

એ તો હું જાણું છું

–દીનકીંકર

સત્સંગ એ સર્વ શાસ્ત્રોનો સાર છે, પણ તે સાર સત્સંગની જેને અસર થાય તેને માટે છે. આપણે આજુ બાજુ સેંકડો બનાવો એવા જોઇએ છીએ કે, જે હેતુ વગરના હોવા છતાં તેમાં આપણને મોહ રહે છે. માયા બળવાન છે. અનંત ભાવોથી, અનંત યુગોથી જીવ પ્રભુશ્રીથી વિખૂટો પડયો છે, ને ત્યારથી તેના પર માયાના કિલ્લાપર કિલ્લા ચણાયા જ કર્યા છે, એ કિલ્લા તોડવા માટે પ્રભુના ભજન અને સેવારૂપી મજબુત ગોળા જોઇએ. સત્સંગના કારખાનામાં એ ભક્તોરૂપી ગોળાની બનાવટ શીખી શકાય છે. અને એ ગોળા વડે પ્રભુની કૃપા થતાં મોહમાયાના અનંત કિલ્લાઓ તૂટી પ્રભુશ્રીનો સાક્ષાત્કાર થાય છે, પણ વિચારવાનું એ છે કે "મારે તેની તલવાર ને પાળે તેનો ધર્મ." આ કહેવત મુજબ જે સત્સંગના કથન પ્રમાણે વર્તે તેજ મનુષ્ય જન્મ સાર્થક કરી મૂકે.

સ્મશાન વૈરાગ્ય કશા કામનો નહિ. આપણું સગું સંબંધી હરિશરણ થાય છે, ત્યારે તેને માટે અશ્રુપાત કરીએ છીએ, પણ આપણી પણ એવી વલે એક દિવસ થવાની છે તે વિચારતા નથી, વળી આપણે આપણને પોતાને રડીએ છીએ ? ના કદ્દી નહીં. મરનારને જ આપણે રડવાના અને આપણો મૃત્યુ ધર્મ ભૂલી જવાના. આ પણ પ્રભુની માયા.

જેને આંખો નથી, તે અંધ નથી, પણ આપણે પોતાને મૂકીને બીજાને રડનારા જ અંધ છીએ. છતી આંખે આપણે આંધળા છીએ. "મા જાણે મોટું થાય છે, ને આવરદામાંથી ઓછું થાય છે" તેમ આપણે પણ જીવનના મનોરથો આગળ આગળ બાંધીએ છીએ, ત્યારે કાળ ખડખડ હસે છે અને કહે છે કે મૂર્ખા, મારા મનોરથ ને તારા મનોરથ તદ્દન જુદા છે, મારાથી ઉગરવું હોય તો પ્રભુના મનોરથ કર. વિશ્વમાંથી પ્રભુના અંકમાં આળોટવું હોય તો તેનું શરણ લે. પ્રભુનું સાચું શરણ ચાહનારા જ મારા માથા પર પગ મૂકી દે છે, મારા પંજામાં સપડાતા નથી. માટે પ્રભુ તરફ વિચર, નહિ તો મણીશો મોંઘો મનુષ્ય જન્મ નિરર્થક ગયો જાણજે.

આપણને પણ તેનું ભાન છે કે આપણું આયુષ્ય સાઠ વરસનું હોય તો એક વરસ જતાં તેમાંથી કપાય છે જ. દિવસ જતાં પણ કપાય છે. પણ તે વિચાર આપણને નથી. આ સંબંધમાં જરા એક વાર્તાલાપ આપણે કરીએ.

એક શેઠ હતા, જરા ગલકા ગાંડા જેવા અને સ્ત્રી ઘેલા હતા, શેઠ અને શેઠાણી રાતે ઘરમાં સૂતાં હતા; ભોગ જોગે ઘરમાં એક ચોર પેસવાના વિચારે બહાર બારણામાં આવ્યો, ને પેસવા માટે ઘર ખોચવા લાગ્યો. ખાતરીઆના ખટકા ખટપટ સંભળાવા લાગ્યા, એટલે ચતુર શેઠાણી ઉંઘમાં જબ દઇને જાગી ઉઠયાં અને શેઠને કહે છે કે, ચોર ઘર કોચે છે. શેઠે કહ્યું કે હું જાણું છું. ચોર બકોરૂં પાડી મૂકયું ને અંદર પેઠો. એટલે શેઠાણી બોલ્યાં કે ચોર અંદર પેઠો. શેઠે કહ્યું કે હું જાણું છું. ચોરે પટારો તોડયો અને અંદરના ધન, દાગીના કાઢયા. એટલે શેઠાણી બોલ્યાં કે, આ બધું કાઢયું. શેઠ કહે હું જાણું છું. છેવટે ચોર

લઇને ચાલ્યો. એટલે શેઠાણી બોલ્યાં કે આ બધું ધન, દોલત, દાગીના લઇને ચાલ્યો, એટલે શેઠે કહ્યું કે હું જાણું છું. છેવટે ચોર બધું લઇને બહાર નીકળી ગયો, એટલે શેઠાણી કહે બધું લઇને જતો રહ્યો. શેઠ કહે હું જાણું છું.

એટલે શેઠાણી બોલ્યા શું કપાળ જાણું છું. આ બધું ઘર તો લુંટી ગયો. શેઠાણી ચેતીને બહાર નીકળ્યા ને મુશળ વડે ચોરના પગમાં ઘા કરી ચોરભાઇને પાડી નાખ્યા ને બૂમા બૂમ કરી મૂકી. એટલે લોકો ફરી વળ્યા. ચોર પકડાય ગયો ને મિલકત બચી ગઇ.

શેઠ બીતાં બીતાં, કાછડી ખોસતાં પાટલી નીકળી જાય ને પાટલી ખોસતાં કાછડી નીકળી જાય, એવી દશામાં થર થર કાંપતા બહાર આવ્યા અને ભાંગી તૂટી વાણીમાં ''હાડું કડયું હાડું કડયું'' એમ શાબાશી આપવા લાગ્યા, પણ જાણવા છતાં તેમનાથી કશું જ ન થયું.

પ્રિય વાચક ! આપણી દશા પણ આવી જ, આ શેઠભાઇના જેવી જ છે, કાળરૂપી ચોર જીવનને કાતરી ખાય છે. સંત પુરૂષો આપણને ચેતાવે છે, પણ આપણે એ તો હું જાણું છું, કહીને શેઠની પેઠે એદી બની પડયા રહીએ છીએ, પણ કાળરૂપી ચોરને પોતાની ઇચ્છા મુજબ પકડવા માટે અથવા નાશ કરવા માટે ભક્તિરૂપી હથિયાર આપણે નથી જ ધારણ કરતા.

આ દુનીયામાં રાજા અને રંકનો સૌથી જબરો દુશ્મન કાળ છે, એ દુશ્મનથી બચવા માટે આપણે કાળના પણ કાળ એટલે કાળ પણ જેનાથી થરથર કંપે છે, એવા પ્રભુ શ્રી કૃષ્ણના શરણમાં નિઃસાધન બની ગબડી પડવું જોઇએ. આપણે અનંતવાર જન્મ્યા હોઇશું, તેના દુઃખ અનુભવ્યાં હશે અને અન્યનાં નજરે જોઇને અનુભવીએ છીએ, છતાં કોઇ દિવસ આપણે એ દુઃખથી બચવા દીન બની પ્રભુ સમક્ષ અનર્ગલ અશ્રુ ખેર્યાં નથી.

ધન, દોલત, હવેલીઓ, વાડી વજીફા તેમજ પરિવાર કોઈ આપણી વહાર નથી કરનાર, એક વિના શ્યામ સુંદર, આ દેહ પણ આપણી નથી, જેટલે અંશે તે પ્રભુના કાર્યમાં જોડાય તેટલી જ તે ઉપયોગી ને સાર્થક છે. નિરોધ વગર તે વસ્તુઓમાંથી ચિત્ત નીકળવું મુશ્કેલ છે. શ્રીગુરુદેવની કૃપા હોય તો સત્ય અને અસત્ય બાબતોનો ભેદ સમજી શકાય ને તેથી સત્ય વસ્તુને વળગી પડાય.

સત્ય વસ્તુ એક ઇશ્વર જ છે, તેને વળગી પડનાર જ આ વિશ્વમાં ભાગ્યશાળી છે. વિશ્વના માયાવી જીવો જેને ભાગ્યશાળી નથી. પ્રભુના માર્ગમાં તો સર્વ સમાન છે, જગતમાં કોઇપણ વસ્તુને માટે પોતાને સહેજ પણ મગરૂરી કે પોતાંપણું રહે તો તે સમર્પણમાં ઝેર સમાન છે. ઇશ્વરને સર્વાપણ કર્યા પછી કઇ વસ્તુ પર પોતાનો હકક રાખી શકાય ? આપણે તો આપણાં સર્વ સાધનો હરિ, ગુરુને વૈષ્ણવની સેવામાં ઉપયોગી બનાવી નિઃસાધન રહીએ, એ જ પુષ્ટિભકિતનું કર્તવ્ય છે.

[''વૈષ્ણવ ધર્મ પતાકા'' સં. ૧૯૮૧ અષાઢ અંક ૮ માંથી સાભાર]

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વૃજ'" ધોરાજી**

પદ–૯૫

યહ રસ રૂપ ભાનકી નંદિની ॥
કુંજ રસ રૂપકે મિત્રકી યહ સુત । દેત રસ-
દાન કર દુર દુંઃખ દ્વંદની ॥૧॥
ગુઢરસ રીતકે ભાવ કૌસે કહોં નંદનંદન વિરહ
તાપ નિકંદની ॥ નિરખશોભા હરિદાસ નયનન
સદા રાખીએ નિકટ મોહીં જગતકી વંદની ।૨।

ભાવાર્થ : ભાન નંદિની સદા રસરૂપ છે રસ રૂપ કુંજોના મિત્ર–સૂર્યનાં પુત્રી પરમરસનું દાન કરી અને દુઃખ દ્વંદ (મનમા શંકિત વિકલ્પો) સર્વને દુર કરે છે. પ્રભુ સાથેના ગૂઢ રસ ભોગને આંતરભાવ હું કેમ કરીને વર્ણન કરૂં ? પરંતુ મિલનાતુર નંદનંદનના વિરહ તાપનું દુઃખ રસરૂપ મિલનદ્વારા દુર કરે છે અને સર્વસુખ આપે છે. હે જગતવંદની શ્રી યમુનાજી આપની શોભાનયનથી નિરખી અને હરિદાસ વિનંતી કરે છે કે મને સદા આપની નિકટ રાખો.

વિવેચન : અહીં સૂર્યને કુંજના રૂપ રસના મિત્ર કહ્યા છે. બ્રાહ્યરીતે સૂર્ય વનસ્પતિઓના પોષક અને જીવનદાતા છે. જેમ ભૂમિ ઉપર વરસાદ બહુ જ વરસે તો ભૂમિ જલમાં જ ડુબી રહે તો વનસ્પતિ સડી જાય છે, પરંતુ વરસાદ પછી થોડા દિવસો સુર્યોદય રહે તો જ વનસ્પતિઓ સર્વ સુંદર રીતે અને મૂળ રૂપમાં ખીલી ઉઠે છે અને અંકુરો ફૂટી વૃદ્ધિ પામે છે. જેમ સંયોગ અને વિયોગને એકબીજાના પૂરક માન્યા છે. આમ સુર્ય છે એ વનસ્પતિઓના પ્રાણદાતા છે. માટે જ તેને કુંજ રૂપરસના મિત્ર કહ્યા છે. અતિ વિરહથી ભકતના સર્વાંગો વિકળશાન્તિ અને દુઃખી રહે છે, પરંતુ પ્રિય મિલન થાય ત્યારે સર્વાંગની રોમકુંજો ખીલી ઉઠે છે તેમ પ્રિયતમરૂપ સુર્યના મિલનથી શ્રી યમુનાજીની નયનકમલ મુખકમલ–હૃદયકમલ આદિ કમલો ખીલી ઉઠે છે અને રસરમણ કરે છે.

કાવ્ય — કુંજ

૧. મહિડા ઢોળે નિત

[ઢાળ–ઓધવજી મારા ઘર પછવાડે]

એ માતા જશોદાજી કાનુડાને વારો,
મહિડા ઢોળે નિત મારા જો—

હું ગઇ'તી પાણીડા ભરવા
પાછળથી ઘેર આવ્યા જો—

છીંકે ચડીને મારા માખણ લીધા
વાનરને ખવરાવ્યા જો—

એ રેલમ છેલ મારા ઘરમાં કીધા,
સૂતા બાળક રોવરાવ્યા જો—

એ વાછડા છોડીને ગાયું ધવરાવી,
મનમાં સૂઝયા એમ કીધા જો—

એ '**પ્રભા**'ના પ્રીતમ પ્રભુ નટવર નાગર,
મીઠડા મુખડા દીઠા જો—

પૂ. ગો. શ્રી બ્રજલતા વહુજી, જામનગર.

શ્રીપુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૯૯. રાગ–કાન્હરો (વૈ. ૮૨–૧૮)

વંદૌં ક્ષત્રીકપુર જલધરયા;
‘સોનજુહી’ સખી ચંદ્રભાગાકી, બસત સુદામા પુરીયા. ૧
તીન દિનકો ભૂખ્યો પ્યાસો, ડૂબ્યો હે દુઃખ દરિયા;
જંગલ બીચ મિલે શ્રી વલ્લભ, બરસ ચૌદ ઉમરયા. ૨
ન્હાયકે જલપાન કરાયો, પરસાદ દીયો દુધધરયા;
બ્રહ્મસંબંધ કરાય સંગ રાખ્યો, સેવા દીની જલ ઘરીયા. ૩
પ્રેમ ભાવતે સેવા કરત હૈ, નવનીત પ્રિય મન હરયા;
‘લાલદાસ’ પ્રભુ સંગ ડોલત હૈ, ન્યારે ન હોત નાગરીયા; ૪

૧૦૦. રાગ–બિહાગ (વૈ. ૮૩)

વંદૌં શ્રી કુંભનદાસકે ચરન;
સખા ‘અર્જુન’ સખી ‘વિશાખા’, જમનાવતો હૈ વતન. ૧
પ્રકટ કીયે જબ શ્રી વલ્લભને, ગોવર્ધન ગિરિધરન;
તબ આયે શ્રી કુંભનદાસજી, કીયો નામ–નિવેદન ૨
કિર્તન સેવા દીની કૃપાકર, સર્વ પ્રથમ હી કુંભન;
સમય સમયકે નિત્ય નયે પદ, ગાવત રીઝવત મોહન. ૩
બાદશાહ બુલાયે જબહી, ગાવનકી કહી કિર્તન;
ગારી દઇ સુનાઇ પદનમેં, ઐસે બડે નિડર મન. ૪
રાજા માનસીંઘ જબ આયો, દેવેંકોં કહી ગામન;
કછુ ન લીયો અરુ કહી ઉપરતે, સ્મિત દિખાવે આનન. ૫
ગોવર્ધનધર કહી કુંભનસોં, હોડપરી હૈ સબન;
છાક સબનકી ન્યારી ચાખેં, સરસ કૌનકે ઘરન. ૬
દૂધ દહીં બેઝરકી રોટી. ટેટી સાગ સંધાન;
છાસ મહેરી ધરી ભોગમેં, સ્વાદ સબહી બખાન. ૭
સખી ભાવતે કરી સામગ્રી, વિશાખા ચતુર સુજાન;
તાતે ભઇ અધિક સબન તે, સુંદર સરસ મિષ્ટાન. ૮
ભયો નિરોધ કિશોરલીલામેં, ગોકુલ કબહુ ન જાત;
નિકુંજલીલાકે પદ ગાયે, બાલલીલા ન સુહાત. ૯
દરસન બિનુ રહ્યો ન જાતો, પલભર કલ્પ વિહાય;
આસક્તિ હૈ અતિશય ઇનકી, ઔર કછુ ન સુહાય. ૧૦

ધન સંકોચ બહોત હૈ પરિ, કબહુ મન ન ડિગાત;
દેન આયે ધન રાજાતબહી, માર દઇ હૈ લાત. ૧૧
જા સંકર્ષણ કુંડપે સોયે, દેહ અસકત પહિચાન;
'લાલદાસ' લીલામેં પ્રાપ્ત ભયે, દ્વાર અપનો ઠાન. ૧૨

–ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. ગો. **શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી**

રચયિતા : ગો. વા. પ. ભ. **શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી**

૯૯. સ્વકીર્તિ વર્ધનરૂપ

હેવી જીવન હિત શ્રી પ્રથમેશજુ, વિશદ્ કીર્તિ નિજ લઇ પ્રકાસી;
કલિમલ દૂરકીયે ભકતન કે, દીયે કપાટ ખોલ સુખરાસી. ૧
યશ કી જ્યોત પ્રકાસ આકર્ષે, નિજજન હે જો પુષ્ટિ ઉપાસી;
લીયે શરન લક્ષાવધિ જીવન, 'વ્રજ' પતિ દીયે સુખ અવિનાસી. ૨

૧૦૦. તત્વ સૂત્ર ભાષ્ય પ્રદર્શક રૂપ

વ્યાસ સૂત્રકો ભાષ્ય કીયે પ્રભુ, પરમ તત્વ કો કીયો પ્રકાસ;
દેવી જીવન કો દિવ્ય દષ્ટિ દે, દીનો નિત્યાનંદ વિલાસ. ૧
કર આકર્ષણ અન્યાશ્ર મતે, બાંધે તાહી પ્રેમ કે પાસ;
અભય અચ્યુત નિજ 'વ્રજ' મેં બસાયે પ્રથમ ઇશ સબકી સુખરાસ. ૨

૧૦૧. માયા વાદાખ્ય તૂલાગ્નિ રૂપ

તુચ્છ તુલસમ માયાવાદ;
માયા ભ્રમ મહાનિશ કુહુ કી, મન્ત માતંગ કરત હે બાધ. ૧
તૂલ રંક મહાપુંજ સબન કો, બ્રહ્મવાદ વહ્નિ સોં દાધ.
પુષ્ટિ પ્રકાસ પ્રગટાય જગત મેં, દિયે પ્રથમેશ દુંદુભિનાદ. ૨
દેશ વિદેશ રહે જો દૈવી, આયે સરણ છાંડે વિવાદ;
જગત ઇશ જગતગુરુ 'વ્રજ' પોતે, ડંકા દીયો ભૂતલ બ્રહ્મવાદ. ૩

૧૦૨. બ્રહ્મવાદ નિરૂપક રૂપ

બ્રહ્મવાદ નિરૂપણ કીનો;
માયા તિમિર ગ્રસે દૈવિજન, તેજ પુંજબ્રહ્મવાદ લે દીનો. ૧
રાહ ભૂલે ફીર ફીર જે આયે, સરન આપ જીવન ફલ લીનો;
સિંધ કેસરી ભકિત માર્ગ 'વ્રજ', માયાવાદ ગજ ભયો હે હીનો. ૨

લાખન રૂપૈયાન કી હૂંડી

—પ્રા. એમ. આર. પારીજા

(રાજપીપળા)

વસનજીભાઇ નામે એક ભાટીયા વૈષ્ણવ હતા. મૂળ કચ્છ માંડવીના પરંતુ પોરબંદરમાં રહેતા. તેઓ એક તાદશી કોટીના પરમ ભગવદીય વૈષ્ણવ હતા. ગુરુકૃપાથી તેમને અષ્ટાક્ષર મહામંત્ર હૃદયારૂઢ થયેલો હતો. આઠે પહોર તેઓ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' મહામંત્રની માળા ફેરવ્યા કરતા હોય.

જન્માષ્ટમીની નોમના દિવસે શ્રીગોપીનાથજીની હવેલીમાં પલનાનો મહોત્સવ હતો. પલનાના દર્શન ખૂલ્યા કે વસનજીભાઇ ભાવાવેશમાં આવી શ્રીજીની સન્મુખ નૃત્ય કરવા લાગ્યા અને દેહાનુ સંધાન ભૂલી ગયા. ઉત્સવ-મહોત્સવ મનોરથોમાં તેઓ શ્રી ઠાકોરજીના ભાવમાં તદાકાર બની જતા. વસનજીભાઇ શ્રીજીવનેશ પ્રભુના કૃપાપાત્રા અંતરંગી વૈષ્ણવ હતા.

એક દિવસ વસનજીભાઇ જપકોઠાના ઓટલા પર બેસીને અષ્ટાક્ષરની માળા કરતા હતા. દેહનું ભાન ભૂલી, તન્મય બની માળા જપી રહ્યા હતા.

એ સમયે શ્રીજીવનેશજી પ્રભુની દૃષ્ટિ તેમના પર પડી. આપશ્રીએ તેમની સામે પ્રસન્નતા ભરી કૃપાદૃષ્ટિ કરીને આજ્ઞા કરી:

'વસનજીભાઇ નિત્ય લાખન રૂપૈયાન કી હૂંડી ભેજ રહે હૈ'

આવો છે અષ્ટાક્ષર મહામંત્રનો – નામ સ્મરણનો મહિમા !

આંતર ઉદ્‌ગારો

ભરતજી ઘરમાં રહેતા હતા, ત્યારે ભરતજી સામે જે કંઇ પદાર્થો હતા તે બીતાને બીતા રહેતા હતા. મનમાં એ પદાર્થ એમ ધારતા કે હમણાં અમારો ત્યાગ કરશે. વૈભવ મહાસંકટ થઇને સામુ જુએ ને કહે કે અમારૂં ભાગ્ય છે, ત્યાં સુધી અમારો અંગીકાર છે.

ભરતજીને એવો ચૌદલોકના પદાર્થો પર વૈરાગ હતો. આ પદાર્થોને મળવત્ ગણીને નદીના તીર્થ ઉપર જઇને ત્રણવાર સ્નાન કર્યા, ને શ્રી શાલીગ્રામની સેવા ખૂબ કરી, પણ આ સેવા કરતાં કરતાં હરણીનું બચ્ચું આવ્યું, તેનો સંગ થયો.

આ બચ્ચાંને એકલું દીઠું, ત્યારે તેને દયા આવી. તેનું પાલનપોષણ કર્યું. આથી સેવા થઈ નહિ. પછી હરણ નાશી ગયું, હરણમાં ચિત્ત રહેવાથી દેહ છુટયા પછી હરણને પેટે અવતાર થયો.

આ હરણ શરીરમાં પણ પૂર્વેનું જાતિસ્મરણ રહ્યું કે હું તો ભરતજી હતો, પણ હરણીના સંગથી હરણ થયો છું. માટે હવે પ્રભુમાં જ ચિત્ત રાખું. હવે નારાયણ ! હે ગોવિંદ ! કહીને દેહ મુકી દીધી.

આ પછી બ્રાહ્મણને ઘેર અવતાર થયો અને રહુગણ રાજાને મુકત કર્યા, ને પોતે પણ પ્રભુ પામ્યા. આમ સંગદોષ બહુ ભૂંડો છે. આવા મોટાંને લાગે તો આપણે તો કંગાલ છીએ, તેમને લાગે, એમાં નવાઇ નથી.

માટે જે ચતુર હોય તે કોઇનો સંગ કરે નહિ. સંગ બહુ ભૂંડો છે, માટે પ્રભુમાં સદા મન રાખવું.

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

(વર્ષ ૧૧ અંક ૭ ના અનુસંધાને)

૪૬૬ શ્રી રતીલાલ પી. કંસારા, સુરેન્દ્રનગર.
૪૬૭ ,, પ્રવીણભાઇ મોહનભાઇ ગરાળા, રાજકોટ
૪૬૮ ,, કનૈયાલાલ મોહનલાલ શાહ, અમદાવાદ.
૪૬૯ ,, કેશુભાઇ ગોરધનભાઇ પટેલ, રાજકોટ.
૪૭૦ ,, ગોરધનભાઇ વાલજીભાઇ ગજેરા. રાજકોટ.
૪૭૧ ,, પોપટલાલ વાલજીભાઇ સાંગાણી, સુરત
૪૭૨ ડો. નિરંજન વી. પરીખ, રાજકોટ.
૪૭૩ શ્રીમતી વાસંતી સોઢાની, ગ્વાલિયર.
૪૭૪ શ્રી સનતકુમાર જી. મહેતા, રાજકોટ.
૪૭૫ શ્રીમતી શાંતાબેન જમનાદાસ સાગર, રાજકોટ.

* શ્રીદાન લાલ *

કાના મારો મારગડો ના રોક;
સાહેલિયો ભાળી જાશે....ટેક
હું તો ગોકુલની ગોવાલણી,
જશોદા માએ મારી દયા જાણી,
રાખી મને વાસીદાને કાજ.
મન અહીં છૂટી જાશે. ॥૧॥ કાના મારો....
નંદાલય પાછળ ઓરડી,
કરતી ઘમ્મર વલોવણી;
ભરી રાખીશ માખણ આજ,
ચિત્ત મારૂ તૂટી જાશે. ॥૨॥ કાન મારો....
ઓઢુ આભલે મઢેલી ચૂંદડી,
ને તારે મઢી ચણિયા–ચોરી;
ઉઠાવો ઘુંઘટ કેરી લાજ
ચરણમાં ઝુકી જાશે. ॥૩॥ કાન મારો....
વેગે પધારજો અંતરયામી,
હું અલબેલી 'ચરણદાસી',
સજાવી રાખીશ મ્હેરી સાજ
તાપ મારા બુઝી જાશે. ॥૪॥ કાના મારો....

–પ્રવીણચંદ્ર મણીલાલ દેસાઇ (ચરણદાસ) બીલપુર.

કેસેટ પરિચય

(૧) શ્રી યમુનાજીના ૪૧ પદ :–

કેશેટના પ્રારંભમાં મથુરા–પોરબંદરવાળા પૂ. પા. ગો. **શ્રી** કનૈયાલાલજી મહારાજશ્રીંના શ્રીં યમુનાજીના આધ્યાત્મિક, આધિદેવિક, આધિભૌતિક સ્વરૂપનું માહાત્મ્ય **દર્શાવતા વચનામૃત** છે. ત્યારબાદ આપશ્રીએ શ્રી યમુનાજીના પદ સુમધુર કંઠથી કર્ણપ્રિય સંગીત સાથે જુદા **જૂદા રાગ**–રાગિણીમાં ગાયા છે.

(૨) શ્રી વલ્લભાખ્યાન શિબિર :–

મથુરા–પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજશ્રીએ મહાનુભાવ ગોપાલદાસજીએ ગાયેલા શ્રી વલ્લભાખ્યાન ઉપર સંસ્કૃત, વ્રજ અને ગુજરાતી ભાષામાં ટીકા–વિવરણ થયેલ છે તેના સંદર્ભ સાથે તેમજ વેદ–પુરાણ–ગીતા–શ્રીમદ્ ભાગવતના પ્રમાણ સાથે સૌ કોઇ સમજી શકે તેવી સરળ શૈલીમાં સુમધુર વાણીમાં વકતવ્ય કરેલ છે.

ઉપરની બન્ને કેશેટ શ્રી દ્વારકેશ સ્મારક સમિતિ દ્વારા પ્રસ્તુત થયેલ છે. તે બન્ને કેસેટની ન્યોછાવર રૂા. ૬૦/– પોસ્ટેજ અલગ કેસેટ મેળવવાનું સ્થાન :–

ડો. એન. જી. વિઠલાણી
લક્ષ્મી સોસાયટી "શ્રીજી કૃપા' રાજગોર બ્રાહ્મણની વંડી પાછળ,
ભરતભાઈના મકાનમાં – પોરબંદર ૩૬૦૫૭૫

॥ શ્રી મદનમોહનો વિજયતે ॥

વધાઇ

નિ. લી. પૂ. પા. ગો. શ્રી માધવરાયજી મહારાજ (મથુરા–પોરબંદર)ની પાવન સ્મૃતિમાં નિ. લી. પૂ. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજશ્રીની આધિદેવિક વ્રંજયાત્રા (લીલી પરિક્રમા) સને ૧૯૯૩માં નિશ્ચિત થઇ છે.

પૂ. પા. ગો. શ્રી વ્રંજરમણલાલજી મહારાજ (મથુરા) પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ, પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજ સર્વે સહપરિવાર તેમજ આપશ્રીની માથે બિરાજતા શ્રી ગુંસાઈજીના સેવ્ય સ્વરૂપ યાત્રામાં પધારશે.

આ અલૌકિક વ્રજયાત્રાનો આનંદ લેવા સમસ્ત વૈષ્ણવ સમાજને ભાવભર્યું આમંત્રણ છે,
યાત્રાનો વિગતવાર કાર્યક્રમ થોડા સમયમાં જાહેર થશે.

વ્રજયાત્રા સમિતિ
પ્રમુખ
શ્રી જયંતીભાઇ મુળજી રાજાણી
લીબર્ટી ટોકીઝ રોડ, પોરબંદર

આપશ્રીની આજ્ઞાથી
શ્રી માધવ દ્વારકેશ
વ્રજયાત્રા સમિતિ
માધવભવન–શીતલા ચોક
પોરબંદર

જેતપુર તિ. લી. પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર) ના લાલજી પૂ, પા. ગો શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ જેઓશ્રી જેતપુરમાં સ્થાયિ નિવાસ કરેલ છે તેઓશ્રીની આજ્ઞાથી અને અધ્યક્ષ પદે **શ્રી જેતપુર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડાણનું** ઉદ્‌ઘાટન તા. ૫–૮–૯૨ના દિવસે પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

પૂ. પા, ગો. શ્રી બાલકૃષ્ણલાલજીની આજ્ઞા અને દેખરેખ નીચે વ્યવસ્થાપક કમીટીની રચના કરવામાં આવી છે. આ મંડાણમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ, મરજાદીને સારી રીતે આચાર વિચાર પૂર્વક મહાપ્રસાદ લેવડાવવા સુંદર વ્યવસ્થા ગોઠવાયેલ છે. તો સર્વે વૈષ્ણવોએ આ કાર્યમાં તન, મન, ધનથી સહકાર આપવો જરૂરી છે.
મંડાણ સ્થળ : શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી સામે શ્યામવાડી જેતપુર (કાઠી)

SHREE VALLABH SUDHA Regd.No.G/RJ.212-L.P.W.P.43

દાન લીલાનું ધોળ

[ઢાળ : નરસિંહ મહેતાની હુંડીતો....!]

તમે સાંભળો જશોદાના લાલા કે, વઢવાળ થાવાની;
પછી જીભલડી નહીં રહે હાથ રે, વઢવાડ થાવાની.... તમે સાંભળો૦ ૧

સાખી : વૃંદાવનની વાટમાં, કે રોકી રહ્યા છો નાથ;
મહી માખણના દાણની, એક કોડી નહિ આવશે હાથ,
કે વઢવાડ થાવાની.... તમે સાંભળો૦ ૨

સાખી : જઇ કહેશું જશોદા માતને, આવો અટક્યાળો છે લાલ;
સમજાવી દેજો એને સાનમાં, જરા જકડીને ખેંચજો ગાલ,
કે વઢવાડ થાવાની.... તમે સાંભળો૦ ૩

સાખી : જાવા દો અમને શામળા, મારો પરણ્યો ચડાવશે આળ;
સાસુડી અમને સંતાપશે, ભૂંડી નણંદલ દેશે ગાળ,
કે વઢવાડ થાવાની.... તમે સાંભળો૦ ૪

સાખી : ખાટું છે ગોરસ આજનું વા'લા, મીઠું લાવીશ કાલ;
'ચરણરજ'ના સ્વામી વિના, અમને બીજે ક્યાં આવશે વા'લ.
કે વઢવાડ થાવાની.... તમે સાંભળો૦ ૫

રચયિતા : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ 'ચરણરજ' –સુરત**

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥



શ્રી વલ્લભસુધા

ગોવર્ધન લીલા

બ્રજ કી તોય લાજ મુગટ – બારા ।
તેરી રે બિરજ પર ઇંદર કોપ્યો, બરસત હૈ મુસલ ધારા ॥ ૧ ॥
ચાંદ – સૂરજ દોય દિપન થરપ્યા, સંગ થરપ્યા નવલખ તારા ।
સાત સમુંદર પિરથી થરપી, અડસઠ તીરથ હૈં ન્યારા ॥ ૨ ॥
ગ્વાલ–બાલ સબ કિયા ઇક્કઠા, ગોબરધન નખ પર ધારા ।
'ચંદ–સખી' જભ બાલકૃષ્ણ છબિ, હરિ જીતે, ઇંદર હારા ॥ ૩ ॥

—ભક્ત કવિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ, ઓરછા

※ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ※

વર્ષ ૧૧ : અંક–૭ **ઓકટોબર, ૧૯૯૨**

શ્રી વલ્લભાબ્દ ૫૧૪

વાર્ષિક લવાજમ રૂ. ૨૫/– * **આજીવન રૂ. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧

શ્રી વલ્લભ વિજ્ઞાન રાજકોટ તા. ૩૧-૩-૯૧ ના પુરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ.

પી. આર. ધોળકિયા એન્ડ કાં. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, બસ સ્ટેશન સામે, રાજકોટ.

આવક	રૂા.	ખર્ચ	રૂા.
વાર્ષિક લવાજમ આવક	૧૨,૬૬૦-૦૦	શ્રી વલ્લભ સુધા પ્રકાશન	૨૩,૭૨૨-૦૦
શ્રી વ્યાજ આવક	૬ ૨૯૫-૩૫	,, પોસ્ટેજ	૨,૭૮૦-૫૫
,, પ્રકાશન દાન	૧૦ ૯૯૮-૦૦	,, સ્ટેશનરી કન્ટીજન્સી	૨૭૦-૦૦
,, સામાયિક વેચાણ	૧૮૦-૦૦	,, વધારો	૩,૩૬૦-૮૧
	૩૦,૧૩૩૩-૩૫		૩૦,૧૩૩-૩૫

તા. ૩૧-૩-૯૧ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી		મિલ્કત તથા લ્હેણા	
આજીવન ગ્રાહક લવાજમ	૭૧,૩૩૪-૦૦	શ્રી પુસ્તક પ્રકાશન	૭,૭૧૯-૫૩
શ્રી એડવાન્સ લવાજમ		,, વી. એમ. શાહ ખાતે	૫૫-૦૦
સને ૯૧-૯૨	૧૪,૧૨૫-૦૦	,, ભગવાનદાસ વેલજી ખાતે	૧,૧૩૧-૦૦
૯૨-૯૩	૨૨૦-૦૦	,, અમૃતલાલ સુંદરજી	૪૦-૦૦
		,, હીરજી રણછોડભાઈ	૨૦-૦૦
	૧૪ ૨૪૫-૦૦	,, પ્રા. આર એમ. પાલેજા	૨૦૦-૦૦
શ્રી ડાયાભાઈ કસ્તુરચંદ	૧,૨૦૦-૦૦	,, વામનભાઈ બી. પટેલ	૪૮૧-૦૦
એન્ડ કાં. ખાતે		,, ભોગીલાલ રમણલાલ	૨૦-૦૦
,, જયંતિલાલ મુળજીભાઈ	૩૭૫-૦૦	,, જી. બી. રાણપરીયા	૧૨૦-૦૦
,, કૃષ્ણદાસ મથુરદાસ અઢીયા	૧,૦૦૫-૦૦	,, હરિ સ્ટોર્સ	૨૦-૦૦
,, કંચનલાલ હીંમતલાલ	૧૫-૦૦	,, હર્ષાબેન ઠક્કર	૧૮૧-૦૦
,, કૃષ્ણલાલ મુળજીભાઈ	૧૫-૦૦	**શ્રી રોકડ અને બેન્ક બેલ.**	
		સીકયોરીટી ડીપોઝીટ	
		રાષ્ટ્રીય બચત પત્ર	૩૯૦-૦૦
		શ્ર રા. ના. બેન્ક એફ. ડી.	૫૫,૦૦૦-૦૦
		,, ,, સેવીંગ	૮,૯૧૮-૯૭
		,, સીટીજન કો-ઓ. બે સે.	૭,૦૨૧-૬૫
		,, પુરાંત સિલક	૩,૮૩૮-૬૦
		શ્રી આવક ખર્ચ ખાતે	
		ગત વર્ષ મુજબ ૬,૩૯૩-૦૫	
		વધારો ૩,૩૬૦-૮૦	
			૩,૦૩૨-૨૫
	૮૮,૧૮૯-૦૯		૮૮,૧૮૯-૦૦

રાજકોટ તા. ૨૮-૨-૯૨

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે.
સહી : પી. આર. ધોળકીયા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ. પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૩
વર્ષ : ૧૧ અંક : ૭ ✻ ઓકટોબર, ૧૯૯૨

॥ શ્રી હરિઃ ॥

સન્મુખતા – સર્વોત્તમ ફલ

પ્રવકતા : નિ.લી.ગો. શ્રીપુરુષોત્તમલાલજી મહારાજ, કોટા.
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ, કોટા.
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન,
રાજકોટ.

નમો ભગવતે તસ્મૈ, કૃષ્ણાયાદ્ભુત કર્મણે;
રૂપ નામ વિભેદેન, જગત્ક્રીડતિ યો યતઃ

સ્વાભાવિક તથા સાંસારિક કાર્યોમાં આસકિત રહે છે. દુનિયાના કાર્યોમાં લાગેલી રહે છે અને ભગવદ્ સંબંધી કાર્યોમાં કયારેક કયારેક લાગે છે. મોટે ભાગે આપણો સમય, આપણી શકિત લૌકિક કાર્યોમાં ખર્ચાય છે. એવા કેટલાક ગણ્યાગાંઠયા જ ભાગ્યશાળી મહાનુભાવો હોય છે કે જેમનો વધારે સમય ભગવદ્ સંબંધમાં જાય છે. પરંતુ મોટા ભાગનાની સ્થિતિ આ પ્રકારની હોતી નથી. આવી પરિસ્થિતિમાં આચાર્ય ચરણોનો એ સિદ્ધાંત છે કે મનની વૃત્તિ જયાં સુધી ભગવાન શ્રીકૃષ્ણમાં ન લાગે ત્યાં સુધી તે વ્યકિત કલ્યાણ પથનો યાત્રી ન બની શકે. સારું આચરણ એને કહેવાય છે. કૃષ્ણ વિમુખ વ્યકિત પણ સારું આચરણ કરી શકે છે. પરંતુ આવી સ્થિતિ વધારે સમય સુધી રહી શકતી નથી. એ વાતની આવશ્યકતા છે

કે આપણી વૃત્તિઓ ભગવત્‌મય બને. ભગવાન તરફ ચાલે. આને માટે પ્રયત્ન કરવો જોઇએ. સારી વાત માટે પ્રયત્ન કરવો જોઇએ. સારી વાત માટે પ્રયાસ કરાય છે. ખરાબ વાત માટે પ્રયાસ કરવાની જરૂર પડતી નથી. કારણ કે જાતે જ એક પ્રવૃત્તિ થઇ જાય છે. કહયું છે કે—

"યેન કેનાપિ ઉપાયે ન મનઃ કૃષ્ણે નિવેશય." જે કોઇ ઉપાયથી બની શકે મનની વૃત્તિ કૃષ્ણમાં લગાવો. મનની વૃત્તિ ભગવદ્‌મય બને.

આ ઉદ્દેશથી સત્સંગની આવશ્યકતાનો અનુભવ કરીને સત્સંગ મંડળની સ્થાપના કરવામાં આવી. લૌકિક લાભ તેમાં પ્રત્યક્ષ લાભ તો કાંઇ મળતો નથી. ધન મળતું નથી. યશ મળતો નથી. સત્સંગ દ્વારા લૌકિક કાર્યોની સફળતાની આશા પણ ન રાખી શકાય. માત્ર સત્સંગ કરતા રહીએ અને તમારા લૌકિક કાર્ય પણ સફળ થતા રહેશે એવી વાત પણ નથી. પરંતુ તેનું મૂળ પ્રયોજન લક્ષ્ય એ છે કે જીવને ભગવાનની સન્મુખતા પ્રાપ્ત કરવાના અવસર જીવનમા કયારેક મળે છે. અને વિમુખતાના અવસર તો દિવસ રાત આપણી સાથે જ છે. આવી પરિસ્થિતિમાં ભગવદ્‌ સન્મુખતા માટે સત્સંગ મુખ્ય વસ્તુ છે જ. પરંતુ સત્સંગ દ્વારા પણ કંઇક પ્રેરણા થવી જોઇએ ત્યારે સત્સંગની સાર્થકતા છે. ફકત સત્સંગ કરતા રહીએ અને પ્રેરણા કંઇ મળે નહીં તો સત્સંગ પ્રાપ્ત થયો છે. પરંતુ એવું આપણે નહીં કહી શકીએ.

પ્રેરણા મળવી જોઇએ આ પ્રેરણા કરવાના માધ્યમથી જેટલા પણ ઉત્તમ કાર્ય આપણાથી થાય તે કાર્ય કરતા રહેવું. સારી પ્રેરણા મેળવવા માટે જે કાંઇ અવસર મળે તેને હર્ષથી ગ્રહણ કરવો જોઇએ. તો ભગવદ નામનો સંબંધ એક રીતે નથી થતો અનેક રીતે થાય છે. ભગવદ નામનો. ભગવાનના સ્વરૂપનો સંબંધ કરવાના આપણા આદર્શ પુરૂષોએ કેટલાક રસ્તા નકકી કરી આપ્યા છે. આ રસ્તાઓ દ્વારા ભગવદ્‌ સંબંધ જીવના હૃદયમાં આવે છે. સેવા. સ્મરણ. ગૌદાન. સદઆચરણ અનેક પ્રકાર મળી આવે છે. આ બધી રીતોથી ભગવદ સંબંધનો લાભ થાય છે. હૃદયની વૃત્તિ ભગવાનના સંબંધવાળી થાય છે. આ વાત છે. મુખ્ય વસ્તુ એ છે કે ભગવત સંબંધ પ્રાપ્ત કરવાના જેટલા પણ શુભ કાર્ય છે તે બધા અનુસાર જે વ્યકિત કરે છે તે અવશ્ય ભાગ્યશાળી છે.

ભગવત સંબંધ પ્રાપ્ત કરવા માટે. એ ભાવનાથી કે મને ભગવત સંબંધ પ્રાપ્ત થઇ જાય. આ ભાવના સાથે કોઇપણ કાર્ય કરવામાં આવશે તે અવશ્ય ઉત્તમ ફળજ આપનાર બનશે અને જ્યાં તેનો ઉદ્દેશ ભગવત સબંધને બદલે બીજા લૌકિક વ્યાપાર, લૌકિક ફળોની આકાંક્ષા હશે. તો આવા ફળની આકાંક્ષાથી ત્યાં લાભ તો થશે. જે વ્યકિત ઉત્તમ કાર્ય કરશે તેને સારું ફળ મળશે એ વાત નિશ્ચિત છે. પરંતુ જે ફળ પ્રાપ્ત થશે તે ફળ નીચ કોટીનું કે મધ્યમ કોટીનું હશે. ઉત્તમ કોટીનું સ્થાન નહીં લઇ શકે.

ઉત્તમ કોટીનું ફળ પ્રાપ્ત કરવા માટે તો ફકત એકજ અભિલાષા હૃદયમાં હોવી જોઇએ કે આપણા હૃદયની ભાવના, ચિંતની ભાવના

પ્રભુમય બની રહે અને આજ "શ્રી હરિરાય મહાપ્રભુ"નો પ્રાકટ્ય મહોત્સવ પણ છે. આ ઘણો જ શુભ પ્રસંગ છે અને જે પુરસ્કાર વિતરણની જે વિધિ થઇ તે પણ એક શુભ પ્રસંગ છે. ઘણી વખત લોકો લૌકિક ફળને જ પુરસ્કાર માને છે. એવી કંઇક પ્રવૃતિ થઇ છે કે પુરસ્કાર મળ્યો હોય અને લૌકિક ફળ કંઇ પ્રત્યક્ષ દેખાય નહિ તો એમ સમજે છે કે આનું કંઇ ફળ તો મળ્યું નહીં. એક નિયમનું પાલન થઇ ગયું ઠીક છે, કંઇ વાંધો નહીં. પરંતુ આ ફળ. પ્રત્યક્ષ ફળ. જે ફળ મેળવવા માટે લોકો પોતાનું સૌભાગ્ય માને છે. અહીં શું ફળ મળ્યું ? પાઠ કરવાથી, જપ કરવાથી તો લોકો એમ સમજે છે કે અમને પુસ્તક મળ્યું તે પ્રત્યક્ષ ફળ છે.

પરંતુ આ ફળને ફળ ન કહેતા ફળનું' પ્રાથમિક ફળ કહેવું જોઇએ. ફળનું આ પ્રારંભિક ફળ છે. ફળ તો ત્યારે માની શકાય. જ્યારે જેનો આપણે જપ કર્યો છે. જેનો આપણે પાઠ કર્યો છે, તે સ્વરૂપ આપણા હ્રદયમાં આવી જાય. ત્યારે સમજવું કે હવે આપણે ફળ પ્રાપ્ત કર્યું. જ્યાં સુધી આવું ન થાય ત્યાં સુધી શુભ કાર્યો પ્રવૃતિ ચાલુ રાખવી. એટલા માટે આવા શુભ પ્રસંગોનું આવા કાર્યોનું હર્ષ સાથે સ્વાગત કરવુ જોઇએ અને હાથમાંથી ન જવા દેવા જોઇએ. બધા ઉ-તમ કાર્યોમું ફળ ભગવદ સ્વરૂપનો સંબંધ હ્રદય સાથે થઈ જાય એ છે. જેટલા પણ ઉ-તમ કાર્ય થાય એ પરીક્ષા છે. જે કહે છે કે મેં સારા કાર્ય કર્યા. સારી વાત છે. સારાં કામ કર્યા તે, પરંતુ સફળ થયા કે નહીં તેનો વિચાર હ્રદયમાં આવે ત્યારે આપણે હ્રદયને પુછવું જોઇએ કે જે કંઇ ઉતમ કાર્ય કર્યા છે તે કાર્ય કેવી રીતે કર્યા અને કર્યા પછી પણ ભગવદ સંબંધ હ્રદય સાથે થયો કે નહીં તેનો વિચાર કરવો જોઇએ.

–ક્રમશઃ

આ જીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જયશ્રીકૃષ્ણ.

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

વિવરણ શ્રીમદ્ વ્રજરાજ ચરણ

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

જેવી રીતે અર્થ (એટલે ધન–દોલત) દ્વારા જ સર્વ સામગ્રી (ચીજ–વસ્તુ) મેળવાય છે, તેવી રીતે અહીં પ્રભુ પોતાને ભોગ ધરવા માટેની બધી સામગ્રી તથા દેહયાપન માટે જરૂરી બધી સામગ્રી પ્રાપ્ત કરવાનું કાર્ય જેને કુર્તવ્ય કહી શકાય તે બધું ભગવાન પોતે જ સિદ્ધ કરી આપશે, કારણ કે 'સર્વ' શબ્દથી બધા ભકતોનો સારી રીતનો અર્થ 'સદા એવ એટલે હંમેશા સિદ્ધ કરી આપશે એમ અર્થ છે.

આ જ અર્થનો નિર્ણય 'રસ સર્વસ્વ' માં રસ સાગર સુધાકર શ્રીમત્ પ્રભુ ચરણે આપ્યો છે. તેથી શ્રી લક્ષ્મીજીને પણ દુર્લભ એવા અર્થને પ્રભુ પોતાના ભકતોને માટે સુલભ કરી આપે છે તેથી ભગવાન પોતે જ આપણા માટે અર્થરૂપ છે, ભગવાન જ બધું સિદ્ધ કરી આપશે એમ જાણ્યા પછી 'એવ' એટલે આ પ્રકારે એટલે પહેલાં કહ્યા પ્રમાણે સર્વાત્મ ભાવથી 'સદા' એટલે હંમેશા સેવા કરવી જોઇએ. પછી પ્રભુ પણ સર્વશકિતમાન હોવાથી એ પ્રમાણે જ કરશે એમ અર્થ છે.

જો એમ દલીલ કરવામાં આવે કે એ પ્રમાણે કરવાનું તો વૃજની શ્રેષ્ઠ કુમારિકાઓથીજ બની શકે. તેમની યોગ્યતાને કારણે અને બીજાઓની અયોગ્યતાને કારણે આવો ઉપદેશ શા માટે ?

તો જવાબમાં કહેવાનું કે એ વાત સાચી છે કે જીવોનું એ અયોગ્યપણું છે, તો પણ જો (જીવો) સર્વાત્મભાવથી સેવા કરે તો ભગવાનની કૃપાથી એમ થાય ત્યારે ભગવાન પણ ભકતોનું કાર્ય સિદ્ધ કરી આપે એમ અર્થ છે. આ જ કારણને લીધે પુષ્ટિમાર્ગરૂપી કમળને વિકસાવનાર સૂર્યસમાન શ્રી આચાર્ય ચરણે (શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ 'ભ્રમર ગીત' ના વિવરણમાં પ્રકટ કર્યું કે 'તદ્દુરાપત્વેપિ તદાશયા તદ્ભજનમેવ કાર્યમ્' (અર્થ– તેની પ્રાપ્તિ મુશ્કેલ હોવા છતાં તે મેળવવાની આશાથી પ્રભુની સેવા જ કરવી જોઇએ.' એમ કહ્યું, જો તેની (એટલે ઇચ્છિત અર્થની) અપ્રાપ્તિ જ થવાની હોત તો 'તદાશયા' (એટલે તે મેળવવાની આશાથી) એમ ન કહ્યું હોત. એવી જ રીતે શ્રી ગોપીજનના પ્રેમરૂપી કમળને વિકસાવનાર મિત્ર સમાન શ્રી વિઠ્ઠલનાથજીએ પણ વિદ્વાનના શોભાસ્થાન એવા 'રસસર્વસ્વ' માં આલેખન કરેલું છે કે, 'સર્વાત્મભાવેન ચેત્તયાભજનં કરોતિ તદા ભગવાનપિ અંગીકરોત્યેવ' એટલે– 'એ પ્રમાણે જો સર્વાત્મભાવથી સેવા (ભજન) કરે તો ભગવાન પણ તેનો અંગીકાર કરે જ' એમ કહ્યું છે.

આ પદ્યમાં પણ 'યસ્મિન્મહાનુગ્રહસ્તસ્મિન્ ઘોષ નિતમ્બિનીત્વમચિરાત્મકર્ત્તા પ્રિય પ્રાયશઃ' એટલે 'જેમના ઉપર મોટી કૃપા હતી તેમનામાં

મોટા ભાગે (પ્રાયશઃ) પ્રિય એવા ભગવાને તરત જ દેહ સૌંદર્ય પ્રકટ કર્યું.’ તેથી ભગવાનની કૃપાથી એ પ્રમાણે થાય છે એ ભાવાર્થ છે. આ જ કારણથી યદુકુલરૂપી રત્નાકર (સાગર)ને લહેરાવનાર ચન્દ્ર જેવા શ્રીકૃષ્ણે (ભગવદ્ ગીતામાં) કહ્યું છે કે ‘યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્’ એટલે ‘જેઓ જેવી રીતે મને ભજે છે તેવી જ રીતે હું પણ તેમને ભજું છુ” અથવા તો ‘સ્વય’ કર્તવ્ય છે, સેવાદિ કાર્ય તેથી જેમ વૃજસુંદરીઓને ભગવાનનું દર્શન પ્રાપ્ત થયું. કારણ કે ‘સમર્થો હિ પ્રભુઃ’ એટલે કે ભગવાન સર્વશકિતમાન છે. ‘સદા’ આ પ્રમાણે નિશ્ચિંતતા સેવવી. એ પ્રકારની ભગવાનની લીલાના દર્શનને માટે ચિંતા ન કરવી જોઇએ. પ્રભુ પોતે જ ભકતોની ઇચ્છા પૂરી કરશે એમ તાત્પર્ય છે.

‘સ્મ’ શબ્દ આ વાત પ્રસિદ્ધ છે એમ જણાવવા માટે વાપર્યો છે. કારણ કે પ્રભુએ જ કહ્યું છે કે ‘હું ભકતને આધિન છુ” એ ભકતાધિનતાને લીધે ભકતના મનની ઇચ્છાને પૂરી કરવાનું ‘સ્વતઃ’ જ સિદ્ધ થયેલું સમજવું. ‘હિ’ શબ્દથી જણાવ્યું કે ચોકકસ એમ થશે જ, કારણ કે ભગવાનને માટે અગાઉ કહ્યા પ્રમાણે ‘સન્ત્યજ્ય સર્વ વિષયાન્’ એટલે બધા વિષયોને –બધી બાબતોને– છોડીને જાય છે તેમના મનોરથને પૂર્ણ કરવાનું કાર્ય ભગવાને કરવું જ જોઇએ. (ભગવાનનું એ કર્તવ્ય બની જાય છે.) આ જ કારણથી ભગવાને જ કહ્યું છે કે ‘યે ત્યકત લોકધર્માશ્ચ મદર્થે નાન્બિભર્મ્યહમ્’ એટલે કે ‘જે ગોપીઓ પોતાના બધા લોકધર્મોને મારે માટે છોડીને આવી છે તેમનું ભરણપોષણ કરૂં છું.’ ‘ભરણપોષણ હું કરૂં છું.’ એમ કહીને એમ જણાવ્યું છે કે જેમ ગોપીઓને ભગવાનની લીલાનું દર્શન થાય છે એવું જ કરીને પોતાના સ્વરૂપાત્મિકા લીલામાં જ એટલે કે ભગવાનના પોતાના જ સ્વરૂપમાં ભકતોનું સ્થાપન (સ્થિતિ) ભગવાન પોતે કરશે. પોતાના મનોરથોની અભિલાષા અર્થ સાથે જ જોડાયેલી હોય છે, જો એમ ન હોય તો જલના તરંગો (મોજાં)ની જેમ ઉદ્ભવેલા દીન મનોરથોની હંમેશાં અપૂર્તિ જ રહે, તેમ અહીં શ્રીમન્ પ્રભુના ચરણોની સેવાથી જ ભકતના મનોરથોની પૂર્તિ થાય તેથી ભકતોના અર્થરૂપ પણ ભગવાન હોવાથી તેમની સેવા કરવી જોઇએ, એ તાત્પર્ય છે. જેવી રીતે અર્થ (પૈસા–ધન–દોલત) વગર લૌકિક ભોગ–વિલાસ સિદ્ધ ન થાય એવી રીતે અહીં આધિદૈવિક અર્થ એટલે શ્રી લક્ષ્મીજીના પ્રવેશ વિના ભગવાનની સેવા તથા ભોગ સંભવે નહિ. એ (દૈવી) સંપત્તિ પણ પોતાની સેવાથી સંતુષ્ટ થયેલા ભગવાન જ કરશે. ત્યારે શ્રીમદ્‌ની (લક્ષ્મીપતિની) કૃપાથી તેની પ્રાપ્તિ થાય અને તેનાથી જ એ બન્ને સંભવે. ભગવાનની આજ્ઞાથી જ અને ભગવાન જ એક શરણ છે જેનું તેવી લક્ષ્મીની પ્રાપ્તિ છે. તેથી ભગવાન જ અર્થરૂપ છે. આજ કારણથી શ્રીમદ્ ગોકુલનાથ વાગધિપતિ શ્રીમત્ પ્રાણેશ્વરે ‘ફલ પ્રકરણ’ માં કહ્યું છે કે ‘સર્વત્ર તાસુ સા ભગવદાજ્ઞયા નિવિષ્ટા’ એટલે બધે સ્થળે એ તેમનામાં ભગવાનની આજ્ઞાથી પ્રવેશી હતી. આ ‘અર્થ’ ના અત્યંત ગુપ્તપણાને લીધે ‘સર્વસમર્થ’ એ

શબ્દથી પરોક્ષ રીતે જ આચાર્યચરણે ગુપ્તતાથી પ્રકટ કર્યું છે તેથી વધારે લખવવાની જરૂર નથી. તેમના ચરણકમલના મકરંદનું પાન કરવામાં મત્ત એવા ભકતોના હૃદયમાં પ્રભુના મુખરૂપી ચંદ્રના ઉદયથી પોતાની મેળે જ ભાવરૂપી સાગરમાં મોજાંનો વિસ્તાર (પ્રસાર) થશે એ તાત્પર્ય છે. ।૨।

—ક્રમશઃ

વડીલોનો વારસો

લેખક : મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ હીંગનઘાટવાળા

હપ્તો ઓગણીસમો

બીજે દિવસે સત્સંગમાં સૌ સાથે બેઠા ત્યારે પ્રવિણે દાદાજીને પ્રશ્ન કર્યો. હવે •કાલે તો અમારે સૌને યાત્રાએ જવું છે. ત્યાંથી વળતા અમો સીધા હૈદ્રાબાદ જઇશું. ત્યાર પહેલા આજે જ એક પ્રશ્ન આપને પૂછવાની અને જાણવાની ઇચ્છા છે.

દાદાજી : બોલ બેટા ! શું પુછવું છે ?

પ્રવિણ : શ્રદ્ધા અને ભકિત બન્ને એક કે જુદા ?

દાદાજી : બન્ને એક નથી, જુદાજ છે. શ્રદ્ધાની જરૂર બધે પડે છે. લૌકિક અને વૈદિકમાં ભકિતની વ્યાખ્યા એ તો બહુજ ઘેરો વિષય છે. જેવી રીતે દાન, તપ, યોગ, યજ્ઞ, પુજન. જ્ઞાન આ બધા વિષયો શ્રદ્ધાનાં છે. શ્રદ્ધા સહિત કરવામાં આવે તો તેને ફલરૂપ બને.

પુષ્ટિમાં કેવળ સ્નેહ છે તે જ ભકિત છે. ભકિત કેવળ ભગવદ્ પ્રાપ્તિ માટે છે. અન્ય ફલાદિક માટે નથી. ભક્તિમાં ભગવાન અને ભકત બન્ને એકરૂપ બની જાય છે. પરસ્પર એક બીજાનું સુખ જ ચાહે છે, પોતાનું નહીં.

ભકિત અને જ્ઞાન બન્ને જુદા છે. પરબ્રમ્હની પ્રાપ્તિ કેવળ ભકિતથી જ થાય છે. માટે જ જ્ઞાન અને શ્રદ્ધા કે ક્રિયા તેથી ભકિત જુદી વસ્તુ છે. જ્યાં સુધિ કામના સહિત કોઈ પણ કાર્ય કરવામાં આવે ત્યાં સુધી ભકિત કેવી રીતે કહી શકાય. આપણામાં બીના મોલકો ચેરો સુરદાસજીનું છેલ્લું વાકય, છે તો નાનું પણ વિચાર માગી લે છે. વ્યાખ્યા તેની મોટી છે. પુષ્ટિમાં કેવળ પ્રેમભાવને મુખ્યતા દીધી છે તેને આધારે સેવા સ્મરણ છે. વળી એ ભેદ સમજવા જરૂરી છે. મર્યાદાપુષ્ટિ અને શુધ્ધ પુષ્ટિ પુષ્ટિ એટલે કૃપા—અનુગ્રહ જ થાય છે. પ્રભુનાં અનુગ્રહવગર જીવ પુષ્ટિ ભકિત કરી શકતો નથી.

જે જીવનો મર્યાદા રીતે અંગીકાર કર્યો છે તેને સાધનરૂપા કહેવાય. જેથી તેમાં ભગવદ્ પ્રાપ્તિ માટે હાર્દિક આર્દ્ર સ્નેહ હોતો નથી. પ્રભુ પોતે જ સ્વાનુગ્રહથી જેને અંગીકાર કરે તેમાં વિશુદ્ધ પ્રેમ અને ઉત્તમોત્તમ હોય છે.

ભકિતની ત્રણ કક્ષા છે—પ્રેમ, આસકિત અને વ્યસન પ્રથમ પ્રભુ પ્રત્યે જીવનું આકર્ષિત

થવું. આ પ્રવૃતિને પ્રથમ કક્ષાની ભકિત કહે છે. આમ કરતાં દીન પ્રતિદીન પ્રભુને આધિન બનતું જવું ને તેથી વધારે આકર્ષિત થતું મન આસકિતના ગુણો પ્રાપ્ત કરે છે.

આસકિત એ મનનો જબરજસ્ત ગુણ–સ્વભાવ છે. જેનામાં મન લાગ્યું તેનામાં રચ્યું પચ્યું રહે. પછી ત્યાંથી છુટવું મુશ્કેલ છે. ચિન્તને તો પોતાનો વિષય છે. તે આસકિત જ છે. પછી ભલે લૌકિકમાં લાગે કે અલૌકિકમાં જેનામાં જે ગુણ હોય તે તેના જ અનેકવિધ મનોરથો કર્યા કરે છે. બીજી તરફ ધ્યાન દેવું પણ ગમતું નથી. આસકિત વધતી જતા તે સ્થાયીરૂપ ધારણ કરે છે. તેને આસકત ભાવ કહે છે. લૌકિક આસકિતભાવ લૌકિકમાંજ ખેંચી જાય, બહાર નિકળવા ન દે. ભગવદ્ ભકિતને ભુલાવે તેવી જ રીતે ભગવાત પ્રત્યેની આસકિત લૌકિકને ભુલાવે, ભગવાનમાં જ તે સ્થિર થાય છે. આવી રીતનું ચિન્તનું કામ સમજવા જેવું છે.

પ્રભુ પ્રત્યે પ્રેમ આસકિત ધરાવતું ચિન્ત પ્રભુ સિવાય અન્ય જગો પર કયાંય શાંતી અનુભવી શકે નહિ. આવી દશા જો જીવની પ્રભુ પ્રત્યે થાય તો પ્રપંચની વિસ્મૃતિ થઇ જાય. જેથી કેવળ એક પ્રભુ ઉપરજ ચિન્ત રહે. આવી આસકિત વગર અર્થ નિકળતો નથી. પ્રભુ પ્રત્યેની આસકિત જેની થાય છે તેને પ્રભુ સિવાઈ પ્રાણની સ્થિતિ અસંભવિત બની જાય છે.

આ પ્રકારની જીવની દશા કેવળ સાકાર સ્વરૂપમાં જ થાય છે. આગળ જતા તે ભાવ પ્રેમ, આસકિત, વ્યસનમાં ફેરવાઇ જાય છે. આ અવસ્થાને છેલ્લિ અવસ્થા કહેવાય છે પછી અન્ય જગો રહેજ નહીં. તેમાં કહેવું શું ?

ઉધ્ધવજી સાથે સંવાદમાં ગોપીજનોએ કહેલ કે શું કરીએ અમે લાચાર છીએ. નંદનંદન યશોદોત્સંગ લલિતને ભૂલી જવા સમર્થ નથી. અમારા કરતાં જે સ્નેહી નથી તે સારા, તમારો ઉંપદેશ તો ગ્રહણ કરી શકત ! અમારી અન્ય કોઇ રૂપ સાકાર કે નિરાકારમાં રૂચિ નથી. કેમકે પ્રાણપ્રિયને અમે ભૂલિ શકવા સમર્થ નથી. ભલે કોઈ નિરાકાર કહે કે અન્યરૂપો બતાવે. અમારા માટે બધું મિથ્યા છે. અમો જાણીયે છીએ તે સર્વજ્ઞ છે. સર્વવ્યાપક સાકાર છે, નિરાકાર બધું છે. પરંતુ અમને કોઇ એના સિવાય બીજી વસ્તુ સ્પર્શ કરી શકતી નથી. તે ભલે આત્મારૂપ રહયા, તે કોઇનાં બંધનમાં રહેશે નહીં. પળમાં શું કરશે તે પણ જાણતી નથી. આ ભાવને સ્થાંયીભાવ કહેવાય છે કે ફેરવ્યો ફરે જ નહીં.

પ્રભુની લીલા નિત્ય નૌતમ છે. નિત્ય ગોચારણ છે તે લીલા તો કૃપાપાત્ર ભગવદીયો જ અનુભવી શકે. બાકી બીજાને વૃજમંડલ ભૌતિકરૂપે દર્શન દે છે. જેનો પ્રભુએ જ અંગીકાર કયોં છે તે જ લીલા જાણી શકે છે. કારણ કે તેમનો સર્વાત્મભાવ સિદ્ધ થયેલ હોય છે.

પ્રવિણ : સર્વાત્મભાવ એટલે શું ? ચતુઃ શ્લોકીમાં આવે છે કે સર્વાત્મભાવથી ભજન સ્મરણ કરવું. મૂળની વ્યાખ્યા સમજાતી નથી.

દાદાજી : બેટા ! આ પ્રશ્ન સાધારણને સમજવો કઠણ પડે તેવો છે. છતાં થોડામાં કહું છું. મનનો નિરોધ એ જ સર્વાત્મભાવ. આ ભાવમાં પ્રભુના સ્વરૂપનો અનુભવ થાયે છે. નિરોધની પરાકાષ્ઠા સાધારણ વાત નથી. આ

અવસ્થા આત્મા અને બ્રહ્માંડથી પણ અતિત છે. આ ભાવમાં સર્વ કર્મ વિદ્યમાન છે. પોતાના આત્મ સંબંધી સર્વ પ્રકારનાં ભાવો પ્રભુમાં જ સમર્પિત થાય છે. તેને જ સર્વાત્મભાવ કહેવાય છે. આ સર્વાત્મભાવ તે જ ભક્તિ કે જે ભાવથી ભગવંતથી એકરૂપતા સાધી શકાય. આ સિવાય જેને ભક્તિ કહે છે તે તો સકામ છે. ભક્તિ શબ્દ સર્વાત્મભાવ માટે જ ઉત્તમ છે,

પ્રવિણ : દાદાજી ! સર્વાત્મભાવ સિધ્ધ કેમ થાય ?

આવી રીતનાં પ્રવિણનાં એક એક સવાલો દાદાજીને ચિત્તમાં અસર કરતા જાય છે. આ ઉંમરમાં કેટલું તેણે પ્રાપ્ત કર્યું હશે ! મનથી તેની સમજદારીની પ્રસંશા કરીને ધન્યવાદ દેતા શરૂઆત કરી.

બેટા ! જીવ ભગવદ્ પ્રાપ્તિ માટે અનેકો સાધન કરે છે. તનથી, મનથી અગર તો જ્યાં સુધી તેની બુદ્ધિ ચાલે બધુ કરી ચુકે છે. છતાં ભગવદ પ્રાપ્તિ થતી નથી. ત્યારે જ જીવ નિઃસાધન બનીને કેવળ પ્રભુનું શરણ જ સ્વીકારે છે. અન્ય સર્વ કૃતિ છોડી દીયે છે. હે પ્રભુ ! હું આપને શરણે છું. શરણમાં આવેલાને પ્રભુ છોડતા નથી. કૃપા જ કરે છે. (જુઓ– નિઃસાધન જનહિત કરવા શ્રીનાથ વિઠ્ઠલ આવીયા –વલ્લભાખ્યાન) બીજું સર્વસાધન હીનસ્યંપરાધીનસ્ય, આ ગ્રંથમાં નિઃસાધનતા બતાવી છે. સર્વોત્તમજીમાં– ‘જેનો સાધન બળથી ન થાય અર્થ’ નિસાધના ફલાત્યાઃ પ્રેમ, આસક્તિ વ્યસન ઉતરોત્તર પહોંચ્યા પછી કેવળ નિઃસાધનતા પ્રાપ્ત થાય છે.

આપણામાં શરણમંત્ર પહેલાથી જ આપે છે. પછી આત્મનિવેદન કરાવે છે. ચતુઃ શ્લોકી નાનો એવો ગ્રંથ છે, પણ તેના એક એક શબ્દની વ્યાખ્યા ગહન છે. સર્વાત્મભાવ તે જ પુષ્ટિભક્તિ. આ ભક્તિ પછી કાંઇ બાકી કરવું રહેતું નથી. સાદો અર્થ લઇએ– પ્રેમલક્ષણા ભક્તિ સર્વશ્રેષ્ઠ. વાસ્તવિકમાં તો ઉપર મુજબ ત્રણ વસ્તુ સમજીને તેટલો પહોંચે ત્યારે જ સર્વાત્મભાવ સિધ્ધ થયો ગણાય. એટલે જ તે ભાવનું શ્રી મહાપ્રભુજીએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય તેમાં આવી જાય તેવું વર્ણન કર્યું છે. પ્રેમપૂર્વક ભક્તિ કરતા આગળ જતાં આસક્તિ અને ત્યાર પછી વ્યસનાવસ્થા કે જેમાં પ્રભુ સિવાય અન્ય કાંઇ પણ રૂચે જ નહીં. આવો ભાવ વિચારી સેવા–સ્મરણ થાય તો જરૂર કૃપાપાત્ર બને.

દાદાજીના સોઢેથી આ વ્યાખ્યા સાંભળી સૌ તલ્લિન થઇ ગયા.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ,
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ.

શ્રી ઈચ્છારામ ભટ્ટજીના આંતર ઉદ્‌ગારો

પ્રેષક : **શ્રી મુળજીભાઈ પીતાંબરદાસ શાહ, વડોદરા**

આ જીવ છે, તે અક્ષર બ્રહ્મથી પ્રકટ થયો છે, ને એને સેવા કે પૂર્ણ પુરુષોતમ પર સ્નેહ આવતો નથી, જો એ પૂર્ણ પુરુષોતમમાંથી નીકળ્યો હોય તો એને પૂર્ણ પુરુષોતમ પર સ્નેહ આવે. આથી જે કરે છે તે સ્નેહ વિના કરે છે. તેનું દૃષ્ટાંત જુઓ શ્રીવલ્લભકુલ. પોતાના સેવ્ય શ્રીઠાકોરજી ઉપર કેવો સ્નેહ રાખે છે ? તેનું કારણ એકે તે શ્રીવલ્લભકુલ પૂર્ણ પુરુષોતમના અંગમાંથી પ્રકટયું છે. આથી જ શ્રી ગોસ્વામી બાળકોને શ્રીઠાકોરજી ઉપર સ્નેહ છે, ને સ્નેહ ભારે છે તે જુઓ, કે શ્રીઠાકોરજી કેવા વહાલા છે ? એક તરફ લાખ રૂપિયાનો વૈભવ મૂકો ને એક તરફ શ્રી ઠાકોરજી મૂકો, તો તે વૈભવને ઠોકર મારશે ને શ્રીઠાકોરજીને દોડીને પધરાવી લેશે. અહીં આમ છે, ને આ બીજા જીવો તો ઠાકરજી સામે જોશે પણ નહિ, ને તરત જ વૈભવ સામુ જોઇને લલચાશે,

માટે જીવમાને શ્રીવલ્લભકુલમાં ઘણો ફેર છે તે નકિક જાણજો તેનું દૃષ્ટાંત આપે છે. આપણે સેવા કરીને નીકળી એવા ભજન કે કીર્તન કરીને નીકળીએ, ને પછી બજારમાં ચૌટે જોઇએ. જઇને શાકવાળા કાછીઆને કહીએ કે ભાઇ હું સેવા કરીને આવ્યો છું, ભજન ને કીર્તન કરીને આવ્યો છું મને તું શાક આપ.

ત્યારે કાછીઓ કહેશે કે ઉંઠ, સેવા હોય તો ભલે હોય, પણ ઊભો થા. અહીં તો પૈસા હોય તે શાક આવે. અલ્યા, કાંઈ સેવા વડે શાક આવે ? એ તો તદ્દન ખોટુ છે. એમજ વાણીયાનું કે ગાંધીનું સમજી લેવું આ ઉપરથી સમજાય છે કે આ જીવ સેવાને ભજનને કાંઈ જાણતો નથી.

હવે શિવજી, બ્રહ્માજી, નારદજી અમને કહે કે આ સેવા વડે કંઇ આપશો. ત્યારે શિવજી કહે કે કૈલાસ લ્યો પણ સેવા બરાબર આપવા જડતુ નથી. બ્રહ્માજી કહેશે કે મારી બ્રહ્માપૂરી લ્યો, પણ એથી પણ સેવા મોટી છે. નારદજી કહે છે કે સેવા બરાબર કંઇ હોય તો આપીએ. એ સેવા જ સર્વોપરી છે.

આ ઉપરથી જણાય છે કે જેના ઘરાક તેને તે વસ્તુ વહાલી છે. જો આપણે નરકના જીવ હોઇએ તો આથી આપણને નરક જ વહાલું લાગે. હવે નરક તે શું ? સંસાર વિષે વાસના ઘર, દ્રવ્ય, કામ, ક્રોધ, લોભ, હુ ને મારૂં, અહમતાને મમતા એ સંસાર પછવાડે નરક જ છે. જે સેવારૂપના ઉપાસી છે તેમને તો શ્રી ઠાકોરજી વહાલા છે, ને જે નરકના ઉપાસી છે તેમને તો સંસાર વહાલો છે. એમ જાણવું.

આત્માનું કલ્યાણ કરવુંએ મનુષ્યનું કર્તવ્ય છે, પણ તે સાથે બીજા આત્માના કલ્યાણના પ્રયત્નો આદરવા એ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે. પોતાના સગાં સંબંધીઓને અને મિત્ર વર્ગને ચાહવા એ માણસનું કર્તવ્ય છે. પણ સમાજની દરેક વ્યકિતને ચાહવી એ માણસનું મુખ્ય કર્તવ્ય છે. બુદ્ધિ અને મગજની શકિતઓને વિકસાવવી એ માણસનું કર્તવ્ય છે, પણ નીતિ, ભકિત આદિ હૃદયની શકિતઓને વિકસાવવી એ માણસનું મુખ્ય કર્તવ્ય છે.

પૈસાનું મૂલ્ય સમજવું અને તેનો સત્કાર્યમાં ઉપયોગ કરવો એ માણસનું કર્તવ્ય છે, પણ વખતનું મૂલ્ય સમજવું અને તેનો સદ્‌ઉપયોગ કરવો એ માણસનું મુખ્ય કર્તવ્ય છે. ચાહ, બીડી, દારૂ ઇત્યાદિનું વ્યસન ન પડવા દેવું એ માણસનું કર્તવ્ય છે, પણ આળસ અને અને પ્રમાદનું વ્યસન ન પડવા દેવું એ માણસનું મુખ્ય કર્તવ્ય છે. સદ્‌ગ્રંથો વાંચવા એ માણસનું કર્તવ્ય છે, પણ એમાથી સાર ગ્રહણ કરવો એ માણસનું મુખ્ય કર્તવ્ય છે. દુઃખમાં ધૈર્ય રાખવું એ માણસનું કર્તવ્ય છે. પણ સામાને દિલાસો આપવો એ માણસનું મુખ્ય કર્તવ્ય છે. પોતાના કપડાને વ્યવસ્થિત રાખવા એ માણસનું કર્તવ્ય છે. પણ પોતાની વાણીને વ્યવસ્થિત રાખવી એ માણસનું મુખ્ય કર્તવ્ય છે. અક્ષર સુધારવા એ માણસનું કર્તવ્ય છે, પણ સ્વભાવ સુધારવો એ માણસનું મુખ્ય કર્તવ્ય છે. ઉદાર થવું એ માણસનું કર્તવ્યી છો પણ ન્યાયી થવું એ મુખ્ય કર્તવ્ય છે.

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વૃજ'' ધોરાજી**

શ્યામ બરન શ્રી યમુના જી કી
શ્યામ બરન સમતુલરી ॥
તવ પ્રણ મેઘ ઘટાજયોં ઉમગી,
સબ હિનકી સુખમુલરી ॥ ૧ ॥

ધ્રુવ વેહકોં મધુવન યમુના તટ
ગઇ દુઃખનકી સુલરી ॥
'હરિદાસ' પ્રભૂ શોભા **નિરખત**
ગઈ ભવ વેદન ભૂલરી ॥ ૨ ॥

ભાવાર્થ :– શ્રી યમુનાજીનો શ્યામ વર્ણ શ્યામ સુંદરના વર્ણની સમતુલ જ છે. "કૃષ્ણ તન વર્ણ ગુણ ધર્મ શ્રી કૃષ્ણ કે" નિજાશ્રિત જીવોને નિકુંજાદિકમાં પ્રીયતમનું સુખ આપવું તેવું દ્રઢ પ્રણ (પ્રતિજ્ઞા) મેઘની ઘટા જેમ ઉમડી રહ્યું છે એવાં હે શ્રી યમુનાજી । આપ સર્વના સુખના મુળ રૂપ છો પાંચ વર્ષના ધ્રુવજીએ મધુવનમાં યમુંના તટ ઉપર તપ કરી આપનું સેવન કર્યુ તો પ્રભૂએ ફકત છ માસમાં જ કૃપા કરી અને તેની અપર માતાના મેણાંનું કાયમનું શૂલ ગયું અને અવિચલ અખંડ રાજ્યની પ્રાપ્તિ થઇ આવાં પરમ કૃપાળુ શ્રી યમુનાજી અને શ્રી યમુનેશજી પ્રભૂ યુગલ સ્વરૂપની શોભા નિરખી મનમાં ભવ દુઃખની ભૂલવણીની **ભૂલ હતી તે ચાલી ગઇ અથવા ભવવેદના** ને ભૂલી ગયાં.

વિવેચન : ઉપર કહ્યું કે નિજાશ્રિત જીવોને પ્રીતમનું સુખ આપવાનું પ્રણ મેઘની ઘટા જેવું છે તેવી કૃપાનું શ્રી યમુનાજીનું જ કીર્તન છે,

ભકત પ્રતિ પાલ ઝંઝાલ ટારે.

અપને રસ રંગમે સંગ રાખત સદા
સર્વદા જોઇ શ્રી યમુને નામ ઉચ્ચારો ।।૧।।
ઇનકી કૃપા અબ કહાં લગ બરનીયે,
જૈસે રાખત જનનિ પુત્ર બારે ।।
શ્રી વિઠ્ઠલ ગિરિધરન સંગ વિહરત
ભકતકો એક છીનના વિસારે ।।૨।।

જેઓ શ્રી યમુનાજીનું અષ્ટ પ્રહર ભજન કરે છે તેને શ્રી યમુનાજી પ્રિયતમ સાથેના રસરૂપ વિહારોના રસરંગમાં દાસી સખી તરીકે રાખી અને તેને અખંડ અને અમિત રસનું દાન કરે છે અને તે પણ મેઘની ગાઢ ઘટા જેવી ઉમડ હોય છે કે જેમાંથી અખંડ વર્ષા થતી જ રહે છે અને તેમાં પણ માતા જેમ પોતાના નાના બાલકને પ્રેમથી ઘડી ઘડી સંભાળે છે તેમ કૃપાસાગર અને ભકત વત્સલ શ્રી યમુનાજી ભકતને આનંદમાં જરાપણ ઢીલાશ કે ત્રુટિ આવવા દેતા નથી આમ ભકતનું પુર્ણવાત્સલ્યપુર્વક પ્રતિપાલન કરી અને એની સર્વ ઝંઝાલ એટલે અન્ય વિચારો–અન્ય ભાવનાઓ અને અન્ય આશ્રયો–અન્ય ગતિ આ સર્વઝંઝાલોને મિટાવી પોતાના રસરંગમાં તેને સાથે રાખે છે પ્રથમ કીર્તનમાં પણ કહ્યું છે કે પિયશંગ રંગભર કર કલ્લોલે સબનકો સુખ દેન પ્રિય સંગ કરત સેન.” પ્રિયતમ સાથેના રંગભર્યા વિલાસો અને કલ્લોલન–પણ પોતાના આશ્રિત જીવોને સુખ આપવા માટે જ છે અને પ્રિયતમ તેમાં સંમિલિત થાય ત્યારેજ ચિન્તમાં ચેન પડે છે આવી દ્રઢ પ્રતિજ્ઞા છે કરૂણાના મહાસાગર શ્રી યમુના જીવીના આવા સુખ કોણ આપે ?

ક્ષમાયાચના

‘શ્રી વલ્લભ સુધા’ ના ગયા અંકમાં મથુરા પોરબંદરવાળા **પૂ. વા. ગો. શ્રી કનૈયાલાલજી** મહારાજશ્રીની વ્રજયાત્રાની વધાઇના સમાચારમાં પ્રુફ જોનાર કાર્યકર્તાની બેદરકારીથી પૂ. પા. શ્રી કનૈયાલાલજી મહારાજ શ્રીના નામ આગળ નિ. લી. શબ્દો છપાઇ ગયા છે. જે બદલ પ્રુફ જોનાર કાર્યકર તથા શ્રી વલ્લભ સુધાના સંપાદક અત્યંત નમ્રતા પૂર્વક ક્ષમા માંગે છે.

સંપાદક **શ્રી વલ્લભ સુધા**

શ્રોતાના પ્રકાર

સંપાદક મરજાદી **પોપટભાઈ રામજીભાઇ જેતપુર**

૧. માટી જેવા : માટીને ભલે સારા પાણીમાં પલાળો કે હલકા ગટરનાં ગંદા પાણીથી પલાળો, પરંતુ સુકાય ત્યારે કઠણ પત્થર જેવી થઇ જાય. તેમ કેટલાક શ્રોતાઓ સાંભળે ત્યાં સુધી નરમ રહે અને પાછા કઠણ પત્થર જેવા થઇ જાય.

૨. ચારણી જેવા – ચારણીમાં જ્યાં સુધી અનાજ ભરેલું હોય ત્યાં સુધી ભરેલીજ રહે છે, પરંતુ તેને ચાળવા માંડીયે ત્યારે નાનું બધું નીકળી જાય અને પાછળથી તેમાં થોડુંક રહે. તેમ એવા શ્રોતાને ઘડીક પછી પૂછો તો પાછું કાંઇ યાદ ન હોય.

૩. પાડા જેવા – પાડો પાણીમાં હોય ત્યાં સુધી શાંત લાગે, પરંતુ બહાર નીકળતાં જ પાગલની માફક ધુમવા માંડે. તેમ અમુક શ્રોતા જ્યાં સુધી સાંભળે ત્યાં સુધી શાંત હોય, પરંતુ વારતાજીમાંથી જેવા બહાર નીકળે કે તુરત તેનું મૂળ સ્વરૂપ પ્રકાશે. સાંભળેલું સાવ ન સાંભળવા જેવું થઇ જાય.

૪. પોપટ જેવા – પઢો પોપટજી શ્રી ભગવાન. તે જેમ બોલાવીયે તેમ બોલે ખરો. પણ કાઇ સમજે તો નહીં જ, તેવી રીતે અમુક શ્રોતામાં એવા ગુણ હોય કે સમજાવે એટલીવાર ભણે ને પછી બીજું સમજાવ્યું બધું વ્યર્થ જાય.

૫. ઘોડા જેવા – ઘોડો જ્યાં સુધી માથે અસ્વાર હોય અને લગામ તેના હાથમાં હોય ત્યાં સુધી આધિન રહે. પછી જેવી લગામ છૂટી મૂકે કે આડા અવળો રખડવે ચડી જાય. તેમ અમુક શ્રોતા એવા હોય કે જ્યાં સુધી મંડળમાં બેઠા હોય ત્યાં સુધી ઠીક પરંતુ જેવા છૂટે કે તુરત બીજે રસ્તે ચડી જાય. સાંભળેલાનો વિચાર કરે નહીં, અન્યાશ્રય જેવા મહાન ભયંકર રસ્તે ચડી જાય.

૬. બીલાડા જેવા બીલાડો ભલે આંખ મીંચીને બેઠો હોય પરંતુ ઉંદરનો ખખડાટ થાય કે સીધો ઝડપ મારે, તેમ અમુક શ્રોતા એવા હોય કે આંખો ઢાળીને બેઠા હોય, પરંતુ કંઇ સ્વાર્થની વાત આવે કે તુરત મંડળમાંથી ઉઠી જાય.

૭. કાગડા જેવા – કાગડો ગમે તેવા ઉત્તમ પદાર્થોનું ભક્ષણ કરે છતાં પાછો તુરતજ વિષ્ટામાં જઇને ચાંચ બોળે. તેમાં અમુક શ્રોતાઓ એવા હોય કે કથામૃત પીધા પછી પણ અનેક વિષયોને ચુંથ્યા કરે છે.

૮. મચ્છર જેવા – મચ્છર સદાને માટે લોહિનો તરસ્યો રહે છે અને કાન પાસે ગણગણાટ કર્યા જ કરે છે તેમ અમુક શ્રોતાઓ ભગવત્વાર્તા ચાલુ હોય તેમાં પણ બીજા પાસે કંઇને કંઇ બટબડાટ કર્યા જ કરે અને કાન ખાય જાય, કંટાળો ઉપજાવે પણ પોતાની વાતો બંધ ન કરે.

૯. જળો જેવા – જળો લોહી ચુસી જાણે છે પરંતુ પચવી શકતી નથી. તેમ અમુંક શ્રોતાઓ એવા પણ હોય છે કે વકતાનો ખૂબ કસ કાઢે છે પણ કથા રસ હૃદયમાં સ્થીર કરી શકતો નથી,

૧૦. કાંણા ઘડા જેવો – કાંણો ઘડો ભલે ગમે તેટલો ભરાય પણ થોડીક વારમાં તે સાવ ખાલી થઇ જાય તેમ અમુક શ્રોતાજનો કથાનો ખુબ રસ ભરે, પરંતુ થોડીકવાર પછી તેને પુછો તો કાંઇ ન હોય સાવ કોરો ધાકોર થઇ જાય.

૧૧. પશુ જેવો – પશુને ગમે તેટલુ ભણાવો, પરંતુ ભેંસ આગળ ભાગવતની જેમ, ગમે તેટલુ સમજાવો તો પણ અમુક શ્રોતાઓ પોતાનો કક્કો છોડેજ નહિ.

૧૨. સર્પ જેવો – કાળા નાગને ગમે તેટલું અમૃત પાઇએ તોય તેનું ઝેરજ થવાનું. જેમકે અમુક શ્રોતાઓને ગમે તેટલું કથામૃત પાઓ તો પણ તેના હૃદયમાંથી ઝેર જતું નથી.

૧૩. શિલા જેવો – પત્થર ઉપર ગમે તેટલુ પાણી રેડો પણ તે કદી પલળતો જ નથી, હજારો વર્ષ પાણીમાં રાખીને બહાર કાઢો તો ય ટકોરે તણખા જરે તેમ દુર્જનો કદી પણ શિક્ષાથી સુધરતા નથી– તે સજ્જન થતા નથી.

૧૪. હંસ જેવો – હંસ પાણીને દુધ ભેળાં હોય છતાં પણ તેમાંથી દુધ દુધ પી જાય, તેમ તત્વ રસના પ્યાસી શ્રોતાઓ ભગવદ્ રસનું પાન કરે છે. તે વકતાના કાંઇપણ દોષ જોતા જ નથી. કેવળ તત્વ શું છે તે જ તે જુએ છે.

ઉપર પ્રમાણે આપણા મહાનુભાવોની વાણી માંથી મેળવેલું પરમધન સુક્ષ્મ ભાવથી રજુ કર્યું છે. આપણે આપણામાંજ જોઇ લેવું કે આવો કોઇપણ દોષ આપણામાં નથીને !

જરૂરત છે

મદ્રાસ અને હૈદ્રાબાદ ઘર મંદિર સારુ સેવા સામગ્રી કરવા સર્વ રીતે અનુભવી બ્રાહ્મણ વ્યકિતની જરૂરત છે. ઈચ્છા રાખનાર પુરી વિગત સાથે પત્ર લખવો.

સરનામું–ધનશ્યામદાસ ગિરધરદાસ
૭૫૪, ચત્રભુજદાસ રોડ,
પુનામલી હાઈવે રોડ,
કીલપાર્ક મદ્રાસ–૬૦૦૦૧૦

॥ શ્રી વલ્લભ તવાસ્મિ ॥

લે. ગો. વા. પ્રો. જીવનલાલ છ. જોશી, રાજકોટ

–(ગતાંકથી ચાલુ)

સેવા કરતાં બોલો, સામગ્રી કરતાં બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૫

ન્હાતાં બોલો, ખાતાં બોલો, પીતાં બોલો, ધોતાં બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૬

હાલતાં બોલો, ચાલતાં બોલો, ઊઠતાં બોલો, સુતાં બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૭

જાગતાં બોલો, હરતાં બોલો, ફરતાં બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૮

ગામ–પરગામે બોલો, દેશ–વિદેશે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૯૯

હાટે બોલો, ઘાટે બોલો, વાટે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૦

પ્લેનમાં બોલો, ટ્રેનમાં બોલો, એસ.ટી.માં બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૧

કારમાં બોલો, રીક્ષામાં બોલો, પગરસ્તે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૨

ગોરર્ધને બોલો, યમુના તટે બોલો, ઘાટે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૩

પનઘટે બોલો, પગથારે બોલો, કેડીએ બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૪

સઘન કંદરાએ બોલો, શિખરે–શિખરે બોલો;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૫

–ક્રમશઃ

આ માસના ઉત્સવ

આસો સુદ ૧૫ તા. ૧૧–૧૦–૯૨ રવિવાર. શરદપૂર્ણિમા, રાસોત્સવ, કલાત્મક મહારાત્રિ, શ્રી રણછોડજી (ડાકોર)નો મેળો, કાર્તિકસ્નાન આરંભ.

આસો વદ ૧ તા. ૧૨–૧૦–૯૨ સોમવાર. શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ.

આસો વદ ૩ તા. ૧૪–૧૦–૯૨ બુધવાર. ગો.ચિ. શ્રી વિનયકુમારજી (કોટા)નો તથા ગો.ચિ. શ્રી હરિરાયજી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૧૮–૧૦–૯૨ રવિવાર. શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર, ગો.ચિ. શ્રી વ્રજવલ્લભજી (માંડવી)નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૨૦–૧૦–૯૨ મંગળવાર. ગો.ચિ. શ્રી વ્રજેશકુમાર (વીરમગામ)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૨૧–૧૦–૯૨ બુધવાર. શ્રી ટીકૈતના શૃંગારનો પ્રારંભ, ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા–પોરબંદર)નો તથા ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ)નો તથા ગો.ચિ. શ્રી મધુસુદનલાલજી (અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૨૨–૧૦–૯૨ ગુરુવાર. રમા એકાદશી વ્રત, ગો.ચિ. શ્રી મુરલીધરલાલજી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૨૩–૧૦–૯૨ શુક્રવાર. વાઘબારસ, ગોવત્સ દ્વાદશી, ગો. ચિ. શ્રી કલ્યાણરાયજી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૨૪–૧૦–૯૨ શનિવાર. ધનતેરસ, રૂપચૌદશ, અભ્યંગ સ્નાન, શ્રી જયદેવલાલજી મહારાજશ્રી (વીરમગામ)નો જન્મદિન. (ચૌદશનો ક્ષય છે તેથી આજે)

આસો વદ અમાસ તા. ૨૫–૧૦–૯૨ રવિવાર. દિવાળી, હટડી, કાન જગાવન, લક્ષ્મી-પૂજન, દીપદાન, વિક્રમસંવત ૨૦૪૮ની સમાપ્તિ.

સંવત ૨૦૪૯ કારતક સુદ ૧ તા. ૨૬–૧૦–૯૨ સોમવાર. નૂતન વર્ષારંભ, ગોવર્ધન પૂજા, અન્નકૂટ ઉત્સવ, ગો. ચિ. શ્રી ગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૨૭–૧૦–૯૨ મંગળવાર. યમદ્વિતીયા–ભાઇબીજ.

કારતક સુદ ૩ તા. ૨૮–૧૦–૯૨ બુધવાર. ગો.ચિ. શ્રી યમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૨૯–૧૦–૯૨ ગુરુવાર. ગો.ચિ. શ્રી ભૂષણજી (માંડવી)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૩૦–૧૦–૯૨ શુક્રવાર. લાભપાંચમ, ગો.ચિ. શ્રી વ્રજભૂષણલાલજી (મથુરા)નો તથા ગો.ચિ. પુરુષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૩૧–૧૦–૯૨ શનિવાર. શ્રી વ્રજોત્સવજી (નાથદ્વારા)નો તથા ગો.ચિ. શ્રી વિશાલકુમારજી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

કારતક સુદ ૭ તા. ૧–૧૧–૯૨ રવિવાર. ગો.ચિ. શ્રી જીવનેશજી મહારાજશ્રી (મુંબઇ)નો તથા ગો.ચિ. શ્રી જયદેવજી (કોટા)નો તથા ગો.ચિ. શ્રી પુરુષોત્તમજી (કાંદીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૨–૧૧–૯૨ સોમવાર. ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૩–૧૧–૯૨ મંગળવાર. અક્ષયનવમી, કુષ્માંડનવમી,, સત્યુગાદિ તિથિ, ગોવિંદાભિષેકોત્સ, વિવાહના પદની શરૂઆત, પૂનમ સુધી બોલાય, ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૪–૧૧–૯૨ બુધવાર. ગો. ચિ. શ્રી દ્વારકેશજી (કોટા)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૬–૧૧–૯૨ શુક્રવાર. પ્રબોધિની એકાદશી વ્રત, મંડપ ભોગ સંધ્યામાં, રસાત્મક મહારાત્રિ, તુલસીવિવાહ, હેમંતઋતુ શરૂ થઈ, પોષ વદ ૮ સુધી, ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કારતક સુદ ૧૨ તા. ૭–૧૧–૯૨ શનિવાર. શ્રી ગુસાંઇજીના પ્રથમલાલજી શ્રી ગિરધરજી (સં. ૧૫૯૭)નો તથા પાંચમા લાલજી શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧)નો ઉત્સવ, ગો.ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી (અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૧૦–૧૧–૯૨ મંગળવાર. પુર્ણિમા, યજ્ઞપત્નિનો અંગીકાર, ચાતુર્માસ નિયમ સમાપ્તિ, ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

ગોચારણ લીલા

[ઢાળ : કાના જાવું ગોકુલધામ મારો પાલવ મૂકોને....]

થયા છે ગાયોના ગોવાળ મારા નાનકડા રે બાળ,
માતા આનંદ મંગલ ગાય મારા નાનકડા ગોવાળ.... ટેક ૧

માથે મોર મુગટને ચીરા કાને કુંડળ ઝળકે હીરા,
કંઠે શોભિતી વનમાળ મારા નાનકડા રે બાળ.... ૨

લીધી કામળ ગેડી હાથ ભેળા ગોવાળોનો સાથ,
લીધી વનરાવનની વાટ મારા નાનકડા રે બાળ.... ૨

સમજો બલદાઉ શ્રીદામા જો જો કાન્હકુંવર છે નાના,
તેની પૂરી કરજો ભાળ મારા નાનકડા રે બાળ.... ૩

વનમાં ભોજન વેલા દેજો સરવે સાથે સાથે રે' જો,
સાંજે વ્હેલા વળજો બાળ મારા નાનકડા રે બાળ.... ૪

ગાયો આડીઅવળી થાય વ્હાલો વાંસલડીમાં વાય,
ગાયો ફરતી ટોળે થાય મારા નાનકડા રે બાળ.... ૫

દેખી કાન્હ કુંવરની રીત દેખી ગાયો કરતી પ્રિત,
સરવે રાજી રાજી થાય મારા નાનકડા રે બાળ.... ૬

આવ્યા સાંજ પડીને ઘેર માતા પૂછે વનની પેર,
વધાવે મોતી ભરીયા થાળ મારા નાનકડા રે બાળ.... ૭

ગોવિંદ બોલ્યા મીઠી વાણી મૈયા ગાય ચરાવી જાણી,
એવા **'માધુરી'** ગુણલા ગાય મારા નાનકડા રે બાળ.... ૮

આજે કારતક સુદ ૮ વ્રજમાં અતિ ઉત્સાહનો દિવસ હતો. મા યશોદામા સવારમાં રોજ કરતા વહેલા ઊઠી ગયા, કેમકે આજે તો લાલા કન્હૈયાને ગાયો ચારવા મોકલવાનું મુહુરત છે.

યશોદામા આનંદમાં ગીત ગાતા જાય, લાલા કન્હૈયાને સમજાવીને સ્નાન (અભ્યંગ કરાવી રહ્યા છે) કરાવવા પાટલા ઉપર બેસાડીને શિખામણ દે છે કે લાલા આજે તારે ગાયો ચારવા વનમાં જાવાનું છે. ગર્ગમુનિએ મુહુરત કાઢેલું છે. માટે ઝટ ઝટ ન્હાઈ લેવું જોઇએ. જોઇ લે દાઉભૈયા તો ન્હાઇ ધોઇને વાઘા વસ્ત્ર પહેરી રહ્યા છે. હમણાં જ તારા ગ્વાલ બાલો આવશે માટે વાર ન લગાડાય.

માતા સમજાવીને લાલાને સ્નાન કરાવી સુંદર નવીન વસ્ત્રો પહેરાવે છે. કટી પર કાછની, માથે મુગુટ, કાનમાં કુંડલ, હીરાજડીત ચીરાની પાઘ ધરાવી ઉપરણા ધરાવી ડોકમાં વૈજયંતિમાલા પહેરાવી. મારો લાલો સૌથી વધારે સુંદર દેખાવો જોઇએ. કાંધે કાળી કામળી

અને ગેડીયો સાથે દીધો. લાલાએ બાંસુરી લઇને કમરમાં ખોસી લીધી. શૃંગાર પુરો કરી યશોદામા લાલાનું મુખ જોઈ હરખમાં આવી વિચાર કરે છે કે લાલાને કયાંક કોઇની નજર ન લાગી જાય. વનમાં કેવા કેવા માણસો હોય, જેથી શ્યામ બિંદુ ગાલ પર લગાડી દેવું સારૂં. આમ જ્યાં શૃંગાર પુરી રીતે ધારણ કરાવી રહ્યા છે ત્યાં જ ગોવાળીયા (ગ્વાલબાલો) આવી ગયા. ગાયો પણ કેમ વાટ જોઇને જ ઉભી હોય હીંહોંટા કરે છે. ગાયોને ગોવાળો વન તરફ રવાના થઈ રહ્યા છે.

ત્યાં વળી માતાજીએ બલરામજી અને સુદામા સખાને બોલાવી શિખામણ દીધી કે જો જો હો તમે બંને સમજદાર છો. લાલો કન્હૈયો કયાંક વનમાં આડોઅવળો ન થાય. ચંચલ છે, તેથી તેની પુરી સંભાળ કરજો. એને ઘડીએ ઘડીએ ભૂખ લાગે છે જેથી સાથે ભાતું આપ્યું છે તેમાંથી ભોજન કરાવજો. ગાયો કેમ ચરાવાય તે બધું શીખવાડજો. જોજો હો, સાંજે વેળાસર ઘરભેગા થઈ જાજો, મોડું કરશો નહિ. આજે હજુ પહેલો દિવસ છે, એને ઘડીએ પણ એકલો મૂકશો નહીં. બધા સાથે સાથે રહેજો.

માતાજી શિખામણ દેતા રહે છે. આ બાજુ ગોવાળીયા હવે ગાયોને આગળ કરી વનરાવનની વાટે ચાલતા થયા. વનમાં આવતા ગાયો સારૂં ઘાસ (ખડ) જોઇને આડીઅવળી વીખરાય ગઈ. ગોવાળીયા પાછળ દોડી દોડીને પાસે–નજીક કરતા, ત્યારે લાલા કન્હૈયાએ ગોવાળોને પોતાની પાસે બોલાવ્યા અને વેણુનો નાદ કર્યો.

વેણુનો નાદ સાંભળી ગાયો ઉંચા કાન કરીને કૃષ્ણ પાસે આવીને ઉભી રહી ગઇ. આ જોઇને ગોવાળીયા બહુ રાજી રાજી થયા અને લાલાના વખાણ કરવા લાગ્યા. આ તો તેં બહુ જ સારૂં કર્યું, અમે તો દોડી દોડીને થાકી જાત.

કદમના વૃક્ષની સુંદર છાયામાં ગ્વાલબાલો સાથે કૃષ્ણ બલરામે ભોજન કર્યું. ગાયો હવે આસપાસમાં ચરતી હતી. ગોવાળીયા બધા ગાયો બાબત નિશ્ચિંત થયા. આનંદ–પ્રમોદ કરતા સાંજ પડવા આવી ગાયોની પાછળ બંસી બજાવતા ઘેર પહોંચ્યા. ત્યાં માતાજી આરતીનો થાળ લઇને ઉભા હતા. આરતી ઉતારી લાલાનું મુખ જોયું. પુછવા લાગ્યા, લાલા વનમાં શ્રમ તો પડયો નથી ને ? કોઇ બીક તો લાગી નથી ને ?

ત્યારે ગ્વાલભાલો એકી સાથે બોલવા માંડયા, મૈયા ! લાલા કન્હૈયાને ગાયો ચરાવતા આવડે છે. ગાયોને બંસીના નાદથી એક જગ્યાએ બોલાવી લીધી. કન્હૈયાએ મીઠી વાણીથી મૈયાને વનની બધી વાત કરી. માતાજી અતિ આનંદમાં આવી લાલાને ગોદમાં લઈ વ્રજ રજથી ભરાયેલું શ્રીઅંગ પુરૂં હાથથી સાફ કરે છે.

આ પ્રકારની પ્રથમ ગોચારણ લીલા જોઇ ગોપીગ્વાલ બધા આનંદમાં આવી લાલાના ગુણ ગાવા લાગ્યા. મૈયા તું બડભાગીની !

॥ શ્રી ગુરુદેવચરણકમલેભ્યો નમઃ ॥

શ્રીપુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિરતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ **[૮૪ વૈષ્ણવ]**

૧૦૧. રાગ-બિહાગ વૈ. ૮૩ (૧૯)

વંદૌં શ્રી સદુપાંડે કે ભેંસા,
'વૃંદા' નામ લીલામાં માલિન, શ્રી વૃષભાન નરેશા. ૧

શાપ દીયો શ્રી સ્વામીનીજીને, નાહી કરી દેન સંદેશા;
કીયો અભિમાન તુમ માલિન હૈ હે, ભૂતલ હોઉ ભેંસા. ૨

ચુક પરી ક્ષમા કરો તુમ, ભયો અપરાધ હમ ભારી;
સ્વારી કરેં જબ તુમ પર શ્રીજી, તબ પાવે છુટકારી. ૩

મ્લેચ્છ ઉપદ્રવકી મિસ કરકે, ભેંસા ચઢે મુરારી;
ટોંડ ઘને મેં આપ પધારે, વૃંદાપે કૃપા વિચારી. ૪

શાપ નિવૃત્ત ભયો તબહી, પશુયોની દે ડારી;
'લાલદાસ' ફીર 'માલિન' ક્હેકે, લીલામાંઝ સિધારી. ૫

૧૦૨. રાગ-બિહાગ વૈ.-૮૩ (૨૦)

વંદૌં રજપૂત હી બાર બાર,
'નેના' ગોપ શ્રી નંદરાય કે, ગાયન કે રખવાર. ૧

આમ ધરે હૈ માનસી મેં, કુંભનદાસ નિરધાર;
આરોગે પ્રભુ પ્રેમ ભાવતે, ગીતા બચન અનુસાર. ૨

સોઇ આમ લે રજપૂત ખાયે, પાયો પ્રસાદ સુખસાર;
દરશન ભયે તબ સ્વપ્નમેં, શ્રી ગોવર્ધન ગિરિધાર. ૩

ભઇ ઉત્કંઠા દરશનકી, આયો મંદિરકે દ્વાર;
દરશન હીતે મન હર લીનો, તબ તજે ઘર વાર. ૪

નામ – નિવેદન પાય વિકુલતે, ભયો ગ્વાલ સિરદાર;
શસ્ત્રબાંધ ઔર ચઢ ઘોરાપેં, જાત હે સંગ ગુવાર. ૫

દરશન દેત પ્રભુ ગાયન કે બીચ, મોહન નંદકુમાર;
'લાલદાસ' પ્રભુ ગોવર્ધનધર, ભકતનપેં રીઝવાર. ૬

–ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. ગો. **શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી**

રચયિતા : ગો. વા. પ. ભ. **શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી**

૧૦૩. અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતરૂપ

અપ્રાકૃત ભૂષન સોં ભૂષિત,
શ્રી ગોવર્ધનધર તિલક બિરાજત, ગોપીજન શૃંગાર હૈ સોભિત. ૧

હાર હીયે કો લલિતા વિશાખા, અષ્ટ સખી અષ્ટાંગ વિભૂષિત;
'વ્રજ' લીલારસ સાગર ઉમટયો, શ્રી પ્રથમેશ કીયે હે ઘોષિત. ૨

૧૦૪. સહજ સ્મિત રૂપ

સહજ હાસ મુખ સોહત જીનકે, શ્રી પ્રથમેશ પ્રભુ સુંદર વર;
કોટી અનંગ ન્યોછાવર ઇન પર, મોહત હે જહાં કોટિ પુરંદર. ૧

દેવ મોહે અંતરિક્ષ અપ્સરા, કિન્નર ગંધર્વ છાયે ભૂપર;
દેખત હીં સબ થકિત હોત **'વ્રજ'**, છાપી સબ ઉપમા ગિરિકંદર. ૨

૧૦૫. ત્રિલોકી ભૂષણ રૂપ

તીન લોક કે ભૂષન મધુપતિ,
નિરખત રૂપ હોત નહીં તૃપ્તિ, ચક ચોંધિસી રહત નયન ગતિ. ૧

રસ શૃંગાર ઉમડત સબ અંગન, પ્રગટ હોત હેં પ્રિતમ સોં રતિ;
દેખત **'વ્રજ'** વલ્લભકી શોભા, હોત હે પંગુ જગતકી મતિ. ૨

૧૦૬. ભૂમિભાગ્યરૂપ

પ્રગટ ભયો ભૂતલ કો ભાગ્ય,
દેશ વિદેશ કોમલ ચરન સોં, સિદ્ધ કીયો ભૂમિકો સુહાગ. ૧

તૃપ્તિ ન ભઇ અવતરી અન્ય અન્ય સોં, ભઇ તૃપ્ત વલ્લભ પદ લાગ;
પુરે અવનિ મનોરથ પ્રથમેશ જુ, **'વ્રજ'** પતિ ચરન રહી હે પાગ. ૨

—**ક્રમશઃ**

કાવ્ય-કુંજ

વિવાહ ખેલ

મૈયા સુનલે બાત હમારી જલ્દીસે બ્યાહ કરા,
જલ્દીસે બ્યાહ કરા, મેરા જલ્દીસે બ્યાહ કરા; મૈયા સુનલે બાત હમારી.... ૧

સબકે ઘર બહુ નવી નવેલી, તુ મૈયા કબતક રહે અકેલી,
સૂની સૂની લાગે હવેલી, જલ્દીસે બ્યાહ કરા મેરા.... ૨

બ્યાહ કર દુલહન ઘર આયેગી, ઘરકા કામ સબ કરેગી,
મૈયા તુ કરના આરામ, જલ્દીસે બ્યાહ કરા મેરા.... ૩

સુન કાન્હાકી ભોલી બાત, હસ પડી જશોદા માત,
કાન્હા થોડો બડો હોજા, મૈં કર દુંગી તેરા બ્યાહ- મૈયા.... ૪

કરદુંગી તેરો બ્યાહ, કરદુંગી તેરો બ્યાહ,
તું બાત સમજ જા મોરી, કાન્હા હોગા તેરા બ્યાહ- મૈયા.... ૫

કૃષ્ણ કનૈયા કી મીઠી મીઠી બાતેં, મોહ રહી મન મેરા,
હાથ જોડ **‘કમલા’** માંગે, તેરેમેં ચિત્ત લગા- મૈયા.... ૬

કમલાબેન આશર, રાયપુર

(૨)

ચિંતાવંશ વિધ્વંસ કરનાર છે રે...

[‘ચિંતા સંતાન હંતારો.......’ પરથી]

એ’ની ચિંતા મનમાં શીદ લાવીએ રે....
શ્રી વલ્લભ ચિંતાના હરનાર છે રે....
હાં રે વલ્લભ ચરણ કમલ રેણુ રે....
ચિંતાવંશ વિધ્વંશ કરનાર છે રે....
એ’ની વલ્લભ છે આપણ નિજના રે....
કદી વિસ્મરીએ મનથી ના આપને રે....
એવા આચાર્યચરણ મહાપ્રભુજીને રે....
પ્રિતે પ્રણમીએ વારે વારે ભાવ થકી રે....

—શ્રી વલ્લભપદ રેણુ

ડરપોક

લેખક : **માધુરી**

મને મૂળમાં જ સત્સંગની ખામી રહી છે. પ્રભુકૃપાએ કદાચ મલી પણ હશે. તો પણ ગ્રહણ કરવાની શકિત ન રહી. સત્સંગથી જ મનના સંશયો દુર થાય છે. સત્સંગથી જ પ્રભુપ્રાપ્તિ થાય તેવું સાંભળ્યું છે, વાંચ્યુ છે. ક્ષણવાર પણ ભગવદ્‌ભકતના સંગની બરોબર સ્વર્ગ અને મોક્ષનું સુખ તુચ્છ છે. આવા સત્સંગના અભાવથી મને ડર લાગે છે.

શ્રી વલ્લભની કૃપાથી શરણ તો મલ્યું છે, પરંતુ દ્રઢતાપુર્વક ગ્રહણ કરી સ્થિરતા પ્રાપ્ત કરી આજ્ઞા મુજબ ચાલી શકાતું નથી તેથી મને ડર લાગે છે.

આ માનવદેહ પ્રભુ પ્રાપ્તિ કરવા મળી છે. આવી ઉત્તમ તક હાથમાંથી નીકળી ન જાય તેનો મને ડર લાગે છે.

મારૂં અંતઃકરણ કેટલું શુદ્ધ છે, તેની મને ખબર નથી. પણ હવે આથી વધારે અજ્ઞાનતાભરી અંધકારમય ન બની જાય તેનો મને ડર લાગે છે.

મારી યોગ્યતા કરતાં પ્રભુએ સાંસારીક દરેક સુખ, જેમકે ઘર, સ્ત્રી, પરિવાર, શારિરીક સંપત્તિ બધું દીધું છે. આ લૌકિક સુખમાં આનંદ માની લપટાઇને કયાંક સંસારમાં આવ્યાનું મુખ્ય કામ રહી ન જાય તેનો મને ડર લાગે છે.

અંતઃકરણ શુદ્ધ રાખવા માટે સત્ય બોલવું ને સત્ય રસ્તે જ ચાલવું જરૂરી છે. પરંતુ વિવેકની ખાતર ખોટું ન બોલે તો મૂરખ ગણાય. જેટલું વધારે ખોટું બોલાય તેટલું જ અંતઃકરણ વધારે મલિન બની જાય છે. તે જાણવા છતાં પ્રતિષ્ઠા કે વિવેક અગર સ્વાર્થની ખાતર ખોટું બોલવું, હા માં હા મેળવવી, આમ નહીં કરૂં તો લોકોમાં મુરખ કહેવાઇશ આવી વિચારધારાનો મને ડર લાગે છે.

અનેક કામનાઓ અંતઃકરણમાં ભરી છે. તે પુર્ણ કરવા ધર્મને નામે ધન કમાવું ગુન્હો છે. તેમજ પ્રતિષ્ઠાની લાલસા પણ બાધક જ છે. આ બધું જાણતા છતાં પણ બાહરી આડંબર બતાવી વૃત્તિ ખરાબ ન બની જાય તેનો મને ડર લાગે છે.

શ્રી હરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે ધન અને પ્રતિષ્ઠા ખાતર ભગવદ્‌ ધર્મનો ઉપયોગ ન કરવો, આવા હૃદયમાં પ્રભુ પધારે નહીં, મુળમાં જ ખામી છે, ત્યાં આવી લાલસામાં ન ફસાઇ જાઉં તેનો મને ડર લાગે છે.

પ્રભુકૃપાએ થોડું ઘણું દાન મલ્યું હોઇ જેમકે કિર્તન, પ્રવચન, લેખન આ બધી વસ્તુનો ઉપયોગ સત્સંગ દ્વારા ભગવદ્‌ પ્રાપ્તિ કરવા માટે જ હોય છે. તેનો ઉપયોગ હું મારા લૌકિક સ્વાર્થ માટે ન કરી બેસું તેનો મને ડર લાગે છે.

ગોપીજનોએ ગોપીગીતમાં ગાયું છે : 'શરણમિયુષાં સંસૃતેર્ભયાત્‌' તે મુજબ હે પ્રભુ ! સંસારથી ભયભીત બનેલા જીવો આપનું શરણ ગ્રહણ કરે છે, કેમકે આપનાં શરણમાં નિર્ભયતા છે.

આ વસ્તુ સમજવા શુદ્ધ અંતઃકરણ જરૂરી છે. અંતઃકરણ શુદ્ધ રાખવા પ્રપંચની વિસ્મૃતિની જરૂર છે. જ્યાં સુધી જગતની આશા છે ત્યાં સુધી જગત ગુરુ અને તેનો તું દાસ. આવું બને તેનો મને ડર લાગે છે.

રતિ મતિ ગતિ મારી શ્રીકૃષ્ણમાં જ રહે તો જ હું નિર્ભય બની શકું. ક્યાંક મારી રતિ મતિ ભટકી ન જાય તેનો મને ડર લાગે છે.

સંસારમાં તો માયાનું જોર છે. ઘડીકમાં કાંઇ બીજી ઘડીયે કાંઇ સંસારી જીવો તો પોતપોતાની બુદ્ધિ અનુસાર બોલે છે કેમકે સ્વાર્થ સાથે લાગેલો છે. કોઇ તો પ્રતિષ્ઠાના ભૂખ્યા ધર્મકર્મની પ્રતિષ્ઠાની ખાતર પરવા કરતા નથી. આવામાં ક્યાંક હું ભૂલ ન ખાઇ જાઉં તેનો મને ડર લાગે છે.

સંસારની રીત છે. થોડો ઘણો કોઇ ભગવદ્‌ધર્મ કરતો હોય તેની નિંદા કરવાવાળા તૈયાર જ રહે છે. કેમકે તેને તે વસ્તુનું જ્ઞાન નથી. પરંતુ ભક્ત તો અટલશ્રદ્ધા રાખી સ્વધર્મ પાલનમાં ડગતો નથી. ઉલટાનો તેનો ઉપકાર માને છે કે ભલેને નિંદા કરે. જરૂર મારો મિત્ર છે. મારી ક્યાંક ભૂલ થતી હશે, તેની મને જાણ થશે. આમ સમજીને વધારે સાવધાની રાખી પ્રભુ પરાયણ બનશે. ખરેખર આવા ઉત્તમ ભગવદ્‌ ભક્તોનો ક્યાંક હું ભૂલે ચૂકે અપરાધ ન કરી બેસું તેનો મને ડર લાગે છે.

જેનું મન આઠે પ્રહર સંસારીસુખ માટે જ ઝઝુમતું રહેતું હોય, જેને સંતોષ ન હોય આઠે પ્રહર આમાંથી સમય મળે જ નહિ, જેને સંતોષ નહિ, આવી ભ્રમણ વૃત્તિવાળા આમાં જ ઉંમર પુરી કરે છે. આવા હૃદયમાં પ્રભુ કદાપિ પધારે નહીં.

શ્રી મહાપ્રભુજીનું વાક્ય 'વિષયાક્રાંત દેહાનાં નાવેશ સર્વથા હરેઃ' તે મુજબ આવું મારું અંતઃકરણ ન બની જાય તેનો મને ડર લાગે છે.

જે અંતઃકરણમાં ભગવદ્‌ રસભર્યો રહેવો જોઇએ તેમાં કેવળ લૌકિક ભાવના જ ભરી ન રહે તેનો મને ડર લાગે છે.

છેવટે– 'પ્રભુઃ સર્વ સમર્થો હી તતો નિશ્ચિંતતાં વ્રજેત્' મારા જેવા ડરપોક જીવ માટે તો ઉપરનું વાક્ય સમજીને ચિંતાથી દુર રહેવું જરૂરી છે.

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકોને નમ્રવિનંતિ

ચાલુ વર્ષનું ભેટ પુસ્તક "શ્રી વિઠ્ઠલેશસ્તુત્યાવલી" છાપકામ ચાલુ છે. તૈયાર થતાં થોડો વિલંબ થવા સંભવ છે. પુસ્તક તૈયાર થયે દરેક ગ્રાહકોને મોકલી અપાશે અને તેની સુચના શ્રીવલ્લભ સુધામાં આપીશું. તો કૃપા કરી ભેટ પુસ્તક અંગે પત્રવ્યવહાર ન કરવા વિનતિ.

–સંપાદક

પુસ્તક પરિચય

૧. વેદ ભાગવતમ

લેખક–ભાગવત ભૂષણ રમણલાલ કૃષ્ણરામ શાસ્ત્રી
પ્રકાશક–શ્રી વલ્લભ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ, જતીપુરા
૧/૮ ડેમી સાઇઝ પૃષ્ઠ ૩૦૪–૫૫–૩૫૯
ન્યોછાવર રૂા. ૨૫/– પચીસ.

પ્રસ્તુત પ્રકાશન સાહિત્ય જગતનો સંશોધન પૂર્ણ એક અજોડ ગ્રંથ છે. તેમાં જાણવા જેલા ૨૮૮ વિષયોને સુત્રાત્મક શિર્ષકનો શ્રીમદ ભાગવત, ગીતા, વેદ, વેદાંગ, ઉપનિષદ વગેરેમાંથી સમન્વય પૂર્વક સંશોધન અને સંકલનેનો મૂળ શ્લોંક સાથે હિંદી ભાંષાંતર સહીત સંગ્રહ કરેલ છે. જે વસાવીને અવગાહન કરવા યોગ્ય છે

આ મહત્ત્વ પુર્ણ ગ્રંથ સાહિત્ય સંબંધે "બે બોલ" નિ, લી. પુ. પા. ગો, શ્રી પ્રથમેશજી મહારાજ-શ્રીએ લખી આપી વાચક વૃંદ ભારતની વાંગમયની ગૌરવપૂર્વક અભિવૃદ્ધિ કરશે. સહયોગીઓને આ પ્રકાશનને સર્વાંગી સફળતા મળે તેવા આશીર્તાદ પ્રદાન સહ શાસ્ત્રીજીનું શ્રદ્ધાંજલિ સહ સ્મરણ કરેલ છે.

૨. સિધ્ધાંત રહસ્યમ

લેખક–ગો, વા. પ. ભ. શ્રી ગોપાલદાસ ઝાલાની
પ્રકાશક–આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ. મુંબઇ.
૧/૮ ડેમી સાઇઝ પૃષ્ઠ ૧૦૦
ન્યોછાવર રૂા. ૧૫/– પંદર.

પ્રસ્તુત પ્રકાશન શ્રીમદ વલ્લભાચાર્યજી પ્રણીત ગ્રંથ ઉપરની જુદા જુદા લેખકોની સંસ્કૃત ૧૧ ટીકાનું સમન્વય કરીને મૂળ શ્લોક સાથે હિંદીમાં વિવેચન સરળ શૈલીમાં રજુ કરેલ છે જે મનનીય છે.

આ પ્રકાશનનો પુ. પા. ગો, શ્રી ગિરધરલાલજી મહારાજ–ઈંદોર; પુ. પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ–કોટા અને ગો. શ્રી વૃજભૂષણલાલજી મહારાજ કાંકરોલીએ અભિપ્રાય ઉપોદઘાત લખી આપીને લેખકના પ્રયત્ન અને પરિશ્રામથી સર્વ સાધારણ જનતા લાભાન્વિત અને જાગૃત થશે એવી શુભેચ્છાસ્થા અભિનંદન વ્યકત કરેલ છે.

૩. પુષ્ટિ સ્તવન

પ્રકાશક–પ, ભ. શ્રી કુંભનદાસ ઝાલાની ૧/૩૨ ક્રાઉંન સાઇઝ પૃષ્ઠ ૬૪ ન્યોછાવર–રૂા. ૫/– પાંચ.

પ્રસ્તુત પુસ્તિકામાં ષોડશ ગ્રંથ પૈકીના નિત્ય નિયમના ગ્રંથ પૈકીના નિત્ય નિયમના ગ્રંથો, મધુરાષ્ટમ નંદકુમારાષ્ટકમ, વૃત્રા સુરઃ ચતુઃ શ્લોકી, શિક્ષા શ્લોકી ઉપરાંત નિત્ય અને વર્ષોત્સવ ઉપરના એકેક, બેબે પદોનો સમાવેશ છે જે નિત્યનો ઉપયોગી સંગ્રહ' છે. તેમજ 'પુષ્ટિ માર્ગ' સંબંધનો માર્ગદર્શક મહત્ત્વનો લેખ છે જે મનન કરવા લાયક છે,

ઉપરોકત ત્રણે પ્રકાશનો હિંદી ભાષામાં દેવનાગરી લીપીમાં હોવાથી હિંદી ભાષી વૈષ્ણવ જનતાને અતિ ઉપયોગી હોષ વહેલી નકે વહેલી મનન કરવા નમ્ર અનુરોધ કરીએ છીએ.

પ્રાપ્તિસ્થાન– ૧. અન્તરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી–૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
મુંબઇ–૪૦૦૦૦૧
૨. આન્તરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ યશોભવન, ૧, ન્યૂ પલાસિયા, સ્ટ્રીટ નં. ૨
ઇંદોર–૪૫૨૦૦૧

સમાચાર

ડાકોર-આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદની તાજેતરમાં ડાકોર મુકામે કારોબારી મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ઉપસ્થિત સભ્યોએ **વૈષ્ણવ** પરિષદ દ્વારા હાથ ધરતા વિવિધ સાંપ્રદાયીક વિષયો ઉપર ચર્ચા કરી નિર્ણયો લેવામાં આધ્યા હતા.

આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ આયોજીત શ્રીમદ વલ્લભાચાર્ય રૂષીકુલની મહત્વતા સમજાવતા વડોદરાનાં વૈષ્ણાવાચાર્ય શ્રી મથુરેશ્વરજી મહોદયે પોતાના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે વૈષ્ણવ સંપ્રદાય માટે ગૌરવની વાત છે કે પરિષદના માધ્યમથી ૧૫૦૦ વિદ્યાર્થી આવાસ–નિવાસ કરી શકે તે માટે ૧૬૦૦૦ (સોળહજાર) ચો. વા. જમીન ઉંપર વિશાળ વૈષ્ણવ ગુરૂકુલ નીર્માણ થઈ રહ્યું છે.

વિશેષમાં શ્રી મથુરેશ્વરજી મહોદયે જણાવ્યુ હતુ કે વૈષ્ણવ માત્ર આ ગુરૂકુલ નીર્માણનાં સહભાગી બની શકે તે માટે વૈષ્ણવ પરીષદની કેન્દ્ર કચેરી દ્વારા રૂા. ૧૦/– ની છાપેલી કુપનો બહાર પાડવામાં આવી છે તે અતી આવકારને પાત્ર છે આપણાં સંપ્રદાયનાં વૈષ્ણવ માત્રને એક એક કુપન લઈ ગુરૂકુલ નીર્માણ માટે યોગદાન આપી કૃતાર્થ થવા થવા હું પ્રત્યક વૈષ્ણવને અપીલ કરૂ છુ.

આ અપીલના અનુસંધાને ડાકોરમાં પુષ્ટી માર્ગીય વૈષ્ણવોના આશરે બસો ઘર છે અને આઠસોથી નવસો વૈષ્ણવોની વસ્તી ધરાવતુ ગામ છે ઉપસ્થિત તમામ વૈષ્ણવોએ આ કુપનો ખરીદ કરવાનો નીર્ણય જાહેર કર્યો ડાકોર માટે કુલ ૧૦૦૦/– એક હજાર કુપનો લેવામાં આવ્યા અને ડાકોર વૈષ્ણવ પરિષદના પ્રમુખશ્રી ઠાકોરભાઈ દેસાઇએ જાહેર કર્યું કે અમારા ડાકોરગામના પ્રત્યેક વૈષ્ણવ એક એક કુપન ખરીદ કરશે.

આ પ્રસંગે વૈષ્ણવ પરીષદ ગુજરાત પ્રદેશ સમીતીના પ્રમુખશ્રી ઈન્દ્રકાંતભાઈ શેઠે ડાકોરના વૈષ્ણવોને ધન્યવાદ આપતા જણાવ્યુ કે ગૌરવની વાત છે કે નાના એવા ડાકોરગામના પ્રત્યેક વૈષ્ણવ એક એક કુપન ખરીદ કરી વૈષ્ણવ ગુરૂકુલ નીર્માણમાં પોતાનુ સુંદર યોગદાન આપી ગુજરાતમાં એક ઉદાહરણીય દાખલો બેસાડયો છે.

આ પ્રસંગે પરીદના અગ્રણી અમદાવાદના શ્રી ઈન્દ્રકાંતભાઇ શેઠ વડોદરાના શ્રી ચીમનભાઇ શેઠ તેમજ રાજકોટના શ્રી હરસુખભાઈ ખખ્ખરને સાંપ્રદાયીક સેવાઓ માટે શ્રી મથુરેશ્વરજી મહોદયે પ્રસાદી ફુલ માલા પહેરાવી અભીવાદન કરી આશીર્વાદ આપ્યા હતા.

આ મીટીંગમાં ગુજરાત પ્રદેશ સમીતીના અગ્રણીઓ શ્રી પ્રધ્યુમનભાઇ શાસ્ત્રી, શ્રી યોગેશભાઇ શાસ્ત્રી શ્રી વી. પી. પરીખ, શ્રી વજુભાઇ શાહ વિગેરેએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા.

અને શ્રી સી. પી. તલાટીએ આભાર દર્શન કર્યું હતુ તેમજ કાર્યક્રમનું સંચાલન શ્રી ચીમનભાઈ શેઠે કર્યું હતું.

ધોધાવદર— તા. ૧૨–૭–૯૨નાં રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે પટેલ મોહનભાઈ ડોબરીયા દ્વારા એક ધર્મ સભાનું આયોજન રાખવામાં આવેલું તેમાં કડી, ગોંડલ, નાં. પુ. પા. ગૌ શ્રી દામોદરલાલ મહારાજશ્રી એ મૌલિક અને સારગર્ભિત વાણીમાં શ્રી મહાપ્રભુજીનાં મુળ સિદ્ધાંતોની સમજ સાથે સેવા સ્વરૂપ સેવ્ય સ્વરૂપ સેવા સ્થલ સેવોપદેશ દીક્ષા આદી મુદ્દાઓ પર પ્રવચન આપ્યાં હતા. આ સભામાં દડવા, રામોદ, વાછરા, રાજકોટ જસાપર આદિ ગામોનાં નિષ્ઠાવાન વૈષ્ણવો એ અત્યધિક સંખ્યામાં હાજર રહી શ્રી મહા પ્રભુજીનાં સાચા સિદ્ધાંતોનાં શ્રવણનો લાભ લીધો હતો આ બધા સિદ્ધાંતોનાં શ્રવણથી વૈષ્ણવમાં જાગૃતિ આવી છે.

ખરેડી વૈષ્ણવ સમાજના અગ્રણી વૈષ્ણવ શ્રી વિરચંદભાંઇ સોની તા. ૨૯–૮–૯૨ નાં શ્રી હરિ, શરણ થતાં શ્રી હરિ, ગુરૂ વૈષ્ણવની સેવા પરાયણ એક ભગવદિયની સમમગ્ર વૈષ્ણવો છે. ખોટ પડી છે.

ગોપાષ્ટમીનું ધોળ

[ઢાળ – મારે ઘેર આવજે માવા સવારે ઢેબરૂં ખાવા રે]

કહાનજીને ગાવડી વ્હાલી, ચારે વન વનમાં ચાલી રે.
ગાવડી સંગે ગોવિંદ ડોલે, ગોકુલ વૃંદાવન;
ગોરજ ગંગા સ્નાન કરે, વ્હાલો પ્રીતમ પ્રાણજીવન. ૧
બંસી બટ પર બંસી બજાવે, બોલાવે લૈ લૈ નામ;
કાળી કાજર ધોળી ધુમર, જપે આઠે જામ; ૨
નામ સુણીને નટવર પાસે, આવે ટોળે ટોળ;
ઉંચે શ્રવણે આતુર દોડે, ભાવ ભરી અણમોલ ૩
વ્હાલો વ્હાલ કરે. બહુ ઝાઝાં, મુખ પર ફેરે હાથ;
નેન ભરીને શ્રીમુખ નિરખે, સરવે ગાયોનો સાથ. ૪
યમુનાજીનાં જલ પીવરાવેને, ન્હવરાવે નંદલાલ,
લીલું લીલું ઘાસ ચરાવે, ગાયોને ગોપાલ. ૫
ગૌ દોહનની ગૂઢ છે લીલા, જાણે ગોપીજન;
કાં તો જણાવે કૃપા કરીને. પોતે થઇ પ્રસન્ન. ૬
ગાવડી વ્હાલીને ગોરસ વ્હાલું, વ્હાલો સાચો સ્નેહ;
માખણરૂપી મનડા ચોરે, **'નિજજન'** ભરિયા નેહ. ૭

– નિ. લી. ગો. શ્રી જશોદા બેટીજી. સુરત

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

ચીર લીલા

મ્હાંરી થાંરી નાહિ બણૈ ગિરધારી ॥
લે મોરો ચીર કદમ ચઢિ બૈઠા રે, હમ જલ માંહિ ઉઘારી ॥૧॥

તુમરો ચીર રાધે ! તમને રેસ્યાં જી, હો જાતે જલ સેં ન્યારી ।
જલ સે ન્યારી કન્હા ! કિસ બિધ હોવાં, આવત લાજ તિહારી ॥૨॥

હમારી લાજ ક્યોં રાધે કરતિ હો; હમ હૈં પુરુખ તુમ નારી ।
'ચંદ્ર-સખી' ભજ બાલકૃષ્ણ છબિ, તુમ જીતે હમ હારી ॥૩॥

—ભકત કબિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૧ : અંક-૮ **નવેમ્બર, ૧૯૯૨**

શ્રી વલ્લભાબ્દ ૫૧૪

વાર્ષિક લવાજમ રૂા. ૨૫/- ✻ **આજીવન રૂા. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

॥ શ્રીહરિ ॥

વધાઈ

શ્રીવલ્લભ અને શ્રીયમુના મહારાણીની કૃપા દ્વારા સદા સર્વાત્મભાવથી પ્રભુ શ્રીકૃષ્ણની સેવામાં હાથ પવિત્ર કરનારા, શ્રીવલ્લભ અને શ્રીવલ્લભ કુલના લાડીલા સ્વકિંયજન પ. ભ. શ્રી. ને મુંબઇ મોટા મંદિરવાળા ગો. શ્રી ૧૦૮ શ્રી જીવનેશજી મહારાજ તથા ચિ. ગો. શ્રી ૧૦૮ શ્રી પુરૂષોત્તમલાલજી (પંકજબાવા) ના શુભાશિંર્વાદ વિ. સહર્ષ જણાવવાનું કે ગો. શ્રી પંકજબાવાના નાના બેટીજી સૌ. કા. તરુલત્તા રાજાના લગ્નનો પ્રસ્તાવ સં. ૨૦૪૯ કારતક વદિ ૮ મંગળવાર તા. ૧૭-૧૧-૯૨ ના શુભ દિને રાજકોટ મુંકામે નિર્ધારેલ છે.

આ પ્રસ્તાવ ૩ દિવસ ચાલશે નિત્ય રાત્રે કિર્તન ઢાઢીલીલા ઇત્યાદિ તથા પૂ. ગો. બાલકોના વંચનામૃતોં થશે.

સર્વે વૈષ્ણવોને સહકુટુંબ આવવાનું જ છે.
વૈષ્ણવોના ઉતારા, મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.
પ્રસ્તાવ અગાઉ ૧૦ દિવસે તમારા આગમનની જાણ કરશો.
પ્રસ્તાવ સ્થળ : જશુભાઇ મંડાણ લાલજી પારેખની શેરી, ખત્રીવાડ **રાજકોટ**

સંપર્ક : સેવા, તથા સુચના માટે પત્ર વ્યવહાર સ્થળ : ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહોદય (શ્રી પંકજબાવા) લલીતા કુંજ, ૪ પુજારા પ્લોટ **રાજકોટ** ફોન : **૨૨૨૧૮**

વધાઈ

શ્રી નાથજી બાવાની અસીમ કૃપાથી તથા ગોસ્વામી કુલ કૌસ્તુભ તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી જામનગર મુકામે પૂ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીનાં હસ્તે શ્રી નાથજી બાવાનાં શ્રી ધ્વજાજી મહોત્સવ સંવત ૨૦૪૯ પોષ સુદ ૯ને શુક્રવાર તા. ૨૫-૧૨-૯૨ થી પોષ સુદ ૯ને તા. ૨૮-૧૨-૯૨ સુધી દિવસ ૪ માટે શ્રી ઠાકોરજીને વિવિધ પ્રકારનાં ઋતુ અનુસાર મનોરથ કરી લાડ લડાવવાનું આયોજન કરેલ છે.

શુભ સ્થળ :- શ્રી આણંદા બાવા આશ્રમ, લીમડા લેન, જામનગર.

સામૈયું :- તા. ૨૪-૧૨-૯૨ ગુરુવાર સાંજના ૫ વાગ્યે જામનગરના જુના સ્ટેશનનાં રેલ્વે ફાટક (અમર ટોકીઝ) પાસેથી મનોરથીના નિવાસ સુધી.

શોભા યાત્રા :- તા. ૨૫-૧૨-૯૨ શુક્રવાર સવારે ૮-૩૦ કલાકે મનોરથી શ્રી ગીરધરલાલ મુળજી ઝવેરી "વૃજ વિહાર" પટેલ બોર્ડીંગની સામે, સોલેરીયમ રોડ, જામનગર-નિવાસ સ્થાનેથી પ્રયાણ થઇ જામનગરના માર્ગ પર ફરીને આણંદ બાવાનાં આશ્રમે ૧૦-૩૦ કલાકે પહોંચશે.

શ્રી ધ્વજા રોહણ :- તા. ૨૫-૧૨-૯૨ શુક્રવાર સવારે ૧૧ કલાકે પૂ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીના શુભ કર-કમલે.

દર્શનનો સમય :- શુક્રવાર બપોરે ૪ થી ૭ વાગ્યા સુધી શનિ-રવિ દરરોજ સવારના ૮ થી ૧૨ અને સાંજના ૪ થી ૭ અને સોમવારે સવારના ૮ થી ૧૨

આ અવસરનાં અલૌકિક દર્શનનો લાહવો લેવા વૈષ્ણવ સમાજને પધારવા વિનંતિ છે.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૧ અંક : ૭ ❊ ઓકટોબર, ૧૯૯૮

॥ શ્રી હરિઃ ॥

સન્મુખતા – સર્વોત્તમ ફલ

(ગતાંકથી ચાલુ)

જ્યારે આ ભગવત્સંબંધ થાય ત્યારે સમજવું જોઇએ કે આપણા બધા કાર્ય સફળ થયા. આપણે પાઠ કરીએ, જપ કરીએ, સારા કામ કરીએ, એ ઘણું સારું છે, શુભ છે. પરંતુ ભગવદ્ સંબંધ હૃદય સાથે ન થાય તો સમજી લેવું જોઇએ કે જે કાર્ય આપણે કર્યા હતા. તેમાં કોઇ જાતની ખામી રહી ગઇ. ત્રુટી રહી ગઇ, તેથી ભગવદ્ સંબંધ ન થયો. જો બરોબર રીતે આપણે કર્યું હોત તો ભગવદ્ સંબંધ થવાનું અનિવાર્ય હતું. આ તેની પરીક્ષા છે. કસોટી છે. આ રીતે આ કસોટી પ્રમાણે કેટલા લોકો સફળ થયા. આ તો પોતાના હૃદયને પૂછી શકાય છે. બીજું કોઇ તેને બતાવી શકશે નહીં. આપણું કાર્ય સફળ થયું કે નહીં તે તો હૃદય પોતે જ બતાવી શકે. અને એ પૂર્ણરૂપે હૃદય સંબંધ ન થાય આંશિકરૂપે થાય, વધારે સમય માટે ન થાય, થોડા સમય માટે થાય, તો, પણ આ કાર્યથી જો ભગવદ્ સંબંધ થયો હોય, થોડા સમય માટે થયો હોય. અલ્પ માત્રામાં, અલ્પરૂપમાં થયો હોય તો પણ તે કાર્ય સફળ તો થયું જ છે એમ આપણે કહી શકીએ.

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક.

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન **વાડી** બિલ્ડીંગ
લોહાણા પરા **રાજકોટ**

જે વ્યકિત વિદ્યાધ્યયન કરવા માટે પ્રવૃત્તિ કરે છે તે વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. અને કરે જે પ્રવૃત્તિ નહીં કરે તેને વિદ્યા પ્રાપ્ત કરવાનો કોઇ અવસર જ પ્રાપ્ત થવાનો નથી. તેણે તો આશ જ ન રાખવી જોઇએ. કે હું વિદ્યા પ્રાપ્ત કરી લઇશ. પ્રવૃત્તિ કરવી ઘણી મુશ્કેલ છે. આ પ્રવૃત્તિમાં પ્રોત્સાહન આપવા માટે આવાં શુભ પ્રસંગ, શુભ કાર્ય આદરણીય છે. અને શ્રીહરિરાય મહા પ્રભુજીએ જે એક વાત આપણને વિશેષરૂપે ભાવપુર્વક બતાવી તે છે એ બતાવી છે કે જીવે ભગવત્ સન્મુખતા પ્રાપ્ત કરવી જોઇએ.

ભગવાનની સન્મુખતા હૃદયમાં થઇ જાય એ ભગવદીયતા છે. જે ભગવદ્ વિમુખ છે તેને લૌકિક કહી શકીએ. પરંતુ તેમની સ્થિતિ લોકોની નજરમાં ગમે તેટલી ઉંચી થઇ જાય, વિદ્યાથી, પદવીથી, યશથી, કુટુંબથી ગમે તેટલી ઉંચી પ્રગતિ કરી શકે, આ બધું થઇ શકે છે, પરંતુ આપણે શ્રી હરિરાયજીની દૃષ્ટિ પ્રમાણે જેના હૃદયમાં ભગવદ્ સંબંધ નથી, એવી વ્યકિત ગમે તેટલી મહાન હોય, ઉંચામાં ઉંચી હોય, તેનું કાંઇ મુલ્ય ન હોઇ શકે.

કોઇ સામાન્યમાં સામાન્ય વ્યકિત હોય અને કોઇ ઉંચા ઉચા કાર્ય કરતી ન હોય, પરંતુ ભગવદ્ સંબંધ તેના હૃદયમાં હોય તે સર્વોત્તમ છે. તેને આપણે સર્વોત્તમ નામ આપી શકીએ.

આપણે ભગવદ્ સંબંધ જાળવી રાખવા માટે આવા શુભ કાર્યોમાં અવશ્ય પ્રવૃત્ત રહેવું જોઇએ. અને ગ્રંથો વિષે. પહેલી એકાદશીને દિવસે આ વાત કહી હતી કે આપણા ગ્રંથોનું અધ્યયન કરવું એ આપણા જીવનનું એક અંગ બનવું જોઇએ. જીવનનો એક હિસ્સો દૈનિક જીવનમાં, દૈનિક કાર્યક્રમમાં આપણે તેને રાખીએ એવું થવું જોઇએ. વિશેષ ન બની શકે તો ઓછામાં ઓછું એક પૃષ્ઠનો, એક પાનાનું તો આપણા ગ્રંથોનું અધ્યયન કરવું, એવો નિયમ બનાવવો જોઇએ.

ઘણા લોકો જપનો નિયમ રાખે છે. પાઠનો નિયમ રાખે છે, સેવાનો નિયમ રાખે છે, પરંતુ ગ્રંથોના અધ્યયન કરવાનો નિયમ તેઓ રાખી શકતા નથી. તેની જરૂરીઆત તેઓ સમજતા નથી એવું નથી. તેની જરૂરીઆત તો સમજે છે પરંતુ તેમનો વિચાર કંઇક એવો હોય છે કે તેઓ એમ કહે છે કે અમને સમય મળતો નથી જે ઇચ્છે છે કે ગ્રંથોનું અધ્યયન કરે અને કરે છે.

જે પ્રવૃત્તિ નહીં કરે તેને વિદ્યા પ્રાપ્ત કરવાનો કોઇ અવસર જ પ્રાપ્ત થવાનો નથી તેમણે તો આશા જ ન રાખવી જોઇએ કે હું વિદ્યા પ્રાપ્ત કરી લઇશ પ્રવૃત્તિ કરવાનું ઘણું મુશ્કેલ છે. પરંતુ સમય કયાં છે. સમય ઘણો જ વ્યસ્ત છે, તો આમ કહેવું તેમની દૃષ્ટિએ બરોબર હોઇ શકે છે. પરંતુ વાસ્તવિક રીતે જોવામાં આવે તો તેમનું આ કથન એક રીતે પોતાની છેતરપીંડી જ છે. આત્મ વંચના છે. આત્મ વંચના કોને કહેવાય ? પોતાની જાતને દગો દેવો, પોતાને છેતરવું, સમયનો અભાવ બતાવવો. આ પોતાને છેતરવા જેવું છે. જીવનના સર્વોત્તમ ફળને પ્રાપ્ત કરવા માટે આપણી પાસે સમય નથી. અને સામાન્ય કાર્યો માટે છે. આ કઇ વાત દર્શાવે છે? એ વાત દર્શાવે છે કે જીવનનું જે સર્વોત્તમ ફળ છે, તેને

આપણે હજુ સુધી જાણ્યું નથી, પીછાણ્યું નથી અને સામાન્ય વસ્તુઓનું મુલ્ય આપણી દૃષ્ટિમાં વિશેષ સમજીએ છીએ.

કાંસાને આપણે ચમકતું સમજીને તેનો સંગ્રહ કરીએ છીએ. આપણે માનીએ છીએ કે તે મુલ્યવાન છે. પરંતુ જે મુલ્યવાન છે તેની ઉપેક્ષા કરીએ છીએ. તેનાથી આપણે દૂર રહીએ છીએ. તેનો આપણે સંગ્રહ કરવા ઇચ્છતા નથી તે આપણું અજ્ઞાન છે, ભુલ છે, અને આળસ છે, તેથી આપણે આ આળસને બની શકે તેટલી ઝડપથી દુર કરીને હરહંમેશ આપણા ગ્રંથોના અધ્યયનનો નિયમ બનાવવો જોઇએ.

ઓછામાં ઓછું જે સત્સંગ મંડળના સભ્ય છે, તેમણે તો એ નિયમ લેવો જોઇએ હવે અમે હંમેશ એક પાનું વાંચશું, વધારે નહીં. આપણા ગ્રંથોનું એક પાનું નિત્ય વાંચીશું આ રીતનો નિયમ અમે રાખીશું. તો તેના થકી જેટલા પણ સારા અવસર અમને પ્રાપ્ત થતા રહેશે. આપણા માર્ગનું જ્ઞાન પ્રાપ્ત કરીને માર્ગની આપણી પ્રવૃત્તિ વધશે.

પ્રવૃત્તિ ન વધવાનું મુળ કારણ આજ છે. અજ્ઞાન અજ્ઞાનને કારણે જ આપણી પ્રવૃત્તિ નથી થઇ શકતી. જો આપણે ગ્રંથોનું અધ્યયન કરી લઇએ તો તેનું સ્વરૂપ, તેનો લાભ, તેના સિદ્ધાંતોનું જે મહત્તા છે, તેનું જ્ઞાન આપણને થશે. અને જ્ઞાન દ્વારા આપણે ભગવદ્ સન્મુખતા પ્રાપ્ત કરી આપણા જીવનને ધન્ય બનાવી શકીશું.

બસ આટલું કહી આજનું વકતવ્ય સમાપ્ત કરવામાં આવે છે.

આ જીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રીકૃષ્ણ
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયા જય કૃષ્ણ.

સત્યનો સંગાથી

લેખક : ગો. વા. પ. ભ. શ્રી મગનલાલ લા. તન્ના

બી. એ. (કોવિદ) રાજકોટ

મહાભારતનું ભયંકર યુદ્ધ ખેલાઇ રહ્યું છે, આઠ દિવસ પૂરા થયા છે સાંજે યુદ્ધ વિરામ પામતાં દુર્યોધન ભીષ્મ પિતામહ પાસે જાય છે, અને વિનંતી કરે છે કે :

દાદાજી ! તમે મને મૂકીને પાંડવો સામે લડતા નથી. પરંતુ આપે તો યુદ્ધના નિયમો પ્રમાણે ચાલવું જોઇએ. હું સમજુ છું કે, આપને પાંડવ પ્રત્યે અત્યંત પ્રેમ છે, અને તેથી પાંડવો સામે શસ્ત્રો ચલાવવામાં આપ ઢીલા રહ્યા છો.

આવાં દુર્યોધનનાં ગંભીર વચનો સાંભળીને ભીષ્મે દુર્યોધનને કહ્યું, આવતી કાલે હું પૃથ્વી નિષ્પાંડવી કરીશ અથવા પ્રાણાર્પણ કરીશ.

આ સાંભળીને દુર્યોધન ઘણોજ ખુશ થયો અને માની લીધું કે આવતી કાલે પાંડવો જીવતા રહી શકશે નહિ.

ભીષ્મનું ભયંકર વચન વાયુ વેગે સર્વત્ર પ્રસરી ગયું. પાંડવોમાં આ વાતની જાણ થતાં ગમગીની ફેલાઇ ગઇ. યુધિષ્ઠિર, ભીમ વગેરે હવે શો ઉપાય કરવો તેની ચિંતામાં પડયા. દ્રૌપદી ઘણાં જ દુઃખી છે. અર્જુન ઘસઘસાટ ઊંઘે છે.

શ્રીકૃષ્ણને પણ આ વાતની જાણ થાય છે અને તેઓ પાંડવોની શિબિરમાં આવી પહોંચે છે, ચિંતામાં ડૂબેલા પાંડવો શ્રીકૃષ્ણને પધારેલા જોઇને આદર માન આપે છે અને પછી યુધિષ્ઠિર શ્રીકૃષ્ણને પૂછે છે, ભગવાન ! આપે ભીષ્મનું વચન સાંભળ્યું ને ?

શ્રીકૃષ્ણે કહ્યું, ભીષ્મની પ્રતિજ્ઞા અફર છે. એમને યુદ્ધમાં કોઇ જીતી શકે તેમ નથી, એ અજિત છે, પણ આપણે કોઇક ઉપાય વિચારવો જોઇએ.

અર્જુનને ઊંઘતો જોઇને શ્રીકૃષ્ણે કહ્યું, કેમ અર્જુન, તને ભીષ્મના વચનની જાણ નથી.

અર્જુને કહ્યું પ્રભુ, ખબર છે.

શ્રી કૃષ્ણે કહ્યું, તેમ છતાં તને નિરાંતે ઊંઘ કેમ આવે છે ? તને ચિંતા નથી થતી ?

અર્જુને કહ્યું, પ્રભુ ! મારી ચિંતા કરનારા તો આપ બેઠા છોને ? અર્જુનને દૃઢ વિશ્વાસ હતો કે શ્રીકૃષ્ણ કોઇ ઉપાય શોધી કાઢીને જરૂર બચાવશે.

શ્રીકૃષ્ણે દ્રૌપદીજીનાં સામું જોયું કે તુર્તજ દ્રૌપદીજી બોલી ઉઠયા – તો પછી ભગવાન, આપ કોઇ નિશ્ચિત ઉપાય બતાવો કે જેથી, પાંડવો બચી શકે.

શ્રીકૃષ્ણે કહ્યું, ભીષ્મથી બચવું મુશ્કેલ છે, છતાં દ્રૌપદીજીને કહ્યું કે, તેનો ઉપાય તો તમારી પાસે જ છે.

દ્રૌપદીજી ખુશ થતાં બોલ્યાં, શો ઉપાય, મહારાજ !

શ્રીકૃષ્ણે કહ્યું, ચાલો મારી સાથે, દ્રૌપદીજી તો શ્રીકૃષ્ણની સાથે તુરત જ ચાલી નીકળ્યાં. રાત્રિનો સમય છે, અંધારી રાત છે. આગળ શ્રીકૃષ્ણ અને પાછળ દ્રૌપદીજી ચાલ્યાં જાય છે. ખૂબ ચાલ્યા પછી દ્રૌપદીજી બોલ્યા, ભગવાન્ મને કયાં લઇ જવી છે ?

શ્રીકૃષ્ણ બોલ્યા, હવે બહુ ચાલવાનું નથી. જુઓ સામે દૂર તંબુ દેખાય છે ને? ત્યાં આપણે જવાનું છે.

દ્રૌપદીજી બોલ્યાં, ભગવન્ ત્યાં જઇને મારે શું કરવાનું છે? શ્રીકૃષ્ણે દ્રૌપદીજીને બધી વાત સમજાવી.

બ્રાહ્મમુહૂર્તને હજુ વાર હતી. સામે ભીષ્મનો તંબુ દીવાઓના પ્રકાશથી ઝળહળી રહ્યો હતો. ફરતી ચોકીઓ ગોઠવાઇ ગઇ હતી. ચકલું પણ ફરકી શકે નહિ એવી સખ્ત ગોઠવણ હતી. પ્રવેશ દ્વારે જતાં જ દ્રૌપદીને તો કોઇએ રોકયાં નહિ અને સડસડાટ સીધાં ભીષ્મના શયનખંડ સુધી પહોંચી ગયાં, પરંતુ શ્રીકૃષ્ણને અટકાવ્યા. શ્રીકૃષ્ણ પહેરેગીરના પહેરવેશમાં હતા અને લઘુલાઘવી વિદ્યાનો ઉપયોગ કરી ત્યાંથી ક્યારે સરકી ગયા, તેની કોઇને ખબર પડી નહિ. ભીષ્મના શયનખંડના દ્વારે પહેરેગીર બની ગોઠવાઇ ગયા.

હવે બ્રાહ્મમુહૂર્તનો પ્રારંભ થવા આવ્યો હતો. દ્રૌપદીજી તો ભીષ્મના પલંગ પાસે પહોંચી ગયાં. જોયું તો ભીષ્મ જાગૃત થયા હતા. પરંતુ આંખો મીંચેલી હતી. સીધા ચત્તાપાટ પડયા હતા. હાથ છાતી ઉપર જોડેલા હતા. તેઓ શ્રીકૃષ્ણ ચિંતન કરી રહ્યા હતા. એવે વખતે દ્રૌપદીજી તેમનાં ચરણનો સ્પર્શ કરી, વંદન કરતાં બોલ્યાં, દાદાજી, હું દ્રૌપદી, હું આપને પ્રણામ કરૂં છું.

દાદાજી આંખો ઉઘાડતાં બોલ્યાં – "અખંડ સૌભાગ્ય, બેટી!"

પરંતુ દાદાજીએ પૂછયું, અત્યારે તમે એકલાં? દ્રાપદીજી બોલ્યાં, દાદાજી, હું એકલી નથી, મારી સાથે સહાયક છે. દાદાજી સમજી ગયા, કોણ, શ્રીકૃષ્ણ! કયાં છે કૃષ્ણ! દાદાજી શ્રીકૃષ્ણની પાસે દોડી ગયા ને નમ્ર ભાવે બોલ્યા, મારે ખાતર આપને આટલો બધો શ્રમ ઉઠાવવો પડયો!

શ્રીકૃષ્ણે કહ્યું, શું કરું? આવતી કાલે તો આપ નિષ્પાંડવી પૃથ્વી કરવાના છો! ભીષ્મે કહ્યું, તમારી બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે!

શ્રીકૃષ્ણે કહ્યું, તો આપનાથી પાંડવોને બચાવવાનો ઉપાય શો?

ભીષ્મે કહ્યું, આપતો બધું જ જાણો છો, છતાં પૂછો છો તો કહું છું કે શિખંડી સામે હું હથિયાર ઉપાડવાનો નથી. જ્યાં શીખંડી આગળ હશે, ત્યાં મારાં હથિયાર નીચે મૂકેલાં હશે.

પણ મારું મૃત્યુ તો અર્જુનના હાથે જ છે. અર્જુન હથિયાર ન છોડે, અને મારી સન્મુખ બાણનો વરસાદ ચાલુ જ રાખે!

સવારે યુદ્ધની તૈયારીઓ થઇ, ભીષ્મની સામે શિખંડીને ઊભો રાખ્યો, અર્જુન પણ સહાયમાં છે અને શિખંડી સામે ભીષ્મે હથિયાર છોડયાં, પરંતુ અર્જુનનાં બાણોએ તેમને વીંધી નાખ્યા.

આ છે ભીષ્મનું ઔદાર્ય સત્યનો પક્ષપાત! અને એટલે જ દેવવ્રતમાંથી ભીષ્મને નામે પ્રસિદ્ધિ પામ્યા.

રાગ – સારંગ

પરમધન મોહનનંદકુમાર;
સર્વ સમર્થ પ્રભુ શિરપર રાજે,
ચિંતા નહીં લગાર. ૧
યોગક્ષેમકો વહન કરેંગે,
યહ નિશ્ચય ઉરધાર;
'લાલદાસ' પ્રભુ અર્થ હમારે,
કહે વલ્લભ શ્રુતિસાર. ૨

છપ્પનભોગ કેવો યજ્ઞ છે ?

લેખક : **શાસ્ત્રી કાશીરામ કરસનજી**

[શ્રીનાથજીનો છપ્પન ભોગ દર વર્ષે માગશર સુદ ૧૫ ના રોજ મનાવવામાં આવે છે તેમજ બીજા સ્વરૂપોના છપ્પન ભોગ અવારનવાર મનાવાતા હોય છે. તે સંબંધમાં પ્રસ્તુત લેખ જિજ્ઞાસુ જનોને માર્ગદર્શક નિવડે તેવી શુભ કામના. સંપાદક]

“યજ” ધાતુ યજ્ઞ કરવામાં છે તે ઉપરથી **“યજ્ઞ”** શબ્દ ઉત્પન્ન થયો છે અને યજ્ઞ તે જ પ્રથમ ધર્મ છે, એમ શ્રુતિ ભગવતી આજ્ઞા કરે છે. “યજ્ઞેન યજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્” તેમ શ્રીગીતાજીમાં ભગવદાજ્ઞા છે કે, હે કુરુસત્તમ ! યજ્ઞહીન મનુષ્યને આ લોક નથી, ત્યારે પરલોકતો કયાંથી હોય ? પારસ્કર ગૃહ્ય સૂત્રમાં “ચત્વારઃ પાકયજ્ઞાઃ” એમ ઉપક્રમ કરી “પ્રાશિત” જેમાં ભગવત્પ્રસાદથી બ્રાહ્મણ વગેરેને ભોજન કરવામાં આવે છે. તેને પ્રાશિત યજ્ઞ કહેવામાં આવે છે. આવા ઘણા યજ્ઞો વેદના મુખમાં પ્રસિદ્ધ છે અને યજ્ઞ સાક્ષાત્ વિષ્ણુ સ્વરૂપ છે. એમ શ્રુતિનું વચન છે. “યજ્ઞો વૈં વિષ્ણુઃ” માટે યજ્ઞ કરવાની આવશ્યકતા શ્રુતિ સ્મૃતિ સિદ્ધ છે.

યજ્ઞો બંધ થઇ જવાથી દેશમાં ચોતરફ અગ્નિથી લાખોની સંપત્તિના વિનાશના સમાચારો પેપરોમાં વારંવાર વાંચીએ છીએ. પૂર્વ કાળમાં લાખો મણ ઘી અને હવિષ્યાન્ન તથા ફળાદિ ઉત્તમ દ્રવ્યો અગ્નિમાં હોમાતા, તેથી અગ્નિને અજીર્ણ થયાની પુરાણોમાં કથા છે. સનાતન વેદ ધર્મના વિરોધીઓ આ બાબતને કયાંથી સમજી શકે ? માતાના હવનમાં કીમતી શેલા હોમનારા પૂર્વજોની આ રીતને હાલના લોકો કઇ નજરથી જોઇ રહ્યા હશે ? વિવાહાદિમાં લાખો રૂપિયાનો ખર્ચ કરી મોટા માંડવા બાંધી રોશની કરીને ધનને ધુળ કરનારા યજ્ઞના સ્વરૂપને કયાંથી જાણી શકે ? પોતે તેવા મહાપુરુષોની કૃતિના અંશ માત્રને કરવા અસમર્થ હોવાથી નિંદાનો જ ધંધો લઇ બેસે છે, ન પહોંચી શકવાથી મીઠી દ્રાક્ષને ખાટી કહેનાર શિઆળ તુલ્ય પામરો હૃદયમાં સ્વયં બળી રહ્યાં છે.

વેદ સ્વયં ત્રિગુણાત્મક હોવાથી તેમ પ્રાયઃ સૃષ્ટિ પણ ત્રિગુણાત્મક હોવાથી તે ત્રિગુણાત્મક યજ્ઞોનું વિધાન છે, અને પૂર્વકાંડ તો આવા યજ્ઞોની ક્રિયાનું જ સમર્થન કરે છે, જયારે આ નિર્ગુણ ભકિત માર્ગમાં કરાતા અન્નકુટ, છપ્પન ભોગ વગેરે યજ્ઞો નિર્ગુણ છે કે, જેમાં લોક વેદાતીત યજ્ઞ સ્વરૂપ શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુજીને ઉત્તમોત્તમ શુદ્ધ સામગ્રીઓ આરોગાવવામાં આવે છે. આ નિર્ગુણ ભકિત માર્ગનું કેન્દ્ર તત્ત્વ, દ્વિતીય પ્રસ્થાન શ્રીગીતાજીમાં સ્વકીય ભકતને શ્રીમુખથી નીચે મુજબ પ્રભુજીએ આજ્ઞા કરી છે–

“ત્રૈગુણ્ય વિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન”

હે અર્જુન ! વેદો ત્રણ ગુણના વિષયવાળા છે, તું નિર્ગુણ થા, અને નિર્ગુણ થવું એટલે શ્રીભગવદ્ ભકત થવું. આ નિશ્ચય શ્રીગીતાજીના ભાષ્યરૂપ ચતુર્થ પ્રસ્થાન શ્રીભાગવત સ્કંધ ૧૧ અ. ૨૫ માં શ્લોક ૨૨ થી ૨૯ સુધીમાં સુસ્પષ્ટ છે. તેમાં ભગવદાજ્ઞા છે છે–

યાન્તિ મામેવ **નિર્ગુણાઃ** મન્નિષ્ટ નિર્ગુણં સ્મૃતમ્
મન્નિકેતનન્તુ નિર્ગુણમ્ નિર્ગુણો મદપાશ્રયઃ ।

આથી ભગવદ્ ભક્તો, ભગવદ્ ભક્તિ, ભગવન્મંદિર, ભગવદાશ્રય અને ભગવત્સંબંધી જ્ઞાનને નિર્ગુણ કહેવામાં આવે છે માટે "અતો જ્યાચાંશ્ચ પુંરુષઃ અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ" આ વાકયનુસાર શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુ સાક્ષાત્ પુરુષોત્તમને વિનિયોગ થતા પદાર્થોથી કરવામાં આવતો છપ્પન ભોગનો મહાનયજ્ઞ તે નિર્ગુણ યજ્ઞ છે.

આખું જગત્ (સ્થાવર જંગમ વસ્તુજાત) શ્રીપ્રભુજીનુંજ છે. માટે તેને ધરીને જ લેવાની વેદનારાયણની સ્પષ્ઠ આજ્ઞા છે.

"ઇશાવાસ્યામિંદ સર્વ યત્ જગત્યાં જગત્ તેન ત્યકતેન ભુંજીથાઃ માગૃધઃ કસ્યચિત્ ધનમ્" યજુર્વેદના ચમકાધ્યાયમાં "યજ્ઞેન કલ્પન્તામ્" યાવત્ વસ્તુ માત્ર યજ્ઞનારાયણ પ્રભુને અંગીકાર થયા પછી તત્પ્રસાદ તરીકે ભગવદ્ ભક્તોએ લેવાનું વિધાન છે. અન્યથા બીજાના ધનની ગર્ધા–તૃષ્ણા રાખવાનો દોષ પ્રાપ્ત થાય છે.

ગીતાજીના "પત્રંપુષ્પં–" આ શ્લોકને આગળ કરી કેટલાક પામરો કહે છે કે, પ્રભુ પત્ર, પુષ્પ, ફળ અને જળ માત્રથી પ્રસન્ન થાય છે, તો આવા લાખો રૂપીયાના ખર્ચવાળા યજ્ઞો શા વાસ્તે કરવા જોઇએ.

આવા ભાઇઓને જણાવવાનું કે પ્રભુ સુદામાના તાંદુલથી, શબરીના બોરથી, દ્રૌપદીના શાકથી અને વિદુરજીની ભાજી માત્રથી પ્રસન્ન થાય છે, તેનું કારણ એવું છે કે તેઓ નિષ્કિંચન સ્થિતિમાં હતા, આપણે તો ઉંચા ઉંચા ભોજનો ઉત્તમ અલંકારો ઉત્તમ વસ્ત્રો અને ઉત્તામ વૈભવો ભોગવીએ છીએ, ને શ્રી...ને પત્ર, પુંષ્પ અને જળ ધરીએ. આવી વિતશાઠ્યની ભક્તિથી પ્રભુ પ્રસન્ન થાય નહિ. એટલા માટે રાજા ધર્મે પણ પોતાના યજ્ઞમાં પ્રભુની પ્રથમ પુંજા કરી ત્યાં શ્રીભાગવતજીમાં લખ્યું છે કે–

> વાસોભિઃ પીતકૌશેયષણૈશ્ચ મહાધનૈઃ
> અહંયિત્વાશ્રુપુંર્ણાક્ષો નાશકતૂ સમવેક્ષિતુમ્
>
> ભા. ૧૦–૭૪–૨૮

આ શ્લોકમાં માત્ર ફળજળથી પુજા નથી કરી, પણ અમુલ્ય પીતાંબરો, અમુલ્ય અલંકારોથી પ્રભુનું પુજન રાજા ધર્મે કર્યું છે. ભક્તિ માર્ગની દૃષ્ઠિથી નિગુર્ણ મહાયજ્ઞ આ છપ્પન ભોગ છે. વૈદિક યજ્ઞ સાથે આ યજ્ઞની ઘટનાનું દિગ્દર્શન કરવાની જેની જિજ્ઞાસા હોય તેણે કાશીમાં મુદ્રિત થયેલ શ્રીમુકુંદરાયજીની વાર્તા વાંચવી તેમાં અન્નકુટનું સ્વરૂપ યજ્ઞ સાથે ઘટાવેલ છે. તેમાં આ છપ્પન ભોગની ભાવના (ગતાર્થ) આવી જાય છે. છપ્પન ભોગની ગુહ્ય ભાવના શી છે? તેને તો આચાર્ય ચરણો જ જાણી શકે છે અને તે ભાવના બહાર પ્રકટ કરવાની આવશ્યકતા જ જ નથી. અધિકારીઓ જ ઉકત બાબતને સમજી શકે તેમ છે અને પ્રભુજીએ જે સુજાડ્યું તે મેં મારી બુધ્ધિ અનુસાર લખ્યું છે તેને સારા સારજ્ઞ ભાગવત હંસો નીરક્ષીર ન્યાયથી અવલોકશે એવી નમ્ર પ્રાર્થના છે.

[વૈષ્ણાવ ધર્મ પતાકા સં. ૧૯૮૧ અષાઢ અંક ૪માંથી સાભાર]

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

વિવરણ શ્રીમદ્ વ્રજરાજ ચરણ

ભાષાંતર : **પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઈ)**

આ પ્રમાણે 'અર્થ'ના સ્વરૂપનું વર્ણન કર્યા પછી 'કામ'ના' સ્વરૂપનું નિરૂપણ કરે છે. 'યદિ શ્રી ગોકુલાધીશો' વગેરે.

યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।
તતઃ કિમપરં બ્રુહિ લૌકિકૈર્વૈદિકરપિ ॥૩॥

અર્થ–જો સર્વાત્મભાવપૂર્વક શ્રી ગોકુલ પતિને (શ્રી કૃષ્ણને) હૃદયમાં ધારણ કરવામાં આવે તો પછી બીજાં લૌકિક (આ લોક સંબંધી) અને વૈદિક (વેદમાં કહેલ) કાર્યોનું શું કામ હોય એ તું કહે ! ૩

વિવરણ–જે 'શ્રી ગોકુલાધીશ'ને સર્વાત્મભાવથી હૃદયમાં ધારણ કરવામાં આવ્યા હોય તો લોક સંબંધી સુખોથી યા તો વેદમાં કહેલાં કર્સ જન્ય એવા સ્વર્ગાદિ સુખોથી શું કામ હોય ? કંઇ પણ ન હોય એમ અર્થ છે. તું કહે એમ પોતાના મનને જ ઉદ્દેશીને (શ્રીમહાપ્રભુજી) કહે છે 'યદિ' એ શબ્દથી પરમ ભાગ્યશાળી અને જેમણે અઢળક પુણ્યો કર્યાં હોય તેવાં શ્રી અગ્નિકુમારીઓ જેવાં કોઇક જ હોય એમ કહી એવા જનોનું દુર્લભત્વ જણાવ્યું છે. શ્રી ગોકુલાધીશના નામના ઉલ્લેખથી ભગવાનનું તેને આધીનપણું જણાવ્યું છે. આ કારણથી જ પોતાના સ્વામીપણાનું અભિમાન ધરાવનાર ઇન્દ્ર વગેરેથી ભગવાન ઉપર તેમના પતિ પણાથી અભિષેક કરવામાં આવ્યો હતો, ભગવાનની મનોવૃત્તિનું જ્ઞાન હોવાથી આ જ કહેવામાં આવેલું છે. 'ઇતિ ગો ગોકુલપતિં ગોવિંદમભિષિચ્ય સા' એટલે એટલે ગાયોના તથા શ્રી ગોકુલના પતિ એવા ગોવિંદને (શ્રીકૃષ્ણને) અભિષેક (જલવર્ષા દ્વારા) કરીને ઇન્દ્ર વગેરે 'ગો ગોકુલ' એમ કહીને ગોપીઓ, ગોપકુમારો તથા ગાયોનો ઉલ્લેખ કર્યો છે એમ કહેવામાં તેથી એ બધાનો અધિપતિ અતિ રસિક અને પ્રેમ રસિક ભગવાન (શ્રીકૃષ્ણ) જ છે. જો એમ ન હોય તો પૂર્ણ પુરુષોત્તમ એવા શ્રી કૃષ્ણ પશુતુલ્ય ગોપીઓના પ્રભુત્વને પોતે કેવી રીતે સ્વીકારી (અંગીકાર કરી) શકે ? ગોપીઓનો અંગીકાર તો કેવલ પ્રેમના કારણે જ કર્યો હતો. એ વાત જો હૃદયમાં તેના યોગ્ય સ્વરૂપ ભાવપૂર્વક ધારણ કરવામાં આવે તો એવી જ રીતે ભગવાન આપણે અંગીકાર કરે જ તેથી ભગવાનને 'ગોકુલાધીશ' નામથી વર્ણવ્યા છે.

'સર્વાત્મભાવ'થી, 'સર્વ રીતે' સર્વભાવથી એટલે કામ ભાવથી અહીં સર્વાત્મ પદ 'કામ' ને લાગુ પડે છે, જેવી રીતે ગોપીઓનો સર્વાત્મભાવ કામભાવાત્મક જ હતો તેથી જ કહ્યું છે કે 'ગોપ્ય; કામાન' વગેરે (એટલે ગોપીઓ કામથી)–એવી રીતે આ આ શ્રીમદ્ આચાર્ય ચરણે પ્રકટ કરેલા પુષ્ટિ માર્ગમાં એ

પ્રકારની વ્યાપ્તિ (અર્થકરણ) જ કહેવાયું છે. એજ ભાવનો ઉપદેશ અહીં આપવામાં આવે છે.

એ ગોપિકાઓ જ આપણા ગુરુઓ છે એમ સંન્યાસ પ્રકરણમાં શ્રી આચાર્ય ચરણે કહેલું છે જ. 'ગોપિકાઃ પ્રોક્તા ગુરુવઃ સાધનં ચતત્' અટલે ગોપિકાઓને ગુરુઓ કહેલી છે અને તે સાધન પણ છે. વગેરે તેથી સર્વાત્મભાવપુર્વક એટલે કામ ભાવથી એમ અર્થ છે. આ ભાવને અત્યંત ગુપ્ત રાખવાનો હોવાથી સ્પષ્ટતાપુર્વક કહ્યું નથી. 'એવ' અટલે આ પ્રકારે જો હોય કે હ્રદયમાં સ્વયં ધારણ કરેલો હોય. સ્વધારણ એમ કહીને બલાત્કારપુર્વક (પરાણે) 'મૈવં વિભોઽર્હતિ' વગેરે રીતથી એમ ભાવ છે. 'તથા' એટલે એવી રીતે જો (હ્રદયમાં) ધારણ કરવામાં આવે તો પછી લૌકિક (એટલે પતિનું) કે વૈદિક (એટલે સ્વર્ગાદિકનું) પુત્રાદિકનું કે બીજાનું શું કામ ? કંઇ પણ નહીં એમ અર્થ છે. આ જ કારણથી લૌકિક તથા વૈદિક લાભોનો ત્યાગ કરીને કામ ભાવથી ભજન (સેવા) કરવી જોઇએ એમ શ્રીમદ્ વ્રજના નાથ એવા શ્રીકૃષ્ણની પ્રાણથી અધિકા પ્રિય એવી ગોપિકાઓએ કહ્યું હતું તેમ 'સંત્યજય સર્વ વિષયાંસ્તવ પાદ મૂલમ્' (એટલે બધી બાબતોનો ત્યાગ કરીને અમે આપના ચરણના શરણે આવ્યાં છીએ) વગેરે દ્વારા તથા 'પતિ સુતાદિભિરાર્તિદૈઃ કિમ્' (એટલે પતિ તથા સુત–પુત્ર વગેરેનું શું કામ ?' વગેરે કથનોદ્વારા ત્યાગનો ઉલ્લેખ કરીને પછી સેવાને માટે કહ્યું છે. તન્નો વિધે હિ'થી શરૂ કરીને 'તપ્તસ્તને ષુ ચ શિરસ્સુ ચ કિંકરીણાં' વગેરે.

એટલે કે "એટલા માટે સ્થાપન કરો – મૂકો" થી શરૂ કરીને દાસી એવી અમે જેનાં સ્તનો તથા મસ્તકો વિરહથી તપી ગયાં છે તેના ઉપર પધરાવો" તેથી જણાય છે કે આ જ ભાવનું પ્રાબલ્ય છે એથી બીજું (જુદું) કંઇ પણ નહિ એ ભાવ છે. અને તને જો ખબર હોય તો મને કહે, અથવા તો ગો શબ્દ ઇન્દ્રિય વાચક છે તેથી ઇન્દ્રિયોના સમૂહના સ્વામી ભગવાનની સર્વાત્મક ભાવથી પહેલા કહ્યું તેવા કામ ભાવથી બધી ઇન્દ્રિયોના સ્વામી એવા ભગવાન ને જો હ્રદયમાં–મનમાં ધારણ કરવામાં આવે તો લૌકિક પતિઓ – નું શું કામ ? કંઇ પણ નહિ એ અર્થ છે. અહીં આ ભાવ છે. જો ભગવાનને ધારણ કરવામાં આવે તો બધી ઇન્દ્રિયો ભગવાનને આધીન થઈ જાય, અને તોજ આ મનુષ્યયોનિમાં જન્મ લીધાનું સાર્થકય છે અને ઇન્દ્રિયોનું પણ સાર્થકય છે. આજ વાત કહી છે વ્રજના અધિપતિ એવા શ્રીકૃષ્ણને પતિ તરીકે વરવાની ઇચ્છા ધરાવતી ગોપીઓએ – 'અક્ષણવતાં ફલં'– એ કાવ્ય પંક્તિમાં (એટલે કે આંખો ધરાવનારનું ફલ છે – એ કથનમાં) અને શ્રી ઉદ્ધવજીએ પણ કહ્યું "બ્રહ્મ જન્મવાળાઓનું પણ શું ?" આમ કહીને શ્રી ઉદ્ધવજીએ કહ્યું કે આ ગોપીઓના આવા ભાવને જોતાં અન્ય જન્મ વિફલ (નકામો) છે. તેથી આ પ્રમાણે જો પ્રભુને હ્રદયમાં ધારણ કરવામાં આવે તો અન્ય લૌકિક પતિઓનું શું કામ ? કંઇ પણ નહિ એ તાત્પર્ય છે.

"વૈદિક"થી એ વિશેષણ 'પતિ' શબ્દને પણ લાગુ પડે છે તેથી એમ અર્થ છે કે વેદમાં કહેલા એવા લૌકિક પતિનું પણ શું

કામ છે? વેદમાં કહ્યું છે કે પતિની સેવાથી મોક્ષ મળે, એ વાત તો દેહ તથા ઇન્દ્રિય ધરાવનાર પતિ સાથે અસંબદ્ધ છે (એટલે સંબંધ ધરાવતી નથી) આ જ કારણને લીધે આચાર્ય ચરણે કહ્યું છે કે "ઇન્દ્રિય ધારણ કરનારા લોકોને માટે આ જ ફલ છે (ઇદમેવેન્દ્રિયવતાં ફલ મોક્ષેડપિ નાન્યથાડયથાધિકારે નિયતા સ્થિતિર્નાક્ષણોઃ ફલં ભવેતૂ એવં મોક્ષોપીન્દ્રિયાદિયુક્તાનાં સર્વથા નહિ" એટલે કે ઇન્દ્રિયોને ધારણ કરનારા લોકો માટે આજ ફલ છે એનાથી જુદું ફલ – મોક્ષ પણ નથી. જેમ કે અંધકારમાં મૂકાયેલા લોકો માટે આંખનું કંઈ પણ ફલ નથી, એવી જ રીતે ઇન્દ્રિયો વગેરે ધરાવનાર લોકો માટે મોક્ષ પણ બધી રીતે (સર્વથા) ફલ નથી. તેથી કહે છે કે એવાઓથી શું એ મને તું કહે.

બીજું કંઇક ફલ છે એમ કહેનારાઓને ઉદ્દેશીને કહે છે કે બીજું પણ કંઇક છે એ તું જાણતો હોય તો મને કહે એ શું છે. જો એવી દલીલ કરવામાં આવે કે ભગવાનની પ્રાપ્તિ ન થાય એ સમયે લૌકિક પતિના સંબંધમાં પણ કામના બળવાન પણાને લીધે કદાચ એવામાં પણ મન ચલાયમાન થાય એ વખતે કરાયેલું હોવા છતાં ન કરાયેલા જેવું થાય તેથી વેદમાં કહ્યા પ્રમાણે જ કરવું તે યોગ્ય ગણાય એમ જો કહેતા હો તો શ્રી આચાર્ય ચરણ કહે છે કે ના, એમ નથી.

ભગવાનમાં ચિત્ત પરોવનાર લોકો માટે તો (ભગવાન સિવાય) બીજા કોઇ સ્થળે કામ ઉત્પન્ન થવાનો સંભવ જ નથી તેથી જ શ્રી વ્રજની કુમારિકાઓના કામની પૂર્ણતા કરવામાં કલ્પવૃક્ષ સમાન શ્રી નંદકુમાર શ્રીકૃષ્ણે કહ્યું છે કે "ન મય્યાવે શિતધિયાં કામઃ કામાય કલ્પતે" એટલે કે જેમણે મારામાં પોતાની બુદ્ધિને પ્રવેશ કરાવ્યો છે તેવા લોકોને માટે 'કામ' એ કામેચ્છા માટે નથી હોતો. અથવા તો લૌકિકો વડે એટલે કે જેમની વૃત્તિ–ગુણ જોઈ શકાય છે તેવા લોકો દ્વારા સર્વાત્મભાવથી અથવા તો કામભાવથી પણ જો શ્રીમદ્ ગોકુલના અધિપતિ એવા શ્રીકૃષ્ને હૃદયમાં ધારણ કરવામાં આવે તો તેનાથી બીજું શુ? કંઇ પણ નહિ એ તાત્પર્ય છે. આમ સર્વ પ્રકારના એવા કામ ભાવથી પ્રભુની જ સેવા કરવી એમ અર્થ છે. ૩.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

।। શ્રી વલ્લભ તવાસ્મિ ।।

લે. ગો. વા. પ્રો. જીવનલાલ છ. જોશી, રાજકોટ

-(ગતાંકથી ચાલુ)

વૃક્ષે વૃક્ષે બોલો, લતાએ લતાએ બોલો,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૬

કુંજે કુંજે બોલો, નિકુંજે નિકુંજે બોલો,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૭

વ્રજ મંડલ જોતાં જોતાં બોલો, મથુરા મંડલ જોતાં બોલો,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૮

ગોકુલ વૃંદાવન નીરખતાં નીરખતાં બોલો,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૦૯

શ્રીવલ્લભીજનની સાથે બોલો, અંતરની ઉલટે બોલો,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૧૦

તાદશિ જનની સાથે બોલો, હૈયાના ઉમળકે બોલો,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૧૧

ભકત જનની સાથે બોલો, આત્માને આનંદે બોલો,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૧૨

શ્રીવલ્લભી વૈષ્ણવ જન બોલો, શ્રીવલ્લભી બિંદું નાદ સૃષ્ટિ બોલો,
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૧૩

શ્રીવલ્લભ તવાસ્મિ વિના જીવન નીરસ;
શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૧૪

એથી બેડો પાર છે, વ્રજમાં નિવાસ છે, વૃંદાવનમાં વિલાસ છે,
માટે ક્ષણે ક્ષણે બોલો શ્રી વલ્લભ તવાસ્મિ, શ્રી વલ્લભ તવાસ્મિ. ૧૧૫

સંપૂર્ણ

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, ‘વૃજ’’ ધોરાજી**

પદ-૯૭

શ્રમ સરિતા તુજે, જન નિત્ય પ્રતિ
કરત તવ ગુણ ગાનરી ॥
કૃપા સિંધુ કોં તાહિ મિલાવો
યહી તુમ્હારી બાનરી ॥૧॥

કૃપા જલધિ પૂર્ણ પુરુષોત્તમ
પુરન પ્રગટ પ્રમાનરી ॥
નિશદિન મિલી રહત તીનસોંહી
તુમહીં રસ કી ખાનરી ॥૨॥

એસેં પ્રભુકોં હમહીં મિલાવો
વિનતિ સુન ધર કાનરી ॥
સબહિન તેં મુખ્ય ગંગા તિન હું
તે અધિક કહાનરી ॥૩॥

તુમ્હારે મિલે મહિમા અતી બાઢી
સો સબ સુનહો સુજાનરી ॥
“હરિદાસ” પ્રભુ શોભા નિરખત
હિયે વસો યહ ધ્યાનરી ॥૪॥

ભાવાર્થ–હે શ્રમ જલ સરિતા શ્રીયમુનાજી જે કોઇ નિત્ય પ્રતિ આપનું ગુનગાન કરે તેને આપ કૃપા સિંધુ શ્રી નિકુંજ નાયકને મેળવી આપી અને સંયોગ સુખનું દાન કરો છો એ આપનું અખંડ અવિચળ બીરદ ટેવ છે એનું પ્રગટ પ્રમાણ એ છે, કે શ્રી પુરૂષોત્તમ સમાન આપ પણ કૃપાના સાગર છો એવા પ્રભુ સાથે અમને પણ કૃપા કરી મિલાવો એવી વિનંતી કરીએ છીએ કારણ કે આપ નિશદિન નિરંતર પ્રિયતમની સાથે જ બીરાજો છો માટે અમારી વિનંતિ ધ્યાનમાં લેજો. જગતમાં સર્વથી અધિક શ્રી ગંગાજી નાશવંત ફલ અને નાશવંત લોકમાં ગતિ કરાવે છે ત્યારે આપતો જીવ ઉપર કૃપા કરી અને તેને અભય અચ્યુત સુખ આપો છે તેનાં આવા ગમન સદાને માટે ટળી જાય છો આપ વિના આવી કૃપા કોણ કરે :

શ્રી ગંગાજી પણ આપના મિલનથી જ તેના મહિમાની વૃધ્ધિ થઇ છે જગતના જીવો પોતાનાં પાપોને ગંગાજીમાં ધૂએ છે તે પાપોને કયાં ધોવા એ શ્રી ગંગાજીને વિચારવું પડે છે જયારે તેમાં ભગવદ ભકતો સ્નાન કરે ત્યારે જ ગંગાજી નિર્મળ થાય છે પરંતુ ત્રિવેણી પ્રયાગરાજમાં આપની સાથે સંગમ થયો અને તે પણ આપ રૂપ થયાં અને સ્નાન કરના પાપો એકઠા થવાને બદલે બળી અને ભસ્મ થાય છે ગંગાજી પહેલા તો ફકત પાપ હારિ, જ હતાં પરંતુ આપના મિલન પછી આપના સહચરી યોગ્ય થયાં છે માટે હે સુજાન મનુષ્યો આ વાત અને ભેદ બરાબર સાંભળજો હરિદાસ શ્રીયમુનાજી અને શ્રીયમુને પતિ શ્યામ સુંદર યુગલ સ્વરૂપની શોભા નિરખી અને એ ધ્યાન સદા હૃદયમાં વસે એવી કૃપા કરો.

વડીલોનો વારસો

લેખક : મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ હીંગનઘાટવાળા

હપ્તો એકવીસમો

રાત્રે સુતી વખતે દીનેશને એકાએક વિચાર આવ્યો. હવે કાલે તો યાત્રાએ જાવું છે સુરેશને મેં જીભાન દીધી છે. જેથી સવારે તે કામ પૂરૂં કરી લેવું છે. સવારવામાં વહેલો ઉઠી ન્હાઇ ધોઇ શ્રી મદન મોહનલાલજીની સેવામાં પહોંચી ફક્ત ઝારીજી ભરી મંગલ ભોગ ધરી બહાર નીકળી ગયો. બાકીનાં બધા નાના મોટા સૌ સેવામાં જુદા જુદા કામે લાગી ગયા.

સુરેશના દાદાજીને ઘેરે પહોંચ્યો ત્યાં દીનેશે જોયું કે આગળનાં ખંડમાં જ સુરેશના દાદાજી બે ચાર વ્યક્તિઓ સાથે કોઇ મહત્વની વાતો કરી રહ્યા છે. થોડીવારમાં સૌ વિખરાયા ત્યારે દિનેશે પોતાની ઓળખાણ આપી દાદાજીને પગે લાગી જય શ્રી કૃષ્ણ કર્યા. થોડીવારમાં તે વાતનો સાર સમજી ગયો હતો. લંડન નથી સુરેશે આપેલા સમાચાર દીધા. દાદાજીની આંખમાંથી થોડા આંસુ સરી પડયા.

બેટા ! મેં તને કયારેય જોયો હોય તે મને યાદ આવતું નથી પણ તમારી વાત ઉપરથી કદાચ બચપણમાં જોયો હોય.

અમો તો અત્યારે આ પરિસ્થિતિમાં છીએ તે જોયુંને આ વિશાળ મકાન છે. દાદા પર દાદાનું બનાવેલ. વખતો વખત તેમાં સુધારો કરતા આવીએ છીએ. પરંતુ સમય બદલી ગયો. હવે આગળ પ્રભુની શું ઇચ્છા હશે. અત્યારે તો થોડી જગા રાખી ત્રણ ભાગની જગા વેંચીને ચાલુ ખર્ચ નિભાવવો તેમ વિચાર કર્યો છે. વધારે શું કહું. સુરેશ જો કાંઈ સમજ્યો હોત તો આ સમય ન આવત. છતાં હું તો કોઇ વાતનો અફસોસ કરતો નથી. આ માનવ દેહ પ્રભુ સેવાર્થે જ મળ્યો છે. તો પ્રભુનું છે અને પ્રભુ અર્થે જ લાગશે. એક કોટડીમાં અમે રહીશું શ્રી ઠાકોરજી માટે બે રૂમ રહેશે. ઘણું ઘણું ગયું છેવટે સોના, ચાંદી, ફર્નીચર પણ બધું વેચાઇ ગયું છે. માટે જ મેં વકીલને બોલાવેલ હતો અને સાથે હતા તે લેવાલ હતા. આવો વિચાર કર્યો છે. ચાર મહીના થયા સુરેશે કાંઈ મોકલ્યું નથી. ત્યાં શું પરિસ્થિતિ છે તે ખબર નથી. ઘણું હતું ઘણું ગયું વિચાર કરવાથી કાંઇ વળતું નથી. ઠીક છે. જેવી પ્રભુ ઇચ્છા માનુ. બીજું શું. નાની જગ્યામાં પ્રભુ બિરાજશે. આમ બાત કરતાં કરતાં નિઃશ્વાસ નખાય ગયો.

દિનેશ : સુરેશના દાદાજી તો મારા દાદાજી માનું છું. હું સુરેશને મળીને આવ્યો છું. ગઇ વસ્તુનો અફસોસ કરવો નકામો છે. હવે તેને ભૂલી જવામાં સાર છે. હવે શું કરવું તે જુઓ. મારી સાથે સુરેશે પાંચ હજાર રૂપિયા મોકલાવ્યા છે. (એમ કહી દાદાજીને રૂપિયા ગણી દીધા) તેનાથી હમણાં ચલાવો બધું વ્યવસ્થિત થઇ જશે. મકાન વેંચશો નહીં. વડીલો પાર્જીત જે છે તેમજ રહેવા દો. શ્રી ઠાકોરજી સદાને માટે મૂળ સ્થાને જ બિરાજશે.

દાદાજી : (આશ્ચર્યજનક વિચાર કરતાં) શું ? સુરેશ સુધરી ગયો ?

દિનેશ : દાદાજી ! હું આપની સામે જુઠું નહીં બોલું તેણે બધા વ્યસનો છોડી દીધા છે. ભાભી સુલેખાએ સરવીસ જોઇન્ટ કરી છે. એકની કમાઇથી ત્યાંનું ઘર ચલાવશે અને એકનો પગાર દર મહીને આપને મોકલતો રહેશે. માટે વડીલોની વારસાગત મળેલ આ મકાન જમીન કાંઇ વેચશો નહીં. મારે હવે જલદી જાવું છે. આજે જ યાત્રાએ નીકળશું જાવું હતું ટ્રેનમાં પણ મારા દાદાજી કહે મેટાડોર બાંધીને જ જવાનું કહ્યું છે. ઘર સુધી આવતાં બીજી ખટપટ ન રહે ને અઠવાડીયામાં બધે જઇ શકાશે.

દાદાજી ! મેં સુરેશને મોઢેથી અહીંની બધી પરિસ્થિતિ સાંભળી છે. પરંતુ મુળ વસ્તુ સુરેશ એટલી ઝડપથી સુધરી ગયો છે, તેની કલ્પના પણ તમે નહી કરી શકો. પ્રભુની કૃપા માનો. પ્રભુ દયાળુ છે. ગમે તેવો પાપી જીવ ચરિત્રહીન હોઇ છતાં પળમાં પ્રભુ ચાહે સોઇ કરે. તમારા સારા સંસ્કાર હોવા છતાં તે કોલેજથી જ બદલ્યો હતો. ભાગ્યાનુસાર (સુલેખા) ધર્મપત્ની બહુ જ સારી મળી છે. બન્ને બાળકો સારા છે. સુલેખાએ તેની સાસુની રૂઢી લીધી છે. કુટુંબનો બોજ ઉઠાવવા માટે જ તે નોકરી કરે છે. સમય પલટાઈ ગયો છે. તમે તો આજ સુધી પ્રેમથી સેવા જ કરી છે. તે પ્રમાણે તન મનથી સેવા કરો અને માસિક આવક આવે તેટલો ખરચો રાખજો. બસ દાદા હવે હું જાઉં.

દીનેશનો હાથ પકડી દાદાજી જ્યાં શ્રી ઠાકોરજીનું મંદિર હતું ત્યાં લઈ આવ્યા અને કીધું, શૃંગારના દર્શન થશે અને સુરેશની દાદીને જય શ્રી કૃષ્ણ તો કરીલે.

અત્યાર સુધી અનજાન હતા. દાદીમાં દર્શન ખોલતાં જ નવિન યુવકને જોઈ તિબારીમાં બે હાથ જોડી જય શ્રી કૃષ્ણ કર્યા. દિનેશે દૂરથી પ્રણામ કર્યા. દિનેશે થોડા સમયમાં માપી લીધું. સેવાના સાહિત્યો બારે માસનાં, મંદિરની રચનાં સગવડો, બધું જોઇ વિચાર કર્યો કે અસલમાં અત્રે તો રોજ વૈભવથી સેવા થતી હશે. પરીસ્થિતિ લાચાર હોવા છતાં તેમની ભાવના ઉચ્ચ પ્રકારની છે. કપરા સમયમાં મન સ્થિર રહેવું સહેલ નથી. કયારેક "ઘી ઘણાં તો કયારેક મૂઠ્ઠી ચણા." પ્રભુ તો કેવળ ભાવનાના ભોગી છે.

દાદીજીને પણ દિનેશે સુરેશનાં બધા સમાચાર દીધા. સાંભળતાં આંખોમાં આંસુ ઝરતાં કહ્યું દીકરા ! "સારા હોય તો દીકરા, નહીંતર દીપડા" જ કહેવાય.

દિનેશ–દાદીજી ! હવે બધું ભુલી જાવ. તમારા ઘરમાં બિરાજતા પ્રભુ સદાને માટે આ સ્થળે જ બિરાજશે. કાંઈ પણ વેંચા વેંચી કરવી નહીં પડે. કોટડીમાં પધરાવવાનો સમય જ નહીં આવે. મારા ઉપર વિશ્વાસ રાખો. તમારો સુરેશ હવે સુધરી ગયો છે. સાથોસાથ તે તેમનાં વડીલોનો વારસો બરોબર સંભાળશે. પરંપરાગત સેવા બની રહેશે. નાના બે બાળકો થોડા મોટા થશે એટલી તેની બા અહીં રહેશે. તમારી અને શ્રીની સેવા કરશે. કરશે. હું જે સમજું છું કે મારી વાત ઉપર તમને એકદમ વિશ્વાસ કેમ આવે, પણ મને પૂર્ણ વિશ્વાસ

છે કે દુઃખનો સમય ગયો. જેનો દિવસ સારો આવવાનો હોય તેની બુદ્ધિ નિર્મળ હોય.

દિનેશના મોઢેથી આવા વિશ્વાસભર્યા વચનો સાંભળી દાદીમાની બન્ને આંખો આંસુ વર્ષાવા લાગી મારે બીજા સુખ દુઃખની કાંઇ ફીકર નથી. ૩૦૦ વરસથી બિરાજતા ઠાકોરજીને હવે પરિશ્રમ પડે છે. દીકરા ! સુરેશનાં વલણથી તો અમે નિરાશ થઇ ગયા હતા. આજે જ તારા મોઢાનાં આવા દઢતાનાં શબ્દો સાંભળવા મળ્યાં છે. હું તો માનીશ કે મારા પ્રભુની આ બધી લીલા છે. બેટા તું અમારે ઘેર કયાંથી, મને લાગે છે તારા વડીલોનાં સંસ્કારો બહુ જ ઉંચા હોવા જોઇએ. વૈષ્ણવ ધર્મનો વિવેક બધો તારામાં દેખાય છે. હવે રાજભોગ સુધી રોકાઇ જા. પ્રસાદ લીધા પછી જ જજે (માજી સમજે છે કે પ્રભુ શું આરોગ્યા છે કે જ્યાં ભાવના છે ત્યાં બીજું કાંઇ જોવાતું નથી.

દિનેશ–દાદીમા ! મને દડીયામાં થોડોક પ્રસાદ આપો. અમે ઘેરે બધા થોડો થોડો લેશું રોકવાનો સમય નથી. પ્રસાદ લઇ દિનેશ ઘર તરફ રવાના થયો.

દિનેશનાં ગયા પછી દાદાજી વિચાર કરે છે કે એક દિવસ જો દિનેશ મોડો આવ્યો હોત તો આ પોણા ભાગનું મકાન વેચાય જાત. શ્રી ઠાકોરજીનાં માટે રાખેલ મોટા મોટા ઓરડા પણ ચાલ્યા જાત. શું કરૂં, મેં પણ લાચારીથી આ કામ કરવા વિચાર કર્યો હતો. પ્રભુની ઇચ્છા આ વિશાળ મંદિરમાં જ બિરાજવાની હશે.

પછી દિનેશે આપેલા રૂપિયા પાંચ હજાર અને લંડનની બધી હકીકત ઘરમાં કહી સંભળાવી. તે સાંભળી સુરેશની દાદીમા આશ્ચર્ય ચકિત થયા. દિનેશ મહાન મહાન ભગવદીય હોવો જોઇએ કે તેનાં સંગથી છેલ્લી પાયરીયે પહોંચેલો સુરેશ સુધરી ગયો. પ્રભુનો ઉપકાર માનતા બન્ને વૃધ્ધો શ્રીની સેવામાં લાગી ગયા. પ્રભુનાં સન્મુખ બન્ને ઉભા રહ્યા, હાથ જોડીને કહેવા લાગ્યા પ્રભુ અમે આપને શ્રમ દીધો છે. અમારા માટે શ્રમ કર્યો છે. આખોંમાંથી હર્ષ શોક મિશ્રિત જલધારા વરસી પડી.

–ક્રમશઃ

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ચિ. ભગવત પ્રસાદના વેવિશાળ શુભ પ્રસંગે હ. વૈ. રવજી પરસોત્તમ બાલધા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

આ માસના ઉત્સવ

કારતક વદ ૧ તા. ૧૧-૧૧-૯૨ બુધવાર ગોપ માસનો પ્રારંભ વ્રત ચર્યા.

કારતક વદ ૨ તા. ૧૨-૧૧-૯૨ ગુરુવાર ગો. ચિ. શ્રી વ્રજરાજકુમારજી બાવાશ્રી સુરતનો જન્મ દિન.

કારતક વદ ૪ તા. ૧૪-૧૧-૯૨ શનિવાર શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી) નો તથા ગો. ચિ. શ્રી કમલેશ બાવાશ્રી (મુંબઇ) નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્ર બાવાશ્રી (માંડવી) નો જન્મ દિન.

કારતક વદ ૬ તા. ૧૬-૧૧-૯૨ સોમવાર ટિકેટ શ્રી ગોવિંદલાલજીનો જન્મ દિન (નાથદ્વારા) સં. ૧૯૮૪ (સાતમનો ક્ષય હોવાથી આજે)

કારતક વદ ૮ તા. ૧૭-૧૧-૯૨ મંગળવાર શ્રી ગુસાંઇજીના બીજાલાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સંવત ૧૫૯૯)

કારતક વદ ૧૦ તા. ૧૯-૧૧-૯૨ ગુરુવાર ગો. શ્રી ઉત્તમશ્લોકજી મહારાજ શ્રી (મુંબઇ) નો જન્મ દિન.

કારતક વદ ૧૧ તા. ૨૦-૧૧-૯૨ શુક્રવાર ઉત્પત્તિ એકાદશીવ્રત.

કારતક વદ ૧૩ તા, ૨૨-૧૧-૯૨ રવિવાર શ્રી ગુસાંઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮) ગો. શ્રી રમેશચંદ્રજી મહારાજ (મુંબઇ) નો તથા ગો. શ્રી ત્રિભંગરાયજી મહારાજ શ્રી (બોરીવલી) નો જન્મ દિન.

માગશર સુદ ૨ તા. ૨૬-૧૧-૯૨ ગુરુવાર ગો. ચિ, શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ) નો તથા ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ શ્રી (ચાંપાસેની-જામનગર) નો જન્મ દિન.

માગશર સુદ ૪ તા. ૨૮-૧૧-૯૨ શનિવાર ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મ દિન.

માગશર સુદ ૫ તા. ૨૯-૧૧-૯૨ રવિવાર શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન)

માગશર સુદ ૭ તા. ૧-૧૨-૯૨ મંગળવાર શ્રી ગુસાંઇજીના ચતુર્થલાલજી શ્રી ગોકુલનાથજી (સં. ૧૬૦૮) નો પ્રાકટયોત્સવ અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદજીદાસજીનો જન્મ દિન,

માગશર સુદ ૮ તા. ૨–૧૨–૯૨ બુધવાર શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉંત્સવ.

માગશર સુદ ૯ તા. ૩–૧૨–૯૨ ગુરુવાર શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો સ્મરણ દિન ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ–પોરબંદર) નો જન્મ દિન.

માગશર સુદ ૧૨ તા. ૬–૧૨–૯૨ રવિવાર મોક્ષદા એકાદશી વ્રત ગીતા જયંતી **ગો.** ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત) નો જન્મ દિન.

માગશર સુદ ૧૩ તા. ૮–૧૨–૯૨ મંગળવાર શ્રીનાથજીનો છપ્પન ભોગ (૧૫ નું ગ્રહણ હોવાથી આજે)

માગશર સુદ ૧૫ તા. ૯–૧૨–૯૨ બુધવાર **શ્રી** બલદેવજીનો ઉત્સવ ગોપ માસ સમાપ્તિ ચંદ્ર ગ્રહણ–સ્પર્શ રાત્રે ૩ કલાક ૨૩ મિનિટ મોક્ષ રાત્રે ૬ કલાક ૫૫ મિનિટ.

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. ચિ. ચંદ્રેશ ભાષ્કરરાય પટોળીયા વડાલ ઉનાના જય શ્રીકૃષ્ણ.

શ્રીપુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિરતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

॥ શ્રી ગુરૂદેવચરણકમલેભ્યો નમઃ ॥

૧૦૩. રાગ-બિહાગ વૈ. ૮૪.

વંદો શ્રીકૃષ્ણદાસ અધિકારી;
‘ઋષભસખા’ અંતરંગ કહાવત, સખી ‘લલિતા’ રસ ક્યારી. ૧
જન્મે પટેલ ગૃહ ગામ ચરોત્તર, ચિત્ત નહીં સંસારી;
પિતા લૂંટે જબ બનઝારે કો, છાંડ ચલે ઘર દ્વારી. ૨
બાર બરસકે કૃષ્ણદાસ તબ, આયે બ્રજ મંઝારી;
દેવ દમનકો દરસન કીયો, મન હર્યો ગિરિધારી. ૩
શ્રીજી કહી તબ શ્રીવલ્લભ સોં, કૃષ્ણદાસ નિહારી;
બહોત દિનનતે બિછુર્યો હૈ, શરણ લેહો તિહારી. ૪
બ્રહ્મસંબંધ કરાય તુરત હી, પ્રભુ સન્મુખ બૈઠારી;
લીલાનુભવ હોન લગ્યો પદ-ગાયો તા અનુસારી, ૫
સેવા દીની ભેટીયાજી કી, લાવત હે બહુ સારી;
બંગાલી કો દૂર કીયે જબ, પાછે ભયે અધિકારી. ૬
સબ સેવક પેં હુકમ ચલાવત, ચલત આપ અસવારી;
સંગ રહત સો પચાસ પ્યાદે, પ્રસિધ્ધ ભયે જગ ભારી. ૭
વૈભવ બઢાયો ગોવર્ધન ધરકો, નેગ ભોગ વિસ્તારી;
નિત્ય નયે પદ ગાય સુનાવત, રીઝવત કુંજ વિહારી. ૮
સુર સંગ વિવાદ ભયો જબ. પક્ષકીયો બનવારી;
પદ રચના કરદીની પ્રભુને, ઐસી કૃપા ઉર ધારી. ૯
દૃષ્ટિ પરી જબ સામગ્રીમેં, ગંગાબાઇ નિજ પ્યારી;
આરોગે નહીં રાજભોગ તબ, શ્રીવિઠ્ઠલ બોલી મારી. ૧૦
સેવાતે દૂર કીયે કૃષ્ણદાસ, ઐસે ભયે અહંકારી;
છે માસ લો વિરહ કીયે શ્રીવિઠલ વાત વિચારી. ૧૧
કૃષ્ણદાસ કુવા દેખત હૈ, ગિરપરે મંઝારી;
પ્રેતયોની પાયે તતક્ષન, પાવત દુઃખ અપારી. ૧૨
ગુરૂ અપરાધ કો યહ ફલ પાયો, ડરપત રહો વિચારી;
અધિકાર ઐસો હે બુરો, બાજી દેત બિગારી. ૧૩
ધ્રુવ ઘાટપેં શ્રાધ્ધ કીયો શ્રીવિઠલ કૃપા વિચારી;
‘લાલદાસ’ લીલામેં પ્રાપ્ત ભયે, દ્વાર બિલછુકી બારી. ૧૪

—ક્રમશઃ

ગોબર લીલા

[ઢાળ : જનનીની જોડ સખી નહીં મળે રે લોલ.]

ખીરકમાં ગ્વાલ બાલ ખેલતા રે લોલ;
ગાયોની કરતા સંભાળ જો ખીરકમાં....૧
ગોપી આવીને કૃષ્ણને કહે રે લોલ;
ગોબરનો સુંડલો ચડાવ જો ખીરકમાં....૨
લાલો કહે છે ગોપી સાંભળો રે લોલ;
એક લોટી દૂધ મને આપ જો ખીરકમાં....૩
જેટલા ચડાવું તને સુંડલા રે લોલ;
તેટલી લોટી તું મને આપજો ખીરકમાં....૪
સુંડલો ચડાવે વાલો ગોપીને રે લોલ;
ટપકું કરે છે ગોપિ ગાલજો ખીરકમાં....૫
બોલ્યા છે ગ્વાલ બાલ આ સમે રે લોલ;
અમને પણ દૂધ પીવરાવજો ખીરકમાં....૬
ટપકા વધાર્યા વાલે ગાલમાં રે લોલ;
પાંચના પચીસ તેણી વાર જો ખીરકમાં....૭
લાવ ગોપિ દૂધ ગણી ચાંદલા રે લોલ;
ઝગડો થયોછે તેણી વાર જો ખીરકમાં....૮
ટપકા વધાર્યા તમે હાથથી રે લોલ;
કુડો કર્યો છે વ્યવહાર જો ખીરકમાં....૯
ઝગડો વધ્યો છે વાત વાતમાં રે લોલ;
ટોળે મળ્યા છે લોક ત્યાંય જો ખીરકમાં....૧૦
ગોપીનો હાથ પકડી લીધો રે લોલ;
આવ્યા છે જશોદામા પાસ જો ખીરકમાં....૧૧
લાલન કહે છે મૈયા સાંભળો રે લોલ;
ગોપિ કરે છે અન્યાય જો ખીરકમાં....૧૨

ગોપિ કહે છે માતા સાંભળો રે લોલ;
પાંચના પચાસ કર્યા લાલ જો ખીરકમાં....૧૩

યશોદા સમજાવે લાલ કૃષ્ણને રે લોલ;
મુકીદે ગોપિ કેરો હાથ જો ખીરકમાં....૧૪

આવા ઝગડા તે નવ કીજીયે રે લોલ;
આપણે ઘેર ઘેનું છે અપાર જો ખીરકમાં....૧૫

ગોપિ મુંઝાણી મનમાં ઘણી રે લોલ;
સાક્ષી ન મળે કોઇ એક જો ખીરકમાં....૧૬

ગ્વાલ બાલ બોલ્યા સહુ સાથમાં રે લોલ;
સાચું કહે છે. કૃષ્ણ આજ જો ખીરકમાં....૧૭

ગોપિ કહે છે. હું તો નવ નવી રે લોલ;
સાસુ નણંદનું છે જોર જો ખીરકમાં....૧૮

મારે ઘેર ગાયુ માત્ર બે જ છે રે લોલ;
કેમ કરી દૂધને અપાય જો ખીરકમાં....૧૯

બોલ્યા શ્રીમુખ વાણી આ સમે રે લોલ;
રોજ એક લોટી દૂધ આપ જો ખીરકમાં....૨૦

હરખાણી ગોપિ વાણી સાંભળી રે લોલ;
નિત નિત નિરખવાનો લ્હાવ જો ખીરકમાં....૨૧

મનનું માન્યું તે ગોપિને મલ્યું રે લોલ;
નિત્ય નંદ ઘેર આવે જાય જો ખીરકમાં...૨૨

જશોદાએ ગ્વાલ બાલ રોકિયા રે લોલ;
દૂધ પિવોને ભરી પેટ જો ખીરકમાં....૨૩

ગોબર લીલા છે આતો નવનવી રે લોલ;
'માધુરી' ગુણ ગાય વારી જાય જો ખીરકમાં....૨૪

ગોબર લીલા

પ્રેષક : **પ. ભ. રસીકદાસ સંપટ મોરબી**

કચ્છી ભાષાંતર કર્તા **પ. ભ. ફાલ્ગુની આશર. શાયન મુંબઇ**

[પ્રભુની અનિર્વચનીય અલૌકિક લીલાઓ ભકતો પોત પોતાના ભાવાનુસાર અનેક પ્રકારે વર્ણવી ભકિત રસમાં મગ્ન બન્યાં છે. શ્રી હરિરાયજીએ પણ પંજાબી સીંધી બોલીમાં પદોની રચના કરી તે તે ભાષાના ભગવદ્ ભકતોને લીલા રસનો સ્વાદ લેવડાવ્યો છે.

અહીં પ્રસ્તુત છે કચ્છી બોલીમાં પ્રભુની એક અનિર્વચનિય કૌતુક લીલા. કચ્છી બોલીની મીઠાસ કંઇ ઔર છે અને એવી જ ઔર તેરહની છે ભાટીઆ વૈષ્ણવોની ભકિત ભાવના. પ્રસ્તુત લીલા ભાવનાના સંકલન કર્તા પ. ભ. રસિકદાસ લક્ષ્મીદાસ સંપટ એક અનુભવી ભગવદિય છે. તેઓ અને પ. ભ. ફાલ્ગુનીબેન આશરે મળીને કચ્છી બોલીમાં વૈષ્ણવોને આ મધુર લીલાનો આસ્વાદ કરાવ્યો છે]

– સંપાદક

ઓહો હી કુરો ? હમેશા લાલેજો હથ પકડી ગોપીયુ અચન. અજ લાલો ગોપીજો હથ પકડી અચેતો, અજ કુરો થયો હુંધો ? શ્રી જશોદા મૈયાહી નવાઇ પામેતા. ગાલ હી બની હુઇ કે લાલો ગ્વાલજે બચ્ચે સાથે ખીરકમેં રમધો. વો નંઢા નંઢા પગ મથે તે ટોપી ઝગુલી હથમેં ને નંઢી લકડી હેળો ગ્વાલ વેશ ધરીને લાલો રમધો વો. હકળી ગોપી ખીરકમેં ગોબર ગનેલા આવી ગોપી ગોબર જો સુંડલો ભરી લાલકે ચઇ, લાલા હી સુંડલો મુજે મથે તે રખને. લાલે ચઇ મથે તે રખા તો ખરો પણ તું મુકે કુરો દીધી ? લાલો તો ભકત વત્સલ આયને ? ગોપીયુકે સુખ દેલાઈ લાલો સુંડલો ગનેલાય તૈયાર થઈ વ્યો.

વારી વના મુજા લાલ, હકળો સુંડો ઉપડીય તો હકળી લોટી દુંધ પીરાઇધીશ. હી ચઈ ગોપી આનંદ મેં અચી વઇ ને લાલા જે ગાલતે મીઠી ટપલી ડને અને હથ ફરાઇ ચઇ, હલા ઉપડાય. લાલે સુંડો ઉપડાય ગોપી જે આનંદ જો પાર નરેઓ. ગોપી સુંડો ખણી ઠુમક ઠુમક હલધી થઇ ત્યાં લાલે રાડ વધી અરી ઓ ગોપી ! 'તું કટલા સુંડલા ઉપડાઇની હીધ્યાન કી હુંધો ? તુજી પાસ કટલી લોટી દુંધ ગનેજો તેજી યાદી તો રખતી ખપધીને ? ગોપી ખલધે ખલધે લાલેજો ગાલતે ગોબરજો ટપકો કરીડીનો ને લાલકે ચઇ જેટલા ટપકા થીંધા તટલી લોટી દુધ પીધેજો. હી કહી હકળો બો સુંરલા ગોપી ખણી વઇ હકળે છોકરે લાલજે કાનમે કી ચઇ. ગોપી હી ન સુણઇ, પણ છોકરા મળે હકળે બેકે તાલી દેલા લગ્યા ને ખેલેલા લગ્યા. ગોપી હકળો સુંડો લાલકે હકળો ટપકો કરી વને તો પાછળથી લાલો બ, ત્રે, ટપકા કરી ગને હી ગોપી જડ પંજ સત સુંડા ગની વઈ હુંધી. ત્યાં લાલે આખો મુખારવીંદ ટપકેથી ભરીડીનો. પોઈ ગોપી કે ચઈ હણે ગની ગન કેડા ટપકા આય હેટલો મુજો તુજી પાસે લેણો. ગોપી ટપકા ગણે પણ કીએ કરધા ગણાયન. ચાલીસ–પંજા ટપકા થઇ વ્યા. ગોપી ચઇ લાલા મુ હટલા સુંડા ગોબર નાઇ ગન્યો. લાલો અને ગ્વાલજા છોરા

ચઇ ખોટો નબોલ હી ટપકા ગણ ગન દુધ નહી દીએ હી નહી હલે, ઝગડો વધીવ્યો લાલે ચઈ હલ મુઝી મા વટે, ગોપી ચઈ એળી નંઢી ગાલ તુઝી મા વટે કુ લાય વનતુ આય.

ગોપી કે બીક લગી કે મા મુઝે લોસધી. લાલે ગોપીનો હથ પકડી ચઇ હલ મુઝી મા વટે, લાલો ગોપી કે મા અગીઆ ખણી અવ્યો. ગોવાળજ છોરા ખલધે ખલધે સાક્ષી પુરાયલાય સાથ જો આવ્યા મૈયાને ચઇ ખમા મુઆ લાલ કે હી મોં તે મળે કુરોઆય ? લાલે મળે ગાલ ચઇ. તડે ગોપીને ચઇ હટલા મળે સુંડા આંવ નાય ગન્યા. હી છોરે મજાક કઈ આય. આંવ હટલો મળે દુધ કડાથી ગની અચી શકા ? મુકે તો હકળી બો ગાય આય પોય સાસ નંણંદ કજીયારી આય હટલો મળે દુધ કડાથી ગની અચી શકા ? લાલો રોયલા લગ્યો માં મુઝે તો ગાલ તે જટલા ટપકા આયન તટલી લોટી દુધ ખપે મૈયા લાલકે સમજાય લગી લાલ પાંજે વટે દુધ જી કડા કમી આય પાંજી પાસે નો લખ ગાય આઇન તુકે પીણુ હોય તેટલો દુધ પી ગણાજ, ના માં મુઝે તો હી ટપકા આય ન તેડલી લોટી દુંધ હી ગોપીકો જ ખપે માને ગોપી કે ચઈ નાર ગોપી તું હમેશા હકળી લોટી દુધ લાલ કે ધરી વનજ જટલા ટીલા આયન તડલા દીવસ હમેશ તું દુધ ડનેલા અચજ ગોપી રાજી થીધી ઘેરવઇ વાહ મુજા લાલ મુકે રોજ પોતેજા દર્શન જો સુખ ડીનેલા કેળી ગોબર લીલા કરી. તું ખરેખર ભકત વત્સલ આય.

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

(વર્ષ ૧૧ અંક ૬ ના અનુસંધાને)

૪૭૬	શ્રી પીયૂષભાઇ સી. ગાંધી, રાજકોટ
૪૭૭	શ્રી મુળજીભાઇ મનજીભાઇ નાડીયાપરા, રાજકોટ
૪૭૮	શ્રી અમરસીભાઇ નરસીભાઇ વાડોલીયા, રાજકોટ
૪૭૯	શ્રીમતી ધીરજબેન ઉમેદલાલ પટેલ, રાજકોટ
૪૮૦	શ્રીમતી વિરમતીબેન જે. ઠક્કર, રાજકોટ
૪૮૧	શ્રી ગોવિંદલાલ માણેકલાલ દેસાઇ, અમદાવાદ
૪૮૨	શ્રીમતી મંજુલાબેન આર. શાહ, શાંતાક્રુઝ
૪૮૩	શ્રી જમનાદાસ મોહનલાલ આડેસરા, રાજકોટ.
૪૮૪	શ્રી કંસારા ભીખાલાલ ત્રિભોવનદાસ, વાંકાનેર
૪૮૫	શ્રીમતી ચંદ્રભગાબેન આશર, જામનગર.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. ગો. **શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી**

રચાયતા : ગો. વા. પ. ભ. **શ્રી રવજીભાઈ મીસ્રી, 'વ્રજ' ધોરાજી**

૧૦૭. સહજ સુંદર રૂપ

સહજ સુંદર પ્રથમેશજુ પ્યારો, શ્રીવ્રજ મંડલ કે હે ભૂપ;
રૂપ નહિ કોઉ ઐસો જગમેં, અખિલ અંડમેં હેજુ અનૂપ. ૧

અમિતરૂપ ગુણ સહજ માધુરી, હંસન બોલન નિકાઇ સ્વરૂપ;
'વ્રજ' કે વલ્લભ નખશિખ મોહન, દરસતેં નયન રહત હેં ખુપ. ૨

૧૦૮. અશેષ ભકત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજોધન રૂપ

ચરન કમલ રજ ભકતનકો ધન, કોટી કરે ચરનન કી સેવ;
જૈસે અનેક કમલ જગતમેં, માનત હેં દિન કર કોં દેવ. ૧

પ્રેમ ધ્વજા ગોપીજન વ્રજ મેં, પુરત સબન મનોરથ સુખૈવ;
શ્રી પ્રથમેશ **'વ્રજ'** કે સુખદાયક, નાયક અખિલ અનંત વસુધૈધ ૨

૧. સર્વોત્તમ ફલશ્રુતિ

રાગ–રાસપંચાધ્યાયીનો

શ્રદ્ધા કર કોઉ ગાય, સ્થિર મન ઉનકો થાયે. ૧
અધરામૃતુ કી સિદ્ધ મિલે નહીં સંશય મુલે. ૨
અધરામૃત સો મોક્ષ હિન લીન મુકિત ફલ વા મેં ૩
સર્વોત્તમ જપ કરો, કૃષ્ણ રસ મન મેં ભરો. ૪
શ્રીવિઠ્ઠલ ઉચ્ચરિત નામ, કામ કરે પુરન સબકે. ૫
જન્મ સુફલ હ્વે જાય, શ્રી **'વ્રજ'** ભૂષણ સુખ પાવે. ૬

૨.

શ્રદ્ધા કર કે કોઉ શ્રીપ્રથમેશ ગુન ગાવેં. ૧
અધરામૃત કી સિદ્ધિ મિલે, હરિ ઉર મેં ભાવે. ૨

મોક્ષહિન ઇન આગે, મુકિત ફલ લીન હેં ઉન મેં ૩
સંશય કરો જીન કોઉ, દ્રઢ કર મન મેં માને. ૪
સર્વોત્તમ જપ કરો, કૃષ્ણ રસ મન મેં છાનો. ૫
શ્રીવિઠ્ઠલ ઉચ્ચરિત નામ, ફલ કો ફલ જાનો. ૬
ઓર સબે ફલ તુચ્છ, સિદ્ધિ અધરામૃત આગે. ૭
જન્મ સુફલ હ્વો જાય, મિલે સબ મુખકે માગે. ૮
પુષ્ટિ પરમ ફલ શ્રી પ્રથમેશ કો પરમ કૃપાબલ ૯
ચરન સરોજ કી છાંય, રહ્યો વ્રજ કો નિર્મલ મન. ૧૦
સર્વોત્તમ સુખધામ, કામ કરે પુરન સબકે. ૧૧
પાવે સુખ અપાર, જોઇ ગાવે યહ તીનકે. ૧૨
બસે શ્રીવલ્લભ હિય, સબે 'વ્રજ' લીલા જિનકે. ૧૩

દેવ દીવાળી

[ઢાળ–શ્રીવલ્લભ વિઠ્ઠલ હરિ ના જાણ્યા તેણે સર્વસ્વ ખોયું રે]

પુછે કિરતી કુંવરી રાધિકા કયાં રમીયાવી બાળા જો;
કોણે ગુંથી સુંદર વેણી, કોણે ગુંથી માળા જો. ૧
બોલી કુવરી સાંભળ મૈયા, સખિયો સંગે રમતી જો;
બાગ બગીચે ફરી ફરીને, નંદભવનમાં ગઇતી જો. ૨
નંદ રાણીયે આદર દીધો, ગોદમાં જ બેસારી જો;
વારે વારે મુખડું જોતી કરતી ગોદ પસારી જો. ૩
એણે મારી વેણી ગુંથી, લર મોતીની બાંધી જો;
ગોદ ભરી મેવા મિઠાઇ, સાથે બાંધી જો. ૪
સાંભળતાં કીરતીજી બોલી, કુંવરી ત્યાં નવ જઇએ જો;
એનો કુવર કન્હૈયા કાળો, તેનો સંગ ન કરીએ જો. ૫
બોલી સખિયો 'રાધાગોરી' તું કાળી થઇ જાશે જો;
કુંવરી કો મૈયા વર રૂડો, હું તો એનીજ આશે જો. ૬
સાંભળતા કીરતી હરખાણી, કુંવરી કેરી વાણી જો,
'માધુરી' ચતુર કિશોરી રાધે, લીલા ગાય વખાણી જો. ૭

સમાચાર

ધોરાજી – આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખા આયોજીત–ધોરાજી-ઉપલેટા-જામકંડોરણા વિભાગ વૈષ્ણવ કાર્યકર્તા સંમેલન તા. ૪–૧૦–૯૨ના રોજ શાખાના અધ્યક્ષ શ્રી છગનલાલ જાદવજીભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને અને પૂ. પા. ગો. શ્રી પ્રબોધકુમારજી બાવા શ્રી તથા પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી બાવા શ્રી ધર્મોધ્યક્ષના સાન્નિધ્યમાં કાર્યવાહીનો પ્રારંભ શાસ્ત્રી સુરેશભાઈ કનૈયાએ મંગલાચરણથી થયો. ત્યારબાદ શ્રી જયેન્દ્રકુમાર સોરઠીયાએ પુષ્ટિધ્વજ ગીત ગવરાવ્યું અને ધર્માધ્યક્ષશ્રીઓનો ફુલ હારથી સ્વાગત થયા બાદ શ્રી મોહનભાઈ ગજેરાએ સ્વાગત પ્રવચન કરેલ.

ત્યારબાદ બહારગામથી આવેલા પ્રતિનિધિઓએ સંપ્રદાયના પ્રચાર–પ્રસાર–સંગઠન અને નક્કર કાર્યો કેવી રીતે થાય તે સંબંધમાં મુકત મને વકતવ્ય કરેલ.

રાજકોટથી ૧૫ કીલોમીટર દુર રાજકોટ મોરબી રોડ ઉપર રતનપરમાં આં. રા. પુ. વૈ. પરિષદ આયોજીત સંપ્રદાયના ગૌરવસમાન વિષે રાજકોટ જીલ્લા વિભાગના પ્રમુખ અને ઋષિકુળના સંયોજક પ્રમુખ શ્રી કાંતિભાઈ રાધનપુરા, ગુજરાત પ્રદેશ કારોબારીના પ્રચારમંત્રી અને ઋષિકુળના સંયોજક મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે શંકા–કુશંકાના સમાધાન સાથે પ્રવચન દ્વારા વિસ્તૃત માહિતી આપેલ.

ત્યારબાદ બન્ને ગૌસ્વામી બાલકોએ આ કાર્યને પ્રોત્સાહિત કરવા સર્વે વૈષ્ણવોને અનુરોધ સહ આશીર્વચન આપેલા અને તેઓશ્રીના વરદ્ કરકમલો દ્વારા નિર્માણ ફંડ માટે પ્રતિનિધિઓને રૂા. ૧૦ દશ દશના કુપનવાળી ૪૫૦ બુકોનું વિતરણ કરવામાં આવ્યું.

છેલ્લે શ્રી લકકડભાઈએ આનંદ વ્યકત કરેલ. અને ભરોસો દઢ ઈન ચરનન કેરો" પદ ભેંસાણના કીર્તનીયા શ્રી વિઠલભાઈએ ગાયેલ.

વિનંતી

ભરૂચ જિલ્લાનો કેવડીયા કોલોનીમાં પ. પૂ. ગો. ૧૦૮ થી ઈન્દીરાં બેટીજીના આશિર્વાદથી સત્સંગ હોલનું બાંધકામ શરૂ થયું છે. મા. ગુજરાત સરકારશ્રીએ ટોકનભાડાથી દસ હજાર ચો. ફુટ જમીન આપી છે. સ્લેબ સુધી મકાનનું કામ પુરૂં થયું છે અને તે માટે અત્યાર સુધી ૧,૧૬૦૦૦ ખર્ચ કર્યો છે. હવે ફ્લોરીંગ, પ્લાસ્ટર, બારી--બારણાં–ફેન્સીંગ, ઈલેકટ્રીફીકેશન--ટાઈલ્સ વ. કામ બાકી છે. જે માટે અંદાજે રૂા. ૭૦ હજાર જેટલી રકમની જરૂર પડે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશ તરફથી રૂા. ૩૧ હજાર આમવામાં આવ્યા છે. અને બીજા રૂા, ૧૦ હજાર ત્યારબાદ એકત્ર થયા છે. સાધન–સંપન્ન ભાવનાવાળા વૈષ્ણવોને આ સેવાકામમાં શકય તે આર્થિક સહાય કરવા વિનંતી છે. આર્થિક સહાય આપવા ઈચ્છનાર વૈષ્ણવોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ યા પત્રવ્યવહારથી સંપર્ક સાધવા વિનંતી છે.

પરમાનંદ કુલચંદ દોશી
પ્રમુખ
આં. પુ. વૈ. પરિષદ કેવડીયા કોલોની શાખા
૨/૧૭, કેવડીયા કોલોની
જી, ભરૂચ – પીન – ૩૯૩ ૧૫૧

પ્રા, ચન્દ્રવદન શાંતિલાલ પરીખ
સંયોજક
આ, પુ. વૈ, પરિષદ, ભરૂચ જિલ્લો
પારેખ ખડકી
રાજપીપળા–૩૯૩ ૧૪૫ જી. ભરૂચ

ખંભાત–વર્તમાન પરિસ્થિતિમાં છીન્ન ભીન્ન બનેલા વૈષ્ણવ સમાજને એક નેજા હેઠળ સંગઠીત બનવાની અને પ્રષ્ઠિમાર્ગ સંપ્રદાયના સંરક્ષણ–સંવર્ધન--પ્રસાર પ્રચારની તાતી જરૂરિયાત છે અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તે દિશામાં કાર્યશીલ છે એ પ્રકારે વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠે ખેડા જીલ્લાના ખંભાત મુકામે યોજાયેલી વૈષ્ણવોની સભાને સંબોધન કરતાં જણાવ્યું હતું. પ્રવર્તમાન પરિસ્થિતિમાં સત્સંગ સ્વાધ્યાયની પ્રવૃત્તિને વધુ ગતિમાન કરવા વૈષ્ણવ પરિષદ કટીબદ્ધ બની છે ત્યારે તેમાં વૈષ્ણવોને સહભાગી બનવા શ્રી શેઠે અપીલ કરી હતી. ખંભાત શાખાના પ્રમુખ શ્રી ઠાકોરભાઈ સુખડીયાએ સ્વાગત કર્યું હતું અને પરિષદના મહિલા અગ્રણી વિનોદીબહેને સમગ્ર આયોજન કર્યું હતું. પ્રવાસમાં શ્રી વામનભાઈ પટેલ જોડાયા હતા.

SHREE VALLABH SUDHA Regd.No.G/RJ.212-L.P.W.P.43

ચોથા લાલજી શ્રીગોકુલનાથજીનો ધોળ

શ્રીગોકુલનાથ પ્રગટ થયા રે, આયો મહા ઓચ્છવ.
મારા તનના તાપ ગયા રે, આયો મહા ઓચ્છવ. ૧
સખી સર્વે મળી ઘેર આવો રે, મોતીના ચોક પુરાવો રે. ૨
કંકુના હાથ દેવરાવો રે, મંગળ કળશ ભરાવો રે. ૩
કદળી ખંભ રોપાવો રે, તરીયા તોરણ બંધાવો રે. ૪
રૂડા મંડપ રચાવો રે, ચીરના ચંદરવા બંધાવો રે. ૫
શેરીએ કાંય ઢળાવો રે, વાટે ફુલડા વેરાવો રે. ૬
શેરીએ પાટ પથરાવો રે, સુગંધ અગર ઉખેવો રે. ૭
મોટા સમીયાણા બંધાવો રે; મોતીની ઝાલરો ટંકાવો રે. ૮
સખીયો સહુ મળી ઘેર આવો રે, મંગળ ધોળ ગવરાવો રે. ૯
મોટી જાજમો પથરાવો રે, ગાદી મુંઢા બીછાવો રે. ૧૦
દીવા જ્યોત પ્રગટાવો રે, આજ આનંદ વધાવો રે. ૧૧
શ્રી ગોકુલનાથને પધરાવો રે, એ છે શ્રીરુક્ષ્મણીજીના જાયા રે ૧૨
એ છે વૈષ્ણવ જનના વહાલા રે, એ છે શ્રીવિઠ્ઠલનાથજીના લાલા રે. ૧૩
વહાલે પુષ્ટિ પ્રાગટય કીધું રે, વહાલે ભકતને દાન દીધું રે. ૧૪
વહાલે વ્રજમાં પુર્યો વાસ રે, જન્મ્યા સુદી સાતમ માગશર માસ રે. ૧૫
વહાલે સહુની પુરી આશરે, બલિહારી **'માધવદાસ'** રે. ૧૬

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

શ્રી ગુસાંઈજી કી વધાઈ

ઉદયો વૃંદાવન કૌ ચંદ ।
તબ પ્રાવૃત મેઘનિમિલિ ઉગ્યો, અબ હેમંત સુછંદ ॥૧॥
તબ સુચિ પુન્ય યુગનિ કૌ બેલા, અબ છાયો કલિદ્વંદ ।
તબ તરુણાણામૃત અબકરુમૃત, 'વલ્લભ' સુતનંદન નંદ ॥૨॥

શ્રી વલ્લભદાસ બાજીલાલ શર્મા, દેવરી (ગ્વાલીયર)

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૧ : અંક-૯ ડીસેમ્બર, ૧૯૯૨
શ્રી વલ્લભાબ્દ ૫૧૫

વાર્ષિક લવાજમ રૂા. ૨૫/- ✻ **આજીવન રૂા. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

સમાચાર

જેતપુર–શ્રી પુષ્ટિ માર્ગીય સત્સંગ મંડળ આયોજીત નવરાત્રીના નવ દિવસ દરમ્યાન સમુહ લોટી ઉત્સવ મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતપુર શહેરનાં આશરે બસો દસ કરતા વધુ વૈષ્ણવ કુટુંબોએ ભાગ લીધો હતો, ઉત્સવના પુર્ણાહુતી પ્રસંગે શ્રી બ્રહ્મક્ષત્રીય વાડી જેતપુરમાં જુનાગઢના વૈષ્ણાવાચાર્ય શ્રી પુરૂષોત્તમલાલજી મહોદયશ્રીની અધ્યક્ષતામાં જેતપુરના વૈષ્ણવોનાં એક સંમેલનનું પણ આયોજન વૈષ્ણવ પરીષદ જેતપુર શાખાના ઉપક્રમે યોજવામાં આવ્યું હતું જેમાં શહેરનાં એક હજારથી વધુ વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનનું મુખ્ય આકર્પણ એ હતું કે ધારાસભ્યશ્રી સવજીભાઈ કોરાટ, માજી ધારાસભ્યશ્રી હરિભાઈ જોગી ડાઈંગ પ્રીન્ટીંગ ઉદ્યોગના માલીકો, કલર કેમીકલ્સના વેપારીઓ, ઝવેરી બજારના અગ્રણીઓ સરકારી તેમજ બેંકના કર્મચારીઓ ઉપરાંત બુદ્ધીજીવી વૈષ્ણવ ભાઈઓ તથા બહેનોની હાજરીએ સંમેલનની શોભા વધારી સામે સંમેલનમાં પોતાના મુકત વિચારો રજુ કર્યા હતા.

સૌ પ્રથમ જુનાગઢનાં વૈષ્ણાવાચાર્યશ્રી પુરૂપોતમલાલજી મહોદયશ્રીએ શ્રી યમુનાજીને ભોગ ધરી આરતી કરી સમુહમાં યમુનાષ્ટકનું પઠન કરાવી ઉપસ્થિત વૈષ્ણવોને ધાર્મીક વાતાવરણમાં ભાવ વિભોર કર્યા હતા.

પ્રાસંગીક પ્રવચનમાં જેતપુર મત વિસ્તારના ધારાસભ્યશ્રી સવજીભાઈ કોટાટે આ ઉત્સવ અને સંમેલનનું આયોજન કરવા માટે આયોજકોને ધન્યવાદ આપી પોતાની ઉપસ્થિતીનો આનંદ વ્યકત કરતા જણાવ્યું હતું કે સમાજોમાં સમયની માંગ પ્રમાણે જુની પરંપરાગત પ્રણાલીકાઓને તીલાંજલી આપી જગદગુરૂ શ્રીમદવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો અનુરૂપ આપણાં સંપ્રદાયનાં નબળા વર્ગના અનુંયાયીઓને સમૃદ્ધ બનાવવા આપણે પ્રયત્નો કરવા જોઈએ માજી ધારાસભ્યશ્રી હરીભાઈ જોગીએ જણાવ્યું હતું કે આજે કેળવણીમાં સંપૂર્ણ અભ્યાસક્રમ પુરેપુરો ભણાવવામાં આવતો નથી ભાવિ પેઢીનાં બાળકોને પોતાની આજીવીકા પેદા કરતા પગભર કરવા હોય તો સંસ્કારોનું સીંચન અને ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરવા વૈષ્ણવ સંપ્રદાય સંચાલીત શિક્ષણ સંસ્થાઓનું નીર્માણ કરવું પડશે આ રીતે સમાજના વિવિધ સ્તરનાં મહાનુભાવોએ પોતાના વિચારો રજુ કર્યાં હતા.

આ પ્રસંગે રાજકોટથી ૧૪ કિલોમીટર દૂર રાજકોટ–મોરબી રોડ ઉપર નીર્માણ થતા ભારતના સર્વ પ્રથમ 'શ્રીમદ વલ્લભાચાર્ય રૂષીકુલ" (વૈષ્ણવ ગુરૂકુલ) નિર્માણ અંગે સંકુલની સંયોજકશ્રી હસમુખભાઈ ખખ્ખરે સંપૂર્ણ માહીતી આપી વૈષ્ણવ સંપ્રદાયનાં કુટુંબના દરેક સભ્ય દીઠ ગુરૂકુલ નિર્માણ ફંડ અંગે બહાર પાડવામાં આવેલ રૂા. ૧૦/– દસ પુરાની કુપનો ખરીદવા અનુરોધ કર્યો હતો. સંગઠન મંત્રીશ્રી ચીમતભાઈ શેઠે પરીષદની પ્રવૃત્તિઓ ત્થા સંગઠનની મહત્વતા સમજાવી હતી.

પ્રમુખસ્થાનેથી આર્શિવચન પ્રદાન કરતા શ્રી પુરૂષોત્તમલાલજી મહોદયશ્રીએ જણાવ્યું હતું કે બાળકોમાં પાયાના સંસ્કારોનું સીંચન બાળક જ્યારે એક થી ચાર વર્ષનું હોય છે ત્યારે બાળકના માતા પીતા દ્વારા પ્રદાન કરાય છે. પરંતુ ચાર વર્ષ પછી બાળક જ્યારે જે સ્કુલમાં ભણવા જાય છે ત્યાં સંસ્કારોનું સીંચન કરી ઉગતી પેઢીના બાળકોને સંસ્કારી બનાવી પોતાના સમાજ માટે કંઈક કરી છુટવાની ભાવનાવાળા બનાવાય છે. પરંતુ વર્તમાન સમયમાં કેળવણીનું સ્તર એટલુ બધુ નીચુ છે કે ભાવિ બાળકો પાસેથી આપણે આ આશા રાખી શકતા નથી. પરંતુ આ હકીકતને સાકાર કરવી હોય તો આંતરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈશ્ણવ પરિષદ આયોજીત જે સંકુલ શ્રીમદ વલ્લભાચાર્ય રૂષીકુલ નિર્માણ થઈ રહ્યું છે તે અતી આવશ્યક છે અને આ સંકુલ જલ્દી નિર્માણ થાય તેવી શ્રી મહાપ્રભુજીને પ્રાર્થના ઉપરાંત આયોજકો તરફથી નિર્માણ ફંડ એકત્ર

(જુઓ ટાઈટલ ત્રીજું)

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ઘોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૧ અંક : ૯ ❋ ડીસેમ્બર, ૧૯૯૨

॥ શ્રી હરિઃ ॥

દુર્લભ સમય - ગૃહસેવા

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

નમો ભગવતે તસ્મૈ, કૃષ્ણાયાદ્દભુત કર્મણે;
રૂપ નામ વિભેદેન, જગત્ ક્રીડતિ યો યતઃ

[ઘરની પ્રત્યેક વ્યકિતને યથાશકિત સેવાની આવશ્યકતા પર પ્રવચન]

પહેલાના પ્રસંગમાં શ્રી હરિરાયજીએ આપણે દૈવી જીવો કે જે આચાર્ય-ચરણોના આશ્રયમાં છે, તેમને એક ખૂબ જ સુંદર વાત બતાવી અને તે વાતમાં આપણા વૈષ્ણવ જીવનનું કર્તવ્ય આવી જાય છે.

દુઃખેન ન વૃથા નેયા નવઃ કાલઃ પરમ દુર્લભઃ ।
કૃષ્ણઃ સેવાનુંકુલસ્તુ નિજા ચાર્ય પદાશ્રિતૈઃ ॥

આપ આજ્ઞા કરે છે કે આ જે કાળ છે, સમય છે, તે ખૂબજ દુર્લભ છે. દુનિયાના અનેક પદાર્થ દુર્લભ હોય છે. જેની પાસે જે વસ્તુ નથી તેને માટે તે દુર્લભ છે.

જેની પાસે જે ચીજ દુર્લભ છે, જે વસ્તુનો અભાવ છે, તેને માટે તે દુર્લભ છે. જેની પાસે ધન નથી, તે ધનની દુર્લભતાનો અનુભવ કરે છે. જેને સંતાન નથી તે સંતાનની દુર્લભાતાનો અનુભવ કરે છે. જેની પાસે અધિકાર નથી તે અધિકારની દુર્લભતા માટે મનમાં વિચાર કરે છે.

પરંતુ આ જેટલા પણ સાધનો છે. ધન, જન, અધિકાર વગેરે બધા દુર્લભ તો છે, પરંતુ કોના માટે તે દુર્લભ છે કે જેની પાસે તે નથી, તેને માટે તે દુર્લભ છે અને જેની પાસે છે તેમને માટે દુર્લભ નથી, સુલભ છે. તેમને માટે વિશેષ દુર્લભ શું ? દુર્લભ વસ્તુઓ અનેક હોય છે અને પ્રયત્ન કરવાથી તે સુલભ થઇ જાય છે. મતલબ મળી જાય છે.

પરંતુ અહીં જે કાળ છે, સમયને કાળ કહે છે, સમય છે તે ખૂબજ દુર્લભ છે. ખૂબજ ને શું મતલબ ? કે જે ગમે તે પ્રયત્ન દ્વારા પ્રાપ્ત ન થઇ શકે, તેને ખૂબજ દુર્લભ કહેવાય છે. જે પ્રયત્ન કરવાથી મળી શકે, તેને દુર્લભ કહે છે. અને જે પ્રયત્ન કરવા છતાં પણ ન મળે તેને કહે છે પરમ દુર્લભ. આ જે કાળ છે તે પરમ દુર્લભ છે.

અર્થાત્ આપણે લાખ ઇચ્છા કરીએ, પ્રયત્ન કરીએ તો પણ ગયેલો સમય પ્રાપ્ત ન થઈ શકે. તેને માટે કહ્યું છે કે પરમ દુર્લભ છે. આવા દુર્લભ સમયને, જે આપણને સહજ રીતે મળેલ છે તેને ખોટા દુઃખોમાં વ્યતિત ન કરવો જોઇએ.

આપણો વિશેષ સમય ખોટી ચિંતાઓમાં જાય છે. મહદ્ અંશે ચિંતા માનવ માટે હિતાવહ વસ્તુ નથી અને તેમાં વળી નકામી ચિંતા છે તે તો મોટી શત્રુ છે. નકામી ચિંતા તો આમ પણ શત્રુનું જ કામ કરે છે. ચિંતા અને ચિતાનું ઉદાહરણ આપેલ છે. ચિતા તે એકવાર શરીરને બાળે છે અને ચિંતા છે તે દર વખતે તેને બાળતી રહે છે, દર વખતે બાળે છે. આવી નકામી ચિંતાઓમાં જ આપણો વિશેષ સમય જાય છે.

આપણે આપણા જીવનના સમયને જોઇએ, વિચાર કરીએ. આ વાત સહજ રીતે ધ્યાનમાં આવશે કે કામની વાતોનો વિચાર ઘણો ઓછો કરીએ છીએ. આપણે નકામી વાતો માટે વિશેષ વિચાર કરીએ છીએ. ઉપયોગી વાત હોય, કામની વાત હોય, તેનો વિચાર કરીએ તે તો ગમે તે રીતે સમજી શકાય, સાર્થક પણ થઇ શકે છે.

નકામી ચિંતા તો બધી રીતે નકામી જ છે. આવી વ્યર્થ દુઃખ આપવાવાળી ચિંતા દ્વારા દુઃખ રહેશે. દુઃખ દ્વારા આપણે આપણો સમય પસાર ન કરવો જોઇએ. દુઃખ તો આવા અનેક હોય છે. દુઃખ અનેક પ્રકારના હોય છે. પરંતુ ચિંતાનું દુઃખ વિશેષ હોય છે. જેની પાસે ઘર નથી, તેને ઘરનું દુઃખ હોય છે. જેની પાસે પહેરવા વસ્ત્ર નથી તેને વસ્ત્રનું દુઃખ છે. જેની પાસે આવા ખાવા અનાજ નથી તેને અનાજનું દુઃખ છે. આ રીતે દુનિયાના દુઃખ તો જીવન સાથે લાગેલા જ છે. તેનાથી તો કોઇ દિવસ છુટકારો મળશે નહીં લોકો માને છે કે અમુક વસ્તુ મળી જશે તો આપણે આ દુઃખથી છૂટી જઈશું. એવું લોકો માને છે. પરંતુ જ્યાં સુધી એ વસ્તુ પ્રાપ્ત નહોતી

થઇ ત્યાં સુધી તો એવું લાગે છે કે મારી પાસે તે વસ્તુ ન હતી એટલે હું દુઃખી હતો. પરંતુ જ્યારે તે વસ્તુ મળી જાય છે તો પણ તે દુઃખીનું દુઃખ તો રહે જ છે. તેનાથી તેનું દુઃખ દૂર થતું નથી એટલે સૌથી વિશેષ દુઃખ ચિંતાનું છે.

એવી વ્યક્તિ પણ જોવામાં આવે છે કે જેની પાસે ઘર નથી અને તે નિશ્ચિંત છે. એવા ઉદાહરણ જોયા છે, વાંચ્યા છે. ઇતિહાસમાં જ તેનું વર્ણન હોય કે તે કલ્પનાની વાત હોય એવું નથી. આજે પણ એવી વ્યક્તિ છે કે જેની પાસે ઘર નથી અને તે પોતાને દુઃખી નથી માનતી. આજે પણ એવી વ્યકિત છે જેની પાસે કાલે ખાવા માટે કંઇ નથી. કાલ શું મળશે. કોણ લાવીને આપશે તે પણ નિશ્ચિત છે. તેમને પણ નિશ્ચિંત જોવામાં આવ્યા છે. આજે જેની પાસે સંતાન છે કે નથી તેઓ પણ નિશ્ચિંત છે. સંતાનથી મનુષ્ય દુઃખથી છૂટી જાય છે એવી વાત કયાં છે. સંતાનવાળા દુઃખી નથી એમ કોણ કહી શકશે ?

આ બધું ધન–જન વગેરે જે પદાર્થો છે તે બધા આવતી જતી ચીજો છે અને આ દુઃખોમાં આપણે રાત દિવસ પડયા રહીએ છીએ અને તેની ચિંતા રહે છે. આ સૌથી વિશેષ દુઃખ છે. પ્રયત્ન કરવો ખરાબ નથી. કોઇ વસ્તુ ન હોય, તેને માટે આપણે પ્રયત્નશીલ રહીએ, પ્રાપ્ત કરવા માટે, તેમાં કોઇ ખરાબી નથી. આતો એક કર્તવ્ય ભગવાને જીવન સાથે જોડી દીધું છે. જે વસ્તુ આપણી પાસે ન હોય, આપણે માટે જરૂરી છે તેને માટે પ્રયત્ન કરો અને પ્રાપ્ત કરો તેમાં કોઇ ખરાબ વાત નથી, પરંતુ તેને માટે કોઇ ચિંતા ન કરો. તેને માટે કોઇ દુઃખ ન લગાડો. મળી જાય તો તેનો સદુપયોગ કરો અને પ્રયત્ન કરવા છતાં પણ ન મળે તો તેને માટે દુઃખી ન થાવ.

આવું કેમ થયું ? મારો પ્રયત્ન નિષ્ફળ કેમ ગયો ? આવો વિચાર મનમાં ન આવવા દો. કારણ કે ચિંતા કરવાથી, ફકત દુઃખી થવાથી આજ દિવસ સુધી કોઇને કોઇપણ વસ્તુ કયારેય પ્રાપ્ત નથી થઇ પ્રયત્ન કરવાથી વસ્તુ મળી જાય છે, પરંતુ ફકત દુઃખી થઇ ચિંતા જ કરતા રહીએ તેનાથી શું થાય ? તેનાથી તે વસ્તુ મળી જવાની છે ? નથી મળતી. નકામી ચિંતા કરીને સમય નકામો ન ગુમાવો.

તો કહ્યું છે કે આ કાળ જે છે એવો છે કે કૃષ્ણ સેવા માટે અનુકૂળ છે. ભગવાન શ્રીકૃષ્ણની સેવા આપણે સુગમતાથી પ્રાપ્ત કરી શકીયે. આપણે એમ માનીએ છીએ કે તેમાં અનુકૂળતા કયાં છે ? એવું નથી કે સેવા તો જ્યારે ઇચ્છીએ ત્યારે કરી લઇશું. એવું ઘણી વખત નથી બનતું કે જ્યારે ઇચ્છીએ ત્યારે આપણે સેવા કરી લઇએ. અનુકૂળ સમયમાં જ સેવા થાય છે. જો જીવ નીચ યોનિમાં જાય અને ત્યાં ભગવદ્ સેવા ન કરી શકે તે તો સમજી શકાય એવી વાત છે, પરંતુ ભગવાન જો સારુ જીવન આપે તો સેવા કરી લઇશું એવું લોકો સમજે છે. **–ક્રમશઃ**

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

વિવરણ શ્રીમદ્ વ્રજરાજ ચરણ

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઈ)**

કામના સ્વરૂપને વર્ણવ્યા પછી મોક્ષના સ્વરૂપને વર્ણવે છે.

તતઃ સર્વાત્મનાશશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્ય
મિતિ મે મતિઃ ॥ ૪ ॥

પછી કામભાવાત્મક ભક્તિનું વર્ણન કર્યા પછી ફરીથી કહે છે કે સર્વાત્મ ભાવપૂર્વક શાશ્વત્ એટલે નિરંતર, શ્રી ગોકુલના ઇશ્વર એવા શ્રી કૃષ્ણના બે ચરણોનું સ્મરણ તથા ભજન (સેવા) નો પણ કદાપિ ત્યાગ ન કરવો એમ મારો અભિપ્રાય છે. અહીં કહેવાનો આશય (હેતુ) આ છે. કામભાવથી ભગવાનનો સંબંધ સ્થાપ્યા પછી, એ સંબંધમાં સ્વાભાવિક મર્યાદાથી પ્રકટેલા સમાનતાના સ્ત્રીસુલભ મદને કારણે અન્યથા ભાવ જો આવી જાય અને માન વગેરેના દોષયુક્ત ભાવને લીધે એ ભાવમાંથી ચ્યુતિ (એટલે ચલાયમાન વૃત્તિ પેદા થાય તો સર્વાત્મભાવથી ભગવાનની જ સેવા કરવી એમ કહેવાનું તાત્પર્ય છે.

'શશ્વત્' (અવિરત) એ શબ્દથી એમ જણાવવામાં આવે છે કે એક ક્ષણ માટે પણ જો એ સિવાય બીજું કંઈ પણ કરવામાં આવે તો સર્વથા (બધી રીતે) આસુરી ભાવનો પ્રવેશ થાય. 'ગોકુલેશ્વર'ના નામથી એવું સૂચિત કરવામાં આવ્યું છે કે જેમ તેમના (ગોપીઓના) સર્વભાવની પ્રપત્તિ (શરણાગતિ) થી સંતુષ્ટ થયેલા શ્રી કૃષ્ણે ગોપીઓ ચાતુર્ય આદિથી રહિત હોવા છતાં તેમના સ્વામીપણાનો સ્વીકાર કર્યો હતો. તેવી રીતે અહીં પણ હે ભક્ત ! તારો પણ સ્વીકાર શ્રીકૃષ્ણ કરશે. ચરણોની બાબતમાં "બે ચરણો" એમ કહીને એમ જણાવવામાં આવે છે કે શ્રીકૃષ્ણના ચરણના આશ્રયની સાથે શ્રી સ્વામીનીજીના ચરણનો પણ આશ્રય કરવો જોઇએ. 'સ્મરણ' શબ્દ દ્વારા સૂચવવામાં આવ્યું છે કે સ્મરણ એ ચિત્તનો ધર્મ હોવાથી ભગવાનના વિયોગના સમયે ચિત્તમાં ભગવાનનું સ્મરણ કરવું જો એમ કરવામાં ન આવે તો પ્રભુના વિયોગની અતિ તિક્ષ્ણતાને કારણે જીવન જ (બાકી) ન રહે એમ કહેવાનો આશય છે.

ભજન એટલે સેવા અને એ પણ નિરંતર કરવી એમ અર્થ છે. 'ચ' શબ્દ વાપરીને દર્શાવ્યું છે કે સેવા કરવી એ ચિત્તપૂર્વક (એટલે મનને સેવામાં પરોવીને) જ કરવી. 'અપિ' શબ્દ વાપરીને એમ સુચવ્યું છે કે ભગવાન કૃપા કરે યા તો ન કરે તો પણ આપણે પોતે તે સેવા કરવી જ એ ભાવ છે તેથી જ શ્રી ગોકુલાધીશના પુષ્ટિ (પ્રેમ) માર્ગરૂપી કમળને વિકસાવનાર સુર્ય સમાન વિઠ્ઠલનાથજીએ કહ્યું છે કે "મારણે વરણે વાપિ દાસીનાં ના પ્રભુર્ગતિ : ઇતિ" એટલે કે

પ્રભુ પોતાને મારે યા તો પસંદ કરે તો પણ દાસીનો ધર્મ તો એ જ છે, કે પ્રભુ તેની ગતિ છે એટલે કે ભગવાન સિવાય બીજો કોઈ તેનું શરણ આશ્રય નથી) ફક્ત તેનો પ્રભુ જ છે–બીજુ કોઇ નથી. આ જ અર્થ છે કે પોતે તો સેવાનો ત્યાગ ન જ કરવો ભાવ એ છે કે પોતે જાતે ત્યાગ ન કરવો. "મે મતિઃ" (મારો મત છે) એમ કહીને પોતાના મતનો ઉલ્લેખ કરીને પોતાનો (આ આચાર્ય ચરણનો) અનુભવ દર્શાવ્યો છે.

ભક્તિ માર્ગમાં તો ભક્તિ જ પરમ (મોટામાં મોટો) પુરૂષાર્થ છે. મોક્ષથી પણ અધિક મહત્ત્વ ભક્તિનું છે એ બીજુ તો સિદ્ધ જ છે તેથી પુષ્ટિમાર્ગમાં તો મોક્ષરૂપત્વ તો સેવાનું જ છે, તેથી સેવાનું જ નિરૂપણ કરેલું છે. મોક્ષ કરતા ભક્તિ અધિક છે એમ તો શ્રીમદ્દભાગવતમાં ઘણી વખત નિરૂપણ કરવામાં આવેલું છે એવી જ રીતે "સાલોકિય સાર્ષ્ટિ સામીંપ્ય સારૂપ્યે" ત્યારભ્ય (એટલે કે સાલોકય તથા સાર્ષ્ટિ શબ્દોથી શરૂ કરીને, "વિના મત્સેવનં જનઃ" એટલે કે જેઓ મારી સેવા અગર એમ અંત સુધી કહીને એમ સૂચવવામાં આવ્યું છે કે સેવા મોક્ષથી પણ અધિક છે અને તેથી સેવા જ કરવી જોઇએ મોક્ષનું નિરૂપણ કરતી વખતે સેવા જાતે જ કરવી અને તેનો ત્યાગ કદાપિ ન કરવો એમ કહીને જણાવે છે કે પહેલાં કહેલાં ધર્માદિ ત્રણ (ધર્મ અર્થ એમ કામ એ ત્રંણ) કરવાથી ભગવાન પોતાના વશમાં આવે છે. આ પ્રમાણે મોક્ષના સ્વરૂપનું નિરૂપણ કરતી વખતે "આવો મારો મત છે" એમ કહીને સૂચવે છે કે પોતાનાં જનોનું એ જ કર્તવ્ય છે એનો અર્થ છે જ.

ઇતિ શ્રીગોકુલાધીશ વાગધીશ મુખચ્યુતં ।
સ્વમાર્ગ ધર્માર્થ કામ મોક્ષાંણાં રૂપમદ્દભુતં ॥૧॥
તત્પાદ પદ્મ કૃપયા વિવૃત્તં હિ યથામતિ ।
તેનાચાર્યા મયિજ્ઞાત્વા સ્વીયતાં કૃપયન્તુ વૈ ॥૨॥
યત્પાદાબ્જ મરન્દાલિ ભાવ સ્તુચ્છી કરોતિ વૈ ।
મુક્તિ તચ્ચરણાં ભોજ રેણુર્મ હ્યં પ્રસીદતુ ॥૩॥
શ્રીવિઠ્ઠલદા પભ્ભોજ રેણુ સંગકાંક્ષિણા મયા ।
સ્વાચાર્યોકિતા ચતુઃ શ્લોકી નિર્ણીતેયં યથામતિ ।૪।

ટીકાના અંતિમ શ્લોકોના અર્થ

આ પ્રમાણે શ્રીગોકુલના અધિપતિ અને વાણીના અધિપતિ આ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના શ્રીમુખમાંથી ટપકેલું (એટલે પ્રગટ થયેલ) સ્વમાર્ગ (પુષ્ટિ માર્ગ)ના ધર્મ, અર્થ કામ તથા મોક્ષના અદ્દભુત સ્વરૂપને, તેમના ચરણ કમળની કૃપાથી, મારી બુદ્ધિ પ્રમાણે, મેં સ્પષ્ટ કરી બતાવ્યું છે તેનાથી શ્રી આચાર્યચરણ મને પોતાનો જાણીને કૃપા કરો (એવી વિનંતી છે. ૧–૨

જેમના ચરણ કમલમાં ભ્રમરનો ભાવ (આસક્તિ) મોક્ષને પણ તુચ્છ બનાવે છે તે ચરણ કમળની રેણુ (રજ) મારા ઉપર કૃપા કરો. ૩

શ્રીવિઠ્ઠલનાથજીના ચરણ કમળની રજનો સંગ થાય એવી ઇચ્છા ધરાવનારા મેં પોતાના આચાર્યશ્રી દ્વારાં રચાયેલ ગ્રંથ ચતુઃ શ્લોકી ઉપર મારી (નમ્ર) બુદ્ધિ અનુસાર ટીકા લખી છે. ૪

ઇતિ શ્રીવ્રજવધૂ પ્રાણેશ પાદ પદ્માત્મક પુષ્ટિ માર્ગ ચકોરનેત્રાનંદ શ્રીવલ્લભાચાર્યોક્ત

ચતુઃ શ્લોકી વિવૃત્તિર્ભાવ રસ દીપિકા શ્રી
શ્યામલ તનુજ વ્રજરાજ

કૃતા સમ્પૂર્ણતા મગાત્ ॥

અર્થ—આ પ્રમાણે, શ્રી વ્રજ વનિતા (વ્રજની સ્ત્રીઓ) ના પ્રાણપતિ એવા શ્રીકૃષ્ણના ચરણ કમલ છે આત્મા જેનો એવા પુષ્ટિ માર્ગરૂપી ચકોરના નેત્રને આનંદ આપનાર (ચંદ્ર સમાન) શ્રીમદ્ વલ્લભાચાર્યજી રચિત ચતુઃ શ્લોકી ગ્રંથ ઉપરની ટીકા ગ્રંથના ભાવ તથા રસને દર્શાવનાર વિવૃત્તિ, શ્યામલ સુત વ્રજરાજે રચેલી, અહીં સમાપ્ત થઇ.

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, ‘વૃજ’’ ધોરાજી**

યમુના તીરપર તરંગ ફેલત જબે,
માન્હુ કર કમલ પર ભમ રહેં કંકણ,
પ્રભુ કટિરૂપ તટ નિરખ ઠાડે પ્રિયા,
થાંમ કે યમુને તહાં ભરત હે અંકન. ૧
અતિહિં શોભિત ખરી વિવિધ ભુષણ ભરી,
શ્યામ તન ચિતવત યમુને દગ બંકન;
રેણુ મુકતા પરે પોઈ કંકણ કરે,
‘હરિદાસ’ શોભા નિરખપાઇ નિધિ રંકન ૨

ભાવાર્થ શ્રી યમુના તીર ઉપર જ્યારે જલતરંગો ફેલી રહે છે એ જાણે કર કમલ છે અને તેમાં પડતી ભમ્મરો જાણે શ્રી હસ્તના કંકણો છે આપના તટરૂપ કટિને નિરખીને પ્રભુ વિલાસની ઇચ્છાથી ઠાડા છે, ત્યારે પ્રિયતમની ઇચ્છા જાણીને શ્રી યમુનાજી આપને ગાઢ આલિંગનમાં જકડી લ્યે છે તે સમયે આપ સૌભાગ્ય સુચક વિવિધ આભૂષોથી શોભી રહે છે અને બંક નયનોથી શ્રીશ્યામ તન ઉપર દ્રષ્ટિ કરે છે. વાલુકાનું રૂપ મુકતા ફળોને પરોવીને કંકણરૂપે ધર્યા છે તે સમયે હરિદાસ યુગલ સ્વરૂપની શોભા જોઇને જાણે રંકને મહાનિધિ મળી હોય તેમ આનંદે છો

વિવેચન : આ કીર્તનમાં શ્રી હરિરાયજી શ્રી યમુંનાજીના યુગલ સ્વરૂપનાં સ્વતંત્ર વિહારનું વર્ણન કરે છે શ્રીયમુનાજી વિહારના હર્ષમાં શ્રી કરમાં મોતીના કંકણો ધરે છે તે જોઇને હર્ષ સાથે રસોદિપ્પન થાય છે. કંકણ સૌ ભાગ્ય ચિન્હ છે જેતી વિહાર પુર્ણ પણે રસોન્મત બને છે અને એ લ્હેરોમાં પ્રભુ તટરૂપ કટી પર ઉભા રહ્યા છે એટલે પ્રિયાજીને વિશેષ રસોદિપ્પન થયો અને તિરછાં નયનોથી દ્દષ્ટિ કરીને સંપુર્ણ વિહાર સિદ્ધ થયોને શ્રીયમુનાજીએ પ્રભુને ગાઢ આલિંગન કર્યું અને યુગલસ્વરૂપ વિલાસ રસ મસ્ત થયા.

આ માસના ઉત્સવ

માગશર વદ ૧ તા. ૧૦–૧૨–૯૨ ગુરુવાર ગો. ચિ. શ્રી દાઉજી–રાજીવજી બાવાશ્રી (નાથદ્વારા) નો તથા ગો. ચિ. શ્રી સંદીપકુમારજી બાવાશ્રી (મથુરા) નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૧૩–૧૨–૯૨ રવિવાર ગો. ચિ. શ્રી હૃષિકેશજી બાવાશ્રી (મુંબઇ ધોરાજી) નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૧૫–૧૨–૯૨ મંગળવાર ધનુર્માસનો પ્રારંભ ગો, ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા) નો તથા શ્રી નિરજકુમારજી મહારાજ શ્રી (મુંબઇ) નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૧૬–૧૨–૯૨ બુધવાર ગો. કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી) નો ઉત્સવ (સં. ૧૬૨૫)

માગશર વદ ૮ તા. ૧૭–૧૨–૯૨ ગુરૂવાર હેંમત ઋતુ પૂરી થઇ ગો. ચિ. શ્રી પંકજકુમાર બાવાશ્રી (મથુરા) નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૧૮–૧૨–૯૨ શુક્રવાર શ્રીમદ્ વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઇજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨) જલેબી ઉત્સવ શિશિર ઋતુની શરૂઆત થઇ મહાવદ ૪ સુધી

માગશર વદ ૧૦ તા. ૧૯–૧૨–૯૨ શનિવાર ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રી (મથુરા–પોરબંદર) નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૨૦–૧૨–૯૨ રવિવાર સફલા એકાદશી વ્રત શ્રીને ફલનો ભોગ ધરવો દશમ તથા એકાદશીના રોજ બાલલીલાના પદ, ચિ. ગો. શ્રી વલ્લભજી બાવાશ્રી (ચાંપાસેની) નો જન્મદિન. (બારસનો ક્ષય છે તેથી આજે)

માગશર વદ ૧૩ તા. ૨૧–૧૨–૯૨ સોમવાર લલિત પંચમ પદની શરૂઆત કરી મહા સુદ ૫ ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય.

માગશર વદ અમાસ તા. ૨૩–૧૨–૯૨ બુધવાર શ્યામ ઘટા. ગો. ચિ. શ્રી ભૂપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા) નો જન્મદિન.

પોષ સુદ ૫ તા. ૨૯–૧૨–૯૨ મંગળવાર ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. ચિ. સંજય બાવાશ્રી (મથુરા) નો જન્મદિન.

પોષ સુદ ૮ તા. ૧–૧–૧૯૯૩ શુક્રવાર ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (મથુરા–પોરબંદર) નો જન્મદિન.

પોષ સુદ ૯ તા. ૨-૧-૯૩ શનિવાર ગો. શ્રી નવનીતલાલજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર) નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૩-૧-૯૩ રવિવાર ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી) નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા, ૪-૧-૯૩ સોમવાર પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૨ તા. ૫-૧-૯૩ મંગળવાર ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ શ્રી (માંડવી કચ્છ) નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા, ૬-૧-૯૩ બુધવાર ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ શ્રી (બોરીવલી-જામખંભાળીયા રાજકોટ) નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૮-૧-૯૩ શુક્રવાર પોષી પુનમ માઘ સ્નાન પ્રારંભ

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાય

એક વૈષ્ણવ કલકત્તાના જય શ્રીકૃષ્ણ.

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ હીંગનઘાટવાળા**

હપ્તો બાવીસમો

નિયત સમયે દીનેશ, તેની બા, સ્મિતા માસી, પિન્કી, ઉષ્મા, પ્રવિણા વગેરે સૌ મેટાડોરથી ચંપારણ્ય આવી પહોંચ્યા. સીધા શ્રી મહાપ્રભુજીનાં બેઠકજીમાં દર્શન કરવા ગયા. સમય હતો, બધા શ્રી યમુનાજીમાં સ્નાન કરી શ્રી મહાપ્રભુજીનાં નજીકથી દર્શન કરી સાથમાં લાવેલ મેવા, મિશ્રી ભોગ ધરી ઝારી, ચરણ સ્પર્શ કર્યા, ધોતી ઉપરણા ધરાવ્યા. ત્યાં જ મહાપ્રસાદ લઇ ધર્મશાળામાં આવ્યા. થોડીવાર આરામ કરીને વનમાં વિચરવાનું સૌએ વિચાર્યું

વનની શોભા કોઇ અલૌકિક છે. સુંદર વૃક્ષાવલી વચ્ચે વચ્ચે ઘણી ખાલી જગ્યામાં બેસીને વૈષ્ણવોનાં નાનામોટા યુથો શ્રી સર્વોત્તમજીનો પાઠ કરતા જોયા. કયાંક રાસ-ગરબા લેતા જોયા. એક સુંદર જગ્યા જોઇ બધા બેસી ગયા. પહેલા તો શ્રી સર્વોત્તમજીના પાઠ કર્યા, પછી પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા.

દીનેશ : શ્રી મહાપ્રભુજીની ચોર્યાસી બેઠકો છે તે બધી ગામની બહાર વૃક્ષની છાંય અને જળને કિનારે છે. કયાંક નદી તો કયાંક સરોવર, નાનુંમોટું જલાશયને કિનારે જ બેઠકો છે. બેઠકજી તો બધી સુંદર છે. ચરણાટમાં શ્રી ગુસાંઇજીનું પ્રાકટય સ્થાન છે, ત્યાં પણ સુંદર વૃક્ષોથી સુશોભિત છે. તેની આગળ-પાછળ તળાવો છે. ત્યાંના કુવાનું જળ અતિ સુંદર છે. હું ત્યાં એકવાર જઈ આવેલ છું.

આ પવિત્ર ક્ષેત્ર આધિદૈવિક ઐતિહાસિક એવું દર્શનીય ધાર્મિક સ્થાન છે. તેનું મુખ્ય કારણ સારસ્વત કલ્પની લીલાનું યથાર્થ સાથે શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીજીમાં વર્ણન કરેલ છે અને તે ભાવનાનો આપણો પુષ્ટિમાર્ગ છે.

પુષ્ટિમાર્ગના પ્રકટકર્તા શ્રી મહાપ્રભુજીનાં પ્રાકટયનું આ સ્થાન છે. જેથી સર્વશ્રેષ્ઠ અને રમણીય હોય તેમાં કહેવાનું શું ? આ તો પુષ્ટિમાર્ગનાં ઉદ્ભવનું ધામ છે. ચંપારણ્ય ધામનો અલૌકિક પ્રભાવ એટલો બધો પ્રબળ છે તેવી જ રીતે તેની પાછળનો ઇતિહાસ પણ અલૌકિક છે. જે કોઇ ભાવના સહિત અગ્રે સેવા સ્મરણ જે કાંઇ કરે તે કરવાવાળાનું આત્મકલ્યાણ થયા વગર રહે જ નહીં. તેનું જીવન કૃતાર્થ બની જાય છે. આથી વધારે બીજું શું જોઇએ ? આ જ આપણું કર્તવ્ય અને ફળ બધું સમજવું.

માત્ર સ્વધર્મ પ્રત્યેની શ્રદ્ધા જરૂરી છે. તે શ્રદ્ધા તેને પરમ શિખરે પહોંચાડી દે છે. પુષ્ટિજીવાત્માના હૃદયમાં શ્રી વલ્લભનું સ્થાન હોય તો તેને માટે આ લોક અને પરલોકની ચિંતા હોય જ નહીં, માત્ર પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ જોઇને તેના માટે આવશ્યક સમર્પણની ભાવના અને ચિત્તની એકાગ્રતાની જરૂર છે.

આપણો પુષ્ટિમાર્ગ શ્રી મહાપ્રભુજીએ દિવ્ય અને નિઃસ્વાર્થ પ્રેમનો માર્ગ પ્રગટ કર્યો છે. માનવ દેહધારી જીવ પ્રભુની સન્મુખમાં આવીને આત્મનિવેદન કરીને પુષ્ટિની રીતે રહી પ્રેમલક્ષણા ભકિત કરે તે સહજ ભગવદ્ પ્રાપ્તિ

મેળવે છે, તે માટે જ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે.

પ્રવિણ : દીનેશભાઇ ! વાત તમારી સાચી છે. એમાં પણ અમુક અવગુણો આડા આવે છે. જેમકે જીવનમાં દુઃસંગ, દંભ, અભિમાન, પાખંડ આવા ઘણા દુર્ગુણો જીવને આગળ વધતા અટકાવી દે છે. જો સારાનો સંગ મળે ને ભાવનું ચિંતન થતું રહે તો તે ઉત્તમ સંગથી દુઃસંગથી બચી શકે અને ભાવનું રક્ષણ થાય તેને માટે બધું સુલભ છે.

સ્મિતામાસી : આવા પરમ વૈષ્ણવોનાં લૌકિક કાર્યો જીવનને લગતું બધું કાર્ય પ્રભુને માટે જ ને પ્રભુને આધારે જ હોય છે. સારા સંગમાં રહીને સેવા–સ્મરણ કરતા ઉતરોત્તર ભાવના વધતી જાય છે. આગળ જતાં પ્રેમભકિત પરાકાષ્ઠાએ પહોંચે છે.

ઉષ્મા : પ્રવિણભાઇ ! પરંતુ જીવ જ્યારે શરણનું મહત્વ સમજે, સૌથી પહેલાં શ્રીમહાપ્રભુજીનાં પ્રાકટ્યનું કારણ સમજે, દૈવી સૃષ્ટિનું કર્તવ્ય સમજે અને તે રસ્તે ચાલે ત્યારે જ બની શકે ને !

પિનકી : આ વાત તો સાવ દીવા જેવી છે. પ્રભુ કૃપા કરે પણ જીવનું કર્તવ્ય તો તેણે બજાવવું જોઇએ. જેવી મોહ–માયા સંસારમાં છે તેવી પ્રભુમાં લાગવી જોઇએ.

દીનેશ–પુષ્ટિની રિતે ચાલવાવાળા ભગવદ ભકતોનાં સંસાર આપો આપ છુટી જાય છે, સંસારમાં રહેવા છતાં જળકમળમાં રહે છે. કમળ પત્રનો નીચેનો ભાગ જળથી લાગેલો હોય પરંતુ ઉપરનાં ભાગમાં જળનો સ્પર્શ તે કરતું નથી. જળ પાન ઉપર રેડો તો જુદુ જ રહે છે જેવી રીતે પારો કોઇ વાસણમાં નાખો તો કયાંય ચોટતો નથી. તે પાત્રમાં હોવા છતાં તેને સ્પર્શ નથી. તેવી જ ભગવદ ભકતોની કક્ષા હોય છે. તેના ઉપરમાં સદાને માટે પુષ્ટિ તત્ત્વરૂપી તે જ પ્રકાશી રહ્યું હોવાથી માયારૂપી અજ્ઞાન અંધકાર રહી જ શકતો નાહી.

સ્મિતા–(દીનેશની મમી) તમારી બધાની વાત સાચી છે. મુખ્ય વસ્તુ જ્યાં સુધી અહંતા, મમતા હું અને મારૂં એવા બીજા દોષો દૂર ન થાય ત્યાં સુધી પ્રેમ લક્ષણા ભકિત વિકસિત કેવી રીતે થાય ? માટે જ ભગવદીયતા એ જ સ્વધર્મ પાલનનું મુખ્ય અંગ છે. જુઓ દયારામભાઇએ પણ ગાયું છે કે "શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલુ" શરણ સ્વીકારે ત્યારે જ બધું સુલભ છે. જે સ્થાનની મહત્વતા વર્ણવી શકવાની મારી શકિત નથી તે જ ધામમાં અત્યારે આપણે સાથે બેઠા છીએ અત્રે આવવાથી બધાની બુદ્ધિમાં કેટલો ફરક છે. બધામાં એકાત્મ ભાવ છે. બધાં પોતાનાં દેખાય છે. કયાં ફ્રાંસ, કયાં અમેરીકા યોગાનુંયોગ આ ધામમાં એકરૂપ થયાં છીએ. અત્યારે કોઇ નાનું કે મોટું નથી. બધાનાં હૃદયમાં શ્રીવલ્લભની કૃપા વરસી રહી હોય તેટલો આનંદ આવે છે,

પિનકી–ધન્યવાદ ભારત ભૂમિને સાથો સાથ અહીંના નિવાસીઓને હું તો બધાને ભાગ્યવાન સમજું છું. ગમે ત્યારે અત્રે આવીને લાભ લઈ શકે છે. આપણે કેટલા દૂર રહીયે છીએ. વળી થોડા જ સમયમાં પાછા ફરવાનું

હોય છે. કેવળ પ્રભુની કૃપા માનો કે આજે આ સુંદર ધામમાં બેસી અલૌકીક ઘટાઓનાં દર્શન કરતાં તેમની છાંયામાં આપણે ચર્ચા કરી રહ્યા છીએ.

અરે ! સામે જુઓ તો ખરા ! શ્રી પ્રભુના મંદિરના ઉપરનાં ભાગમાં વૃક્ષલતાઓ ચોતરફથી પ્રભુને છાંયો કરી રહી છે, આ વૃક્ષો કેવા ભાગ્યશાળી છે છત્રછાયા કરી પ્રભુને રીઝવે છે. આ પક્ષીગણો સુંદર મધુર કલરવ કરતા એક ડાળેથી બીજી ડાળે ઉડી કિલોલ કરે છે. તે પણ તેની ભાષામાં પ્રભુનું યશોગાન કરતા હશે. સુંદર ઘટાઓ તરેહ તરેહના પુષ્પો પક્ષીઓનો મધુર કલરવ વનની શોભામાં વૃદ્ધિ કરી રહ્યા છે. આ તરફ જુઓ ચંપાના વૃક્ષો છે રંગ બેરંગી પુષ્પો કોઇના લાલ, પીળા, સફેદ, એવા કેટલી જાતનાં વૃક્ષો છે તે વૃક્ષની જેમ અનેક નિકુંજનો સંકેત કરી રહ્યા છે. મન તો થાય છે કે અત્રે બેસી જ રહીયે.

દીનેશ–પિનકી, તારી વાત સાચી છે. જેને જેવી ભાવનાં તેવી જ રીતે તેને દર્શન થાય છે. અહીંના જેવી શાંતિ કયાંય નહીં મળે પૃથ્વી ઉપર ઘણાં જંગલો વૃક્ષો છે તે વૃક્ષ જ છે. પરંતુ આ તો અલૌકિક ધામના વૃક્ષો અલૌકિક ભકત ગણ જ હોવા જોઇએ, કેમ કે તેમની સુંદરતા ભવ્યતા ઘટાઓ હીચકાઓ બધું પ્રભુને માટે જ છે. દરેક સુંદરતાને પ્રભુ સાથે જ સંબંધ છે.

અહીં આવતાં આપણામાં કોઇ નવિન ભાવ ઉત્પન્ન થયો છે. આપણે એક બીજાને પહેલાં કરતાં જુદા જ રૂપે જોઇ રહ્યા છીએ. જરૂર આપણે પણ કોઇ પૂર્વનાં કોઇક સાથીઓ હોવા જોઇએ જેથી કરીને આ પવિત્ર ભૂમિમાં બેસી ભાવના વિચારીએ છીએ.

પ્રવિણ–મને પણ એવો જ ભાસ થાય છે. આ સુંદરતીર્થ સદાને માટે ભકિત રસથી સતત ગુંજતું જ રહે છે. અલૌકિક સ્થાન અને અલૌકિક ઘટાઓની સુંદરતા તે અલૌકિક હોય તેમાં કહેવું શું ? અત્રેનાં નાના મોટા જીવ જંતુ પણ ભાગ્યવાન જ સમજવા. જેમણે આ સ્થાનમાં રહી વનની સુંદરતામાં વધારો કર્યો છે.

આવી રીતે પરસ્પર વાર્તાલાપ કરતા વનની શોભા નિહાળતા બધા ભાવ–વિભોર બની ગયા સમયના અભાવે તે જ રાત્રીનાં પાછલા ભાગમાં ત્યાંથી સૌ રવાના થઈ વૃજ મંડલ તરફ મેટાડોર હંકારી ગયા.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

ટકોર

(ઢાળ – છાનું ને છપનું તે કોઇને કહેવાય નહી
ઝણકે ના ઝાંગર તો ઝાંઝર કહેવાય નહી.)

પ્રેમ ભાવ ભક્તિ વિના પ્રભુને પમાય નહી,
ભકિત કરતામાં હવે કોઇથી ડરાય નહી;

વલ્લભનાં દાસ થકી અન્યાશ્રય થાય નહી,
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી. ૧

વારે વારે માનવની દેહને મળાય નહી
પુષ્ટિ પથે ચાલ્યા હવે પાછું વળાય નહીં;

હું ને મારૂં એમાં મનડું લોભાય નહી,
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી. ૨

દુરીજનનો સંગ એ તો કદીયે કરાય નહીં,
દુઃસંગ છે વિષ એનાં પારખાં લેવાય નહીં;

સત્સંગ વિના તે સાર કેમેય સમજાય નહીં,
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી. ૩

દાસ ધર્મ ઉંચો છે એને તજાય નહીં,
દીનતાનો ભાવ રાખી અભિમાન થાય નહીં;

સેવા છે મુખ્ય ધર્મ એને ભૂલાય નહી;
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી. ૪

સેવા કરતામાં ચિત્ત અન્યે અથડાય નહી,
એકાગ્ર ચિત્ત વિનાં માનસી પમાય નહીં;

ભકતોની ભાવનાનો પાર તે પમાય નહી,
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી. ૫

કૃષ્ણ સમાન અન્ય કોઇને કહેવાય નહી,
વલ્લભ સમાન બીજા કોઇથી થવાય નહી;

લીલા રસપાન દૈવી જીવ વિના થાય નહીં,
જો જો હો જીવનીયું એળે વહી જાય નહીં. ૬

'શ્રીકૃષ્ણઃ શરણં મમ' ઘડીયે ભૂલાય નહીં,
અન્ય મંત્ર તંત્ર તણી પાસમાં જવાય નહીં.

અન્યાશ્રય કરે તેનો સંગ કદી થાય નહીં,
જો જો હો જીવનીયું એળે વહી જાય નહીં. ૭

શરણાગત જીવ તણો વાળ વાંકો થાય નહીં,
વલ્લભનાં સેવકની અન્ય ગતિ થાય નહીં.

કલિયુગનાં ધર્મ જોઇ '**માધુરી**' લોભાય નહીં,
જો જો હો જીવનીયું એળે વહી જાય નહીં. ૮

પ્રભુની પ્રાપ્તિ કરવા માટે ભકતો પાસે પ્રેમરૂપી મીઠાં પદાર્થની જરૂર છે. અન્ય સાધન બળથી રીઝાતા નથી. માટે જ પ્રેમલક્ષણા ભકિત જ સર્વશ્રેષ્ઠ છે. જેથી કરીને ભગવાનની ભક્તિ કરવામાં કોઇનો ડર રખાય જ નહીં. મનુષ્યદેહ ક્ષણભંગુર છે. પળમાં શું થાય તેની કોઇને જાણ નથી. એક એક ઘડી અણમોલની યાય છે. આ જન્મારો વૃથા ગુમાવવો ન પડે તે તરફ ધ્યાન આકર્ષિત કરવું.

પુષ્ટિ પંથે ચાલતા આડા બે દુઃસંગો આવે છે જે હું અને મારૂં, તેમાં જ માર્ગ ભૂલાવી દે છે. આનું મૂળ દુઃસંગ છે. તેનો ત્યાગ જ ઉત્તમ છે. દુઃસંગરૂપી વિષ પળવારમાં ચઢી જાય છે માટે ઝેરનાં પારખાં લેવાય જ નહીં. માટે જ સત્સંગ કરવો, જેથી સાર શું છે તે જાણી શકાય.

પુષ્ટિપથમાં દાસધર્મ છે તે મુખ્ય અને શ્રેષ્ઠ છે. જેમ સૂર્યની સામે દીપક તેવું પ્રભુની સામે અહંપણુ આવ્યું ન બને માટે દીનતાભાવ રાખી અભિમાન છોડવું. કદાચ અભિમાન રાખવું હોય તો અવશ્ય રાખવું કે મારા સ્વામી સર્વશ્રેષ્ઠ છે, જેથી હું નિર્ભય છું. અન્ય કોઈ રીતે અભિમાન યોગ્ય નથી.

સેવા એ મુખ્ય ધર્મ હોય તેનાથી વંચિત રહેવાય નહી. સેવા સાથે સત્સંગનો લાભ લેવાય તો આગળ જતાં માનસી સુધી પહોંચી શકાય છે. આવા ઉચ્ચકોટિના જીવોની ભાવનાનું જ્ઞાન બીજા તુચ્છ જીવો કેમ સમજી શકે ? કેવળ ભગવદ્ ભકત જ આ ભાવને સમજી શકે.

અનેક અવતારો થયા યુગે યુગે નવા એવા અનેક યુગોમાં અવતારો થયા, તેમાં ફકત સારસ્વત કલ્પમાંજ શ્રી પુરૂષોત્તમ લીલાધારી કૃષ્ણ પધાર્યા હતા. માટે તેના સમાન બીજા (અંશકળા) ને માની ન શકાય તેવી જ રીતે આ કલિયુગમાં જ શ્રી વલ્લભનું પ્રાકટય છે. અગાઉ થયું જ નથી અને તે સ્વરૂપ ગોલોકાધિપતિ યુગલ સ્વરૂપનું તૃતિય સ્વરૂપ કે

શ્રી વલ્લભમાં યુગલસ્વરૂપ પણ મોહિત થયા છે. આ શ્રી વલ્લભ સમાન બીજા કોઇથી થવાય નહીં. આ સ્વરૂપને સમજવું કઠણ હોવા છતાં શરણાગત જીવો દાસધર્મને અંગીકાર કરી શરણમાં જ રહેવાવાળા લીલારસનું પાન કરે છે, અને તે લીલારસનું પાન કરતા તન્મયતા પ્રાપ્ત કરે છે.

નિકુંજનાયક પ્રભુને પ્રાપ્ત કરવા શ્રી મહાપ્રભુજીએ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' આ મંત્રનો ઉપદેશ દીધો છે કે શ્રીકૃષ્ણ ભક્તાધિન બને છે, માટે સર્વ શ્રેષ્ઠ છે.

આવો સર્વશ્રેષ્ઠ મંત્ર છોડીને અન્ય મંત્ર–તંત્રનો આશ્રય કોઇ કાળે લેવાય જ નહીં, લઇએ તો સાબિત થાય છે કે અમારા સ્વામીમાં સામર્થ્ય છે તેના કરતાં બીજો મારૂં કષ્ટ કાપવા સમર્થ છે. આ કર્યું એટલે અધોગતિ થાય. પુષ્ટિમાર્ગથી પાછા વળી નીચા પડયા, માટે નંદનંદન યશોદોત્સંગ લાલિતને છોડીને આવા ખોટા રસ્તે ચડાવનાર કોઈ પણ તેની છાંયા પણ બાધક છે.

વિશ્વાસ રાખવો ચાતક પક્ષી સમાન. વિશ્વાસ પુષ્ટિ અને અવિશ્વાસ આસુરી ધર્મ છે. માટે આસુરી બનવું નહીં. શ્રી વલ્લભનાં શરણાગત જીવોનો જેઓ શરણે રહેલા છે તેનો અન્ય કોઈ વાળ વાંકો કરી શકે જ નહીં. તેમની રતિ, મતિ, અને ગતિ સર્વ શ્રીકૃષ્ણ જ છે. માટે નિર્ભય બનીને સેવા, સ્મરણ, સત્સંગ કરવો.

ઘણીવાર એવું બને છે કે શરણાગત હોવા છતાં સાંસારિક તુચ્છ સુખ માટે ભટકતું થઇ જવાય છે. આને માટે તો શઠ પુરુષો માયાજાળ રચાવીને તૈયાર બેઠેલા છે. તેઓ સંસારી સુખ અને દુઃખનો અંત કરવા તરેહ તરેહનાં મંત્ર–તંત્ર તાવીજ આવી જાળમાં ફસાવી દ્રવ્યનું હરણ કરે છે. ધર્મના નામે આવું ચાલતું હોય છે. ભોળા માનવી સહેલાઇથી જાળમાં ફસાય છે. આવા કલિયુગમાં ધર્મો (છળ, કપટ, પાખંડ) એની જાળમાં ભક્ત કદી પણ સપડાતા નથી. દૈવી જીવો માટે તો 'આશરો એક દૃઢ શ્રી વલ્લભાધીશ કો'.

આને છોડી અન્ય જગ્યાએ ચિત્તની વૃત્તિ દોડાવે તે અમારા કામનો જ નહીં. ભક્તગણે ગાયું છે કે 'તાહીકો શિર નાઇયે જો શ્રી વલ્લભસુત પદરજ રતિ હોય' શ્રી ગુસાંઇજીને સંબોધીને આ વાકય છે. તેમાં અનન્યતા છે કે બીજાથી અમારે શું મતલબ છે. શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી એકરૂપ હોય તેમાં ભિન્નતા જુએ તે અમારા કામનો નથી.

માટે જ સાર એ છે કે પુષ્ટિપથે ચાલતા આગળ પુષ્ટિફળ પ્રાપ્ત કરવું એજ ઉત્તમ લક્ષ રાખવું અને એને માટે જ પ્રભુએ આ મનુષ્ય જીવન આપ્યું છે તે એળે વહ્યું ન જાય તેની સાવધાનીરૂપે આ કાવ્ય 'ટકોર' કરે છે, 'સુજ્ઞેષુ કિમધિકમ્'.

મનનું સમાધાન

લેખક : ભકત કવિશ્રી દયારામભાઇ

સંપાદક : પ્રો. જીવનલાલ છ. જોશી

શ્રી ગોકુલનાથજીએ લખ્યું છે કે વાયુ વડે જે તરણું હાલે છે તે પ્રભુની ઇચ્છા વિના નથી હાલતું, તો બીજું કેમ થઈ શકે ? નાં જ થાય. પ્રભુ પોતાના ભકતનું અહિત કરવા પોતે સમર્થ નથી તો બીજા થકી તો નાં જ થાય. પ્રભુ સર્વેશ્વર છે, સર્વાત્મા છે, સર્વજ્ઞ છે, પોતાના દાસનું અહિત કોઇ કરતું હોય ને ભકત અજાણ્યો હોય તદપિ વિનંતિ વિના પોતાને મેળે સહાય કરી.

તે જુઓ કે પાર્વતીજીનો ધરમ ભ્રષ્ટ કરવા સારૂ જાલંધર શિવજીનું રૂપ ધરીને છળતો હતો ને પાર્વતીજી છળાતાં હતાં, એટલામાં વગર કહે શ્રી હરિએ ચેતાવી દીધાં જે 'એ શ્રી મહાદેવજી નથી અસુરે માયારૂપ ધર્યું છે' કહીને ચેતવ્યાં.

વળી જગન્નાથ જોષીને દુષ્ટ શસ્ત્ર મારતો હતો, અજાણ્યા હતા, તે પ્રભુએ વિનંતિ કર્યા વિના, શસ્ત્રવાળો હાથ પાછળથી ઝાલી લીધો. એમ પોતાના ભકતને કોઇ હાનિ પાછળ થાવા દે જ નહીં. નિશ્ચે.

શ્રી હરિ ચિત્તને વિશે ઉદ્વેગ ઉઠાવીને ચિંતા કરાવે પણ ચિંતા મુકી દે. શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે, 'સર્વ કાંઇ હરિ પોતાની ઇચ્છા વડે કરે છે. તે દાસનું રૂડું જ કરશે એ જાણવું, એ વિવેક.

શ્રી મહાપ્રભુજીના શરણાગત જીવને કોઇ છળી શકે નહીં, પોતાનું સુદર્શન ચક્ર તુંને પ્રત્યક્ષ આપ્યું છે ને શ્રીમુખે પોતાની ઇચ્છાએ કહ્યું છે જે 'તારા રક્ષણને અર્થે આપ્યું છે,' ને વળી બીજા ઘણા ભકતને સ્વપ્ન દ્વારા અનુભવ થાય છે તે સાચો છે, તો તારો કેમ હરિકૃત નથી ? છે જ.

શ્રી પ્રભુનું રૂપ કોઇએ માયા વડે ધરાય જ નહીં. રામાયણમાં કહ્યું છે અને કહ્યા પ્રમાણે પ્રત્યક્ષતા પણ દેખે છે. સેવા કહી તે કરાવે છે. શિવલાલની વાત કહી તેમ પાળી. રાતે સંકટ હતું ત્યાં ચેતવ્યો તે તેં સાચું જોયું છે. બહિર્મુખ સાથે કલેશ થવાનો હતો તે પ્રથમથી સ્વપ્ન દ્વારા ચેતવ્યો, તે પ્રમાણે સહાય કરી.

મલિનનો છળ હરિનામ–હરિસેવા આગળનાં ચાલે. યુદ્ધમાં અસુર માયા રચે છે. તે નારાયણાસ્ત્ર સામો યોદ્ધો મૂકે છે ત્યારે મિથ્યા માયા ઉડી જાય છે.

શ્રી ભાગવતમાં પૂતના પ્રસંગમાં લખ્યું છે કે નવગ્રહ પણ ભૂતપ્રેત–પિશાચાદિક તથા દુઃસ્વપ્ન દ્વારા મહાઉત્પાત સર્વ વિષ્ણુના નામ થકી ભય પામીને નાશી જાય છે. શ્રી ગોસ્વામીજીએ પણ અષ્ટાક્ષર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'ના માહાત્મ્યમાં એ જ પ્રમાણે લખ્યું છે. માટે કદિએ ડગવું નહીં, હરિનો અનુભવ સાચો છે.

॥ શ્રી ગુરૂદેવચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા – કિરતનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૧૦૪. રાગ–બિહાગ વૈ. ૮૪ (૨૧)

વંદૌ શ્રી અવધૂત દાસ;
સખી ‘કેતકી’ કુમારિકા યૂથસેં, અડિંગ કરત નિવાસ. ૧

સનોઢિયા બ્રાહ્મણ ઘર જન્મે રહત બનિયા પાસ;
ભયે પંદ્રહ સાલકે તબ, આયે મથુરા ખાસ ૨

ભયો દરસન શ્રીવલ્લભકો, ભઇ શરણકી આસ;
બિનતી હે પ્રભુ શરણ લે કે, કરો સકલ અઘનાસ. ૩

બ્રહ્મ સંબંધ કરાયો કૃપા કર, પૂરન ભઇ અભિલાષ;
જલ છિરકયો હે મંત્ર પઢકે, હૃદય ભયો હૈ પ્રકાસ. ૪

માનસી મેં મગ્ન હ્વે કે, ફીર્યો ફરત સુખરાસ;
દેહ ધર્મ કછુ કરત ન બાધા, ભુખ નિંદા અરુ પ્યાસ. ૫

બંગાલી કો દૂર કરનકી, ઇચ્છા ભઈ અવિનાસ;
તબ કહી અવધૂત દાસકોં તમ કહો કૃષ્ણદાસ. ૬

દેવી કોં સો પાસ બૈઠારે, હમેં નાહીં સુહાત;
‘લાલદાસ’ તબ કહી કૃષ્ણ દાસસોં, નિકાર દીયે સુન બાત. ૭

૧૦૫ રાગ–બિહાગ. વૈ. ૮૪ (૨૨)

વંદૌ રામદાસ રસખાન;
‘મનોરમા’ સખી ચંદ્રાવલીકી, સુંદર સરસ અયાન. ૧

સાંચોરા ગુજરાત બસત હૈ, નાહીં રંચ અભિમાન,
સરણ ગહયો શ્રી દ્વારિકા મેં, વલ્લભકો પહિચાને. ૨

બ્રહ્મસંધંધ કરાય શ્રી વલ્લભ, ગ્રંથ પઢાયે કૃપાનિધાન,
‘અહો બ્રજ પેંઠ લગી’ પદગાયો, ભયો લીલા કોન. ૩

ભયે ભિતરીયા ગોવર્ધન ધર કે, સામગ્રી મેં અતુર સુજાનઃ
‘લાલદાસ’ પ્રભુ લીલા રસકોં, કરત અનુદિન પાન. ૪ (ક્રમશઃ)

પુસ્તક પરિચય

(૧) પુષ્ટિ સિધ્ધાન્ત ચર્ચા સભા

વિસ્તૃત વિવરણ
પ્રકાશક : સંવાદ સ્થાપક મંડલ

C/o. ગો, શ્રી યોગેશકુમારજી
મનુ ભુવન, ભગતસિંહ રોડ

વીલે પાર્લે (પશ્ચિમ) મુંબઇ–૫૬
ડેમી સાઇઝ ૩૪૮ પૃષ્ઠ, શ્રી પુ. સિ.

ચર્ચાસભાના બહુરંગી ચિત્રોવાળું પાકું પુઠું
નિ:શુલ્ક વિતરણાર્થ

(૨) પુષ્ટિ સિધ્ધાન્ત ચર્ચા સભા

સંક્ષિપ્ત વિવરણ, પરિશિષ્ઠ સાથે
સંયુકત પ્રકાશકો,

૧. ગો. શ્રીમતિ પાર્વતી વહુજી એજયુ. એન્ડ
ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ

૨. ગો. શ્રી મથુરેશજી, શ્રી વ્રજેશજી,
શ્રી કનૈયાલાલજી અમદાવાદ

૩. ગો. શ્રી નીરજકુમારજી મુંબઈ
ડેમી સાઇઝ પૃષ્ઠ ૧૦૮, શ્રી પુ. સિ.
ચર્ચા સભાના બહુરંગી ચિત્રોવાળું આર્ટ
કાર્ડ પુઠું કાચું બાઇન્ડીંગ
નિ-શુલ્ક વિતરણાર્થ

સન ૧૯૯૨ના ૧૦થી૧૩ જાન્યુઆરીના દિવસોએ મુંબઇના વિલેપારલે પશ્ચિમમાં આવેલ વિશ્વકર્મા બાગ ખાતે લગભગ ૩૫ પુ. ગો. આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં પુષ્ટિમાર્ગના યુવાન ગો, બાળકોના સંવાદ સ્થાપક મંડલ દ્વારા એક ઐતિહાસિક પુષ્ટિ સિધ્ધાન્ત ચર્ચા સભાનુ આયોજન થયેલ જેમાં મુંબઈ અને તેમજ દેશના વિભિન્ન ભાગોમાંથી આવેલ હજારો જીજ્ઞાસુ વૈષ્ણવોએ પણ હાજર રહી સિદ્ધાન્ત ચર્ચાશ્રાવણ કરેલા આ ચર્ચાસભાના બધાજ દિવસોની કાર્યવાહીની ઓડીયો, વિડીયો રેકોર્ડીંગ થયેલ જેને લીપીબધ્ધ કરીને પુસ્તકાકારે પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચા સભા વિસ્તૃત વિવરણ શિર્ષકથી પ્રકાશિત કરાએલ છે જેમાં આખા સત્રનો અક્ષરસ: અહેવાલ ઉપરાંત પરિશિષ્ટમાં, ચર્ચાસભામાં પધારેલ પુ. ગો. આચાર્યશ્રીઓની તથા શાસ્ત્રીજીઓની નામાવલી, તેમજ અન્ય ઉપયોગી સામગ્રિ પ્રકાશિત થયેલ, જયારે ઉપરોકત શિર્ષકથીજ પ્રકાશિત સંક્ષિપ્ત વિવરણમાં પુ. પા. ગો. શ્રી શ્યામ મનોંહરજી મહારાજ (પારણા અને પુ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી (પારલા) અને પુ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજ (જામનગર) દ્વારા થયેલ ચર્ચાના મુખ્ય અંશો અને તે પર સામાન્યજનોને અથવા ચર્ચા સભામાં જેઓ હાજર નહોતા તેઓને પુર્વા પર સંબંધ–અથવા અન્ય રીતે વિષયની સ્પષ્ટતા કરતી ટીપ્પણીઓ સહિત ચર્ચાનો અહેવાલ છે. ઉપર્રાત નિ. લી. પુ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના કેટલાંક પત્રો, શ્રીમદ્‌વલ્લભવંશજ ગોસ્વામીઓનું સંયુકત ઘોષણા પત્ર તેમજ અન્ય કેટલાંક પુ, ગો. બાળકોના પત્રોની નકલો, તથા પુ, ગો. શ્રી શરદકુમારજી મહોદય (માંડવી હાલોલ–પારલા) લીખીત 'કલ્પવૃક્ષનો સહજ ધર્મ એક વિચારણા' નામનો મનનિય લેખ અને છેલ્લે અમદાવાદમાં બિરાજમાન પુ. ગો. આચાર્યશ્રીઓનું સંયુકત ઘોષણા પત્ર એટલી સામગ્રી પ્રકાશિત થયેલ છે.

શ્રીમદવલ્લભાચાર્યજીના હદયના હાર્દરૂપ ષોડષગ્રંથો, નિબંધ, આદિના આશયોને પ્રભુચરણ શ્રી વિઠલનાથજી શ્રીગુસાંઇજી, તેમના સાત બાળકો અને ત્યારબાદ પ્રકટેલ ધુરંધર આચાર્યોએ અત્યંત પરિશ્રમ પુર્વક પ્રકટ કરેલ ગ્રંથોની એકવાકયતા દ્વારા પુષ્ટિમાર્ગિય વૈષ્ણવોના સિધ્ધાન્તમાં અને વ્યવહારમાંના કર્તવ્યોને ઉજાગર કરતી આ ચર્ચા સભાનો મોટો ભાગ વિદ્વાનોનેજ ગમ્ય છે છતાં પણ જેમાં પુ. આચાર્ય ચરણોના મહાન સિધ્ધાન્તોનો સાર પ્રકટ થતો હોય, તેવું આ

સાહિત્ય પ્રત્યેક વૈવ્ણવે શ્રી મહાપ્રભુજીનું ધ્યાન હૃદયસાં ધારણ કરીને વાંચવાથી શ્રી મહાપ્રભુજીની કૃપાથી સિદ્ધાંત શુદ્ધ પ્રકારનો દિવ્ય પ્રકાશ હૃદયમાં અવશ્ય થાય જ આથી શુદ્ધ હૃદય અને દૈન્ય ભાવ રાખી આ બન્ને પુસ્તકો પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ અવશ્ય અવલોકન કરવાં જોઈએ.

(૩) સેવા દેવ દ્રવ્યાદિ વિમર્શ (પુર્વાર્ધ)

તથા સે દે. દ્ર. વિ. સાર સંગ્રહ ક્રોડ પત્ર સહિત.
ગ્રંથ પ્રણયનકર્તા
પુ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી
પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી દીક્ષિત

પ્રકાશક : શ્રીયમહાપ્રભુ દુનાથ ગ્રંથ પ્રકાશન ૧૦/૧૩૭ ષષ્ઠ પીઠ, ચૌટા બજાર **સુરત–૩**
ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૧૩ + ૨૦ પાકું પુઠું પ્લા. જેકેટ
ન્યોછાવર રૂા. ૪૦ રવાનગી ખર્ચ અલગ.

પુષ્ટિ સંપ્રદાયના વર્તમાનમાં બિરાજમાન ગો. આચાર્યશ્રીઓમાં સહુથી વયોવૃદ્ધ–શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા દ્વારા પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તનો લગભગ ૭૦ વર્ષોથી અનન્ય પ્રચાર કરતાં વિધાવારિધી પુ. પા. ગો. શ્રી વ્રજ રત્નલાલજી મહારાજ (શ્રી દાદાજી) અને તેઓશ્રીના પૌત્રત્રયી પુ. પા. ગો. શ્રી બાલ કૃષ્ણલાલજી, પુ. પા, ગો. શ્રી કલ્યાણરાયજી, પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી દીક્ષિત દ્વારા પ્રસ્તુત ગ્રંથની રચના કરવામાં આવેલ જણાય છે.

શુધ્ધ શાસ્ત્રીય પરિપાટીએ સંસ્કૃત પ્રચુર હિન્દી–વ્રજ ભાષામાં લખાયેલ આ ગ્રંથ, આજના યુગમાં ભારતીય સંસ્કૃતિની દાર્શનિક ગ્રંથ પ્રણયનની પરિપાટી જ્યારે નષ્ટ પ્રાય: થઈ રહી છે તેને એક પુન: જીવન આપતો અત્યંત મહત્ત્વ પુર્ણ ગ્રંથ છે. જેમાં પ્રાચિન શાસ્ત્રાર્થની પધ્ધતિએ સિદ્ધાન્ત પ્રતિપાદન કરાએલ છે.

આ ગ્રંથમાં પુર્વાર્ધમાં કુલ પાંચ પ્રકરણો, ૧. કૃષ્ણ સેવા પ્રકરણ, ૨. દેવ દ્રવ્ય પ્રકરણ ૩, દેવલક પ્રકરણ, ૪. ટ્રસ્ટ પ્રકરણ, ૫. ભાવ સંગોપન પ્રકરણ છે. જેમાં શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઈજી તથા પરવર્તી આચાર્યશ્રીઓના વચનામૃતો, શાસ્ત્ર, સ્મૃતિ ગ્રંથો અને પુષ્ટિમાર્ગીય, ભાષા ગ્રંથોમાં મુર્ધન્ય શ્રી ૮૪–૨૫૨ ભગવદિઓની વાર્તા પ્રસંગો આદિ દ્વારા ઉપરોકત વિષયોનું નિરૂપણ કરવામાં આવેલ છે.

જો કે આ ગ્રંથનાં આ મુખમાં પુ. પા. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી એ સ્પષ્ટતા કરી છે કે "ગ્રંથકા પ્રણયન કિસી વ્યકિત વિશેષ કે મત કે ખંડન કી દષ્ટિ એ નહીં કિયા ગયા હૈ" તો પણ ખાસ કરીને ગત જાન્યુઆરીમાં મુંબઈ પાર્લામાં થયેલ પુષ્ટિ સિધ્ધાન્ત ચર્ચા સભા બાદ ગાજતાં થયેલ પ્રશ્નોને વિશેષ પ્રકારે ધ્યાનમાં લેવાયા છે.

આ ગ્રંથના ઉત્તારાર્ધમાં હવે પછી જ ૪ પ્રકરણો ૧ સેતિહાસ બ્રહ્મસંબંધ પ્રકરણ ૨ મંત્ર વિક્રયાશંકા નિરસન ૩ ગુરૂ શિષ્ય નિયમ પ્રકરણ ૪ ભાગવત કથા પ્રકરણ પ્રકટ થશે.

આ ગ્રંથના પ્રકાશકીયમાં કહેવાયું કે : "ઈસ ગ્રંથમેં શાસ્ત્રીય ઢંગસે વિષયોકા પ્રતિપાદન કીયા ગયા હૈ, અત: યહ ગ્રંથ કઠિન સા માલૂમ પડતા હૈ; તથાપિ શ્રી આચાર્ય ચરણો કે ચરણારવિન્દ કા દયાન કરતે હુએ દૈન્ય ભાવકો રખકર જીજ્ઞાસા ભાવ સે જો લોગ ઈસ ગ્રંથ કા શ્રવણ વાચન એવં મનન કરેંગે ઉન્હે તત્તદ્ વિષયો મેં પ્રસ્તુત સિદ્ધાન્ત હૃદયારૂઢ હુએ બિના નહીં રહેંગે યહભી ઉતના હી સત્ય હૈ."

ઉપરોકત કંડીકા અત્યંત મહત્વપૂર્ણ છે. કેમકે આ ગ્રંથોમાં ઘણી ગંભીર બાબતો અંગેના બન્ને પહેલુઓ એવા નિરૂપણ કરેલ છે કે સ્વયં વાચક ખૂબ મનન કરે અને શ્રી મહાપ્રભુજીની કૃપા થાય તોજ સુચારૂ રૂપે તે સમજી શકાય.

નિ:શંક પ્રત્યેક વિચારવાન, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે આ ગ્રંથ અવશ્ય વાંચવો વિચારવો જોઈએ.

(૪) વિશોધનિકા (પ્રથમ પ્રકરણ)

લે. પૂ. પા, શ્રી શ્યામમનોહરજી (પારલા–કિશનગઢ)
નિ:શુલ્ક વિતરણાર્થ
પ્રકાશક : પ્રાપ્તિ સ્થાન : પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી
૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪થો રસ્તો જૂહુસ્કીમ, વીલેપારલે મુંબઈ–૫૬
ડેમીસાઈઝે ૬૦ પૃષ્ઠ કાચું બાઈન્ડીંગ.

સુરતવાળા પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી દ્વારા પ્રકટીત ગ્રંથ “સેવા દેવ દ્રવ્યાદિ વિર્મશ……” માં નિરૂપાયેલ સેવા પ્રકરણના સિદ્ધાન્તો પર અત્યંત ગંભીર પાંડિત્ય પૂર્ણ શૈલીમાં તો કયાંક કટાક્ષમયી શૈલીમાં સંસ્કૃતપ્રચુર હિન્દી–વ્રજભાષામાં કિશનગઢ–પારલાવાળા પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજે પંકિત એ પંકિતની આલોચના કરેલ છે જે ઉપર્યુકત નામથી પુસ્તિકા સ્વરૂપે પ્રકટ થયેલ છે. જે પ્રથમ પ્રકરણ છે. આગળ ૨ શાસ્ત્રીય સંદર્ભમેં પુષ્ટિ માર્ગીય સેવાર્થે આજીવિકા સ્વરૂપ વિશોધનિકા ૩. વાર્તા વિમર્શ વિશોધનિકા ૪. ટ્રસ્ટ પ્રકરણ વિમર્શ વિશોધનિકા ૫. ભાવસંગોપન વિમર્શ-વિશોધનિકા ૬, ક્રોડા ક્રીડનક ક્રીડા વિભંગ, પુષ્ટિમાર્ગીય પીઠાધીશ સ્વરૂપ ઔર કર્તવ્ય અન્તર્ગત સ્મૃતિ સદાચાર પ્રકરણ નિરૂપણ પરિશિષ્ટ વગેરે સહિત પ્રકાશન થશે તેમ પ્રસ્તુત પુસ્તકના અંતમાં જણાવાયું છે.

આ પ્રકરણના પ્રકાશનોથી આપણા શ્રી પુષ્ટિ સંપ્રદાયમાં શાસ્ત્રીય પરંપરાથી ગ્રંથ પ્રણયન, તેમજ અધ્યયન–મનન કરી નિષ્કર્ષ દ્વારા દૃઢ રીતે શ્રી મહાપ્રભુજીના સિદ્ધાન્તો હૃદયારૂઢ કરવાની પ્રણાલીને પુનર્જીવીત કરવાની ઉપરોકત બધાં પુસ્તકોના પ્રકટ કર્તા આચાર્યશ્રીઓએ મહતી કૃપા કરેલ છે જેનો સર્વે વૈષ્ણવોએ અવશ્ય લાભ લેવોજ જોઇએ.

(૫) આપકી સિદ્ધાન્તનિષ્ઠા એવં પુષ્ટિ અસ્મિતા નૂતન વર્ષમેં

પ્રકાશક : પ્રાપ્તિસ્થાન, હંસરાજ ગોકુળદાસ વેદ, ૧૭૮૪–ઈ, રાજારામ પુરી ૧લી ગલી,
કોલ્હાપુર પીન નં. ૪૧૬૦૦૮
નુતન વર્ષાભિનંદના કાર્ડના સ્વરૂપની ડેમીસાઇઝ આઠ પૃષ્ઠની પત્રીકા.

ઉપરોકત પત્રિકામાં લેખકનું કોઈ નામ નિરૂપિત કરવામાં આવેલ નથી. પરંતુ સંસ્કૃત હિન્દી-ભાષામાં સેવા દેવદ્રવ્યાદિ વિમર્શ પુસ્તક પર કઈક વ્યંગાત્મક ભાષામાં સમિક્ષા કરવામાં આવેલ છે.

અને છેલ્લે ‘પુષ્ટિ રહસ્ય ચર્ચા’ શિર્ષકથી–હાસ્ય પ્રસંગની શૈલીએ લખાયેલ છે છતાં ખૂબ વિચારણીય છે. કવર પેઇજની અંદરની બાજુ માર્મિક કાર્ટુનો છપાયલાં છે. પ્રસ્તુત પુસ્તિકામાં લેખકનું પણ નામ પ્રકટ થયું હોત તો વિશેષ ઉચિત ગણાત.

સમાચાર

પુષ્ટિ માર્ગ સંપ્રદાયના પ્રચાર–પસાર માટે અને વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધારવા તથા રાજકોટ મુકામે સંપ્રદાયનું સર્વપ્રથમ થઇ રહેલા ઋષિકુળના નિર્માણના કાંર્ય માટે આં પુ. વૈષ્ણવ પરિષદની ભકિત વર્ધિનીનો પ્રચાર પ્રવાસ સૌરાષ્ટ્રમાં રાજકોટ–સુરેન્દ્રનગર–અમરેલી–જામનગર જીલ્લાનો પ્રવાસ કરવામાં આવ્યો. વળી ધોરાજી–જેતપુર ખાતે વૈષ્ણવોના વિશાળ સંમેલનો યોજવામાં આવ્યા. પ્રવાસર્મા પરિષદના સંગઠ્ઠન મંત્રી પ્રોફે, ચીમનભાઈ શેઠની સાથે સૌરાષ્ટ્રના પરિષદના અગ્રણીઓ શ્રી કાંતિભાઈ રાધનપુરા, શ્રી હસમુખભાઈ ખખ્ખર, શ્રી કનુભાઈ દેવાણી અને વડોદરાના શ્રી દશરથભાઈ શાહ જોડાયા હતા.

ઉ. ગુજ.ના કડી–વીસનગર–પાટણ ખાર્તેનો ઝડપી પ્રવાસ સંગઠ્ઠનાત્મક–સંપ્રદાયના સાહિત્યના પ્રસાર પ્રચાર માટે "ભકિત વર્ધિનિ" દ્વારા યોજવામાં આવ્યો. પ્રોફે. ગોપાલભાઈ શાહ પ્રવાસમાં જોડાયા હતા. ઉ.ગુ.ના કાર્યને વધુ ગતિમાન કરવા માટે પાટણના શ્રી પ્રહલાદભાઇ ખમારને ઉ.ગુજ.ના સંયોજક તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

વડોદરા જીલ્લાના જબુગામ મુકામે શ્રી પ્રધુમ્ન શાસ્ત્રીની ભાગવત સપ્તાહમાં પરિષદ દ્વારા નિર્માણ થનારા ઋષિકુળ અંગેની જાણકારી શ્રી ચીમનભાઇ શેઠ અને શ્રી પ્રધુમ્ન શાસ્ત્રીએ આપી હતી. વડોદરાના શ્રી વામનભાઇ પટેલ આ પ્રવાસમાં સંગઠ્ઠનમંત્રી સાથે રહયા હતા.

આંતરરાષ્ટિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ જામનગર શાખા તેમજ જામનગર વૈષ્ણવ સમાજના સંયુકત ઉપક્રમે જામનગર જીલ્લા વૈષ્ણવ કાર્યક્રર્તાઓના સંમેલનનું તા. ૨૭–૧૨–૯૨ રવિવારે સવારે ૯ થી ૧ તેમજ સાંજના ૪ થી ૭ દરમ્યાન આણંદાબાવા સેવા સંસ્થા લીમડા લેન, જામનગર મુકામે પૂ. પા. ગો શ્રીહરિરાયજી મહારાજશ્રીના અધ્યક્ષપદે આયોજન કરવામાં આવ્યું છે.

આ સંમેલનમાં સંપ્રદાયની પ્રવૃતિઓને વેગ આપવા તેમજ જામનગર જીલ્લામાં સુવ્યવસ્થિત સંગઠન કરવા આપના ગામમાં ચાલતી સાંપ્રદાયિક પ્રવૃતિઓની અરસપરસ જાણ કરવા કાર્યકર્તા પ્રતિનિધિઓના સંમેલનમાં ચર્ચા થશે. ઉપરાંત વૈષ્ણવ પરિષદ આયોજીત ગૌરવ સમાન અને ભારતવર્ષના સર્વપ્રથમ એવા શ્રીમદ્‌ વલ્લભાચાર્ય રૂષી કુલ નિર્માણ (વૈષ્ણવ ગુરૂકુલ) વિશે સંપુર્ણ માહિતી રજુ કરવામાં આવશે.

આ પ્રસંગે પુ. પા. આચાર્યશ્રીઓ પધારી માર્ગદર્શન અને પ્રેરણા પ્રદાન કરશે તેમજ ગુજરાત રાજ્ય સમિતિ અને કેન્દ્રીય કારોબારીના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહી પોતાના મંતવ્યો રજુ કરશે તો જામનગર જીલ્લાના તમામ તાલુકા અને ગ્રામ્ય વિસ્તારના આપ સૌ પ્રતિનિધિને સમયસર સંમેલનમાં હાજરી આપવા વિનંતી.

આ પ્રસંગે શ્રીનાથજીના શ્રીધ્વજાજીના આગમન પ્રસંગે યોજાયેલ વિવિધ મનોરથોના દર્શનનો પણ અલભ્ય અને અલૌકિક લાભ મળશે.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ
ગુજરાત પ્રદેશ, વડોદરાનો શુભ સંદેશ

વૈષ્ણવ પરિષદ આપણા સૌની છે. નુતન વર્ષમાં આવા સંકલ્પો કરી શકાય! (૧) સંગઠનના કાર્ય-માટે રોજ એક વૈષ્ણવના ઘરનો સંપર્ક કરવો–સંમેલનમાં સહભાગી બનવાનો. (૨) સાહિત્યના ક્ષેત્રે પરિષદ પુષ્ટિ પ્રસાર સેલ અને શ્રી વલ્લભ સુધાનો પ્રચાર–પ્રસાર કરવાનો. (૩) જીલ્લા કક્ષાના ક્ષેત્રે ઓછામાં ઓછા બે સ્વાધ્યાય કેન્દ્રો ઉભા કરવાનો (૪) ઋષિકુળના પ્રોજેકટને સંગીન સફળતા મળે તેવા સક્રીય પ્રયાસ કરવાનો. (૫) સેવા પ્રકાર શિબિર, કિર્તન શિબિર, વેશભૂષા હરિફાઈ, ભકિત શિબિર, ધર્મ સંસ્કાર શિબિર, શ્રીમહાપ્રભુજીની બેઠક યાત્રાના કાર્યક્રમોના આયોજનો કરવાનો (૬) શ્રી વલ્લભ બાલમંદિર–પાઠશાળા અને સત્સંગની પ્રવૃત્તિમાં સહભાગી બની કાર્ય કરવાનો (૭) શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય ઉત્સવ નિમિત્તે **'વલ્લભ મને ગમે છે'** એ વિષય પર વકૃત્વ સ્પર્ધા માટે યુવાનોને પ્રવૃત્ત કરવા અંગેનો.

પરિષદના કાર્યને ભગવદ્ સેવા કાર્ય સમજીને અને પરિષદને પોતાની માનીને આપણે સૌ કાર્યકરો આવા સપ્ત સૂત્રી કાર્યક્રમોને સાકાર કરવા નિષ્કામ ભાવથી સંયમ પુર્વક, નિષ્ઠા પુર્વક, ત્યાગ સમર્પણ ભાવથી બંધારણના માળખામાં રહીને શિસ્ત બધ્ધ રીતે શ્રીવલ્લભનો આશ્રય લઈ સંપુર્ણ શ્રધ્ધા રાખી નુતન વર્ષમાં કાર્ય કરવાનો સંકલ્પ કરીશું જ. નુતન વર્ષ પર અમારી હાર્દિક મંગલમય કામનાસહ જયશ્રીકૃષ્ણ.

કલકત્તા : અત્રે શ્રી લક્ષ્મિનારાયણ મંદિરમાં કલકત્તા ગુજરાતી વૈ, સમાજ તથા શ્રી લક્ષ્મિનારાયણ મંદિર શોસા. તરફથી સુરત વડોદરાવાળા પુ. પા. ગો, શ્રી પ્રભુજી મહોદયની અધ્યક્ષતામાં ખંભાતવાળા શ્રી જગદિશ શાસ્ત્રીજીની 'વૈષ્ણવવાર્તા' સપ્તાહનું તા. ૨૫–૮–૯૨ થી ૧–૯–૯૨ સુધી આયોજન થયેલ.

દરરોજ સાંજે પુ. પા. શ્રી પ્રભુજી મહોદયના શોડષ ગ્રંથો પર મનનિય વચનામૃતો થયેલ કા. સુ, ૭ થી ૯ અ, સૌ. શ્રી વ્રજલતાબેટીજીએ સેવાં શિબિરનું આયોજન કરેલ.

સુચના

સર્વે વૈષ્ણવોને જણાવવાનું કે સુરત, વડોદરા, બગસરાવાળા પુ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી સાથે હવે પછી નિચેના નવા નિવાસ સ્થાને ફોન. પત્ર વ્યવહાર, સંપર્ક કરવો.

પુ. પા. ગો. શ્રી પ્રભુજી મહોદય 'શ્રુતિરૂપા' બી. ૧ ગોકુલ પાર્ક એપાર્ટમેન્ટ
સીંધવાઈ માતા રોડ, પ્રતાપનગર L. ML. વાસ્પા સર્વિસ સ્ટેશન સામે વડોદરા ૩૯૦ ૦૦૪
ફોન: (વડોદરા કોડ ૨૬૫) નં. ૫૫ ૧૪૦૯

શ્રી વલ્લભો ખ્યાન

વધાઇ શુભ સુચના વધાઇ

મુંબઇમાં શુભ વિવાહ પ્રસ્તાવ,

નિ. લી. પૂ. પા. ગો. શ્રી ગોપીનાથજી મહારાજશ્રી (મોટા મંદિર–મુંબઈ) ના પૌત્ર, શ્રી વલ્લભ પીઠાધિશ્વર પૂ. પા. ગો. શ્રી રમેશકુમારના લાલજી **પુ.પા.ગો. શ્રી રઘુનનાથજી બાવાશ્રી**નો શુભ વિવાહ પ્રસ્તાવ સુરત મોટા મંદિરવાળા પૂ પા. ગો. શ્રી વ્રંજ રત્નલાલજી મહારાજશ્રીના દોહિત્ર શ્રી શુભાષ શર્માજી ના લાલીબા સૌ. કાં. ચિ, શ્રી શ્યામલા લાલીજી સાથે સં. ૨૦૪૯ના માગશર વદ ૧૦ તા. ૧૯–૧૨–૯૨ શનિવારના નિશ્ચિત થયો છે.

પ્રસ્તાવનો પ્રારંભ તા. ૧૬–૧૨–૯૨ **થી** થશે અને તા. ૨૦–૧૨–૯૨ સુધી વિવિધ શુભ કાર્યક્રમો થશે.

વર પક્ષ પ્રસ્તાવ સ્થળ
'કેવલબાગ, કીલાચંદ રોડ,
કાંદીવલી (પશ્ચિમ) મુંબઇ.

કન્યા પક્ષ પ્રસ્તાવ સ્થળ
સરદાર પટેલ સ્કુલ વ્યાયામ શાળા.
શાંતિલાલ મોદી રોડ, કાંદીવલી
પશ્ચિમ મુંબઇ.

પત્ર વ્યવહાર–સંપર્ક :
શ્રી વલ્લભ પીઠાધિર પૂ. પા. ગો. શ્રી રમેશકુમારજી મહારાજશ્રી,
3/૪ અંબે કૃપા સોસા. ઝવેર રોડ, મુલુન્ડ (પશ્ચિમ) **મુંબઈ.**–૮૦ ફોન : ૫૬૧૭૪૨૦

કડી (ઉ. ગુજરાત)માં શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ;

કોટા–કડીવાળા નિ. લી ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીના તૃતિયલાલજી પૂ. પા. ગો. શ્રી દામોદર લાલજી મહારાજ (શ્રી વિજયકુમારજી) હાલ બિરાજમાન ગોંડલના લાલબાવા પૂ. ચિ. શ્રી હરિરાયજી તથા પૂ. ચિ. શ્રી દર્શનકુમારજી બાવાશ્રીનો યજ્ઞોપવિત પ્રસ્તાવ ફાગણ સુદ ૫ને શુક્રવાર તા. ૨૬–૨–૯૩ ના શુભ દિને નિશ્ચિત થયેલ છે આ શુભ પ્રસંગે શ્રી......ના વિવિધ મનોરથો થશે આ શુભ અવસરે સેવા દર્શનનો અલભ્ય લાભ લેવા સર્વે વૈષ્ણવોને નિમંત્રણ છે. વૈષ્ણવો માટે મંડાણની વ્યવસ્થા રાખેલ છે.

પ્રસ્તાવ સ્થળ તથા પત્ર વ્યવહાર સેવા ભેટ મોકલવાનું સરનામું.

શ્રી યજ્ઞોપવિત પ્રસ્તાવ સમિતિ,
શ્રી ગોપાલલાલજીની હવેલી
શ્રીમદ વલ્લભાર્ચયજી માર્ગ મુ. કડી ઉ. ગુજરાત.
ફોન : **૨૭૯૮**

રાજકોટમાં શુભ લગ્ન પ્રસ્તાવ

મુંબઈ મોટા મંદિરવાળા પુ. પા ગો. શ્રી જીવનેશજી મહારાજના મોટાલાલજી પુ. પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી (શ્રી પંકજબાવા)ના નાના બેટીજી પુ. શ્રી તરૂલત્તા રાજાના શુભલગ્ન સુરતવાલા વિધાનિધિ પુ. પા, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના મોટા લાલજી નિ. લી, પુ, પા. ગો. શ્રી ગોવિંદરાયજીના દોહિત્ર શ્રી લલિતકુમારજી દેવર્ષી સાથે રાજકોટમાં કારતક વદ ૭ મંગળવાર તા. ૧૮–૧૧–૯૨ના શુભ દિને ખુબ ધામધુમથી સંપન્ન થયા.

આ પ્રસંગે પુ. પા. શ્રી પંકજબાવાશ્રીનો મુકામ જશુભાઇ મંડાણ (ખત્રીવાડ)માં તથા લગ્ન મંડપ જુના દરબારગઢના પ્રાંગણમાં રાખેલ અને જાનનો ઉતારો શ્રીનાથજી એપાર્ટમેન્ટમાં થયેલ.

પ્રસ્તાવના પ્રારંભમાં પુ. પા, શ્રી પંકજ બાવાશ્રીએ પોતાના શ્રી સેવ્યસ્વરૂપના વિવિધ મનોરથો કરેલ. પ્રસ્તાવ તા. ૧૩થી પ્રારંભ થયેલ. જેમાં (વર-કન્યા બન્ને મંડપમાં કુલદેવતા સ્થાપના વૃદ્ધિની સભા વગેરે થયેલ,

તા. ૧૮મીએ સાંજે વરઘોડો શ્રી નાથજી એપાર્ટમેન્ટથી દૂરબારગઢ ગયેલ અને ગોધુંલી વેળાએ પાણીગ્રહણ સંસ્કારસંપન્ન થયેલ. લગ્ન પ્રસ્તાવ પ્રસંગે વિવિધ સાંસ્કૃતીક કાર્યક્રમો રાસ-ગરબા વગેરે યોજાએલ.

કન્યા તથા વરપક્ષે મોટા સમૂહમાં પધારેલ. પુ, પા. શ્રી ગો. બાલકો શ્રી વહૂજી–બેટીજી વગેરેન દર્શન–સેવાનો અલૌકિક લાભ રાજકોટના વૈષ્ણવોને મળેલ.

આ પ્રસંગે નીચે મુજબના પુ. પા. ગો, શ્રી આચાર્યશ્રીઓ પધારેલ.

પુ. પા. ગો. શ્રી વ્રંજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)
,, ,, ,, શ્રી કલ્યાણરાયજી મહોદય (સુરત)
,, ,, ,, શ્રી વલ્લભરાયજી મહોદય સોમયાજી દીક્ષિત (સુરત)
,, ,, ,, શ્રી પ્રભુજી મહોદય (સુરત–વડોદરા)
,, ,, ,, શ્રી અનુરાગ બાવાશ્રી (સુરત)
,, ,, ,, શ્રી વ્રંજોત્સવજી મહોદય (ઈન્દોર)
પુ, પા. ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજશ્રી (મુંબઈ)
,, ,, ,, જીવનેશજી મહારાજશ્રી (મુંબઈ–બીલખા)
,, ,, , શ્રી નૃત્ય ગોપાલજી મહારાજશ્રી (મુંબઈ)
,, ,, ,, પુરૂષોત્તમલાલજી બાવાશ્રી (મુંબઈ–બીલખા રાજકોટ)
,, ,, ,, શ્રી લલીત બાવાશ્રી (મુંબઈ બિલખા)
,, ,, ,, શ્રી પ્રણવ બાવાશ્રી ,, ,,
,, ,, ,, શ્રી ઘનશ્યામ બાવાશ્રી ,, ,,
,, ,, ,, શ્રી વ્રંજ વલ્લભ બાવાશ્રી ,, ,,
,, ,, ,, શ્રી યમુના વલ્લભ બાવાશ્રી ,, ,,
પૂ. પા. ગો. શ્રી રાજુબાવાશ્રી (મુંબઈ)
,, ,, ,, ,, નિરજકુમારજી (મુંબઈ)
,, ,, , ,, પ્રશાંત કુમારજી (મુંબઈ)
,, ,, ,, ,, રઘુનાથ લાલજી મહારાજ મુંબઈપારલા
,, ,, ,, ,, કૃષ્ણકુમારજી મહારાજશ્રી (મુંબઈ)
,, ,, ,, ,, યોગેશબાવાશ્રી (કાંદીવલી)
,, ,, ,, ,, ગોપીબાવાશ્રી (મુંબઈ)
,, ,, ,, ,, ભરતકુમારજી મહોદય (પૂના)
,, ,, ,, ,, કમલ બાવાશ્રી (મુંબઈ)
,, ,, ,, ,, ઘનશ્યામલલાજી મહારાજ (શ્રી રાજેશ કુમારજી) (કડી–અમદાવાદ)
,, ,, ,, ,, યદુનાથજી મહોદય (કડી–અમદાવાદ)
,, ,, ,, ,, કૃષ્ણકુમાર મહોદય (કડી–અમદાવાદ)
,, ,, ,, ,, હરિરાયજી મહારાજશ્રી (જામનગર)

,, ,, ,, ,, રસિકરાયજી મહારાજશ્રી (પોરબંદર)
,, , ,, ,, વ્રજેન્દ્ર બાવાશ્રી (અમદાવાદ)
,, ,, ,, ,, રાજીવલોચન બાવાશ્રી (રાજકોટ)
,, ,, ,, ,, ગોપીકાલંકારજી બાવાશ્રી (રાજકોટ)
,, ,, ,, ,, પરાગ બાવાશ્રી (રાજકોટ)
,, ,, ,, ,, વ્રજેશ કુમારજી મહોદય (કામવન–રાજકોટ)
,, ,, ,, ,, અનુરાગ કુમારજી (કામવન–રાજકોટ)
,, ,, ,, ,, સુરેશ કુમારજી (કામવન–રાજકોટ)

આ ઉપરાંત અનેક પુ. પા શ્રીવહૂજી–બેટીજી વગેરે પધારેલ જેમાં વિશેષ ઉલ્લેખનિય પુ. પા. શ્રી જીવનેશજી મહારાજશ્રીના ત્રણે બેટીજી પુ શ્રી સુની રાજા (શ્રીસત્યભામા બેટીજી), શ્રી ચંદુ રાજા, પુ. શ્રી કાલીંદી રાજા, તથા સુરતવાળા શ્રી મનોરમા બેટીજી, પોરબંદર વાળા નિ.લી. શ્રી માધવરાયજી મહારાજના બેટીજી શ્રી ચંદારાજા વગેરે હતાં ઉપરાંત સજાતિય ભટ્ટ વર્ગની પણ સારી ઉપસ્થિતિ હતી. તા. ૧૭ મીએ સાંજે મંડપમાં પુ. શ્રી કાલીંદી બેટીજીના સુદર ભાવાત્મક વચનામૃતતોનો અલૌકિક લાભ હજારો વૈષ્ણવોને મળેલ, લગ્ન પ્રસ્તાવના બધા દિવસોએ રાજકોટની મંડલીના કિર્તન કારોએ ખૂબ ભાવ પુર્વક કીર્તન સેવા કરેલ તેમજ બહારગામથી આવેલા વૈષ્ણવોના ઉતારા પ્રસાદ વગેરેની વ્યવસ્થામાં કીર્તન મંડલીના સભ્યો તથા શ્રી જશુબાઈ મંડાણ શ્રી સાત સ્વરૂપ હવેલીના ટ્રસ્ટીઓ કાર્ય કર્તાઓએ સહયોગ આપેલ.

તા. ૧૯મીએ રાત્રે વિધાનિધિ પુ. પા. ગો.શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી, પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી તથા પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહોદય સન્મુખ રાજકોટની ૬ પાઠશાળાઓના બાળકોએ વિવિધ પ્રશ્નોતર સ્તોત્રપાઠ, ધોળ પદ ગાન પ્રસ્તુત કરેલ. જેથી પુ. પા. શ્રી વ્રજરત્ન લાલજી મહાજશ્રી ખૂબજ પ્રસન્ન થયેલ. અને આપશ્રીના વરદ હસ્તે બાળકોને પ્રમાણ પત્રો તથા સંચાલકોને ઉપરણા ઓઢાડેલ પાઠશાળાના કાર્યક્રમમાં પ. ભ. શ્રી ભૂપેન્દ્રભાઈ ધાબલીયા, પ. ભ. હર્ષા બેન ઠકકર તથા શ્રી મનોજભાઈ વગેરેએ ખૂબજ જહેમત ઉઠાવેલ કાર્યક્રમનું સંચાલન અ. ભા. શ્રી બાલકૃષ્ણ શુધ્ધા દ્વૌત મહાસભાના પ. ભ. શાસ્ત્રીજી શ્રી મધુસૂદન ભાઈએ કરેલ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

(બીજા ટાઈટલથી ચાલુ)

કરવા અંગે જે કુપનો બહાર પાડવામાં આવી છે તે ખરીદવા જેતપુર શહેરના તમામ વૈશ્વેણાને મારો અનુરોધ છે. આના અનુસંધાને ઉપસ્થિત વૈશ્ણવોએ ૩૦૦૦ કુપનો ખરીદ કરી ગુરૂકુલ નિર્માણ કાર્યમાં સહયોગ આપ્યો હતો.

આ કાર્યક્રમનુ સફળ સંચાલન જેતપુરનાં વૈશ્ણવ અગ્રણીશ્રી છોટુભાઇ સોનીએ કર્યુ હતુ સંમેલનમાં ધોરાજી શાખાના પ્રમુખશ્રી છગનભાઇ માવાણી ગોંડલ શાખાના શ્રી ભાષ્કરભાઈ સોની, હેમેન્દ્ર શાહ રૂષીકુલ સંકુલના પ્રમુખશ્રી કાંતીભાઇ રાધનપુરા ઉપસ્થિત રહ્યા હતા. કુપનોની વિતરણ વ્યવસ્થા સંકુલના કોષાધ્યક્ષ શ્રી કનુભાઇ દેવાણી તથા ત્રિકમરાવજી હવેલી રાજકોટના ટ્રસ્ટીશ્રી કાંતીભાઇ કાટકોરીઆએ સંભાળી હતી. કાર્યક્રમને સફળ બનાવવા સત્સંગ મંડળના તમામ સભ્યો ઉપરાંત યુવાન કાર્યકર્તા શ્રી અશ્વિન રાજા ભરત ચેતનપુરા તેમજ શૈલેષ સોનીએ જહેમત ઉઠાવી હતી.

ઉપરાંત સુરત, ધ્રોળ, પડધરી, મોરબી, નાગવદર, રાયડી વગેરે ગામોમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષિકુલ નિર્માણ ફંડ કુપન વિતરણના કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયેલ હતા.

ગોંડલ – પુ. પાં. ગો. શ્રી દામોદરલાલજી (શ્રી વિજયકુમારજી) મહારાજશ્રી (કોટા–ગોંડલ)નો જન્મ દિન આસો સુદિ ૧૦ વિજયા દશમી તા. ૫–૧૦–૯૨ સોમવારના રોજ ગોંડલ વૈષ્ણવ સમાજના ઉપક્રમે ભવ્ય રીતે ઉજવાયેલ, તેમાં માર્કન્ડેય પુજા, પલના, નંદમહોત્સવ રાસ ગરબા, વધાઇ કીર્તન, ટાઢી લીલાનો કાર્યક્રમ યોજાયેલ. આ અલૌકિક પ્રસંગે સ્થાનિક તેમજ બહારગામનાં લગભગ ૫૦૦ ઉપરાંત વૈષ્ણવોને ઉપસ્થિત હતી.

જીવનપંથ ઉજાળ

પુ. પા, ગો શ્રી ઈન્દિરા બેટીજીના શ્રીમદ ભાગવત પરના સુધા–વચનોનું દિવાળી-નુતનવર્ષ અભિનંદન પુસ્તિકારૂપે સંકલન શ્રી નવનીતભાઇ બેંકર (હયુસ્ટન–અમેરિકા) અને પ્રકાશક શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ–મહેસાણા સદરહુ પુસ્તિકાને સાભાર આવકારીએ છીએ,

વધાઈ

પુષ્ટિમાર્ગીય અલૌકિક ૧૪૨ બેઠક પરિક્રમા લકઝરી મીનીબસ દ્વારા દિવસ ૧૧૦નુ પ્રવાસ આયોજન
પ્રારંભ ૧–૩–૯૩ થી તા. ૧૧–૬–૯૩
પરિક્રમા પ્રારંભ સ્થળ :-
શ્રી સાતસ્વરૂપ હવેલી, વોંકળા કાંઠા, ધોરાજી
વિશેષ જાણકારી માટે સંપર્ક સ્થળ :-

(૧) પુ. પા. ગો. શ્રી હૃષિકેશજી મહોદય
નવી હવેલી, પાટણવાવ રોડ,
ધોરાજી–૩૬૦૪૧૦
ફોન – ૧૦૮૯

(૨) ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી
૧૦–એ, ૬૦ બગીચા કાર્યાલય
ત્રીજો ભોઈ વાડો, ભુલેશ્વર
બડા મંદિર, મુંબઈ–૪૦૦૦૦૨
ફોન – ૩૭૫૩૮૭૦

વિનંતિનું ધોળ

હું રે તમને વિનવું મારાં વહાલા વ્રજનાથજી;
અપરાધિ છું શ્રી વલ્લભનો, ભેટાડો શ્રીનાથજી. ૧
વલ્લભ કુળના બાળક સઘળા શ્રીવલ્લભનું રૂપજી;
અપરાધીને શરણે લઈ ને આપે અંદકી હુંફજી. ૨
આ ભારતમાં ભાવે પ્રકટ્યા વલ્લભ વિઠ્ઠલ દેવજી;
વલ્લભ વિઠ્ઠલ શ્રીજી અમને આપ જ શરણે લેવજી. ૩
આ ભારતના ભાગ્ય જ મોટા, ભેટે છે ભગવાનજી,
ભારત વીણ કોઇ ભૂ નહી એવી, જ્યાં ખેલ્યાએ કાનજી.
ધન્ય ધન્ય એ વ્રજનિ ભૂમિ, જ્યાં ક્રીડે ઘનશ્યામજી,
ધન્ય ધન્ય એ ગોકુળના જન, બોલે રાધેશ્યામજી. ૫
શ્યામ સ્વરૂપે ધેનુ ચરાવી જમુંનાજીને તીરજી;
કદમ વૃક્ષ પર આરૂઢ થઇને ચોર્યાં જેણે ચીરજી. ૬
રાધાજીને સાથે રમીયા, જ્યાં એ નૌતમ રાસજી,
બે ગોપીની વચ્ચે પ્રકટી, પૂરી મનની આશજી. ૭
જેવી આશા વ્રજ વનિતાની, પૂરી હે વ્રજનાથજી;
તેવી આશા ભકતજનોની, પૂરો મારા નાથજી. ૮
ભકતોને ભણકારા વાગે, આવ્યા નંદલાલજી.
એક બીજાને કયારે કહેશે, વ્હેલો જોવા ચાલજી. ૯
કૃષ્ણ કનૈયે કામણ કીધું, ખોલી દીધા કાનજી;
શરણે લઇને નીજ ભકતોને, આપી નવલી સાનજી. ૧૦
સુંદર વરથી રાગપણ સાંધી, સોંપી દીધા હાથજી.
જીવ દુષ્ટને પતિત જ દેખી, આપ્યો પ્રભુનો સાથજી. ૧૧
‘વિઠ્ઠલ’ વિનવે વારે વારે, વાણી વિરમે છેકજી,
વાણીથી પર શ્રીવનમાળી, રાખો અંતે ટેકજી. ૧૨

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

વસંત કે પદ

નવલ બસંત બનયે મેઘ મોરકિ કુહુકની ।
પિક બાની સરસબની કુહું કુહુ કુંહોકની ॥૧॥

દંપતિ મધુંપનકી પાંતિ અંકુર મહુકની ।
‘કૃષ્ણદાસ’ પ્રભુ ગિરિધર મદનજિતિ કોકિલા ટહુકની ॥૨॥

※ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ※

વર્ષ ૧૧ : અંક-૧૦ **જાન્યુઆરી, ૧૯૯૩**

શ્રી વલ્લભાબ્દ ૫૧૫

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * **આજીવન રૂા. ૩૦૧**

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

"આં. પુ. વૈષ્ણવ પરિષદના કાર્યકરોની શિબિર ભવ્ય રીતે સંપન્ન"

ભકિત તો મણી છે જે હંમેશાં પ્રકાશ આપે છે અને તેને શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પ્રગટાવ્યો છે એટલે તે યાવદચંદ્ર દિવાકરો પ્રકાશપૂંજ પાથરતો રહેતો રહેશે એ પ્રકારે પોરબંદરના પુ. ગો. શ્રી ગોવિંદ લાલજી મહારાજે સોલા ભાગવત વિધાપીઠમાં અમદાવાદ ખાતે આં. પુ. વૈષ્ણવ પરિષદના અ. ભા. કાર્યકરોની શીબીરમાં દીપ પ્રકટાવી પ્રશિક્ષણ શિબિરનું ઉદઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું. આ શિબિરમાં મધ્યપ્રદેશ રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગોવા, ઉત્તર પ્રદેશ, ગુજરાત વિગેરેમાંથી લગભગ ૧૨૫ કાર્ય કરો સહભાગી બન્યા હતા. એ પ્રકારે આં. પુ. વૈ. પ. ગુજરાત પ્રદેશના પ્રોફે. ચીમનભાઇ શેઠે અત્રે એક પ્રેસ નિવેદનમાં જણાવ્યું હતું.

પરિષદના પ્રણેતા ની. લી. પુ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજનું સ્મરણ કરીને "પરિષદના કાર્યને ભગવદ સેવા કાર્ય માનીને" સેવા, સ્મરણ, સમર્પણ ભાવથી વૈષ્ણવ પરિષદના કાર્યમાં એક રૂપ બનીને કાર્ય કરવા પૂ. ગો. શ્રી હરિરાયજી મહારાજ (જામનગર) પુ. ગો. શ્રી વલ્લભ લાલજી મહોદયે (સૂરત) પ્રશિક્ષણ શબિરના કાર્યકરોને અપીલ કરતાં જણાવ્યું હતું. પુ. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ) અને પુ. ગો. શ્રી વલ્લભલાલજી મહોદયે (કડી–કોટા) પણ વૈષ્ણવ ષરિષદ કાર્યને વધુ ગતિમાન કરવા અપીલ કરી હતી.

આં. પુ. વૈ. પ. ગુજરાત પ્રદેશના પ્રમુખશ્રી શ્રી ઈન્દ્રકાન્ત શેઠે સ્વાગત પ્રવચન કર્યું હતું. પરિષદના અ. ભા. સંગઠન મંત્રી શ્રી દ્વારકાપ્રસાદ પાટોડીયા, મહામંત્રી શ્રી કુભનદાસ ઝાલાણી, શ્રી વિજ્ય વર્ગીય, પ્રોફે. ચીનભાઈ શેઠ, પ્રિ. વી. પી. પરીખ, શ્રી હસમુખભાઈ ખખ્ખરે પ્રાસંગિક પ્રવચન કરી વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધારવાની તાતી જરૂરિયાત પર ખાસ ભાર મૂકયો હતે.

પ્રિ. સી. પી. તલાટી (કલોલ) પ્રોફે. વીણાબહેન પરીખ (અમદાવાદ), વીણાબહેન પરીખ (વડોદરા) શ્રી વલ્લભભાઈ પી. શાહ (વડોદરા), શ્રી ચંદ્રહાસ દલાલ (ખંડવા) શ્રી અમૃતભાઈ દોશી (ગોવા), શ્રી જીતુભાઈ શાહ (મુંબઈ) શ્રી વિજ્ય વર્ગિય શ્રી મનુભાઇ શર્મા (મ. પ્ર.), શ્રી વીજુભાઈ શાહ (અમદાવાદ), શ્રી પ્રોફે. ગોપાલભાઈ શાહ (આણંદ) શ્રી રમણભાઈ શાહ (ડભોઈ), શ્રી મધુસૂદન શાસ્ત્રી (સૂરત) વિગેરેએ પરિષદના પ્રસાર–પ્રચાર–સંગઠનના મુદાઓ પર રચનાત્મક સૂચનો આપી ચર્ચામાં સહભાગી બન્યા હતા.

સોલા ભાગવત્ વિદ્યાપીઠના નિર્માતા–ઋષિતુલ્યશ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીએ પરિષદનો આશિર્વાદ પાઠવ્યા હતા. શ્રી દિનેશભાઈ મહેતા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠે સુંદર વ્યવસ્થા કરી હતી. અમદાવાદ પરિષદના કાર્યકરો શ્રી કલ્યાણભાઈ ભાટીયા, શ્રી અશ્વિનભાઈ દેશાઈ, શ્રી જયંત ચોકસી શ્રી જે. સી. વોરા વિગેરે શિબિરના આયોજનમાં સહભાગી બન્યા હતા.

વૈષ્ણવ પરિષદના વિભિન્ન પ્રોજેકટો અને સંગઠનના કાર્યની સમીક્ષા માટે આં. પુ. વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય કારોબારી મીટીંગ અને જનરલ કાઉન્સીલની મીટીંગ પણ પ્રશિક્ષણ શિબિરની સાથે સાથે શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ અને શ્રી વીજય વર્ગીયના અધ્યક્ષસ્થાનો મળી હતી અને પરિષદના કાર્યને વધુ ગતિમાન કરવા અંગેના નિર્ણયો લેવામાં આવ્યા હતા એ પ્રકારે વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી શ્રી શેઠ નિવેદનના અંતે જણાવે છે.

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક .

શ્રીવલ્લભ સુધા

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૧ અંક : ૧૦ ※ જાન્યુઆરી, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

દુર્લભ સમય – ગૃહસેવા

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
(–ગાંતકથી ચાલુ) આંખના સર્જન, રાજકોટ

આગળ કહ્યું તેમ નહીં સમજે. કૃષ્ણ સેવા માટે અનુકૂળ સમય આ જ છે, આવું સમજશો તો તમે સેવા કરી શકશો, કારણ કે જે સમય ચાલ્યો ગયો તે ફરીને હાથ આવતો નથી. જે વસ્તુ હાથમાંથી નીકળી ગઇ, ફરીને તેની પ્રાપ્તિ કયાંથી થઇ શકે ? આ સમય આપણને અનુકુળ છે અને અનુકુળતા કેમ છે ? કારણ કે આપણે આચાર્યચરણોના આશ્રિત બન્યા છીએ માટે. જો આપણને આચાર્યચરણનો આશ્રય પ્રાપ્ત ન થાત તો આપણે માટે પણ તે પરમ દુર્લભ વસ્તુ હતી.

દેવો પણ સ્વર્ગમાં ઇચ્છા કરે છે કે અમને માનવ જીવન મળે અને અને અમે મુકુન્દ ભગવાનની સેવા કરી શકીએ, કારણ કે સ્વર્ગમાં હોય છે તેઓ દેવતા હોય છે. તેઓ આપણાથી ઉચ્ચ કોટીના હોય છે, પરંતુ તેમને ભગવદ્ સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી અને સ્વર્ગમાં

રહીને બધા ઉપભોગ કરી શકે છે. ભગવદ્ સેવાનો અધિકાર તેમને ત્યાં પણ પ્રાપ્ત નથી થતો. જો તેમને ભગવદ્ સેવા કરવાની ઇચ્છા હોય તો માનવદેહ જન્મ લે ત્યારે તેઓ ભગવદ્ સેવા કરી શકે છે.

તો આચાર્યચરણની કૃપાથી આપણને તેમનો આશ્રય પ્રાપ્ત થયો છે. આપણે તેમનાં શરણમાં ગયા છીએ. તેમના દ્વારા નામનિવેદન પ્રાપ્ત કર્યું છે. આવો અનુકુળ સમય ફરીને પ્રાપ્ત થવાનો નથી. આ સમજશે ત્યારે ઉત્તમ કાર્ય કરી શકાશે. આ વાત સમજમાં ન આવે, સામાન્ય બીજા કામની જેમ, આજ નથી કર્યું, કાલ કરી લઇશું, કાલ નહીં પરમ દિવસે કરી લઇશું એવું સમજતા રહીશું તો જીવનમાં એવો સમય ફરી આવવાનો નથી.

એક ભગવદીએ ગુજરાતીમાં બહુજ સરસ કહ્યું છે "આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે" આજનો લાભ લેવો જોઇએ, કાલ કોણે જોઇ છે. આજનો લાભ લઇ લીધો તે આપણો છે અને કાલ ઉપર જેણે છોડી દીધો તે કોણે જોયો ? આવું સમજાશે ત્યારે તમે ઉત્તમ કાર્ય કરી શકશો.

ફક્ત પ્રતિક્ષામાં અને વાટ જોતા રહેશો કે જ્યારે અનુકુળતા હશે ત્યારે સેવા કરી લઇશું અત્યારે શું છે ? હજુ તો ઘણાં કામ કરવાનાં બાકી છે. આ બધા કાર્ય કરી લઇએ ત્યારે સેવા પણ કરી લઇશું. સેવા તો કરવાની જ છે. આ રીતે જે વિચાર કરે છે તેના જીવનમાં સેવા કરવાનો અવસર ક્યારેય પ્રાપ્ત નહીં થાય તે સમજી લો.

એમ નહીં સમજતા કે વિશેષ સેવા થઇ શકશે ત્યારે જ કરીશું. ઘણા લોકો એ પ્રતિક્ષામાં રહે છે કે અનુકૂળતા નથી. અમારી પાસે અપરસ નથી. સાધન નથી ક્યાંય સેવા કરવી, કેવી રીતે કરવી ? ઇચ્છા તો ઘણી છે પરંતુ સેવાના સાધનો અમારી પાસે ક્યાં છે ? સમય ક્યાં છે ? સમય ખૂબ જ વ્યસ્ત છે. થોડો સમય મળે છે. સેવામાં તો ઘણો સમય જોઇએ.

આવા વિચારો કરીને સેવાથી ઉદાસીન ન રહેવું જોઇએ. જેટલો પણ સમય હોય, તેટલી પણ અનુકૂળતા હોય અને જે સાધન હોય તેના વડે આપણે ભગવદ્ સેવા કરી શકીએ છીએ. એવી કોઇ વાત નથી કે અમુક વર્ગની વ્યક્તિ, અમુક સુવિધા વાળી વ્યક્તિ જ ભગવદ્ સેવા કરી શકે છે. આપણે તો સામાન્ય વ્યક્તિ છીએ, આપણે સેવા શા માટે કરીએ ? આપણાથી શું સેવા થઇ શકે ? એવું સમજીને નિરાશ થવાની જરાપણ જરૂરત નથી.

આચાર્ય ચરણોએ જે સેવા પ્રકાર બતાવેલ છે તે એટલો સરળ છે કે જો આપણે કરવા ઇચ્છીએ તો આ વાત સાથમાં છે. ન કરવા ઇચ્છીએ તેને માટે કહેવાનો કોઈ સવાલ જ નથી. જેમને કરવું નથી તે તો દુર્લભ છે તેમ કહેશે. ન બની શકે એવી વાત કરશે. પરંતુ જેમને કરવું છે તેમને માટે ખૂબ જ સરળ છે. માટે જ ભગવદ્ સેવાનો લાભ જેટલો બની શકે તેટલો લેવો જોઇએ. વધારે સામગ્રી ધરીશુ તો જ ભગવાનની સેવા થશે એવી વાત ક્યાં છે ? એક વૈષ્ણવ પાસે ભોગ ધરવા માટે બીજું કંઇ ન હતું. ફક્ત ગાળીને જલની ઝારી ભરી દેતા. ત્રણ વખત ગાળીને જલની ઝારી ઠાકોરજી આગળ પધરાવી દેતા હતા. આવા વૈષ્ણવની વાર્તા આવે છે. તેમની પાસે

ભોગ ધરવા માટે કોઇ સાધન ન હતું. ફક્ત ગાળીને જલની ઝારી ભરી દેતા હતા. તે પણ સેવા કરી શકતા હતા. એ સમજવાની જરૂર નથી કે અનુકુળતા થશે ત્યારે સેવા કરીશું.

જેનાથી જેટલી સેવા થઇ શકે તે તેટલી સેવા કરે. સેવામાં મુખ્ય વસ્તુ એ છે કે આપણી ચિત્તવૃત્તિ પ્રભુમાં લાગેલી રહે, આ થવું જોઇએ. વિશેષ થઇ શકે તો સારૂં છે. વધારે ન થઇ શકે તો થોડું પણ તમે કરશો પ્રભુ તેને પૂરૂં માની લેશે. એણે મારે માટે થોડું કર્યું એવું પ્રભુ નહીં માને. તેઓ તો થોડાને પણ ઘણું માની લેશે. તો આપણે નિરાશ થવાની કોઇ જરૂરત નથી.

પરિસ્થિતિ ઘણી પ્રતિકુળ છે. સાધન નથી. શહેરોમાં તો ઘણું દુર્લભ છે. આ બધી વાતોનો વિચાર કરીને સેવાથી વિમુખ બની રહેવું એ ન થવું જોઇએ અને જે વસ્તુઓનો જે પરિસ્થિતિનો અભાવ છે તે વસ્તુઓ અને પરિસ્થિતિ માટે પણ આપણે અટકી જવાની જરૂરત નથી. તે વસ્તુ મળે તેવી પરિસ્થિતિ આવશે ત્યારે આપણાથી સેવા બનશે એવી વાત નથી. આપણે જે સ્થિતિમાં હોઇએ. જ્યાં પણ હોઇએ. ભલે આપણી પાસે દશ મિનિટનો સમય હોય, દશ મિનિટમાં પણ આપણે ભગવદ્ સેવા કરી શકીએ છીએ. પરંતુ ભાવ હોવો જોઇએ. ભાવપૂર્વક દશ મિનિટની સેવાને પ્રભુ આખા દિવસની સેવા માની લેશે, કારણ કે ભગવાનથી આપણી પરિસ્થિતિ છૂપી તો છે નહીં.

ભગવાન આપણી પરિસ્થિતિથી અજાણ નથી, જાણે છે. બિચારા પાસે સમય નથી. ઘણો ઓછો સમય છે. પરંતુ સમયનો ઉપયોગ તેણે મારી સેવામાં કર્યો. એ પ્રભુ જાણે છે. તેથી પ્રભુ આ થોડી સેવાને પણ દિવસભરની સેવા માની લીએ છે. દુકાનનું કામ છે. અભ્યાસનું કામ છે અને ધંધો છે. સમય ઘણો ઓછો છે. થોડા સમય માટે પણ આપણે જે પ્રભુ સન્મુખ ગયા અને સન્મુખ રહીને દશ મિનિટ પસાર કરી તો તે દશ મિનિટને પ્રભુ આખા દિવસની સેવા માની લેશે. આ ભાવનાને હૃદયમાં ધ્યાનપૂર્વક રાખીને આપણે સેવાથી વિમુખ ન રહેવું જોઇએ. જેવી સેવા થઇ શકે તેવી કરવી જોઇએ.

એક ખાસ વાત એ કહેવાની છે કે ઘણી જગાએ એમ જોયું છે કે ઘરમાં દશ માણસ છે, દશ વ્યક્તિ રહે છે તેમાં સેવા એક કરે છે કે બે કરે છે. કોઇ તેમને પૂછે કે તમે સેવા કરો છો ? હા, અમારે ત્યાં સેવા થાય છે. કોણ કરે છે ? અમુક વ્યકિત કરે છે એમ કહી દે છે. તે જાતે જરા પણ સન્મુખતા નથી રાખતા. આવું ન થવું જોઇએ. દરેક વ્યક્તિનું કર્તવ્ય છે કે તે સેવા કરે. દશમાંથી કે પાંચમાંથી એક જ માણસ સેવા કરે અને બધા ફક્ત નિશ્ચિંત બની જાય એવું ન થવું જોઇએ, કારણ કે કાળ તો બધા માટે છે. જે સેવા કરે છે તેને માટે દુર્લભ છે, તમારે માટે નહીં, આવું કેમ માનો છો ? સેવા માટે સમય તો બધા માટે દુર્લભ છે. તે જેવી રીતે સમયને સાર્થક બનાવે છે. તેવી રીતે તમે સાર્થક ન બનાવી શકો ?

અમારું તો એ કહેવાનું છે કે ભલે પાંચ મિનિટ માટે સેવા કરો. દરરોજ તમે નહાઓ

છો. વધારે નહીં તો સ્નાન કરીને ફક્ત પ્રભુને ચરણ સ્પર્શ કરી લો અને મિશ્રી ભોગ ધરી લ્યો. પોતાના કામ પર ચાલ્યા જાઓ. તેમાં સમય નહીં લાગે અને બાકી સેવા ઘરની એક વ્યકિત હશે, જેને અનુકુળતા હશે તે કરતો રહેશે. પરંતુ તમે જાતે વિમુખ કેમ રહો છો?

પાંચ મિનિટનો સમય હોય તો પાંચ મિનિટનો સદુપયોગ કરો. સન્મુખતા જાળવી રાખો. કહેવાનો મતલબ છે જીવનમાં વિમુખતા ન રહે. આપણે પ્રભુ સન્મુખ રહીએ. ભલે પાંચ મિનિટ માટે પણ આપણાં મનમાં એ નિશ્ચિંતતા ન હોવી જોઇએ કે અમારા ઘરમાં એક વ્યકિત માતા કે પિતા કે પોતાનો ભાઇ સેવા કહે છે એવી નિશ્ચિંતતા ન હોવી જોઇએ. પરંતુ દરેક વ્યકિતએ, ભલે પાંચ મિનિટનો સમય હોય, સદ્ઉપયોગ કરવો, સેવામાં પ્રભુ સન્મુખ રહેવું જોઇએ. બસ આટલું કહીને આજનું વકતવ્ય સમાપ્ત કરવામાં આવે છે.

આ અંકમાં 'દુર્લભ સમય – ગૃહ સેવા' પ્રસ્તુત વચનામૃતને અનુરૂપ ભગવદીયોની વાણી અવગાહનીય હોય ને પ્રસ્તુત કરેલ છે.

(૧) રાગ – ખમાજ

હરિભજન મેં કહા કહા ચહિયત, નૈન શ્રવણ રસના પયપાન,
ઐસી સંપત્તિ આનિ મિલી હૈ, જો ન ભજે તાકૌં બડી હાન....૧
પૂરવ પૂન્ય સુકૃતનકો ફલ, અતિ દુર્લભ માનુસ અવતાર;

પાપ પૂન્ય જાતેં જાનિ પરત હૈ, ઉપજત બ્રહ્મકો જ્ઞાન....૨
ગુરુ કર્નધાર પોત પદ અંબુજ, ભવસાગર તરવે કે હેત;
પ્રેરક પવન કૃપા કેશવ કી, '**પરમાનંદ**' ચિત ચેત....૩

(૨)

પ્રભુ સેવાકો ખરચન લાગે.
આપનો જન્મ સુફલકર મુરખ, કયોં ડરપે જો અભાગે.....૧

ઉદર ભરનકો કરી રસોઇ, સોઇ ભોગ ધરે;
મહા પ્રસાદ હોય ઘટે ન કનિકો, અપનો ઉદર ભરે....૨

મીઠો જલ પીવનકો લાવે, તામેં ઝારી ભરે;
અંગ ઢાંકનકું ચહીયે કપડાં, તામે સાજ કરે....૩

જો મન ઉદાર હોય તુમારો, વૈભવ કછુ બઢાવો,
નહિ તો મોર ચંદ્રિકા ગુંજા, યહ સિંગાર ધરાવો....૪

અત્તર ફૂલ ફલજો કછુ ઉત્તમ, પ્રભુ પહેલેહિ ધરાવો;
જો મન ચલે વસ્ત ઉત્તમપેં, પ્રભુકું ધર સબે ખાવો....૫

કર સંબંધ સ્વામી સેવકકોં, ચલ મારગકી રીતિ;
પુરન પ્રભુ ભાવકે ભૂખે, હાવ અંતરકી પ્રીતિ....૬

યામેં કહા ઘટ જાય તિહારો, ઘરકી ઘટમેં રહી હે;
‘**વલ્લભદાસ**’ હોય ગતિ અપની, ભલો ભલો જગ કહી હે....૭

(૩) સેવા શિક્ષાના દોહા

દ્રવ્ય સાધ્ય સેવા નહિ, સેવા ભાવ પ્રધાન, રંક રાય સેવા કરે હરિને એક સમાન....૧
પ્રભુ છે ભૂખ્યા ભાવના, જો નહિ સંપત્તિ યોગ; જળ લોટી મૂઠી ચણા પ્રભુ મને છપ્પનભોગ...૨
આભૂષણ વાગાતણું, પણ સામર્થ્ય ન હોય; ગુંજા પોત જાડાં વસન, સેવા ત્યજો ન કોય....૩
ઘર જો ન હોય મોકળાં, ત્હોય ન છાંડે ટહેલ; એક ગોખલો ઘર તણો, પ્રભુજી માને મહેલ....૪
મનુષ્ય તણો સંકોચ જો, કોઇ ન હોય સહાય; પોતાની જાતે કરે જેવી સેવા થાય....૫
સેવા વિના ઉદ્યમ કરી, જો જન સંચે ગર્થ; તેતો બાધક રૂપ છે. સઘળા થાય અનર્થ....૬
વિણ સેવા ખાવું પડે, વિના પ્રસાદી અન્ન; તેથી થાશે તે સમય અસુર ભાવ ઉત્પન્ન....૭

[આં. રા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા દ્વારા પ્રકાશિત “પુષ્ટિમાર્ગીય પાઠાવલી” માંથી સાભાર.]

રાજકોટ શ્રી વિઠ્ઠલેશ ચરણ પ્રભુના પ્રાકટ્ય મહોત્સવના ઉપલક્ષ્યમાં પ્રતિ વર્ષ મુજબ અત્રે બિરાજમાન પુ. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ત્રણ દિવસનો સત્સંગ સભા વ. નો કાર્યક્રમનું આયોજન થયેલ. તા. ૧૬/૧૨/૯૨ થી દરરોજ બપોરે ૩ થી ૭--૩૦ સુધી મુંબઈ નિવાસી શાસ્ત્રીજી શ્રી જયવલ્લભભાઈ ભટ્ટ દ્વારા શ્રી વલ્લભાખ્યાન (છઠ્ઠા વલ્લભાખ્યાન) ઉપર વિસ્તૃત વિવેચન–પ્રવચન થયેલ. દરરોજ સાંજે પૂ. પા. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી, પુ. પા. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી પુ. પા. શ્રી ગોપીકાલંકાર બાવાશ્રીના વચનામૃત થયેલા. પુ. પા શ્રી રાજીવલોચનજી બાવાશ્રી પણ ઉપસ્થિત રહી આર્શિવચન કરેલ શ્રી ગુસાઈજીના ઉત્સવને દિવસે સવારે શ્રીનામરત્નાખ્ય સ્ત્રોત્રના પાઠ બપોરે ૩ થી કળશ–રાસ–ગરબા તથા વધાઈ કીર્તન બાદ પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી તથા પુ. પા. ગો. શ્રી ગોવિંદરાવ બાવાશ્રીના સુંદર અને અલૌકીક વચનામૃત થયેલ વૈષ્ણવોએ મહાપ્રસાદ લઇ સમગ્ર કાર્યક્રમોનો આનંદ લીધેલ.

આ માસના ઉત્સવ

પોષ વદ ૩ તા. ૧૧–૧–૯૩ સોમવાર ગો. શ્રી મુકુંદબાવાશ્રી (સુરત) નો જન્મદિન ગો. શ્રી મધુસૂદન બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન (ચોથનો ક્ષય છે તેથી આજે)

પોષ વદ ૫ તા. ૧૨–૧–૯૩ મંગળવાર ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી મંગળવાર ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી (સુરત)નો તથા ગો. શ્રી પ્રાણ વલ્લભ બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૧૩–૧–૯૩ બુધવાર શ્રી દિક્ષિતજી શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી મથુરેશજીના ઘરમાં માને છે શ્રી લાલજીનો પાટોત્સવ (કાંદીવલી) ગો. શ્રી પરિતોષ બાવાશ્રી (મથુરા) નો તથા ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન ભોગી. ધનુર્માસ સમાપ્તિ મકરસંક્રાંતિ પાછલી રાત્રે ૩/૫૬ વાગે છે.

પોષ વદ ૭ તા. ૧૪–૧–૯૩ ગુરૂવાર મકરસંક્રાંતિ પુણ્યકાળ સૂર્ય ઉદયથી છે. તિલવા શૃંગારમાં ધરવા.

પોષ વદ ૯ તા. ૧૬–૧–૯૩ શનિવાર ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી (મથુરા) નો જન્મદિન.

પોષ વદ ૧૧ તા. ૧૮–૧–૯૩ સોમવાર ષટતિલા એકાદશી વ્રત. તલનો ભોગ ધરવો દાન આપવું.

પોષ વદ ૧૨ તા. ૧૯–૧–૯૩ મંગળવાર ભારત માર્તંડ પંડિત શ્રી ગટ્ટૂલાલજીનો જન્મદિન.

મહા સુદ ૨ તા. ૨૪–૧–૯૩ રવિવાર ચંદ્રદર્શન શ્રી બાલ મુકુંદજીનો પાટોત્સવ શ્રી લાડુ બેટીજી મંદિર મુંબઈ.

મહા સુદ ૪ તા. ૨૬–૧–૯૩ મંગળવાર શ્રી મુકુંદરાયજી (કાશી) નો પાટોત્સવ. મહાનુભાવી શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧) ગો. શ્રી વાગેશ બાવાશ્રી (કામવન) તથા ગો. શ્રીકૃષ્ણ કુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૨૮–૧–૯૩ ગુરૂવાર વસંતપંચમી શ્રી મદન મોહનજી (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૨૯–૧–૯૩ શુક્રવાર શ્રી યશોદાજીનો જન્મદિન ગો. શ્રી રાજકુમારજી (અનિરૂધ્ધ લાલજી) મહારાજશ્રી (મુંબઇ) તથા ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૩૧-૧-૯૩ રવિવાર ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૧ તા. ૩-૨-૯૩ બુધવાર જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૪-૨-૯૩ ગુરૂવાર શ્રી લાડીલેશજીનો પાટોત્સવ (વેરાવળ)

મહા સુદ ૧૩ તા. ૫-૨-૯૩ શુક્રવાર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીનો (કામવનનો) જન્મદિન.

મહા સુદ તા. ૧૪ ૬-૨-૯૩ શનિવાર પુનમનો ક્ષય છે. હોળી દંડા રોપણ સુર્યોદય પહેલાં અથવા સાંજના સૂર્યાસ્ત પછી ધમારનો પ્રારંભ માઘ સ્નાન સમાપ્તિ.

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વૃજ'' ધોરાજી**

પદ ૯૯

અનંત ગુણ ભુષિતે પ્રભાકર નંદની,
સંકલ ગુણ વાંછિત હે પ્રભુ સમાને;
ધ્રુવકો અચલ રાજ ઔર વાંછિત
સોઇ સબ દેનકો અદેયદાને. ૧
શિવ વિરંચાદિ સબ દેખકે સ્તુતિ કરે,
અરૂ નારદાદિ મુનિ કરત ગાને,
યમુને મોહિ પ્રાણપતિ બેગ મિલવો,
'હરિદાસ' પ્રભુ નિરખ શોભા બખાને. ૨

ભાવાર્થ હે પ્રભાકરનંદની ! આપ અનંત ગુણોથી ભુષિત અલંકૃત છો. આપનામાં સર્વ ગુણો પ્રુભુ સમાન જ છે. કૃષ્ણતન વર્ણ ગુણ ધર્મ શ્રીકૃષ્ણ. આપે ધ્રુવજીને મનોવાંછિત અચલ રાજ્ય આપ્યું અને નિજાશ્રિતોને પણ અચ્યુત અદેયદાન આપો છો શિવ બ્રહ્માદિક પણ સદા આપની સ્તુતિ કરે, છે અને નારદ આદિમુનિઓ પણ આપનાં સદા ગુણગાન કરે છે હે શ્રી યમુનાજી આપ મને જલદી પ્રાણ પતિને મિવાવો જેથી હરિદાસ પ્રભુની શોભા નિરખીને આપનાં રસરૂપ ગુણગાન કરું.

વિવેચન ધ્રુવજીને અપરમાના વચનોથી દુઃખ થયું અને બાલવયમાં પ્રભુ દર્શનનો દઢ નિશ્ચય કર્યો ભલે તે લૈકીક ભાવના હતી. પરંતુ દઢતા અચલ હતી તેથી, શ્રી યમુનાજીની કાનીથી છ માસમાં જ કૃપા કરી અને ઇચ્છિત આપ્યું પરમ દયાળુ શ્રીયમુનાજી કોઇપણ ભક્તની આર્તિ સહી શકતા નથી જયારે તેની લૌકિક ભાવના પણ સિદ્ધ કરી ત્યારે પુષ્ટિભક્તો તો આપના અને પ્રાણ પતિના પ્યારા અને દઢ આશ્રિતો તે તેના ઉપર તો આપ વ્હાલ પુર્વક પુર્ણ કૃપા કરો જ છો.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

શ્રીકૃષ્ણરાય ભટ્ટ વિરચિત સર્વાર્થ બોધિકા વ્યાખાસમેત

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

શ્રીમદ્ વલ્લભપાદાબ્જ યુગલં વિમલન્મધુ ।
નમામ્યહં સદાનંદરૂપં સર્વાર્થ સિદ્ધિદમ્ ।૧।
શ્રી વિઠ્ઠલપદદ્વન્દ્વં નત્વા મધુસુપુરિતમ્ ।
કુર્વેહં શ્રીમદાચાર્ય કૃપાપુરિત વાંગ્મનાઃ ।૨।
યત્કૃતાયાશ્ચતુશ્લોકયા વ્યાખ્યાં સર્વાર્થબોધિકામ્ ।

અર્થ : શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચરણ-કમળની જોડ જે અમૃતની વર્ષા કરે છે તેને હું નમન કરૂં છું (એ ચરણકમળ) સદા આનંદ રૂપ છે અને સર્વ અર્થની સિદ્ધિ (પ્રાપ્તિ)ને આપનાર છે. ॥૧॥

અમૃતથી (મધુથી) સારી રીતે ભરેલા શ્રીમદ્ વિઠ્ઠલના બન્ને ચરણોને નમસ્કાર કરીને શ્રીમદ્ આચાર્યશ્રીની કૃપાથી ભરેલ વાણી તથા મનવાળો હું, તેમણે રચેલ શ્રી ચતુઃશ્લોકી ગ્રન્થની, સર્વ અર્થનો બોધ કરાવનારી, આ વિવૃતિ–ટીકા (વ્યાખ્યા) કરૂં છું. ॥૨॥

હવે શ્રીમદ્ આચાર્યચરણ નિજજનોનાં બધાં સંપૂર્ણ સાધન તથા સાધ્ય (મેળવવા યોગ્ય) ફલની પ્રાપ્તિને માટે, શુદ્ધ પુષ્ટિમાર્ગીય સાધનનું અને તે સિવાય બીજા સાધનની નિષ્ફળતા દર્શાવતુ ફલસ્વરૂપ અહીં જણાવવા માટે, બધા વેદોમાં તથા વેદાંતોમાં પ્રતિપાદન કરવામાં આવેલ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં કહેલ ભકિતના સ્વરૂપનું તથા તેના સાધનનું તથા એ ભકિતમાં સેવ્ય શ્રી ઠાકોરજીના સ્વરૂપનું નિરૂપણ કરવાના હેતુથી, પોતાના સિદ્ધાન્તમાં કહેલ (રજુ કરેલ) સુબોધિનીજી તથા અણુભાષ્ય વગેરે ગ્રન્થોના રહસ્યને સંક્ષેપમાં (ટૂંકમાં) ચાર શ્લોકમાં રજુ કરેલ છે– સર્વદા સર્વ ભાવેન.... વગેરે દ્વારા.

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન ।૧।

અર્થ : હંમેશાં સર્વભાવપૂર્વક શ્રીવ્રજના અધિપતિ શ્રીકૃષ્ણની સેવા કરવી જોઇએ. આપણો આ જ ધર્મ છે અને એ (સિવાય) બીજો કોઇ ધર્મ, કોઇ પણ સ્થળે અથવા તો સમયે નથી જ. ॥૧॥

ટીકા : સર્વદા એટલે હંમેશાં એમ કહીને જણાવે છે કે એ માટે કોઇ સમય નકકી કરી આપેલો નથી. બધા સમયે અને નિરંતર (જરાપણ અંતર રાખ્યા વગર) અને જો એમ (નિરંતર–સતત–સેવા ચાલુ રાખવાનું કાર્ય) ન કરવામાં આવે તો સેવાના અભાવના સમયમાં આસુરી વૃત્તિનો પ્રવેશ થઈ જવાનો સંભવ છે, એ તાત્પર્ય છે. બધા (પ્રકારના) ભાવથી શ્રી વ્રજના અધિપતિની સેવા કરવી. જે પ્રકારનો ભાવ ભગવાનની સાથે રાખી શકાય તેવા ભાવથી ભાવ એટલે મનની વૃત્તિ (લાગણી) જેમકે શ્રી નંદજી તથા યશોદાજીનો ભાવ (શ્રીકૃષ્ણ ઉપર) વાત્સલ્યભાવ હતો, એ પ્રકારના

ભાવથી સેવા કરવી. અથવા તો મિત્રના ભાવથી એટલે કે મુખ્ય શ્રી સ્વામીનીજીના જેવા અસાધારણ સ્નેહભાવથી. ત્યાં સાધન દશામાં જ્યાં સુધી ભગવાનમાં કોઇ પણ ભાવ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી સેવા કરાતી હોય ત્યારે રાજસેવકની જેમ અપરાધના અભાવને માટે ભયનું પણ રક્ષણ કરવું. નિયમ એ છે કે પતિવૃતા સ્ત્રીની જેમ બધી રીતે ભગવાનની સેવામાં ભાવનું રક્ષણ કરવું. જેમ પતિવ્રતા સ્ત્રીને માટે પતિની સેવા સિવાય બીજા બધા ધર્મો ગૌણ છે તેમ ભગવાનની સેવા સિવાય બીજા ધર્મ વગેરે ગૌણ જ ગણાય એ અર્થ છે અથવા તો સર્વભાવથી, સર્વાત્મભાવથી (પ્રભુને જ સર્વસ્વ માનીને) બધા પ્રકારથી આત્મનઃ એટલે જીવના પોતાના ભાવથી એટલે મનોવૃત્તિને ભગવાનમાં સ્થાપીને સેવા કરવી. અથવા તો બધા સ્થાવર તથા જંગમ પ્રાણીઓમાં શ્રી ભગવાનના ભાવને ધારણ કરીને સેવા કરવી. તેથી જ શ્રી ભગવાને કહ્યું છે કે "સર્વભૂતેષુ યઃ પશ્યેદ્ ભગવદ્ભાવમાત્મનઃ । ભૂતાનિ ભગવત્યાત્મન્યેવ ભાગવતોત્તમ" એટલે કે બધા સ્થાવરજંગમ પ્રાણીઓમાં જે પોતાના ભગવદ્ભાવને જુએ છે અને પોતાની જેમ ભગવાનમાં બધાં પ્રાણીઓના ભાવને જુએ છે તે ભાગવતોમાં (એટલે ભગવાનના જનોમાં) શ્રેષ્ઠ છે– એ વાકયમાં કહ્યા મુજબ ભજનીય છે એટલે સેવા કરવા યોગ્ય છે. સેવા કરવી જોઇએ. સેવા એટલે પોતાના સ્વામીના મનને અનુકૂલ હોય એવી પોતાની વૃત્તિ રાખવી તે. એવી સેવાનું જ્ઞાન તો શાસ્ત્ર દ્વારા મળે તેથી વિવેક (સારાનરસાનો ભેદ) તથા ધૈર્ય (ધીરજ) જાળવીને, કાયા, વાણી તથા મનથી ભગવાનનો આશ્રય સેવીને ચિત્તના ઉદ્વેગ, પ્રતિબંધ, ભોગ વગેરેને છોડીને (ત્યાગ કરીને) સેવા કરવી જોઇએ. અથવા તો "શ્રવણ તથા કીર્તન"–એ વાકયમાં કહ્યા મુજબ શ્રવણ, સ્મરણ વગેરે નવ પ્રકારની પ્રેમરૂપ ભક્તિ કરવી. કયા સ્વરૂપની સેવા કરવી એ દર્શાવવા કહે છે "વ્રજાધિપમ્" વગેરેની સેવા કરવી. વ્રજ એટલે નિઃસાધન (જીવ) તેના અધિપતિ એટલે સ્વામી વિનાયક–નિયમમાં–કાબુમાં – પોતાને આધિન રાખનાર પ્રભુ જે ફલાત્મા–ફલરૂપ છે અને ભકતોના ત્રણ પ્રકારનાં (એટલે આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક) દુઃખોને દૂર કરવા માટે પ્રકટ થયેલા છે. જે સાકાર છે, જે વ્યાપક (બધી જગ્યાએ વ્યાપી રહેલા) છે અને જે માત્ર આનંદ સ્વરૂપ છે છતાં જે હસ્તચરણ, મુખ, ઉદરવાળા સ્વરૂપને ધારણ કરનાર પૂર્ણ પરબ્રહ્મ છે અને 'રસો વૈ સઃ' એટલે એ પોતે જ રસ સ્વરૂપ છે એમ કહીને શ્રુતિએ–વેદોએ– વર્ણન કરેલ એવા રસાત્મા યુગલ સ્વરૂપ છે–તેની સેવા કરવી જોઇએ. સર્વાત્મભાવથી એટલે વિરહથી વ્યાકુળ થયેલા હૃદયથી 'યચ્ય દુઃખં યશોદાયાઃ' એટલે કે શ્રી યશોદાજીને વિરહનું જે દુઃખ છે તે મને કયારે પ્રાપ્ત થશે એવા તીવ્ર વિરહભાવનું સેવન કરતાં અને પહેલાં કહેલ વાત્સલ્ય (સખ્ય) વગેરે ભાવોને ધારણ કરીને ભગવાનની સેવા કરવી જોઇએ.

જો એવી દલીલ કરવામાં આવે કે કેટલાંક વેદ વાકયો– જેવાં કે, 'ધર્મેણ પાપમુપનુદતિ' એટલે ધર્મ દ્વારા પાપને દુર કરે છે. તથા

‘ધર્મે સર્વં પ્રતિષ્ઠિત” એટલે ધર્મમાં જ બધું સમગ્ર રીતે સ્થાપિત છે.

આ પ્રમાણેના વાકયો પ્રમાણે તથા ‘ન કર્મણા ન પ્રજયા ધને ન ત્યાગેનૈકેડમૃતત્વમાનશુઃ’ એટલે કર્મથી નહિ, યજ્ઞોથી નહિ, પરંતુ ધનથી અને ત્યાગથી અમરપણાને મેળવ્યું, વગેરે વાકયો અનુસાર માત્ર ત્યાગથી જ અમૃતત્વ (અમરપણું) મેળવાય એવું કહેવામાં આવેલું છે. એ જોતાં શા માટે ભજનનો (સેવાનો) જ ઉપદેશ આપવામાં આવે છે એવો પ્રશ્ન પુછાશે એમ માની લઇને જ આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે પોતાનો એટલે કે જીવનો પોતાનો આ જ એટલે કે ભગવાનની સેવાં કરવી એ જ ધર્મ છે. ‘હિ’ શબ્દ નિશ્ચયાર્થ (ચોક્કસપણું) દર્શાવે છે. જીવાત્મા ભગવાનનો અંશ હોવાથી જેનો પોતે અંશ છે એવા અંશી એટલે ભગવાનની સેવા કરવી એ યોગ્ય જ છે. તેથી ભગવાનની સેવામાં જ મુખ્ય ધર્મ સમાયેલો છે. બીજા ધર્મો તો દેહને લગતા છે. તેથી બીજા ધર્મોની ગૌણતા (ઓછું મહત્ત્વ) રહે છે.

—ક્રમશઃ

વડીલોનો વારસો

લેખક : **મુખીઆજી મથુરાદાસ જીવરાજભાઇ હીંગનઘાટવાળા**

હપ્તો ત્રેવીસમો

મથુરાજી પહોંચી શ્રીયમુનાજીનાં જલપાન કરી સીધા જતિપુરા જવા નિકળ્યા. સેનનાં દર્શનની સહુને આતુરતા હતી. શ્રી ગિરિરાજજીની તળેટીમાં બેસી વૈષ્ણવોની સાથે બે ચાર કીર્તન બોલ્યા. શ્રીનાથજી મેવાડ બીરાજે છે પણ સેન તો વૃજમાં જ કરે છે.

ધર્મશાળામાં જઇ આરામ કરી સવારે શ્રી ગિરિરાજજીની પરિક્રમા કરવી છે, સાત કોશની પરિક્રમામાં કયાંક સ્નાન કરશું, કયાંક પાન કરશું આવા વિચારમાં સૌ સૂતા, પણ ઉત્સાહિત ભાવનાએ ઊંઘને ઉડાડી દીધી. સવારનાં ત્રણ વાગે ઉઠી નાહી ધોઇ બધા પરિક્રમાં કરવા રવાના થયા. મુખારવિંદના દર્શન કરી દંડોતી શિલાએ દંડવત્ કરી પ્રભુથી મનથી આજ્ઞા માગી પરિક્રમા શરૂ કરી.

સૌ જેને જે આવડતું તે મોઢેથી પાઠ કરતા જાય, કોઇ શ્રીયમુનાજીના કીરતનો પ્રાતઃકાળમાં ગવાય છે તેવા ગાતા આગળ પાછળ ચાલ્યા જતા હતા. શ્રીગિરિરાજજી ઉપર મોરના ટહુકાનો અવાજ મધુર પ્રિય અને ચિત્તને આકર્ષિત કરતો હતો. બધાનાં હૃદયો આજે ભક્તિરસમાં તરબોળ હતા. વર્ષોની ભાવના આજે સફળ થઇ હતી.

પિનકી તો શ્રી ગિરિરાજજીની પરિક્રમા કરતાં ચારે તરફ નજર ફેરવતી જાય અને મનો મન ભાવના વિચારતી જાય. પોતાને સ્વપ્નમાં જે શ્રી ગિરિરાજજીનું બાહરી સ્વરૂપ જોયું હતું તે બદલ વિચાર કરતી હતી.

માનસી ગંગાથી આગળ જઇ રાધા કૃષ્ણ કુંડ ઉપર બધાએ સ્નાન કરી શ્રીમહાપ્રભુજીની

બેઠકજીમાં ભોગ ધરી ઝારી ચરણસ્પર્શ કરી આગળ ચાલવા માંડ્યું. કુસુમ સરોવરની સુંદરતા જોઇ વિશાળ કુંડ જળથી પુરો ભરેલો તેની ચારે બાજુ મોટા મોટા વૃક્ષો હતા. ડાળીઓ જળ તરફ ઝૂકી રહી હતી. પુષ્પો જળમાં વિખરાતા હતાં. ત્યાં જલપાન કરી આગળ ચાલ્યા. ગોરધન થઇને અન્યોર સદ્દુપાંડેનાં ઘરે પહોંચ્યા.

નિદેશ : આ એજ સ્થળ છે કે જ્યાં નરો પાસેથી નાથજીએ દૂધ માગ્યું હતું. તે વખતે શ્રી મહાપ્રભુજી આ ચોતરા ઉપર બિરાજતા હતા. શ્રીનાથજી અને શ્રી મહાપ્રભુજીનું પરસ્પર ભેટવું અત્રે જ થયું છે. માટે અહીં ઝારી ચરણસ્પર્શ કરી લેવા.

પિનકી : હા, ભાઇ ! પછી કોણ જાણે કયારે અહીં આવી શકાય. વાર્તાજીમાં વાંચેલ છે તે જ સ્થાનમાં અત્યારે આપણે છીએ. જે નરો શ્રીનાથજીને દૂધ પાવા જતી તે કેવી ભાગ્યવાન હશે. જરૂર તે તો પ્રભુની લીલાસૃષ્ટિના જીવ જ હોઇ શકે. ભૂતલ ઉપર મનુષ્ય દેહ ધારણ કર્યો છતાં પ્રભુથી ઓતપ્રોત રહી. તેમનાં પિતા સદુપાંડે તે પણ કેવા ભાગ્યશાળી કે જેનાં ઘરે નરો જેવી દીકરી અને શ્રી મહાપ્રભુજી આપો આપ તેનાં ઘરે પધાર્યા. આપણા માનું આ ચિર સ્મરણીય સ્થાન છે. કેવળ ભકતાધીન ભગવાન કહેવાય છે તે આજ રીતે શ્રી મહાપ્રભુજી અને શ્રીનાથજી બન્નેનાં કૃપાપાત્રો વરસો થયા તેમનાં વંશજો સેવા કરે છે. તેમણે તેમનાં વડીલોનો વારસો બરોબર સંભાળી રાખ્યો છે. આપણે આ સ્થાનમાં થોડા લોટી લઇએ, ચરણરજ માથે ચડાવીએ.

ત્યાથી આગળ ચાલતાં શ્રી ગિરિરાજજીની તળેટીમાં ગાયો ચરતી જોઇ, વૃક્ષો ઉપર મોર ટહુકા કરતા, કયાંક કળા કરતા નાચી રહ્યા હતા. પાસમાં સુંદર વન છે, ત્યાં ઘણાં મોર નાચતા, ટહુકા કરતા જોઇને સૌ ભાવમગ્ન બની જતા. પરાસોલી ચંદ્ર સરોવર પહોંચ્યા. અહીં બેઠકજી તો છેજ ઉપરાંત વિજ્ઞપ્તિ સ્તોત્ર અત્રે જ શ્રી ગુસાંઇજીએ લખેલ છે. તેમજ શ્રી સૂરદાસજીએ અંતિમ સમયે અત્રે જ "ભરોસો દૃઢ ઇન ચરનન કેરો" ગાયું છે.

આગળ જતાં પુછરીથી પરિક્રમાં વળાંક લઇને મુખારવિંદ તરફ વળે છે. બન્ને કુંડોમાં પાન કરી આગળ ચાલ્યા.

પ્રવિણ, ઉષ્મા ભાઇ બેન સાથે ચાલતા વેણુગીતનો પાઠ કરતા જતા હતા. પિનકી આસપાસની વૃજની એક એક લતાપતા હરીયાળી, પશુ પંખી દરેકને જોઇ ભાવના વિચારતી પ્રવિણ પાસે પહોંચી તે વખતે પ્રવીણ —

હંતાય મદ્રિ રબલા, હરિદાસ વર્યો
યદ્ રામ કૃષ્ણ ચરણ સ્પર્શ પ્રમોદઃ
માનં તનોતિ સહગો ગણયો સ્તયોર્યત્
પાનીય સૂય વસ કંદર કંદ મૂલૈઃ

આ કડી સંગીતના રૂપમાં ગાતો હતો. પિનકીએ આ કડીનો ભાવાર્થ સમજાવવા પ્રવીણને કીધું ઉષ્માએ કીધું કે હું પણ ચાહું છું. ભાઇ એકલા ગાતા જાય છે. કાંઇક સમજાવે તો સારૂં.

પ્રવીણ : હવે તો વેણુગીત પુરૂં થવા આવ્યું આ શ્લોકમાં ગોપીજનોએ શ્રી ગિરિરાજજીનાં ભાગ્યની વડાઇ કરી છે. તેમજ તેમનાં તરફથી સેવાની પ્રસંશા કરી છે. શ્રીમદ્

ભાગવત દશમ સ્કંધ ૨૧મો અધ્યાય તેની આ ૧૮ગી કડી છે. વેણુગીતતો નંદરાણીનાં આંગણામાં ગોપીજનોએ ગાયું છે. તેઓ વૃજમાં બેઠા વનની લીલાનું દિવ્યસ્વરૂપે દર્શન કરી શકતા અને રોજેરોજ થતી લીલાનું ગુણગાન યશોદાજીનાં ભાગ્યની વડાઇ કરતી. પરસ્પર સખીઓ સાથે મળીને કૃષ્ણલીલાનું જ ગાન કરતી બીજી વાતોમાં તેને રસ હતો જ નહીં.

આ કડીમાં ગોપીઓ શ્રી ગિરિરાજજીની ભાવનાને આશ્ચર્યજનક બતાવે છે. અલી ઓ ! સખીઓ ! હું કહું છું તે સાંભળો. આ હરિદાસવર્ય (શ્રી ગિરિરાજજી) મહાન ભાગ્યવાન છે. તે સર્વાંગે પ્રભુની સેવા કરે છે. જ્યારે પ્રભુ ગોવાળીયાથી વીંટાય રહેલા ગાયોની સાથે શ્રી ગિરિરાજજીમાં ગાયો ચરાવતા બંસીનો સુમધુર નાદ કરતા ઉપર પધારે છે. ત્યારે શ્રી ગિરિરાજજી હર્ષમાં આવી રોમાંચિત થઇ જાય છે. મારૂં અંગ કઠોર છે. પ્રભુનાં સુકોમળ ચરણાવિંદને શ્રમ ન પડે માટે ઘાસ ઉત્પન્ન કરે છે તે રોમાંચરૂપી ઘાસ છે. સેવાની રીતે ગાયોને ચારવા માટે ઘાસ આપે છે. તેમજ ગ્વાલબાલ માટે ફળફુલ, કંદમૂળ આપે છે. તેવી જ રીતે ઝરણાનું જળ આપી બધાની સેવા કરે જ છે. વળી બલરામ સાથે શ્રીકૃષ્ણ શ્રી ગિરિરાજ ઉપર પધારે છે, એટલું જ નહીં પોતાનામાં રહેલો વિષ્ણુરસ પ્રગટ કરી બીનઋતુ (ઋતુવગર) ફળફળાદિક તુરતમાં પ્રગટ કરી અંગીકાર કરવા વિનંતિ કરે છે પ્રભુ, અંગીકાર કરો.

શ્રી ગિરિરાજમાં સુંદર કંદરા છે. આપ શ્રમિત થયા હશો, મધ્યાહ્ન સમય છે. કંદરારૂપી મારા હૃદયમાં આપ વિશ્રામ કરો. વળી મારા જ અંગથી ઉત્પન્ન થયેલ કંદમૂળ ફળ આપ આરોગો અને આપનાં ગ્વાલબાલો બધાને કંદમૂળ ફળ જળથી તૃપ્ત કરો. આવી પ્રાર્થના કરી સર્વેની સેવા બજાવે છે. આ ભાવનાની ગોપીજનો સરાહના કરે છે.

પાછળની બે કડીનો ભાવાર્થ પણ કહી સંભળાવો.

પિનકીને હવે પ્રવીણ પ્રત્યે ઊંડી લાગણી ઉત્પન્ન થઈ અને તેની ભાવના, સંસ્કાર, સ્વભાવની મનોમન બડાઇ કરી કે આ ઉંમરમાં તેના વડીલોએ વારસામાં સંસ્કાર કેવા સારા રેડયા છે.

પિનકી : ફ્રાંસ જેવા દેશમાં રહી આટલી ઉચ્ચ ભાવના સાથોસાથ સંસ્કૃતનું જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું છે તે ઘણું કહેવાય.

પ્રવીણ : એમાં પ્રસંશા શેની ! બચપણથી મને સંસ્કૃત ભાષા બહુ જ પ્રિય લાગતી. અમારે ઘેર કૃષ્ણદાસભાઇ આવતા, સત્સંગ થતો હતો. હજુ પણ રાત્રે ઘેર આવી ન સમજાય તે મારા પિતાશ્રી પાસેથી શીખું છું. ગીત પુરૂં થતાં સાંજે ગૌચારણથી ઘરે પધારતાં વ્રજજનોને દર્શનનો લાભ મળતો. આમ આ બન્ને ગીતો વેણુગીત, યુગલગીત આનંદમય લીલાસહિત ગાન છે.

વાર્તાલાપમાં સમય ક્યાં ગયો, ખબર ન પડી. મુખારવિંદ પાસે પહોંચી ગયા. બધાએ સ્નાન કરાવી કુમકુમથી તિલક કરી ભોગ ધરી સીધા મથુરા આવ્યા, ત્યાંથી વૃંદાવન ગોકુલ જઇને નાથ દ્વારા જવા રવાના થયા.

—ક્રમશઃ

વૈષ્ણવતાનો દિવડો

ગો. વા. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રીના જીવનના સંસ્મરણો

લેખક : **શ્રી વિઠ્ઠલભાઈ મકવાણા, ધોરાજી**

પ્રભુ કૃપા થવી એતો જીવના અહોભાગ્ય ગણાય. પણ પ્રભુ કૃપા મેળવવા જીવે લાયકાત તો મેળવવી જ પડે છે. ભકિત, દિનતા નિરાભિમાનતા, સરળપણું, નિખાલસતા વ. ઉચ્ચકોટિના ગુણો વિકસાવવા પ્રયત્ન કરવો પડે છે. પ્રભુ કૃપા અયોગ્ય ઠેકાણે પડીને વેડફાતી નથી. પ્રયત્નવાદ, કર્મવાદમાં પ્રયત્નોની નિષ્ફળતાથી જીવ હાથ ઉંચા કરી દે છે. અને એકમાત્ર પ્રભુનું શરણ સ્વીકારે ત્યારે પ્રભુ કૃપા કરી મંદ-મંદ હસીને જીવને શરણે લે છે. પ્રભુને શરણે જતાં પહેલા જીવે નિઃસાધન થઇ જવું જોઇએ.

જીવ માત્ર સ્વભાવનો દાસ છે. સ્વભાવથી પ્રેરાઇને જ જીવમાત્ર બધાં વ્યવહારો કરે છે. પણ જો પ્રભુ કૃપા હોય તો જીવ સ્વભાવ પર વિજય મેળવી ભગવદ્ ભકતની કોટીની ગણનામાં આવી જાય છે. આવા ઘણા મહાનુભાવ ભગવદ્ભકતો ભૂતળપર બિરાજી રહ્યા છે. પણ એતો ચીંથરે વિંટયાં રતન હોય છે. એને શોધવા પડે છે. – ઓળખવા પડે છે. ભગવદ્ ભકતોને જગતમાં પોતાની મહત્તાના પ્રદર્શનની જરાય ઇચ્છા નથી હોતી. આથી તેઓ સદૈવ કિર્તિથી દૂર રહી પોતાના સેવા પ્રકારમાં જ રત હોય છે. તેમને સેવાની વ્યસ્તતાજ જગતથી દૂર રાખે છે.

આવા ભગવદિયોના દર્શન–સત્સંગ દુર્લભ હોય છે. અગરતો આપણી અધુરપથી આપણે તેમને ઓળખી શકતા નથી. આવા ભગવદિયો લીલામાં ગયા પછી જ આપણને જ્ઞાન થાય છે. કે ફેંકી દીધા હતા તે કાંકરા નહીં પણ રત્નો હતા ! પણ ત્યારે તો વખત ચાલ્યો ગયો હોય છે.

સૌરાષ્ટ્રના ધોરાજી શહેરમાં જ આવા એક મહાનુભાવ ભગવદિય થઇ ગયાં. તેમણે પોતાના જીવનના અંત સુધી પોતાની જાતને કીર્તિથી દુર રાખી હતી. તેઓ કડિયાકામની ધંધાકીય પ્રવૃત્તિ ઉપરાંત સાંપ્રદાયિક પ્રવૃત્તિઓનું વિશાલ ફલક ધરાવતાં હતા. વૈષ્ણવ બાળકો અને યુવાનોને કિર્તનો શીખવી તેની મંડળી તૈયાર કરવી. ગ્રંથોનું વાંચન અને મનન, સાંપ્રદાયિક સાહિત્ય લેખન પ્રવૃત્તિ, ભગવદ્વાર્તામાં અઘરા સિદ્ધાંતોની સરળ રજૂઆત, ઘેર 'શ્રી' ની સેવા કરવી, મનોરથો કરવા ગુરૂઘરની નિષ્કામપણે સેવા કરવી, વૈષ્ણવોની કૃપા પ્રાપ્ત થાય તેવું વર્તન અને વાણી રાખવા વ. આવી બધી પ્રવૃત્તિથી ધોરાજી અમરેલી પંથકની વૈષ્ણવ સૃષ્ટિની ખૂબજ કૃપા મેળવી હતી. વૈષ્ણવો અને ગુરૂઘરશ્રી પ્રથમેશજીની કૃપાથી શ્રી રવજીભાઇ પોતાની જાતને ધન્ય માનતા હતા આવા ભગવદિય શ્રી રવજીભાઇ છેલ્લા ચાર વર્ષ થયા લીલામાં પહોંચી ગયા છે.

જીવનના છેલ્લા લગભગ ૩૦ વર્ષ થયા ધોરાજી ખાતે વસવાટ કરતા ગો. વા. પરમ ભગવદિય શ્રી રવજીભાઇ વેલજીભાઈ મીસ્રી (શ્રીવૃજ) બાહ્ય જગતમાં તેમની લેખન પ્રવૃત્તિથી વધારે જાણીતા છે. શ્રી રવજીભાઈ ધંધાને કારણે જ્યાં જ્યાં વસવાટ કરતા ત્યાં ત્યાં વૈષ્ણવભાઇઓનું

અંતરંગ સ્નેહી મંડળ બંધાઇ જતું. અમરેલીના તેમના મંડળમાં શ્રી નારણદાસ ગોબરભાઈ ટાંક (કાકા) લીલીયાના શ્રી જીવનભાઇ મરજાદી, અમરેલીના શ્રી કૃષ્ણદાસભાઇ, શ્રી બાબુભાઇ સવાણી, ધોરાજી તાલુકાના મોટીમારડ ગામે શ્રી મોહનભાઇ દલસાણીયા શ્રી નારણભાઇ તથા શ્રી પુંજાભાઇ અધડુક, શ્રી નાનજીભાઇ ભાલોડીયા, શ્રી પ્રેમજીભાઈ જાગાણી, વ. સુપેડીમાં શ્રી ભાનુભાઇ વ્યાસ મરજાદી, શ્રી વલ્લભભાઇ ઘેટીયા મરજાદી, શ્રી રામજીભાઇ અને જમનભાઇ ડઢાણીયા વ. ધોરાજી ખાતે શ્રી હરિદાસભાઇ ગાંધી, શ્રી ડાયાભાઇ સોની શ્રી હેમચંદભાઇ વાણીયા વ. તેમના અંતરંગ સ્નેહી મંડળો હતા.

શ્રી રવજીભાઇના જીવનને સમગ્રપણે અવલોક્તાં એવું જણાયું છે કે તેમના જીવનમાં પુષ્ટિમાર્ગ પ્રત્યે અજબ અનુરાગ, દ્રઢતા, શ્રીનો સેવા પ્રકાર, ગ્રંથોની સમજ, કિર્તન સંગીતની પ્રણાલી વ. બાબતોની વૃદ્ધિમાં અને સાંપ્રદાયિક ઘડતરમાં થોડાક એવા પણ ઉચ્ચ કોટિનાં ભગવદિયો છે કે જેમણે અગત્યનો ફાળો આપ્યો છે. 'સત્સંગ'ના આદ્યતંત્રી શ્રી. ગો. વા. પ. ભ. શ્રી કૃષ્ણદાસભાઇ, પ્રખર કીર્તનકાર ગો. વા. પ. ભ. શ્રી વલ્લભદાસ બાપોદરા, શ્રી બાબુભાઇ સવાણી, ગુરૂદેવના લાલજી શ્રી પ્રથમેશજી વ. પ્રત્યે શ્રી રવજીભાઇ અગાધ માન ધરાવતાં, અને તેમને મુરબ્બી માનતા હતા. ઉપર કથિત પરમ ભગવદિયો તેમના દ્રષ્ટા હતા. મુંઝવતાં સાંપ્રદાયિક પ્રશ્નોએ આ બધાં પાસેથી તેમને માર્ગદર્શન મલી રહેતું હતું.

આવા પરમ મહાનુભાવ ભગવદીય શ્રી રવજીભાઇના જીવનમાં સુખ–દુઃખની ઘટમાળ તો ચાલ્યા જ કરતી હતી, પણ તેનાથી જલકમલવત્ રહી પ્રભુભજનમાં મસ્ત રહેતાં હતા. તેમના જીવનના નાના–મોટા પ્રસંગો અને તેમનું આચરણ આપણને ઘણું બધું શીખવી જાય છે. સુપેડી ખાતે શ્રી ભાનુભાઇ વ્યાસ સાથેનો તેમનો વાર્તાલાપ હમેશા બૌદ્ધિક, સિદ્ધાંત સભર અને 'રસ' સભર રહેતો. જે માણવા લાયક રહેતો હતો.

તેમના જીવનના ઘણા એવા પ્રસંગોનું મને સ્મરણ થઇ આવે છે કે જે પ્રસંગો વૈષ્ણવોને માર્ગ પ્રત્યે દૃઢતા વધારવા ખૂબ જ ઉપયોગી નીવડે તેવા હોવાથી, અત્રે થોડા સંસ્મરણો રજુ કર્યા છે.

શ્રી રવજીભાઇના પિતાશ્રી વેલજીભાઇ તો શ્રી રવજીભાઇને તદ્દન નાની ઉંમરે છોડીને ચાલી નીકળ્યાં હતા આથી માતુશ્રી ગંગામાએ મોટાબેન જવલબેન અને શ્રી રવજીભાઇને મજુરી કરી, દરણા દળીને મોટા કર્યા. તે અરસામાં શ્રી રવજીભાઇના એક કાકા મુંબઇ કડીયા કામ કરતાં હતા. તેમણે કડીયાકામ શીખવા શ્રી રવજીભાઇને મુંબઈ બોલાવી લીધા. મોટાબેન તો સાસરે હતા. આથી માતુશ્રી ગંગામા અને લગભગ ૧૫ વર્ષની ઉમરના શ્રી રવજીભાઇ મુંબઇ જઇ કાકાની હુંફે ધંધો શીખ્યાં. તેમના કાકા વૈષ્ણવ ધર્મ પાળતા હતા. માતુશ્રી ગંગામા તથા શ્રી રવજીભાઇ અન્ય માર્ગીય હતા. પ્રભુ પ્રેરણાથી તેમના કાકાને શ્રી રવજીભાઇને બ્રહ્મસંબંધ લેવડાવવાની ઇચ્છા થતાં, માતુશ્રી ગંગામા પાસે વાત મુકી. કાકા કહે તે બરાબર જ હોય તેમ ગણી માતુશ્રી ગંગામા તથા શ્રી રવજીભાઇએ વાત શિરોમાન્ય ગણી. દૃઢ વિશ્વાસ સાથે સંવત

૧૯૮૧માં મુંબઈ ભુલેશ્વરમાં શ્રી દ્વારકેશલાલજી (લીલાસ્થ શ્રી પ્રથમેશજીના પિતાશ્રી) પાસે દાઉજી મંદિરમાં બ્રહ્મસંબંધ લીધું. આમ તેમનો પુષ્ટિમાર્ગ પ્રવેશ થયો. શ્રી રવજીભાઇની તે વખતે કાચી ઉંમર હોવા છતાં વડીલોની વાત સ્વીકારી એમ સુચવ્યું કે વડીલોની વાત તરછોડવી જોઇએ નહિ. શ્રી રવજીભાઇની આવી આજ્ઞાપાલકતાને કારણે તેમના કાકા મારફતે શ્રી રવજીભાઇના જીવનને એક જુદો જ વળાંક મળ્યો ! સમગ્ર જીવન સત્યના માર્ગે વળી ગયું, જીવન ધન્ય બની ગયું. બીજા અનેક માટે પ્રેરણાસ્રોત બન્યું. વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યા બાદ નિવેદ, કુળદેવીપૂજા વ. બધું બંધ કર્યું અને કુળદેવીની મુર્તિને ઘરના મકાનના મેડા પર ચડાવી દીધી ! અન્યાશ્રયનો કેટલી સરળતાથી ત્યાગ કર્યો !

મુંબઇમાં ત્યાંના હવા–પાણી માફક ન આવતાં ધંધો શીખીને પાછા મુળ વતન અમરેલી આવી ગયા. ચિત્ત તો સદાય પ્રભુભજન અને ધર્મમાં જ રમ્યાં કરતું હતું. પ્રભુના આ વિરહીને બે–ત્રણ પારખુ આંખોએ પારખી લીધો તેમાના એક હતા. ગો. વા. પ. ભ. શ્રી કૃષ્ણદાસભાઇ 'સત્સંગ' આદ્ય તંત્રી તેમણે શ્રી રવજીભાઇની ધર્મ પ્રત્યેની ઉત્કંઠા કીર્તન શીખવામાં રસ, ગો. બાળકો પ્રત્યે અજબ અનુરાગ, કોરી પાટી જેવું નિખાલસ દિલ; વૈષ્ણવો–મંદિર માટે કોઇ પણ પ્રકારની સેવા ઉઠાવવા હરપળે તૈયાર વ. બાબતોએ સદા તૈયાર રહેનાર એવા શ્રી રવજીભાઇને પારખ્યાં અને તેમના પ્રત્યે ખેંચાયા. શ્રી રવજીભાઇના દુરના એક કાકા શ્રી નારાયણદાસ ગોબરભાઈ નામના નવયુવાન વૈષ્ણવે પણ પોતાની સાંપ્રદાયિક સેવા અને ધગશનું જ પ્રતિબિંબ શ્રી રવજીભાઇમાં જોયું અને તેમને ધંધામાં અને સાંપ્રદાયિક પ્રવૃત્તિમાં પોતાના સાથીદાર બનાવી લીધા. સરખેસરખા વિચાર અને ધગશવાળા બન્ને પ્રવાહના સંગમે વિશાળતા ધારણ કરી લીધી. આ સંગમથી તેઓ બન્નેના જીવનમાં અદ્ભુત વળાંક આવી ગયો. કીર્તનમાં પણ બન્ને એવા જ રસિયા. એક બીજાના પ્રોત્સાહને ઢાઢીલીલા કરતાં પણ થઇ ગયા ! બન્નેના અવાજ ખૂબ જ મીઠા. આથી કીર્તનમાં અને ઢાઢીલીલામાં અદ્ભૂત અસર ઉભી થાય. સમગ્ર અમરેલી પંથકમાં કાકા–ભત્રીજીની જોડી ટુંક સમયમાં પ્રખ્યાત થઇ ગઇ. કીર્તનોના હાવભાવ મોં પર અને શરીરના અંગો દ્વારા સરસ રીતે રજુ કરે. કંઠ સુરીલો, ગાવામાં તન્મયતા, પછી તો બાકી શું રહે ? તેમાં પણ કોઇને કોઇ ગોસ્વામી બાળકની હાજરી આનંદઉદ્ધિમાં ઓર ઉમેરો કરે. એમ લાગે કે સાક્ષાત્ શ્રી ઠાકોરજી જ ઢાઢીલીલામાં પધાર્યા છે !

પુષ્ટિમાર્ગમાં આગળ વધવામાં અને ભગવદિયોની કૃપા મેળવવા ગો. વા. પ. ભ. શ્રી કૃષ્ણદાસભાઇનું માર્ગદર્શક કૃપા તો હોય જ. તેઓશ્રી ઉદારતા અને કૃપાથી જ રવજીભાઇ તે પંથકની વૈષ્ણવ સૃષ્ટિની કૃપા મેળવી શકયાં.

સંવત ૧૯૯૦ના અરસામાં શ્રી રવજીભાઇ ધોરાજી–ઉપલેટા વિસ્તારમાં કામ કરવા આવ્યાં. છેવટે ધોરાજી તાલુકાના મોટીમારડ ગામે વસવાટ કર્યો. તે અરસામાં ત્યાં પ્રખ્યાત કિર્તનકાર શ્રી વલ્લભદાસભાઇ બાપોદરા હવેલીમાં મુખ્યાજી તરીકે સેવા કરતાં હતાં. હવેલીનાં વધારાના મકાનમાં જ રવજીભાઇ ભાડે રહે. આથી મંગળા

સેનમાં કિર્તનમાં તો હોયજ શ્રી વલ્લભદાસભાઇ બાપોદરાએ શ્રી રવજીભાઇનું પોત પારખ્યું, તેમને શ્રી રવજીભાઇમાં સાચા વૈષ્ણવના દર્શન થયા. હવેલીના શ્રી   પ્રભુએ પ્રેરણા કરી અને શ્રી વલ્લભદાસભાઇએ પોતાના હૃદય દ્વારા શ્રી રવજીભાઇ માટે ખોલી નાખ્યા. કિર્તનોના દેખીતા અને ગુઢ રહસ્યો સમજાવવા માંડયા. કિર્તન સંગીતના જુદા જુદા રાગો સમજાવવા માંડયાં, આ કિર્તન સુધાના પ્રવાહને શ્રી રવજીભાઇ ગ્રહણ કરવા લાગ્યાં.

કિર્તનોમાં શ્રી રવજીભાઇ વલ્લભદાસભાઇ બાપોદરાની જોડી અહીં પણ જાણીતા થઇ ગઇ. ઢાઢીલીલા પણ સાથે જ કરતાં. કિર્તનોમાં શ્રી રવજીભાઈ શ્રી વલ્લભદાસભાઇને પેટી પર સાથ આપતા. તેમનું પેટીવાદન શ્રી વલ્લભદાસભાઇને એટલું બધું ફાવી ગયું હતું, કે ગમે ત્યાં કિર્તન હોય કે ઢાઢીલીલા હોય; પેટી પર સંગત માટે શ્રી રવજીભાઇને જ બેસાડતા. આનાથી એક પેટીવાદક વૈષ્ણવને દુઃખ લાગી ગયું હતું. શ્રી વલ્લભદાસભાઇને શ્રી રવજીભાઇ પર કેટલો અનુગ્રહ હતો, તે આ બાબતથી જણાઇ આવે છે. તેમનો આ અનુગ્રહ જીવન પર્યંત કાયમ રહ્યો હતો.

સને ૧૯૪૭માં રજવાડાઓનું વિલિનિકરણ થતાં સૌરાષ્ટ્રમાં ધંધા પડી ભાંગ્યા, આ અરસામાં ધોરાજીમાં વસવાટ હતો. ધંધો બંધ થઇ જતાં શ્રી રવજીભાઇ નવરા પડયાં. ના છૂટકે ધોરાજી છોડીને બીજે જવું પડ તેવી પરિસ્થિતિ ઉભી થઇ પ્રભુ પોતાના ભકતોને કોઇ એક જગ્યાએ સ્થિર અને સુખમાં તો રાખતાં જ નથી. એવા સંજોગો નિર્મિતે પ્રભુ ભકતોની કસોટી કરતાં રહે છે.

આ અરસામાં શ્રી રવજીભાઇના કાકા શ્રી નારણભાઇ અમદાવાદ ખાતે રહે. તેમણે શ્રી રવજીભાઇને અમદાવાદ બોલાવ્યાં. અજાણ્યો દેશ, અજાણ્યા માણસો પાસે કંઇ પૈસા નહીં, મંદિરે દર્શન કરવા કયારેય જવાય નહીં, ધોરાજીના અંતરંગ વૈષ્ણવ ભાઇઓનો સાથ છુટી ગયો. પાંખ કપાયેલા પંખી જેવી હાલત થઇ ગઇ, આથી મન બહુ મુંજાય, મગજમાં કોઇ સ્પષ્ટ દિશા દોર નહી, આવા સંજોગોમાં શ્રી નારણદાસ કાકાએ તેમને સધિયારો આપ્યો પોતાની કુંફમાં લીધા. ત્યાં ખાતેના શ્રી નારણદાસ કાકાના અંતરંગ સ્નેહી મંડળના વૈષ્ણવભાઇઓની હુંફ અને કૃપા મેળવી શ્રી રવજીભાઇએ મોટી સાંત્વના મેળવી.

શ્રી કાનજીભાઇ શ્રી સામજીભાઇ શ્રી દુદાભાઇ શ્રી વિઠલદાસ સી. શાહ, કરમદના શ્રી ઉમેદકાકા તથા શ્રી કાશીબા, વડોદરાના શ્રી શાંતાબહેન તથા બીલીમોરાના શ્રી શાંતિલાલભાઇ વ;સહુ વૈષ્ણવોએ શ્રી રવજીભાઇને પોતીકા બનાવી લીધા અમદાવાદ ખાતે રહ્યાં ત્યાં સુધી તેમને કોઇપણ પ્રકારની ખોટ જણાવા દીધી ન હતી આ બધા પરમકૃપાળુ અને ઉદાર એવા વૈષ્ણવોએ શ્રી રવજીભાઇ માટે શું શું કર્યું હતું તે સ્મરણ થઇ આવતા આજે પણ મારૂં હૃદય ગદગદ બની જાય છે ખરેખર ! ઉચ્ચ કોટિના માનવીઓ તો પુષ્ટિમાગીમાં પાકે છે.

(ક્રમશા)

વકતૃત્વ સ્પર્ધા પરિસંવાદ

શ્રીપુષ્ટિ સિદ્ધાન્ત સંરક્ષણ સમિતિ દ્વારા મુંબઇ–પાર્લા માં એક **પરિસંવાદ–વકતૃત્વ સ્પર્ધા** નું આયોજન તા. ૧૦/૧૧/૧૨ જાન્યુઆરી ૧૯૯૩ ના દિવસોમાં રાખેલ છે. જેમાં સર્વે પૂ. ગો. આચાર્યશ્રીઓ તથા સર્વે વૈષ્ણવોને શ્રી પુ. સિ. સં. સમિતિ દ્વારા આમંત્રણ પાઠવેલ છે. સમય તા. ૧૦/૧/૯૩ સાંજે ૪ થી ૧૦ તા. ૧૧/૧૨ સાંજે ૭ થી ૧૦ સ્થળ, વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપારલે (પશ્ચિમ) મુંબઈ. ૫૬ આ પરિસંવાદમાં પત્ર દ્વારા પણ ભાગ લેવાની વ્યવસ્થા છે. નિયમો, વિષયસુચિ અને અન્ય માહિતી માટે પત્રસંપર્ક ફોન ૮૦૧૫૦૭૦ શ્રી જી. એચ. કીકાણી ૧૧/૧૨ અદિતી એપા. નં. ૨ ધનામલ સ્કુલ સામે કાંદીવલી (પ) મુંબઈ–૬૭

“ પુ. ગો. શ્રી દ્વારકેશલાલજીનો લગ્ન પ્રસ્તાવ નોખો–અનોખો ”

રાજા–મહારાજા અને પુ. ગો. આચાર્યશ્રીઓના લગ્ન પ્રસંગો જોયા છે. માણ્યા છે સાંભળ્યા છે, પરંતુ કાંકરોલી નરેશ પુ. ગૌ. શ્રી વૃજેશકુમારજી મહારાજના દ્વિતિય લાલ અને શ્રી કલ્યાણરાયજી મંદિરના પુ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયનો લગ્ન પ્રસ્તાવ ખૂબ નોખો અને અનોખો રહ્યો અને વૈષ્ણવ સમાજ માટે અનેરો આનંદરૂપ–ઉલ્લાસમય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ભવ્ય રીતે સંપન્ન થયો એ પ્રકારે આં. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠ અત્રે એક મુલાકાતમાં જણાવે છે.

તેઓશ્રીએ લગ્ન પ્રસ્તાવમાં સામાજીક ક્ષેત્રે વૈષ્ણવ સમાજનું સંમેલન ધાર્મિક ક્ષેત્રે કૃષ્ણ ચરિત્ર પર પ્રવચનો માનવ સેવાના ક્ષેત્રે બ્લડ ડોનેશન અને નેત્ર યજ્ઞ, સાંસ્કૃતિક ક્ષેત્રે નાટિકા અને ગરબાનું આયોજન, સાંપ્રદાયિક ક્ષેત્રે પ્રભુની પ્રસન્નતા માટે શ્રી છપ્પન ભોગના મનોરથનું વિશાળ આયોજન, શ્રી કલ્યાણરાયજી અને શ્રી દ્વારકેશ પ્રભુની પ્રસન્નતા માટે લગભગ એક મહિના સુધી વિભિન્ન મનોરથોના આયોજનો તેઓશ્રીની પ્રેરણાથી “કિર્તન કૌસ્તુભ” કેસેટસના સેટનો વિમોચન સમારંભ વિગેરે આવરી લેવામાં આવ્યા તે ખરેખર અદ્વિતિય પ્રસંગ વડોદરાના ઈતિહાસમાં બની ગયો એવી શ્રી શેઠે નિવેદનમાં જણાવીને કહ્યું કે લાખો વૈષ્ણવોએ આવા સુંદર–પવિત્ર અને ભવ્ય પ્રસંગનો લહાવો માણી ધન્યતા અનુભવી છે.

વડોદરા : વર્તમાન પરિસ્થિતિમાં નૈતિક મૂલ્યો ઘસાતા જાય છે અને સમાજમાં અશાંતિ–આતંકવાદ અરાજકતાની પરિસ્થિતિ બની રહી છે ત્યારે ધર્મમય પરિસ્થિતિનું વાતાવરણ બનાવવાની તાતી જરૂરિયાત છે એ પ્રકારે પુ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય દ્વારા પ્રેરીત “કીર્તન કૌસ્તુભ” કેસેટસના સંગ્રહનું વિમોચન કરતાં ગુજરાત મહિલા સમાજના અગ્રણી ડૉ. ઉર્મિલાબહેન ચીમનભાઈ પટેલે વડોદરા ખાતે ગાંધીનગર ગૃહમાં પુ. ગો. શ્રી વેજેશકુમારજી મહારાજના અદયક્ષ સ્થાને શ્રી દ્વારકેશ મહિલા મંડળ, શ્રી કલ્યાણરાયજી મંદિર મહિલા મંડળ અને શ્રી યદુનાથજી યુવા સંઘના ઉપક્રમો યોજાયેલા સમારંભમાં પ્રવચન કરતાં જણાવ્યુ હતું. આવા પ્રયાસો ધર્મ સંસ્કૃતિના પ્રચાર–પ્રસાર માટે ઉપયોગી બને એવી તેઓએ શુભેચ્છા વ્યકત કરી હતી.

શ્રી જયદેવભાઇ ભોજકે (આકાશવાણીવાળા) સ્વાગત પ્રવચન કર્યું હતું. માજી સંસદ સભ્ય શ્રી રણજીતસિંહ ગાયકવાડે પુ. ગો. શ્રી દ્વારકેશ લાલજી મહોદય દ્વારા ભકિત પ્રેરક કેસેટસના સેટ માટે કરેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. કેસેટસ સેટના મુખ્ય દાતા શ્રીમતી કુંજલતાબહેન પરીખે (શિકાગો) પ્રાસાંગિક પ્રવચન કર્યું હતું. કિર્તન કૌસ્તુભ કેસેટસ સેટના પ્રેરક પુ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયે વૈષ્ણવ સમાજને ઉપયોગી બની એવી કેસેટસ સેટની વિશિષ્ઠતા અંગે સમજ આપી હતી અંતે પુષ્ટિમાર્ગ સંપ્રદાયના ક્ષેત્રે કિર્તનોના આગળ મહત્વની વિસ્તૃત જાણકારી આપી હતી.

પ્રભુ શ્રીકૃષ્ણના શ્રી કંઠમાં વિરાજતી રત્નમાળામાંનો કૌસ્તુભમણિ જેમ શ્રી હૃદયને સ્પર્શી રહે છે તેમ કિર્તન કૌસ્તુભ પણ શ્રવણ માર્ગે શ્રીકૃષ્ણ ચેતનાને જગાવીને આપ સૌના હૃદયને સ્પર્શી રહો તેવા આશિર્વાદ કાંકરોલી નરેશ પુ. ગો. શ્રી વૃજેશકુમારજી મહારાજે અધ્યક્ષીય પ્રવચનમાં આપ્યા હતા.

શ્રી પ્રતિભાબહેન પંડિતના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલી નાટીકા "સખીરે સપને મેં દેખ્યો નંદલાલ" નું દીપ પ્રગટાવી પુ. ગો. શ્રી વાગીશબાવાશ્રીએ ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમંનોમાં પોલીસ કમીશ્નર શ્રી મનમોહનજી સુતરીયા શ્રીમતી સુભાંગીની રાજે, શ્રી દિનેશભાઈ ચોકશી વિગેરે ખાસ પધાર્યા હતા. સમગ્ર આયોજનમાં સંસ્થાઓના અગ્રણીઓ ઉપરાંત શ્રીમતી ઈન્દુબહેન પટેલ, મણીભાઈ વાસણવાળા, શ્રી શરદચંદ્ર શાહ, શ્રી મુકુંદભાઈ પટેલ. નવનીતભાઇ ચોકસી, શ્રી ભગવાનજીભાઈ દલાલ, શ્રી વ્રજેશ પટેલ, શ્રી વિઠ્ઠલદાસ પારેખ. શ્રી પરેશભાઇ મઠીયા વિગેરેનો કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનો ફાળો રહ્યો હતો. ઉદઘોષક શ્રી હરિશભાઇ ત્રિવેદીએ સુંદર સંચાલન કર્યું હતું અને આનંદ વ્યકત કરી સૌનો આભાર મન્યો હતો.

સમાચાર

રાજકોટ :- આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ આયોજીત શ્રીમદ વલ્લભાચાર્ય રૂષીકુલ નિર્માણ ફંડ અંગેની કુપન વિતરણ વિમોચન માટે યોજાયેલ વિવિધ સ્થળોના કાર્યક્રમ.

ધનસુરા ;- આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરીષદના ઉપક્રમે ગુજરાત રાજયના સાબરકાંઠા જીલ્લાના ધનસુરા ગામે યોજાયેલ વૈષ્ણવ સંમેલન દરમ્યાંન શ્રીનદ વલ્લભાચાર્ય રૂષીકુલ નીર્માણ ફંડ અંગે કેન્દ્ર કચેરી બોમ્બે તરફથી બહાર પાડવામાં આવેલ રૂા. ૧૦/- દસ પુરાધી કુપનો અંગેનો વિતરણ વિમોચન સર્વપ્રથન કાર્યક્રમ વડોદરા કાંકરોલીનાં પૂ. ગો. શ્રી વાર્ગીશકુમાર બાવાશ્રીના વરદ હસ્તે યોજાયો.

મોરબી :- શ્રી મદન મોહન પ્રભુ હવેલી ખાતે મોરબી ખાતે જામનગરના પૂ. ગો. શ્રી નવનીત પ્રીયાજી મહારાજશ્રીના વરદ હસ્તે યોજાયો હતો. અને પ્રારંભીક ૧૦૦૦થી વધુ કુપનોનુ વિતરણ મોરબીનાં વૈષ્ણવ અગ્રણીશ્રી મથુરભાઈ સોની અને શ્રી મણીભાઈ પાટડીયાએ જહેમત ઉઠાવી કર્યું હતું.

રાજકોટ :- દરબારગઢ પાસે આવેલ શ્રી બાલકૃષ્ણલાલજી હવેલીમાં રાજકોટના પૂ. ગો. શ્રી વૃજેશકુમાર બાવાશ્રી અને પૂ. ગો. શ્રી ગોવીંદરાય બાવાશ્રી (શ્રી ગટુબાવાશ્રી)ના વરદ હસ્તે યોજાયો હતો. જયાં રાજકોટના વૈષ્ણવ કાર્યકર્તાઓની ઉપસ્થિતીમાં ૩૦૦૦થી વિશેષ કુપનો વિતરણ થયા હતા ત્યારબાદ લક્ષમીવાડી ખાતે આવેલ શ્રી મદનમોહન પ્રભુ હવેલીમાં પુ. ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રીના વરદ હસ્તે વિતરણ થતા ૭૦૦ થી વીશેષ કુપનો વિતરણ થયા હતા. વ્યવસ્થા સમીતીનાં સભ્ય શ્રી કાંતીભાઈ સધનપુરા. વૃજલાલ રાણપરા, નટવરલાલ ખખ્ખર, કનુભાઈ દેવાણી વિ. ઉપસ્થિત હતા.

ઉપલેટા '- શ્રી મહાપ્રભુજીના પ્રાકટય મહોત્સવનોં ઉપલક્ષમાં મથુરા–પોરબંદરવાળા પૂ, ગો. શ્રી રસીકરાયજી મહારાજશ્રીની હવેલી ઉપલેટા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આપશ્રીના વરદ હસ્તે કુપન વિતરણ વિમોચન દરમ્યાન ૧૦૦૦થી વધુ વિશેષ કુપનો વિતરણ હઇ હતી. શ્રી ડાયાલાલ દામજીભાઈ પટેલે કાર્યક્રમનુ સંચાલન કર્યું હતુ.

વડોદરા :- શ્રી કલ્યાણરાયજી મંદિર વડોદરા ખાતે પૂ. ગો. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમ દરમ્યાન આપશ્રીના વરદ હસ્તે ૨૦૦૦થી વિશેષ કુઝનો વિતરણ થઈ હતી. તેમજ

આ પ્રસંગે પુ. ગો. શ્રી વાગીંશકુમારે બાવાશ્રી તેમજ પુ. ગો. શ્રી યોગેશકુમાર બાવાશ્રીએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતાં. શ્રી પ્રધ્યુમનભાઈ શાસ્ત્રી શ્રી વી. પી. પરીખ, શ્રી સી. પી. તલાટી વિગેરે ઉંપસ્થિત રહ્યા હતા.

જામનગર ;– શ્રી મહાપભુજીના પ્રાકટય મહોત્સવના ઉપલયમાં યોજાયેલ કાર્યક્રમ દરમ્યાન શ્રી મદનમોહન પ્રભુ હવેલી ખાતે પુ. ગો. શ્રી હરિરાંયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યકમમાં આપશ્રીના વરદ હસ્તે ૫૦૦૦થી વિશેષ કુપનો વિતરણ થઈ હતી. આ પ્રસંગે પુ. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીએ પણ ખાસ ઉપસ્થિત રહી આશીંવચન પાઠવ્યા હતા. શ્રી જયંતીભાઇ સોની તથા શ્રી માંકડભાઇ ધોળકીયાએ સંચાલન કર્યું હતું.

ગોડલ:– કામાણી કોપરા ઓઈલ મીલ ખાતે પૂ. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ સાંપ્રદાયીક કાર્યક્રમમાં આપશ્રીના વરદ હસ્તે ૭૦૦૦થી વિશેષ કુપનો વિતરણ થયા હતા ત્યારબાદ ગોંડલ શાખાના ઉપક્રમે યોજાયેલ ગોંડલ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સંમેલનમાં ૩૦૦ કરતા વધુ કાર્યકર્તા પ્રતિનિધીની ઉપસ્થિતીમાં ૫૦૦૦થી વધુ કુપનો વિતરણ થયા. શ્રી ભાસ્કરભાઈ સોની, શ્રી નાથાભાઈ કંસારા શ્રી જમનાદાસ બુદ્ધદેવ, શ્રી નાગરદાસ તથા શ્રી હેમેન્દ્ર શાહે જહેમત ઉઠાવી હતી,

જુનાગઢ : શ્રી મદન મોહન પ્રભુના ઉજવાયેલા પાટોત્સવ પ્રસંગે સપ્તમ પીઠાધીશ્વર કામવનવાળા પુ. ગોં. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીના અદયક્ષસ્થાને યોજાયેલે ધર્મસભામાં જામનગરનાં પુ. ગો. શ્રી વિઠલનાથજી મહારાજશ્રીનો વરદ હસ્તે ૨૦૦૦થી વિશેષ કુપનો વિતરણ થયા હતા. શ્રી અરવીંદભાઈ સોની, શ્રી જયેન્દ્રભાઈ જોબનપુત્રા, શ્રી બચુભાઈ અભાણી શ્રી રતીભાઇ મસાલાવાળા ઉપસ્થિત હતા, તેમજ શ્રી અમુભાઈ કારીયાએ વ્યવસ્થા સંભાળી હતી અને શ્રી સુર્યકાંતભાઇ આચાર્યે સંચાલન કર્યુ હતું.

દેરડીકુંભાજી અને કુંકાવાવ :– બગસરા વડોદરા સુરતના પૂ. ગો. શ્રી પ્રભુજી મહોદયશ્રીના વરદ હસ્તે દેરડી કુંભાજી તેમજ કુંકાવાવમાં એક એક હજારથી વિશેષ કુપનો વિતરણ થયા હતા.

ખાંડાધાર :– ગોંડલ તાલુકાના આ નાના એવા ગામમાં મનોરથ પ્રસંગે પૂ. ગો. શ્રી પ્રભુજી મહોદયશ્રૌના વરદ હસ્તે ગામવાસી વૈષ્ણવોએ ૨૦૦૦થી વિશેષ કુપનો વિતરણ દરમ્યાન લીધા છે.

જેતપુર :– જેતપુર શાખાના ઉપક્રમે નવરાત્રી દરમ્યાન યોજાયેલ સમુહ લોટી ઉત્સવનાં કાર્યક્રમ પ્રસંગે જુનાગઢના પુ. ગો. શ્રી પુરૂષોતમલાલજી બાવાશ્રીના વરદ હસ્તે ૩૦૦૦થી વધુ કુપનો વિતરણ થયા હતા. કાર્યક્રમેનું આયોજન પુષ્ટિ માર્ગીય સત્સંગ મંડળે કર્યું હતું.

નાગવદર ;– ધોરાજીમાં યોજાયેલ કાર્યકર્તા સંમેલન દરમ્યાન પ્રેરણા લઇ આ ગામવાસીઓએ પોતાના ગામમાં વૈષ્ણવોના મીલનનો સ્વતંત્ર કાર્યક્રમ ગોઠવી સૌ ગામવાસી વૈષ્ણવોએ એકત્ર થઇ ૨૨૦૦ કુપનો પોતાના ગામમાં વિતરણ કરી સુંદર ઉંદાહરણ પુરૂ પાડયું છે. શ્રી દેવરાજભાઈ પટેલ તથા શ્રી ડાયાલાલ દામજીભાઈએ આયોજન કર્યું હતું.

રાયડી :– જામકંડોરણા તાલુકાના આ નાના એવા ગામે પણ પોતાના ગામમાં સ્વતંત્ર કાર્યમક કરી ૧૮૦૦ કુપનો પોતાના ગામમાં વિતરણ કરી છે. શ્રી ગોરધનભાઇ વસોયાના પ્રમુખસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

ઇસાર ;– ઉપલેટા તાલુકાના આ ગામે પણ પોતાના ગામમાં સ્વતંત્ર કાર્યક્રમ કરી ૧૨૦૦ કુપનો વિતરણ કરી છે.

વાંકાનેર ;– રાજકોટ જીલ્લાના વાંકાનેર ગામમાં આવેલ શ્રી ગોવર્ધનનાથજી હવેલીમાં કાર્યક્રમ થયા ત્યાંના વૈષ્ણવોએ પોતાના ગામની ક્ષમતાના પ્રમાણમા ૩૦૦થી વિશેષ કુપનો વિતરણ કરી છે..

સુરેન્દ્રનગર ;– આ જીલ્લાના સુરેન્દ્રનગર–વઢવાણ–જોરાવરનગર–ધ્રાંગધ્રા–હળવદ વિગેરે ગામોમાં વૈશ્ણવ પરિષદના આ જીલ્લાના કન્વીનરશ્રી કાંતીભાઈ પાવાગઢી સાથે પ્રવાસ કરી આશરે ૪૦૦૦થી વિશેષ કુપનો વિતરણ થઈ છે.

સુરત ;– સંપ્રદાયના વયોવૃદ્ધ આચાર્ય પૂ. ગો, શ્રી વૃજરતનલાલજી મહારાજશ્રીના ૯૭માં જન્મદિન નીમીતે યોજાયેલ કાર્યક્રમ દરમ્યાન આપશ્રીનાં વરદ હસ્તે ૫૦૦૦થી વિશેષ કુપનો વિતરણ થઈ છે. શ્રી ગોપાલભાઈ બુકસેલર તથા પરીષદના અગ્રણી કાર્યકર્તા ઉપસ્થિત હતા.

ડાકોર ;– ગુજરાત રાજ્ય સમીતીની કારોબારની બેઠક ડાકોર મુકામે યોજાઈ ત્યારે વડોદરાનાં પૂ. ગો. શ્રી મધુરેશ્વરજી મહોદયશ્રીના વરદ હસ્તે ડાકોરનાં પ્રત્યેક વૈષ્ણવે કુપનો લઇ ૧૦૦૦ કુપન વિતરણ થઈ. ઉપરાંન ઉપસ્થિત સભ્યોએ ૬૦૦૦ કુપનો લીધી હતી તેમજ આપશ્રી સંચાલીત ટ્રસ્ટનાં નામે આપશ્રીએ પણ ૧૦૦ કુપનો લઇ સુંદર સહકારનુ ઉદાહરણ આપ્યુ હતું. આ પ્રસંગે વડોદરાના પૂ. ગો. શ્રી દ્વારકેશ લાલજી બાવાશ્રીએ પણ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

ધોરાજી ;– ધોરાજીના પૂ. ગો. શ્રી પ્રબોધકુમાર બાવાશ્રીની હવેલીમાં સર્વપ્રથમ આપશ્રીના વરદ હસ્તે ૨૦૦૦ કુપનો વિતરણ થઈ. ત્યારબાદ ધોરાજી શાખાના ઉપક્રમે ધોરાજી કંડોરણા ઉપલેટા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વૈષ્ણવ કાર્યકર્તા સંમેલનમાં ૫૦૦ થી વધુ પ્રતિનિધીઓની ઉપસ્થિતીમાં ૮૦૦૦થી વિશેષ કુપનો વિતરણ થયા શ્રી છગનભાઈ માવાણી તથા શ્રી જાદવજીભાઈ પટેલ શ્રી મોહનભાઈ ગજેરા તથા પરીષદના અગ્રણી કાર્યકર્તા ઉપસ્થિત હતા.

પોરબંદર ;– પૂ. ગો. શ્રી ગોવીંદરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રી ગોપીનાથજી હવેલી ગોવીંદ નીકેતનમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમનું આયોજનશ્રી નરસીંહભાઈ દેવાણી શ્રી જયંતીભાઈ રાજાણી તથા શ્રી ભનુભાઈ પોપટે સંભાળ્યુ હતુ. આ પ્રસંગે શહેરના અગ્રણી વૈષ્ણવો ઉપસ્થિત હતા. સંચાલન પ્રોફેસરશ્રી પલાણે કર્યું હતું.

બાંટવા :– સંપ્રદાયના પ્રેમી શ્રી બાબુભાઈ કાકડીયાએ બાંટવા તથા માણાવદરમા આશરે ૧૨૫૦થી વધુ કુપનો વિતરણ કરવા સ્વિકાર્યા છે.

પડધરી ધ્રોલ ;– વૈષ્ણવોએ સ્વયં કાર્યક્રમ ગોઠવી ૧૦૦૦થી વધુ કુપનો વિતરણ કરી છે.

આ પ્રમાણે પ્રારંભીક કાર્યક્રમો વિવિધ સ્થળોએ આપણા પૂ આચાર્યશ્રીઓની સાંનીધ્યમાં ગોઠવી આશરે ૬૭૫૦૦ થી વિશેષ કુપનોનુ વિતરણ થયું છે.

અયોધ્યાના મંદિર–મસ્જીદ પ્રશ્ન રાજકારણીઓએ મત બેન્કોને ધ્યાનમાં લઈ ગુંચવી નાંખ્યો છે અને આખરે તેના પરિણામ સ્વરૂપ કોમી દાવાનળ ભભૂકી ઉઠયો છે તે અત્યંત ખેદજનક છે અને દેશને માટે કમનસીબ છે એ પ્રકારે આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠ **અત્રે એક પ્રેસ** નિવેદનમાં જણાવે છે.

કારસેવા કરતાં હરિશરણ થયેલા અને કોમી–હિંસક તોફાનોમાં મૃત્યુને ભેટનારા સૌને વૈષ્ણવ પરિષદ હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમાં ભોગ બનેલા સૌને માટે હાર્દિક સહાનુભૂતિ વ્યકત કરે છે.

કેન્દ્ર સરકારે હિન્દુ નેતાઓને પકડીને સમગ્ર સમાજનો રોષ વહોરી લીધો છે એ પ્રકારે શ્રી શેઠ નિવેદનમાં જણાવીને સરકારની આકરી ટીકા કરે છે અને તેઓની ધરપકડનો સખ્ત શબ્દોમાં વિરોધ નોંધાવે છે અને તેઓને તાકીદે છોડી મૂકવા સરકારને અનુરોધ છે.

ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ સંવર્ધન કરનાર યુવાનોમાં શિસ્તના સંસ્કારોનું સીંચન કરતી, રાષ્ટ્રિય ચાયિત્ર્ય નિર્માણ કરતી, રાષ્ટ્રપ્રેમ અને દેશ ભકિતની ભાવના પ્રબળ બનાવતી “રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ” જેવી રાષ્ટ્રીય સંસ્થા પર કેન્દ્ર સરકારે પ્રતિબંધ મૂકીને ગંભીર ભયંકર ભૂલ કરી છે અને સરકારનું આવું પગલું અવિચારી અવિવેકી દૃષ્ટિ વિહિન, દિશા વિહીન છે એ પ્રકારો આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના સંગઠ્ઠન મંત્રી પ્રોફે. ચીમનભાઇ શેઠ અત્રે એક પ્રેસ નિવેદનમાં જણાવે છે અને તે સરકાર માટે આફતરૂપ અને અને આત્મઘાતક બનશે તેવું નિવેદનમાં ખાસ જણાવે છે.

અયોધ્યાના મંદિર–મસ્જીદ પ્રશ્ને દેશ વિદેશમાં મંદિરો તોડવાની પ્રક્રિયા વ્યાપક બની અને સરકાર તેના માટે ચુપ રહી છે તે દેશને માટે કમનશીબ ઘટના છે અને તે સરકાર માટે શરમરૂપ લેખાશે એવી આકરી ટીકા સહ. શ્રી શેઠ પ્રવર્તમાન દેશની પરિસ્થિતિને અનુસરીને પ્રસ્તુત પગલાં તાકીદે ભરવા સરકારને અનુરોધ કરવામાં આવ્યો છે.

(૧) રાષ્ટ્રિય હિંદુ નેતાઓને વિના વિલંબે છોડી મૂકવા.

(૨) રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ–વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ જેવી સેવાભાવી સંસ્થાઓ પરનો પ્રતિબંધ તાત્કાલિક ઉઠાવી લેવો.

(૩) જમ્મુ–કાશ્મીર અને તાજેતરમાં દેશના તૂટેલા મંદિરોનું પુનઃનિર્માણ કરવું.

(૪) વિદેશોમાં તૂટેલા મંદિરો યથાવત કરવા અનુરોધ કરવો.

(૫) કોમી રમખાણોમાં ભોગ બનેલા સૌને આર્થિક સહાય કરવી.

(૬) દેશમાં શાંતિ–સલામતી પ્રસ્થાપિત કરવા સંગીન ભગલાં ભરો.

(૭) પાકિસ્તાની તત્ત્વોની તાકીદે તપાસ તપાસ કરો અને તેને જેર કરવા સંગીન પગલાં ભરો.

જુનાગઢ : શ્રી પુરૂષોત્તમ પાઠશાળા મોટી હવેલી, જુનાગઢની ૪ પેટા શાખાઓ ગાંધીગ્રામ, શ્રી ગોકુલેશજીનું નંડાણ બસ સ્ટેન્ડ પાસે, તથા જનકલ્યાણ સોસાયટીમાં અને જુનાગઢ બિલખા રોડ ઉપર આવેલ ખડીયા ગામે ગો. શ્રી કિશોરચંદ્રજી પુરૂષોત્તમલાલજીના વરદ હસ્તે ઉદઘાટન થયેલ છે અને આપશ્રીની એવી મહેચ્છા છે કે દરેક સોસાયટી તથા મોટા મહોલ્લા અને ગામડામાં “પુષ્ટિમાર્ગીય પાઠશાળા ચાલુ થાય અને જુનાગઢમાં વધુ પુષ્ટિમાર્ગીય પાઠશાળા ચાલુ થાય તે માટે પ્રયત્ન ચાલુ છે.

પુસ્તક પરિચય

૧. ગોવિંદ ગોતી ઘોને-

લેખક—**પ્રા. રમેશભાઈ વી. પરીખ** મહેસાણા.
૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૨૪+૮=૨૩૨
ન્યોછાવર રૂા. ૩૦/- પોસ્ટેજ સાથે

પ્રસ્તુત પ્રકાશન પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પાત્રોના જીવનની અનોખી ઝાંખી કરાવતી નવલિકા છે. તેમાં મુખ્ય પાત્ર નિલેન્દુ—પાકા મરજાદી દાદીમા (ચંદીમા)ના આચારના અત્યાચારથી, પડોશમાં રહેતા ગોદાવરીમા સ્પર્શ—અપરસના ગુસ્સામાં ચંદનમાની કાર્બન કોપી અને આ બન્નેથી વધી જાય તેવા બાજુની શેરીમાં રહેતા મરજાદી કરશન કાકા.

નિલેન્દુને ચોથા ધોરણમાં "વૈષ્ણવ જનતો તેને રે કહિયે" કવિતા ભણાવવામાં આવી—સમજાવવામાં આવી. પરંતુ એવા એક્ેય ગુણ ઉપર દર્શાવેલા મરજાદી પાત્રોમાં નિલેન્દુને જોવામાં આવ્યો નહિ. એટલે વૈષ્ણવે દીક્ષા લેવામાં, દર્શન કરવા મંદિરે જવામાં નફરત માનસવાળો થઈ જાય છે. પરંતુ વાર્તાના પ્રકરણો જેમ જેમ આગળ વધતા જાય છે, તેમ તેમ વૈષ્ણવ ધર્મના ઉપદેશાત્મક સૂત્રો—અન્ય સુપાત્રોના સંસર્ગમાં નિલેન્દુ આવતો જાય છે—તેમ તેમ સમજતો થાય છે અને છેલ્લે વૈષ્ણવ સુપાત્ર વેણુ સાથે લગ્ન ગ્રંથીથી જોડાયને વૈષ્ણવ ધર્મ પ્રત્યે આદર ભાવવાળો સાચું વૈષ્ણવી જીવન ગાળતો થઈ જાય છે.

આ નવલિકાનું સર્જન સરળ રોચક શૈલીમાં પાત્રોના મુખે સહેજ સરતા વાકયો વડીલો અને વારસદારોને સંપ્રદાયને સમજવાનું સાચું માર્ગદર્શન પુરૂં પાડે તેવું થયું છે. માનનિય લેખકશ્રીના આવા સાહિત્ય હૃદયપૂર્વક આવકાર સહ. ધન્યવાદ.

૨. શ્રી વલ્લભનું વસીયતનામું-

લેખક—**પ્રા. રમેશભાઈ વી. પરીખ** મહેસાણા
૧/૧૬ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૫૨
ન્યોછાવર રૂા. ૧૨/- પોસ્ટેજ અલગ.

આ દુનિયા છોડતી વખતે લૌકિકમાં ગુંથાયેલું મન, પાછળ રહેલાં એ મિલ્કતની શી રીતે વ્યવસ્થા કરવી, મકાનો, સમૃદ્ધિ શી રીતે વહેંચવી, કેમ ચાલવાથી આબરૂ અને સમૃદ્ધિનું રક્ષણ અને પોષણ થશે વગેરે શિખામણ આપે. પણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાના સ્ત્રી, પુત્રો વૈષ્ણવો વગેરે બધાંને ભૂતલ છોડતી વખતે સમાન ક્ષિક્ષા આપેલી છે. જેને સંપ્રદાયમાં આપણે "શિક્ષા શ્લોક" તરીકે જાણીએ છીએ. તેમાં અન્યાશ્રય, અસમર્પિત, અસદાલાપ, દુ:સંગ, વિમુખ, અવિશ્વાસ વગેરે સૂત્રાત્મક રીતે સાડા ત્રણ શ્લોકમાં બીજ સૃષ્ટિ અને નાદ સૃષ્ટિ માટે ઉપદેશેલ છે.

આ ગ્રંથ ઉપર શ્રી દ્વારકેશજીએ ટીકા લખી છે તેની સાથો સાથ માનનિય પ્રા. રમેશભાઈ પરીખે શિક્ષા શ્લોકમાં ઉપરોકત દર્શાવેલ શબ્દોની વિસ્તૃત છણાવટ દષ્ટાંતો પ્રમાણો સાથે સૌ કોઇ સમજી શકે તેવી સરળ શૈલીમાં રજુ કરેલ છે.

સાથો સાથ આ પુસ્તકમાં શ્રી મહાપ્રભુજી રચિત બીજો એક લઘુ ગ્રંથ **'પંચ શ્લોકી'** વિસ્તૃત વિવરણ સાથે સામેલ કરેલ છે

સદરહુ ગ્રંથમાં કોને ત્યાગ કરવા, કોને રાખવા, કોનો સંગ કરવો, કોને દુ:સંગ જાણવો, તેમ જ છ પ્રકારની શરણાગતિના છ અંગોની વિસ્તૃત છણાવટ સરળ શૈલીમાં દર્શાવિહ છે.

આ લઘુ ગ્રંથનું વિસ્તૃત વિવરણ લખવા બદલ માનનિય પ્રા, રમેશભાઇ પરીખ અભિનંદનને પાત્ર છે.

ઉપરોક્ત બન્ને પુસ્તકના પ્રકાશક–

શ્રી હરસાનિજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
"વ્રજરજ" ૩૧, શિવ સોસાયટી, વિભાગ–૨
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨

ઉપરોકત બન્ને પુસ્તકનું પ્રાપ્તિસ્થાન-

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ. ઈકિવપ પો. બો. નં ૨૭૨૮, દેવકરણ મેન્સન, ૧લે માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૨.

૩. વૈષ્ણવ-પંચાગ-

સંપાદક—શાસ્ત્રીજી ઉદયન હ. શુકલ
પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન–
શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડલ ટ્રસ્ટ,
"રાધા કૃષ્ણ કુંજ" મરી માતા લેન, રાજ મહેલ રોડ,
વડોદરા–૩૯૦૦૦૧

આચાર્ય શ્રી વલ્લભ માસિકના ગ્રાહકોને વર્ષ ૬ઠું ઓકટોબર અંક ૭ (પંચાંગ–વિશેષાંક) તરીકે ભેટ પુસ્તક રૂપે અપાયેલ છે. આ સંવત ૨૦૪૯ના પંચાંગમાં પુષ્ટિમાર્ગીય વ્રતોત્સવ વગેરેનો નિર્ણયવાળી ટીપ્પણી વર્તમાન ભૂતળ ઉપર બિરાજતા તથા નિત્ય લીલાસ્થ ગોસ્વામી બાળકોના જન્મોત્સવની યાદી, અધિક માસ કર્તવ્ય, ગ્રહણ નિર્ણય, ઉપનયન–લગ્નના મુહૂર્તો, જાહેર તહેવારો વગેરે ઉપયોગી અનેક માહિતી સભર પ્રકાશનને આવકાર સહ અભિનંદન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

વડોદરા—પૂ. ગો. શ્રી દ્વારકેશલાલ મહોદયના મંગલ પ્રાકટય દિન પર શ્રી કલ્યાણજી મંદિરમાં પુ. શ્રી વ્રજેશકુમારજી મહારાજની અધ્યક્ષતામાં આં. પુ. વૈષ્ણવ પરિપદ વડોદરા શહેરની શાખાઓની મિલન સમારંભ અને પરિષદ ડિરેકટરી વિમોચન સમારંભ ભકિતસભર વાતાવરણમાં સંપન્ન થયો. પુ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયે વર્તમાન પરિસ્થિતિમાં સંગઠ્ઠનના કાર્યના વ્યાપ વધારવા માટે સંપર્ક, કોમ્યુનિકેશન અને તેના માટે સંકલનની વ્યવસ્થા હોવી જોઈએ એ પ્રકારે તેઓશ્રીએ પરિષદ ડિરેકટરીનું વિમોચન કરતાં જણાવ્યું હતું અને વૈષ્ણવ પરિષદના કાર્યોને તેઓશ્રીએ બિરદાવ્યા હતા.

આં. પુ. વૈષ્ણવ પરિષદના સંગઠ્ઠન મંત્રી પ્રોફે. ચીમનભાઇ શેઠે સંગઠનાત્મક—પ્રચારાત્મક અંગેની સમજ આપી હતી. પરિષદના મંત્રીશ્રી વી. પી. પરીખે પરિષદ વધતી જતી ગતિની સાથે સૌને કાર્યમાં સહભાગી થવા અને બનવા અપીલ કરી હતી. પ્રોફે. ગોપાલભાઈ શાહે પરિષદ ડિરેકટરીની વિસ્તૃત જાણકારી આપી હતી. અને શ્રી સી. પી. તલાટીએ આનંદ વ્યકત કરી આભાર માન્યો હતો.

સંમેલનના અધ્યક્ષસ્થાનેથી પુ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજે ચિંતનસભર શૈલીમાં પ્રારંભ કરતાં સકામ અને નિષ્કામ ભકિતનું વિશ્લેષણ કરી સમર્પણ ભાવથી નિષ્ઠાપુર્વકની સમૃધ્ધિ એવી પુષ્ટિ ભકિત જ "સર્વોત્તમ ભકિત" છે એવું તેઓશ્રીએ વચનામૃતમાં જણાવ્યું હતું.

"ડો. જીવણલાલ શાહને પરિષદના અગ્રણીઓની શ્રદ્ધાંજલિ"

સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે સેવા આપતા અને આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશની કારોબારીના સભ્ય તથા વૈષ્ણવ પરિષદની હાલોલ શાખાના પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવાઓ આપનાર ડોકટર જીવણલાલ શાહના હરિ શરણ થયાના સમાચારથી આં. પુ. વૈષ્ણવ પરિષદ ઉંડા દુ:ખ અને ઘેરા શોકની લાગણી વ્યકત કરી આં. પુ. વૈ. પ. ના અગ્રણીઓ શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ, શ્રી પ્રદ્યુમન શાસ્ત્રી, પ્રોફે. ચીમનભાઈ શેઠ, શ્રી સી. પી. તલાટી શ્રી કે. એન. શાહ, શ્રી બાબુભાઈ ગાંધી, શ્રી મનહરભાઈ પરીખ શ્રી પી. પી. મહેતા, વિગેરેએ સ્વર્ગસ્થની સેવાઓની બીરદાવીને તેઓએ હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

ભાવ સુમનાંજલી

અમરેલી કાંદીવલી (મુંબઇ) વાળા પુ. પા. ગો. શ્રી વીઠુલનાથજી મહારાજ (વિઠુબાવા)ના નિત્યલીલા પ્રવેશના સમાચારની નોંધ લેતાં હૃદયમાં પારાવાર દુ:ખનો અનુભવ થાય છે. આપશ્રી સ્વસેવ્ય, શ્રીલાલજીના સ્વરૂપમાં અત્યંત આસકિત પુર્વક વિવિધ લાડ લડાવતાં થકા નિજ પરિકર વૈષ્ણવોને વિવિધ પ્રકારે સેવામાં યોજી કૃતાર્થ કરતાં એ સુખની હવે અનુપલબ્ધિનું દુ:ખ સર્વે વૈષ્ણવ સમાજને પ્રાપ્ત થયું છે.

પ્રાચિન પરિપાટીના જ્ઞાતા, વયોવૃધ્ધ આચાર્ય શ્રી ભુતલ પરથી તિરોધાન થતાં મોટી ખોટનો અનુભવ થાય છે.

શ્રી વલ્લભ સુધા સંપાદક વ્યવસ્થાપક મંડલ ભાવાંજલી અપર્ણ કરે છે.

ભાવાંજલી

જુનાગઢ મુકામે આં. પુ. વૈષ્ણવ પરિષદ જુનાગઢ શાખા અને શ્રી વલ્લભ સેવા મંડળની એક બેઠક તા. તા. ૬–૧૨–૯૨ માગર શુદ ૧૧ ના રોજ શ્રી ગજેન્દ્રબાઈ સોની તે ત્યાં મળેલ તેમાં ગો. શ્રી ૧૦૮ શ્રી દાનીરાયજી મહારાજશ્રીના અદયક્ષસ્થાને થયેલ ભાવાંજલીનો ઠરાવ.

ભાવાંજલી

ગો. ૧૦૮ શ્રી વિઠુલનાથજી (વિઠુલબાવા) મુંબઈ–અમરેલીવાળા નિજધામમાં પધારતાં વૈષ્ણવ સમાજને મોટી ખોટ ઉભી થતાં ઘણી જ દુ:ખની લાગણી અનુભવે છે અને બે મીનીટ મૌન પાળી અષ્ટાક્ષરનું સ્મરણ કરી કૃષ્ણાશ્રયનો પાઠ કરી આજની બેઠકમાં 'ભાવાંજલી' અર્પણ કરવામાં આવે છે અને આપ નિજધામમાંથી હરહંમેશા પ્રેરણા આર્શીવાદ પ્રદાન કરતા રહે એજ અભ્યર્થના.

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકોને વિનંતિ

'શ્રીવલ્લભ સુધા'નું નવું વર્ષ એપ્રિલ ૧૯૯૩ થી પ્રારંભ થશે, વધતીજતી મોઘવારીને લઇને ના છુટકે નવા વર્ષથી શ્રી વ. સુ. નું વાર્ષિક લવાજમ રૂ. ૩૦ અંકે રૂપિયા ત્રીસ રાખેલ છે આજીવ રૂ. ૩૦૧. તો સર્વે ગ્રાહકોને સહકાર આપવા વિનંતિ.

શ્રીવલ્લભ સુધાનું ભેટ પુસ્તક 'શ્રીવિઠ્ઠલેશ સ્તુત્યાવલી' લગભગ તૈયાર થવામાં છે. તૈયાર થયા બાદ જ્યાં મોટી સંખ્યામાં શ્રી વ. સુ. ના ગ્રાહકો છે ત્યાં સેવાભાવી કાર્યકરો દ્વારા અને અન્યત્ર પોષ્ટ દ્વારા મોકલવાની વ્યવસ્થા ગોઠવાશે.

સર્વે ગ્રાહકોએ ધિરજ રાખવા નમ્ર વિનંતિ.

વ્યવસ્થાપક–સંપાદક

શ્રીનાથજીનું ધોળ

ઉભા રહો તો કહુ એક વાતડી શ્રીનાથજી
તમ માટે ગાળી છે મેં તો જાતડી શ્રીનાથજી. ૧

જે દહાડે મળ્યા હતા વૃંદાવનમાં શ્રીનાથજી;
તે દહાડાની તાલાવેલી તનમાં શ્રીનાથજી. ૨

શ્રીનાથજી જોયાના મને કોડરે શ્રીનાથજી;
પૂરી મારા મન કેરી હોડરે શ્રીનાથજી. ૩

હસો છો મધુર વાંકુ જોઇને શ્રીનાથજી;
નયનના કટાક્ષે મારાં મન મોહીને શ્રીનાથજી. ૪

ક્ષણ ક્ષણ ભણકારા વાગે કાનમાં શ્રીનાથજી;
ઘરમાં જાઉં ને ગાઉં તાનમાં શ્રીનાથજી. ૫

ચિત્ત ચોટતું નથી કામમાં શ્રીનાથજી;
ઘેલી ઘેલી કહે છે ગોકુળ ગામમાં શ્રીનાથજી. ૬

કહેનારાં કહે છે પણ માથે છો ધણી શ્રીનાથજી;
વલ્લભના સ્વામી હું દાસી તમતણી શ્રીનાથજી. ૭

પ્રીતડી કરીએ તો હવે પાળીએ શ્રીનાથજી;
શરણે આવે તેને તારીએ શ્રીનાથજી. ૮

પૂરો મારા મન કેરી આશરે શ્રીનાથજી;
શરણે આવ્યો છું તમ દાસ રે શ્રીનાથજી. ૯

ભાવો ભવ પાર ઉતારીએ શ્રીનાથજી;
બલિહારી જાય **'માધવદાસ'** રે શ્રીનાથજી. ૧૦

ભકત કવિ શ્રી માધવદાસ, ખંભાત

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

હોલી

વ્રજ મેં ખેલન હોરી ચલરી ।
ચોવા ચંદન ઔર અરગજા, મોહન કે મુખ મલરી. ॥
ઇત ગોકુલ ઉત મથુરા નગરી, બીચ હૈ સુખ કૌ થલ રી ।
‘ચંદસખી’ હિત બાલ કૃષ્ણ પ્રભુ, જાસું રહિ હિલ–મિલ રી ॥

–ભક્ત કવિ ચંદ્રજુ ગોપીકાંત વ્યાસ, ઓડછા

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૧ : અંક–૧૧ — ફેબ્રુઆરી, ૧૯૯૩
શ્રી વલ્લભાબ્દ ૫૧૫

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/– ✻ **આજીવન રૂા. ૩૦૧**

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧

॥ શ્રીહરિઃ ॥

શ્રીવલ્લભ સુધાનું સને ૧૯૯૩-૯૪નું લવાજમ ભરી ભેટ પુસ્તકનો લાભ મેળવો

શ્રીવલ્લભ સુધાનું નવું વર્ષ ૧ એપ્રિલ ૯૩ થી શરૂ થશે. આ અંગે નીચે જણાવેલ સેવાભાવી પ્રતિનિધિઓ પાસે આપનું નવા વર્ષનું જવાજમ રૂા. ૩૦/- વાર્ષિક અથવા રૂા. ૩૦૧ આજીવન તુરત જમા કરાવવા વિનંતી.

તા. ૨૦-૩-૯૩ સુધીમાં જે ગ્રાહકોનું લવાજમ જમા થયેલ હશે તેને જ **ભેટ પુસ્તકનો** લાભ મલી શકશે ભેટ પુસ્યકની વિગત હવે પછી જાહેર કરવામાં આવશે.

વિશેષ લાભ તા. ૨૦-૩-૯૩ સુધીમાં રૂા. ૩૦૧ ભરી આજીવન ગ્રાહક બનનારને

ચાલુ વર્ષનું ૪૨૫ પાનાનું ભેટ પુસ્તક **શ્રીવિઠ્ઠલેશ સ્તુત્યાવલી** (જે અંદાજે રૂ. ૫૦ ની ન્યોછાવારનું થાય છે.) તે ભેટ મલી શકશે.

ચાલુ વર્ષનું ભેટ પુસ્તક શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી તૈયાર થઈ ગયેલ છે, તાજેતરની અશાંત પરિસ્થિતીને કારણે રવાનગી વ્યવસ્થા ગોઠવવામાં વિલંબ થઈ રહયો છે તો ક્ષમા કરવા વિનંતિ. ભેટ પુસ્તકની રવાનગી સેવાભાવી કાર્યકરો દ્વારા થતી હોઈ થોડા થોડા જથ્થામાં રજીસ્ટર નંબર પ્રમાણે લગભગ બે માસમાં બધા સભ્યોને મલી જશે તો ધિરજ રાખી સહકાર આપવા વિનંતિ.

૧ આનીડા (વાછરા) માંશ્રી નાનજીભાઈ ખીમજીભાઈ
૨ અમરેલી શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેરીયા રોડ, પાટા ઉતરતા શેકરની વાડીમાં
૩ અમદાવાદ શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩ સરદાર પટેલ નગર, એલિસ બ્રીજ
૪ ઉપલેટા શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ રાજમાર્ગ,
૫ કલકત્તા શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ ૧ લે માળે
૬ કલ્યાણ શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા
૭ જામનગર શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
C/o ડૉ. વી. એન.. ધોળકીયા, નાગર ચકલો
૮ જૂનાગઢ
૧ શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રંગનાથ વસરામભાઈ
શ્રી નાથજી ચેમ્બર્સ દાણાપીઠ
૨ શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિકિરણ એપાર્ટ મેન્ટ
વ્રજ વિહાર, જલારામ સોસાયટી
૩ શ્રી અરજણ જેસાભાઈ વૈષ્ણવ
"ગીતાંજલી" ગોકુલેશ સોસાયટી
લોહીયા વાડી પાછળ,
૯ જેતપુર (કાઠી)
૧. શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
પાણી શેરી, ઝવેરી રમણીકભાઈના મકાનમા
૨ મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી
૩ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટે
૧૦ ધોરાજી શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુક્લ શેરી, વઘાસીયા ચોરા,
૧૧ ધ્રાંગધ્રા શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિત શ્રંદીરણી સામે;
૧૨ પોરબંદર શ્રી જયંતિલાલ મુળજીભાઈ રાજાણી
લીબડી રોડ.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૧ અંક : ૧૧ ※ ફેબ્રુઆરી, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

સેવામેં ઉત્સાહ

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરુષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

> નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
> રૂપ નામ વિભેદન જગત્ ક્રીડતિ યો યતઃ ॥

સામગ્રી હંમેશાં ઉત્સાહપુર્વક લાવવામાં આવે, સિદ્ધ કરવામાં આવે અને નવીન ઉત્સાહ સાથે અંગીકાર કરાવવી જોઇએ.

આજનો પ્રસંગ આપણે સાંભળ્યો, તેમાં એ વાત આવી કે વૈષ્ણવે ભગવત્ સેવા કરતી વખતે હંમેશાં નવો ઉત્સાહ હૃદયમાં રાખવો જોઇએ. ઉત્સાહ ભગવદ્ ધર્મમાં સાધક છે અને ચિંતા પ્રતિબંધ કરનાર છે. ચિંતા એટલે શું ? તે અહીં સમજવાની આવશ્યકતા છે. આ ધ્યાન આપવા જેવી બાબત છે. ચિંતાથી તો આપણે બધા પરિચિત છીએ જ એવું કોણ છે કે જેને ચિંતાનો પરિચય ન હોય.

ઓછી–વત્તી ચિંતા દરેકને લાગેલી રહે છે અને

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

ચિંતા એક પ્રકારની નથી હોતી, અનેક પ્રકારની હોય છે. એક જ વિષયની નથી હોતી, અનેક પદાર્થની હોય છે. આ રીતે ચિંતા વિભિન્ન પ્રકારની હોય છે, પરંતુ અહીં જે ચિંતાનો પ્રસંગ વાર્તામાં આવ્યો છે તે ચિંતા આ બધા પ્રકારોથી જુદા જ પ્રકારની ચિંતા છે. આ ચિંતા એટલે ઉદ્વેગ સમજવાની આવશ્યકતા નથી. જે વ્યક્તિને ચિંતા થાય છે તેને ઉદ્વેગ થાય છે. ચિંતાને હૃદયમાં સ્થાન મેળવવા દેવું જોઇએ નહીં.

ઉદ્વેગ એટલે શું ? આપણે જે કાર્ય ચાહતા હોઇએ, જે વસ્તુ ચાહતા હોઇએ, જે પરિસ્થિતિને ચાહતા હોઇએ, તેનો જ્યારે સમાગમ ન થાય, તે વસ્તુ ન મળે ત્યારે ઉદ્વેગ (વ્યાકુળતા) થાય છે. આ ચિંતા જે છે તે લૌકિક ચાહના કે કોઇ પદાર્થ બાબતની નથી. પરંતુ સેવામાં નિત નવીન જે ઉત્સાહ હોવો જોઇએ, તેના અભાવની ચિંતા છે. સેવામાં પણ નિત નવીન પ્રકારનો ઉત્સાહ હોવો જોઇએ. આ નથી થઇ શકતું તેને કારણે ચિંતા થાય થાય છે. તો ભગવદ્ સેવામાં અનેક પ્રકારના પદાર્થોની આવશ્યકતા હોય છે.

ભગવદ્ સેવા માટે અનેક પદાર્થ હોવા જોઇએ. વસ્ત્ર, અલંકાર, સામગ્રી વગેરે અનેક પ્રકારના પદાર્થોની આવશ્યકતા ભગવદ્ સેવામાં હોય છે. તો હંમેશા આ પદાર્થો મેળવવા ભેગા કરવાનું આવશ્યક છે અને જો પદાર્થ મળી જાય તો તેની યથાયોગ્ય ઉત્તમ રીતે સિદ્ધ કરીને પ્રભુ સામે તેનું નિવેદન કરવું. પ્રભુ સામે આ પદાર્થોનું નિવેદન કરવાનું છે. તો અહીં તે ભાવુકબાઇના હૃદયમાં જે ચિંતાના અભાવથી ભગવાન તેનાથી નારાજ થયા તેનું કારણ એ હતું કે તેણે વધારે સમય માટે વ્યવસ્થા કરી હતી. સામગ્રી વધારે સમય માટે સિદ્ધ કરીને પોતાના ઘરમાં તેને તૈયાર પણ કરી હતી અને તે નિશ્ચિંત થઈ ગઈ હતી કે હવે થોડા દિવસો માટે કામ ચાલશે. સામગ્રીની વ્યવસ્થા નહીં કરવી પડે. આ પ્રકારની નિશ્ચિંતતા તેને થઇ ગઈ હતી.

એવું હોવું જોઇએ કે પ્રભુ માટે સામગ્રી ઉત્તમ થઈ ગઇ તે કંઇ કરવાનું જ નથી. સામગ્રી ઉત્તમ પ્રકારની હોય તો તે આવશ્યક છે જ, પરંતુ ઉત્તમ પદાર્થોનું ઉત્તમ સામગ્રીનું ઉત્તમ રીતે તેને સિદ્ધ ન કરવામાં આવે તો તેમાં કંઇક ખામી રહી જાય છે.

તો અહીં કહેવાની વાત એ છે કે આપણે પ્રભુ વિષયક જેટલા પણ જરૂરી પદાર્થ છે તે પદાર્થો એકત્ર કરવા માટે હૃદયમાં પહેલાં વિચાર હોવો જોઇએ કે પ્રભુ માટે અમુક અમુક વસ્તુઓ આવશ્યક છે ત્યાંથી તે પદાર્થો એકત્ર કર્યા બાદ, મેળવી લીધા બાદ એને ઉત્તમ રીતે સિદ્ધ કરવા એ બે વાત થઇ ગઈ અને ત્રીજી એક વાત રહી ગઇ.

કોઇ પદાર્થ પ્રાપ્ત કરવો એક વાત એ થઇ અને બીજી વાત એ છે કે ઉત્તમ રીતે

સિદ્ધ કરવાની, ત્રીજી એક વાત રહી ગઇ, ઉત્તમ પ્રકારે લાવેલ, ઉત્તમ પ્રકારે સિદ્ધ કરેલ જે વસ્તુ છે તેને ઉત્તમ મનોરથ કરીને પછી પ્રભુ પાસે નિવેદન કરી શકાય. એ વાત સમજાઇ ઉત્તમ પદાર્થ પ્રાપ્ત પણ થઇ જાય, ઉત્તમ પ્રકારનો મનોરથ ન હોય તો ? ઉત્તમ પ્રકારનો મનોરથ શું છે તે સમજવા જેવી વાત છે કે પ્રભુને જેમાં સુખ મળે તે ઉત્તમ પ્રકારનું નિવેદન છે.

પ્રભુને જેમાં સુખ, આનંદ, સંતોષ થાય તે ઉત્તમ પ્રકારનો મનોરથ છે. ત્રણે વસ્તુ એકત્રિત થઇ જાય, જ્યારે પ્રભુ સેવા ભલી રીતે અંગીકાર કરે પછી તો તેની આવશ્યકતા રહેતી નથી. ત્રણે વાતનો સહયોગ થવો જોઇએ.

એક પણ વાતનો અભાવ હશે તો તેની ઉણપ રહી જશે તો અહીં પ્રભુ નારાજ થઇ ગયા કે કેટલા દિવસ માટે સામગ્રી સિદ્ધ કરીને રાખી દીધી. ઉત્સાહ તો એ જ હતો કે પ્રભુ માટે મેં સિદ્ધ કરી છે. તેમાં તો હું નિવૃત્ત ન થઇ શકું. પ્રભુ માટે સિદ્ધ કરી છે એ ભાવના તો તેના હૃદયમાં હતી. પરંતુ દરરોજ નવિન પ્રકારનો જે ઉત્સાહ તેના હૃદયમાં હોવો જોઇએ. હવે તેના હૃદયમાં ક્યાંથી આવશે ? તેથી તેને નિશ્ચિંતતા થઇ ગઇ કે મેં સામગ્રી સિદ્ધ કરી રાખી છે તે ભોગ ધરી દેશે. આ વાત તો સમજમાં આવી ગઇ ને ? તો નવિન પ્રકારનો જે ઉત્સાહ છે હવે તે બાઇના હૃદયમાં નહીં રહ્યો હોય. તેથી પ્રભુએ તેની સેવાને ઉત્તમ સેવા ન સમજી, તેની ઉત્તમતામાં જે ઉણપ હતી તે પૂર્ણ કરવા માટે તેને સાવધાન કરી.

ઉત્તમ મનોરથની પણ કમી ન રહી જાય, તે ભાવનાથી. એ દૃષ્ટિથી આપે તેને પરિચિત કરવા માટે આ રીત અપનાવી. તો આ વાત આપની સમજમાં લાવવાની આવશ્યકતા છે કે દુનિયા માટે તો આપણે પદાર્થ લાવીએ છીએ. દરેક ગૃહસ્થી લાવે છે. જે પદાર્થ નિત્ય આવે છે, જેની આવશ્યકતા છે, નિત્ય લાવે છે, સેવા માટે લાવે છે. જે વસ્તુ નથી તે વસ્તુ જોઇએ. આ વસ્તુ ઘરમાં નથી. તેથી તે લઇ આવવાની છે. આ તો લૌકિક વાત થઇ. આ સાચા અનુભવની વાત છે. વ્યક્તિ જે પરિવારમાં ઘરમાં હોય તેને માટે વિચાર આવતો રહે છે કે અમુક ચીજ નથી, કાલે જરૂર પડશે તેને લાવવાની છે.

એ રીતે પ્રભુ માટે પણ આ પ્રકારનો ઉત્સાહ હૃદયમાં હોવો જોઇએ. અને વાત એ પણ છે કે આજે જે વસ્તુ પ્રભુ માટે નિવેદન કરી છે તે બધુ સમજીને કર્યું છે. આ વાત સામાન્ય માનીને કરી. પરંતુ કાલ વસ્તુ આનાથી પણ ઉત્તમ બને.

આજે જે પ્રકારની સામગ્રી સિદ્ધ કરીને આપણે પ્રભુને અંગીકાર કરાવી છે. કાલે તેનાથી પણ વિશેષ પ્રકારની સામગ્રી સિદ્ધ કરીને આ રીતે અંગીકાર કરાવવી છે. આ પ્રકારની ભાવના પણ હૃદયમાં હોવી જોઇએ.

આજની વસ્તુ સિદ્ધ કરીને રાખી દઇશું, એ સારી વાત છે. એ ખરાબ વાત નથી. આ પણ એક સારી રીત છે. પરંતુ સૌથી સારી રીત એ છે કે આથી ઉત્તમ સામગ્રી સિદ્ધ કરીને કાલે પ્રભુને અમે નિવેદન કરીશું.

આ પ્રકારની ભાવના જ્યારે હૃદયમાં આવે છે, ત્યારે પ્રભુ પદાર્થને એ સેવાને એ સામ-

શ્રીને ઉત્સાહથી અંગીકાર કરે છે. પ્રભુ અંગીકાર તો કરે છે. તમે ચાર દિવસની સામગ્રી કરીને ધરી દેશો તો પ્રભુ અંગીકાર તો કરી લેશે. પરંતુ જેટલો ઉત્સાહ તમારા હૃદયમાં છે, તેવા ઉત્સાહથી પ્રભુ તેને અંગીકાર કરશે. જેવા ઉત્સાહથી તમે સામગ્રી સિધ્ધ કરીને રાખી તેવા જ ઉત્સાહથી આ સમજી લેજો.

તેથી આપણે આજે આ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે જેમ લૌકિક કાર્યો માટે, વસ્તુ માટે, લૌકિક સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઉત્સાહ રહે છે. તેવી જ રીતે ઉત્સાહની ભાવના પ્રભુસંબંધી કાર્યોમાં પણ રહે એવી ભાવના હોવી જોઇએ

એવી ભાવના હોય તો પ્રભુ સેવા વિશેષને વિશેષ અંગીકાર કરશે. આ વાત ધ્યાનમાં રાખીને જ્યારે પણ સેવા કરવાનો પ્રસંગ આવે ત્યારે જે વાતો તમને બતાવી, તેમાંથી બે ચાર વાતોનું ધ્યાન રાખજો. જો આપણે સેવા કરીશું તો પ્રભુ તે સેવા અવશ્ય સારી રીતે અંગીકાર કરશે. બસ આટલું કહીને આજનું વકતવ્ય સમાપન કરવામાં આવે છે.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

શ્રીકૃષ્ણરાય ભટ્ટ વિરચિત સર્વાર્થ બોધિકા વ્યાખ્યાસમેત

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપંરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

આ જ કારણને લીધે "ત્યકત્વા સ્વધર્મં ચરણાંબુજં હરેઃ" એટલે "પોતાના ધર્મને ત્યજીને શ્રી હરિનાં ચરણકમળને" એ કથનનું વિવરણ કરતાં "અસ્ય ધર્મં" એટલે કે પોતાનો ધર્મ ન હોય તેને (ત્યજીને) એવો પદચ્છેદ (બે શબ્દોને છુટા પાડવાની (ક્રિયા) કરીને અર્થ એ સૂચવવામાં આવ્યો કે ભગવાનના ચરણારવિંદની સેવા કરવી. એ જ આપણો ધર્મ છે એમ સૂચવ્યું. એ જ કારણથી ધર્મ વગેરેથી જે થાય છે એ ભગવાનની સેવાથી જ થશે એમ કહીને દૈહિક (દેહ સંબંધી) ધર્મોનું ગૌણત્વ (ઓછું મહત્વ) સૂચવ્યું છે અને તેથી જ ભગવાનનું કથન "યત્કર્મભિર્યત્ત પસાજ્ઞાન વૈરાગ્યતશ્ચ યત્ । યોગેન દાનધર્મેણ શ્રેયોભિરિતરૈરપિ" એટલે જે (ફળ) કર્મો કરવાથી, કે તપ કરવાથી, કે જ્ઞાન તથા વૈરાગ્યના સંપાદનથી કે યોગની (સિદ્ધિથી), કે દાનધર્મથી કે કલ્યાણકારી બીજા ઉપાયો (સાધનો)થી પણ (નથી મળતું) વગેરે; "સર્વ મદ્ભકિત યોગેન મદ્ભકતો લભતેઽ-નસે" એટલે કે મારો ભકત મારી ભકિતના યોગથી સર્વ કાંઇ મેળવે છે; "યન્ન યોગેન સાંખ્યેન દાન વ્રત તપોધ્વરૈ । વ્યાખ્યા – સ્વાધ્યાય–સંન્યાસૈઃ પ્રાપ્નુયાદ્યત્નપિ" એટલે કે જે યોગથી

સાંખ્યથી, દાનથી, યજ્ઞો કરવાથી, સ્વાધ્યાયથી યા તો સંન્યાસ વગેરે સાધનોથી પ્રયત્નો કરવા છતાં મેળવી શકાતું નથી (તે મારી ભકિતથી સેવાથી મેળવી શકાય છે – વગેરે, વગેરે વાકયો દ્વારા કહેલું છે કે પોતાની (એટલે ભગવાનની) પ્રાપ્તિ બીજા કોઇ સાધનોથી થતી નથી. ધર્મ વગેરેની પ્રાપ્તિ તો ભકિતના આનુષંગિક (ગૌણ) ફળ તરીકે કહેલું છે. ન અન્યઃ એટલે બીજો કોઇ (ધર્મ) નથી. કવાપિ એટલે કોઇપણ સ્થળે. કદાચિત એટલે કોઇપણ સમયે પણ બીજો ધર્મ નથી. બીજું એ કે જેને ભગવાન પોતાના જન તરીકે સ્વીકારે છે, "યમેવૈષ વૃણુ તે" એટલે ભગવાન જેની વરણી (પસંદગી) કરે એમ વેદમાં કહ્યા પ્રમાણે તથા "ભકત્યાત્વનન્યયા" એટલે (બીજા કોઇની નહિ એવી) ભગવાનની અનન્ય ભકિતથી વગેરે વાકયોથી પણ (ભગવાનની) સેવાજ પોતાનો ધર્મ બને છે. એટલું જ નહિ પણ "ત્રૈવર્ગિક" ત્રણ વર્ગને લગતું....વગેરે વાકયોથી એમ સૂચવ્યું છે કે જેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય તેમનામાં રહેલા લૌકિક અંશને છોડાવવા માટે ત્રિવર્ગ (ત્રણ પ્રકારના લાભ યા તો સુખ)નો નાશ તો ભગવાન પોતે જ કરે છે. મોક્ષની અપેક્ષા તો ભકતોને પોતાને પણ હોતી નથી.

"દીવ્યમાનમ્" એટલે આપવામાં આવતું હોવા છતાં એ વાકયમાં જણાવ્યા પ્રમાણે. એવી જ રીતે ભકિત માર્ગમાં કયો પુરૂષાર્થ છે તે જાણવા પુછેલા પ્રશ્નના ઉંત્તરમાં આપણા પ્રભુચરણ શ્રી મહાપ્રભુજીએ "અહં હરે તવ પાદૈક મુલદાસાનું દાસઃ" એટલે હે હરિ હું તો માત્ર એક આપના ચરણતલનો દાસાનુદાસ સેવકનો પણ સેવક છું. એ વાકયનું વિવરણ કરતાં નિરૂપણ કરેલું છે કે "હરેર્દાસ્યં ધર્મોર્થો હરિરેવ હિ । કામો હરે ર્દિદક્ષા એવ મોક્ષઃ કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવં" એટલે કે શ્રી હરિનું દાસ્ય (સેવા) એ જ ધર્મ છે અને (ધન, દોલત, સંપત્તિ) પણ શ્રી હરિ જ છે. હરિનું દર્શન કરવાની ઇચ્છા એ જ કામ છે અને શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એ જ મોક્ષ છે એમ આજ્ઞા કરેલી છે. આ પ્રમાણે ભગવાનની સેવા એ જ દરેક જીવનો સ્વધર્મ છે....૧.

જો એમ દલીલ કરવામાં આવે કે બધાંને માટે ભગવાનની સેવા એ જ જો સ્વધર્મ હોય તો પછી બધા ભગવાનની સેવા જ શા માટે કરતા નથી ? એવી અપેક્ષામાં આજ્ઞા કરે છે....એવમ્....વગેરે.

એવં સદાસ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।
પ્રભુઃ સર્વ સમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્
॥ ૨ ॥

અર્થ : આ પ્રમાણે હંમેશાં આપણું કર્તવ્ય છે. પ્રભુ પોતે જ એવી અનુકુળતા કરી આપશે. કારણ કે પ્રભુ સર્વ કરવાને સમર્થ (શકિતમાન) છે તેથી નિશ્ચિંતતાનું સેવન કરવું....૨

ટીકા : 'એવ' એટલે આ પ્રકારે સ્ત્રીઓ જેમ પોતાના પતિની સેવા કરે છે તેમ સદા એટલે હંમેશાં – નિરંતર – વચ્ચે જરાપણ અટકયા વગર – દૈવીજીવોએ – સારા માણસોએ જે કરવા યોગ્ય (કર્તવ્ય) છે તે અમોએ કહ્યું સ્મ શબ્દ પ્રસિદ્ધ છે એમ દર્શાવવા વાપરવામાં આવેલો છે. દૈવી જીવોનો આ ધર્મ છે. નહિ કે આસુરીવૃત્તિવાળા જનોનો. આસુરી વૃત્તિ-

વાળાઓની તો વ્યભિચારિણી સ્ત્રીઓની જેમ બીજા ધર્મોમાં પણ પ્રવૃત્તિ હોય છે. દૈવી જીવો માટે તો ગૃહસ્થાશ્રમમાં રહેનારાઓ માટે તો શ્રુતિ (વેદ)માં તથા સ્મૃતિમાં (આચાર્યોએ રચેલ ધર્મગ્રન્થમાં) દર્શાવેલા કર્મો કરતાં કરતાં વેદરૂપ ભગવાનની આજ્ઞા અનુસાર બીજાદેવનાં યજન કરતી વખતે એ ભગવાનનું જ એક અંગ હોવાથી અને એ ભગવાનની જ એક વિભૂતિ હોવાના કારણે યાગ કરવાનું કહેવામાં આવેલું હોવાથી (એ ભગવાનની વિભૂતિઓનું યજન કરવાથી) અન્ય દેવોની સેવા કરવાનો દોષ રહેતો નથી. એવી જ રીતે "અનન્યાશ્ચિંતયન્તોમાં" એટલે કે અનન્ય ભક્તિથી મારૂં ચિંતન કરનારાઓ વગેરેમાં વાકયોને લીધે ભકતના યોગ તથા ક્ષેમને જાળવવાનું કાર્ય ભગવાનનું જ છે એ કારણથી જે કંઇ ધર્મ વગેરે દ્વારા ઐહિક (આ લોકને લગતું) તથા અમુષ્મિક (બીજા લોકને લગતું) ફલ વગેરે છે તે આપણા પોતાના કોઇ પ્રયત્ન વગર જ ભગવાન પોતે જ કરશે – તેનું સંપાદન કરશે – એમ અર્થ છે.

કયાંથી ? એવા પ્રશ્નની અપેક્ષા રાખીને આજ્ઞા કરે છે કે, પ્રભુઃ સર્વ સમર્થો હિ એટલે કે પ્રભુ સર્વ કરવા શકિતમાન છે. બધાંનો બ્રહ્મા, ઇન્દ્ર, રૂદ્ર વગેરે દેવોના પણ ભગવાન સ્વામી તથા નિયમમાં રાખનાર હોવાથી ભગવાનનું ખાસ લક્ષણ (ગુણ) છે કે બધું કરવાની શકિત ધરાવે છે. બધા (દેવોએ) મળીને જે કરવા યોગ્ય હોય એ જાતે જ કરવાને ભગવાન સમર્થ છે. 'હિ' શબ્દ પ્રસિદ્ધ (જાણીતી વાત) બતાવે છે. ક્ષીર સાગરના મંથન દરમિયાન મંદરાચલ લઇ આવ્યા હતા એ પ્રસિદ્ધ વાત છે. 'તેન' એટલે સર્વ પ્રકારથી દેશ–કાલ–દ્રવ્ય કર્તૃ–મંત્ર–કર્મ વગેરેનો આગ્રહ છોડીને ચાર પ્રકારના પુરૂષાર્થ રૂપ ભગવાન જ તેથી ભગવાનનો આશ્રય લઇને ભગવાનની સેવા જ કરતાં કરતાં નિશ્ચિંતતાનું સેવન કરવું. તેથી ભગવાનનો આશ્રય કરનારા દૈવી જીવોએ કોઇ પણ સમયે કોઇપણ પ્રકારની ચિંતા ન કરવી જોઇએ. કારણ કે ચિંતામાં આસુર ભાવ સમાયેલો છે. બધું કાર્ય ભગવાન જ સિદ્ધ કરશે એ ભાવ છે.

જો એવી દલીલ કરવામાં આવે કે લૌકિક, વૈદિક ધર્મો વગેરે આશ્રયનો જો સંપૂર્ણ ત્યાગ કરીને જો ભગવાનની સેવા કરવામાં આવે ત્યારે કદાચ ભગવાન પણ એ (પ્રમાણે) મનોરથ ન કરે એવી પરિસ્થિતિમાં શું થશે ?

આવા પ્રશ્નની અપેક્ષાથી આજ્ઞા કરે છે કે "યદિ" વગેરે....વગેરે.

યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।
તતઃ કિમ પરં બ્રુહિ લૌકિક વૈદિ કૈ રપિ ॥૩॥

અર્થ : સર્વાત્મ ભાવપુર્વક જો શ્રી ગોકુલના અધિપતિને હૃદયમાં ધારણ કરવામાં આવે તો લૌકિક તથા વૈદિક કાર્યોથી જુદું બીજું શું ફળ હોય એ તું મને કહે. ॥૩॥

(ક્રમશઃ)

વૈષ્ણવતાનો દિવડે

ગો. વા. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રીના જીવનના સંસ્મરણો

લેખક : **શ્રી વિઠ્ઠલભાઈ મકવાણા, ધોરાજી**

ઉમરના કારણે ઢાઢીલીલા કરવાનું હવે બંધ કરી દીધું હતું, પણ કિર્તનોમાં કાકા-ભત્રીજાની જોડી જામવા લાગી. વડોદરાવાળા પ. ભ. શ્રી શાંતાબહેન વારે વારે કાકા-ભત્રીજાને વડોદરા તેડાવે, થોડા દિવસ રોકાય વિવિધ પ્રકારના મનોરથો કરે. રાસ, હીંચ, કિર્તનોંની રમઝટ બોલતી રહે. આખો દિવસ ભગવદ્ચર્ચા કિર્તનોમાં વ્યતીત થતો. લીલા ભાવનાઓના વાર્તાલાપ ચાલુ જ રહેતા. એ લીલામય આનંદના દિવસો પલકવારમાં વીતી જતા. ત્યાંથી વિદાય વખતે હૈયું ભરાઇ જતું. હૃદય આર્દ્ર બની જતું. સામે પક્ષે પ. ભ. શ્રી શાંતાબહેનની હાલત પણ એવી જ થતી. વિષમ લૌકિક પરિસ્થિતિ વચ્ચે પણ આવા અલૌકિક આનંદના પુષ્પો ખીલ્યાં હતાં. તેમના પમરાટથી કંટકોના કષ્ટો સહ્ય બની જતાં હતાં.

શ્રી રવજીભાઇને આ બધો આનંદ શ્રી નારણદાસકાકાની કૃપાથી જ મળ્યો હતો. અમરેલી ખાતે શ્રીકૃષ્ણદાસભાઇનું જેવું સ્થાન રવજીભાઇ માટે હતું તેવું જ સ્થાન અમદાવાદ ખાતે શ્રી નારણદાસકાકાનું હતું.

અમદાવાદના આ વસવાટ દરમ્યાન એક લૌકિક દુઃખદ ઘટના બની ગઇ હતી, પણ તે પરિણમી અલૌકિક ઘટનામાં ! ઘોડાગાડીની આગલી સીટમાં બેસવા જતાં ઘોડાએ પાછલા પગની લાત ઘુંટીમાં ફટકારતા લગભગ ચારેક માસ પથારીમાં રહેવું પડયું હતું. બહાર જઇ શકાય તેમ ન હતું. ઘુંટીના આરામ માટે પથારીમાં જ રહેવાનું હતું. આથી શ્રી પ્રભુએ ઉત્તમ સાંપ્રદાયિક સાહિત્ય સર્જનની પ્રેરણા આપી. પ્રેરણાના પિયુષ પીને કિર્તનોના રહસ્યો સમજાવતાં સાહિત્યની રચનાની શરૂઆત કરી દીધી. આમ તો 'સત્સંગ' શરૂ થયું, ત્યારથી જ લખાણાં લખતાં જ હતા, પણ પ્રમાણ નહિવત્ જ હતું.

ઉત્તમ કોટિનું ઘણું બધું સાહિત્ય આ અરસામાં સર્જ્યું હતું. અમદાવાદ ખાતેના બધાં ભાઇઓ થોડા-થોડા દિવસે મળવા આવતાં. તેમની હસ્તપ્રતો ખૂબજ પ્રેમથી વાંચવા લઇ જતાં. વાંચીને ભગવદ્રસ અનુભવતાં હતા.

આ બધાં વૈષ્ણવભાઇઓની હુંફ અને સ્નેહથી જ 'કારાગારવાસ' પુરો થયો હતો. ખરેખર તો આ 'કારાગારવાસ' નહોતો રહ્યો, પણ આનંદવાસમાં ફેરવાઇ ગયો હતો.

પ્રભુની લીલા તો અપરંપાર છે, સાધારણ જીવો તો તેને કયાંથી સમજી શકે ? ફકત લૌકિક દૃષ્ટિ ધરાવતા માનવીઓને આવા પ્રસંગે ફકત દુઃખ જ દેખાય છે, ત્યારે અલૌકિક ભાવના ધરાવતાં મહાનુભાવોને લૌકિક દૃષ્ટિની પેલે પાર દુર દુર ક્ષિતિજે અલૌકિક ભાવના જ દેખાય છે, રસેશ્વરની લીલાઓ જ નિહાળે છે. તેઓ આવી સ્થિતિને પ્રભુકૃપા સમજીને સદાય આનંદમાં રહે છે.

પ. ભ. શ્રી રવજીભાઇ જયારે ધોરાજી, ઉપલેટા પંથકમાં હતા, ત્યારે ચીચોડ નામના ગામડામાં ધંધાને અંગે વસવાટ હતાં. શ્રી

રવજીભાઇ સંપ્રદાય અને કિર્તનના જાણકાર મહાનુભાવ વૈષ્ણ ગામમાં રહેવા આવ્યાં. તેથી તે ગામના વૈષ્ણવો ખૂબ જ રાજી થયા. વૈષ્ણવોમાં આનંદ છવાઇ ગયો. દરરોજ રાત્રે ભગવદ્‌વાર્તામાં અવર્ણનીય આનંદ આવતો. પ્રસંગોપાત્‌ અવારનવાર ખુશીથી કિર્તનો થતાં હતાં. કિર્તનમાં અલૌકિક વાતાવરણ ખડું થઇ જતું.

પોરબંદરના શ્રી ઠાકરશીભાઇ નામના એક વૈષ્ણવ શ્રી રવજીભાઇના સંગી અને સ્નેહી હતા. બન્નેને એક બીજાપર ભારે પ્રિત. શ્રી ઠાકરશીભાઇ શ્રી રવજીભાઇ સાથે થોડા દિવસ રહેવા ચીચોડ ગામે આવે ત્યારે ગામના વૈષ્ણવો સાથે કિર્તનોમાં ભારે જમાવટ થતી. એ દિવસોમાં આનંદની હેલી ચડતી. શ્રી ઠાકરશીભાઇ પણ કિર્તનના સારા એવા જાણકાર અને અવાજ પણ મીઠો–સુરીલો. કિર્તનમાં શ્રી રવજીભાઇના સુરીલા કંઠનું કામણ છવાઇ જતું. સંગીતની એક સંમોહક અસર ઉભી થઇ જતી. આવાજ પ્રસંગે એક અદભુત બનાવ બની ગયો !

એક વખત રાત્રે કિર્તતોની ભારે જમાવટ થઈ હતી. સહુ વૈષ્ણવો કિર્તનના ગાનમાં ભાવવિભોર થઇ ગયા હતા. નેત્રો અર્ધબંધ રાખી સહુ કિર્તનનો આનંદ માણી રહ્યા હતા તેવે સમયે એક ચક્ષુશ્રવા–સર્પ મંડળીની વચ્ચે આવીને ડોલવા લાગ્યો ! કિર્તન સંગીતના તાનમાં એ પણ મસ્તીથી ડોલતો રહ્યો ! વૈષ્ણવોનું ધ્યાન ગયું, મંડળીમાં સ્તબ્ધતા છવાઇ ગઇ, નાશભાગ તો ન થઇ શકે, કયાંક કચરાઇ જાય અગર ડસી પણ લે, આથી યુક્તિ વાપરી બધાં શાંત થઇ ગયા. વૈષ્ણવોએ પોતાના ગોઠણ ઊંચા કરી સર્પને જવાનો રસ્તો કરી આપ્યો. કિર્તન સંગીત બંધ જતાં સર્પ શાંતિથી ચાલ્યો ગયો.

શ્રી રવજીભાઇ સહિત બધાં વૈષ્ણવોના જીવનમાં આવો અવિસ્મરણીય અને આનંદદાયક બનાવ બની ગયો હતો. આ પ્રસંગને શ્રી રવજીભાઇએ તથા શ્રી ઠાકરશીભાઇએ વાગોળી વાગોળીને જીવનની અંતિમ ક્ષણો સુધી હૈયામાં સંઘરી રાખ્યો હતો. ઘણાને આ પ્રસંગ કહેતાં હતા.

ભગવદ્‌ ભકતો અને કિર્તન સંગીતની હાજરી હોય ત્યાં અલૌકિક વાતાવરણ ઉભું થઇ જાય. આ અલૌકિક આનંદની પ્રભામાં આવા કોઈ દૈવી જીવ હોય તે ખેંચાઈ પણ આવે.

લગભગ સને ૧૯૩૮ ના અરસામાં ધોરાજી તાલુકાના મોટી મારડ ગામે ધંધાને અંગે વસવાટ કર્યો હતો. રવજીભાઇ પોતાના ગામમાં રહેવા આવે છે, જાણી ગામના વૈષ્ણવોમાં આનંદ છવાઇ ગયો. બધાં વૈષ્ણવભાઇઓએ વસવાટ માટે જરૂરી મકાનની સગવડતા કરી આપી. રહેવા આવ્યાં પછી મોટી ઉંમરના વૈષ્ણવોની પ્રિતી સંપાદન કરી લીધી. આ વૈષ્ણવોના બાળકો કિર્તન સંગીત વિહોણા હતા. પોતાના બાળકો કિર્તન શીખે તેવી તેમની ઘણા સમય થયાં ઇચ્છા હતી, પણ શીખવનાર કોઇ ન હતું. કિર્તન સંગીતના જાણકાર અને કિર્તન શીખવવાની ધગશવાળા આ યુવાન રવજીભાઇને જોઈ બધાં વૈષ્ણવોએ પોતાના બાળકોને કિર્તન શીખવવાની વાત કરી. શ્રી રવજીભાઇને તો 'દોડવું હતું' અને ઢાળ મલી

ગયો' જેવો ઘાટ થયો. શ્રી રવજીભાઇ તો તૈયાર જ હતા.

તેમણે વૈષ્ણવ યુવાનોનું એક મંડળ બનાવ્યું અને કિર્તન શીખવવાનું શરૂ કર્યું. શ્રી મોહનભાઇ દલસાણીયા, નારણભાઇ તથા પુંજાભાઇ અધકેક, શ્રી પ્રેમજીભાઇ જાગાણી, શ્રી હરીભાઇ મોટા અને નાના, શ્રી નાનજીભાઇ ભાલોડીયા તથા શ્રી લાલાભાઇ ચાંગેલા વ. યુવાન વૈષ્ણવો મંડળમાં મુખ્ય હતા. આ બધાં યુવાન વૈષ્ણવો રાગ અને તાલમાં કિર્તનો શીખ્યાં, કાલીઘેલી ભાષામાં શ્રી ઠાકોરજી સન્મુખ રૂપાપોરીયાની જેમ કિર્તન ગાતાં કરી દીધાં શ્રી ને કિર્તન સંગીતની સેવા અંગીકાર કરાવીને ધન્યતા અનુભવતા. એ યુવાન વૈષ્ણવો શ્રી રવજીભાઇની કૃતજ્ઞતા સ્વીકારે છે. સમગ્ર જીવન પર્યંત તેમને ભૂલ્યાં નથી.

આ વૈષ્ણવભાઇઓની કૃપાનો એક પ્રસંગ યાદ આવે છે. સુપેડી ખાતેના વસવાટ દરમ્યાન શ્રી રવજીભાઇના મોટા પુત્ર ગોકળદાસભાઇનું અવસાન થયું ત્યારે લૌકિકે આવેલાં આ બધાં ભાઇઓ ખીસામાં પૈસા લઇને આવ્યાં હતા ! તેઓ શ્રી રવજીભાઇની-આર્થિક સ્થિતિને સારી રીતે જાણતા હતા. જો કે પૈસાની જરૂર ન પડી. આવી હતી એ અંતરંગ સ્નેહીજનોની લાગણી !

ગુરુદેવના લાલજી શ્રી પ્રથમેશજી બાવા પર અપાર શ્રદ્ધા. શ્રી પ્રથમેશજીને સાક્ષાત્ શ્રી ઠાકોરજીનું જ સ્વરૂપ માને. તેમની આજ્ઞાને શ્રી ઠાકોરજીની જ આજ્ઞા માને. આ સાથે શ્રી પ્રથમેશજીબાવા પણ શ્રી રવજીભાઇ પર ખુબ જ અનુગ્રહ રાખે. પ્રસંગોપાત પોતાને ત્યાં શ્રી રવજીભાઇને ખાસ તેડાવતાં હતા. ભૂલેશ્વરમાં શ્રી દાઉજીના મંદિરમાં અને આપશ્રીના અંગત રહેઠાણમાં કંઈ બાંધકામ કરવાની જરૂર ઉભી થાય, ત્યારે શ્રી રવજીભાઇને તેડાવે. અપરસમાં નાહીને બધું કામ કરવાનું. આ માટે વિશ્વાસુ, અંગત અને મેંડના જાણનાર એવા શ્રી રવજીભાઇ સિવાય બીજા કોઇ ધ્યાનમાં આવે નહીં. આ સિવાય પણ શ્રી રવજીભાઇને પોતાની પાસે થોડો વખત રહેવા પણ તેડાવે. શ્રી રવજીભાઇ પર ગુરુની કેવી કૃપા ! ભાગ્યશાળી શ્રી રવજીભાઇ પર શ્રી પ્રથમેશજીની પુર્ણ કૃપા હતી. શ્રી ગુરુદેવની કૃપા જાણી શ્રી રવજીભાઇ પણ તન–મનથી રાત–દિવસ જોયા વગર સેવા કરતાં હતાં.

આવી રીતે શ્રી પ્રથમેશજીની પુર્ણ કૃપા વિલસી રહી હતી, ત્યારે શ્રી રવજીભાઇ ઘર, વ્યવહારની ચિંતાઓ ભૂલી જાય, તે સ્વાભાભાવિક જ હતું. ગુરુઘરનું કંઇપણ દ્રવ્ય ન લેવું તે ટેક તો ખરી જ !

લગભગ ૧૯૫૪–૫૫માં શ્રી રવજીભાઇ આવી રીતે લગભગ ચારેક માસ સુધી સેવા કરવા મુંબઈ શ્રી પ્રથમેશજી પાસે રોકાયા હતા. ઘરમાં કમાનાર બીજુ કોઇ નહી, આથી સુપેડી ખાતે રહેતા પરિવારની આર્થિક મુંઝવણ ખુબ જ વધી ગઇ. આ ચાર માસ કેમ કાઢવા તે પ્રશ્ન શ્રી ગંગામાંને મુંઝવ્યા કરે. આ સ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે પત્નિ મણીબેનના દાગીના વેચીને દિવસો કાઢવા પડયાં હતા ! આવા વિરલ ભગવદીય સંસારમાં બહુ જ ઓછા જોવા મલે. તેમણે કદીપણ ગુરુઘરનું દ્રવ્ય લીધું નથી.

આવી પરિસ્થિતિ વચ્ચે પણ શ્રી રવજીભાઇ સદાય જળકમલવત્ જ રહેતાં હતા. ભજન–વાંચન અને લેખનની પ્રવૃત્તિમાં મસ્ત રહેતાં હતાં. સાંપ્રદાયિક લેખન–વાંચનની પ્રવૃત્તિ એ તેમના જીવનનું એક અવિભાજ્ય અંગ બની ગયું હતું. તેમની પ્રવૃત્તિ 'સત્સંગ' માસિકના ઉદય સાથે શરૂ થઇ હતી. 'સત્સંગ'ના આદ્યતંત્રી શ્રી કૃષ્ણદાસભાઇએ શ્રી રવજીભાઇના લેખનમાં હીર જોયું અને વધુ સર્જન માટે પ્રોત્સાહન આપવા લાગ્યાં. શરૂઆતમાં થોડો વખત આતા ઉકાની વાતોના રૂપમાં સંપ્રદાયના ગંભીર સિદ્ધાંતોની ચર્ચા હળવી ભાષામાં કરતા હતા. ત્યાર બાદ ધોળ, કાવ્યો અને કિર્તનોની રચના કરતા હતા. શ્રી નંદદાસજીના પદોમાં વિશેષ રૂચિ તેમને શ્રીનંદદાસજીના પદોમાં પંચમંજરી અને મોટા કાવ્યોમાં ગહેરાઇ વધુ દેખાતી હતી. પદમાં અર્થની સઘનતા, અનેકાર્થતા, ગહેરાઇ વગેરે સાહિત્યના મર્મીઓને કોઇ અનેરો આનંદ અર્પતા હોય છે. જીવન પાથેયના આવા સ્ત્રોતોમાંથી શ્રી રવજીભાઇ જેવા મર્મીઓ પ્રેરણાની સરવાણી ઝીલીને આચમન કરતાં રહ્યા હતા.

મોટીમારડથી ધોરાજી આવીને વસ્યા. લગભગ સને ૧૯૪૬ના અરસાનાં વસવાટ દરમ્યાન કિર્તન–ઢાઢીલીલા ભગવદ્વાર્તા વ. પ્રવૃત્તિને કારણે શ્રી રવજીભાઈ ધોરાજીના સહુ વૈષ્ણવોમાં પ્રીતિ પાત્ર બન્યાં.

શ્રી રવજીભાઇને ઘેર રાત્રે નિયમિત ભગવદ્વાર્તા થતી હતી. તેમાં દરરોજ રાત્રે ગામના દુર દુરના વિસ્તારોમાંથી ઘણા વૈષ્ણવભાઇઓ આવતા. ભગવદ્વાર્તામાં રાતના બાર તો સ્હેજેય વાગી જતાં. આવનાર વૈષ્ણવભાઇઓમાં શ્રી હરિદાસભાઈ ગાંધી અને શ્રી હેમચંદ જુઠાભાઇ તો ઘણી વખત રાતના એક–બે વાગ્યા સુધી બેસતા ભગવદ્ચર્ચામાં શ્રી ઠાકોરજી સાક્ષાત્ પધારીને બિરાજ્યાં હોય, આનંદની આભા પથરાઇ જતી હોય અને હૃદયો ઝળહળી ઉઠતા હોય તેવું જણાતું હતું.

હજુ આજે પણ શ્રી હરિદાસભાઇ ગાંધીએ આનંદના દિવસોને યાદ કરે છે, ને આંખો ભીની થઇ જાય છે. શ્રી હેમચંદ જુઠાભાઈ તો ઘણા વરસો પહેલાં કલકત્તા ખાતે પહોંચી ગયા હતા.

શ્રી રવજીભાઇના ખાસ મિત્ર શ્રી હેમચંદભાઇ પહોંચી ગયાની માળાપહેરામણીનો મનોરથ કરવાની તેમના પુત્રે ના પાડતાં, શ્રી રવજીભાઇએ પોતાના ખર્ચે માળા પહેરામણી કરી મિત્રધર્મ બજાવ્યાનું ઉમદા ઉદાહરણ પુરૂં પાડયું હતું. ભગવદ્ ભકતોની આ જ તો વિલક્ષણતા છે.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રી કૃષ્ણઃ શરણં મમ ॥

મહામંત્ર અષ્ટાક્ષરનું ધોળ

રચયિતા :- **મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઇ**, હિંગનઘાટવાળા

[**ઢાળ** :- નંદ નંદન રસિલાવર લાડિલા રે]

શ્રીમદ્ વલ્લભ પ્રભુજી જીવ ઉપર કરૂણા કરીરે,
આપ્યો મંત્ર અમોલખ ચરણ શરણ સુખદાય;
રસના મુખથી બોલો શ્રી કૃષ્ણઃ શરણં મમ રે....ટેક

સાખી

અષ્ટાઅક્ષર મંત્ર છે સકળ શાસ્ત્રનો સાર;
શરણ ભાવ વિચારીને પળ પળ કરો ઉચ્ચાર.
ઢાળ : કરવા કોટી જનમનાં પાપ તણો સંહાર; – રસના....૧

સાખી

શરણ મંત્રની ભાવના સાંભળજો ધરી ધ્યાન;
શ્રી આપે સૌભાગ્યને દુર કરે અજ્ઞાન.
ઢાળ : સુખથી સેવા કરીને સાગર ઉતરો પાર – રસના....૨

સાખી

કૃ અક્ષરે શોષણ કરે પાપ તણો ભંડાર;
ષ્ણ અક્ષર સર્વ કાળમાં દુઃખ તણો હરનાર,
ઢાળ : શ તો જન્મ મરણનાં દુઃખથી તારણ હાર–રસના....૩

સાખી

ર અક્ષર રળીયામણો આપે જ્ઞાન પ્રકાશ;
દુર કરે અંતરાયને પહોંચાડે પ્રભુ પાસ,
ઢાળ : ણં તો કૃષ્ણ સંબંધી ભક્તિનો દેનાર–રસના....૪

સાખી

મ અક્ષર ગુરુ પદ વિષે આપે અવિચળ પ્રિત;
ઓળખાવે ગોવિંદને એ છે ગુરુની રીત.
ઢાળ : મ તે પુરૂષોત્તમની સન્મુખ લઇ જાનાર–રસના....૫

સાખી

ભુત પ્રેત પિશાચની બીક ન રહે લગાર;
મંત્ર અમોલક મૂકીને કરો ન તુચ્છ વિચાર.
ઢાળ : હાથી મુકી ખરની સ્વારી કરે ન કોઇ–રસના....૬

સાખી

શ્રી વિઠ્ઠલેશ પ્રભુ કહ્યો ચિંતા કરો ન લગાર;
આલોકને પરલોકમાં શરણ મંત્ર આધાર,
ઢાળ : શ્રીમદ્ વલ્લભ પ્રભુએ સમજાવ્યો છે સાર–રસના....૭

સાખી

સંસારી દુઃખ ટાળવા મંત્ર તંત્ર અનેક;
શ્રી કૃષ્ણઃ શરણં મમ મંત્ર સર્વથી શ્રેષ્ઠ,
ઢાળ : અન્યાશ્રય તજવાનો સમજી લેજો સાર–રસના....૮

સાખી

અન્ય મંત્રોની સાધના અધોગતિ લઇ જાય;
શ્રી કૃષ્ણઃ શરણં મમ પ્રભુપદ પ્રિતિ પમાય.
ઢાળ : **'માધુરી'** માધવને મળવાનો સરળ ઉપાય–રસના....૯

ટુંક સાર : શ્રી વલ્લભનાં શરણાંગત જીવો નિષ્કામ ભાવવાળા છે. જેથી તેઓ લૌકિકમાં આવતા નાના પ્રકારનાં દુઃખોથી વિચલિત થતા નથી. તેમજ દુઃખ નિવારણ માટે પ્રભુથી પ્રાર્થના પણ કરતા નથી. તેઓ તો પ્રભુની ઇચ્છાને જ માન આપે છે. પ્રભુ જે કરે છે તે સારૂં જ કરે છે.

શ્રી સર્વોત્તમજીમાં– "અશેષ ભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજોધનઃ" તે મુજબ અંગીકૃત જીવો તો આપના ચરણકમળની રજને જ પોતાનું સર્વસ્વ મોટામાં મોટું ધન માને છે અને તે રજ મેળવ્યા પછી બીજા સર્વ સુખને તુચ્છ માને છે.

શ્રી મહાપ્રભુજીએ કૃપા કરીને અષ્ટાક્ષર મહામંત્ર આપ્યો છે. આ મંત્રથી આપણા માટે વિશેષ કોઇ મંત્ર નથી. જેથી અલ્પસુખની પ્રાપ્તિ માટે અન્ય મંત્રની ઇચ્છા રાખવી જ નહીં, કેમકે આ શરણ મંત્રથી જ દૈવીજીવોનો ઉદ્ધાર છે. અન્યથી નહીં એ જ આ ધોળનો ટુંક સાર છે.

વડીલોનો વારસો

લેખક : મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા

હપ્તો બાવીસમો

આ બાજુ લંડનમાં રહેતા સુરેશના સસરાને હાર્ટએટેક આવી ગયો. ડોકટરોએ તેમને સાવધાન કર્યા. તેમને વિચાર આવ્યો, મારે તો ફક્ત દીકરી એક જ છે તે જ વારસદાર છે. જો વિચારમાં રહી ગયો તો ગવર્મેન્ટ માલિક થઇ જશે. આ વિચારે પોતાની સ્ટીલની ફેકટરી તથા ઘર જાયદાદ બધું દીકરીના નામનું કરી પાકા લેખ દસ્તાવેજો કરીને લીસબનમાં સુલેખાને ઘરે આવ્યા.

આ વખતે સુલેખા સરવીસ ઉપર જવાની તૈયારી કરતી હતી. સુરેશને પણ સારી નોકરી મળી હતી. તે આજથી જ જવાનો હતો. શ્રી ઠાકોરજીની સેવા કરી બાએ બન્નેને પ્રસાદ દીધો. ત્યાં જ મનહરલાલ શેઠને જોઇ સુલેખા સામે દોડી, બાપુજી !

શેઠ મનહરલાલ : બેટી સુલેખા ! ભારત જતાં પહેલાં દિનેશ મને મલ્યો હતો. અહીંની પુરી પરિસ્થિતિથી હું વાકેફ છું. હું આજે ખાસ કામ માટે આવ્યો છું. હવે તમારે એકેયને નોકરી કરવા જવું નથી. રાજીનામું આપવું, આટલું કામ કરો. એમ કહી પોતાના પાસેના દસ્તાવેજોને બધા કાગળો ટેબલ ઉપર રાખી દીધા. તમો લંડન આવો અને તમારી ઇસ્ટેટ સંભાળો. દીકરી ! જ્યારથી તારી બા આ સંસાર મુકી ગયા ત્યારથી મારૂં જીવન અસહ્ય થઇ ગયું છે. નોકર-ચાકરની વચ્ચે હું એકલો જ છું. વળી મને હાર્ટએટેક છે. મારી વાત સમજી લો, ને તાત્કાલિક તેનો અમલ કરો. માટે સર્વીસનું રાજીનામું આપી આજે જ લંડન ચાલો.

સુરેશ તરફ જોઇને બોલ્યા– તમો તો હોશિયાર છો. પારકી કંપનીનું કામ કરતા હવે તમે તમારૂં જ કામ કરો. ફેકટરી, જાયદાદ બધું તમારૂં છે. જેમ તમને ફાવે તેમ ઉપયોગ કરો. એકવાર કહી દીધું કે મારૂં શરીર કયારે પડશે હવે વિશ્વાસ કરાય નહીં. તમને બધુ સુપ્રત કરી દઉં પછી જ નિરાંત થશે.

પહેલા તો સુરેશ શાન્તભાવે સાંભળતો ગયો. ગુમસુમ ચિંતા જેવો ચહેરો જોઇને તેની બાએ સમજાવ્યો કે, તું પહેલાં બધું સમજી લે પછી વિચાર કરજે. સુલેખાએ વચ્ચે આવી સુરેશની મુશ્કેલી સુલજાવી દીધી.

વળી શેઠ બોલ્યા– બેટા ! જુનું બધું ભુલી જાઓ. વડીલોની સંપત્તિ ગઇ તો શું થયું ? હું પણ તમારો વડીલ જ છું. હવે વિશેષ વિચાર કરવાની કોઇ જરૂર નથી.

સુલેખાએ શ્રી ઠાકોરજીની મિશ્રી કણિકા પ્રસાદ તેના પિતાશ્રીને દીધી. મનહરલાલ શેઠે ઘરમાં નજર કરી જગો જગો શ્રી ઠાકોરજીના લીલામય ચિત્રો હતા. સુંદર મનને આકર્ષિક કરતા હોઇ સુલેખાના ભાગ્યની વડાઇ કરવા લાગ્યા. સંકટના સમયમાં કેવું સેવાભાવી જીવન જીવી રહ્યા છે. તું તો ભક્ત બની ગઇ.

સુલેખા : પિતાજી ! આ બધું મારા સાસુજીના સંસ્કારને આભારી છે.

મનહરલાલ શેઠ પોતાના મનમાં પશ્ચાતાપ કરે છે. હું તો કેવળ પૈસો કમાવા માટે જ જીવ્યો. ઇશ્વર તરફ ધ્યાન ગયું જ નથી. વૈભવશાળી જીવન જીવ્યો, પરંતુ આખરે તો બધું મૂકીને જાવું છે.

સુલેખા : પિતાશ્રી ગઇ વાત તમે પણ ભુલી જાઓ. જાગ્યા ત્યારથી સવાર, હવે તો અમે તમારી સાથે રહીશું. ફીકર કરો નહીં. પ્રભુનું પ્રેમપૂર્વક નામ સ્મરણ સ્મરણ કરશો. તો ઘણું છે. (વળી આગળ બોલી) મારૂં સૂચન છે કે તમો તમારા હાથથી કાંઇક સુકૃત કરો. લાખો કમાણા છો. ત્રીજાભાગનું દ્રવ્ય ધર્માદામાં જ્યાં તમોને ગમે ત્યાં ખર્ચી નાખો તો જ તમારૂં ધન પવિત્ર બને, અમને ઉપયોગી બને.

આ બાબતે સુરેશ પણ એ જ મત ધરાવતો હતો. તે જાણી શેઠે કહ્યું કે જેમ તમે કહો તેમ મારે બધું મંજુર છે.

લીબસ્ટનથી બધા એકીસાથે લંડન આવી પહોંચ્યા, સુલેખા અને સુરેશ ધંધાકીય કારોબારમાં લાગી ગયા. સુરેશની બા તો મહાન ભક્ત હતા. જે થાય તે જોયા કરતા અને પ્રભુની ઇચ્છા માનતા. ઘરનું કામ પણ કરે. રાત્રે રોજ ભગવદવાર્તા તો હોય જ.

ચાર દિવસમાં શેઠનાં વિચારોમાં પરિવર્તન આવ્યું. પોતે પોતાની જાતને ધિક્કારતા થયા. હાય ! હાય ! મેં તો વૃથા જન્મ ગુમાવ્યો.

સાંજે સુરેશે ઘરે આવતાં જ મુંબઇ પિતાજીને ફોનમાં બોલાવ્યા અને ટુંકમાં વિગત સમજાવી. મારા સાસરા સાથે વાત કરો.

મનહર શેઠે ફોનથી જય શ્રીકૃષ્ણ કર્યા અને આજે જ એક ચેક મોકલ્યો છે. તે તમોને જ્યાં યોગ્ય દેખાય ત્યાં ધર્માદામાં વાપરી નાખજો. વેવાઇ તરીકે નહીં પણ હું વડીલ તરીકે કહું છું. તમારા સારા સંસ્કારોથી મારી દીકરી સુલેખા પણ ભગવદ્ભક્ત બની છે. હવે ભુલચુક માફ કરશો. આપણું મિલન હવે અશક્ય છે.

સુલેખાએ ફોન લઇને દાદા, સાસુ સાથે વાત કરીને તમારી સેવા અમોને ફલીભુત થઇ છે. સમય મળતાં અમો સર્વે સાથે ભારત આવશું. મેં હજુ આપને જોયેલાં જ નથી. તમારા બન્ને બાળકો રમાડવા જેવા છે. (ફોન મુકી દીધો).

બીજા દિવસે વળી મનહરલાલ શેઠની તબિયત બગડી. પ્રભુને વિનંતિ કરવા લાગ્યા. પ્રભુ આ જન્મ તો એળે ગયો. મારી દિકરીએ મને ધર્મનું મહત્વ સમજાવ્યું. શું કરૂં ? સમય ઓછો છે, મને બીજો જન્મ આપજે. પ્રભુ ! જીંદગી આખી તારી સેવા અને સ્મરણ કરૂં. એટલું બોલતાં શ્વાસ અટકતો ગયો. સુલેખા પાસે આવી, પિતાજીના માથે હાથ ફેરવવા લાગી, છાતીએ દવા લગાડી, ટીકડી દીધી.

દુઃખમેં ભજે સબ કોઈ,
સુખમેં ભજે ન કોઇ;

જો સુખમેં ભજે હરિ તો,
દુઃખ કાહે કો હોય.

—ક્રમશઃ

॥ શ્રી ગુરુદેવચરનકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા :– **કિરતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

વંદૌ શ્રીશ્યામદાસ કુમ્હાર,
'રસ તરંગિની' સખી લીલા મેં, મહાવન હે ઘરબાર. ૧
ભયે સેવક શ્રી વિઠ્ઠલનાથ કે, મૃદંગી ખરે! નિરધાર;
મૃદંગ બજાવત શ્રીજી સન્મુખ, રીઝવત ગિરિવરધાર. ૨
કરી આજ્ઞા કૃષ્ણદાસ કોં, મોહન નંદકુમાર;
આવો બેગ પરાસોલી મેં, લે સંગ શ્યામકુમ્હાર. ૩
દોઉ ગયે સંગ મૃદંગ લે કે, ભયો રાસ વિહાર,
કરત ગાન કૃષ્ણદાસ અરુ, મૃદંગ શ્યામ સુરતાર. ૪
સબ સખિયન મિલિ નૃત્ય કરત હૈ, આનંદ બઢયો અપાર;
'લાલદાસ' પ્રભુ રીઝ દોઉન કોં, દીયો ગલે કો હાર ૫

૧૦૭. રાગ – બિહાગ વૈ. ૮૪ (૨૪)

વંદો વેશ્યા કોં સિરનાઇ;
સખી 'બહુભાષિની' લલિતાજીકી, વેશ્યા કે ઘર આઇ ૧
નૃત્ય કલામે ચતૂર બહુત હૈ, રૂપ સરસ સુભાઇ;
નૃત્ય કરત અગ્રામેં દેખી, કૃષ્ણદાસ મનભાઈ ૨
નૃત્ય કરાયો શ્રીજી સન્મુખ, પદ સિખાયો ગાઇ;
નૃત્ય ગાન કરત વિવ્હલ ભઇ, ગોવર્ધન ધર રૂપ લુભાઇ. ૩
છેલી તુક ગાઇ જબ વેશ્યા, 'યહતન જગશિર પટકયો;'
'લાલદાસ' લીલા મેં પ્રાપ્ત, દેહ છાંડ જીવ છટકયો. ૪

(ક્રમશ)

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વૃજ'' ધોરાજી**

પદ ૧૦૦

વિશુદ્ધ મથુરા તટે કૃષ્ણ મમ વાસ હે,
દિનમેં ગોપલીલા સહિત નિશામેં નાથ; બ્રજ ભક્ત સબ પાસ હે....૧

આઇ નિજ ધામતેં કામ પૂરે સબે, ઓર વૃંદાવિપિન કિયો પ્રભુ રાસ હેં;
તિનહિંસો બેગ હમહીં મિલાવો પ્રિય, નિરખ **'હરિદાસ'** શોભા યહી આસહેં...૨

ભાવાર્થ : આપના સામિપ્યથી વિશુદ્ધ થયેલ મથુરાના તટ ઉપર હે કૃષ્ણ મારો વાસ છે. દિવસના સર્વ ગોપ બાલકો સહિત આપની અનેક પ્રકારની લીલાઓ છે અને રાત્રિએ સર્વ ગોપીજનો હે નાથ ! આપની પાસે હોય છે અને રાસાદિક લીલા – જલક્રીડા પુષ્પિ ચયન, ફૂલ, શૃંગારાદિ લીલાઓનો સમય છે.

હે શ્રી યમુને ! આપે નિજધામ ગોલોકથી સર્વની સર્વ કામનાઓને પુર્ણ કરી છે. શ્રી વૃંદાવનમાં પ્રભુએ આપ સહીત વૃજભકતો સાથે મહારાસ કર્યો છે. હે તુર્યપ્રિયા શ્રી યમુનાજી ! એવા પ્રભુને અમને જલદી મિલાવો એટલે હરિદાસ એ પ્રભુની શોભા નિરખી પ્રભુમાં તન્મય બને એવી અભિલાષા છે આપ એ પુર્ણ કરો.

આ માસના ઉત્સવ

મહાવદ ૩ તા. ૯–૨–૯૩ મંગળવાર ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ શ્રી (ચાંપાસેની જુનાગઢ)નો જન્મદિન.

મહાવદ ૪ તા. ૧૦–૨–૯૩ બુધવાર ગો. શ્રી નૃત્ય ગોપાલ મહારાજ (મુંબઇ) નો જન્મદિન.

મહાવદ ૫ તા. ૧૧–૨–૯૩ ગુરુવાર શ્રી રણછોડજી ડાકોરનો પાટોત્સવ. ગો. શ્રી કલ્યાણરાય બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

મહાવદ ૬ તા. ૧૨–૨–૯૩ શુક્રવાર ગો. ચિ. શ્રી રસિક પ્રિતમજી બાવાશ્રી (વિરમગામ) તથા ગો. શ્રી રઘુનાથ બાવાશ્રી (મુંબઇ) જન્મદિન.

મહાવદ ૭ તા. ૧૩–૨–૯૩ શનિવાર શ્રીનાથજીનો પાટોત્સવ (શ્રીનાથ દ્વારા.)

મહાવદ ૯ તા. ૧૫–૨–૯૩ સોમવાર ગો. શ્રી અનિરુદ્ધલાલજી મહારાજ શ્રી (માંડવી) નો તથા ચિ. ગો. શ્રી યદુનાથ બાવાશ્રી (મુંબઇ) નો અને ગો. શ્રી ગોપાલલાલ બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

મહાવદ ૧૦ તા. ૧૬–૨–૯૩ મંગળવાર ગો. શ્રી રાજેશબાવાશ્રી (કોટા)નો જન્મદિન.

મહાવદ ૧૧ તા. ૧૭–૨–૯૩ બુધવાર વિજ્યા એકાદશી વ્રત.

મહાવદ ૧૨ તા. ૧૮–૨–૯૩ ગુરુવાર ચિ. ગો. શ્રી વસંતકુમાર બાવાશ્રી (મથુરા પોરબંદર) નો જન્મદિન.

મહાવદ અમાસ રવિવાર દ્વાપર યુગાદિતિથી ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી (પોરબંદર)નો તથા ચિ. ગો. શ્રી વલ્લભલાલ બાવાશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૨ તા. ૨૩–૨–૯૩ મંગળવાર ચંદ્રદર્શન ચિ. ગો. શ્રીવલ્લભ બાવાશ્રી (કામવન) તથા ચિ. શ્રીવિઠ્ઠલનાથ બાવાશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૨૪–૨–૯૩ બુધવાર ચિ. ગો. શ્રી અનિરુદ્ધ બાવાશ્રી (કામવન) નો જન્મદિન

ફાગણ સુદ ૪ તા. ૨૫–૨–૯૩ ગુરુવાર ગો. શ્રી વેણુ ગોપાલજી મહારાજ શ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૨૭–૨–૯૩ શનિવાર શ્રી લલિત ત્રિભંગીજીનો પાટોત્સવ (વેરાવળ)

ફાગણ સુદ ૭ તા. ૧–૩–૯૩ સોમવાર શ્રી મથુરેશજીનો પાટોત્સવ (કોટા) ચિ. ગો. શ્રી કૃષ્ણકુમાર બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૨–૩–૯૩ મંગળવાર હોળાષ્ટક પ્રારંભ

ફાગણ સુદ ૯ તા. ૩–૩–૯૩ બુધવાર બગીચા નોમ શ્રી ટિકેતના શૃંગારનો પ્રારંભ

ફાગણ સુદ ૧૦ તા. ૪–૩–૯૩ ગુરુવાર ગો. ચિ. શ્રી કુંજેશકુમારજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૨ તા. ૫–૩–૯૩ શુક્રવાર આમલકી (કુંજ) એકાદશી વ્રત.

ફાગણ સુદ ૧૩ તા. ૬–૩–૯૩ શનિવાર બગીચા તેરસ ગો. ચિ. મુરલીમનોહરજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૭–૩–૯૩ રવિવાર હોલિકા ઉત્સવ ગો. ચિ. શ્રી મધુસુદનજી લાલબાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૫ તા. ૮–૩–૯૩ સોમવાર હોલી પ્રદીપન સૂર્ય ઉદય પહેલા. કામ દહન પૂર્ણિમા. માન્વાદિ તિથિ શ્રી ચૈતન્ય મહાપ્રભુ જયંતિ ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

સાંપ્રદાયિક સમાચાર

રાજકોટ–શ્રીમદ્ વિઠ્ઠલનાથજી–શ્રીગુસાંઈજીનો ૪૭૭મો પ્રાકટયોત્સવના ઉપલક્ષ્યમાં તા. ૨૦–૧૨–૯૨ રવિવારના રોજ પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન–રાજકોટ) ના અધ્યક્ષ સ્થાને નૂતન નગર હોલમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ (વેસ્ટ) ના ઉપક્રમે ઉજવવામાં આવ્યો હતો. પ્રારંભ દિવ્યાબેનના મંગલાચરણ અને વધાઈ ગાનથી થયેલ.

ત્યારબાદ "સુવિધા ભગવદ મંડલી" ના પ્રૌઢ બહેનોએ વેણુગીત–યુગલગીત સંસ્કૃત તથા તેના ગુજરાતી પદ્યમાં મુખીયાજી મથુરાદાસભાઈ હીંગન ઘાટ વાળાએ રચેલા ગરબા સમૂહમાં ગાયા હતા.

ત્યારબાદ પાઠશાળાના નાના વિદ્યાર્થી આનંદ એચ. ઠક્કરે કેટલીક શ્રીવલ્લભ સાખીઓ ગાયા બાદ પ. ભ. શ્રી ચીમનભાઈ સોપારીવાળાએ વધાઇ ગાયેલ અને પાઠશાળાના બાલક બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ – શ્રીગુસાંઈજીના જીવન પરિચય સંબંધનું વકતવ્ય તથા ગરબા, રાસ, વધાઇ રજુ થયેલ. સંચાલન પ. ભ. શ્રી ભૂપેન્દ્રભાઇ ધાબળીયા અને સૌ. હર્ષાબેન એચ. ઠક્કરે કરેલ.

પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રીના પ્રાસંગિક વચનામૃત કરતા પ્રેરણા કરેલ કે કાલાવડ અને યુનિવસિટી રોડ વિસ્તારમાં ઘણાં વૈષ્ણવ નિવાસ કરી રહ્યા છે. તે સમાજને લાભ મળતો રહે તે માટે એક સુંદર સ્થાન ઉભું કરવામાં આવે તેમાં સત્સંગ, પાઠશાળા, સભા વગેરે સાંપ્રદાયિક શિક્ષણના કાર્યક્રમોનું આયોજન થતું રહે તો માર્ગના પ્રચાર–પ્રસાર ઉત્તમ રીતે સંપન્ન થઇ શકશે.

છેલ્લે આભાર દર્શન અને પ્રસાદ વિતરણ કરવામાં આવેલ.

ઉમરેઠ : આં. પુ. પરિષદ ઉમરેઠ શાખાના ઉપક્રમે પુષ્ટિ સ્વાધ્યાય કેન્દ્ર તથા પુષ્ટિમાર્ગીય પાઠશાળા બાલ વર્ગની સુંદર પ્રવૃત્તિ ચાલે છે. બાલ વર્ગમાં આદરણીય શાસ્ત્રીજી શ્રી પ્રફુલ્લભાઇ સેવા આપે છે. સ્વાધ્યાય પ્રવૃત્તિમાં પણ શ્રી પ્રફુલ્લભાઈ શાસ્ત્રીજી ઉપરાંત શ્રી મોહનલાલ શાહ વકીલ રાણીપવાળાના વકતવ્યો ગોઠવાયેલ વિષય હતો શ્રી મધુરાષ્ટકમ અને સહસ્ત્રી ભાવના (સેવા ભાવના) આગળ ઉપર યુવક સંમેલન તથા બાળકોના પ્રવાસનો પણ કાર્યક્રમ યોજાશે.

વડોદરા–"સંઘે શકિત કલૌ યુગં"ને ઉકિતને સમજાવતાં વર્તમાન પરિસ્થિતિમાં પુષ્ટિ માર્ગ સંપ્રદાયના સંરક્ષણ સંવર્ધન અને તેના પ્રચાર–પ્રસાર માટે વૈષ્ણવ સમાજના સંગઠનની તાતી જરૂરિયાત છે. અને વૈષ્ણવ પરિષદ તે કાર્ય કરી રહી છે એ પ્રકારે વડોદરા શહેરની ફત્તેહગંજ શાખાના ઉદઘાટન પ્રસંગે દીપ પ્રગટાવી આશિર્વચન આપતા પૂ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજે (વડોદરા) ઉચ્ચાર્યા હતા વૈષ્ણવ પરિષદની ફત્તેહગંજ શાખા સત્સંગની પ્રવૃત્તિમાં અને વિભિન્ન કાર્યક્રમોમાં સફળ બને એવો સંદેશો પૂ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી મહોદયાએ પાઠવ્યો હતો.

વૈષ્ણવ પરિષદ નીઝામપુરા શાખાના પ્રમુખ શ્રી મુમુક્ષુભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું અને મંત્રીશ્રી કિરીટભાઇ પટવાએ આનંદ વ્યકત કરી સૌનો આભાર માન્યો હતો. શ્રી મધુભાઈ શાહે કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું.

જુનાગઢ મુકામે ગો. ૧૦૮ શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરુષોતમ લાલજી મોટી હવેલી જુનાગઢની અધ્યક્ષતામા શ્રી મત્પ્રભુચરણ (શ્રી ગુંસાઇજી) ના પ્રાકટ્ય મહોત્સવ ઉજવાયો.

ગો. શ્રી કિશોરચંદ્રજીબાવાશ્રી તથા તેમના લાલજી શ્રી પિયુષબાવાશ્રીના વચનામૃત થયા હતા.

ઉત્સવ પહેલા ત્રણ દિવસ અને ત્યાર બાદ બે દિવસ એમ પાંચ દિવસ સુધી ગો. શ્રી શરદબાવાશ્રી માંડવીવાળાએ ભકિત હંસ ગ્રન્થ પર વચનામૃત સિદ્ધાંત અને પ્રમાણ સહિત નિષ્કામ ભકિતનું સ્વરૂપ સરળ ભાષામાં સમજાવ્યું. ઉત્સવને દિવસે કળશ શોભાયાત્રા તથા પાઠ શાળાના બાલક–બાલિકાના કાર્યક્રમો જેવાકે હિંચહમચીં, રાસ–ગરબા તેમજ સામસામી પ્રસ્નોતરી તેમજ સ્વતંત્ર બે શબ્દો બોલેલા નાના બાળકોમાં આવા સંસ્કાર પાઠશાળા દ્વારા આપી શકાય અને પુષ્ટિધર્મનું ભકિતબીજના સંસ્કાર પાઠશાળા દ્વારા આપી શકાય તે માટે ગો. શ્રી કિશોરચંદ્રની છત્રછાયામાં જુનાગઢમાં ૪ પાઠશાળા અનુક્રમે મોટી હવેલીમાં શ્રી ગોકુલેશ મંડાણમાં જનકલ્યાણ સોસાયટી તથા ગાંધીગ્રામમાં આમ ચાર પાઠશાળા ચાલી રહી છે. ગામે ગામ આ પ્રવૃત્તિ થવી જરૂરી છે.

વિશેષમાં–ગો. શ્રી કિશોરચંદ્રજી તથા શ્રી શરદબાવાશ્રીના અધ્યાપનમાં શ્રી ગોકુલનાથજીની ટીકાના આધારે સિદ્ધાંત રહસ્ય પર શીબીરનું આયોજન તા. ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ આમ પાંચ દિવસનું આયોજન પણ જુનાગઢ મુકામે બહુજ સુંદર રીતે થયું હતું.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

સમાચાર

શ્રી નાથજીની પ્રાચીન સેવા પરંપરામાં શ્રદ્ધા વ્યક્ત કરતો જામનગરનો વૈષ્ણવ સમાજ

શ્રી ગોવર્ધનધર શ્રીનાથજીની જે પ્રાચીન પરંપરાની સેવા પ્રણાલિકા કે જે શ્રીમદ્ વલ્લભાચાર્યજીની માર્ગીય રીતે બતાવેલી છે તે પરંપરામાં પૂર્ણશ્રદ્ધા વ્યકત કરે છે અને નિષ્ઠા બતાવે છે તેમજ તે અંગેના કોઈ પણ પરિબળનો સામનો કરવા એક નેજા હેઠળ સંગઠ્ઠન કરવાની હાકલ કરતો, પ. પુ. શ્રી હરિરાયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને તેમજ શ્રીનાથજીના સાક્ષાત સ્વરૂપ શ્રી ધજાજીના સાંનિધ્યમાં મળેલી આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગ વૈષ્ણવ પરિષદની જામનગર શાખાના સંમેલનમાં સર્વાનુમતે ઠરાવ જંગી માનવમેદની વચ્ચે પસાર કરવામાં આવ્યો હતો.

બીજો ઠરાવ તાજેતરમાં અયોધ્યા, મંદિર, મસ્જીદની બાબતમાં જે હરિ શરણ થયેલાઓને માટે ઉંડા દુ:ખની લાગણી વ્યકત કરતો ઠરાવ શ્રીકૃષ્ણ: શરણ મમના અષ્ટાંક્ષર મંત્ર દ્વારા શ્રદ્ધાંજલી સાથે પસાર કરવામાં આવ્યો હતો.

અદયક્ષ સ્થાનેથી વચનામૃત આપતા પ. પૂ શ્રી હરિરાયજી મહારાજશ્રીએ જણાવેલ કે મુંબઈમાં થયેલી માર્ગીય ચર્ચાનો ઉલ્લેખ થયેલ છે. ત્યારે તેની પાછળ જે ચાલી રહ્યું છે તે માર્ગ માટે સુખદ નથી જ.

રાજકોટમાં નિર્માણ થઇ રહેલા ગુરૂકુલના ઉલ્લેખ કરીને પ. પૂ. શ્રી હરિરાયજી મહારાજશ્રીએ જણાવેલ કે આપણે આપણા બાળકોના સંસ્કાર અને સિંચન માટે સહયોગ આપીને ગુરૂકુલ બનાવવા સહયોગ આપવા જણાવેલ.

આધુનિક ટી. વી. અને વિડીયોનો ઉલ્લેખ કરતાં પ. પુ. શ્રી હરિરાયજી મહારાજશ્રીએ જણાવેલ કે આનો સદુપયોગ કરીને, ધાર્મિક શિક્ષણ આપવામાં થાય તો સારૂં પરિણામ આવી શકે છે અને જો કે આના માટે પહેલા તો તેમના મા–બાપો સુધરવાની જરૂર છે તેઓ પીકચર ઓછા જોશે તો બાળકોમાં સંસ્કાર પડશે.

પ. પુ. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી, પ. પુ. શ્રી બ્રિજેશબાવા રાજકોટ. પોરબંદરના પ. પુ. શ્રી ચંદ્ર ગોપાલજી મહારાજશ્રી, પ. પુ. બાલકૃષ્ણલાલજી મહારાજશ્રી, મહંત શ્રી દેવપ્રસાદજી મહારાજશ્રીના વચનામૃતો પ્રાસંગિક પ્રવચનો શ્રી પી. વી. પરીખ, પ્રિ, સી. વી. તલાટી, શ્રી યશવંતભાઈ ખખ્ખર, શ્રી ચીમનભાઇ શેઠે કર્યા હતા. સંદેશા વાંચન શ્રી જયેન્દ્રભાઇ અડાલજા એ કર્યું હતું. સ્વાગત પ્રવચન મનોરથી શ્રી જોગેશભાઇ ઝવેરી, જીલ્લા પરિષદના પ્રમુખ શ્રી જયંતિભાઈ સોની કર્યું હતું. આ સમારંભના અતિથિવિશેષ તરીકે શ્રી પ્રાણજીવન ઝવેરી, શ્રી ગીરધરભાઇ ઝવેરી હતા, મંગળાચરણ પાઠશાળાના બાળકો ગાયું હતું અંતમાં આભારદર્શન શ્રી માર્કંડરાય ધોળકીયાએ કરેલ મનોરથીનું સન્માન શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું આ સમારંભનું સંચાલન શ્રી ધિરેન્દ્રભાઇ બુદ્ધ ભટ્ટીએ કર્યું હતું.

આગલે દિવસે શ્રી નાથજીના ધજાજીનો મહિમા દર્શાવતી પ્રચાર સભા મળેલ હતી. જેમાં પ. પુ. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી, શ્રી મનહરલાલજી મહારાજશ્રી, સ્વામી નારાયણ સંપ્રદાયના શ્રી ચત્રભુજદાસજી વગેરે પ્રવચનો કર્યા હતા.

જામનગરમાં સો વર્ષ બાદ શ્રી ધજાજીનું આગમન થતાં વૈષ્ણવોમાં એક અનેરો આનંદ હતો. ચિત્ર પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ હતું.

જામનગરનાં આંગણે એક સદીબાદ શ્રીનાથના સાક્ષાત સ્વરૂપ શ્રી ધ્વજાજીની પધરામણી

જામનગરનાં આંગણે એક અલૌકિક અને અસ્મરણીય લહાવો એક સદી બાદ નગરની પુષ્ટિસૃષ્ટિના પ્રાણપ્યારા શ્રીનાથજીના સાક્ષાત સ્વરૂપ શ્રી ધ્વજાજીની પધરામણી શ્રી ઝવેરી મનોરથી દ્વારા કરવામાં આવેલ શ્રી ઝવેરી પરિવારના આંગણેથી શ્રી ધ્વજાજી કિર્તનમંડળીના કિર્તનીયા સાથે, રાસની રમઝટ અને કળશધારી બ્હેનો, ઝવેરી પરિવાર વિશાળ વૈષ્ણવ સમાજ સાથે શહેરના રાજમાર્ગોમાં શ્રી ધ્વજાજી પધારીને આણંદાબાવાના આશ્રમે પહોંચી પ. પુ, ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીના વરદ હસ્તે શ્રી ધ્વજાજીનું શ્રી ધ્વજારોહણ કરવામાં આવ્યું તે પ્રસંગે એક અલૌકિક હતો.

ત્યારબાદ મુંબઈના પુષ્ટિ સંપ્રદાય શાક સામગ્રી મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રીનાથજીના વિવિધ દર્શનોની ઝાંખી કરાવતું એક અલૌકિક ચિત્ર પ્રદર્શનનું ઉદઘાટન રાજકોટના ગો. પ. પુ. શ્રી વ્રજેશબાવાએ કરેલ હતું.

તા. ૨૬-૧૨-૯૨ના રોજ સાંજે શ્રી ધ્વજાજી જાણકારી, પરિચય મળી શકે તે હેતુસર એક સત્સંગ સભાનું આયોજન ગો. પ. પુ. શ્રી વિઠલનાથજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ હતું.

આ સત્સંગ સભાને શ્રી મનહરલાલજી મહારાજશ્રીએ જણાવેલ કે, શ્રીકૃષ્ણ એક ગૃહસ્થી પણ હતા અને સંન્યાસી પણ હતા. ગીતાએ ભગવાનની મુખરવિંદ ગણાય છે. શ્રી ભાગવતમાં જણાવવામાં આવેલ છે કે વૈષ્ણવોનું સન્માન કરવાનું છે,

શ્રી મનહરલાલજી મહારાજશ્રીએ વ્રજભૂષણલાલજી મહારાજશ્રી અંગેના પોતાના સંસ્મરણો તાજા કરતાં જણાવેલ કે, નિ. લી. શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીએ જામનગરનો ડંકો વગાડયો છે. તેઓશ્રીમાં જે વિનમ્રતા હતી તે એક અજોડ હતી.

સ્વામી નારાયણ સંપ્રદાયના સ્વામી શ્રી ચત્રભુજદાસજીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે ભગવાન સ્વામી નારાયણે પણ તેમના શિક્ષાપત્રીમાં જણાવેલ કે, આપણે ઉત્સવો, વ્રતો, સેવાપ્રણાલીકા પુષ્ટિમાર્ગના સ્થાપક શ્રીમદવલ્લભાચાર્યજીના પુત્ર શ્રી વિઠલનાથજીની પ્રણાલીકા જ જાળવી રાખવાની છે. અને તેજ પ્રમાણે આજે પણ સ્વામીનારાયણમાં પણ તે પ્રણાલીકા ચાલુ રાખવામાં આવી છે.

પ. પુ, શ્રી વલ્લભબાવાએ પોતાની લાક્ષણીક શૈલીમાં જણાવેલ કે આપણા આંગણે સાક્ષાત શ્રીજીબાવા પધાર્યા છે. પ્રભુ પધારે ત્યારે બધું સુંદર બની જાય છે. ભગવાન ઈષ્ટ અને અનિષ્ટ બંને કરે છે. માટે આપણે ખોટું અભિમાન ન કરવું જોઈએ.

પ. પુ. શ્રી વૃજેશબાવા (રાજકોટ) એ પોતાના પ્રવચેનમાં જણાવેલ કે આવા ઉત્સવો દ્વારા ધર્મનાં સિદ્ધાંતોનું પાલન કરીએ, શ્રીમદવલ્લભાચાયજીએ બતાવેલ પ્રમાણે ફળની પ્રાપ્તિ આ જન્મમાંજ આપણને મળે છે. ભગવદપ્રાપ્તિ આપણે એકાગ્રતા દ્વારા જ મેળવી શકીએ તેમ છીએ. જિતેન્દ્રીય ભગવાન પાસે લઈ જાય ત્યારે ભગવાન પ્રાપ્ત થાય છે,આપણા પુષ્ટિ માર્ગમાં આના જીવતા જાગતા દાખલા ૮૪ અને ૨૫૨ વૈષ્ણવો મોજુદ જ છે.

પ. પૂ. શ્રી હરિરાયજી મહારાજશ્રી પોતાની લાક્ષણીક શ્રેણીમાં વચનામૃત આપતાં જણાવેલ કે ઘણા લાંબા સમય થયા બાદ શ્રીનાથજીના શ્રી ધ્વજાજી આપણે આંગણે પધાર્યા છે. પુષ્ટિમાર્ગ એક ભાવનાનો જ

માર્ગ છે. જે બુદ્ધિ, જ્ઞાનથી પ્રભુ પ્રાપ્ત થઈ શકતા નથી ભાવતો ભાવથીજ સિધ્ધ થાય છે. કર્મ શાસ્ત્રો કે જ્ઞાન દ્વારા ધર્મનું આચરણ કરી શકાય છે. શંકરાચાર્યજીના મતે આ જગત મિથ્યા છે, અને બ્રહ્મ સત્ય છે, જયારે શ્રીમદ વલ્લભાચાર્યજીના મતે આ બંને સત્ય છે, અને આ જીવ પ્રભુનો અંશ છે તે ભગવાન સ્વરૂપે જોડાય છે. સોનું તે સોનું જ છે અર્થાત તે સોનું પહેરવા માટે તેને આકાર આપવોજ પડે છે પછી જ તે આપણે બંગડી કે વીંટીમાં અલંકારરૂપે તેનો ઉપયોગ કરી શકીએ છીએ.

ભાગવતની ભાવના સંબંધી પોતાના વચનામૃતમાં પ. પૂ. શ્રી હરિરાયજી મહારાજશ્રીએ જણાવેલ ભાવના તે ભાવના જ છે તે તર્ક રીતે ચાલી ન શકે ધજાજીએ શ્રીનાથજીનું સ્વરૂપ છે જો અનુભવશો તો જયાં શ્રી ધજાજી પધાર્યા છે હે નિજ મંદિર છે, તે મંદિરના પગથીયા પણ ભાવના પ્રતિક સમાન છે, અહીંયાજ શ્રી ગોવર્ધનચોક છે, આપણે આ શણગારેલો મંડપ નથી, શ્રીજીબાવાના કમલચોકની ભાવના કરવાની છે. ભગવાનના દર્શન કરવામાં આપણે તરબોર થઈ જાયે, આપણી આંખોનો ઉપયોગ આપણે ભગવાનના દર્શન કરવામાં કરીએ. આજે આ માર્ગ ઉપર પ્રહાર થઇ રહયો છે ત્યારે આપણે જાગૃત બનીએ, પુષ્ટિમાર્ગની પરંપરા, માર્ગની મર્યાદા જાળવીએ, પુષ્ટિમાર્ગનું રક્ષણ કરીએ, પુષ્ટિમાર્ગમાં દર્શન એજ પરમફળ છે તે ભુલવું ન જોઇએ.

અદયક્ષસ્થાનેથી વચનામૃત આપતાં પ. પૂ. શ્રી વિઠલનાથજી મહારાજશ્રીએ જણાવેલ કે પુષ્ટિમાર્ગ ભાવ પ્રધાન છે. શ્રીમદ વલ્લભાચાર્યજી એ જણાવ્યા અનુસાર પ્રથમ મારે શરણે આવશે તેને દાસ ભાવ ઉત્પન્ન થશે અને દાસભાવ દ્વારા જ પ્રભુ પ્રાપ્ત થશે.

પ. પૂ. શ્રી વિઠલનાથજી મહારાજશ્રીએ ગોપીકા ભાવનો ઉલ્લેખ કરતાં જણાવેલ કે, ગોપીજનોને પ્રભુ પ્રાપ્ત થયા હતા, તેઓમાં દાસભાવ હતો, દાસભાવતો ચરણાવિંદની ભકિત દ્વારા જ પ્રાપ્ત થઇ શકે છે. અને શ્રી ધજાજીએ વ્રજભકતોની ભાવનાનાં છે તો આજે આપણે આ અમૂલ્ય ક્ષણનો આનંદ લઈએ તો પણ ઘણો છે અત્યારે આપણા માર્ગમાં જે વાવાઝોડું આવી રહ્યું છે, તે દુર કરવા શ્રીજીબાવા શ્રી ધજાજી સ્વરૂપે અહીં પધાર્યા છે તો આવો અલૌકિક અને અનેરા પ્રસંગનો લ્હાવો જેટલો લુંટાય તેટલો જ ઓછો છે.

સૌ પ્રથમ સ્વાગત પ્રવચન આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગ પરિષદના જીલ્લા પ્રમુખ શ્રી જયંતિભાઈ સોનીએ કર્યું હતું. પ્રાસંગિક પ્રવચન મનોરથી શ્રી જોગેશભાઈ ઝવેરીએ કર્યું હતું. ગુરૂકુલની માહિતી શ્રી હરસુખભાઈ ખખ્ખરે આપેલ અને આ કાર્યક્રમનું સંચાલન શ્રી ધીરૂભાઈ બુદ્ધભટીએ કરેલ હતું અંતમાં આભારદર્શન શ્રી ધીરજલાલ પારેખ કર્યું હતું.

મંત્રી
આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય પરિષદ,
જામનગર શાખા

જામનગર જીલ્લા વૈષ્ણવોનું વિશાળ સંમેલન યોજાયું

સંસ્કારી યુવા ધન પેદા કરવા ગુરૂકુલ આવશ્યક છે.

જામનગરના આંગણે શ્રીનાથજીના ધ્વજારોહણ પ્રસંગે યોજાયેલા મહોત્સવ દરમ્યાન જામનગર જીલ્લા વૈષ્ણવ સંમેલનમાં અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન કરતાં સંમેલનના અધ્યક્ષ અને જામનગર મોટી હવેલીના વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી હરિરાયજી મહારાજે જણાવ્યું હતું કે ભૂતકાળમાં આપણા પોતાના ઘર વૈદિક સંસ્કૃતિ પ્રમાણે હતા પરંતુ વર્તમાન સમયમાં બાળકોને પાયાના સંસ્કારનું સિંચન કરી સંસ્કારી યુવાધન નિર્માણ કરવા ગુરુકુલોની જીલ્લે જીલ્લે આવશ્યકતા છે, આપણા સંપ્રદાયનું સર્વ પ્રથમ વૈષ્ણવ ગુરૂકુલ રાજકોટ–મોરબી રોડ ઉપર નિર્માણ થાય છે તે સત્વરે પુર્ણ થાય તે માટે તમામ વૈષ્ણવોને તન મન ધનથી સહયોગ આપવા તેમજ આ જીલ્લામાં જ્યાં જરૂર જણાય ત્યાં સહયોગ આપવા તત્પર છું.

આ પ્રચાર સંમેલનમાં જામનગર જીલ્લાના દશ હજારથી વધુ પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી પોતપોતાના ગામની સાંપ્રદાયિક પ્રવૃત્તિઓના વિચારોનો વિનિમય કર્યો હતો.

ગુજરાત પ્રદેશના સગઠન મંત્રીશ્રી ચીમનભાઈ શેઠે પરિષદ દ્વારા થતી સામાજીક પ્રવ્રુતિઓનો ખ્યાલ આપ્યો હતો. મંત્રીશ્રી વી. પી. પરેખે ધર્મ શિબિર, અને સ્વાધ્યાય સિબિરો યોજી યુવાનેને સંપ્રદાયમાં રસ લે તેવી પ્રવ્રુતિઓ કરવા અનુરોધ કર્યો હતે. સહ મંત્રીશ્રી સી. પી. તલાટીએ તેમજ આણંદના શ્રી ગોપાલભાઈ શાહે પરિષદ તરફથી પ્રકાશીત થતાં સાહિત્યનો ખ્યાલ આપ્યો હતો.

શ્રીમદ વલ્લભાચાર્ય ઋષીકુલ સંકુલના સંયોજક શ્રી હસમુખભાઇ ખખ્ખરે મોરબી રોડ ઉપર નિર્માણ થતાં સર્વ પ્રથમ વૈષ્ણવ ગુરૂકુલ વિષે માહિતી આપી નિર્માણ ફંડ અંગે કેન્દ્ર કચેરી બોમ્બે તરફથી બહાર પાડવામાં આવેલ રૂા. ૧૦/– નીં કુપનો કુટુમ્બના પ્રત્યેક સભ્યદીઠ ખરીદ કરવા જાહેર અપીલ કરતા પટાંગણમાં દશ હજાર કુપનો વિતરણ થઈ હતી.

આ પ્રસંગે પોરબંદરના વૈષ્ણવાચાર્યશ્રી ચંદ્રગોપાલજી મહારાજ શ્રી બાલકૃષ્ણલાલજી શ્રી **વલ્લભ**લાલજી તેમજ રાજકોટના શ્રી વ્રુજેશકુમાર મહોદય અને શ્રી વિઠલનાથજી મહારાજે પ્રાસંગિક પ્રવચનો કરી પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના આરાધ્ય દેવ શ્રીનાથજીના સાક્ષાત સ્વરૂપ શ્રી ધજાજી જામનગર પધારતા વૈષ્ણવોને એક અલૌકિક લાભ મલ્યો છે તેનો આનંદ વ્યકત કર્યો હતો,

સંમેલન રાતના ૯/૩૦ કલાક સુધી ચાલ્યુ હતુ જેનુ સંચાલન વૈષ્ણવ પરિષદના કારોબારી મેમ્બર શ્રી ધીરૂભાઇ બુદ્ધભટીએ સુંદર શૈલીમાં કયુ હતુ રાત્રી દરમ્યાન જામનગર જીલ્લાની દશ કિર્તન મંડળીઓનો કિર્તન સમારોહ યોજાયો હતો અને નાના થાવરીઆ ગામના વૈષ્ણવ શ્રીરાઘવજીભાઈ હરીપર ગામના શ્રી વલ્લભભાઈએ ઢાઢી લીલાનો કાર્યક્રમ રજુ કર્યો હતો. જુનાગઢના શ્રી દકુભાઈએ તબલાની સંગત આપી સૌને આનંદિત કર્યા હતા અને રાજકોટના વૈષ્ણવાચાર્યશ્રી વૃજેશકુમાર મહોદયે ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કરી સાંપ્રદાયિક પ્રણાલિકા અનુસાર ઉપવસ્ત્ર ઉપારણા ઓઢાડયા હતા.

રાજકોટના વૈષ્ણવ પરિષદના અગ્રણી શ્રી કનુભાઈ દેવાણી ત્થા શ્રી રામલાલભાઈ ભુપતાણી શ્રી કાંતીભાઈ કાટકોરીઆ ત્થા શ્રી વિપુલ કપુરીઆએ સતત ચાર દિવસ સુધી સેવા અર્પી છે.

સંયોજક
શ્રી મદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ રાજકોટ
હસમુખ ખખ્ખર

રાજકોટમાં આં. પુ. વૈ. પરિષદનું સંમેલન

તા. ૨૮ ફેબ્રુઆરી–૯૩ ને રવીવારે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી રાજકોટ જયુબીલી બાગમાં આવેલ શ્રી અરવીંદભાઇ મણીઆર હોલમાં પૂ. ગોસ્વામી બાલકો તથા પરિષદના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં એક સંમેલન યોજાનાર છે.

આ સંમેલનમાં શ્રી વલ્લભાચાર્યજી રૂષિકુલના ફંડના કુપનોની રકમની અર્પણવિધિ તથા કુપન વિતરણ કરનાર સેવાભાવી પ્રતિનિધિઓને ઉપરણા ઓઢાડી સન્માનિત કરવાનો કાર્યક્રમ ગોઠવેલ છે.

સંમેલનમાં આવનાર બધાં પ્રતિનિધિઓને મહાપ્રસાદ લેવાની વ્યવસ્થા રાખેલ છે.

પરિષદની કેન્દ્રીય કચેરીમાં નોંધાએલ આજીવન સભ્યોને બટન તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. એ પ્રમાણે 'ઋષિકુલ'ના સંયોજક શ્રી હસમુખભાઈ ખખ્ખરની યાદિમાં જણાવાયું છે,

રાજકોટમાં તારીખ ૧૭, ૧૮, ૧૯ ત્રિ–દ્વિવસીય ભવ્ય કાર્યક્રમ

તારીખ ૧૭ :–

અહીં સ્થાપિત થયેલી 'દ્વારિકેશ પુષ્ટિ સેવા સમાજ' નામક સંસ્થાના ઉપક્રમે વિરાણી હાઇસ્કુલમાં ગો. શ્રી રસિકરાયજી મહારાજ દ્વારા પ્રસ્તુત હાર્મોનિયમ તથા કી. બોર્ડ (કેસિયો)ની શાસ્ત્રીય સંગીતની બે કેસેટોનું વિમોચન શ્રી પ્રભુજી મહોદય (વડોદરા)ના હસ્તે થયું હતું.

આ કાર્યક્રમમાં શ્રી બાબુભાઈ અંધારિયાનો વાર્તાલાપ તથા ગાયન તથા ગો. શ્રી રસિકરાયજીનું હાર્મોનિયમ વાદન પણ થયું હતું તબલા સંગત શ્રી નીતાઇ ચક્રવર્તિની હતી.

આ કાર્યક્રમની વ્યવસ્થા શ્રી ભરતભાઇ મધડિયા એ સુંદર કરી હતી, સંસ્થાના પ્રમુખ તેમજ શ્રી ખખ્ખરે ઉદબોધન તથા સંસ્થાનો પરિચય આપ્યો હતો.

કેસેટ :–

(૧) હાર્મોનિયમ	સાઈડ–૧ બિહાગ
	સાઇડ–૨ વસન્ત કાફી
(૨) કી. બોર્ડ (કેસીયો)	સાઇડ–૧ હેમન્ત
	સાઇડ–૨ દેશ

તબલા સંગત શ્રી રમેશ બાપોદરા

કેસેટ પ્રાપ્ત કરવાનું સ્થળ :–

(૧) ગો. શ્રી રસિકરાયજી, નવ પ્રકાશ કાર્યાલય, 'માધવ ભુવન' પોરબંદર.

(૨) મ્યુઝીક સેન્ટર વલ્લભ વિધાનગરનો ૨–કેસેટનો સેટ નાં. રૂા. ૧૦૦/–

તારીખ ૧૮–૧૯ :–

–: સિદ્ધાંત શિબિર :–

અહિં ઉપરોક્ત સંસ્થા દ્વારા ગો. રસિકરાયજીનો દ્વિ–દિવસીય સિદ્ધાંત વિષયક પ્રવચનોનો કાર્યક્રમ જસુબાઇ મંડાણમાં સમ્પન્ન થયો–૧૮ મી તારીખે સાંજે (૫ થી ૭) પ્રવચનમાં પુષ્ટિમાર્ગનાં સિદ્ધાંતોની ભૂમિકા તથા–૧૯ મી એ સિદ્ધાંત રહસ્ય પર પ્રવચનો થયા. બન્ને દિવસે વૈષ્ણવો ઉપસ્થિતિ મોટી સંખ્યામાં હતી.

(બીજા ટાઈટલથી ચાલુ)

૧૩ મુંબઈ આં. રા. પુ. વૈ. પરિષદ મુંબઈ શાખા
સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે
૬૧, ડો. આત્મારામ મરચન્ટ રોડ, ભુલેશ્વર

૧૪ વિલેપારલે (પશ્ચીમ) શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
૩૪–૪ બજાજ રોડ નંદા ભુવન ૧ લે માળે

૧૫ ભાવાભી ખીજડીયા મીસ્ત્રી દિનેશભાઈ
કાનજીભાઈ મોરીધરા

૧૬ મોટા ભાદરા પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૧૭ મોરબી શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪, ખત્રીવાડ.

૧૮ પાંચપીપળા શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૯ રાજપીપળા પ્રા. એમ, આર. પાલેજા
"લકુલીશ" માલીવાડ

૨૦ લીંબડી ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે.

૨૧ વડોદરા શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ,

૨૨ વાંકાનેર શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર,

૨૩ સુરત શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૭. ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેઈન રોડ, ૧લે માળે
વરાછા રોડ,

૨૪ હળવદ શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ પટેલ કોર્પોરેશન

૨૫ રાધનપુર શ્રી દામોદરભાઈ કાંતીલાલ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,

૨૬ ગોમટા શ્રી વલ્લભદાસ હરિભાઈ
"વ્યાપી વૈકુંઠ"

રાજકોટના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ લોહાણાપરા

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા

૪ શ્રી વેણીભાઈ પ્રભુદાસ પારેખ
શ્રી ત્રિકમરાયજીની હવેલી જગનાથ પ્લોટ

૫ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o સંજય ગેસ સર્વીસ,
રજની બિલ્ડીંગવાળી શેરી ભુપેન્દ્ર રોડ

૬ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫, ન્યૂ જાગનાથ

૭ શ્રી વસંતભાઈ વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર
ઢેબરભાઈ રોડ

૮ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી,

૯ શ્રી હેમતભાઈ પટેલ
C/o શ્રીકૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર, આમ્રપાલી સીનેમા સામે

૧૦ શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
"આનંદ"(જલારામ–૨, ગણેશવાડી સામે

૧૧ શ્રી છગનભાઈ રામોલીયા
C/o શ્રીકૃષ્ણ એન્જીનીઅરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર
ગોડાઉન રોડ, કલ્યાણ સોસાયટી પાછળ

૧૨ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ: રૈયા રોડ

૧૩ શ્રી કનુભાઈ જે. દેવાણી
C/o શ્રીમદન મોહનજીની હવેલી, લક્ષ્મીવાડી

૧૪ શ્રી જે. પી. પારેખ
સવજીભાઈની શેરી, સોની બજાર

૧૫ શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી

૧૬ શ્રી મનસુખલાલ એન. વોરા

5-2-93 CBRS BOMBAY

શિક્ષા

રાગ સિંધુઓ (સિંધુડો)

તારે જાવું છે જાવું જરૂર, રે જીવ ! શું સુતો ?
તારે મરણ મુદ્દૈ માથે પુર, રે જીવ : શું સુતો ? ૧
આજ કાલ કરતાં વીત્યો કાળ, રે જીવ ! શું સુતો ?
થયોં વૃદ્ધ, કાલે હતો બાળ, રે જીવ ! શું , સુતો ? ૨
વહાલા કીધા ના નંદકુમાર, રે જીવ ! શું સુતો ?
નથી અંતે ફજેતીનો પાર, રે જીવ ! શું સુતો ? ૩
જમ કાઢશે ગરદન સાધી, રે જીવ ! શું સુતો ?
જોતાં જુવતી માત પિતા ભાઈ, રે જીવ ! શું સુતો ? ૪
વાંકો થૈ શું કરે વરણાગી. રે જીવ ! શું સુતો ?
માર ખાતાં જશે મુખ ભાંગી, રે જીવ ! શું સુતો ? ૫
માના ગર્ભનું દુખ નવ માસ, રે જીવ ! શું સુતો ?
ઊંધે મસ્તક નરક નિવાસ, રે જીવ ! શું સુતો ; ૬
લક્ષ ચોરાશી વારંવાર, રે જીવ ! શું સુતો ?
કોઈ એકવાર મનુપ અવતાર, રે જીવ ! શું સુતો ? ૭
સઘળે આહાર વિહારનું ભાન, રે જીવ ! શું સુતો ?
મનુપા દેહ, બને હરિગુણ ગાન, રે જીવ ! શું સુતો ? ૮
અવસર આવ્યો તોએ તેં ના કીધું, રે જીવ ! શું સુતો ?
ત્યારે નર તનું લીધું ના લીધું, રે જીવ ! શું સુતો ? ૯
'કૃષ્ણ' કહ્યાના, કમાયોં શું ય, રે જીવ ! શું સુતો ?
સિંઘ પુચ્છ–વનો પશુ તું ય, રે જીવ ! શું સુતો ? ૧૦
ઠગ્યો જકત તેં પોલે ખાને, રે જીવ ! શું સુતો ?
જમદુત ઠગાઈ નૈં માને, રે જીવ ! શું સુતો ? ૧૧
જેથી જનમ મરણનું દુઃખ, રે જીવ ! શું સુતો ?
તુજને તદપિ તે વિષયની ભુખ, રે જીવ ! શું સુતો ? ૧૨
નથી અવર સાધનનું કામ, રે જીવ ! શું સુતો ?
રાત દિવસ ગાની હરિ નામ, રે જીવ ! શું સુતો ? ૧૩
કાળ આવ્યો, કયારે કૃષ્ણ ગાશ ? રે જીવ ! શું સુયો ?
'દયા' ચેત, નૈં તો પસ્તાશ, રે જીવ ? શું સુતો ! ૧૪

ભકત કવિ શ્રી દયારામભાઈ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

ડોલનું પદ

રાગ-જેતશ્રી

ઝુલત નંદકિશોર કિશોરી;
ઉંત બ્રજભૂષણ કુંવર રસિકવર,
ઈત વૃષભાન નંદિની ગોરી ॥૧॥
પીતાંબર નીલાંબર ફરકત,
ઉપમા ઘન દામિનિ છબિ થોરી;
દેખ દેખ ફુલત વ્રજ વનિતા,
દેત ઝુલાય ગહે કર ડોરી ॥૨॥
મુદિત ભયે જુ મિલે સ્વર,
ગાવત કિલક-કિલક દે ઉરજ અકોરી;
'પરમાનંદ' પ્રભુ વહ સુખ વિલસત.
ઈન્દ્રવધુ સિર ધુનત ઝકોરી ॥૩॥

❊ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❊

વર્ષ ૧૧ : અંક-૧૨ માર્ચ ૧૯૯૩
શ્રી વલ્લભાબ્દ ૫૧૫

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ❊ આજીવન રૂા. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિઃ ॥



શ્રી વલ્લભસુધા

ડોલનું પદ

રાગ-જેતશ્રી

ઝુલત નંદકિશોર કિશોરી;
ઉત બ્રજભૂષણ કુંવર રસિકવર,
ઈત વૃષભાન નંદિની ગોરી ॥૧॥
પીતાંબર નીલાંબર ફરકત,
ઉપમા ઘન દામિનિ છબિ થોરી;
દેખ દેખ ફુલત વ્રજ વનિતા,
દેત ઝુલાય ગહે કર ડોરી ॥૨॥
મુદિત ભયે જુ મિલે સ્વર,
ગાવત કિલક-કિલક દે ઉરજ અકોરી;
'પરમાનંદ' પ્રભુ વહ સુખ વિલસત.
ઇન્દ્રવધુ સિર ધુનત ઝકોરી ॥૩॥

✽ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✽

વર્ષ ૧૧ : અંક-૧૨ માર્ચ ૧૯૯૩
શ્રી વલ્લભાબ્દ ૫૧૫

વાર્ષિક લવાજમ રૂ. ૩૦/- ✽ આજીવન રૂ. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

શ્રીવલ્લભ સુધાનું નવા વર્ષનું લવાજમ રૂા. ૩૦

તા. ૨૦-૩-૯૩ સુધીમાં ભરનારતે નવા વર્ષમાં એક ભેટ પુસ્ત આપવા યોજના છે

ગતવર્ષ અસંખ્ય ગ્રાહકોં લવાજમ ભરવામાં મોડા પડવાથી ભેટ પુસ્તક નથી મેળવી શકયા માટે નવા વર્ષનું આપનું લવાજમ રૂ. ૩૦ આજેજ ભરી સહકાર આપવા વિનંતી.

આજીવન ગ્રાહક થનારને વિશેષ લાભ તા. ૨૦-૩-૯૩ સુધી રૂ. ૩૦૧ ભરી આ જીવન સભ્ય થનારને ચાલુ વર્ષનું ૪૨૫ પૃષ્ઠનું અત્યંત મહત્વનું ભેટ પુસ્તક 'શ્રી વિઠ્ઠલેસ સ્તુત્યાવલી'નો લાભ મલી શકશે

જે વૈષ્ણવો ચાલુ વર્ષનું ભેટ પુસ્તક **શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી** નથી મેળવી શકયા તેઓ રૂ. ૫૦ પ્રકાશન સહાયના આપી આ ભેટ પુસ્તક મેળવી શકે છે. માત્ર ૫૦ પુસ્તકો વધારાના છે જે વહેલો તે પહેલોના ધોરણે ઉપરોકત યોજનામાં અપાશે તો તુરત લાભ લેવા વિનંતિ.

૧ **અનિડા (વાછરા)**
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨ **અમરેલી** શ્રી હીરજીભાઇ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩ **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નંવનીતલાલ દેસાઇ
૪૩ સરદાર પટેલ નગર, એલિસ બ્રીજ

૪ **ઉપલેટા** શ્રી અમ્રુતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ રાજમાર્ગ,

૫ **કલકત્તા** શ્રી નિતિનભાઇ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ ૧ લે માળે

૬ કલ્યાણ શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા

૭ **જામનગર** શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
C/o ડો. વી. એન. ધોળકીયા, નાગર ચકલો

૮ **જુનાગઢ**

૧ શ્રી અમ્રુતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રી નાથજી ચેમ્બર્સ દાણાપીઠ

૨ શ્રી પોપટલાલ જમનાદાસ
વ્રજ વિહાર, જલરામ સોસાયટી

૩ શ્રી અરજણ જેસાભાઈ વૈષ્ણવ
"ગીતાંજલી" ગોકુલેશ સોસાયટી
લોઢીયા વાડી પાછળ,

૯ **જેતપુર** (કાઠી)

૧ શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
પાણી શેરી, ઝવેરી રમણીકભાઇના મકાનમા

૨ મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી

૩ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ હાર્ડવેર માર્ટ, કણકીય. પ્લોટ

૧૦ **ધોરાજી**
શ્રી જાદવભાઇ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી. વઘાસીયા ચોરા,

૧૧ **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિત મંદીરણી સામે.

૧૨ **પોરબંદર** શ્રી જયંતિલાલ મુળજીભાઈ રાજાણી
લીબર્ટી રોડ.

૧૩ **મુંબઇ** આં. રા. પુ. વૈ. પરિષદ મુંબઇ શાખા
સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે
૬૧ ડો. આત્મારામ મરચન્ટ રોડ. ભુલેશ્વર

૧૪ **વિલેપારલે** (પશ્ચીમ) શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
૩૪-૪ બજાજ રોડ નંદા ભુવન ૧લે માળે

(જુઓ ટાઇટલ ૩જું)

શ્રીવલ્લભ સુધાનું નવા વર્ષનું લવાજમ રૂા. ૩૦

તા. ૨૦-૩-૯૩ સુધીમાં ભરનારને નવા વર્ષમાં એક ભેટ પુસ્ત આપવા યોજના છે

ગતવર્ષે અસંખ્ય ગ્રાહકો લવાજમ ભરવામાં મોડા પડવાથી ભેટ પુસ્તક નથી મેળવી શકયા માટે નવા વર્ષનું આપનું લવાજમ રૂ. ૩૦ આજેજ ભરી સહકાર આપવા વિનંતી.

આજીવન ગ્રાહક થનારને વિશેષ લાભ તા. ૨૦-૩-૯૩ સુધી રૂ. ૩૦૧ ભરી આ જીવન સભ્ય થનારને ચાલુ વર્ષનું ૪૨૫ પૃષ્ઠનું અત્યંત મહત્વનું ભેટ પુસ્તક 'શ્રી વિઠ્ઠલેસ સ્તુત્યાવલી'નો લાભ મલી શકશે

જે વૈષ્ણવો ચાલુ વર્ષનું ભેટ પુસ્તક **શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી** નથી મેળવી શકયા તેઓ રૂ. ૫૦ પ્રકાશન સહાયના આપી આ ભેટ પુસ્તક મેળવી શકે છે. માત્ર ૫૦ પુસ્તકો વધારાના છે જે વહેલો તે પહેલોના ધોરણે ઉપરોકત યોજનામાં અપાશે તો તુરત લાભ લેવા વિનંતિ.

૧ **અનિડા (વાછરા)**
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨ **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩ **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩ સરદાર પટેલ નગર, એલિસ બ્રીજ

૪ **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ રાજમાર્ગ,

૫ **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ ૧ લે માળે

૬ કલ્યાણ શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા

૭ **જામનગર** શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
C/o ડો. વી. એન. ધોળકીયા, નાગર ચકલો

૮ **જુનાગઢ**

૧ શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રુગનાથ વસરામભાઈ
શ્રી નાથજી ચેમ્બર્સ દાણાપીઠ

૨ શ્રી પોપટલાલ જમનાસ
વ્રજ વિહાર, જલરામ સોસાયટી

૩ શ્રી અરજણ જેસાભાઈ વૈષ્ણવ
"ગીતાંજલી" ગોકુલેશ સોસાયટી
લોઢીયા વાડી પાછળ,

૯ **જેતપુર** (કાઠી)

૧ શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
પાણી શેરી, ઝવેરી રમણીકભાઈના મકાનમા

૨ મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી

૩ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ હાર્ડવેર માર્ટ, કણકીય. પ્લોટ

૧૦ **ધોરાજી**
શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વધાસીયા
શુકલ શેરી. વધાસીયા ચોરા,

૧૧ **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિત મંદીરણી સામે.

૧૨ **પોરબંદર** શ્રી જયંતિલાલ મુળજીભાઈ રાજાણી
લીબર્ટી રોડ.

૧૩ **મુંબઇ** આં. રા. પુ. વૈ. પરિષદ મુંબઈ શાખા
સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે
૬૧ ડો. આત્મારામ મરચન્ટ રોડ. ભુલેશ્વર

૧૪ **વિલેપારલે** (પશ્ચીમ) શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
૩૪-૪ બજાજ રોડ નંદા ભુવન ૧લે માળે

(જુઓ ટાઈટલ ૩જું)

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૧ અંક : ૧૨ ✻ માર્ચ, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

આશ્રયકી અપેક્ષા કયોં ?

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

પ્રિય વૈષ્ણવ વૃંદ !

આ જગતમાં ભગવાને માનવ જન્મ કોઇ વિશેષ ઉદ્દેશ માટે આપ્યો છે અને તે ઉદ્દેશ સામાન્ય ન હોઇ શકે. અર્થાત્ આ જીવન દ્વારા આપણે એવું ફળ પ્રાપ્ત કરવાનું છે કે જે ફળ બીજા જીવનમાં પ્રાપ્ત ન થઇ શકે. અને આ ફળ ફક્ત એક જ હોઈ શકે કે જીવ આ ભવબંધનથી મુક્ત થઇને પ્રભુના ચરણારવિંદને પ્રાપ્ત કરી લે.

મહાન પુરૂષોએ જીવનનું આ જ પરમ ફળ બતાવ્યું છે. આવા પરમ ફળને પ્રાપ્ત કરવાને માટે આપણે શું કરવું જોઇએ તેનો વિચાર કરીએ તો એક જ વાત સામે આવે છે કે સારૂં ફળ પ્રાપ્ત કરવા માટે સારૂં કાર્ય હોવું જોઇએ. સારૂં કાર્ય કર્યા વગર સારૂં ફળ પ્રાપ્ત કરવાની આશા આપણે રાખી શકીએ નહીં. હરહંમેશ એ તો આવશ્યક છે કે જીવનમાં આપણે એવા કાર્ય કરીએ કે,

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ એ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૧ અંક : ૧૨ ❋ માર્ચ, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

આશ્રયકી અપેક્ષા કયોં ?

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ

પ્રિય વૈષ્ણવ વૃંદ !

આ જગતમાં ભગવાને માનવ જન્મ કોઇ વિશેષ ઉદ્દેશ માટે આપ્યો છે અને તે ઉદ્દેશ સામાન્ય ન હોઇ શકે. અર્થાત્ આ જીવન દ્વારા આપણે એવું ફળ પ્રાપ્ત કરવાનું છે કે જે ફળ બીજા જીવનમાં પ્રાપ્ત ન થઇ શકે. અને આ ફળ ફક્ત એક જ હોઈ શકે કે જીવ આ ભવબંધનથી મુક્ત થઇને પ્રભુના ચરણાવિંદને પ્રાપ્ત કરી લે.

મહાન પુરૂષોએ જીવનનું આ જ પરમ ફળ બતાવ્યું છે. આવા પરમ ફળને પ્રાપ્ત કરવાને માટે આપણે શું કરવું જોઇએ તેનો વિચાર કરીએ તો એક જ વાત સામે આવે છે કે સારૂં ફળ પ્રાપ્ત કરવા માટે સારૂં કાર્ય હોવું જોઇએ. સારૂં કાર્ય કર્યા વગર સારૂં ફળ પ્રાપ્ત કરવાની આશા આપણે રાખી શકીએ નહીં. હરહંમેશ એ તો આવશ્યક છે કે જીવનમાં આપણે એવા કાર્ય કરીએ કે,

જેનાથી આપણી ઉન્નતિ થતી રહે અને પછી અંતમાંપસ્તાવાનો પ્રસંગ ન આવે એવા કાર્ય હોવા જોઇએ. આવા કાર્યો કરવા માટે બધા લોકો ઇચ્છા રાખે છે. એવું કોઇ કાર્ય કરવા નથી ઇચ્છતા કે જેના પરિણામમાં પશ્ચાતાપ થાય. આવું કોણ ઇચ્છે ? પરંતુ છતાં પણ આવા કાર્ય જીવથી થઈ જાય છે.

દરેકના જીવનમાં બને છે તો આનું કારણ શું છે ? હંમેશા સારા કાર્ય કેમ નથી થતાં ? મનુષ્યની પ્રવૃત્તિ ગેરમાર્ગી કેમ બની જાય છે ? તેને માટે ભગવાને ભગવદ્ ગીતામાં એ બતાવ્યું કે માનવીને હંમેશા સારા કર્મ કરવા માટે જે રીતે સારા કર્મની આવશ્યકતા છે, તેવી રીતે સાથમાં એક બીજી વસ્તુ પણ જોઇએ તે કઇ ? તે છે ભાવના. ભાવના વગર જીવન આગળ ન વધી શકે. સારા કામ કરવા માટે, સારા કામ હરહંમેશ કરવા માટે હૃદયમાં સારી ભાવના અવશ્ય હોવી જોઇએ અને તે સારી ભાવના કઈ છે ?

આમ તો સારી ભાવના તો અનેક પ્રકારની હોઇ શકે છે. પરંતુ આપણા આચાર્યચરણોએ બતાવ્યું છે કે સારી ભાવનાનો સર્વોત્તમ પ્રકાર કોઇ હોય તો તે છે ભગવદ્ આશ્રયની ભાવના. હૃદયમાં ભગવાનનો આશ્રય હમેશા રાખો. ભગવદ્ આશ્રય હૃદયમાં ધારણ કરીને પછી સારા માર્ગ તરફ આગળ વધો તો તમારો જે માર્ગ છે તે નિષ્કંટક થઇ જશે. તેમાં કોઇ બાધા નહીં આવે, અને મનુષ્ય ભગવદ્ આશ્રય વગર પોતાની બુદ્ધિના બળ પર જ પોતાની સમજને મુખ્ય માનીને આગળ ચાલશે તો તે સારા કાર્ય પણ કરશે અને ભટકી પણ જશે. બંને અવસ્થા આવી જશે.

જો બુદ્ધિ સારી રહી તો સારા માર્ગ તરફ લઇ ગઇ અને બુદ્ધિ જો વિપરીત થઇ ગઇ તો ખરાબ માર્ગ તરફ લઇ જશે તેથી આશ્રય પોતાના કર્તવ્યનો, પોતાના સામર્થ્યનો ન રાખતા ભગવાનની કૃપા તો આશ્રય હૃદયમાં રાખવો. ભગવાનનો આશ્રય રાખીને આગળ ચાલવાવાળો કદી ભટકતો નથી. પોતાના માર્ગ પરથી પડતો નથી, એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. માનવની જે પ્રવૃત્તિ છે તે એક રીતે જોઇએ તો સ્વભાવથી અધોગતિની છે. નીચેની તરફ જાવાવાળી છે. પાણીના પ્રવાહને આપણે જોઇએ છીએ, તેને ગમે ત્યાં નાખો તે ક્યાં જશે ? તેની ગતિ નીચેની તરફ જશે. તે ઉપરની તરફ નહીં જઈ શકે. પાણી નીચેની તરફ જ જશે. તેવી જ રીતે માનવની જે સહજ પ્રવૃત્તિ છે તે પણ નીચે તરફ જનારી છે. તેને ઉંચે લઇ જવા માટે પણ કોઇ આધાર સ્તંભ જોઇએ. આધાર હોય, ટેકો હોય તો તે નીચે ન જતા ઉપર તરફ જઇ શકે છે, અને તે આધાર કયો છે ? ભગવાનનો આશ્રય.

ભગવાનનો આશ્રય લઇ માનવી ઉપર ચઢી શકે છે. તો ઉપર ચઢવા માટે આશ્રય હંમેશા જરૂરી છે. આશ્રય વગર મનુષ્ય ઉપર ન ચડી શકે તો તે કયો ઉત્તમ આશ્રય છે ?

આચાર્યચરણોએ બતાવ્યું છે કે શ્રીકૃષ્ણનો જે આશ્રય છે તે સર્વોત્તમ છે. આશ્રય પણ એવો હોય જે આપણને ક્યારેય નિરાશ ન કરે એવો હોવો જોઇએ. બીજા પણ આશ્રય હોઇ શકે છે. જ્ઞાનનો પણ આશ્રય હોઇ શકે છે. કર્મનો આશ્રય પણ હોઇ શકે છે. યોગનો

જેનાથી આપણી ઉન્નતિ થતી રહે અને પછી અંતમાંપસ્તાવાનો પ્રસંગ ન આવે એવા કાર્ય હોવા જોઇએ. આવા કાર્યો કરવા માટે બધા લોકો ઇચ્છા રાખે છે. એવું કોઇ કાર્ય કરવા નથી ઇચ્છતા કે જેના પરિણામમાં પશ્ચાતાપ થાય. આવું કોણ ઇચ્છે ? પરંતુ છતાં પણ આવા કાર્ય જીવથી થઈ જાય છે.

દરેકના જીવનમાં બને છે તો આનું કારણ શું છે ? હંમેશા સારા કાર્ય કેમ નથી થતાં ? મનુષ્યની પ્રવૃત્તિ ગેરમાર્ગી કેમ બની જાય છે ? તેને માટે ભગવાને ભગવદ્ ગીતામાં એ બતાવ્યું કે માનવીને હંમેશા સારા કર્મ કરવા માટે જે રીતે સારા કર્મની આવશ્યકતા છે, તેવી રીતે સાથમાં એક બીજી વસ્તુ પણ જોઇએ તે કઇ ? તે છે ભાવના. ભાવના વગર જીવન આગળ ન વધી શકે. સારા કામ કરવા માટે, સારા કામ હરહંમેશ કરવા માટે હૃદયમાં સારી ભાવના અવશ્ય હોવી જોઇએ અને તે સારી ભાવના કઈ છે ?

આમ તો સારી ભાવના તો અનેક પ્રકારની હોઇ શકે છે. પરંતુ આપણા આચાર્યચરણોએ બતાવ્યું છે કે સારી ભાવનાનો સર્વોત્તમ પ્રકાર કોઇ હોય તો તે છે ભગવદ્ આશ્રયની ભાવના. હૃદયમાં ભગવાનનો આશ્રય હમેશા રાખો. ભગવદ્ આશ્રય હૃદયમાં ધારણ કરીને પછી સારા માર્ગ તરફ આગળ વધો તો તમારો જે માર્ગ છે તે નિષ્કંટક થઇ જશે. તેમાં કોઇ બાધા નહીં આવે, અને મનુષ્ય ભગવદ્ આશ્રય વગર પોતાની બુદ્ધિના બળ પર જ પોતાની સમજને મુખ્ય માનીને આગળ ચાલશે તો તે સારા કાર્ય પણ કરશે અને ભટકી પણ જશે. બંને અવસ્થા આવી જશે.

જો બુદ્ધિ સારી રહી તો સારા માર્ગ તરફ લઇ ગઇ અને બુદ્ધિ જો વિપરીત થઇ ગઇ તો ખરાબ માર્ગ તરફ લઇ જશે તેથી આશ્રય પોતાના કર્તવ્યનો, પોતાના સામર્થ્યનો ન રાખતા ભગવાનની કૃપા તો આશ્રય હૃદયમાં રાખવો. ભગવાનનો આશ્રય રાખીને આગળ ચાલવાવાળો કદી ભટકતો નથી. પોતાના માર્ગ પરથી પડતો નથી, એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. માનવની જે પ્રવૃત્તિ છે તે એક રીતે જોઇએ તો સ્વભાવથી અધોગતિની છે. નીચેની તરફ જાવાવાળી છે. પાણીના પ્રવાહને આપણે જોઇએ છીએ, તેને ગમે ત્યાં નાખો તે કયાં જશે ? તેની ગતિ નીચેની તરફ જશે. તે ઉપરની તરફ નહીં જઈ શકે. પાણી નીચેની તરફ જ જશે. તેવી જ રીતે માનવની જે સહજ પ્રવૃત્તિ છે તે પણ નીચે તરફ જનારી છે. તેને ઉંચે લઇ જવા માટે પણ કોઇ આધાર સ્તંભ જોઇએ. આધાર હોય, ટેકો હોય તો તે નીચે ન જતા ઉપર તરફ જઇ શકે છે, અને તે આધાર કયો છે ? ભગવાનનો આશ્રય.

ભગવાનનો આશ્રય લઇ માનવી ઉપર ચઢી શકે છે. તો ઉપર ચઢવા માટે આશ્રય હંમેશા જરૂરી છે. આશ્રય વગર મનુષ્ય ઉપર ન ચડી શકે તો તે કયો ઉત્તમ આશ્રય છે ?

આચાર્યચરણોએ બતાવ્યું છે કે શ્રીકૃષ્ણનો જે આશ્રય છે તે સર્વોત્તમ છે. આશ્રય પણ એવો હોય જે આપણને કયારેય નિરાશ ન કરે એવો હોવો જોઇએ. બીજા પણ આશ્રય હોઇ શકે છે. જ્ઞાનનો પણ આશ્રય હોઇ શકે છે. કર્મનો આશ્રય પણ હોઇ શકે છે. યોગનો

પણ આશ્રય હોઇ શકે છે. તપનો આશ્રય હોઈ શકે છે. યજ્ઞનો આશ્રય હોઇ શકે છે. અનેક પ્રકારના આશ્રય હોઇ શકે છે. પરંતુ બધા આશ્રયોમાં સર્વોત્તમ આશ્રય કોઇ હોય તો તે ભગવદ્ ચરણારવિંદનો છે. ભગવાનના ચરણારવિંદનો આપણા હૃદયમાં આશ્રય રાખીને જો આપણે આપણા જીવનને આગળ વધારીએ તો તે હંમેશા ઉપરની તરફ જતો રહેશે, ઉન્નતિ કરતો રહેશે. નીચેની તરફ જવાની તેની વૃત્તિ નહીં થાય.

જ્ઞાની લોકો, તપસ્વી લોકો ઘણા પ્રયત્ન કરે છે કે પોતે ઉપરની તરફ જાય અને જાય પણ છે. પરંતુ તપસ્વી અને જ્ઞાનીઓનું પતન થતું જોવામાં આવ્યું છે. તેઓ પોતાના માર્ગથી ભટકી ગયા છે. એવા અનેક ઉદાહરણો છે, એક નહીં અનેક. તેનું કારણ શું છે ?

“પતન્ત્વધીનઃ ધૃત યુષ્મદનુગ્રહ”

બ્રહ્માજી કહે છે કે એવા લોકો ફક્ત બળ પર પોતાના સાધનોના બળથી આગળ વધવાવાળા, ઉંચે ચડવાવાળા લોકો પડી જાય છે કેમ ? તેનું કારણ શું છે ? તે લોકોએ આપના ચરણોનો આશ્રય ન કર્યો. આપના ચરણોને દઢતાપૂર્વક પકડ્યા નહીં. તેથી તેઓ ઉંચે ચડીને પાછા પડી ગયા, નહીતર પડવાનું બીજું કોઇ કારણ નથી. ઉપર ચડીને જો કોઇ આધાર મળી જાય તો તો મનુષ્ય ટકી જઇ શકે છે. અને આગળ પણ વધી શકે છે. કોઇ આધાર હોય ન તો પડવાનો જ. બીજું શું થાય ? સીડી પર મનુષ્ય ચડે છે. નિસરણી પર ચડી મનુષ્ય ઉપર ચાલ્યો તો ગયો. જો નિસરણી તેની પાસે હોય તો તો ઠીક છે, નિસરણી છુટી જાય તો આધાર વગર પડી પણ જશે. તે નિસરણી છે ત્યાં સુધી તો સ્થિર રહી શકશે. તે નિસરણી ઉપર નહીં પહોંચે તો પડી જશે. તેવી રીતે ભગવાનના ચરણોને હૃદયમાં ધારણ કરનાર વ્યક્તિ ક્યારેય પડતી નથી. તેથી આચાર્ય ચરણોએ ‘કૃષ્ણ એવ ગતિર્મમ’ એ સંદેશો આપણને આપ્યો છે અને કહ્યું કે–

‘સર્વ માર્ગેષુ નષ્ટેષું કલૌ ચ ખલધર્મિણી ।
પાખંડ પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥’

આચાર્યચરણ આજ્ઞા કરે છે કે, ‘સર્વ માર્ગેષુ નષ્ટેષુ’ આ યુગ કલિયુગ છે. તેથી સર્વ માર્ગ નષ્ટ થઇ ગયા કારણ કે વધારે વિગતની આવશ્યકતા નથી. ટુંકમાં સમજી લો કે કલિયુગ જે છે, મનુષ્યને કેવી રીતે કુમાર્ગે જનારો કેવી રીતે બનાવે છે, સારા માર્ગોથી કેવી રીતે પાડી દે છે. આગળ વધવા નથી દેતો. કહ્યું છે કે ‘ખલધર્માય’ નઠારા પુરૂષોમાં જેટલાં ધર્મ હોય છે તે બધા કલિયુગમાં હાજર છે. નઠારો કોને કહેવો જોઇએ, જે બીજાને છેતરે. સારા માણસોને છેતરી ખરાબ બનાવી દે છે. તેમને ખરાબ રસ્તે લગાડી દે. આ નઠારા પુરૂષોનો સ્વાભાવિક ધર્મ હોય છે. કોઇ માણસ સારા માર્ગે જઈ રહ્યો છે તેને ક્યાંક પહોંચવું છે અને માર્ગમાં તેને કોઇ નઠારો માણસ મળી જાય, પૂછે ભાઇ ક્યાં જઇ રહ્યા છો ? કે' ભાઇ મારે અમુક સ્થાને જવું છે તો જો તે સીધે માર્ગે જતો હશે તો તેને તે એવો ભ્રમ ઉત્પન્ન કરી દેશે, કહી દેશે કે, આ માર્ગ સારો નથી. આ માર્ગથી જઇશ તો જલ્દી નહીં પહોંચી શકાય. અનેક વિઘ્ન, અડચણો છે અને સફળતા મળવી અસંભવ છે. હું બતાવું છું તે માર્ગે જાઓ બીજો

પણ આશ્રય હોઇ શકે છે. તપનો આશ્રય હોઈ શકે છે. યજ્ઞનો આશ્રય હોઇ શકે છે. અનેક પ્રકારના આશ્રય હોઇ શકે છે. પરંતુ બધા આશ્રયોમાં સર્વોત્તમ આશ્રય કોઇ હોય તો તે ભગવદ્ ચરણારવિંદનો છે. ભગવાનના ચરણારવિંદનો આપણા હૃદયમાં આશ્રય રાખીને જો આપણે આપણા જીવનને આગળ વધારીએ તો તે હંમેશા ઉપરની તરફ જતો રહેશે, ઉન્નતિ કરતો રહેશે. નીચેની તરફ જવાની તેની વૃત્તિ નહીં થાય.

જ્ઞાની લોકો, તપસ્વી લોકો ઘણા પ્રયત્ન કરે છે કે પોતે ઉપરની તરફ જાય અને જાય પણ છે. પરંતુ તપસ્વી અને જ્ઞાનીઓનું પતન થતું જોવામાં આવ્યું છે. તેઓ પોતાના માર્ગથી ભટકી ગયા છે. એવા અનેક ઉદાહરણો છે, એક નહીં અનેક. તેનું કારણ શું છે ?

“પતન્ત્વધીનઃ ધૃત યુષ્મદનુગ્રહ”

બ્રહ્માજી કહે છે કે એવા લોકો ફક્ત બળ પર પોતાના સાધનોના બળથી આગળ વધવાવાળા, ઉંચે ચડવાવાળા લોકો પડી જાય છે કેમ ? તેનું કારણ શું છે ? તે લોકોએ આપના ચરણોનો આશ્રય ન કર્યો. આપના ચરણોને દઢતાપૂર્વક પકડ્યા નહીં. તેથી તેઓ ઉંચે ચડીને પાછા પડી ગયા, નહીતર પડવાનું બીજું કોઇ કારણ નથી. ઉપર ચડીને જો કોઇ આધાર મળી જાય તો તો મનુષ્ય ટકી જઇ શકે છે. અને આગળ પણ વધી શકે છે. કોઇ આધાર હોય ન તો પડવાનો જ. બીજું શું થાય ? સીડી પર મનુષ્ય ચડે છે. નિસરણી પર ચડી મનુષ્ય ઉપર ચાલ્યો તો ગયો. જો નિસરણી તેની પાસે હોય તો તો ઠીક છે, નિસરણી છુટી જાય તો આધાર વગર પડી પણ જશે. તે નિસરણી છે ત્યાં સુધી તો સ્થિર રહી શકશે. તે નિસરણી ઉપર નહીં પહોંચે તો પડી જશે. તેવી રીતે ભગવાનના ચરણોને હૃદયમાં ધારણ કરનાર વ્યક્તિ ક્યારેય પડતી નથી. તેથી આચાર્ય ચરણોએ 'કૃષ્ણ એવ ગતિર્મમ' એ સંદેશો આપણને આપ્યો છે અને કહ્યું કે–

'સર્વ માર્ગેષુ નષ્ટેષું કલૌ ચ ખલધર્મિણી ।
પાખંડ પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥'

આચાર્યચરણ આજ્ઞા કરે છે કે, 'સર્વ માર્ગેષુ નષ્ટેષુ' આ યુગ કલિયુગ છે. તેથી સર્વ માર્ગ નષ્ટ થઇ ગયા કારણ કે વધારે વિગતની આવશ્યકતા નથી. ટુંકમાં સમજી લો કે કલિયુગ જે છે, મનુષ્યને કેવી રીતે કુમાર્ગે જનારો કેવી રીતે બનાવે છે, સારા માર્ગોથી કેવી રીતે પાડી દે છે. આગળ વધવા નથી દેતો. કહ્યું છે કે 'ખલધર્માય' નઠારા પુરૂષોમાં જેટલાં ધર્મ હોય છે તે બધા કલિયુગમાં હાજર છે. નઠારો કોને કહેવો જોઇએ, જે બીજાને છેતરે. સારા માણસોને છેતરી ખરાબ બનાવી દે છે. તેમને ખરાબ રસ્તે લગાડી દે. આ નઠારા પુરૂષોનો સ્વાભાવિક ધર્મ હોય છે. કોઇ માણસ સારા માર્ગે જઈ રહ્યો છે તેને ક્યાંક પહોંચવું છે અને માર્ગમાં તેને કોઇ નઠારો માણસ મળી જાય, પૂછે ભાઇ ક્યાં જઇ રહ્યા છો ? કે' ભાઇ મારે અમુક સ્થાને જવું છે તો જો તે સીધે માર્ગે જતો હશે તો તેને તે એવો ભ્રમ ઉત્પન્ન કરી દેશે, કહી દેશે કે, આ માર્ગ સારો નથી. આ માર્ગથી જઇશ તો જલ્દી નહીં પહોંચી શકાય. અનેક વિઘ્ન, અડચણો છે અને સફળતા મળવી અસંભવ છે. હું બતાવું છું તે માર્ગે જાઓ બીજો

માર્ગ, ખરાબ માર્ગ તે તેને બતાવી દેશે અને જે ખરાબ માર્ગે ચાલી રહ્યો છે તે ત્યાં પહોંચવાનો યોગ્ય માર્ગ નથી. આવા માર્ગ પર ત્યાં નઠારો પુરૂષ મળી જશે તો તેનું સમર્થન કરશે કે આ ઘણો સરસ માર્ગ છે. આ રસ્તે ચાલ્યા જાઓ, જલ્દી પહોંચી જશો, તમને કોઇ વિઘ્ન અડચણ નહીં આવે. તો બીજાને છેતરવા તે નઠારા પુરૂષોનો સહજ સ્વભાવ હોય છે અને તે ધર્મ કલિયુગમાં આપણે રાત દિવસ જોઇ રહ્યા છીએ, સારા માર્ગે જે ચાલે છે તેમને ભ્રમ ઉત્પન્ન થઇ જાય છે અને જે કુમાર્ગે જનારા છે તેમને તેમના માર્ગમાં દૃઢતા થાય છે, આ માર્ગ સારો છે. ખરાબ માર્ગને સારો બતાવવો અને સારા માર્ગને ખરાબ બતાવવો એ કલિયુગનો જ પ્રભાવ છે. જેને આપણે બધા સર્વત્ર જોઇ રહ્યા છીએ. એક જગ્યાએ જોવાની જરૂર નથી. આ પ્રભાવ દરેક જગ્યાએ જોઇ શકાય છે.

તેથી જેટલા પણ સારા માર્ગ છે તે બધા નષ્ટ થઇ ગયા છે અને લોકોમાં જે પ્રચાર છે તે મોટે ભાગે પાખંડનો છે. સારો માર્ગ, સત્ય માર્ગ, ધર્મ માર્ગ, ન્યાય માર્ગ નથી, એવું આપણે નથી કહી શકતા, પરંતુ તે ભાગ્યે જ છે. ઘણા અલ્પ છે, થોડા છે અને જે આપણને વિશેષ દેખાય છે તે મોટે ભાગે પાખંડ વધારે હોય છે. વાસ્તવિકતા ઓછી હોય છે, આડંબર વધારે હોય છે. લોકો સમજે છે કે મોટા સદાચારી છે, મોટા ધર્માત્મા છે, મોટા તપસ્વી છે, લોકો તેનો આશ્રય કરે છે. પરંતુ આ લોકોના હૃદયમાં જે પાપાચરણ છે તેને કોઇ જોઇ નથી શકતું. આવા લોકો જ સમાજને ભ્રમમાં નાખીને કલિયુગનું સફળ પ્રતિનિધિત્વ કરે છે. તેનાથી લોકોએ બચવું જોઇએ અને આડંબર વગરનું જીવન બનાવીને ભગવાનનો દૃઢ આશ્રય કરવો જોઇએ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

માર્ગ, ખરાબ માર્ગ તે તેને બતાવી દેશે અને જે ખરાબ માર્ગે ચાલી રહ્યો છે તે ત્યાં પહોંચવાનો યોગ્ય માર્ગ નથી. આવા માર્ગ પર ત્યાં નઠારો પુરૂષ મળી જશે તો તેનું સમર્થન કરશે કે આ ઘણો સરસ માર્ગ છે. આ રસ્તે ચાલ્યા જાઓ, જલ્દી પહોંચી જશો, તમને કોઇ વિઘ્ન અડચણ નહીં આવે. તો બીજાને છેતરવા તે નઠારા પુરૂષોનો સહજ સ્વભાવ હોય છે અને તે ધર્મ કલિયુગમાં આપણે રાત દિવસ જોઇ રહ્યા છીએ, સારા માર્ગે જે ચાલે છે તેમને ભ્રમ ઉત્પન્ન થઇ જાય છે અને જે કુમાર્ગે જનારા છે તેમને તેમના માર્ગમાં દઢતા થાય છે, આ માર્ગ સારો છે. ખરાબ માર્ગને સારો બતાવવો અને સારા માર્ગને ખરાબ બતાવવો એ કલિયુગનો જ પ્રભાવ છે. જેને આપણે બધા સર્વત્ર જોઇ રહ્યા છીએ. એક જગ્યાએ જોવાની જરૂર નથી. આ પ્રભાવ દરેક જગ્યાએ જોઇ શકાય છે.

તેથી જેટલા પણ સારા માર્ગ છે તે બધા નષ્ટ થઇ ગયા છે અને લોકોમાં જે પ્રચાર છે તે મોટે ભાગે પાખંડનો છે. સારો માર્ગ, સત્ય માર્ગ, ધર્મ માર્ગ, ન્યાય માર્ગ નથી, એવું આપણે નથી કહી શકતા, પરંતુ તે ભાગ્યે જ છે. ઘણા અલ્પ છે, થોડા છે અને જે આપણને વિશેષ દેખાય છે તે મોટે ભાગે પાખંડ વધારે હોય છે. વાસ્તવિકતા ઓછી હોય છે, આડંબર વધારે હોય છે. લોકો સમજે છે કે મોટા સદાચારી છે, મોટા ધર્માત્મા છે, મોટા તપસ્વી છે, લોકો તેનો આશ્રય કરે છે. પરંતુ આ લોકોના હૃદયમાં જે પાપાચરણ છે તેને કોઇ જોઇ નથી શકતું. આવા લોકો જ સમાજને ભ્રમમાં નાખીને કલિયુગનું સફળ પ્રતિનિધિત્વ કરે છે. તેનાથી લોકોએ બચવું જોઇએ અને આડંબર વગરનું જીવન બનાવીને ભગવાનનો દઢ આશ્રય કરવો જોઇએ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદ્દાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

શ્રીકૃષ્ણરાય ભટ્ટ વિરચિત સર્વાર્થ બોધિકા વ્યાખ્યાસમેત

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

(–ગતાંકથી ચાલુ)

ટીકા : જો કદાચ શ્રી ગોકુલના અનન્ય ગતિ–સ્થાન કે આશ્રય સ્થાન એવા, 'તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્' એટલે કે તેથી મારે શરણે આવેલા તથા મારાથી જ સનાથ તથા મારી કૃપાની અપેક્ષા રાખનારા એ કથન અનુસાર શ્રી નંદજીના બાલ એવા શ્રીકૃષ્ણ જેનો અંગીકાર (સ્વીકાર) કરેલો છે છે એવા (શ્રીકૃષ્ણ સિવાય) કોઇ પણ બીજું સાધન ન ધરાવનાર જનોના અધિપતિ–સ્વામી-રક્ષક–ફલાત્મા તથા પાલક (પાલન કરનાર) એવા શ્રીકૃષ્ણને, સર્વાત્મા એટલે સર્વાત્મભાવથી કાયા, વાણી તથા મનથી જો હૃદયમાં ધારણ કરવામાં આવે તો.... (એથી વધારે સારૂં બીજું શું ફળ કે સાધન કે કર્તવ્ય હોઇ શકે ? કશું નહિ એ અર્થ છે) જેમને માટે ભગવાન સિવાય પત્ની, ઘર, પુત્ર, ધન....વગેરે જેવું બીજું કંઈ પણ પ્રિય નથી જ, જેનો સર્વસ્વનો ત્યાગ કરેલો છે, જેમના પ્રાણ વગેરે પણ માત્ર ભગવાનના કારણે જં પ્રિય છે, પરંતુ પોતાના માટે નહિ. તેના જનો માટે એ અર્થ છે. યદિ શબ્દ વાપરીને સુચવ્યું છે કે આવી અવસ્થા (સ્થિતિ) દુર્લભ છે અને ભગવાનને વરવા સિવાય બીજા કોઇ સાધનથી પ્રાપ્ત કરવી અશકય છે. 'ગોકુલાધીશ' એ શબ્દથી એમ સુચવ્યું છે કે જેમ શ્રીમદ્ ગોકુલમાં ભગવાન પોતાના ભકતોને વશ થઇને રહે છે. એવી જ રીતે એવા જનના પણ વશમાં રહીને ભગવાન રહે છે. આ જ કારણને લીધે 'એવં સન્દર્શિતાહ્યંગ હરિણા ભકતવશ્યતા । સ્વવશેનાપિ કૃષ્ણેન યસ્યેદં સેશ્વરં વશે' એટલે કે આ પ્રમાણે શ્રી હરિએ દર્શાવ્યું કે પોતે ભકતને આધિન છે, ઇશ્વર સહિત આ બધું જેમના પોતાના વશમાં છે એવા શ્રીકૃષ્ણે તથા 'નાયં સુખાપો ભગવાન્દેહિનાં ગોપિકાસુતઃ । સ્વનિનાં આત્મભૂતાનાં યથા ભકિતમતામિહ ॥ એટલે કે આ શ્રીકૃષ્ણ ભગવાન જે ગોપિકા (યશોદાજી)ના પુત્ર છે તે, દેહધારીઓ માટે સહેલાઇથી પ્રાપ્ત કરી શકાય એવા નથી. ન તો જ્ઞાનીઓથી યા તો આત્મજ્ઞાનીઓથી પણ (પ્રાપ્ત કરી શકાય) પરંતુ જેઓ (દૃઢ–શુદ્ધ) ભકિતવાળા તેઓ જ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે.

આ બધા કથનોનો અર્થ આ જ છે. જો એવી દલીલ કરવામાં આવે કે આ પ્રમાણે ભગવાન જેમના હૃદયમાં રહેલા હોય એવા ગૃહસ્થાશ્રમીઓને ધન વગેરેના અભાવને કારણે લૌકિક તથા વૈદિક કાર્યોનો નિર્વાહ કેવી રીતે થઇ શકે ? એવા પ્રશ્નની અપેક્ષાથી આજ્ઞા કરે છે કે 'તતઃ' વગેરે જ્યારે સર્વસામર્થ્ય ધરાવનાર ભગવાન જ હૃદયમાં ધારણ કરવામાં આવ્યા હોય ત્યારે લૌકિક વ્યવહાર વગેરે

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

શ્રીકૃષ્ણરાય ભટ્ટ વિરચિત સર્વાર્થ બોધિકા વ્યાખ્યાસમેત

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

(–ગતાંકથી ચાલુ)

ટીકા : જો કદાચ શ્રી ગોકુલના અનન્ય ગતિ–સ્થાન કે આશ્રય સ્થાન એવા, 'તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્' એટલે કે તેથી મારે શરણે આવેલા તથા મારાથી જ સનાથ તથા મારી કૃપાની અપેક્ષા રાખનારા એ કથન અનુસાર શ્રી નંદજીના બાલ એવા શ્રીકૃષ્ણ જેનો અંગીકાર (સ્વીકાર) કરેલો છે છે એવા (શ્રીકૃષ્ણ સિવાય) કોઇ પણ બીજું સાધન ન ધરાવનાર જનોના અધિપતિ–સ્વામી-રક્ષક–ફલાત્મા તથા પાલક (પાલન કરનાર) એવા શ્રીકૃષ્ણને, સર્વાત્મા એટલે સર્વાત્મભાવથી કાયા, વાણી તથા મનથી જો હૃદયમાં ધારણ કરવામાં આવે તો.... (એથી વધારે સારૂં બીજું શું ફળ કે સાધન કે કર્તવ્ય હોઇ શકે ? કશું નહિ એ અર્થ છે) જેમને માટે ભગવાન સિવાય પત્ની, ઘર, પુત્ર, ધન....વગેરે જેવું બીજું કંઈ પણ પ્રિય નથી જ, જેનો સર્વસ્વનો ત્યાગ કરેલો છે, જેમના પ્રાણ વગેરે પણ માત્ર ભગવાનના કારણે જ પ્રિય છે, પરંતુ પોતાના માટે નહિ. તેના જનો માટે એ અર્થ છે. યદિ શબ્દ વાપરીને સુચવ્યું છે કે આવી અવસ્થા (સ્થિતિ) દુર્લભ છે અને ભગવાનને વરવા સિવાય બીજા કોઇ સાધનથી પ્રાપ્ત કરવી અશક્ય છે. 'ગોકુલાધીશ' એ શબ્દથી એમ સુચવ્યું છે કે જેમ શ્રીમદ્ ગોકુલમાં ભગવાન પોતાના ભક્તોને વશ થઇને રહે છે. એવી જ રીતે એવા જનના પણ વશમાં રહીને ભગવાન રહે છે. આ જ કારણને લીધે 'એવં સન્દર્શિતાહ્યંગ હરિણા ભક્તવશ્યતા । સ્વવશેનાપિ કૃષ્ણેન યસ્યેદં સેશ્વરં વશે' એટલે કે આ પ્રમાણે શ્રી હરિએ દર્શાવ્યું કે પોતે ભક્તને આધિન છે, ઇશ્વર સહિત આ બધું જેમના પોતાના વશમાં છે એવા શ્રીકૃષ્ણે તથા 'નાયં સુખાપો ભગવાન્દેહિનાં ગોપિકાસુતઃ । સ્વનિનાં આત્મભુતાનાં યથા ભક્તિમતામિહ ॥' એટલે કે આ શ્રીકૃષ્ણ ભગવાન જે ગોપિકા (યશોદાજી)ના પુત્ર છે તે, દેહધારીઓ માટે સહેલાઇથી પ્રાપ્ત કરી શકાય એવા નથી. ન તો જ્ઞાનીઓથી યા તો આત્મજ્ઞાનીઓથી પણ (પ્રાપ્ત કરી શકાય) પરંતુ જેઓ (દઢ–શુદ્ધ) ભક્તિવાળા તેઓ જ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે.

આ બધા કથનોનો અર્થ આ જ છે. જો એવી દલીલ કરવામાં આવે કે આ પ્રમાણે ભગવાન જેમના હૃદયમાં રહેલા હોય એવા ગૃહસ્થાશ્રમીઓને ધન વગેરેના અભાવને કારણે લૌકિક તથા વૈદિક કાર્યોનો નિર્વાહ કેવી રીતે થઇ શકે ? એવા પ્રશ્નની અપેક્ષાથી આજ્ઞા કરે છે કે 'તતઃ' વગેરે જ્યારે સર્વસામર્થ્ય ધરાવનાર ભગવાન જ હૃદયમાં ધારણ કરવામાં આવ્યા હોય ત્યારે લૌકિક વ્યવહાર વગેરે

કર્મોથી–યાગ, દાન વગેરેથી– બીજું શું ફલ ? કંઇ પણ નહિ એ અર્થ છે. બ્રહ્મલોક સુધીના બધાનું પણ ફલ 'સ્યાબ્રહ્મભુવનાલ્લોકાઃ પુનરાવર્જિનોર્જુન' એટલે હે અર્જુન ! બ્રહ્મલોક સુધીના લોકો પુનરાવર્તન પામનારા છે વગેરે વાકયોથી તેમનું નશ્વરપણું (નાશ પામવાપણું) એવો અર્થ છે. તેથી એવા (લૌકિક–વૈદિક) ફળોનું કંઇપિણ મહત્વ નથી. એવો અર્થ છે. 'તતઃ' એટલે એનાની બીજું શું ફલ હોય તે તું જ કહે. આ કારણથી સર્વભાવથી ભગવાન જ હ્રદયમાં ધારણ કરેલો હોય તેમનું ઐહિક તથા પારલૌકિક બધું કાર્ય ભગવાન જ કરે છે. 'તેષાં અહં સમુદ્ધર્તા' એટલે સંપૂર્ણ ઉદ્ધાર કરનાર હું છું– એ વાકયમાં કહ્યા મુજબ અને વળી 'અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ'.... એ વાકયમાં જણાવ્યા મુજબ પણ ॥૩॥

જો એમ પુછવામાં આવે કે, તો પછી જીવોએ હંમેશા શું કરવું ? એવા પ્રશ્નની અપેક્ષાથી આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે અતઃ વગેરે....

અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિનત્યાજ્ય મિતિ મે મતિઃ ॥૪॥

અર્થ : તેથી સર્વાત્મભાવપુર્વક અવિરત રીતે (હંમેશા) શ્રીમદ્ ગોકુલના સ્વામી (શ્રીકૃષ્ણ)ના બે ચરણોનું સ્મરણ તથા સેવા ન ત્યજવાં એવો મારો અભિપ્રાય છે. ॥૪॥

ટીકા : એમ હોવાથી કર્મ, યોગ, જ્ઞાન વગેરે માર્ગો દ્વારા જે ફલ પ્રાપ્ત કરી શકાતું નથી તે ભકિતમાર્ગથી મેળવી શકાય એમ છે તેથી સર્વાત્મની એટલે સર્વ પ્રકારોથી શશ્વત્ એટલે નિરંતર (વચ્ચે સેવામાં જરાય અંતરખાલી સમય રાખ્યા વગર) શ્રી ગોકુલના પતિ જેઓ નિઃસાધન જનોના ફલરૂપ છે. અને પરબ્રહ્મ છે અને રસપુર્ણ આત્માવાળા છે તેવા ભગવાનના બન્ને ચરણકમલનાં સ્મરણ તથા સેવાને ચકાર વાપરીને–તથા એમ કહીને)–શ્રવણ તથા કિર્તનને કદાપિ ન ત્યજવાં એવી આજ્ઞા આપી છે. સ્નેહના અભાવમાં પણ મનનો એ ખાસ ધર્મ હોવાથી મુખ્યત્વે સ્મરણની જ આજ્ઞા કરેલી છે.

આ જ કારણને લીધે 'તસ્માત્ ભારત સર્વાત્મા' એટલે હે ભારત ! એ કારણથી.... વગેરે કથનનું વિવરણ કરતાં શ્રવણ, કિર્તન, સ્મરણ)એ જ જ્યારે કહ્યું હતું ત્યારે શા માટે નવ પ્રકારની ભકિતની આજ્ઞા ન કરી એમ પોતે જ શંકા ઉઠાવીને સમાધાન કર્યું. પાદસેવનથી શરૂ કરીને આત્મનિવેદન સુધીના છ (ભકિતના) પ્રકારો પ્રેમ પછીના ભાવ હોવાથી મુખ્યત્વે શ્રવણ, કિર્તન તથા સ્મરણ (એ ત્રણ પ્રકાર)ની જ આજ્ઞા કરી છે. તેથી દિવસ અને રાત ભગવાનની ખાસ લીલાઓનું સ્મરણ કરવું. રાસ વગેરે બધી લીલાઓનું પણ (અવિરત) કરવું. કદાપિ તેનો ત્યાગ ન કરવો.

'કૃષ્ણ સેવા સદા કાર્યા' એટલે કે શ્રીકૃષ્ણની સેવા હંમેશા કરવી– એ વાકયમાં માનસી સેવા જ ફલરૂપ છે. એવી આજ્ઞા કરી છે. આ જ કારણને લીધે ચિત્તનું પરોવાયેલું રહેવું એને સેવાનું લક્ષણ ગણ્યું છે. ભગવાનમાં પરોવાયેલા ચિત્તની પ્રાપ્તિને માટે તનુજા તથા વિત્તની સેવા કરવી. એ પ્રકારની સેવા કરવાથી સંસારના દુઃખોના નિવારણપુર્વક બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિરૂપી વચ્ચેનું ફળ મળે. પરમફલ તો, પોતપોતાની યોગ્યતા પ્રમાણે, ભગવાનની

કર્મોથી–યાગ, દાન વગેરેથી– બીજું શું ફલ ? કંઇ પણ નહિ એ અર્થ છે. બ્રહ્મલોક સુધીના બધાનું પણ ફલ 'સ્યાબ્રહ્મભુવનાલ્લોકાઃ પુનરાવર્જિનોર્જુન' એટલે હે અર્જુન ! બ્રહ્મલોક સુધીના લોકો પુનરાવર્તન પામનારા છે વગેરે વાકયોથી તેમનું નશ્વરપણું (નાશ પામવાપણું) એવો અર્થ છે. તેથી એવા (લૌકિક–વૈદિક) ફળોનું કંઇપણ મહત્વ નથી. એવો અર્થ છે. 'તતઃ' એટલે એનાની બીજું શું ફલ હોય તે તું જ કહે. આ કારણથી સર્વભાવથી ભગવાન જ હ્રદયમાં ધારણ કરેલો હોય તેમનું ઐહિક તથા પારલૌકિક બધું કાર્ય ભગવાન જ કરે છે. 'તેષાં અહં સમુદ્ધર્તા' એટલે સંપૂર્ણ ઉદ્ધાર કરનાર હું છું– એ વાકયમાં કહ્યા મુજબ અને વળી 'અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ'.... એ વાકયમાં જણાવ્યા મુજબ પણ ॥૩॥

જો એમ પુછવામાં આવે કે, તો પછી જીવોએ હંમેશા શું કરવું ? એવા પ્રશ્નની અપેક્ષાથી આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે અતઃ વગેરે....

અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિનત્યાજ્ય મિતિ મે મતિઃ ॥૪॥

અર્થ : તેથી સર્વાત્મભાવપુર્વક અવિરત રીતે (હંમેશા) શ્રીમદ્ ગોકુલના સ્વામી (શ્રીકૃષ્ણ)ના બે ચરણોનું સ્મરણ તથા સેવા ન ત્યજવાં એવો મારો અભિપ્રાય છે. ॥૪॥

ટીકા : એમ હોવાથી કર્મ, યોગ, જ્ઞાન વગેરે માર્ગો દ્વારા જે ફલ પ્રાપ્ત કરી શકાતું નથી તે ભકિતમાર્ગથી મેળવી શકાય એમ છે તેથી સર્વાત્મની એટલે સર્વ પ્રકારોથી શશ્વત્ એટલે નિરંતર (વચ્ચે સેવામાં જરાય અંતરખાલી સમય રાખ્યા વગર) શ્રી ગોકુલના પતિ જેઓ નિઃસાધન જનોના ફલરૂપ છે. અને પરબ્રહ્મ છે અને રસપુર્ણ આત્માવાળા છે તેવા ભગવાનના બન્ને ચરણકમલનાં સ્મરણ તથા સેવાને ચકાર વાપરીને–તથા એમ કહીને)–શ્રવણ તથા કિર્તનને કદાપિ ન ત્યજવાં એવી આજ્ઞા આપી છે. સ્નેહના અભાવમાં પણ મનનો એ ખાસ ધર્મ હોવાથી મુખ્યત્વે સ્મરણની જ આજ્ઞા કરેલી છે.

આ જ કારણને લીધે 'તસ્માત્ ભારત સર્વાત્મા' એટલે હે ભારત ! એ કારણથી.... વગેરે કથનનું વિવરણ કરતાં શ્રવણ, કિર્તન, સ્મરણ)એ જ જ્યારે કહ્યું હતું ત્યારે શા માટે નવ પ્રકારની ભકિતની આજ્ઞા ન કરી એમ પોતે જ શંકા ઉઠાવીને સમાધાન કર્યું. પાદસેવનથી શરૂ કરીને આત્મનિવેદન સુધીના છ (ભકિતના) પ્રકારો પ્રેમ પછીના ભાવ હોવાથી મુખ્યત્વે શ્રવણ, કિર્તન તથા સ્મરણ (એ ત્રણ પ્રકાર)ની જ આજ્ઞા કરી છે. તેથી દિવસ અને રાત ભગવાનની ખાસ લીલાઓનું સ્મરણ કરવું. રાસ વગેરે બધી લીલાઓનું પણ (અવિરત) કરવું. કદાપિ તેનો ત્યાગ ન કરવો.

'કૃષ્ણ સેવા સદા કાર્યા' એટલે કે શ્રીકૃષ્ણની સેવા હંમેશા કરવી– એ વાકયમાં માનસી સેવા જ ફલરૂપ છે. એવી આજ્ઞા કરી છે. આ જ કારણને લીધે ચિત્તનું પરોવાયેલું રહેવું એને સેવાનું લક્ષણ ગણ્યું છે. ભગવાનમાં પરોવાયેલા ચિત્તની પ્રાપ્તિને માટે તનુજા તથા વિત્તની સેવા કરવી. એ પ્રકારની સેવા કરવાથી સંસારના દુઃખોના નિવારણપુર્વક બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિરૂપી વચ્ચેનું ફળ મળે. પરમફલ તો, પોતપોતાની યોગ્યતા પ્રમાણે, ભગવાનની

કૃપાથી, નિત્યલીલાની પ્રાપ્તિ જ છે એમ મારો અભિપ્રાય છે.

શ્રીમદાચાર્ય કૃપયા વ્યાખ્યા સર્વાર્થબોધિકા ।
મયાકૃતાચતુઃ શ્લોકયાઃ કૃષ્ણરાત્માભિધેન હિ ।૧।
તુષ્યતાં તેન ભગવાન્ શ્રીમદાચાર્ય વલ્લભઃ ।
દાસે નિસ્સાધને દીને કૃષ્ણરાયે દયાનિધિઃ ।૨।

અર્થ : શ્રીમદાચાર્યચરણની કૃપાથી, ચતુઃશ્લોકી ગ્રંથનું, સર્વ અર્થને સમજાવનાર વિવરણ, કૃષ્ણરાયનું નામ ધારણ કરનારા એવા મેં કર્યું છે. ।૧।

તેનાથી ભગવાન શ્રીમદાચાર્ય ચરણ શ્રી વલ્લભાચાર્યજી જેઓ દયાના ભંડાર છે તેઓ આ દીન તથા નિઃસાધન એવા કૃષ્ણરાય ઉપર સંતુષ્ટ થઈ કૃપા કરો. ।૨।

ઇતિ શ્રી વલ્લભદેવ વિરચિતાયાઃ ચતુઃશ્લોકયાઃ કૃષ્ણરાય ભટ્ટ વિરચિતા સર્વાર્થબોધિકત વ્યાખ્યા સમ્પૂર્ણાઃ ।

આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભદેવે વિશેષરૂપે રચેલ ચતુઃશ્લોકી ગ્રંથનું બધા અર્થને સમજાવતું વિવરણ જે કૃષ્ણરાય ભટે કર્યું છે તે અહીં સમ્પૂર્ણ (પુરૂં) થાય છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

કૃપાથી, નિત્યલીલાની પ્રાપ્તિ જ છે એમ મારો અભિપ્રાય છે.

શ્રીમદાચાર્ય કૃપયા વ્યાખ્યા સર્વાર્થબોધિકા ।
મયાકૃતાચતુઃ શ્લોકયાઃ કૃષ્ણરાત્માભિધેન હિ ।૧।
તુષ્યતાં તેન ભગવાન્ શ્રીમદાચાર્ય વલ્લભઃ ।
દાસે નિસ્સાધને દીને કૃષ્ણરાયે દયાનિધિઃ ।૨।

અર્થ : શ્રીમદાચાર્યચરણની કૃપાથી, ચતુઃશ્લોકી ગ્રંથનું, સર્વ અર્થને સમજાવનાર વિવરણ, કૃષ્ણરાયનું નામ ધારણ કરનારા એવા મેં કર્યું છે. ।૧।

તેનાથી ભગવાન શ્રીમદાચાર્ય ચરણ શ્રી વલ્લભાચાર્યજી જેઓ દયાના ભંડાર છે તેઓ આ દીન તથા નિઃસાધન એવા કૃષ્ણરાય ઉપર સંતુષ્ટ થઈ કૃપા કરો. ।૨।

ઇતિ શ્રી વલ્લભદેવ વિરચિતાયાઃ ચતુઃ શ્લોકયાઃ કૃષ્ણરાય ભટ્ટ વિરચિતા સર્વાર્થ બોધિકત વ્યાખ્યા સમ્પૂર્ણાઃ ।

આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભદેવે **વિશેષરૂપે** રચેલ ચતુઃશ્લોકી ગ્રંથનું બધા **અર્થને** સમજાવતું વિવરણ જે કૃષ્ણરાય ભટે કર્યું છે તે અહીં સમ્પૂર્ણ (પુરૂ) થાય છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

વૈષ્ણવતાનો દિવડો

ગો. વા. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રીના જીવનના સંસ્મરણો

લેખક : શ્રી વિઠ્ઠલભાઈ મકવાણા, ધોરાજી

((ગતાંકથી ચાલુ)

શ્રી રવજીભાઇએ તે વખતના યુવાન વૈષ્ણવોની કિર્તન મંડળી બનાવવાની વાત સહુ વૈષ્ણવો સમક્ષ રજુ કરતાં, બધાંએ તે વાત વધાવી લીધી. યુવકો તૈયાર થઈ ગયા અને કિર્તન શીખવવાની શરૂઆત કરી દીધી. શ્રી ડાયાભાઇ સોની, શ્રી લવજીભાઇ દરજી, શ્રી હરીદાસભાઇ ગાંધી વ. ઉત્તમ કિર્તનીયા બની ગયા. શ્રી રવજીભાઇનો પરિશ્રમ અને શ્રી ઠાકોરજીની કૃપાના સુમેળથી ધોરાજીના વૈષ્ણવ સમાજને એક સુંદર કિર્તન મંડળી ભેટ મળી. આ કિર્તનકારો આજે પણ શ્રી રવજીભાઇને ભીના હૃદયે યાદ કરે છે, તેમનું ઋણ સ્વીકારે છે. કીર્તનોથી શ્રી ઠાકોરજીની જે કંઇ સેવા કરી શકવા સમર્થ બન્યાં તે માટે અંતરથી શ્રી રવજીભાઇને યાદ કરે છે. એક પલકમાત્ર પણ આવા સાચા આનંદનું સ્મરણ જીવનને ધન્ય બનાવી દે છે.

આશ્ચર્યનીવાત તો એ છે, કે જે પેઢીની કિર્તન મંડળી તૈયાર કરી હતી, તે સહુ મોટી ઉંમરના થઇ જતાં તેમના બાળકોને પણ કિર્તનો શીખવ્યાં, અને તેમને પણ શ્રી ઠાકોરજી સન્મુખ કિર્તન ગાતા કરી દીધાં ! શ્રી ગોવિંદભાઈ મકવાણા, શ્રી પંકજભાઇ મકવાણા, શ્રી સુરેશભાઇ ગાંધી, શ્રી દિનકરભાઇ સોની, શ્રી વજુભાઇ અને શ્રી જયેશભાઇ સોની, શ્રી ચીમનભાઇ શ્રી ચંદ્રકાંતભાઇ વ. કિર્તન મંડળીના સભ્યો આજે શ્રી રવજીભાઇના અનુગ્રહે શ્રી ઠાકોરજી સન્મુખ કિર્તન સેવા અંગીકાર કરાવે છે.

શ્રી રવજીભાઇએ આ ચોથી કિર્તન મંડળી તૈયાર કરી.

શ્રી રવજીભાઇને વારે–વારે મુંબઇ શ્રી પ્રથમેશજી બાવા સાહેબ પાસે જવાનું થાય, ત્યારે શકય હોય તો મુંબઈ કેશરીયા મંડલીમાં ઉતરવાનું રાખતાં. ત્યાં પણ રોજ રાત્રે કિર્તન–ભગવદ્‌વાર્તાની રસહેલી જામતી, ત્યારનાં કેશરીયા મંડળીના પ્રમુખ શ્રી દેવચંદભાઇએ એ કિર્તન મંડળી તૈયાર કરી આપવાની શ્રી રવજીભાઇને વિનંતિ કરી. શ્રી રવજીભાઇને કિર્તનો શીખવવાની ધગશ તો હતીજ. તેમાં આ વાત સામેથી આવી, આથી ખૂબજ રાજી થયા, અને વૈષ્ણવ બાળકોના નામ નોંધી તેમની મંડળી બનાવી, કિર્તન શીખવવાની શરૂઆત કરી દીધી. પરિશ્રમ બાદ ત્યાં પણ એક સુંદર મજાની કિર્તન મંડળી તૈયાર કરી આપી. શ્રી રવજીભાઇએ આ ત્રીજી કિર્તન મંડળી તૈયાર કરી.

શ્રી પ્રભુ રવજીભાઇને નિમિત્ત બનાવી એક પછી એક કિર્તન મંડળી તૈયાર કરાવ્યે જતાં જતાં હતા. બધું પ્રભુ ઇચ્છાની જ બને છે. પ્રભુ ઇચ્છા વગર કંઇ થઇ શકતું નથી. શ્રી રવજીભાઇ જેવા ભગવદિયોતો માત્ર નિમિત્ત જ બને છે. શ્રી પ્રભુ આવાં શુભ કામો માટે નિમિત્ત બનાવે છે, એજ મોટી પ્રભુ કૃપા !

શ્રી રવજીભાઇ વારે વારે શ્રી પ્રથમેશજી બાવા પાસે મુંબઇ જતાં ત્યાં મહારાજશ્રી પાસે તો વૈષ્ણવોનો મોટો સમુહ કાયમ રહેતો હતો તે વૈષ્ણવ પરિસદમાં મરજાદી શેઠ શ્રી ગલાલ

વૈષ્ણવતાનો દિવડો

ગો. વા. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રીના જીવનના સંસ્મરણો

લેખક : **શ્રી વિઠ્ઠલભાઈ મકવાણા, ધોરાજી**

((ગતાંકથી ચાલુ)

શ્રી રવજીભાઇએ તે વખતના યુવાન વૈષ્ણવોની કિર્તન મંડળી બનાવવાની વાત સહુ વૈષ્ણવો સમક્ષ રજુ કરતાં, બધાંએ તે વાત વધાવી લીધી. યુવકો તૈયાર થઈ ગયા અને કિર્તન શીખવવાની શરૂઆત કરી દીધી. શ્રી ડાયાભાઇ સોની, શ્રી લવજીભાઇ દરજી, શ્રી હરીદાસભાઇ ગાંધી વ. ઉત્તમ કિર્તનીયા બની ગયા. શ્રી રવજીભાઇનો પરિશ્રમ અને શ્રી ઠાકોરજીની કૃપાના સુમેળથી ધોરાજીના વૈષ્ણવ સમાજને એક સુંદર કિર્તન મંડળી ભેટ મળી. આ કિર્તનકારો આજે પણ શ્રી રવજીભાઇને ભીના હૃદયે યાદ કરે છે, તેમનું ઋણ સ્વીકારે છે. કીર્તનોથી શ્રી ઠાકોરજીની જે કંઇ સેવા કરી શકવા સમર્થ બન્યાં તે માટે અંતરથી શ્રી રવજીભાઇને યાદ કરે છે. એક પલકમાત્ર પણ આવા સાચા આનંદનું સ્મરણ જીવનને ધન્ય બનાવી દે છે.

આશ્ચર્યનીવાત તો એ છે, કે જે પેઢીની કિર્તન મંડળી તૈયાર કરી હતી, તે સહુ મોટી ઉંમરના થઇ જતાં તેમના બાળકોને પણ કિર્તનો શીખવ્યાં, અને તેમને પણ શ્રી ઠાકોરજી સન્મુખ કિર્તન ગાતા કરી દીધાં ! શ્રી ગોવિંદભાઈ મકવાણા, શ્રી પંકજભાઇ મકવાણા, શ્રી સુરેશભાઇ ગાંધી, શ્રી દિનકરભાઇ સોની, શ્રી વજુભાઇ અને શ્રી જયેશભાઇ સોની, શ્રી ચીમનભાઇ શ્રી ચંદ્રકાંતભાઇ વ. કિર્તન મંડળીના સભ્યો આજે શ્રી રવજીભાઇના અનુગ્રહે શ્રી ઠાકોરજી સન્મુખ કિર્તન સેવા અંગીકાર કરાવે છે.

શ્રી રવજીભાઇએ આ ચોથી કિર્તન મંડળી તૈયાર કરી.

શ્રી રવજીભાઇને વારે–વારે મુંબઇ શ્રી પ્રથમેશજી બાવા સાહેબ પાસે જવાનું થાય, ત્યારે શકય હોય તો મુંબઈ કેશરીયા મંડલીમાં ઉતરવાનું રાખતાં. ત્યાં પણ રોજ રાત્રે કિર્તન–ભગવદ્‌વાર્તાની રસહેલી જામતી, ત્યારના કેશરીયા મંડળીના પ્રમુખ શ્રી દેવચંદભાઇએ એ કિર્તન મંડળી તૈયાર કરી આપવાની શ્રી રવજીભાઇને વિનંતિ કરી. શ્રી રવજીભાઇને કિર્તનો શીખવવાની ધગશ તો હતીજ. તેમાં આ વાત સામેથી આવી, આથી ખૂબજ રાજી થયા, અને વૈષ્ણવ બાળકોના નામ નોંધી તેમની મંડળી બનાવી, કિર્તન શીખવવાની શરૂઆત કરી દીધી. પરિશ્રમ બાદ ત્યાં પણ એક સુંદર મજાની કિર્તન મંડળી તૈયાર કરી આપી. શ્રી રવજીભાઇએ આ ત્રીજી કિર્તન મંડળી તૈયાર કરી.

શ્રી પ્રભુ રવજીભાઇને નિમિત્ત બનાવી એક પછી એક કિર્તન મંડળી તૈયાર કરાવ્યે જતાં જતાં હતા. બધું પ્રભુ ઇચ્છાની જ બને છે. પ્રભુ ઇચ્છા વગર કંઇ થઇ શકતું નથી. શ્રી રવજીભાઇ જેવા ભગવદિયોતો માત્ર નિમિત્ત જ બને છે. શ્રી પ્રભુ આવાં શુભ કામો માટે નિમિત્ત બનાવે છે, એજ મોટી પ્રભુ કૃપા !

શ્રી રવજીભાઇ વારે વારે શ્રી પ્રથમેશજી બાવા પાસે મુંબઇ જતાં ત્યાં મહારાજશ્રી પાસે તો વૈષ્ણવોનો મોટો સમુહ કાયમ રહેતો હતો તે વૈષ્ણવ પરિસદમાં મરજાદી શેઠ શ્રી ગલાલ

દાસજી મુંદડા કરીને એક મોટા મારવાડી ઉદ્યોગપતિ હતા. તેઓ આપશ્રીના ખાસ કૃપાપાત્ર અને તેઓશ્રીને પણ આપશ્રી પ્રત્યે ખુબજ ભાવના આપશ્રીની બેઠકમાં શ્રી ગ્વાલદાસજી અને શ્રી રવજીભાઇ લગભગ તો સાથે જ હોય. ધીરે–ધીરે શ્રી ગ્વાલદાસજી શ્રી રવજીભાઇના નિકટના પરિચયમાં આવ્યાં. શ્રી રવજીભાઇમાં રહેલા વૈષ્ણવતાના ગુણોથી શેઠશ્રી ખુબજ પ્રભાવિત થયા. શેઠશ્રી શ્રીરવજીભાઇને પોતાને ઘેર પણ સત્સંગ માટે પ્રસંગોપાત બોલાવતા હતા. હવે શેઠશ્રીને શ્રીરવજીભાઇનો વધુ સત્સંગ કરવાની ઈચ્છા થઇ. કલકત્તા ખાતે શેઠશ્રીએ 'રાજાકટરા' નામે એક વિશાળ જુના મકાનોનું સંકુલ વેચાણથી લીધું હતું. તેમાં કાયમ મકાનોનું રીપેરીંગ કામ ચાલ્યાં કરે. તેમાં મીસ્ત્રીઓ અને મુનીઓ અપ્રમાણીકતાથી વહીવટ ચલાવે. શેઠશ્રીને આ જરાપણ પસંદ નહીં, આથી તેમણે શ્રી રવજીભાઇ જેવા પ્રમાણીક અને નિષ્ઠાવાન વૈષ્ણવને મીસ્ત્રી તરીકે નિમવા કલકત્તા પોતાની પાસે બોલાવ્યાં. રહેવાનું પ્રસાદ લેવાનું વ. બધું શેઠશ્રીની સાથે જ હતું. દિવસની ધંધાકીય પ્રવૃત્તિથી નિવૃત્ત થઇ, રોજ રાત્રે ભગવદવાર્તા અને કિર્તનોની જમાવટ થતી હતી. શેઠશ્રી પોતે મરજાદી, કિર્તન, સેવા પ્રકાર વ. ના સારા એવા જાણકાર, આથી 'વક્તા–શ્રોતા બેઉ સરખા'નો અદ્‌ભૂત તાલ–મેળ થઇ ગયો ! બન્નેને ખુબજ આનંદ આવે. શ્રીમંત – ગરીબની ભિન્નતા સમાનતાના સ્તરે પહોંચી ગઇ હતી. આ અદ્‌ભૂત 'તાલમેળ'ના આનંદમાં હું પણ એક શ્રોતા તરીકે બહુધા હાજર રહેતો હતો. ત્યારના પ્રસંગોની જમાવટ અને આનંદના દ્રશ્યો આજે પણ મારા ચક્ષુ સમક્ષ ઉપસી આવે છે.

સને ૧૯૫૧ થી '૫૭ સુધી સુપેડી ખાતે વસવાટ હતો. શ્રી રવજીભાઇ જ્યાં જાય ત્યાં તેમનાં ચાહકોનું વર્તુળ ખડું થઇજ જાય. શાંત અને ગ્રામ્ય વાતાવરણ, ગામને પાદર સુંદર મજાની ખળખળ વહેતી નદી, શ્રી ભાનુભાઇ વ્યાસ જેવા રસીક ભગવદીયનો સંગાથ, પછીતો પુછવાનું જ શું હોય ? આનંદના મહાસાગરમાં જબોળાયા જ કરવાનું ! એ સમયમાં રસ અને આનંદની છોળો વચ્ચે દિવસો વિતાવ્યાં હતા. શ્રી ભાનુભાઇ ઉપરાંત શ્રી વલ્લભભાઇ ઘેટીયા, શ્રી રામજીભાઇ અને શ્રી જમનભાઇ ડઢાણીયા વ. નું અંતરંગ સ્નેહી મંડળ હતું. શ્રી ભાનુભાઇ સુપ્રસિદ્ધ કિર્તનકાર કિર્તનોના ગુઢ રહસ્યોના સારા એવા જાણકાર પ્રસિદ્ધ ઢાઢી અને રસિક હ્રદયના હતા. તેઓ શ્રીગોસ્વામી બાળકોમાં ખુબજ પ્રિય હતા. દરરોજ રાત્રે બધાં ભાઇઓ શ્રી ભાનુભાઇને ત્યાં મળે, ભગવદ્‌વાર્તાના રસિક પ્રકારો ચર્ચાય, ગોસ્વામી બાળકોના પ્રતાપ, સિદ્ધાંતોની ગુઢતા ઉપર સારો એવો પ્રકાશ પડાય.

શ્રી ભાનુભાઇને ત્યાં ઘણાં નવા–નવા ભગવદિયો પધારે, તેમના સત્સંગનો લાભ મલે. ગોસ્વામી બાળકો પણ વારે–વારે પધારે, તેમના વચનામૃત અને સેવાનો લાભ મળે. આમ, એ આનંદના દિવસો પલક માત્રમાં પસાર થઈ ગયા હતા. બધાં ભાઇઓમાં શ્રી ભાનુભાઈ તથા શ્રી રવજીભાઈનું સ્થાન અદ્વિતિય હતું. મંડળીના પ્રાણસમાન હતા. એક બીજા માટે પ્રાણ સુદ્ધા આપવાની તત્પરતા રહેતી.

દાસજી મુંદડા કરીને એક મોટા મારવાડી ઉદ્યોગપતિ હતા. તેઓ આપશ્રીના ખાસ કૃપાપાત્ર અને તેઓશ્રીને પણ આપશ્રી પ્રત્યે ખુબજ ભાવના આપશ્રીની બેઠકમાં શ્રી ગ્વાલદાસજી અને શ્રી રવજીભાઇ લગભગ તો સાથે જ હોય. ધીરે – ધીરે શ્રી ગ્વાલદાસજી શ્રી રવજીભાઇના નિકટના પરિચયમાં આવ્યાં. શ્રી રવજીભાઇમાં રહેલા વૈષ્ણવતાના ગુણોથી શેઠશ્રી ખુબજ પ્રભાવિત થયા. શેઠશ્રી શ્રીરવજીભાઇને પોતાને ઘેર પણ સત્સંગ માટે પ્રસંગોપાત બોલાવતા હતા. હવે શેઠશ્રીને શ્રીરવજીભાઇનો વધુ સત્સંગ કરવાની ઈચ્છા થઇ. કલકત્તા ખાતે શેઠશ્રીએ 'રાજાકટરા' નામે એક વિશાળ જુના મકાનોનું સંકુલ વેચાણથી લીધું હતું. તેમાં કાયમ મકાનોનું રીપેરીંગ કામ ચાલ્યાં કરે. તેમાં મીસ્ત્રીઓ અને મુનીઓ અપ્રમાણીકતાથી વહીવટ ચલાવે. શેઠશ્રીને આ જરાપણ પસંદ નહીં, આથી તેમણે શ્રી રવજીભાઇ જેવા પ્રમાણીક અને નિષ્ઠાવાન વૈષ્ણવને મીસ્ત્રી તરીકે નિમવા કલકત્તા પોતાની પાસે બોલાવ્યાં. રહેવાનું પ્રસાદ લેવાનું વ. બધું શેઠશ્રીની સાથે જ હતું. દિવસની ધંધાકીય પ્રવૃત્તિથી નિવૃત્ત થઇ, રોજ રાત્રે ભગવદવાર્તા અને કિર્તનોની જમાવટ થતી હતી. શેઠશ્રી પોતે મરજાદી, કિર્તન, સેવા પ્રકાર વ. ના સારા એવા જાણકાર, આથી 'વક્તા–શ્રોતા બેઉ સરખા'નો અદ્‌ભૂત તાલ–મેળ થઇ ગયો! બન્નેને ખુબજ આનંદ આવે. શ્રીમંત – ગરીબની ભિન્નતા સમાનતાના સ્તરે પહોંચી ગઇ હતી. આ અદ્‌ભૂત 'તાલમેળ'ના આનંદમાં હું પણ એક શ્રોતા તરીકે બહુધા હાજર રહેતો હતો. ત્યારના પ્રસંગોની જમાવટ અને આનંદના દ્રશ્યો આજે પણ મારા ચક્ષુ સમક્ષ ઉપસી આવે છે.

સને ૧૯૫૧ થી '૫૭ સુધી સુપેડી ખાતે વસવાટ હતો. શ્રી રવજીભાઇ જ્યાં જાય ત્યાં તેમનાં ચાહકોનું વર્તુળ ખડું થઇજ જાય. શાંત અને ગ્રામ્ય વાતાવરણ, ગામને પાદર સુંદર મજાની ખળખળ વહેતી નદી, શ્રી ભાનુભાઇ વ્યાસ જેવા રસીક ભગવદીયનો સંગાથ, પછીતો પુછવાનું જ શું હોય? આનંદના મહાસાગરમાં જબોળાયા જ કરવાનું! એ સમયમાં રસ અને આનંદની છોળો વચ્ચે દિવસો વિતાવ્યાં હતા. શ્રી ભાનુભાઇ ઉપરાંત શ્રી વલ્લભભાઇ ઘેટીયા, શ્રી રામજીભાઇ અને શ્રી જમનભાઇ ડઢાણીયા વ. નું અંતરંગ સ્નેહી મંડળ હતું. શ્રી ભાનુભાઇ સુપ્રસિદ્ધ કિર્તનકાર કિર્તનોના ગુઢ રહસ્યોના સારા એવા જાણકાર પ્રસિદ્ધ ઢાઢી અને રસિક હૃદયના હતા. તેઓ શ્રીગોસ્વામી બાળકોમાં ખુબજ પ્રિય હતા. દરરોજ રાત્રે બધાં ભાઇઓ શ્રી ભાનુભાઇને ત્યાં મળે, ભગવદ્‌વાર્તાના રસિક પ્રકારો ચર્ચાય, ગોસ્વામી બાળકોના પ્રતાપ, સિદ્ધાંતોની ગુઢતા ઉપર સારો એવો પ્રકાશ પડાય.

શ્રી ભાનુભાઇને ત્યાં ઘણાં નવા–નવા ભગવદિયો પધારે, તેમના સત્સંગનો લાભ મલે. ગોસ્વામી બાળકો પણ વારે–વારે પધારે, તેમના વચનામૃત અને સેવાનો લાભ મળે. આમ, એ આનંદના દિવસો પલક માત્રમાં પસાર થઈ ગયા હતા. બધાં ભાઇઓમાં શ્રી ભાનુભાઈ તથા શ્રી રવજીભાઈનું સ્થાન અદ્વિતિય હતું. મંડળીના પ્રાણસમાન હતા. એક બીજા માટે પ્રાણ સુદ્ધા આપવાની તત્પરતા રહેતી.

સુપેડીના આ વસવાટ દરમ્યાન જીવનનો એક અદ્‌ભૂત અને અનુગૃહ ભર્યો પ્રસંગ બની ગયો હતો. શ્રી ગોસ્વામી બાળકની કૃપાથી જ આવા પ્રસંગનો સ્વાનુભવ અલૌકિક જીવને પ્રાપ્ત થાય છે. ઉપર બતાવ્યા મુજબનું આનંદભર્યુ જીવન વ્યતિત કરી રહ્યા હતા, તેમાં આ પ્રસંગ શિરમોર સમો ગણાય. જીવનનો અવિસ્મરણીય બનાવ ગણી શકાય.

તા. ૯–૧૨–૫૫ના રોજ સુપેડી ખાતે પોરબંદરવાળા શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી પધાર્યા, સાથે આપશ્રીનો બધો રસાલો હોય જ, ચાલુ બધાં કાર્યક્રમો પણ થાય, ગામના પાદરમાં નદીકાંઠેના વિશાળ દહેરાના મહેમાન માટેના રૂમમાં ઉતારો અપાયો હતો. તપેલી હતી. ગામમાં વચનામૃત–સેવા વ. બધાં કાર્યક્રમોથી પરવારી રાતે આપશ્રી પાસેથી શ્રી રવજીભાઈ, ભાનુભાઇ હું શ્રી જમનભાઇ, રામજીભાઇ શ્રી વલ્લભ જુઠા વ. બેઠા હતા. રાત જામતી હતી. ત્યારે અમારા માટે હૃદયના દ્વાર ખોલી નાખવાની આપશ્રીને સ્ફુરણા થઇ આવી. આપશ્રીના પ્રથમ વહુજી લીલામાં પધાર્યા હતા. તેમની સાથેના પ્રસંગો વર્ણાવ્યા. એક વખત આપશ્રીનો વિરહતાપ વધવાથી લીલાસ્થ વહુજીએ વહેલી પરોઢના સ્વપ્નમાં દર્શન આપી સાંત્વના આપી હતી, તે પ્રસંગનું ભાવ વિભોર બની હૃદયંગમ વર્ણન કર્યું બધાના હૃદયને કરૂણતા સ્પર્શી ગઇ હતી.

આપશ્રીતો સંગીતના ભાસ્કર સમાન હતા. સંગીતના જુદા જુદા રાગોની ચર્ચા નીકળી, આપશ્રીએ જુદા જુદા મધ્યમસ્વર કરી રીતે લગાડાય, તે પેટી પર સ્વયંગ ગાઇ બતાવ્યું. સંગીતના ઘણા બધાં રાગો અંગે વિશિષ્ટતાભરી જાણકારી બધાને આપશ્રી પાસેથી પ્રાપ્ત થઇ.

આપશ્રી સ્વયં કાવ્યો અને પદોની રચના કરતાં હતા. આપશ્રીએ રચેલા પદોની રત્ન કણીકાઓ અર્થ સાથે બધાંને સમજાવી. આપશ્રીએ સ્પષ્ટ રીતે ભાવભરી વાણીમાં કહ્યું કે "મને અનાજ જીવાડતું નથી, પણ કલા જીવાડી રહી છે!" ધન્ય છે આપશ્રીને જેમણે અમારા જેવા પામર જીવોને આવી ઉચ્ચ પ્રકારની માનસિક સ્થિતિની ઝાંખી કરાવી. ત્યારે બધાંને એવું લાગ્યું કે આતો આપશ્રીના પ્રતાપનો અંશ માત્ર છે આવી ઉચ્ચ કોટિએ પહોંચેલ ગોસ્વામી બાળકના બધાને દર્શન થયા. આપશ્રીની પ્રતિભાને અજવાળે બધાં ભાઇઓ કંઇક ગહન વસ્તુનો અનુભવ કરી શકયાં.

ત્યારબાદ રાતના બે વાગે બધાને આપશ્રીએ પેટભરીને જુઠણ લેવડાવ્યું. અદ્‌ભૂત રસાસ્વાદનો અનુભવ થયો હતો. રાતના ૩॥ વાગી ગયા હતા. શ્રી રવજીભાઈ તથા શ્રી ભાનુભાઈ તથા બધા ભાઇઓ માનસિક રીતે ભાવનામાં અને ધન્યતામાં રસ તરબોળ હતા.

ઘણા દિવસો સુધી આ સ્થિતિ વિષે શ્રી રવજીભાઈ તથા ભાનુભાઇ વચ્ચે નિખાલસ ચર્ચા થયા કરતી, અને પ્રસંગને વાગોળતાં રહ્યાં.

આવા મહાન ભગવદિય શ્રી રવજીભાઇ લૌકિક દ્રષ્ટિએ પ્રકૃતિએ ભોળા, વિશ્વાસુ, નિષ્ફિકર, હતા. ગમે તેવી આર્થિક સંકડામણ, હોય, કે વ્યવહારિક ઉપાધી હોય, પણ તેઓ તો પેલા આનંદી કાગડાની જેમ સદાય નિષ્ફિકર અને આનંદી જ રહેતા. 'બધું પુરૂ કરવાવાળા પ્રભુ છે, તે આપણને દાળ–બાટી આપી રહે

સુપેડીના આ વસવાટ દરમ્યાન જીવનનો એક અદ્‌ભૂત અને અનુગૃહ ભર્યો પ્રસંગ બની ગયો હતો. શ્રી ગોસ્વામી બાળકની કૃપાથી જ આવા પ્રસંગનો સ્વાનુભવ અલૌકિક જીવને પ્રાપ્ત થાય છે. ઉપર બતાવ્યા મુજબનું આનંદભર્યું જીવન વ્યતિત કરી રહ્યા હતા, તેમાં આ પ્રસંગ શિરમોર સમો ગણાય. જીવનનો અવિસ્મરણીય બનાવ ગણી શકાય.

તા. ૯-૧૨-૫૫ના રોજ સુપેડી ખાતે પોરબંદરવાળા શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી પધાર્યા, સાથે આપશ્રીનો બધો રસાલો હોય જ, ચાલુ બધાં કાર્યક્રમો પણ થાય, ગામના પાદરમાં નદીકાંઠેના વિશાળ દહેરાના મહેમાન માટેના રૂમમાં ઉતારો અપાયો હતો. તપેલી હતી. ગામમાં વચનામૃત-સેવા વ. બધાં કાર્યક્રમોથી પરવારી રાતે આપશ્રી પાસેથી શ્રી રવજીભાઈ, ભાનુભાઇ હું શ્રી જમનભાઇ, રામજીભાઇ શ્રી વલ્લભ જુઠા વ. બેઠા હતા. રાત જામતી હતી. ત્યારે અમારા માટે હૃદયના દ્વાર ખોલી નાખવાની આપશ્રીને સ્ફુરણા થઇ આવી. આપશ્રીના પ્રથમ વહુજી લીલામાં પધાર્યા હતા. તેમની સાથેના પ્રસંગો વર્ણાવ્યા. એક વખત આપશ્રીનો વિરહતાપ વધવાથી લીલાસ્થ વહુજીએ વહેલી પરોઢના સ્વપ્નમાં દર્શન આપી સાંત્વના આપી હતી, તે પ્રસંગનું ભાવ વિભોર બની હૃદયંગમ વર્ણન કર્યું બધાના હૃદયને કરૂણતા સ્પર્શી ગઇ હતી.

આપશ્રીતો સંગીતના ભાસ્કર સમાન હતા. સંગીતના જુદા જુદા રાગોની ચર્ચા નીકળી, આપશ્રીએ જુદા જુદા મધ્યમસ્વર કરી રીતે લગાડાય, તે પેટી પર સ્વયંગ ગાઇ બતાવ્યું. સંગીતના ઘણા બધાં રાગો અંગે વિશિષ્ઠતાભરી જાણકારી બધાને આપશ્રી પાસેથી પ્રાપ્ત થઇ.

આપશ્રી સ્વયં કાવ્યો અને પદોની રચના કરતાં હતા. આપશ્રીએ રચેલા પદોની રત્ન કણીકાઓ અર્થ સાથે બધાંને સમજાવી. આપશ્રીએ સ્પષ્ટ રીતે ભાવભરી વાણીમાં કહ્યું કે "મને અનાજ જીવાડતું નથી, પણ કલા જીવાડી રહી છે!" ધન્ય છે આપશ્રીને જેમણે અમારા જેવા પામર જીવોને આવી ઉચ્ચ પ્રકારની માનસિક સ્થિતિની ઝાંખી કરાવી. ત્યારે બધાંને એવું લાગ્યું કે આતો આપશ્રીના પ્રતાપનો અંશ માત્ર છે આવી ઉચ્ચ કોટિએ પહોંચેલ ગોસ્વામી બાળકના બધાને દર્શન થયા. આપશ્રીની પ્રતિભાને અજવાળે બધાં ભાઇઓ કંઇક ગહન વસ્તુનો અનુભવ કરી શકયાં.

ત્યારબાદ રાતના બે વાગે બધાને આપશ્રીએ પેટભરીને જુઠણ લેવડાવ્યું. અદ્‌ભૂત રસાસ્વાદનો અનુભવ થયો હતો. રાતના ૩ા વાગી ગયા હતા. શ્રી રવજીભાઈ તથા શ્રી ભાનુભાઈ તથા બધા ભાઇઓ માનસિક રીતે ભાવનામાં અને ધન્યતામાં રસ તરબોળ હતા.

ઘણા દિવસો સુધી આ સ્થિતિ વિષે શ્રી રવજીભાઈ તથા ભાનુભાઇ વચ્ચે નિખાલસ ચર્ચા થયા કરતી, અને પ્રસંગને વાગોળતાં રહ્યાં.

આવા મહાન ભગવદિય શ્રી રવજીભાઇ લૌકિક દ્રષ્ટિએ પ્રકૃતિએ ભોળા, વિશ્વાસુ, નિષ્ફિકર, હતા. ગમે તેવી આર્થિક સંકડામણ, હોય, કે વ્યવહારિક ઉપાધી હોય, પણ તેઓ તો પેલા આનંદી કાગડાની જેમ સદાય નિષ્ફિકર અને આનંદી જ રહેતા. 'બધું પુરૂ કરવાવાળા પ્રભુ છે, તે આપણને દાળ-બાટી આપી રહે

છે. તો શા માટે ફિકર કરવી જોઇએ! આ તેમનો જીવનમંત્ર હતો. જીવનપર્યંત આ વાતને ચૂસ્ત રીતે વળગી રહ્યાં હતા. પત્નિ પહોંચી ગયા તોય નિષ્ફિકર, પત્નિ પહોંચી ગયાં ત્યારે ઘરમાં રૂા. ૧ રોકડો હાજર હતો, તોય નિષ્ફિકર! આમ નિષ્ફિકરતાને તેમણે જીવનમાં વણી લીધી હતી.

ધાર્મિક ભાવનાની દૃષ્ટિએ શ્રી હરિ, ગુરુ, વૈષ્ણવમાં સમાન દૃઢ આસ્થા અને શ્રી વલ્લભકુલને પોતાના પ્રાણ સમજતા હતા. તેમની દિનતા અને નિખાલસતા સામાના હૃદય પર સચોટ છાપ મુકી જતી હતી. વર્તમાન સમયની વિચારધારા અંગેની દલીલોના મારા સામે પોતાના ધર્મ અંગેના દૃઢતાના કિલ્લાના કાંગરાની રજ પણ ન ખરવા દેવી, તેવા દૃઢનિશ્ચિયી હતા.

તેમના ભોળપણને હિસાબે તેઓ ઘણી વાર વ્યવહારિક મુશ્કેલીમાં પણ મુકાતા પરમકૃપાળુ શ્રી પ્રભુએ તેમને હેમખેમ પાર ઉતાર્યા છે.

શ્રી રવજીભાઇ ઘણાબધાં ગો. બાળકોમાં જાણીતા હતા. સેવાની ભાવના, દિનતા વગેરેને કારણે સંપર્કમાં આવનાર ગો. બાળકની કૃપા મેળવી લેતા હતા. સેવાનું કે બીજું કોઈ કાર્ય હાથમાં લેતા તે પ્રમાણિકતાપુર્વક અને નિષ્ઠાથી પાર પાડી દેતા. આવા ગુણોને કારણે શ્રી રવજીભાઇની સુવાસ વેરાવળવાળા શ્રી મુરલીધરજી મહારાજશ્રીના લાલજી શ્રી નટવરગોપાલજી સુધી પહોંચી. આ અરસામાં આપશ્રી દ્વારકા ખાતે પોતાની નવી હવેલીનું નિર્માણ કરાવી રહ્યાં હતા તેમાં કુશળ અને નિષ્ઠાવાન મીસ્ત્રીની જરૂર હતી. શ્રી રવજીભાઇ યાદ આવ્યાં અને પોતાની પાસે તેડાવી લીધાં. લગભગ એકાદ વર્ષ સુધી ત્યાં રહી નવી હવેલીના મકાનનું બાંધકામ પુર્ણ કરાવ્યું.

જીવનના છેલ્લા વર્ષોમાં શ્રી રવજીભાઇની દિનચર્યા કંઇક આ પ્રમાણે હતી. વહેલી સવારે ૫ વાગે ઉઠી જઇ પથારીમાં બેઠાં-બેઠાં જ એકાદ કલાક સુધી નામસ્મરણ કરતા, ત્યાર બાદ પ્રાતઃવિધિ પતાવી ફકત એક કપ ચા લેતા હતા. છેલ્લા દિવસોમાં તો ચા પણ છોડી દીધી હતી. ત્યારબાદ પોતાના ઉપર બિરાજતા શ્રીઠાકોરજી, શ્રી ગોવર્ધનનાથજીના ચિત્રજી સ્વરૂપની સેવા કરતા. મેવામીશ્રી ભોગધરી શૃંગાર કિર્તનોથી શ્રીને વિવિધ પ્રકારના લાડ લડાવતા. સેવા પ્રકાર પુરો કરી બહાર થોડું ફરી આવી જમવાના સમય સુધી લેખનકાર્ય ચાલુ રાખતા. બપોરે થોડો આરામ કરી પાછું લેખનકાર્ય ચાલુ કરી દેતા, તે છેક સાંજ સુધી ચાલુ રહેતું. ત્યાર બાદ સાંજના થોડું જમી બહાર ફરવા જતાં. શકય હોય તો રાત્રે પણ થોડું લેખનકાર્ય કરતાં. જીવનના શરૂઆતના તબકકામાં ગ્રંથોનું વાંચન ખુબજ કરેલ હોઇ સંપ્રદાયના લગભગ ગ્રંથોનું અધ્યયન કરી લીધું હતું. આથી પાછળના વર્ષોમાં ફકત લેખનકાર્ય જ કરતાં હતા. જમવામાં મિષ્ટાન્ન અને ફરસાણ પ્રત્યે રુચિ ખરી, છતાંયે 'જોઇશે જ' તેવું નહીં. રાતના લગભગ દશેક વાગે સુઇ જતા. ઉંઘ આવે ત્યાં સુધી નામસ્મરણ ચાલુ જ રહેતું. શ્રી રવજીભાઇનું નામસ્મરણ એટલું બધું પ્રબળ હતું કે ગામમાં કે બહાર આવતાં જતાં, ઉઠતાં-બેસતા મનમાં સ્મરણ સતત ચાલુ જ રહેતું. આમ નામસ્મરણનું પ્રમાણ ખુબજ ઉચ્ચકક્ષાએ પહોંચ્યું હતું.

॥ઇતિ॥

છે. તો શા માટે ફિકર કરવી જોઇએ! આ તેમનો જીવનમંત્ર હતો. જીવનપર્યંત આ વાતને ચૂસ્ત રીતે વળગી રહ્યાં હતા. પત્નિ પહોંચી ગયા તોય નિષ્ફિકર, પત્નિ પહોંચી ગયાં ત્યારે ઘરમાં રૂા. ૧ રોકડો હાજર હતો, તોય નિષ્ફિકર! આમ નિષ્ફિકરતાને તેમણે જીવનમાં વણી લીધી હતી.

ધાર્મિક ભાવનાની દૃષ્ટિએ શ્રી હરિ, ગુરુ, વૈષ્ણવમાં સમાન દૃઢ આસ્થા અને શ્રી વલ્લભકુલને પોતાના પ્રાણ સમજતા હતા. તેમની દિનતા અને નિખાલસતા સામાના હૃદય પર સચોટ છાપ મુકી જતી હતી. વર્તમાન સમયની વિચારધારા અંગેની દલીલોના મારા સામે પોતાના ધર્મ અંગેના દૃઢતાના કિલ્લાના કાંગરાની રજ પણ ન ખરવા દેવી, તેવા દૃઢનિશ્ચિયી હતા.

તેમના ભોળપણને હિસાબે તેઓ ઘણી વાર વ્યવહારિક મુશ્કેલીમાં પણ મુકાતા પરમકૃપાળુ શ્રી પ્રભુએ તેમને હેમખેમ પાર ઉતાર્યા છે.

શ્રી રવજીભાઇ ઘણાબધાં ગો. બાળકોમાં જાણીતા હતા. સેવાની ભાવના, દિનતા વગેરેને કારણે સંપર્કમાં આવનાર ગો. બાળકની કૃપા મેળવી લેતા હતા. સેવાનું કે બીજું કોઈ કાર્ય હાથમાં લેતા તે પ્રમાણિકતાપુર્વક અને નિષ્ઠાથી પાર પાડી દેતા. આવા ગુણોને કારણે શ્રી રવજીભાઇની સુવાસ વેરાવળવાળા શ્રી મુરલીધરજી મહારાજશ્રીના લાલજી શ્રી નટવરગોપાલજી સુધી પહોંચી. આ અરસામાં આપશ્રી દ્વારકા ખાતે પોતાની નવી હવેલીનું નિર્માણ કરાવી રહ્યાં હતા તેમાં કુશળ અને નિષ્ઠાવાન મીસ્ત્રીની જરૂર હતી. શ્રી રવજીભાઇ યાદ આવ્યાં અને પોતાની પાસે તેડાવી લીધાં. લગભગ એકાદ વર્ષ સુધી ત્યાં રહી નવી હવેલીના મકાનનું બાંધકામ પુર્ણ કરાવ્યું.

જીવનના છેલ્લા વર્ષોમાં શ્રી રવજીભાઇની દિનચર્યા કંઇક આ પ્રમાણે હતી. વહેલી સવારે ૫ વાગે ઉઠી જઇ પથારીમાં બેઠાં-બેઠાં જ એકાદ કલાક સુધી નામસ્મરણ કરતા, ત્યાર બાદ પ્રાતઃવિધિ પતાવી ફકત એક કપ ચા લેતા હતા. છેલ્લા દિવસોમાં તો ચા પણ છોડી દીધી હતી. ત્યારબાદ પોતાના ઉપર બિરાજતા શ્રીઠાકોરજી, શ્રી ગોવર્ધનનાથજીના ચિત્રજી સ્વરૂપની સેવા કરતા. મેવામીશ્રી ભોગધરી શૃંગાર કિર્તનોથી શ્રીને વિવિધ પ્રકારના લાડ લડાવતા. સેવા પ્રકાર પુરો કરી બહાર થોડું ફરી આવી જમવાના સમય સુધી લેખનકાર્ય ચાલુ રાખતા. બપોરે થોડો આરામ કરી પાછું લેખનકાર્ય ચાલુ કરી દેતા, તે છેક સાંજ સુધી ચાલુ રહેતું. ત્યાર બાદ સાંજના થોડું જમી બહાર ફરવા જતાં. શકય હોય તો રાત્રે પણ થોડું લેખનકાર્ય કરતાં. જીવનના શરૂઆતના તબકકામાં ગ્રંથોનું વાંચન ખુબજ કરેલ હોઇ સંપ્રદાયના લગભગ ગ્રંથોનું અધ્યયન કરી લીધું હતું. આથી પાછળના વર્ષોમાં ફકત લેખનકાર્ય જ કરતાં હતા. જમવામાં મિષ્ટાન્ન અને ફરસાણ પ્રત્યે રુચિ ખરી, છતાંયે 'જોઇશે જ' તેવું નહીં. રાતના લગભગ દશેક વાગે સુઇ જતા. ઉંઘ આવે ત્યાં સુધી નામસ્મરણ ચાલુ જ રહેતું. શ્રી રવજીભાઇનું નામસ્મરણ એટલું બધું પ્રબળ હતું કે ગામમાં કે બહાર આવતાં જતાં, ઉઠતાં-બેસતા મનમાં સ્મરણ સતત ચાલુ જ રહેતું. આમ નામસ્મરણનું પ્રમાણ ખુબજ ઉચ્ચકક્ષાએ પહોંચ્યું હતું.

॥ઇતિ॥

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા**

હપ્તો પચીસમો

શ્રીનાથજીની ઝાંખી કરી મનોરથ મનાવી બધાં કાંકરોલી ગયા. હવે અહીંથી યાત્રામેળો જુદો પડવાનો છે. સાથે રહી યાત્રાનો આનંદ બધાને ખુબ મળ્યો. પરસ્પર ભાવના વધી. જુદા પડતી વખતે પિન્કી અને ઉષ્માના આંસુ ઉભરાય આવ્યા. પ્રવિણ અત્રેથી તેના કુટુંબ સાથે સીધો હૈદ્રાબાદ જવા ચાહતો હતો. દિનેશના મગજમાં એક નવી જ કુતિં આવી અને પ્રવીણને સૌની સાથે જ મુંબઇ આવવા સમજાવ્યું. યાત્રા દાદાજી પાસેથી આપણે શરૂઆત કરી છે. દાદાજી પાસે જ પુરી કરવી છે. નોખી ગાડી બાંધવી નથી. ચાલો સહુ સાથે જ મુંબઇ આવો. પ્રવિણની બાની પણ ઇચ્છા હતી. પિન્કી અને ઉષ્માને ખુશીની લહેર છુટી ગઇ. દમયંતી અને સ્મિતા બન્ને બહેનો દિનેશની બુધ્ધિના વખાણ કરતા સૌ મુંબઇ પહોંચ્યા.

દાદાજી પાસે બેસી સૌએ યાત્રાની વિગત દર્શાવી. આ યાત્રા ચિરઃસ્મરણીય રહેશે. ક્રાંસવાળા પ્રવિણને તથા તેની બાને અનુભવ થયો કે આ કુટુંબ માયાળુ, ધાર્મિક સંસ્કૃતિ અને બુધ્ધિમાન છે. આપણને કયાંય પણ અજાણ્યા જેવું દેખાણું જ [નહીં.

એક જગો દમયંતી અને સ્મિતા બેસી હવે મૂળવાત પિન્કીની ફિકર કરત હતા. હવે આ કામ પાર પડે તો નિશ્ચિંતતા થાય.

રાત્રે દાદાજી પાસે સૌ આસપાસ બેઠા હતા. થોડા વિચારમાં દાદાજી બેઠા હતા. દિનેશે પાસે આવીને પુછયું, કેમ દાદાજી ! શું કાંઇ વિચારમાં બેઠા છો ? બીજું કાંઇ નહીં તારે હવે લંડન જવાનું ટાણું થયું, હજુ પિન્કી કયાંય મન માનતું નથી. સ્મિતા મારે ભરોસે બેઠા છે. યોગ્ય વર ન મળે ત્યાં સુધી હું શું કરી શકું ?

દિનેશ : દાદાજી ! એક પ્રસ્તાવ રાખું ?

દાદાજી : બોલ બેટા !

ક્રાંસવાળા રસિકલાલ દશા અને આપણે વિશા. આટલો જ ફરક છે કે બીજું કાંઇ ? જો વાંધો ન હોય તો આપણે તેમની સાથે સંબંધ ન બાંધી શકાય ?

હવે એવું કાંઇ રહ્યું નથી. આ બધી જુની વાત હતી.

તો પછી મને પિન્કીને લાયક તો પ્રવિણ જ દેખાય છે. પરિક્રમામાં અમો સાથે હતા. ઉષ્મા અને પિન્કી સાથે ચાલતા પ્રવિણનો પરિચય પિન્કીને થયો છે. તેમનાં પ્રત્યે માન ધરાવે છે. તમારી ઇચ્છા હોય તો બધાયને પાસે બેસાડી મારી વાત સમજાવું.

દાદાજી : ભલે જો સૌને યોગ્ય દેખાય તો મને પ્રસન્નતા થશે.

પ્રવિણમાં રહેલા ગુણો બધા પિન્કીએ પારખી લીધા છે. મેં પણ આટલા દિવસ સાથે રહી તેને સમજી લીધો છે.

દિનેશે બધાને પાસે બોલાવી દાદાજીની આસપાસ બેસાડી દીધા. વાત ચલાવતાં જ સ્મિતા માસી બોલ્યા, આ વસ્તુ મને પણ

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા**

હપ્તો પચીસમો

શ્રીનાથજીની ઝાંખી કરી મનોરથ મનાવી બધાં કાંકરોલી ગયા. હવે અહીંથી યાત્રામેળો જુદો પડવાનો છે. સાથે રહી યાત્રાનો આનંદ બધાને ખુબ મળ્યો. પરસ્પર ભાવના વધી. જુદા પડતી વખતે પિન્કી અને ઉષ્માના આંસુ ઉભરાય આવ્યા. પ્રવિણ અત્રેથી તેના કુટુંબ સાથે સીધો હૈદ્રાબાદ જવા ચાહતો હતો. દિનેશના મગજમાં એક નવી જ કુર્તિ આવી અને પ્રવીણને સૌની સાથે જ મુંબઇ આવવા સમજાવ્યું. યાત્રા દાદાજી પાસેથી આપણે શરૂઆત કરી છે. દાદાજી પાસે જ પુરી કરવી છે. નોખી ગાડી બાંધવી નથી. ચાલો સહુ સાથે જ મુંબઇ આવો. પ્રવિણની બાની પણ ઇચ્છા હતી. પિન્કી અને ઉષ્માને ખુશીની લહેર છુટી ગઇ. દમયંતી અને સ્મિતા બન્ને બહેનો દિનેશની બુદ્ધિના વખાણ કરતા સૌ મુંબઇ પહોંચ્યા.

દાદાજી પાસે બેસી સૌએ યાત્રાની વિગત દર્શાવી. આ યાત્રા ચિરઃસ્મરણીય રહેશે. ફ્રાંસવાળા પ્રવિણને તથા તેની બાને અનુભવ થયો કે આ કુટુંબ માયાળુ, ધાર્મિક સંસ્કૃતિ અને બુદ્ધિમાન છે. આપણને કયાંય પણ અજાણ્યા જેવું દેખાણું જ [નહીં.

એક જગો દમયંતી અને સ્મિતા બેસી હવે મૂળવાત પિન્કીની ફિકર કરત હતા. હવે આ કામ પાર પડે તો નિશ્ચિંતતા થાય.

રાત્રે દાદાજી પાસે સૌ આસપાસ બેઠા હતા. થોડા વિચારમાં દાદાજી બેઠા હતા. દિનેશે પાસે આવીને પુછયું, કેમ દાદાજી ! શું કાંઇ વિચારમાં બેઠા છો ? બીજું કાંઇ નહીં તારે હવે લંડન જાવાનું ટાણું થયું, હજુ પિન્કી કયાંય મન માનતું નથી. સ્મિતા મારે ભરોસે બેઠા છે. યોગ્ય વર ન મળે ત્યાં સુધી હું શું કરી શકું ?

દિનેશ : દાદાજી ! એક પ્રસ્તાવ રાખું ?

દાદાજી : બોલ બેટા !

ફ્રાંસવાળા રસિકલાલ દશા અને આપણે વિશા. આટલો જ ફરક છે કે બીજું કાંઇ ? જો બાંધો ન હોય તો આપણે તેમની સાથે સંબંધ ન બાંધી શકાય ?

હવે એવું કાંઇ રહ્યું નથી. આ બધી જુની વાત હતી.

તો પછી મને પિન્કીને લાયક તો પ્રવિણ જ દેખાય છે. પરિક્રમામાં અમો સાથે હતા. ઉષ્મા અને પિન્કી સાથે ચાલતા પ્રવિણનો પરિચય પિન્કીને થયો છે. તેમનાં પ્રત્યે માન ધરાવે છે. તમારી ઇચ્છા હોય તો બધાયને પાસે બેસાડી મારી વાત સમજાવું.

દાદાજી : ભલે જો સૌને યોગ્ય દેખાય તો મને પ્રસન્નતા થશે.

પ્રવિણમાં રહેલા ગુણો બધા પિન્કીએ પારખી લીધા છે. મેં પણ આટલા દિવસ સાથે રહી તેને સમજી લીધો છે.

દિનેશે બધાને પાસે બોલાવી દાદાજીની આસપાસ બેસાડી દીધા. વાત ચલાવતાં જ સ્મિતા માસી બોલ્યા, આ વસ્તુ મને પણ

યોગ્ય દેખાય છે, પણ દાદાજી બેઠા હું શું મારો મત જાહેર કરૂં ?

ઉષ્મા અને પિન્કી તો આ વાત સાંભળતાં જ ખુશી થઇ. તેનાં ચહેરાની ભાવના દેખાય આવતી હતી.

દાદાજી : જો તમો સાંભળો છો પ્રવિણ, પિન્કી, સ્મિતા વગેરે સૌનો એક મત હોય તો મારી સહમતી છે.

દિનેશ : હજુ એક બીજી વાત દાદાજી પુછું છું. તમોએ પિન્કી અને ઉષ્માને તે તે દિવસે ભગવદ્ વાર્તામાં કીધું હતું કે દીકરીયું તમે મને બહુ વહાલી લાગો છો.

દાદા : હા, જરૂર !

તો હવે મારો વિચાર કહું છું. મારો નાનો ભાઇ 'સતીષ' હવે ધંધો સંભાળી રહ્યો છે. મારા પિતાશ્રીની ઇચ્છા એવી છે કે આ કામ પતી જાય તો મારે ભારત રહીને હવે દાદાજીની સેવા કરવી છે, મને તો ઉષ્મા આપણા ઘરલાયક દેખાય છે. ઉષ્મા આવશે લંડન ને, પિન્કી જાશે ફ્રાંસ. બોલો હવે આમાં જેને કાંઈ કહેવું હોય તે કહો. બાકી બધાની પ્રસન્નતા જોવાઇ ગઇ. દાદાજીએ કીધું કે તારી વાત સાચી છે. પણ સતીષનો આપણે વિચાર જાણવો જોઇએ. અહીંથી જતાં લંડન ઉતરે, એ દિવસ રોકાયને ફ્રાંસ જાય. એકબીજા બંન્ને રાજી હોય તો મારી મંજુરી છે.

આવી વાતો સાંભળી પિન્કી અને ઉષ્મા બોલી આ તો સોનામાં સુગંધ જેવું થાય.

તે જ વખતે ફ્રાંસમાં રસિકલાલને ફોન કર્યો પ્રવિણે તિગત બતાવી. જવાબમાં રસિકલાલે કીધું કે દાદાજી જે કાંઇ કહે તેમ કરવું. મારી પરવાનગીની જરૂર નથી. તારી બા, ઉષ્મા, તું બધાં ત્યાં છો. દાદાજી જો બંન્ને બાજુ વેવાઇ તરીકે સ્વીકારશે તો પણ હું તો દાદાજી જ કહેવાનો છું, અને જો આ સંબંધ થાય તો ઉષ્મા ભાગ્યવાન કહેવાય. વચ્ચેથી ફોન હાથમાં લઇ ઉષ્માએ વાત કરી. આમ એક પછી એક વાત કરતા ગયા. દીકરી પિન્કી જેવી સંસ્કારી આપણા ઘરમાં આવે તો અહોભાગ્ય માનવા જોઇએ.

આવી રીતે મુંબઇ સૌ સાથે આવતા મહત્વના કામો પુરા પડયા. બીજે દિવસે મેટાડોર કરી ફ્રાંસવાળા હૈદ્રાબાદ ગયા, ત્યાં દાદા, દાદીને વિગત બધી જણાવી. ત્યારે તેમની ખુશીનો પાર ન રહ્યો. તેમને હજુ ઉષ્માના ભાઇની ફિકર હતી, પણ પ્રભુને ભરોસે ચાલવાવાળા માણસ જેણે આ કામ કર્યું તે બધું કરશે. પ્રવિણ બીજે જ દિવસે લંડન જવા રવાના થયો. દિનેશ લંડન પહોંચી ગયો. દાદાજી સંતોષ અનુભવ કરે છે કે દિકરાએ મારી ઘણી ચિંતા દુર કરી છે. —ક્રમશઃ

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ચિ. ભગવત્ પ્રસાદના વિવાહ શુભ પ્રસંગે હ. ગૈ. રવજી પરસોતમ બાલધા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

યોગ્ય દેખાય છે, પણ દાદાજી બેઠા હું શું મારો મત જાહેર કરૂં ?

ઉષ્મા અને પિન્કી તો આ વાત સાંભળતાં જ ખુશી થઇ. તેનાં ચહેરાની ભાવના દેખાય આવતી હતી.

દાદાજી : જો તમો સાંભળો છો પ્રવિણ, પિન્કી, સ્મિતા વગેરે સૌનો એક મત હોય તો મારી સહમતી છે.

દિનેશ : હજુ એક બીજી વાત દાદાજી પુછું છું. તમોએ પિન્કી અને ઉષ્માને તે તે દિવસે ભગવદ્ વાર્તામાં કીધું હતું કે દીકરીયું તમે મને બહુ વહાલી લાગો છો.
દાદા : હા, જરૂર !

તો હવે મારો વિચાર કહું છું. મારો નાનો ભાઇ 'સતીષ' હવે ધંધો સંભાળી રહ્યો છે. મારા પિતાશ્રીની ઇચ્છા એવી છે કે આ કામ પતી જાય તો મારે ભારત રહીને હવે દાદાજીની સેવા કરવી છે, મને તો ઉષ્મા આપણા ઘરલાયક દેખાય છે. ઉષ્મા આવશે લંડન ને, પિન્કી જાશે ફ્રાંસ. બોલો હવે આમાં જેને કાંઈ કહેવું હોય તે કહો. બાકી બધાની પ્રસન્નતા જોવાઇ ગઇ. દાદાજીએ કીધું કે તારી વાત સાચી છે. પણ સતીષનો આપણે વિચાર જાણવો જોઇએ. અહીંથી જતાં લંડન ઉતરે, બે દિવસ રોકાયને ફ્રાંસ જાય. એકબીજા બંન્ને રાજી હોય તો મારી મંજુરી છે.

આવી વાતો સાંભળી પિન્કી અને ઉષ્મા બોલી આ તો સોનામાં સુગંધ જેવું થાય.

તે જ વખતે ફ્રાંસમાં રસિકલાલને ફોન કર્યો પ્રવિણે તિગત બતાવી. જવાબમાં રસિકલાલે કીધું કે દાદાજી જે કાંઇ કહે તેમ કરવું. મારી પરવાનગીની જરૂર નથી. તારી બા, ઉષ્મા, તું બધાં ત્યાં છો. દાદાજી જો બંન્ને બાજુ વેવાઇ તરીકે સ્વીકારશે તો પણ હું તો દાદાજી જ કહેવાનો છું, અને જો આ સંબંધ થાય તો ઉષ્મા ભાગ્યવાન કહેવાય. વચ્ચેથી ફોન હાથમાં લઇ ઉષ્માએ વાત કરી. આમ એક પછી એક વાત કરતા ગયા. દીકરી પિન્કી જેવી સંસ્કારી આપણા ઘરમાં આવે તો અહોભાગ્ય માનવા જોઇએ.

આવી રીતે મુંબઇ સૌ સાથે આવતા મહત્વના કામો પુરા પડયા. બીજે દિવસે મેટાડોર કરી ફ્રાંસવાળા હૈદ્રાબાદ ગયા, ત્યાં દાદા, દાદીને વિગત બધી જણાવી. ત્યારે તેમની ખુશીનો પાર ન રહ્યો. તેમને હજુ ઉષ્માના ભાઇની ફિકર હતી, પણ પ્રભુને ભરોસે ચાલવાવાળા માણસ જેણે આ કામ કર્યું તે બધું કરશે. પ્રવિણ બીજે જ દિવસે લંડન જવા રવાના થયો. દિનેશ લંડન પહોંચી ગયો. દાદાજી સંતોષ અનુભવ કરે છે કે દિકરાએ મારી ઘણી ચિંતા દુર કરી છે. —ક્રમશઃ

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ચિ. ભગવત્ પ્રસાદના વિવાહ શુભ પ્રસંગે હ. ગૌ. રવજી પરસોતમ બાલધા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

આ માસના ઉત્સવ

ફાગણ વદ ૧ તા. ૯–૩–૯૩ મંગળવાર, દોલોત્સવ.

ફાગણ વદ ૨ તા. ૧૦–૩–૯૩ બુધવાર, દ્વિતીયા પાટોત્સવ, આજથી છાક તથા કુંજના પદ બોલાય.

ફાગણ વદ ૫ તા. ૧૨–૩–૯૩ શુક્રવાર, રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર પાટોત્સવ.

ફાગણ વદ ૭ તા. ૧૪–૩–૯૩ રવિવાર, શ્રી દામોદરજી (જુનાગઢ)નો પાટોત્સવ.

ફાગણ વદ ૮ તા. ૧૫–૩–૯૩ સોમવાર, ગો. ચિ. રાજેન્દ્રબાવા (મથુરા)નો જન્મદિન.

ફાગણ વદ ૧૦ તા. ૧૭–૩–૯૩ બુધવાર, ગો. ચિ. દેવકીનંદન (સુરેશ) બાવાશ્રીનો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૧૮–૩–૯૩ ગુરૂવાર, પાપમોચની એકાદશિ વ્રત, ગો. શ્રી ભરતકુમારજી મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

ફાગણ વદ ૧૩ તા. ૨૦–૩–૯૩ શનિવાર, ગો. ચિ. શ્રી રઘુનાથ બાવાશ્રી (કામવન)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલનાથ બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૨૨–૩–૯૩ સોમવાર, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

ફાગણ વદ અમાસ તા. ૨૩–૩–૯૩ મંગળવાર, ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૨૪–૩–૯૩ બુધવાર, સંવત્સરોત્સવ, ગુડીપડવો, શાકે ૧૯૧૫ (શ્રીમુખનામ સંવત્સર) તથા વ્રજ વિ. સં. ૨૦૫૦નો પ્રારંભ ચૈત્ર નવરાત્રી આરંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૨૬–૩–૯૩ શુક્રવાર, ગણગૌરી.

ચૈત્ર સુદ ૪ તા. ૨૭–૩–૯૩ શનિવાર, શ્રી નટવર પ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ ગો. શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૨૯–૩–૯૩ સોમવાર, શ્રી ગુસાંઇજીના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૫) તથા શ્રી યમુનાજીનું પ્રાકટય, ગો. ચિ. શ્રી યદુનાથજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૧–૪–૯૩ ગુરુવાર, શ્રી રામનવમી વ્રત, ગો. શ્રી મહેન્દ્રકુમારજી મહારાજશ્રી (પાર્લા) તથા ગો. ચિ. શ્રી યદુનાથ બાવાશ્રી (મથુરા) અને ગો. ચિ. શ્રી અનિરુદ્ધલાલજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

આ માસના ઉત્સવ

ફાગણ વદ ૧ તા. ૯-૩-૯૩ મંગળવાર, દોલોત્સવ.

ફાગણ વદ ૨ તા. ૧૦-૩-૯૩ બુધવાર, દ્વિતીયા પાટોત્સવ, આજથી છાક તથા કુંજના પદ બોલાય.

ફાગણ વદ ૫ તા. ૧૨-૩-૯૩ શુક્રવાર, રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર પાટોત્સવ.

ફાગણ વદ ૭ તા. ૧૪-૩-૯૩ રવિવાર, શ્રી દામોદરજી (જુનાગઢ)નો પાટોત્સવ.

ફાગણ વદ ૮ તા. ૧૫-૩-૯૩ સોમવાર, ગો. ચિ. રાજેન્દ્રબાવા (મથુરા)નો જન્મદિન.

ફાગણ વદ ૧૦ તા. ૧૭-૩-૯૩ બુધવાર, ગો. ચિ. દેવકીનંદન (સુરેશ) બાવાશ્રીનો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૧૮-૩-૯૩ ગુરૂવાર, પાપમોચની એકાદશિ વ્રત, ગો. શ્રી ભરતકુમારજી મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

ફાગણ વદ ૧૩ તા. ૨૦-૩-૯૩ શનિવાર, ગો. ચિ. શ્રી રઘુનાથ બાવાશ્રી (કામવન)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલનાથ બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૨૨-૩-૯૩ સોમવાર, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

ફાગણ વદ અમાસ તા. ૨૩-૩-૯૩ મંગળવાર, ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૨૪-૩-૯૩ બુધવાર, સંવત્સરોત્સવ, ગુડીપડવો, શાકે ૧૯૧૫ (શ્રીમુખનામ સંવત્સર) તથા વ્રજ વિ. સં. ૨૦૫૦નો પ્રારંભ ચૈત્ર નવરાત્રી આરંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૨૬-૩-૯૩ શુક્રવાર, ગણગૌરી.

ચૈત્ર સુદ ૪ તા. ૨૭-૩-૯૩ શનિવાર, શ્રી નટવર પ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ ગો. શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૨૯-૩-૯૩ સોમવાર, શ્રી ગુસાંઇજીના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૫) તથા શ્રી યમુનાજીનું પ્રાકટ્ય, ગો. ચિ. શ્રી યદુનાથજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૧-૪-૯૩ ગુરુવાર, શ્રી રામનવમી વ્રત, ગો. શ્રી મહેન્દ્રકુમારજી મહારાજશ્રી (પાર્લા) તથા ગો. ચિ. શ્રી યદુનાથ બાવાશ્રી (મથુરા) અને ગો. ચિ. શ્રી અનિરુદ્ધલાલજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૨–૪–૯૩ શુક્રવાર, ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર શુદ ૧૧ તા. ૩–૪–૯૩ શનિવાર, કામદા એકાદશી વ્રત, ગો. ચિ. શ્રી મથુરેશ્વરજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન, શ્રી મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ.

ચૈત્ર સુદ ૧૨ તા. ૪–૪–૯૩ રવિવાર, ગો. ચિ. શ્રી શરદબાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૬–૪–૯૩ મંગળવાર, પૂર્ણિમા વૈશાખ સ્નાનારંભ, ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

॥ શ્રી ગુરુદેવચરનકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા :- **કિરતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૧૦૮. રાગ–બિહાગ વૈ. ૮૪ (૨૫)

વંદૌ શ્રી ગંગાબાઈ ક્ષત્રાની,
‘શ્રુતિરૂપા’ કે યૂથમેં યહ, તામસ ભકત પિછાની. ૧

જન્મ લીયો શ્રી મથુરાજીમેં, કૃષ્ણદાસ પ્રીત ઠાની;
બ્રહ્મસંબંધ કરાયે શ્રી વલ્લભ, કૃષ્ણદાસ કહ્યો માની. ૨

કરત બહોત વિતકી સેવા, હૈ બડે ધનીમાની;
કૃષ્ણદાસ અધિકારી સંગતે, ભકિતભાવ ઉર આની. ૩

પરી હૈ દૃષ્ટિ સામગ્રી પર, બાત કાહુ ન જાની;
રાજભોગ પ્રભુ નાહીં અરોગે, ભઇ વિપરીત કહાની. ૪

પ્રભુ કહી જબ રામદાસ કોં, તબ વિઠ્ઠલ પહિચાની;
વડીભાત કર ધરે પ્રભુકો, સ્વાદ અતિ સરસાની. ૫

દીયો રંચ રંચ સબ સેવક, સબે બહોત બખાની;
કૃષ્ણદાસ તહાં ઠાડે હતે સો, બોલે રીસ ઉર આની. ૬

ચૈત્ર સુદ ૧૦ તા. ૨–૪–૯૩ શુક્રવાર, ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર શુદ ૧૧ તા. ૩–૪–૯૩ શનિવાર, કામદા એકાદશી વ્રત, ગો. ચિ. શ્રી મથુરેશ્વરજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન, શ્રી મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ.

ચૈત્ર સુદ ૧૨ તા. ૪–૪–૯૩ રવિવાર, ગો. ચિ. શ્રી શરદબાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૬–૪–૯૩ મંગળવાર, પૂર્ણિમા વૈશાખ સ્નાનારંભ, ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

॥ શ્રી ગુરુદેવચરનકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા :- **કિરતનીયાજી લાલજીભાઈ ગો. પટેલ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૧૦૮. રાગ–બિહાગ વૈ. ૮૪ (૨૫)

વંદૌ શ્રી ગંગાબાઈ ક્ષત્રાની,
'શ્રુતિરૂપા' કે યૂથમેં યહ, તામસ ભકત પિછાની. ૧

જન્મ લીયો શ્રી મથુરાજીમેં, કૃષ્ણદાસ પ્રીત ઠાની;
બ્રહ્મસંબંધ કરાયે શ્રી વલ્લભ, કૃષ્ણદાસ કહ્યો માની. ૨

કરત બહોત વિતકી સેવા, હૈ બડે ધનીમાની;
કૃષ્ણદાસ અધિકારી સંગતે, ભકિતભાવ ઉર આની. ૩

પરી હૈ દૃષ્ટિ સામગ્રી પર, બાત કાહુ ન જાની;
રાજભોગ પ્રભુ નાહીં અરોગે, ભઇ વિપરીત કહાની. ૪

પ્રભુ કહી જબ રામદાસ કોં, તબ વિઠ્ઠલ પહિચાની;
વડીભાત કર ધરે પ્રભુકો, સ્વાદ અતિ સરસાની. ૫

દીયો રંચ રંચ સબ સેવક, સબે બહોત બખાની;
કૃષ્ણદાસ તહાં ઠાડે હતે સો, બોલે રીસ ઉર આની. ૬

'કરે આપ ઓર આપુ અરોગે, કહા કરત ઉધમાની';
'તેરો કીયો હમ ભોગત હે', શ્રી વિઠ્ઠલ કહી બાની. ૭

બુરી લગી તબ કૃષ્ણદાસકો, ચલ દીયો અભિમાની;
શ્રી વિઠ્ઠલ તબ જાન ગયે જો, હોયગી અબ હાની. ૮

સેવા તે દૂર કીયે તતક્ષન, શ્રી વિઠ્ઠલ મન અકુલાની;
છે માસ લોં વિરહ કરકે, તનકી ત્વચા સુકાની. ૯
બંદીખાનો દીયો કૃષ્ણદાસકો, બિરબલને જબ જાની;
સુની શ્રી વિઠ્ઠલ અન્ન-જલ ત્યાગે. મનમેં અતિ દુઃખ માની. ૧૦

કૃષ્ણદાસ તબ પાય પરે હૈ, મનમેં બહુત લજાની;
ક્ષમા કરો અપરાધ હમારો, આપ દયાકી ખાની. ૧૧

પધારો પ્રભુ કૃપા કરકે, સબ સેવક સુખદાની;
શ્રી વિઠ્ઠલ ગિરિધરસોં મિલે, આનંદ મનમેં આની. ૧૨

દોઉ સ્વરૂપ મિલે જુ પરસ્પર, મંદ મંદ મુસ્કાની;
'લાલદાસ' પ્રભુ ફેર અધિકારી, શાલ-દુશાલ ઉઢાની. ૧૩

૧૦૯. વિજ્ઞપ્તિ રાગ-બિહાગ (૨૬)

યહ વિધ ગાયો વૈષ્ણવ ગુન,
શ્રી ગુરુદેવ કૃપાબલ જાનોં, કૈસે ચુકાઉં રૂન. ૧

ચોરાસી વૈષ્ણવકી વાર્તા, પઢત હોં પુન પુન;
ઇચ્છા ઉપની પદ રચનાકી, રચી પ્રસંગ ચુન ચુન. ૨

હોં અનપઢ મતિમંદ ઘનેરો, નાહિંન એકો ગુન;
'લાલદાસ' શ્રી ગોવિંદ પ્રભુકે, નામકી રટત હોં ધુન. ૩

ઇતિ શ્રી પુષ્ટિભકત (વૈ. ૮૪) પદાવલી સંપૂર્ણ....

[**નોંધ :** આ પુષ્ટિભકત (૮૪ વૈ.) પદાવલીની રચનાનો પ્રારંભ સંવંત ૨૦૪૩ અષાઢ સુદી ૧૫ (ગુરુપુર્ણિમા) તા. ૧૧-૭-૮૭થી કરેલ અને સંવત ૨૦૪૩ના ભાદરવા વદી ૧૪ તા. ૨૨-૯-૮૭ મંગળવારે પુર્ણ કરેલ. તે પદાવલીનું ક્રમશઃ પ્રકાશન પ્રારંભ શ્રી વલ્લભ સુધાના વર્ષ ૮, અંક ૧૦, જાન્યુઆરી, ૧૯૯૦થી કરેલ અને તે પ્રકાશન આ અંકમાં એટલે કે વર્ષ ૧૧, અંક ૧૨ માર્ચ, ૧૯૯૩માં પુર્ણ થયું. રચયિતાને ધન્યવાદ –સંપાદક]

'કરે આપ ઓર આપુ અરોગે, કહા કરત ઉધમાની';
'તેરો કીયો હમ ભોગત હે', શ્રી વિઠ્ઠલ કહી બાની. ૭

બુરી લગી તબ કૃષ્ણદાસકો, ચલ દીયો અભિમાની;
શ્રી વિઠ્ઠલ તબ જાન ગયે જો, હોયગી અબ હાની. ૮

સેવા તે દૂર કીયે તતક્ષન, શ્રી વિઠ્ઠલ મન અકુલાની;
છે માસ લોં વિરહ કરકે, તનકી ત્વચા સુકાની. ૯
બંદીખાનો દીયો કૃષ્ણદાસકો, બિરબલને જબ જાની;
સુની શ્રી વિઠ્ઠલ અન્ન-જલ ત્યાગે. મનમેં અતિ દુઃખ માની. ૧૦

કૃષ્ણદાસ તબ પાય પરે હૈ, મનમેં બહુત લજાની;
ક્ષમા કરો અપરાધ હમારો, આપ દયાકી ખાની. ૧૧

પધારો પ્રભુ કૃપા કરકે, સબ સેવક સુખદાની;
શ્રી વિઠ્ઠલ ગિરિધરસોં મિલે, આનંદ મનમેં આની. ૧૨

દોઉ સ્વરૂપ મિલે જુ પરસ્પર, મંદ મંદ મુસ્કાની;
'લાલદાસ' પ્રભુ ફેર અધિકારી, શાલ–દુશાલ ઉઢાની. ૧૩

૧૦૯. વિજ્ઞપ્તિ રાગ–બિહાગ (૨૬)

યહ વિધ ગાયો વૈષ્ણવ ગુન,
શ્રી ગુરુદેવ કૃપાબલ જાનોં, કૈસે ચુકાઉં રૂન. ૧

ચોરાસી વૈષ્ણવકી વાર્તા, પઢત હોં પુન પુન;
ઇચ્છા ઉપની પદ રચનાકી, રચી પ્રસંગ ચુન ચુન. ૨

હોં અનપઢ મતિમંદ ઘનેરો, નાહિંન એકો ગુન;
'લાલદાસ' શ્રી ગોવિંદ પ્રભુકે, નામકી રટત હોં ધુન. ૩

ઇતિ શ્રી પુષ્ટિભકત (વૈ. ૮૪) પદાવલી સંપૂર્ણ....

[**નોંધ :** આ પુષ્ટિભકત (૮૪ વૈ.) પદાવલીની રચનાનો પ્રારંભ સંવંત ૨૦૪૩ અષાઢ સુદી ૧૫ (ગુરુપુર્ણિમા) તા. ૧૧–૭–૮૭થી કરેલ અને સંવત ૨૦૪૩ના ભાદરવા વદી ૧૪ તા. ૨૨–૯–૮૭ મંગળવારે પુર્ણ કરેલ. તે પદાવલીનું ક્રમશઃ પ્રકાશન પ્રારંભ શ્રી વલ્લભ સુધાના વર્ષ ૮, અંક ૧૦, જાન્યુઆરી, ૧૯૯૦થી કરેલ અને તે પ્રકાશન આ અંકમાં એટલે કે વર્ષ ૧૧, અંક ૧૨ માર્ચ, ૧૯૯૩માં પુર્ણ થયું. રચયિતાને ધન્યવાદ –સંપાદક]

કાવ્ય–કુંજ

(૧) મહારાણીમાને વિનતિ

[ઢાળ : નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરીયે રે.... શ્રી વલ્લભનો પરિવાર રે રસના]

(તાલ : દીપચંદી)

પળ પળ દર્શન આપોને મહારાણી મા,
ઘડી ઘડી દર્શન આપોને મહારાણીમા.... ૧
ભાવ નો જાણું હું તો ભકિત ના જાણું,
ના જાણું સેવાની રીત રે મહારાણીમા.... ૨
તનુજા ન જાણું હું મા વિત્તજા ન જાણું,
ના જાણું માનસીની રીત રે મહારાણીમા.... ૩
સૂરજ દેવની દીકરી મહારાણીમા,
યમરાયની તમે બેની રે મહારાણીમા.... ૪
બિંદીયા શોભે માથે અતિ ઘણી રે,
નથડી છે હીરા જડીત રે મહારાણીમા.... ૫
કાને કુંડલ કંઠે મોતીની માળા,
પગમાં ઝાંઝરનો ઝમકાર રે મહારાણીમા.... ૬
બાંહે તે બાજુબંધ બેરખા રે,
આસમાની ચુંદડી લહેરાય રે મહારાણીમા.... ૭
સોળે શણગાર સજી ઓળખ્યા વલ્લભને,
યમુનાષ્ટકથી ગવાય રે મહારાણીમા.... ૮
ગોકુલ ગામની વાટે રે મહારાણીમા,
'લક્ષ્મી'ને લેજો સંભાળી રે મહારાણીમા.... ૯

–શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ.

(૨)

નમું લળી લળી યમુના મૈયા, છો સકળ સિદ્ધિતણા દેનાર જો,
ઝગમગતી રેણુ તમારી મૈયા, શ્રી મુરારિ ચરણકમલ સ્પર્શથી જો.
વહો મહેકયાં જલે રે તમે મૈયા, ફૂલ્યાં નવલા વને તટે ફૂલ જો,
કામ પિતા તણા શ્રીધરા મૈયા, જેને પૂજે છે સૂરને અસૂર જો.

–પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા.

કાવ્ય–કુંજ

(૧) મહારાણીમાને વિનતિ

[ઢાળ : નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરીયે રે.... શ્રી વલ્લભનો પરિવાર રે રસના]

(તાલ : દીપચંદી)

પળ પળ દર્શન આપોને મહારાણી મા,
ઘડી ઘડી દર્શન આપોને મહારાણીમા.... ૧
ભાવ નો જાણું હું તો ભકિત ના જાણું,
ના જાણું સેવાની રીત રે મહારાણીમા.... ૨
તનુજા ન જાણું હું મા વિત્તજા ન જાણું,
ના જાણું માનસીની રીત રે મહારાણીમા.... ૩
સૂરજ દેવની દીકરી મહારાણીમા,
યમરાયની તમે બેની રે મહારાણીમા.... ૪
બિંદીયા શોભે માથે અતિ ઘણી રે,
નથડી છે હીરા જડીત રે મહારાણીમા.... ૫
કાને કુંડલ કંઠે મોતીની માળા,
પગમાં ઝાંઝરનો ઝમકાર રે મહારાણીમા.... ૬
બાંહે તે બાજુબંધ બેરખા રે,
આસમાની ચુંદડી લહેરાય રે મહારાણીમા.... ૭
સોળે શણગાર સજી ઓળખ્યા વલ્લભને,
યમુનાષ્ટકથી ગવાય રે મહારાણીમા.... ૮
ગોકુલ ગામની વાટે રે મહારાણીમા,
'લક્ષ્મી'ને લેજો સંભાળી રે મહારાણીમા.... ૯

–શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ.

(૨)

નમું લળી લળી યમુના મૈયા, છો સકળ સિદ્ધિતણા દેનાર જો,
ઝગમગતી રેણુ તમારી મૈયા, શ્રી મુરારિ ચરણકમલ સ્પર્શથી જો.
વહો મહેકયાં જલે રે તમે મૈયા, ફૂલ્યાં નવલા વને તટે ફૂલ જો,
કામ પિતા તણા શ્રીધરા મૈયા, જેને પૂજે છે સૂરને અસૂર જો.

–પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા.

(૩) આજ ઘેરી લીધા ઘનશ્યામને....

રચયિતા : **શ્રી ચીમનલાલ બેંકર (ગોપીજન), અમદાવાદ**

એમ. એ. શુદ્ધાદ્વૈત વિશારદ (ફર્સ્ટ કલાસ)

ઓલ્યા બરસાના ગામની ગોપીઓએ, બધી સખીઓએ આજ ઘેરી લીધા ઘનશ્યામને.... –ટેક

ઓલ્યા નાનકડા નંદજીના લાલને રે,
જશોદાના બાળને રે આજ ઘેરી લીધા ઘનશ્યામને....

નંદ ગામના તો ગોવાળીયા આવ્યા, સાથે નંદજીના કાનુડાને લાવ્યા,
હાંરે હોળી ખેલે છે મળી સૌ સાથમાં હોજી રે,
સૌ સાથમાં હોજી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૧

બરસા ગામની ગોપીઓના રે આવી, સાથે રંગભરી પિચકારી લાવી;
વ્હાલાને નવરાવ્યા કેસુડાના રંગથી હોજી રે,
રંગથી હોજી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૨

રંગીલી રાધિકા રુમઝુમતી આવી, નંદજીના લાલને તાણીને લાવી;
વ્હાલાના ગોરા ગોરા ગાલ રંગ્યા ગુલાલથી હોજી રે,
ગુલાલથી હોજી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૩

પાંચ વરસના તો નંદજીના લાલજી,
સાત વરસના છે રાધિકા સાથ જી, હાંરે બેઉ હોરી ખેલે છે લઇ બાથમાં હોજી રે;
લઇ બાથમાં હોજી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૪

અબીલ ગુલાલ સૌ ફેંટ ભરી હારે,
ભરી પિચકારી અંગ પર મારે, હાંરે ભીંજાણી છે ગોપીઓની ઓઢણી રે;
રાધાજીની ચુંદડી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૫

ગોપીજનોનો નાથ હોળી ખેલે છે રંગમાં, ગોપીઓનો રસિયા ગાયે અતિ રે ઉમંગમાં,
હાંરે વારી જાઉં વ્હાલાજીના અંગને રે,
વ્હાલાજીના અંગને રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૬

(૩) આજ ઘેરી લીધા ઘનશ્યામને ....

રચયિતા : **શ્રી ચીમનલાલ બેંકર (ગોપીજન), અમદાવાદ**

એમ. એ. શુદ્ધાદ્વૈત વિશારદ (ફર્સ્ટ કલાસ)

ઓલ્યા બરસાના ગામની ગોપીઓએ, બધી સખીઓએ આજ ઘેરી લીધા ઘનશ્યામને.... –ટેક

ઓલ્યા નાનકડા નંદજીના લાલને રે,
જશોદાના બાળને રે આજ ઘેરી લીધા ઘનશ્યામને....

નંદ ગામના તો ગોવાળીયા આવ્યા, સાથે નંદજીના કાનુડાને લાવ્યા,
હાંરે હોળી ખેલે છે મળી સૌ સાથમાં હોજી રે,
સૌ સાથમાં હોજી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૧

બરસા ગામની ગોપીઓના રે આવી, સાથે રંગભરી પિચકારી લાવી;
વ્હાલાને નવરાવ્યા કેસુડાના રંગથી હોજી રે,
રંગથી હોજી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૨

રંગીલી રાધિકા રુમઝુમતી આવી, નંદજીના લાલને તાણીને લાવી;
વ્હાલાના ગોરા ગોરા ગાલ રંગ્યા ગુલાલથી હોજી રે,
ગુલાલથી હોજી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૩

પાંચ વરસના તો નંદજીના લાલજી,
સાત વરસના છે રાધિકા સાથ જી, હાંરે બેઉ હોરી ખેલે છે લઇ બાથમાં હોજી રે;
લઇ બાથમાં હોજી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૪

અબીલ ગુલાલ સૌ ફેંટ ભરી હારે,
ભરી પિચકારી અંગ પર મારે, હાંરે ભીંજાણી છે ગોપીઓની ઓઢણી રે;
રાધાજીની ચુંદડી રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૫

ગોપીજનોનો નાથ હોળી ખેલે છે રંગમાં, ગોપીઓનો રસિયા ગાયે અતિ રે ઉમંગમાં,
હાંરે વારી જાઉં વ્હાલાજીના અંગને રે,
વ્હાલાજીના અંગને રે.... આજ ઘેરી લીધા ઘનશ્યામને.... ૬

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વૃજ" ધોરાજી**

પદ–૧૦૧

શ્રી યમુને મો મન મિલવો નાથસોં,
તુમહીં નિજ સંગ શોભિત સદા ભામિની, ઓર બ્રજ ભામિની લીયે સબ સાથ સોં. ૧

અનંત ગુણ ભૂષિત પૂર્ણ પુરૂષોત્તમ, મોહી સોંપ્યો પ્યારી તાહી ગહી બાથ સોં;
શિવ વિરંચાદિ સ્તુતિ કરત તુમ્હારી, **'હરિદાસ'** પ્રભુ નિરખ શોભા ગહી બાથ સોં. ૨

ભાવાર્થ : હે રાસેશ્વર પ્રિય શ્રી યમુનાજી ! મારૂં મન સદા નાથમાં તન્મય રહે તેવી કૃપા કરો. બીજા અનેક બ્રજભામિનીઓ સહિત સ્વાધીનપતિકા (પતિ જેને સ્વાધિન હોય તેવા) એવા આપ સદા પ્રિતમના સંગમાં સદા સુંદર રીતે શોભી રહો છો. હે અનંત ગુણોથી ભૂષિત શ્રી યમુનાજી ! આપે જ મને મારો હાથ ગ્રહીને પૂર્ણ પુરુષોત્તમને સોંપ્યો છે એવા પરમકૃપાળુ અને પરમ રસદાની શ્રી યમુનાજી શિવ વિરંચી આદિ સદા આપની સ્તુતિ કરે છે એવા આપ સહિત હરિદાસ પ્રભુ શોભાને નિરખીને જ આપે શોભા (શોભામાજી)ને બાથ ભરીને ખોળામાં પધરાવી લીધાં.

વિવેચન : પતિ જેને અનુકુળ હોય ને સ્વાધિન હોય તેને સ્વાધિન પતિકા પ્રિયાજી કહેવાય. શ્રી નંદદાસજી રસમંજરી નાયિકા ભેદમાં કહે છે કે– એક સ્વાધિન પતિકા પ્રિયાજી બીજા સખીને કહે છે કે– 'મેરો પ્રિતમ મોહિકોં જાને આનયુવતિ સ્વપ્ને નહીં માને' સ્વાધિન પતિકાનો પતિ પણ રસમંજરી નાયક ભેદ પ્રમાણે અનુકુળ નાયક હોય છે. દૃષ્ટાંત તરીકે પ્રિયાજીને જરાપણ શ્રમ થાય તો પ્રિતમનું હૃદય દ્રવીને દુઃખી થઇ જાય અને તેના સુખના ઉપાય પોતે કરવા લાગે છે. અહીં પ્રિયમત અનુકુળ નાયક છે અને શ્રી યમુનાજી સ્વાધિન પતિકા પ્રિયાજી છે.

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ" ધોરાજી**

પદ-૧૦૧

શ્રી યમુને મો મન મિલવો નાથસોં,
તુમહીં નિજ સંગ શોભિત સદા ભામિની, ઔર બ્રજ ભામિની લીયે સબ સાથ સોં. ૧

અનંત ગુણ ભૂષિત પૂર્ણ પુરૂષોત્તમ, મોહી સોંપ્યો પ્યારી તાહી ગહી બાથ સોં;
શિવ વિરંચાદિ સ્તુતિ કરત તુમ્હારી, **'હરિદાસ'** પ્રભુ નિરખ શોભા ગહી બાથ સોં. ૨

ભાવાર્થ : હે રાસેશ્વર પ્રિય શ્રી યમુનાજી ! મારૂં મન સદા નાથમાં તન્મય રહે તેવી કૃપા કરો. બીજા અનેક બ્રજભામિનીઓ સહિત સ્વાધીનપતિકા (પતિ જેને સ્વાધિન હોય તેવા) એવા આપ સદા પ્રિતમના સંગમાં સદા સુંદર રીતે શોભી રહો છો. હે અનંત ગુણોથી ભૂષિત શ્રી યમુનાજી ! આપે જ મને મારો હાથ ગ્રહીને પૂર્ણ પુરુષોત્તમને સોંપ્યો છે એવા પરમકૃપાળુ અને પરમ રસદાની શ્રી યમુનાજી શિવ વિરંચી આદિ સદા આપની સ્તુતિ કરે છે એવા આપ સહિત હરિદાસ પ્રભુ શોભાને નિરખીને જ આપે શોભા (શોભામાજી)ને બાથ ભરીને ખોળામાં પધરાવી લીધાં.

વિવેચન : પતિ જેને અનુકુળ હોય ને સ્વાધિન હોય તેને સ્વાધિન પતિકા પ્રિયાજી કહેવાય. શ્રી નંદદાસજી રસમંજરી નાયિકા ભેદમાં કહે છે કે- એક સ્વાધિન પતિકા પ્રિયાજી બીજા સખીને કહે છે કે- 'મેરો પ્રિતમ મોહિકેં જાને આનયુવતિ સ્વપ્ને નહીં માને' સ્વાધિન પતિકાનો પતિ પણ રસમંજરી નાયક ભેદ પ્રમાણે અનુકુળ નાયક હોય છે. દૃષ્ટાંત તરીકે પ્રિયાજીને જરાપણ શ્રમ થાય તો પ્રિતમનું હૃદય દ્રવીને દુઃખી થઇ જાય અને તેના સુખના ઉપાય પોતે કરવા લાગે છે. અહીં પ્રિયમત અનુકુળ નાયક છે અને શ્રી યમુનાજી સ્વાધિન પતિકા પ્રિયાજી છે.

આમંત્રણ

નિ. લી. પુ. શ્રી માધવરાયજી મહારાજ (મથુરા–પોરબંદર)ની પાવન સ્મૃતિમાં– નિ. લી. પુ. ગો. શ્રી મધુરવીણા વહુજી મહારાજના મનોરથ સ્વરૂપે પુ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજની વ્રજયાત્રા સં. ૨૦૪૯ બીજા ભાદરવા સુદી પાંચમને તા. ૨૦–૯–૯૩ સોમવારે પ્રારંભ અને સમાપન આસો વદ ૪ તા. ૩–૧૧–૯૩ બુધવારે. યાત્રામાં જોડાવા ઇચ્છતા વૈષ્ણવોએ તા. ૧૮–૯–૯૩ સુધીમાં મથુરા પહોંચી જવું.

સંપુંર્ણ યાત્રામાં યાત્રિકોને રહેવા માટે પાલની વ્યવસ્થા પુ. મહારાજ તરફથી રાખેલ છે. ન્યોછાવર મોટા પાલના રૂા. ૫,૦૦૦/– અને છોલદારીના નાના પાલના રૂા. ૨,૧૦૦/– પત્રવ્યવહાર તથા પાલ નોંધાવવાનું સ્થળ :

ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ
C/o. શ્રી માધવ દ્વારકેશ વ્રજયાત્રા સમિતિ,
'માધવ ભવન' શીતલા ચોક,
પોરબંદર–૩૬૦૫૭૫
ફોન : ૨૧૫૧૨

જયંતિલાલ મુળજીભાઈ રાજાણી
પ્રમુખ, વ્રજયાત્રા સમિતિ,
લીબર્ટી ટોકીઝ રોડ,
પોરબંદર–૩૬૦૫૭૫
ફોન : ૨૦૪૪૦

સમાચાર

થાણા ગાલોલ : પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (કડી–ગોંડલ) ની સાન્નિધ્યમાં [લોટી ઉત્સવનો ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. આપશ્રીના વચનામૃતમાં વૈષ્ણવોનું કર્તવ્ય. રીત, પ્રાણલી, સંપ્રદાયની સ્થાપના, ગૌસ્વામી બાલકોની વંશાવલી, સોમયજ્ઞ વગેરેની વિગતવાર આપશ્રીની લાક્ષણિક શૈલીમાં છણાવટ કરેલ હતી આ પ્રસંગે સ્થાનિક તેમજ આજુબાજુના ગામડાઓના વૈષ્ણવોએ બહોળી સંખ્યામાં હાજરી આપી લાભ લીધો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન થાણા ગાલોળની પ્રખ્યાત રાસ મંડલીના પ્રમુખ શ્રી ગોવિંદભાઇ મનજીભાઈ સતાસીયાએ કરેલ હતું.

આમંત્રણ

નિ. લી. પુ. શ્રી માધવરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)ની પાવન સ્મૃતિમાં- નિ. લી. પુ. ગો. શ્રી મધુરવીણા વહુજી મહારાજના મનોરથ સ્વરૂપે પુ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજની વ્રજયાત્રા સં. ૨૦૪૯ બીજા ભાદરવા સુદી પાંચમને તા. ૨૦-૯-૯૩ સોમવારે પ્રારંભ અને સમાપન આસો વદ ૪ તા. ૩-૧૧-૯૩ બુધવારે. યાત્રામાં જોડાવા ઇચ્છતા વૈષ્ણવોએ તા. ૧૮-૯-૯૩ સુધીમાં મથુરા પહોંચી જવું.

સંપુંર્ણ યાત્રામાં યાત્રિકોને રહેવા માટે પાલની વ્યવસ્થા પુ. મહારાજ તરફથી રાખેલ છે. ન્યોછાવર મોટા પાલના રૂા. ૫,૦૦૦/- અને છોલદારીના નાના પાલના રૂા. ૨,૧૦૦/- પત્રવ્યવહાર તથા પાલ નોંધાવવાનું સ્થળ :

ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ
C/o. શ્રી માધવ દ્વારકેશ વ્રજયાત્રા સમિતિ,
'માધવ ભવન' શીતલા ચોક,
પોરબંદર-૩૬૦૫૭૫
ફોન : ૨૧૫૧૨

જયંતિલાલ મુળજીભાઈ રાજાણી
પ્રમુખ, વ્રજયાત્રા સમિતિ,
લીબર્ટી ટોકીઝ રોડ,
પોરબંદર-૩૬૦૫૭૫
ફોન : ૨૦૪૪૦

સમાચાર

થાણા ગાલોલ : પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (કડી-ગોંડલ) ની સાન્નિધ્યમાં લોટી ઉત્સવનો ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો. આપશ્રીના વચનામૃતમાં વૈષ્ણવોનું કર્તવ્ય. રીત, પ્રાણલી, સંપ્રદાયની સ્થાપના, ગૌસ્વામી બાલકોની વંશાવલી, સોમયજ્ઞ વગેરેની વિગતવાર આપશ્રીની લાક્ષણિક શૈલીમાં છણાવટ કરેલ હતી આ પ્રસંગે સ્થાનિક તેમજ આજુબાજુના ગામડાઓના વૈષ્ણવોએ બહોળી સંખ્યામાં હાજરી આપી લાભ લીધો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન થાણા ગાલોળની પ્રખ્યાત રાસ મંડલીના પ્રમુખ શ્રી ગોવિંદભાઇ મનજીભાઈ સતાસીયાએ કરેલ હતું.

પુષ્ટિમાર્ગ

પુષ્ટિમાર્ગ એટલે શ્રીમદ્ વલ્લભાચાર્યચરણોએ પ્રગટાવેલો એ અને શ્રીમદ્ વિઠ્ઠલાધીશ્વરે વિસ્તારેલો પ્રભુની કૃપાનો માર્ગ.

પુષ્ટિમાર્ગ એટલે ગોપીજનનો માર્ગ, ભજનાનંદ રસમાર્ગ, આત્મ સમર્પણનો માર્ગ, નિર્ગુણ ભક્તિમાર્ગ, ભાવમાર્ગ, શરણમાર્ગ, નિઃસાધનતાનો માર્ગ, દીનતાનો માર્ગ, વિરહતાપનો માર્ગ, કથા-કિર્તનનો માર્ગ, પ્રેમલક્ષણાનો માર્ગ, સત્સંગનો માર્ગ, સ્મરણ-ગુણગાનનો માર્ગ, માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદઢસ્નેહનો માર્ગ, સેવા માર્ગ, વાત્સલ્યનો માર્ગ, પ્રમેય માર્ગ, ફલમાર્ગ, આધિદૈવિક યજ્ઞ અને આધિદૈવિક યોગનો માર્ગ.

પુષ્ટિમાર્ગ એટલે ઉત્કૃષ્ટ-સંસ્કૃત સાહિત્ય સંવર્ધક માર્ગ, આર્ય કલા, આચાર, નીતિ મર્યાદા સંરક્ષક સર્વોત્તમ માર્ગ,

પુષ્ટિમાર્ગમાં અસમર્પિત વસ્તુનો ઉપભોગ, અન્યાશ્રય, અવિદ્યાજન્ય, અહંતા, મમતા, કામાદિ વિષયો, દુઃસંગ, ચિંતાદિના ત્યાગ માટે ખાસ આજ્ઞા છે.

પુષ્ટિમાર્ગમાં સેવા, કથા, નિવેદન, નિરોધ, પુષ્ટિય સંન્યાસ, વિવેક, ધૈર્ય, આશ્રય વિષે સુંદર વચનામૃત સિંચન છે.

પુષ્ટિમાર્ગમાં વેદ, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ગીતાદિ શાસ્ત્રાનુસાર બ્રહ્મ, જગત, જીવના સત્ય સ્વરૂપ, સ્થિતિ, કાર્યાદિનું યથાર્થ નિરૂપણ છે.

[શુદ્ધાદ્વૈત-ભક્તિમાર્તંડ વર્ષ-૮, સં. ૧૯૮૯ ચૈત્ર, અંક ૧માંથી સાભાર]

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ચિ. પરેશકુમાર ગોરધનદાસ છારબારના વિવાહ શુભ પ્રસંગે હ.
પ. ભ. શ્રી વલ્લભદાસ વિઠ્ઠલદાસ છારબારના જયશ્રીકૃષ્ણ.

પુષ્ટિમાર્ગ

પુષ્ટિમાર્ગ એટલે શ્રીમદ્ વલ્લભાચાર્યચરણોએ પ્રગટાવેલો એ અને શ્રીમદ્ વિઠ્ઠલાધીશ્વરે વિસ્તારેલો પ્રભુની કૃપાનો માર્ગ.

પુષ્ટિમાર્ગ એટલે ગોપીજનનો માર્ગ, ભજનાનંદ રસમાર્ગ, આત્મ સમર્પણનો માર્ગ, નિર્ગુણ ભક્તિમાર્ગ, ભાવમાર્ગ, શરણમાર્ગ, નિઃસાધનતાનો માર્ગ, દીનતાનો માર્ગ, વિરહતાપનો માર્ગ, કથા–કિર્તનનો માર્ગ, પ્રેમલક્ષણાનો માર્ગ, સત્સંગનો માર્ગ, સ્મરણ–ગુણગાનનો માર્ગ, માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદઢસ્નેહનો માર્ગ, સેવા માર્ગ, વાત્સલ્યનો માર્ગ, પ્રમેય માર્ગ, ફલમાર્ગ, આધિદૈવિક યજ્ઞ અને આધિદૈવિક યોગનો માર્ગ.

પુષ્ટિમાર્ગ એટલે ઉત્કૃષ્ટ–સંસ્કૃત સાહિત્ય સંવર્ધક માર્ગ, આર્ય કલા, આચાર, નીતિ મર્યાદા સંરક્ષક સર્વોત્તમ માર્ગ,

પુષ્ટિમાર્ગમાં અસમર્પિત વસ્તુનો ઉપભોગ, અન્યાશ્રય, અવિદ્યાજન્ય અહંતા, મમતા, કામાદિ વિષયો, દુઃસંગ, ચિંતાદિના ત્યાગ માટે ખાસ આજ્ઞા છે.

પુષ્ટિમાર્ગમાં સેવા, કથા, નિવેદન, નિરોધ, પુષ્ટિય સંન્યાસ, વિવેક, ધૈર્ય, આશ્રય વિષે સુંદર વચનામૃત સિંચન છે.

પુષ્ટિમાર્ગમાં વેદ, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ગીતાદિ શાસ્ત્રાનુસાર બ્રહ્મ, જગત, જીવના સત્ય સ્વરૂપ, સ્થિતિ, કાર્યાદિનું યથાર્થ નિરૂપણ છે.

[શુદ્ધાદ્વૈત–ભક્તિમાર્તંડ વર્ષ–૮, સં. ૧૯૮૯ ચૈત્ર, અંક ૧માંથી સાભાર]

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ચિ. પરેશકુમાર ગોરધનદાસ છારબારના વિવાહ શુભ પ્રસંગે હ.
પ. ભ. શ્રી વલ્લભદાસ વિઠ્ઠલદાસ છારબારના જયશ્રીકૃષ્ણ.

પુસ્તક પરિચય

(૧) શિક્ષા-સુધાકર-

સંપાદક–પ. ભ. શ્રી ગોવિંદ કોવિદ.
અનુવાદ અને સંકલન–પ્રા. રમેશભાઈ વિ. પરીખ, પ. ભ. શ્રીબાબુભાઇ નાયક અને કિરણબેન શાહ
સાઇઝ–ડેમી ૮ પેઈજ પૃષ્ઠ ૧૭૨ બોક્ષ બોર્ડ બાઈન્ડીંગ
લેમિનેશન ન્યોછાવર **રૂા. ૨૦/–** પોસ્ટેજ સાથે.

શ્રી હરિરાય મહા પ્રભુએ ૪૧ શિક્ષાપત્રમાં વિવિધ સિદ્ધાંતો સમજાવ્યા છે. તે સિદ્ધાંતો ક્રમવાર દર્શાવાયા નથી. પરંતુ લગભગ ૬૨૫ શ્લોકોમાં જુદા જુદા શિક્ષાપત્રમાં ઓતપ્રોત થયેલા છે. તે સમજવાનું સરળ બને તે માટે શિક્ષાપત્રોમાં દર્શાવેલ શ્લોકોનું સિદ્ધાંતવાર "શ્રી શિક્ષાપત્ર વર્ગીકરણ" કરનાર ગો. વા. વિદ્વાન સંપાદકનો સંક્ષિપ્ત પરિચય–

શ્રી ગોપીલાલજી મુખીયાજીનું સાહિત્યિક ઉપનામ "શ્રી ગોવિંદ શુદ્ધાદ્વૈત કોવિદ" છે. તેમનો જન્મ કાંકરોલીમાં સં. ૧૯૬૧ ના કાર્તિક સુદિ ૮ (ગોપાષ્ટમી)ને દિવસે મંગળવારે થયો હતો. તેમના પિતાશ્રી નૈનાલાલ મુખીયાજી ઔદીચ્ય બ્રાહ્મણ હતા.

શ્રી ગોપીલાસજી દશ–અગીયાર વરસની નાની ઉંમર શ્રી વિઠ્ઠલ નાથજીના મંદિરમાં આવેલ શ્રી હરિરાયજીની બેઠકમાં બુહારી–પરચારગીની સેવા કરતા. આ અરસામાં જ સં. ૧૯૭૨ના શ્રાવણ સુદ ૧૨ના દિવસે નિ. લી. તિલકાયત ગો. દામોદર લાલજી મહારાજશ્રી દ્વારા તેમને બ્રહ્મ સંબંધનું દાન થયું. આપશ્રીની કૃપાથી જ તેમને ષોડશ ગ્રંથ અને સુબોધિનીજી આદિનું જ્ઞાન પ્રાપ્ત થયું. ઉપરાંત આપશ્રીની પ્રેરણા અને આશિર્વાદથી જ શ્રી નાથદ્વારામાં શ્રી ગોવર્ધન સંસ્કૃત પાઠશાળામાં શબ્દ રૂપાવલી, ધાતુ રૂપાવલી, સમાસ ચક્ર, અમર કોશ, લઘુ કૌમુદી અને પંચ સંધિ સુધીનું અધ્યયન કર્યું.

ત્યારબાદ તેમના પિતાશ્રી શ્રીજી ચરણસ્થ થતાં મુખીયા ભીતરિયા તરીકે સેવામાં રહ્યા. ચોવીસ વર્ષની ઉંમરે ભગવદીય વૈષ્ણવોનો સત્સંગ પ્રાપ્ત થતાં પુષ્ટિમાર્ગના સ્વરૂપનું તેમને જ્ઞાન થયું.

શ્રી ગોપીલાલજી આજીવન બ્રહ્મચારી રહીને સેવા–સ્મરણમાં લીન થઈ સ્વમાર્ગીય ગ્રંથોનું અવગાહન કર્યું અને પુષ્ટિ સાહિત્યના સર્જનમાં નિમગ્ન રહીને ત્યાગમય અલૌકિક જીવન જીવી ગયા.

પોતાના ગુરૂદેવશ્રીએ લીલા પ્રવેશ કર્યા પછી તેઓશ્રી વ્રજમાં આવીને કેટલાક સમય શ્રીમદ્ ગોકુલમાં વસી રહ્યા. ત્યારબાદ છેલ્લા સત્તાવીશ વર્ષ પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર શ્રી ગિરિરાજજી (જતિપુરા)માં અ. ભા. પુ. વૈ. પરિષદની શાખાના અધ્યક્ષ તરીકે આજીવન કામ કર્યું.

શ્રી ગોપીલાલજી સં. ૨૦૪૧ પોષ શુદિ ૫ને ગુરૂવાર તા. ૨૭ ડીસેમ્બર ૧૯૮૪ રાત્રે દશ વાગ્યે ભગવદ્ ચરણારવિંદને પામ્યા.

તેઓશ્રીએ વ્રજ ભાષામાં તેમજ સંસ્કૃતમાં ઘણું સાહિત્ય લખ્યું છે તે પૈકી થોડું ઘણું પ્રસિદ્ધ થયેલ છે. અને હજું ઘણું સાહિત્ય અપ્રકટ છે.

"શ્રી શિક્ષાપત્ર વર્ગીકરણ" અમુલ્ય ગ્રંથનું વિદ્વાન ત્રિપુટીએ અનુવાદ અને સંકલન કરીને શિક્ષાપત્રમાં દર્શાવેલા સિદ્ધાંતો સમજવાની સુગમતા કરી આપવા બદલ ધન્યવાદ.

પુસ્તક પરિચય

(૧) શિક્ષા-સુધાકર-

સંપાદક-પ. ભ. શ્રી ગોવિંદ કોવિદ.
અનુવાદ અને સંકલન-પ્રા. રમેશભાઈ વિ. પરીખ, પ. ભ. શ્રીબાબુભાઇ નાયક અને કિરણબેન શાહ
સાઇઝ-ડેમી ૮ પેઈજ પૃષ્ઠ ૧૭૨ બોક્ષ બોર્ડ બાઈન્ડીંગ
લેમિનેશન ન્યોછાવર **રૂા. ૨૦/-** પોસ્ટેજ સાથે.

શ્રી હરિરાય મહા પ્રભુએ ૪૧ શિક્ષાપત્રમાં વિવિધ સિદ્ધાંતો સમજાવ્યા છે. તે સિદ્ધાંતો ક્રમવાર દર્શાવાયા નથી. પરંતુ લગભગ ૬૨૫ શ્લોકોમાં જુદા જુદા શિક્ષાપત્રમાં ઓતપ્રોત થયેલા છે. તે સમજવાનું સરળ બને તે માટે શિક્ષાપત્રોમાં દર્શાવેલ શ્લોકોનું સિદ્ધાંતવાર "શ્રી શિક્ષાપત્ર વર્ગીકરણ" કરનાર ગો. વા. વિદ્વાન સંપાદકનો સંક્ષિપ્ત પરિચય-

શ્રી ગોપીલાલજી મુખીયાજીનું સાહિત્યિક ઉપનામ "શ્રી ગોવિંદ શુદ્ધાદ્વૈત કોવિદ" છે. તેમનો જન્મ કાંકરોલીમાં સં. ૧૯૬૧ ના કાર્તિક સુદિ ૮ (ગોપાષ્ટમી)ને દિવસે મંગળવારે થયો હતો. તેમના પિતાશ્રી નૈનાલાલ મુખીયાજી ઔદીચ્ય બ્રાહ્મણ હતા.

શ્રી ગોપીલાસજી દશ-અગીયાર વરસની નાની ઉંમર શ્રી વિઠ્ઠલ નાથજીના મંદિરમાં આવેલ શ્રી હરિરાયજીની બેઠકમાં બુહારી-પરચારગીની સેવા કરતા. આ અરસામાં જ સં. ૧૯૭૨ના શ્રાવણ સુદ ૧૨ના દિવસે નિ. લી. તિલકાયત ગો. દામોદર લાલજી મહારાજશ્રી દ્વારા તેમને બ્રહ્મ સંબંધનું દાન થયું. આપશ્રીની કૃપાથી જ તેમને ષોડશ ગ્રંથ અને સુબોધિનીજી આદિનું જ્ઞાન પ્રાપ્ત થયું. ઉપરાંત આપશ્રીની પ્રેરણા અને આશિર્વાદથી જ શ્રી નાથદ્વારામાં શ્રી ગોવર્ધન સંસ્કૃત પાઠશાળામાં શબ્દ રૂપાવલી, ધાતુ રૂપાવલી, સમાસ ચક્ર, અમર કોશ, લઘુ કૌમુદી અને પંચ સંધિ સુધીનું અધ્યયન કર્યું.

ત્યારબાદ તેમના પિતાશ્રી શ્રીજી ચરણસ્થ થતાં મુખીયા ભીતરિયા તરીકે સેવામાં રહ્યા. ચોવીસ વર્ષની ઉંમરે ભગવદીય વૈષ્ણવોનો સત્સંગ પ્રાપ્ત થતાં પુષ્ટિમાર્ગના સ્વરૂપનું તેમને જ્ઞાન થયું.

શ્રી ગોપીલાલજી આજીવન બ્રહ્મચારી રહીને સેવા-સ્મરણમાં લીન થઈ સ્વમાર્ગીય ગ્રંથોનું અવગાહન કર્યું અને પુષ્ટિ સાહિત્યના સર્જનમાં નિમગ્ન રહીને ત્યાગમય અલૌકિક જીવન જીવી ગયા.

પોતાના ગુરૂદેવશ્રીએ લીલા પ્રવેશ કર્યા પછી તેઓશ્રી વ્રજમાં આવીને કેટલાક સમય શ્રીમદ્ ગોકુલમાં વસી રહ્યા. ત્યારબાદ છેલ્લા સત્તાવીશ વર્ષ પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર શ્રી ગિરિરાજજી (જતિપુરા)માં અ. ભા. પુ. વૈ. પરિષદની શાખાના અધ્યક્ષ તરીકે આજીવન કામ કર્યું.

શ્રી ગોપીલાલજી સં. ૨૦૪૧ પોષ શુદિ ૫ને ગુરૂવાર તા. ૨૭ ડીસેમ્બર ૧૯૮૪ રાત્રે દશ વાગ્યે ભગવદ્ ચરણારવિંદને પામ્યા.

તેઓશ્રીએ વ્રજ ભાષામાં તેમજ સંસ્કૃતમાં ઘણું સાહિત્ય લખ્યું છે તે પૈકી થોડું ઘણું પ્રસિદ્ધ થયેલ છે. અને હજું ઘણું સાહિત્ય અપ્રકટ છે.

"શ્રી શિક્ષાપત્ર વર્ગીકરણ" અમુલ્ય ગ્રંથનું વિદ્વાન ત્રિપુટીએ અનુવાદ અને સંકલન કરીને શિક્ષાપત્રમાં દર્શાવેલા સિદ્ધાંતો સમજવાની સુગમતા કરી આપવા બદલ ધન્યવાદ.

(૨) શ્યામ રંગ સમીપે જાવું-

લેખક-પ્રા. રમેશભાઈ વિ. પરીખ
સાઈઝ-ક્રાઉન ૧૬ પેઈજી પૃષ્ઠ ૨૮૮+૮=૨૯૬
કાચું બાઈન્ડીંગ લેમીનેશન સાથે   ન્યોછાવર રૂા. ૨૫/- પોસ્ટેજ સાથે.

પ્રસ્તુત પુસ્તક એક યુગલના જીવન આલેખતી નવલિકા છે. નિરવ શિવપંથી કુટુંબનો યુવક છે અને નીરા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કુટુંબની યુવતિ છે. પ્રારંભમાં યુગલ અરસપરસની સમજુતિથી કોઈ પણ રોકટોક વગર પોતપોતાના ધર્મનું પાલન કરી રહ્યું છે વાર્તાના પ્રકરણો જેમ જેમ વાંચતા જઈએ છીએ તેમ તેમ આશ્રય-અન્યાશ્રયનું કેવી રીતે વિવેકપૂર્વક પાલન થઈ રહ્યું છે અને છેલ્લે યુવક સમજપુર્વક પુષ્ટિમાર્ગીય દીક્ષા લઈ વૈષ્ણવી ચુસ્તપણે ધર્મપત્નિ સાથે પાળતો થઈ જાય છે.

આપણા વિદ્વાન લેખક નવલિકામાં કેટલાક જીવંત પાત્રો દ્વારા યુગલને નિમિત્ત બનાવી વલ્લભ સિદ્ધાંતોનું સાંપ્રત સમયમાં જીવનમાં પાલન કેમ કરવું તેનું માર્ગદર્શન પુરૂં પાડે છે.

દેશ-વિદેશમાં પૂ. ગોસ્વામી બાળકો, વિદ્વાનો અને વૈષ્ણવોને આ નવલિકા પસંદ પડી છે તે હકીકત બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ છે તેનાથી સાબીત થાય છે.

ઉપરોકત બન્ને પુસ્તકોના પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજ રજ' ૩૧/ શિવ સોસાયટી નં. ૨
બી. કે. સીનેમાની બાજુમાં **મહેસાણા**-૩૮૪૦૦૨

(૩) ચિત્ત તું શીદને ચિંતા કરે ?

લેખક-ડો. કૃષ્ણ જીવન મો. ગાંધી
પ્રકાશક-શ્રી યુમુનાષ્ટક ગ્રંથ પરિવાર
૧૧૩, પ્રભા કુંજ, **ગોધરા**-૩૮૯૦૦૧
સાઈઝ-ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૧૯૩-૧૨=૨૦૫
ન્યોછાવર રૂા. ૨૦/- પોસ્ટેજ રૂા. ૫/-

આ જગતમાં કોઈ જીવ ચિંતાથી મુકત નથી. આધિ-વ્યાધિ-ઉપાધિથી વ્યસ્ત છે. તેમાંથી છુટકારો મેળવવા અને સ્વસ્થતા શાંતિ પ્રાપ્ત કરવા ઉપાયો શોધતા રહે છે. તેનો ઉપાય દૈવી જીવો માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ખેરાળુના સેવક ગોવિંદ દવે સાંચોરાને નિમિત્ત બનાવી દર્શાવ્યો છે અને તે છે ષોડશ ગ્રંથ પૈકી છઠ્ઠો ગ્રંથ "નવરત્ન" છે. આ ગ્રંથ ઉપર ઘણું સાહિત્ય છે. સંસ્કૃત ટીકાઓ, ભાવાર્થ, શબ્દાર્થ, વિવેચન, ભાષાંતર વગેરે વાંચવામાં આવે છે.

ભકત કવિશ્રી દયારામભાઈના પદની પ્રથમ પંકિત 'ચિત્ત તું શીદને ચિંતા કરે' ને અનુરૂપ પ્રસ્તુત પુસ્તકનું નામાભિધાનથી 'નવરત્ન' ગ્રંથની સરળ શૈલીમાં દષ્ટાંતો સાથે વ્યાખ્યાનું આલેખન કરેલ છે.

પ્રારંભમાં નવરત્નનો પરિચય દર્શાવેલ છે ત્યારબાદ ચિંતા અને ચિંતનનો અર્થ, ચિંતાનું સ્વરૂપ, ચિંતા નિવૃત્તિ ઉપાય-ચિંતન, નવરત્નની સાર્થકતા, નવરત્ન પરની સંસ્કૃત ટીકાની સંક્ષિપ્ત માહિતી તેમજ કવિ શ્રી નાનાલાલ રચિત સમશ્લોકી અનુવાદ વગેરે ગ્રંથ સમજવામાં ઉપયોગી થાય તેવું લખાણ આપ્યા બાદ નવરત્ન ગ્રંથના શ્લોકના શબ્દાર્થ, શ્લોકાર્થ અને વિસ્તૃત વિવેચન ગીતા, ભાગવત તેમજ અન્ય સાહિત્યના પ્રમાણો સાથે દર્શાવેલ છે.

પ્રસ્તુત પુસ્તકની ભૂમિકા સંપ્રદાયના વિદ્વાન પ્રાધ્યાપક શ્રી રમેશભાઈ પરીખે લખી આપીને ગ્રંથ સમજવામાં સરળતા કરી આપેલ છે. અને પંચમ પીઠાધીશ પૂ. પા. ગો. શ્રી ગિરધરલાલજી મહારાજશ્રીએ તથા પૂ. પા. ગો. શ્રી ઈન્દિરા બેટીજીએ વિવેચનની પ્રશસ્તિ સહ શુભાશિષ વ્યકત કરેલ છે.

(૨) શ્યામ રંગ સમીપે જાવું-

લેખક-પ્રા. રમેશભાઈ વિ. પરીખ
સાઈઝ-ક્રાઉન ૧૬ પેઈજી પૃષ્ઠ ૨૮૮+૮=૨૯૬
કાચું બાઈન્ડીંગ લેમીનેશન સાથે ન્યોછાવર રૂા. ૨૫/- પોસ્ટેજ સાથે.

પ્રસ્તુત પુસ્તક એક યુગલના જીવન આલેખતી નવલિકા છે. નિરવ શિ ાપંથી કુટુંબનો યુવક છે અને નીરા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કુટુંબની યુવતિ છે. પ્રારંભમાં યુગલ અરસપરસની સમજુતિથી કોઈ પણ રોકટોક વગર પોતપોતાના ધર્મનું પાલન કરી રહ્યું છે વાર્તાના પ્રકરણો જેમ જેમ વાંચતા જઈએ છીએ તેમ તેમ આશ્રય-અન્યાશ્રયનું કેવી રીતે વિવેકપૂર્વક પાલન થઈ રહ્યું છે અને છેલ્લે યુવક સમજપુર્વક પુષ્ટિમાર્ગીય દીક્ષા લઈ વૈષ્ણવી ચુસ્તપણે ધર્મપત્નિ સાથે પાળતો થઈ જાય છે.

આપણા વિદ્વાન લેખક નવલિકામાં કેટલાક જીવંત પાત્રો દ્વારા યુગલને નિમિત્ત બનાવી વલ્લભ સિદ્ધાંતોનું સાંપ્રત સમયમાં જીવનમાં પાલન કેમ કરવું તેનું માર્ગદર્શન પુરૂં પાડે છે.

દેશ-વિદેશમાં પૂ. ગોસ્વામી બાળકો, વિદ્વાનો અને વૈષ્ણવોને આ નવલિકા પસંદ પડી છે તે હકીક્ત બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ છે તેનાથી સાબીત થાય છે.

ઉપરોકત બન્ને પુસ્તકોના પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજ રજ' ૩૧/ શિવ સોસાયટી નં. ૨
બી. કે. સીનેમાની બાજુમાં **મહેસાણા**-૩૮૪૦૦૨

(૩) ચિત્ત તું શીદને ચિંતા કરે ?

લેખક-ડો. કૃષ્ણ જીવન મો. ગાંધી
પ્રકાશક-શ્રી યુમુનાષ્ટક ગ્રંથ પરિવાર
૧૧૩, પ્રભા કુંજ, **ગોધરા**-૩૮૯૦૦૧
સાઈઝ-ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૧૯૩-૧૨=૨૦૫
ન્યોછાવર રૂા. ૨૦/- પોસ્ટેજ રૂા. ૫/-

આ જગતમાં કોઈ જીવ ચિંતાથી મુકત નથી. આધિ-વ્યાધિ-ઉપાધિથી વ્યસ્ત છે. તેમાંથી છુટકારો મેળવવા અને સ્વસ્થતા શાંતિ પ્રાપ્ત કરવા ઉપાયો શોધતા રહે છે. તેનો ઉપાય દૈવી જીવો માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ખેરાળુના સેવક ગોવિંદ દવે સાંચોરાને નિમિત્ત બનાવી દર્શાવ્યો છે અને તે છે ષોડશ ગ્રંથ પૈકી છઠ્ઠો ગ્રંથ "નવરત્ન" છે. આ ગ્રંથ ઉપર ઘણું સાહિત્ય છે. સંસ્કૃત ટીકાઓ, ભાવાર્થ, શબ્દાર્થ, વિવેચન, ભાષાંતર વગેરે વાંચવામાં આવે છે.

ભકત કવિશ્રી દયારામભાઈના પદની પ્રથમ પંકિત 'ચિત્ત તું શીદને ચિંતા કરે' ને અનુરૂપ પ્રસ્તુત પુસ્તકનું નામાભિધાનથી 'નવરત્ન' ગ્રંથની સરળ શૈલીમાં દષ્ટાંતો સાથે વ્યાખ્યાનું આલેખન કરેલ છે.

પ્રારંભમાં નવરત્નનો પરિચય દર્શાવેલ છે ત્યારબાદ ચિંતા અને ચિંતનનો અર્થ, ચિંતાનું સ્વરૂપ, ચિંતા નિવૃત્તિ ઉપાય-ચિંતન, નવરત્નની સાર્થકતા, નવરત્ન પરની સંસ્કૃત ટીકાની સંક્ષિપ્ત માહિતી તેમજ કવિ શ્રી નાનાલાલ રચિત સમશ્લોકી અનુવાદ વગેરે ગ્રંથ સમજવામાં ઉપયોગી થાય તેવું લખાણ આપ્યા બાદ નવરત્ન ગ્રંથના શ્લોકના શબ્દાર્થ, શ્લોકાર્થ અને વિસ્તૃત વિવેચન ગીતા, ભાગવત તેમજ અન્ય સાહિત્યના પ્રમાણો સાથે દર્શાવેલ છે.

પ્રસ્તુત પુસ્તકની ભૂમિકા સંપ્રદાયના વિદ્વાન પ્રાધ્યાપક શ્રી રમેશભાઈ પરીખે લખી આપીને ગ્રંથ સમજવામાં સરળતા કરી આપેલ છે. અને પંચમ પીઠાધીશ પૂ. પા. ગો. શ્રી ગિરધરલાલજી મહારાજશ્રીએ તથા પૂ. પા. ગો. શ્રી ઈન્દિરા બેટીજીએ વિવેચનની પ્રશસ્તિ સહ શુભાશિષ વ્યકત કરેલ છે.

લેખકશ્રીનો દાકતરી વ્યવસાય હોવાથી શારિરીક રોગનું નિવારણ દવા દ્વારા કરે છે અને માનસિક રોગ કે જે દવાથી અસાધ્ય છે તેને માટે આ વિવેચન મનનીય અને ચિંતનીય દ્વારા ઈલાજ દર્શાવ્યો છે. અત્યંત પરિશ્રમ લઈ આવું અમૂલ્ય સાહિત્ય તૈયાર કરવા બદલ ધન્યવાદ.

નોંધ :– 'નવરત્ન' ગ્રંથ પર સંસ્કૃત ટીકાયો પાંચ ઉપલબ્ધ છે. તેમાંથી શ્રી વિઠ્ઠલેશ વિરચિત 'પ્રકાશ' વલ્લભ સુધાના વર્ષ ૫ મે ૧૯૮૬ અંક ૫ થી પ્રારંભ કરી નવે. ૧૯૮૬ અંક ૮ માં અને શ્રી પુરુષોત્તમજી કૃત "વિવૃત્તિ પ્રકાશ" વર્ષ ૫ ડીસે. ૮૬ થી પ્રારંભ કરી વર્ષ ૬ જુલાઈ ૮૭ અંક ૪ મા માં ગુજરાતી ભાષાંતર પ્રકાશિત થયેલ છે.

શ્રી રમેશભાઈ પરિખ દ્વારા ક્ષમા યાચના સાથે ભૂલ સુધાર

"શ્રી વલ્લભનું વસીયતનામુ" પુસ્તકના પૃષ્ઠ ૮ ઉપર બીજા ફકરામાં ચોથીથી છઠ્ઠી લીટીમાં એક અક્ષમ્ય સિદ્ધાંત દોષ છંપાઈ ગયો છે, જે નીચે પ્રમાણે સુધારી લેવા સૌને નમ્ર વિનતિ છે. "તમે સૌ બિંદુ કે નાદ સ્વરૂપે મારી જ સૃષ્ટિમાં છો. મારાજ છો. મારૂં અશેષ માહાત્મ્ય મેં મારી 'બિંદુ સૃષ્ટિમાં' સ્થાપન કર્યું છે, અર્થાત્ હું સદા 'શ્રીવલ્લભવંશમાં' બિરાજમાન રહીશ"

રમેશભાઈ પરીખ

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે "શ્રીવલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

(૧) પ્રકાશન સ્થળ	રાજકો
(૨) તેના પ્રકાશનની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતીય
સરનામું	"અમૃત" જલારામ–૧, માર્ગ ૩
(૪) પ્રકાશકનું નામ	યુનિવર્સિટી રોડ, રાંજકોટ–૩૧૦૦૦૫
રાષ્ટ્રીયતા	ઉપર પ્રમાણે
સરનામું	,,
(૫) સંપાદકનું નામ	,,
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ સરનામું	આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી–૨ સીતારામ બિલ્ડીંગ. પલ્ટન રોડ, મુંબઈ–૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦–૨–૯૩

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

લેખકશ્રીનો દાકતરી વ્યવસાય હોવાથી શારિરીક રોગનું નિવારણ દવા દ્વારા કરે છે અને માનસિક રોગ કે જે દવાથી અસાધ્ય છે તેને માટે આ વિવેચન મનનીય અને ચિંતનીય દ્વારા ઇલાજ દર્શાવ્યો છે. અત્યંત પરિશ્રમ લઈ આવું અમૂલ્ય સાહિત્ય તૈયાર કરવા બદલ ધન્યવાદ.

નોંધ :– 'નવરત્ન' ગ્રંથ પર સંસ્કૃત ટીકાયો પાંચ ઉપલબ્ધ છે. તેમાંથી શ્રી વિઠ્ઠલેશ વિરચિત 'પ્રકાશ' વલ્લભ સુધાના વર્ષ ૫ મે ૧૯૮૬ અંક ૫ થી પ્રારંભ કરી નવે. ૧૯૮૬ અંક ૮ માં અને શ્રી પુરુષોત્તમજી કૃત "વિવૃત્તિ પ્રકાશ" વર્ષ ૫ ડીસે. ૮૬ થી પ્રારંભ કરી વર્ષ ૬ જુલાઈ ૮૭ અંક ૪ મા માં ગુજરાતી ભાષાંતર પ્રકાશિત થયેલ છે.

શ્રી રમેશભાઈ પરિખ દ્વારા ક્ષમા યાચના સાથે ભૂલ સુધાર

"શ્રી વલ્લભનું વસીયતનામું" પુસ્તકના પૃષ્ઠ ૮ ઉપર બીજા ફકરામાં ચોથીથી છઠ્ઠી લીટીમાં એક અક્ષમ્ય સિદ્ધાંત દોષ છપાઈ ગયો છે, જે નીચે પ્રમાણે સુધારી લેવા સૌને નમ્ર વિનતિ છે. "તમે સૌ બિંદુ કે નાદ સ્વરૂપે મારી જ સૃષ્ટિમાં છો. મારાજ છો. મારૂં અશેષ માહાત્મ્ય મેં મારી 'બિંદુ સૃષ્ટિમાં' સ્થાપન કર્યું છે, અર્થાત્ હું સદા 'શ્રીવલ્લભવંશમાં' બિરાજમાન રહીશ"

રમેશભાઈ પરીખ

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે
"શ્રીવલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

(૧) પ્રકાશન સ્થળ	રાજકો
(૨) તેના પ્રકાશનની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતીય
સરનામું	"અમૃત" જલારામ–૧, માર્ગ ૩
(૪) પ્રકાશકનું નામ	યુનિવર્સિટી રોડ, રાંજકોટ–૩૧૦૦૦૫
રાષ્ટ્રીયતા	ઉપર પ્રમાણે
સરનામું	,,
(૫) સંપાદકનું નામ	,,
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ સરનામું	આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી–૨ સીતારામ બિલ્ડીંગ. પલ્ટન રોડ, મુંબઈ–૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦–૨–૯૩

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

(બીજા ટાઈટલથી ચાલુ)

૧૫ **ભાવાળી** **ખીજડીયા** મીસ્ત્રી દિનેશભાઇ
કાનજીભાઇ મોરીધરા
૧૬ **મોટા ભાદરા** પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ
૧૭ **મોરબી** શ્રી ભગવાનદાસ વેલજીભાઇ શનિશ્વરા
૪, ખત્રીવાડ,
૧૮ **પાંચપીપળા** શ્રી ગોકળભાઇ જાદવભાઇ પોલરા
૧૯ **રાજપીપળા** પ્રા. એમ. આર માલેજા
“લકુલીશ” માલીવાડા
૨૦ **લીંબડી** ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે
૨૧ **વડોદરા** શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ,
૨૨ **વાંકાનેર** શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર,
૨૩ **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૭. ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેઈન રોડ, ૧લે માળે,
વરાછા રોડ,
૨૪ **હળવદ** શ્રી મનસુખલાલ કરશનદાસ કંસારા
C/o. શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન
૨૫ **રાધનપુર** શ્રી દામોદભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,
૨૬ **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઈ
“વ્યાપી વૈકુંઠ”

રાજકોટના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા,
૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી.
૩ શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
૪ શ્રી વેણીભાઇ પ્રભુદાસ પારેખ
શ્રી ત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,
૫ હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વિસ,
રજાની બિલ્ડીંગવાળી શેરી, ભુપેન્દ્ર રોડ,
૬ મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ
શારદા સદન ૨૫, ન્યુ જાગનાથ
૭ શ્રી વસંતભાઇ વેરા
C/o. વેરા એન્ડ કાં. દુર્લભ ચેમ્બર
ઢેબરભાઈ રોડ.
૮ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્વરા
“લલિત કુંજ” ૪, કૈલાસ વાડી, જંકશન પ્લોટ
૯ શ્રી હેમતભાઈ પટેલ
C/o. શ્રીકૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર, આમ્રપાલી સિનેમા સામે,
૧૦ શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
“આનંદ” જલારામ–૨, ગણેશવાડી સામે,
૧૧ શ્રી છગનભાઈ રામોલીયા
C/o. શ્રીકૃષ્ણ એન્જીનીઅરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર
ગોડાઉન રોડ, કલ્યાણ સોસાયટી પાછળ,
૧૨ શ્રી મનસુખભાઈ સખીયા
C/o. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ.
૧૩ શ્રી કનુભાઈ જે. દેવાણી
C/o. શ્રી મદન મોહનજીની હવેલી, લક્ષ્મી વાડી
૧૪ શ્રી જે. પી. પારેખ
સવજીભાઈની શેરી, સોની બજાર
૧૫ શ્રી અવંતિલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી,
૧૬ શ્રી જયસુખલાલ એન. વેરા

આવશ્યક સુચના

“શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી” ભેટ પુસ્તકની રવાનગી શરૂ થઇ ગઇ છે. સૌરાષ્ટ્રના બધા મોટા ગામો, શહેરોમાં શ્રી વલ્લભ સુધાના સેવાભાવી કાર્યકરોને તેમના ગામના ગ્રાહકોના પ્રમાણમાં ભેટપુસ્તકો સંગાથ જોગ મોકલાઇ રહ્યાં છે. તો સૌરાષ્ટ્રના બધા ગ્રાહકોએ પોતપોતાના ગામના કાર્યકર્તા પાસે તપાસ કરી ભેટ પુસ્તક મેળવી લેવા વિનતિ.

સૌરાષ્ટ્ર બહારના મોટા સેન્ટરોમાં પણ સેવાભાવી કાર્યકરોની સગવડ અનુસાર વ્યવસ્થા ગોઠવી છે. બાકીના ગ્રાહકોને ટપાલથી દરરોજ થોડા થોડા પુસ્તકો રવાના થશે. માર્ચ મહિનાના અંત સુધીમાં જેમને ભેટ પુસ્તક ન પહોંચે તેમણે તુરત કાર્યાલયને લખવું.

(બીજા ટાઈટલથી ચાલુ)

૧૫ **ભાવાળી** **ખીજડીયા** મીસ્ત્રી દિનેશભાઈ
કાનજીભાઈ મોરીધરા
૧૬ **મોટા ભાદરા** પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ
૧૭ **મોરબી** શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ,
૧૮ **પાંચપીપળા** શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા
૧૯ **રાજપીપળા** પ્રા. એમ. આર ગાલેજા
"લકુલીશ" માલીવાડા
૨૦ **લીંબડી** ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે
૨૧ **વડોદરા** શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ,
૨૨ **વાંકાનેર** શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર,
૨૩ **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૭. ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેઈન રોડ, ૧લે માળે,
વરાછા રોડ,
૨૪ **હળવદ** શ્રી મનસુખલાલ કરશનદાસ કંસારા
C/o. શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન
૨૫ **રાધનપુર** શ્રી દામોદભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ,
૨૬ **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઈ
"વ્યાપી વૈકુંઠ"

રાજકોટના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા.
૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી.
૩ શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
૪ શ્રી વેણીભાઈ પ્રભુદાસ પારેખ
શ્રી ત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,
૫ હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વિસ,
૨૭ની બિલ્ડીંગવાળી શેરી, ભુપેન્દ્ર રોડ,
૬ મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ
શારદા સદન ૨૫, ન્યુ જાગનાથ
૭ શ્રી વસંતભાઈ વોરા
C/o. વોરા એન્ડ કાં. દુર્લભ ચેમ્બર
ઢેબરભાઈ રોડ.
૮ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્વરા
"લલિત કુંજ" ૪, કૈલાસ વાડી, જંકશન પ્લોટ
૯ શ્રી હેમતભાઈ પટેલ
C/o. શ્રીકૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર, આમ્રપાલી સિનેમા સામે,
૧૦ શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
"આનંદ" જલારામ–૨, ગણેશવાડી સામે,
૧૧ શ્રી છગનભાઈ રામોલીયા
C/o. શ્રીકૃષ્ણ એન્જીનીઅરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર
ગોડાઉન રોડ, કલ્યાણ સોસાયટી પાછળ,
૧૨ શ્રી મનસુખભાઈ સખીયા
C/o. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ.
૧૩ શ્રી કનુભાઈ જે. દેવાણી
C/o. શ્રી મદન મોહનજીની હવેલી, લક્ષ્મી વાડી
૧૪ શ્રી જે. પી. પારેખ
સવજીભાઈની શેરી, સોની બજાર
૧૫ શ્રી અવંતિલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી,
૧૬ શ્રી જયસુખલાલ એન. વોરા

આવશ્યક સુચના

"શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી" ભેટ પુસ્તકની રવાનગી શરૂ થઇ ગઇ છે. સૌરાષ્ટ્રના બધા મોટા ગામો, શહેરોમાં શ્રી વલ્લભ સુધાના સેવાભાવી કાર્યકરોને તેમના ગામના ગ્રાહકોના પ્રમાણમાં ભેટપુસ્તકો સંગાથ જોગ મોકલાઇ રહ્યાં છે. તો સૌરાષ્ટ્રના બધા ગ્રાહકોએ પોતપોતાના ગામના કાર્યકર્તા પાસે તપાસ કરી ભેટ પુસ્તક મેળવી લેવા વિનતિ.

સૌરાષ્ટ્ર બહારના મોટા સેન્ટરોમાં પણ સેવાભાવી કાર્યકરોની સગવડ અનુસાર વ્યવસ્થા ગોઠવી છે. બાકીના ગ્રાહકોને ટપાલથી દરરોજ થોડા થોડા પુસ્તકો રવાના થશે. માર્ચ મહિનાના અંત સુધીમાં જેમને ભેટ પુસ્તક ન પહોંચે તેમણે તુરત કાર્યાલયને લખવું.

શિક્ષા-ભકિત

[ઢાળ–નિશ્ચોના મહેલમાં, વસે મારો વાલમો]

હરિને ભજે વળી અંવર આરાધે,
તે અનન્ય ભકત ના કહાવે રે;
અંતે તો સ્હાય શ્રી કૃષ્ણ કરે,
પણ આગળથી અથડાવે રે—હરિ૦ ૧
ભજતાં ભગવંત કોઈ નવ રહે બાકી રે,
મૂળનું પાણી સઘળે પહોંચે રે;
શાખાઓ છાંટયે તરુ તૃપ્તિ ના પામે રે:
શ્રમ પહોંચે, સમજે ત્યારે શોચે રે–હરિ૦ ૨
ઘેર ગોવિંદ, નંદે અંબા આરાધ્યાં રે,
અજગરે ગળિયા, પીડા પામ્યા રે;
પરિણામે છૂટયા, જયારે પ્રભુએ છોડાવ્યા રે,
દેવીથી દુખ નવ વામ્યા રે–હરિ૦ ૩
અભયાનો આશ્રો કીધો અંબરીષ ભકતે રે;
દુરવાસા દ્વારે દુખ દીઠું રે;
રક્ષણ–સુદરશન રૂપે કૃષ્ણે કીધું પણ
ક્ષુધા–કષ્ટ વરસ એક વેઠયું રે–હરિ૦ ૪
પાંડવના ઘરમાં પ્રભુ પ્રગટ વસ્યા, પણ
શિવાદિકને સેવ્યાની શ્રદ્ધા મનમાં રે;
કુંતા સંબંધે કેશવ કષ્ટે તો ધાયા, પણ
વિધવિધિની વિપત પામ્યા વનમાં રે–હરિ૦ ૫
એવા ઈતિહાસ ઘણા, સ્વલ્પમાં સમજો રે,
અન્યાશ્રયે કીધે એવું પાયે રે;
ઘણા ઘરનો પરોણો જેમ ભૂખે મરે.
પણ ઓળંભો કોઈને ના દેવાયે રે–હરિ૦ ૬
એક આસકિત વિના ચિત ના ચોરાય રે,
સંશે ત્યાં લગી સિદ્ધ શેની રે,
કૃષ્ણનો અંશ '**દયો**' કૃષ્ણને સેવે રે,
બેના બાળકને આશા બેની રે–હરિ૦ ૭

–ભક્ત કવિશ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

SHREE VALLABH SUDHA Regd.No.G/RJ.212-L.P.W.P.43

શિક્ષા-ભકિત

[ઢાળ-નિશ્ચોના મહેલમાં, વસે મારો વાલમો]

હરિને ભજે વળી અવર આરાધે,
તે અનન્ય ભકત ના કહાવે રે;
અંતે તો સ્હાય શ્રી કૃષ્ણ કરે,
પણ આગળથી અથડાવે રે—હરિ૦ ૧
ભજતાં ભગવંત કોઈ નવ રહે બાકી રે,
મૂળનું પાણી સઘળે પહોંચે રે;
શાખાઓ છાંટયે તરુ તૃપ્તિ ના પામે રે:
શ્રમ પહોંચે, સમજે ત્યારે શોચે રે-હરિ૦ ૨
ઘેર ગોવિંદ, નંદે અંબા આરાધ્યાં રે,
અજગરે ગળિયા, પીડા પામ્યા રે;
પરિણામે છૂટયા, જયારે પ્રભુએ છોડાવ્યા રે,
દેવીથી દુખ નવ વામ્યા રે-હરિ૦ ૩
અભયાનો આશ્રો કીધો અંબરીષ ભકતે રે;
દુરવાસા દ્વારે દુખ દીઠું રે;
રક્ષણ-સુદરશન રૂપે કૃષ્ણે કીધું પણ
ક્ષુધા-કષ્ટ વરસ એક વેઠયું રે-હરિ૦ ૪
પાંડવના ઘરમાં પ્રભુ પ્રગટ વસ્યા, પણ
શિવાદિકને સેવ્યાની શ્રદ્ધા મનમાં રે;
કુંતા સંબંધે કેશવ કષ્ટે તો ધાયા, પણ
વિધવિધિની વિપત પામ્યા વનમાં રે-હરિ૦ ૫
એવા ઈતિહાસ ઘણા, સ્વલ્પમાં સમજો રે,
અન્યાશ્રયે કીધે એવું પાયે રે;
ઘણા ઘરનો પરોણો જેમ ભૂખે મરે.
પણ ઓળંભો કોઈને ના દેવાયે રે-હરિ૦ ૬
એક આસકિત વિના ચિત ના ચોરાય રે,
સંશે ત્યાં લગી સિદ્ધ શેની રે,
કૃષ્ણનો અંશ 'દયો' કૃષ્ણને સેવે રે,
બેના બાળકને આશા બેની રે-હરિ૦ ૭

-ભક્ત કવિશ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮